Clack, ક્લૅક, *n.* (W. *clec* a sharp noise) a sharp noise, click; prattle. સપાટો, સડાકો, સડીમ-કડાક અવાજ; ટકટક-ભડભડ-ખણખણ અવાજ; બકવા, લવારો.

Claim, ક્લેમ, *n.* (L. *clamo* I cry out) demand as of right. હકની માગણી, હક, દરદાવો. *vt.* to demand as due. હકથી-કરીને માગવું,-નો ઉપર દાવો કરવો, હકદાર-લેણદાર-દાવેદાર તરીકે માગવું.

Claim'ant, ક્લેમંટ, *n.* one who claims or has a claim. હકથી-માગનાર, હક ધરાવનાર, હકદાર, દાવેદાર.

Clair-voy'ance, ક્લેરવૉયન્સ, *n.* (Fr.) clear-seeing, a mesmeric imposture. અતિન્દ્રિયદર્શી-દ્રષ્ટાપણું.

Clam, ક્લૅમ્, *vt.* (S. *geliman* to glue) to smear with viscous matter, to glue, to lime. ચિકણા પદાર્થથી હરકત કરવી-ચોંટવું.

Clam'ber, ક્લૅમ્બર, *vi.* (Ger. *klammern* to clasp) to climb with difficulty. મહા મહેનતે–ઝાલી ઝાલીને–હાથ પગથી ટેકણ કરીને ચઢવું. [ચીકણું, ચોંટી રહે તેવું.

Clam'my, ક્લૅમિ, *a.* (see clam) sticky, viscous.

Clam'our, ક્લૅમર, *n.* (L. *clamo* I cry out) noise. ઘોંઘાટ, શોર, પોકાર, બૂમાટ. *vi.* to make noise. ઘોંઘાટ કરવો, બૂમ પાડવી, બૂમ પાડી ફરિયાદ કરવી. [નાર; ફિસાદી.

Clam'or-ous, કલમરસ, *a.* noisy; turbulent. ઘોંઘાટ કર-

Clamp, ક્લૅમ્પ, *n.* (S. *clam* a bondage) an iron fastening. ચાપડો, જોરપટી, લાકો. *vt.* to strengthen by a clamp. ચાપડાથી સજ્જડ–નક્કી કરવું, બંધનમાં લેવું.

Clan, ક્લૅન, *n.* (Ir. *clann* tribe) family, race, tribe, sect, a clique. કુળ, કોમ, ગોત્ર, એક સરદારના હાથનીચે એકઠાં થયલાં ઘર; ટોળી, પક્ષ, એકસંપ મંડળી.

Clan·des'tine, ક્લૅનડેસ્ટિન, *a.* (L. *clam* hidden) concealed. છાનું, છુપું, ગુપ્ત, ખાનગી, ચોરીનું.

Clang, Clank, ક્લૅંગ, ક્લૅંક, *n.* (L. *clangor* a sharp sound) a shrill sound. ખણખણાટ. *vi.* to make a shrill sound. ખણખણાવવું.

Clap, ક્લૅપ, *n.* (S. *clappan*) a striking of hands; a noise; a stroke; a burst of sound. શાબાશીની તાળીઓ– તાબોટા; ધબાકો; ઝપાટો; કડાકો, મહોટો અવાજ. *vt.* to strike together; applaud. ધબલઈને અથડાવવું –અફાળવું; શાબાશીની તાળીઓ પાડવી.

Clap'-trap, ક્લૅપટ્રૅપ, *n.* a trick or device to gain applause. શાબાશી મેળવવા કરેલું, ઠગાઈ-છળ-કપટ ભરેલું.

Clar'et, ક્લૅરેટ્, *n.* (Fr. *clairet*) a French wine. એક જાતનો દારૂ.

Clar'i-fy, ક્લૅરિફાઈ, *vt.* (L. *clarus* clear & *facio* I do) to make clear. શુદ્ધ-સાફ-નિર્મળ-શોધન કરવું, શોધવું, ધોવું.

Clar'i-on, ક્લેરિઅન, *n.* (L. *clarus*) a kind of trumpet, એક પ્રકારનું ભુંગળી જેવું વાજું.

Clash, ક્લૅશ, *n.* (Gr. *klazo*) noisy collision; opposition. સામસામું અફળાવું-અથડાવું-પછાડવું તે; સામસામો ભાવ, વિરૂદ્ધતા, ઉલટાપણું. *vi.* to strike or drive against with force; to come in collision. સામસામું અથડાવું; વિરૂદ્ધ આવવું-હોવું.

Clash'ing, ક્લૅશિંગ, *a.* contrary, opposite. ઉલટું, વિરૂદ્ધ, સામસામાભાવવાળું.

Clasp, ક્લૅસ્પ, *n.* (S. *clyppan*) a hook; a close embrace. બે વસ્તુને એકઠી રાખવાનો ચાપડો-હુક; બાથ, આલિંગન. *vt.* to embrace; to hold fast. ભેટવું, બાથમાં ભીડવું, આલિંગન કરવું; ચાપડાથી જોડવું-બંધ કરવું.

Class, ક્લૅસ, *n.* (L. *classis* class) a rank; an order. વર્ગ, પ્રકાર; જાતિ.

Class, Class'i-fy, ક્લૅસ, ક્લૅસિફાઈ, *vt.* to arrange in groups. ગુણપ્રમાણે વર્ગ-પ્રકાર પાડવા, વર્ગણી કરવી.

Class'ic, ક્લૅસિક્, *n.* an author of rank. ઉત્તમ પ્રતિનો ગ્રંથકાર-ગ્રંથ, ઉત્તમ ગ્રંથમાં પ્રવીણ પુરૂષ. *a.* relating to authors of high rank. ઉત્તમ, સરસ, પ્રાચીન ગ્રીક કે રોમન લોક-ગ્રંથકારસંબંધી; શુદ્ધ, સંસ્કારવાળું, અવ્વલ પ્રતિનું.

Clat'ter, ક્લૅટર, *n.*(S.*clatrung* anything that makes a clatter) quick rattling noise. ખણખણાટ, ખડખડ.

Clause, ક્લૉઝ, *n.* (L. *claudo* I shut) part of a sentence, contract, will &c. અંગ-ઉપવાક્ય, વાક્ય, કલમ.

Claw, ક્લૉ, *n.* (S.) a hooked nail. પશુપક્ષીના નહોર-પંજા. *vt.* to tear with the nails. નહોરથી ચીરવું-ઉજેડવું, નહોર મારવા-પાડવા.

Clay, ક્લે, *n.* (S. *clæg*) sticky earth. ચીકણી માટી. *vt.* to cover or manure with; to purify & whiten with. માટી ચોપડવી-નું ખાતર કરવું; માટીથી ખાંડને ધોવી-સ્વચ્છ કરવી. [large sword. મહોટી તલવાર.

Clay'more, ક્લેમોર, *n.* (Gael. *claid-heamh-mor*) a

Clean, ક્લીન, *a.* (L. *clæn*) not dirty; pure; complete. નિર્મળ, ચોખ્ખું, નિતરૂં; પવિત્ર, પાપરહિત, શુદ્ધ; ચતુર, ચતુરાઈ-સફાઈવાળું; બરાબર, પૂર્ણ, સંપૂર્ણ. *ad.* entirely; dexterously. છેક, તદ્દન, બધુંએ, બિલકુલ;ચતુરાઈ-સફાઈથી. *vt.* to free from dirt. સ્વચ્છ-સાફ કરવું, કચરો-મેલ કાઢી નાખવો. [સફાઈ, સ્વચ્છતા, પવિત્રતા, ચોખ્ખાઈ.

Clean'li-ness, ક્લેનલિનેસ, *n.* neatness, purity. સુઘડતા,

Cleanse, ક્લેન્ઝ, *vt.* to purify. સાફ કરવું, માજવું, ધોવું; પાપ-ચેપ-દોષ-મળરહિત-શુદ્ધ કરવું.

Clear, ક્લીઅર, *a.* (L. *clarus*) open, unclouded; innocent; pure; plain; discriminating; without diminution; distinct. ઉઘાડું, વાદળાવનાનું; નિર્દોષ, નિરપરાધી; સ્વચ્છ, નિર્મળ; સાફ, ખુલ્લું, સ્પષ્ટ; તીવ્ર, ભેદ જાણે એવું, વિવેચનશક્તિવાળું; ચોખ્ખો (નફો); સાફ સંભળાય તેવું; અડચણ-નડતર શિવાયનું, નિર્ભય. *vt.* to render bright, intelligible or audible; to cleanse; acquit; remove obstruction; to make as profit. ચોખ્ખું-સ્વચ્છ કરવું; સમજાય તેવું કરવું; સંભળાય એવું કરવું; સાફ કરવું, ભેગ-મળ-કચરો કાઢવો; નિરપરાધી ઠેરવવું; હરકત-નડતર વગેરેથી મુકત કરવું, ચોખ્ખો-ખર્ચ કાઢતાં નફો કાઢવો.

Clear'ance. ક્લીઅરન્સ, *n.* a permit to sail. વહાણ હંકારવાની પરવાનગી. [ખર્ચ-વાજબી કરી આપવું તે.

Clear'ing, ક્લીઅરીંગ, *n.* a justification, vindication.

Cleave, ક્લીવ, *vi.* (S. *clifian*) to stick; to adhere with strong attachment. ચોટી-ભાઝી-વળગી-જોડાઈ રહેવું; સ્વાર્થ કે હેતથી જોડાયા રહેવું-હોવું. *vt.* (S. *cleafan*) to split. ફાડવું, ચીરવું, ભેદવું, ચીરો-ફાટ પાડવી.

Cleav'er, ક્લીવર, *n.* a butcher's axe or chopper. કસાઈનો ચીરવાનો છરો; ચીરનાર, ફોડનાર.

Cleft, ક્લેફ્ટ, *pp.* or *a.* split, divided. ચીર-ફાટવાળું, ચીરાયલું. *n.* a crack, a split. તરડ, ફાટ, ચીર-રો.

Clem'en-cy, ક્લેમન્સી, n. (L. *clemens* mild) readiness to forgive, mercifulness; mildness of temper, leniency. રહેમદીલ—નજર, દયાભાવ, ક્ષમા; નરમ સ્વભાવ—પ્રકૃતિ, સુશીળતા.

Clem'ent, ક્લિમેંટ, a. mild; kind. નરમ સ્વભાવવાળું; દયાળુ.

Clench, ક્લેન્શ, see Clinch.

Clep'sy-dra, ક્લેપ્સિડ્રા, n. (Gr. *klepto* to steal & *hydor* water) water-clock. પાણીનું ઘડિયાળ.

Cler'gy, કલર્જિ, n. (Gr. *kleros* a lot) the ministers of the gospel. પાદરીલોક, ખ્રિસ્તિ ધર્મોપદેશક મંડળ—સમૂહ.

Cler'i-cal, ક્લેરિકલ, a. pertaining to clergy or writer. ખ્રિસ્તિ ધર્મોપદેશક—નકલ કરનાર—મહેતા—કારકુન સંબંધી.

Clerk, ક્લાર્ક, n. a clergyman; a writer, a penman; a scholar; a parish officer. પાદરી; મહેતો, કારકુન, લેખક, લહિયો, મુત્સદી; પંડિત, વિદ્વાન.

Clev'er, ક્લેવર, a. (L. *gleau* skilful) dexterous, skilful, smart. હોશિયાર, ચાલાક, ચતુરાઈવાળું.

Clew, ક્લ્યૂ, n. (See Clue).

Click, ક્લિક્, n. (Dut. *klikken*) a sharp noise. ટક-ટક ટકટક. vi. to make sharp noises. ટકટક કરવું.

Cli'ent, ક્લાઈઍંટ, n. (Gr. *kluo* to hear) attorney's employer; a dependent. વકીલનું ઘરાક, અસીલ; આશ્રિતજન.

Cliff, ક્લિફ્, n. (S. *clifian* to cleave) a steep rock, [a precipice. ઢંચો ઉભો ખડક—કરાડો.

Cli-mac'ter, Cli-mac-ter'ic, ક્લાઇમૅક્ટર, ક્લાઇમૅક્ટરિક્, *a.* (Gr. *klimax* a ladder) a critical period of human life. જીંદગીમાં આણીના સમય.

Cli'mate, ક્લાઇમેટ, *n.* (Gr. *klima* slope) a region; temperature. દેશ, પ્રદેશ; હવા, હવાપાણી.

Cli'max, ક્લાઇમૅક્સ, *n.* (Gr.) grada'tion; the highest point. ઉત્તરોત્તર વૃદ્ધિ, સારાલંકાર; સીમા, ટોચ.

Climb, ક્લાઇમ, *vi* or *t.* (S. *climban*) to mount by the hands & feet. હાથપગવડે-માથાકૂટે-શ્રમથી-ધીમે ધીમે ચડવું. [climate. દેશ, પ્રદેશ, પૃથ્વીનો ભાગ.

Clime, ક્લાઇમ, *n.* (Gr. *klima* a climate) a tract, a

Clinch, ક્લિંચ, *vt.*(D. *klink* a rivet) to gripe; to hold fast; to render firm. સજ્જડ બેસાડવું-જડવું-પકડવું-ઝાલવું-ખીડવું-વાળવું-ભીડવું; દઢ-કાયમ-પાકું-મજબૂત કરવું.

Clinch'er, ક્લિંચર, *n.* a clamp or iron fastening; a decisive argument. ચાપડો; પકડનાર વસ્તુ-પુરૂષ; તકરારનો ફડચો આણે એવી દલીલ.

Cling, ક્લિંગ, *vi.* (S. *clingan* to adhere) to adhere; to hang upon. વળગી-ચોંટી-વિંટાઇ બાઝી રહેવું.

Clin'ic, Clin'ic-al, ક્લિનિક્, ક્લિનિકલ્, *a.* (Gr. *kline* a bed) pertaining to a sick-bed. માંદાની પથારી-ખાટલાસંબંધી, ખાટલે પડેલું.

Clink, ક્લિંક, *vt.* or *i.* (Dut. *klinken*) to make a slightly ringing sound. ખણખણવું, ખણખણાવવું.

Clink'er, ક્લિંકર, *n.* overburnt brick; slag. જોઈએ તે કરતાં બહુજ પકવેલી–ખરી થઈ ગયલી ઇંટ; ભઠ્ઠીમાંનો ધાતુનો ચકચકતો કચરો.

Clip, ક્લિપ્, *vt.* (Dan. *klippe* to cut) to cut short, curtail. કાપકુપ કરવી, કાતરવું, કાપવું; કાપી–ઘસી ટુંકું કરવું.

Clip'per, ક્લિપર, *n.* one who clips; a fast-sailing vessel. તરનાર, ટુંકું કરનાર; એક જાતનું ઉતાવળું ચાલનાર વહાણ.–s. *pl.* સુડી. [નહાની સેતાન ટોળી–ચોકડી.

Clique, ક્લીક, *n.* (Fr.) a party, a coterie, a gang.

Cloak, ક્લોક, *n.* (S. *lach* a loose robe) a loose outer garment, a mantle; that which conceals. બધાં લુગડાંપર પહેરવાનો ખુલતો ડગલો, કફણી; ઓઢું, બહાનું, પડદો. *vt.* to cover; to conceal. ઢાંકવું, ઓઢું–પડદો કરવો, છુપાવવું, સંતાડવું. [ઘડિયાળ.

Clock, ક્લૉક *n.* (D. *klok*) a machine to show time.

Clod, ક્લૉડ્, *n.* (S. *clud*) a lump of earth; the ground; that which is earthly and of little value; a dolt. ઢેફું, ગચ્છું; ભોંય, જમીન; માટીની કાયા, સ્થૂલદેહ; મૂર્ખો, ઠોઠ, શેંચો, જડબુદ્ધિ.

Clog, ક્લૉગ, *n.* (Scot. *clag* to obstruct) anything put or laid on which hinder motion, hinderance; a wooden shoe. ડંણું, દેહેરો; અડચણ, નડતર; લાકડાનો જોડો. *vt.* to hinder in motion; encumber;

to choke up; to embarass. જતાં આવતાં નડવું-હરકત કરવી; બોજો મૂકી ભારે મારવું, નડવું; બંધ કરવું-કરી નાખવું.

Clois'ter, ક્લૉઇસ્ટર, *n.* (L. *claudo* I shut) a peristyle, an arcade; a monastery. મઠમાં ઉપચોક-મંડપ; મઠ, અખાડો; ધર્મક્રિયાસમાટે એકાંત ઓરડી. *vt.* to immure in a cloister. મઠમાં પૂરવું, દુનીઆથી એકાંત-અલગ રાખવું.

Close, ક્લોસ, *n.* (L. *claudo*) an inclosed field; a narrow street. ઘેરેલી-આંતરેલી જગા; સાંકડી ગલી. *a.* shut fast; stingy; private; stagnant; dense; near; accurate; doubtful; evenly balanced. બંધ કરેલું-રહેલું; બખીલ; ખાનગી, ગુપ્ત, છાનું; કહે-ઘામ થાય તેવું; ઘટ્ટ, ઘીંચુ, અચ્છિદ્ર; પાસેનું, નજીકનું, નિકટનું; ચોકસ, સાવધ, સૂક્ષ્મ; શક ભરેલું; સમ, બરોબર.

Close, ક્લોઝ, *vt.* to shut; to consolidate; to end, conclude, complete; enclose. બંધ કરવું, વાસવું; ભેગું-એકઠું કરવું, જોડવું; છેડો-અંત-પાર આણવો, પૂરૂં કરવું; ઘેરવું. *vi.* to unite; terminate. સંધાવું, એકઠું મળી જવું; બંધ થવું, અંત આવવો. *n.* conclusion, an end. અંત, છેડો.

Close'fist-ed, ક્લોઝફિસ્ટેડ્, *n.* niggardly. કંજુસ, સુમ.

Close'ly, ક્લોઝ્લિ, *ad.* in a close manner, very near. પાસેપાસે, ખીચોખીચ. [નહાની ઓરડી-કોટડી.

Clos'et, ક્લૉઝેટ્, *n.* a small room. એકાંત કામ અર્થે

Clot, ક્લૉટ્, *n.* (S. *clud*) coagulation. નરમ-ચીકણી વસ્તુની ગાંઠ-દડબ. *vi.* to form clots. ગંઠાઈ-બંધાઈ જવું.

Cloth, ક્લૉથ્, *n.* (S. *clath*) woven materials; the clerical profession. લુગડું, કાપડ; પાદરી લોક.

Clothe, ક્લોધ, *vt.* to dress; to furnish with garments; to invest with. લુગડાં પહેરાવવાં; વસ્ત્ર આપવાં-પૂરાં કરવાં; કોઈને અધિકાર આપવો.

Clothes, Cloth'ing, ક્લોઝ, ક્લોધિંગ, *n. pl.* garments, dress; the covering of a bed. લુગડાં, વસ્ત્ર; ચાદર, સુજની.

Cloud, ક્લાઉડ, *n.* (AS. *clud* a rock) collection of vapours; a mass of smoke or flying dust; a crowd; a dark or threatening aspect; a dark spot. વાદળું-ળી; ધૂળ કે ધૂમાડાના ગોટેગોટા; ટોળું, ઝુંડ; ભય કે અનિષ્ટ સૂચવે એવો દેખાવ-સ્થિતિ; ઓળ, કલંક, ડાઘ. *vt.* to overspread with clouds; to darken, obscure; to sully, tarnish; to variegate with colors. વાદળાંથી ઢાંકી નાખવું; ઝાંખું-અસ્પષ્ટ-શોકાતુર-ઉદાસ કરવું; વાદળાંજેવા ભાતભાતના રંગ પાડવા.

Clough, ક્લફ, *n.* (S. *cleofian* to cleave) a cleft in hill; a rugged ascent. ડુંગરમાંની ફાટ-ચીર; ખાડા ખબચાવાળું ચઢાણ.

Clout, ક્લાઉટ, *n.* (S. *clut* a little cloth) a patch. ચિથરૂં, થિંગડું. *vt.* to patch. થિંગડું મારવું-દેવું.

Clove, ક્લોવ, *n.* (L. *clavus* a nail) an Indian spice. લવિંગ; કળી. a c. of garlic. લશણના કળામાંનીકળી.

Clown, ક્લાઉન, *n.* (L. *colonus*) a rustic; coarse ill-bred man; buffoon. ખેડુત; ગામડિયો, ગમાર, રોંચો; મશ્કરો, રંગલો, વિદૂષક. [glut. ધરાઈ જવું, ઓચાવી નાખવું.

Cloy, ક્લૉય, *vt.* (L. *clavus* a nail) to satiate, surfeit.

Club, ક્લબ, *n.* (L. *clava*) a heavy stick; an association; a suit of cards. ડંગોરો, સોટો, ગદા. સામાન્ય અર્થમાટે થયલી મંડળી–ટોળી; ગંજીફામાં કાળી બદામ. *vt.* or *i.* to join in common expense. ફાળો–વરાડ નાખી રકમ ઉભી કરવી. [બૂઠું ને કર સીધું એવી રીત, અંધેર.

Club'law, ક્લબ્લૉ, *n.* the law of brute force. માર

Cluck, ક્લક, *vi.* (S. *cloccan*) to call as a hen. મરઘીનું સેવતી વેળા બોલવું કે તેનાં બચ્ચાંને બોલાવવું.

Clue, ક્લ્યુ, *n.* (AS. *cleow*) a direction or guide; a ball of thread. પત્તો; દોરાનું પીલ્લું–દડી. [trees. ઝાડી.

Clump, ક્લમ્પ, *n.* (Ger. *klump* lump) a cluster of

Clum'sy, ક્લમ્ઝિ, *a.* (Ger. *klump*) awkward; બેડોળ, બેઢંગું, સફાઇ–ચતુરાઈ વગરનું.

Clus'ter, ક્લસ્ટર, *n.* (Ice. *klistr* glue) a bunch; a crowd. ઝુમખો, ગુચ્છો, લૂમ; સમુદાય, જથ્થો, જમાવ, ટોળું.

Clutch, ક્લચ, *n.* (S. *læccan* to seize) a gripe, grasp; *pl.* the claws, paws; the hands. પકડવું–

ઝાલવું તે; પંજો; કબજો; હાથ. *vt.* to hold fast, to gripe. જોરથી પકડવું-ઝાલવું-સહાવું.

Clys'ter, ક્લિસ્ટર, *n.* (Gr. *klyzo* to cleanse) an injection. ઝાડો લાવવાનેસારૂ દવાની પોચકારી.

Coach, કોચ, *n.* (Fr. *coche*) a large, close 4 wheeled carriage. ચાર પૈડાંની ઢાંકેલી ગાડી, રથ. [ચોપરી.

Coach'man, કોચમૅન, *n.* driver of a coach. ગાડીવાન,

Co-ad-ju'tor, કોઍડ્જ્યુટર, *n.* (L. *con*, *ad* & *juvo* to help) an assistant. મદદગાર-નીશ, સહાયકારી.

Co-ag'u-late, કોઍગ્યુલેટ, *vt.* or *i.* (L. *co* & *ago* to drive, urge) to concrete, curdle, congeal. જમાવવું, જાડું-રગડ-બાઝી જાય તેવું કરવું, આખરવું.

Coal, કોલ, *n.* (S. *col*) wood charred, a fossil. કોલસો, કોયલો. *vt.* to burn to charcoal; to supply with coal. બાળીને કોયલો કરવો; કોલસો પૂરો પાડવો.

Co-a-lesce', કોઍલેસ, *vt.* (L. *con* & *alesco* I grow)to grow together; to unite in a mass or society. જોડાવું, સાથે વળગવું; એકઠું બાઝી રહેવું, મળી-ભળી જવું.

Co-a-li'-tion, કોઍલિશન, *n.* union of persons, parties or states, league. જુદા જુદા પુરૂષ-રાજ્ય-પક્ષનું ભેગું થવું તે, સંયોગ, સંપ.

Coarse, કોર્સ, *a.* (L. *crassus*) not fine; gross; rude; rough. જાડું, બરછટ; સાદું, હલકું; જંગલી, સુઘડતા-સફાઈ-કેળવણી વગરનું; અસભ્ય, અવિવેકી.

Coast, કોસ્ટ, *n.* (L. *costa* rib, side) sea-shore, land next the sea. સમુદ્રકિનારો–કાંઠો. *vi.* to sail along the shore. કિનારા પાસે વહાણ હંકારવું, એકજ દેશના એક બંદરથી બીજે બંદર જવું.

Coast'er, કોસ્ટર, *n.* a person or vessel that sails near a coast. કિનારે કરતું જનારૂં વહાણ કે માણસ.

Coat, કોટ, *n.* (L. *cottus* a tunic) upper garment; the vesture of an order of men; external covering. ડગલો–લી, અંગરખો–ખું, સરકે સહુથી ઉપર પહેરવાનું લુગડું; અમુક ધંધાર્થીનો પોશાક, ધંધો. આવરણ, આચ્છાદન, પડ, થર, હાથ. *vt.* to cover with a coat. થર–હાથ દેવો.

Coat'ing, કોટિંગ, *n.* cloth for coats; covering. અંગરખા વગેરે કરવાનું લુગડું; સંરક્ષણમાટે ચઢાવેલી કોઈપણ વસ્તુ.

Coax, કાક્સ, *vt.* (old E. *cokes* a fool) to persuade by flattery. સમજાવવું, ફોસલાવવું, પટાવવું.

Cob, કૉબ્, *vt.* (S. *cop* top) the top or head; any thing round and bulky; a strong pony; a spider; clay mixed with straw. શિખર, ટોચ, માથું, મથાળું, શિરોમણી, કળશ, મ્હોટી ગોળ ટોચની વસ્તુ; ગચ્છું, ગઠો; જબરૂં ટટ્ટુ; કરોળિયો; ભીત કરવાની માટીને પરાળની ગાર.

Co'balt, કોબાલ્ટ, *n.*(Gr. *kobalos* a knave) a mineral; a metal. એક ખાણીજ પદાર્થ ને તેમાંથી નિકળતી ધાતુ.

Cob'ble, કૉબલ્, *vt.* (Dan. *kobler* to mend shoes) to

mend clumsily; to do badly. જેમ તેમ થિગડાં મારવાં-બંધ બેસ્તુ કરવું-આણવું, ગોથવવું.

Cob'bler, કૉબ્લર, *n.* mender of shoes, &c. જોડાને થિગડાં મારનાર, અણુકિસ્બી કારીગર.

Co-bra-di-ca-pel'lo, કૉબ્રાડિ કપેલો, *n.* (*Port.*) hooded snake. નામ.

Cob'web, કૉબ્વેબ્, *n.* (see *cop*) a spider's web. કરોળિયાની જાળ-ળું. *a.* slight, flimsy. નજીવું, માલવિનાનું.

Coch'e-neal, કૉચિનીલ, *n.* (Gr. *kokkos* berry) an insect used to die red. કિરમજ.

Cock, કૉક્, *n.* (S. *cocc*) a he bird; he of the hen; strutting chief; weather-cock; the needle of a balance; part of a gunlock; heap of hay; a spout. નર પક્ષી; મરઘો, કુકડો; સરદાર, આગેવાન, મુખ્ય માણસ; પવનની દિશા જાણવાનું યંત્ર; ત્રાજવાનો કાંટો; બંધુકનો ઘોડો; ઘાંસની શંકુ આકારની ગંજી; પીપમાંથી પ્રવાહી પદાર્થ બહાર કાઢવાની નળી. *vt.* to set upright; to heap pay together. ઉંચું કરવું, ચઢાવવું; ખડકી ગંજી કરવી.

Cock'ade, કૉકેડ, *n.* (Fr. *coc* a cock) a ribbon on the hat. અમલદાર વગેરેની ટોપીપરની ફીત-ગુચ્છો-છોગું.

Cock-a-too', કૉકેટૂ, *n.* (Fr.) a kind of tufted parrot. કાકાકૌઆ.

Cock'a-trice, કૉકટ્રિસ, *n.* (S. *cocc*) a serpent. એક જાતનો વિકરાળ કલ્પિત સર્પ.

Cock'er, કૉકર, *vt.* (W. *cocru*) to fondle, indulge. લાડ લડાવવાં, વહાલથી રમાડવું. [શંખ—છીપ.

Cock'le, કૉકલ, *n.* (S. *coccel*) a shell-fish. એક જાતનો

Cock'ney, કૉક્ની *n.* (L. *coquino* to cook) an effeminate person; a native of London. મોજી—બાયલો પુરૂષ; તિરસ્કારમાં લંડનનો રહેવાસી. [મરઘાં લડાવવાની જગા.

Cock'pit, કૉકપિટ્, *n.* an area, where cocks fight.

Cock'roach, કાક્રોચ, *n.* a kind of beetle. વંદો, વાંદો.

Co'coa, કોકો *n.* (Gr. *korki* cocoa-palm) a palm-tree; a beverage. નાળિએરી; ચકલેટ નામના ફળનું બનાવેલું એક પ્રકારનું પાન. [tree. નાળિએર.

Co'coa-nut, કોકોનટ, *n.* the nut of a kind of palm-

Co'coon, કોકૂન, *n.* (L. *concha* muscle-shell) a ball spun by the silkworm. રેશમના કીડાનો કોશીટો.

Cod, કૉડ, *n.* (Gr. *gados*) a see-fish, એક પ્રકારની માછલી, જેનું તેલ ક્ષયરોગની દવામાં આવેછે. [કાયદાનો સંગ્રહ—સંહિતા.

Code, કોડ, *n.* (L. *codex*) a digest of laws. યથાક્રમ

Cod'i-cil, કૉડિસિલ, *n.* supplement to a will. વસિયત નામાની પૂર્વણી, ઉપમૃત્યુપત્ર. [સંગ્રહ કરવો.

Cod'i-fy, કૉડિફાઈ, *vt.* to reduce to a code. કાયદાઓનો

Co-ef-fi'ci-ent, કોએફિશિઅંટ, *a.* (L. *con*, *ex* & *facio* I do) co-operating. સહાયકારી. *n.* that which co-operates. વર્ણી; મદદ કરનાર.

Co-e'qual, કોઇક્વલ, *a.* (L. *co* & equal) equal with one another. સમાન સત્તા-પદવી-મોહબ્બાનું.

Co-erce', કોઅર્સ, *vt.* (L. *con* & *arceo* to shut up) to restrain by force, compel. જબરજસ્તી-જોરથી અટકાવવું, કબજામાં રાખવું, બળાત્કારથી કરાવવું.

Co-er'cion, કોઅરશન, *n.* restraint; force, compulsion. અટકાવ, પ્રતિબંધ; બળાત્કાર, જબરાઇ. [ળાત્કારનું.

Co-er'cive, કોઅરસિવ્, *a.* restraining by force. બ-

Co-e'val, કોઇવલ, *a.* (L. *con* & *aevum* age) of the same age. એકજ-સમાન ઉમ્મરનું, એકજ કાળે ઉત્પન્ન થયલું.

Cof'fee, કોફિ, *n.* (Ar. *qahuah*) the berry of the coffee-tree; the liquor made from it. બુંદ દાણા; એનો ઉકાળો-કાવો.

Cof'fer, કૉફર, *n.* (Fr. *coffre* a chest) a chest; a treasure. પેટી, પટારો; ખજાનો, પુંજ.

Cof'fin, કૉફિન *n.* (Fr.) a chest for a dead body. શબ મૂકવાની પેટી, કફન.

Cog, કૉગ, *n.* (W. *cog*) the tooth of a wheel. પૈંડા કે ચક્કરના ઘેરપરના દાંતા. *vt.* to fix a cog. દાંતા પાડવા-કરવા.

Cog, કૉગ, *vt.* (W. *coeg* empty) to draw from adulation. ફોસલાવી પટાવી જુક્તિથી લેવું-મેળવવું, હરી લેવું. to obtrude by deception. ઠગાઇ-કપટ-છળથી ખોશી ઘાલવું -મંજુર કરાવવું. *vi.* to deceive. ઠગવું, છેતરવું, પટાવવું.

Co'gen-cy, કોજિન્સિ, *n.* (L. *co* & *ago* I drive) power, urgency, strength. મનને સમજાવવાની શક્તિ, સબળ-બળવાનપણું. [અસરકારક.

Co'gent, કોજંટ, *a.* powerful, urgent. સબળ, મગળ,

Cog'i-tate, કૉજિટેટ, *vi.* (L. *co* & *agito* I agitate) to think, meditate. વિચારવું, ચિંતન-મનન કરવું, મનમાં ઘોળવું. [વિચાર, ધ્યાન.

Cog'i-ta'tion, કૉજિટેશન, *n.* deep thoutght. મનન,

Cog'nate, કૉગ્નેટ, *a.* (L. *con* & *natus* born) born together; allied by blood. એકજ જાતનું-મૂળમાંથી બનેલું, સજાતીય, સરખું; સગું, સગોત્ર, લોહીની સગાઇવાળું.

Cog-ni'tion, કૉગ્નિશન, *n.* (L. *con* & *nosco* I know) knowledge. જ્ઞાન, જાણવું તે.

Cog'niz-a-ble, કૉગ્નિઝેબલ, *a.* liable to be tried or examined. કોરટ સાંભળી શકે એવું, ચોકશી કરવા જોગ.

Cog'niz-ance, કૉગ્નિઝન્સ, *n.* judicial notice; knowledge; jurisdiction. ઇન્સાફની રાહે ધ્યાનમાં લેવું-તપાસ કરવી તે; જ્ઞાન, સમજ; ચોકશી કરવા-સાંભળવાનો અધિકાર.

Cog'niz-ant, કૉગ્નિઝંટ, *a.* aware of. કાયદાની રૂએ માહિત.

Co-hab'it, કોહૅબિટ્, *vi.* (L. *con* & *habito* to dwell) to live as man & wife; to dwell with or live together. ધણીધણીઆણી પેઠે ભેગાં રહેવું, એકઠાં સુવું; એકઠું-ભેગું રહેવું. [heir. વારસામાં ભાગિયો, એકત્ર વારસ.

Co'heir, કોએર, *n.* (L. *con* & *hæres* an heir) a joint

Co-here′, કોહીઅર, *vi.* (L. *con* & *hæreo* to stick) to be united. એકઠું ચોંટી-વળગી-બાઝી રેહેવું.

Co-her′ent, કોહીરેંટ, *a.* cosistent; connected. બંધ બસતું, બેસતું આવતું, યોગ્ય, મુનાસબ; સંલગ્ન, સંબદ્ધ, એકઠું વળગી રહેલું. [એકઠું વળગી રહેવું તે.

Co-he′sion, કોહીશન, *n.* state of union. સ્નેહાકર્ષણ,

Co′hort, કોહૉર્ટ, *n.* (L. *cohors*) a body of soldiers. લડવૈયા શિપાઇની કોઇપણ ટુકડી.

Coil, કૉઇલ, *vt.* (L. *con* & *lego* to gather) to wind into a ring. વિંટવું, વિંટાળવું, વિંટી પિંડુ-પિલ્લું-વિંટો કરવો. *n.* a ring of rope or snake. વિંટો, વિંટાળો.

Coin, કૉઇન, *n.* (Fr.) money stamped; a corner; that which serves for recompense. નાણું, શિક્કો; ખૂણો; અવેજ, અવેજ વાળવાનું સાધન. *vt.* to stamp metal; to invest. શિક્કો છાપવો-પાડવો; બનાવવું, યોજવું.

Co-in-side′, કોઇનસાઇડ, *vi.* (L. *con*, *in* & *cado* I fall) to agree, concur. એકબીજાપર બરોબર બેસ્તું આવવું, મળતું આવવું, એક મત થવું. [કાથો, કાથાનાં દોરડાં.

Coir, કૉયર, *n.* cocoanut yarn or rope. નાળીએરનો

Co-i′tion, કોઇશન, *n.* (L. *con* & *eo* to go) copulation, sexual intercourse. મૈથુન, સ્રીપુરૂષનો સંભોગ.

Coke, કોક, *n.* (L. *coquo* to cook) fossil coal charred. કોલસા બાળી કરેલો કોયલો.

Col'an-der, કૉલૅન્ડર, *n.* (L. *colo* to filter) a strainer, a sieve. ચાળણી, ચાળણી.

Cold, કોલ્ડ, *n.* (S. *cald*) want of heat; chilliness; catarrh. ટહાડ, ઠંડી; ધ્રુજારો-રી; સળેખમ, રસપૂણી. *a.* not warm; indifferent; reserved. ટહાડું, શીતળ, ઠંડું, ટહાડ આવેલું-ચઢેલું; હોંશ-હેત-મમતા-દમવગરનું, ઉદાસીનું, ઉમળકો ન ઉપજાવે તેવું. [નિર્દય, કઠોર, ઠંડા લોહીનું.

Cold'-blood-ed, કોલ્ડબ્લડેડ, *a.* without feeling.

Cold'ness, કોલ્ડનેસ, *n.* want of heat; indifference. ટહાડક, શીતળતા; બેદરકારી, ઉમંગ-ઉમળકા વગરનો મનનો ભાવ. [પેટ-ઉદરમાં શૂળ.

Col'ic, કૉલિક, *n.* (L. *colicus*) a pain in the bowels.

Col-lapse', કૉલૅપ્સ, *n.* (L. *con* & *labor* to slide) a falling together; a wasting of the body. દબી-બેસી-ધબી જવું તે; ઘણી નિર્બળતા, પૂરૂં નિર્ગતપણું.

Col'lar, કૉલર, *n.* (L. *collum* the neck) something round the neck. ગળપટો, ગળેબંધ. *vt.* to put a collar on; to seize by the collar. પટો-ગળેબંધ પહેરવો-બાંધવો; પટાથી ગળાથી પકડવી.

Col-late', કૉલેટ, *vt.* (L. *con* & *latum* carried) to compare; examine; to gather & place in order. સરખાવી -મેળવી જોવું; તપાસવું; એકઠું કરી અનુક્રમે ગોઠવું.

Col-la'tion, કૉલેશન, *n.* a repast; gift; act of comparing. હાજરી, હલકી ફરાળ; બક્ષીસ; સરખાવી જોવું તે.

Col-lat'er-al, કૉલૅટરલ, *a.*(L. *con* & *latus* side)being by or on the side of; not direct, connected. આસપાસનું, આજુબાજુનું, પાસેનું; સગોત્ર, આજુબાજુની સગાઇનું.

Col'league, કૉલીગ, *n.* (L. *con* & *lego* to choose) an associate in office, a partner. કર્તવ્ય કામ કે અધિકારમાં સાથી–સહકારી–બંધુ.

Col-lect', કલેક્ટ, *vt.* or *i.* (L. *con* & *lego* to gather) to gather into one body or place; to call in; accumulate. એકઠું–ભેગું કરવું, મેળવવું; ઉઘરાવવું, વસુલ કરવું; કાપવું; વેડવું, લણવું; એકઠું–ભેગું થવું.

Col'lect, કૉલેક્ટ, *n.* a short prayer, ટુંકી પ્રાર્થના.

Col-lect'ed, કલેક્ટેડ, *a.* cool, not disturbed, gathered. સાવધાન, મન ઠેકાણે રાખેલું.

Col-lec'tion; કલેક્શન, *n.* act of collecting; that which is collected; assemblage; a contribution. એકઠું કરવું તે; સંચય, સંગ્રહ; ટોળું, સંઘ, જમાવ; ધર્મની ટીપમાં ભરેલું નાણું, ટીપ, ખરડો.

Col-lect'ive, કલેક્ટિવ,*a.* tending to collect; expressing a number united; formed by gathering. એકઠું–ભેગું–સમગ્રહ–સમસ્ત થાય–કરે એવું; સંઘ–સમુદાય વાચક; એકઠું–ભેગું થયલું.

Col-lect'or, કલેક્ટર, *n.* a gatherer; a receiver of taxes. એકઠું–જમા કરનાર; જકાત વસુલ કરનાર–ઉઘરાવનાર.

Col-lect'or-ate, કલેક્ટરેટ, *n.* the office or district of a collector. મામલેદાર-કલેકટરનો હોદ્દો-હકૂમત-જીલ્લો-તાલુકો.

Col'lege, કૉલેજ, *n.* (L. *con* & *lego* to choose) a learned society; a seminary of learning. પંડિત-વિદ્વજ્જન સમાજ-સમૂહ; પાઠશાળા, વિદ્યાલય, મદ્રેસા.

Col-lide', કૉલાઇડ, *vi.* (L. *con* & *lædo* to strike) to dash against each other. સામસામું અથડાવું.

Col'lier, કૉલિઅર, *n.* (from *coal*) a digger of, or dealer in coals; a coal ship. કોલસા ખોદનાર, કોલસાનો વેપારી; કોલસા લઈ જવાનું વહાણ.

Col'lier-y, કૉલિઅરિ, *n.* a coal mine. કોલસાની ખાણ.

Col-li'sion, કૉલિશન, *n.* (L. *con* & lædo to strike) a striking together; a state of opposition. સામસામું અથડાવું-પછડાવું તે; વિરોધ, વિરૂદ્ધતા, ઉલટા-સામસામાપણું.

Col'lo-cate. કૉલોકેટ, *vt.* (L. *con* & *loco* to place) to set in order. એકઠું મૂકવું-ગોઠવવું, રચવું.

Col-lo'qui-al, કૉલોક્વિઅલ, *a.* (L. *con* & *loquor* to speak) pertaining to conversation. સાધારણ બોલી બોલચાલ-વાતચિતમાં વપરાતું.

Col'lo-quy કૉલોક્વી, *n.* mutual discourse of two or more. બે કે વધારે માણસનું સંભાષણ-વાતચીત-બોલચાલ.

Col-lu'sion, કૉલ્યુશન, *n.* (L. *con* & *ludo* to play) a

secret agreement to defraud. કપટ—દગામાં સંતલસ—સંકેટ, ઠગાઈ, છળ, ફૂડ. [સંતલસ—કરાવનું—ગાળું, છળ ભરેલું.
Col-lu'sive, કોલ્યુઝિવ્, *a.* deceitful. દગા—કપટ ભરેલી
Col-lyr'ium, કૉલિરિઅમ, *n* (Gr. *kollurion* liquid eyesalve) eyemedicine. આંખનું અંજન.
Co'lon, કોલન, *n.* (Gr.) a stop (:); large intestine. અપૂર્ણ વિરામ ચિન્હ, બે મીંડાં (:); સહુથી મહોટું આંતરડું.
Colo'nel, કર્નલ, *n.* (L. *columna* a column) the commander of a regiment. ફોજની એક પલટણનો સરદાર.
Co-lo'ni-al, કોલોનિઅલ, *a.* (L. *colonus* farmer) pertaining to a colony. પરદેશમાં વસેલાં થાણાં સંબંધી.
Co'lon-ist, કૉલોનિસ્ટ, *n.* an inhabitant of a colony. પરદેશમાં વસેલા થાણાનો રહેવાસી.
Co'lon-ize, કૉલોનાઈઝ, *vt.* to plant or settle with inahbitants. —માં પરદેશીઓએ થાણાં રોપવાં, વસાવવું.
Co-lon-ade', કૉલોનેડ, *n.* (L. *columna*) arow of columns. સરખે અંતરે બાંધેલા થાંભલાની હાર, સ્તંભાવળી.
Col'o-ny, કૉલોનિ, *n.* (L. *colonus* farmer) the country colonized; a body of settlers. સંસ્થાન, પરદેશીઓએ વસાવેલું થાણું; નવી વસ્તી.
Co-loss'al, કોલૉસલ, *a.* (Gr. *kolossos*) huge in size, gigantic. કદમાં ઘણું મહોટું, રાક્ષસી, પહાડજેવું.
Co-loss'us, કોલૉસસ, *n.* a statue of gigantic size. *pl.* colossi. રાક્ષસી પુતળું.

Col'our, કલર, *n.* (L. color) hue, tint.–s. *pl.* flag; paint; red colour; pretence; kind, species. રંગ, વર્ણ; નિશાન, વાવટો; રંગવાનો પદાર્થ; લાલી, સુરખી; બહારનું ખોટું ડોળ, બહાનું, મિશ; જાત, વર્ણ. *vt.* to dye; palliate, excuse; exaggerate in representation. રંગવું, રંગ દેવો–ચઢાવવો; ભૂલ–દોષ છુપાવવો, છાવરવું, ઢાંકવું; મીઠું મરચું ભભરાવી કહેવું. *vi.* to blush. શરમિંદુ થવું, લજવાવું.

Col'our-a-ble, કલરઅબ્લ, *a.* designed to cover and deceive, plausible. ઉપરથી ઠીક–સારૂં–વાજબી–બરોબર દેખાય એવું, છુપાવવા–છાવરવાનું.

Col'por-teur, કૉલપોર્ટર, *n.* (L. *collum* the neck & *porto* to carry) a pedlar, hawker. ધર્મની ચોપડી વગેરે વહેંચનાર કે વેચનાર ફેરિયો.

Colt, કોલ્ટ, *n.* (S.) a young horse. વછેરો.

Col'ter, કોલ્ટર, *n.* (L. *colo* I till) the fore-iron of a plough. હળની કોશ–કોશલું, કોશનો અણીદાર ભાગ.

Col'umn, કોલમ, *n.* (L. *columna*) a cylindrical post; a body of troops; perpendicular section of a page. ગોળ થાંભલો–સ્તંભ; સિપાઈઓની ટુકડી; ચોપડીના પાનામાં પાડેલો ઉભો કોઠો.

Co'ma, કોમા *n.* (Gr.) lethargy, disposition to sleep. ઘેન, સુસ્તિની ઉંઘ.

Co'ma-tose, કોમાટોસ, *a.* drowsy. ઘેનવાળું, સુસ્તિમાં આવેલું.

Comb, કોમ, *n.* (AS. *camb*) toothed instrument

for hair; crest of a cock; cells of bees. વાળ-ઉન-શણ સાફ કરવાનું દાંતાવાળું હથિયાર; માજર, કળગી; મધપૂડો. *vt.* to dress with a comb. હોળવું, ઉકેલવું, સાફ કરવું.

Com'bat, કૉમબટ, *n.* (Fr. *combattre*) a fight, battle; duel. લડાઈ, યુદ્ધ, દ્વંદ્વ યુદ્ધ. *vt.* or *i.* to fight; to oppose. લડવું;-ની સામે થવું-ટક્કર લેવી.

Com-bi-na'tion, કૉમ્બિનેશન, *n.* (L *com* & *binus* two & two) union or association. એકઠું-ભેગું મળવું તે, સંયોગ; એકસંપ-ગાંઠ, એક્કો, એક્ય.

Com-bine', કૉમ્બાઈન, *vt.* or *i.* to join; to agree. ભેગું-એકઠું કરવું, જોડવું, મેળવવું, ભેળવવું; એકદીલ-સંપ થવું.

Com-bus'ti-ble, કૉમ્બસ્ટિબલ, *a.*(L.*com* & *uro* I burn) apt to burn; easily kindled. બળે-સળગે એવું; તરત સળગી ઉઠે એવું. *n.* substance that burns easily. તરત સળગી ઉઠે એવો પદાર્થ.

Com-bust'ion, કૉમ્બશ્ચન, a burning. બળવું-સળગવું તે, [દહનક્રિયા.

Come, કમ, *vi.*(AS. *cuman*) to arrive; to reach; to happen; to move hitherward; to become manifest. કોઈપણ સ્થિતિ કે દશામાં-ઉપર આવવું; પાસે આવવું; બનવું, દૈવજોગે થવું; આવવું; નિકળવું, ફુટી-ઉગી નિકળવું.

Com'e-dy, કૉમિડિ, *n.* (Gr. *kome* a village & *ode* a song) a humorous dramatic piece. હાસ્યરસ પ્રધાન-સુખપરિણામક નાટક, પ્રહસન.

Come'ly, કમ્લિ, *a.* (AS. *cymlic*) handsome, graceful; fitting, suitable. રૂપાળું, ઘાટદાર; યોગ્ય.

Com'et, કૉમિટ્, *n.* (Gr. *kome* hair) a heavenly body with a luminous appendage. પૂછડિયો તારો, ધૂમકેતુ.

Com'fit, કમ્ફિટ્, *n.* (L. *con* & *facio* I do) a dry sweetmeat. ખાંડ પાઇ સુકવી રાખેલો મેવો વગેરે.

Com'fort, કમ્ફર્ટ, *n.* (L. *con* & *fortis* strong) relief; ease, rest; that affords enjoyment. સુખ, સબુરી, ધીરજ; આરામ, ચેન; સુખ–ચેનની ચીજો. *vt.* to console; cheer. ધીરજ–દિલાસો આપવો, મનને સુખ–સમાધાન કરવું.

Com'fort-a-ble, કમ્ફર્ટઅબલ, *a.* enjoying ease. સુખ-ચેન–આરામ આપે–માં હોય એવું, સ્વસ્થ.

Com'fort-er, કમ્ફર્ટર, *n.* who or what comforts; Holy Spirit; a neck scarf. સુખચેન–આરામ આપનાર; પવિત્રાત્મા; ઉનનો લાંબો ગળેબંધ.

Com'ic, Com'ic-al, કૉમિક, કૉમિકલ, *a.* (L. *comicus*) relating to comedy, droll. હાસ્યરસ નાટકસંબંધી; ટોળ ભરેલું, હસવું આણે એવું, હસવા સરખું.

Com'ing, કમિંગ, *a.* drawing nigh, future. પાસે કે હવેપછી આવતું. [વિવેક, સભ્યતા, સભ્ય વ્યવહાર.

Co'mi-ty, કૉમિટિ, *n.* (L. *con* & *mitis* mild) civility.

Com'ma, કૉમા, *n.* (Gr. *kopto* to cut off) the point (') noting a short pause. અલ્પવિરામ, મિસલો (').

Com-mand′, કમૅંડ, *vt.* (L. *con* & *mando* I bid) to bid; to direct; to govern; to have within control or vision; to exact by moral influence. આજ્ઞા-હુકમ કરવો, ફરમાવવું, કહેવું; સરદારી કરવી, હકુમત-હુકમ ચલાવવો-બજાવવો;-ના તાબા-હકુમતમાં હોવું,-ઉપર સત્તા ચલાવવી-જોઈ શકાવું; ભાર-વક્કર-પ્રતિષ્ઠાથી મેળવવું, પામવું,-ને ગળવું. *n.* order; have power over. હુકમ, આજ્ઞા; સત્તા, અધિકાર, સરદારી.

Com-mand′ant, Com-mand′er, કમૅન્ડંટ, કમૅંડર, a commanding officer, a leader. સરદાર, સેનાપતિ, આગેવાન.

Com-mand′ing, કમૅંડિંગ, *a.* having authority. હુકમ-આજ્ઞા કરતું-આપતું. [આજ્ઞા; વિધિ.

Com-mand′ment, કમૅંડમૅંટ, *n.* order; precept. હુકમ,

Com-mem′o-rate, કૉમિમોરેટ, *vt.* (L. *con* & *memor* mindful) keep in or bring to memory, celebrate. મહોત્સવ-ધામધૂમથી સંભારણું રખાવવું-રાખવું, સ્મરણ રાખવા મહોત્સવ કરવો.

Com-mence′, કમૅન્સ, *vt.* to begin. શરૂ કરવું, આરંભવું, માંડવું, લાગવું. *vi.* to take rise. શરૂ-નો આરંભ થવો.

Com-mence′ment, કમૅન્સમૅંટ, *n.* beginning. આરંભ, શરૂઆત.

Com-mend′, કૉમૅંડ, *vt.* (L. *con* & *mando* I bid) to praise; entrust; recómmend; to make accept-

able. વખાણવું,સ્તુતિ કરવી; સોંપવું, ભાળવવું, હવાલે કરવું;–ની ભલામણ કરવી,–ને વિષે સારૂં–વિશ્વાસ–માન લાયકછે એમ કેહેવું;–થી માન્ય–માનિતું થવું.

Com-mend'a-ble, કૉમેંડ્અબલ, *a.* laudable. વખાણવાજોગ.

Com-men-da'tion, કૉમેંડેશન, *n.* praise. સ્તુતિ, તારીફ.

Com-mend'a-tor-y, કૉમેંડેટરિ, *a.* tending to commend. પ્રશંસા–ભલામણવાળું.

Com-men'su-ra-ble, કૉમેનશ્યુરેબલ, *a.* (L. *con* & *metior* I measure) having a common measure. જેઓનું એકજ વસ્તુથી માપ થઈ શકે એવું, સમમાન.

Com-men'su-rate, કૉમેનશ્યુરેટ, *a.* of equal measure. માપ–વિસ્તારમાં બરોબર, પ્રમાણમાં, સમાન.

Com'ment, Com-ment', કૉમેંટ, *n.* (L. *con* & *mens* the mind) explanatory note. ટીકા, ભાષ્ય, વિવરણ, ટીપ, આહ્કી. *vi.* to make notes; remark on. અર્થ સ્પષ્ટ કરવા ટીકા કરવી–લખવી;–ઉપર ટીકા–વિવેચન કરવું, ગુણદોષ બતાવવા. [traffic. વેપાર.

Com'merce, કૉમર્સ, *n.* (L. *con* & *merx* goods) trade,

Com-mer'cial, કૉમરશિઅલ, *a.* relating to trade. વેપારનું.

Com-mi-na'tion, કૉમિનેશન, *n.* (L. *con* & *minor* to threaten) a threat. ધમકી, બિવડામણી.

Com-mis'er-ate, કૉમિઝરેટ, *vt.* (L. *con* & *miser* wretched) to pity.–ગારતે દલગીર થવું,–ની દયા–દાઝ લાવવી.

Com'-mis-sar-y, કૉમિસરિ, *n.* (L. *con* & *mitto* I send) a commissioner. જેને કોઈ કામ સોંપ્યું હોય તે, લશ્કરના મોદીખાનાનો ઉપરી.

Com-mis'sion, કૉમિશન, *n.* trust; doing; allowance to agent; authority; a warrant. હવાલે-સ્વાધીન કરવું તે, સપુરત, ભાળવણ; કરવું તે, હકશાઈ, આડત, દસ્તુરી; અખત્યાર, સત્તા; અખત્યારનામું, સનદ. *vt.* to empower; entrust. સત્તા-અધિકાર આપવો; કામ સોંપવું-ભાળવવું.

Com-mis'sion-er, કૉમિશનર, *n.* one empowered to act. અખત્યારી પુરૂષ, મુનિમ, અમીન, ઉપરી અધિકારી.

Com-mit', કમિટ, *vt.* to intrust; to imprison; to pledge; to do. સોંપવું, હવાલે-સ્વાધીન કરવું, ભાળવવું; કેદમાં નાખવું-મોકલવું; ફરે નહિ એવું કોઈપણ કામ કરી જોખમ-કબુલાત-બંધણમાં લાવવું; કરવું. [સભા-મંડળી.

Com-mit'tee, કૉમિટિ, *n.* managing body. કારભારી

Com-mo'di-ous, કૉમોડિઅસ, *a.* (L. *con* & *modus* a measure) convenient. સગવડ-વગ-સોઈવાળું.

Com-mod'i-ty, કૉમૉડિટિ, *n.* merchandise, goods. વેપારની જણસો-માલ.

Com'mo-dore, કૉમૉડોર, *n.* (L. *con* & *mando*) the commander of a squadron. વહાણના કાફલાનો સરદાર.

Com'mon, કૉમન, *a.* (L. *con* & *munus* a duty) general; usual; of no rank; lewd. સામાન્ય, બધાનું; સા-

ધારણ, નિત્ય—હમેશાનું; વચલાવર્ગનું; છિનાળ. *n.* an open public ground. સામાન્ય માલેકીની જમીન, પાધર.

Com'mon-al-ty, કૉમનલ્ટિ, *n.* the common people. સાધારણ—વચલા વર્ગના લોક.

Com'mon-er, કૉમનર, *n.* one not noble; a member of the House of Commons; a student. વચલા વર્ગનો પુરૂષ, સાધારણ માણસ; આમની સભાનો સભાસદ; ઑક્સફર્ડની વિદ્યાલયમાં ભણનાર વિદ્યાર્થી.

Com'mon-ly, કૉમન્લિ, *ad.* usually. ઘણું કરીને, બહુધા.

Com'mon-place, કૉમનપ્લેસ, *n.* a memorandum. સ્મરણ પોથી.*a.* common; trite. સાધારણ,અનવીન; નજીવું.

Com'mons, કૉમનઝ, *n. pl.* common people; lower house of parliament; common land; food at a common table. સાધારણ લોક; આમની સભા; સામાન્ય માલેકોની જમીન; ઘણા માણસો નિત એકઠા મળીને ખાય તેને-માટે પૂરો પાડેલો ખોરાક. [કલ્યાણ.

Com'mon-weal, કૉમનવ્હિલ, *n.* public good. લોક

Com'mon-wealth, કૉમનવ્હેલ્થ, *n.* a free state, republic. પ્રજા—લોકસત્તાક રાજ્ય, સર્વજન, લોકસમસ્ત.

Com-mo'tion, કૉમોશન, *n.* (L. *con* & *moveo* to move) disturbance. બંડ, તોફાન, ફિતુર, ગડબડ, સંતાપ, ગભરાટ.

Com-mune', કૉમ્યુન, *vi.* (L. *communis* common) to converse. સ્નેહભાવથી—હળી મળીને વાતચીત—સંભાષણ કરવું.

Com-mu'ni-ca-ble, કૉમ્યુનીકેબલ, *a.* that may be communicated. બીજાને આપી-કહી-બતાવી શકાય તેવું.

Com-mu'ni-cate, કૉમ્યુનીકેટ, *vt.* or *i.* to impart; tell, reveal; to share. આપવું, બક્ષવું; જાણ-જાહેર-ખબર કરવી -આપવી; સુખદુ:ખમાં ભાગ લેવો;-જોડે વ્યવહાર રાખવો.

Com-mu-ni-ca'tion, કૉમ્યુનિકેશન, *n.* intercourse; letter; information. આપવું તે; વ્હેવાર, સંબંધ; કાગળપત્ર; ખબર, ખબરપત્ર; માર્ગ, રસ્તો, પૂલ.

Com-mun'ion, કૉમ્યુનિઅન, *n.* intercourse; fellowship, celebration of Lord's supper. સમાગમ, વ્હેવાર; સમરાગ; સત્સંગ, સત્સમાગમ; ખ્રિસ્તિ ધર્મમાં પ્રભુ ભોજન વિધિ પાળવો તે.

Com-mu'ni-ty, કૉમ્યુનિટિ, *n.* society; common possession. લોકસમસ્ત, આલમ, કોમ, જાત; સામાન્ય ભોગવટો.

Com-mut'a-ble, કૉમ્યૂટેબલ, *a.* (L. *con* & *muto* I change) that may be exchanged. બદલે-સાટામાં આપી શકાય એવું.

Com-mu-ta'tion, કૉમ્યૂટેશન, *n.* change; exchange; the substitution of a less for a greater punishment. ફેર, ફેરફાર; સાટું, અદલાબદલી; ભારે સજાને બદલે હલકી શિક્ષા; એક સામટી રકમ.

Com-mute', કૉમ્યૂટ, *vt.* to change; exchange. ફેરવવું, બદલવું, ભારેને બદલે હલકી શિક્ષા કરવી; અદલબદલ કરવું, એકને સાટે બીજું આપવું.

Com-pact′, કૉમ્પૅક્ટ, *a.* (L. *con* & *pango* to fix) firm; dense; brief, pithy. ઘીચુ, ઘટ્ટ, ઘન; ટૂંકું, સારવાળું. *vt.* to join firmly; to league with. ઘીચુ-ઘટ્ટ કરવું; સંબંધ-સંગત કરવું.

Com′pact, કૉમ્પૅક્ટ, *n.* (L. *con* & *paciscor* I bargain) agreement; league. કરાર, ઠરાવ, બોલી; એકસંપ.

Com-pan′ion, કૉમ્પૅનિઅન, *n.* (L. *con* & *panis* bread) comrade, associate. સોબતી, સાથી.

Com′pa-ny, કમ્પનિ, *n.* assembly; fellowship; partners; corporation; a party. મંડળી, ટોળી-ળું; સોબત, સંગત; પેઢિમાંના બાકીના ભાગિઆ; સામાન્ય લંકોળની મંડળી; સ્નેહીનો મેળાવડો-મીજલસ.

Com′par-a-ble, કૉમ્પેરેબલ, *a.* (L. *con* & *par* equal) worthy of comparison; being of equal regard. સરખાવવા યોગ્ય; ઉપમા આપવાલાયક.

Com-par′a-tive, કૉમ્પૅરેટિવ્, *a.* estimated by comparision. મુકાબલા-પડછાનું, સાપેક્ષ; અધિકતાદર્શક.

Com-pare′, કૉમ્પૅર, *vt.* to examine together; to represent as similar. સરખાવવું, મેળવી જોવું; મુકાબલ કરવું;-ની ઉપમા આપવી; અધિકતા-શ્રેષ્ઠતાદર્શક વિશેષણને રૂપ આપવાં. *vi.* to be like or equal. પડછે-જોડે ઉભા રહેવું, સરખું-તુલ્ય થવું.

Com-par′i-son, કૉમ્પૅરિસન, *n.* act of comparing;

comparative estimate; simile. મુકાબલો, તુલના; ન્યૂનાધિકતા રૂપ આપવાં તે; ઉપમા, પડછો.

Com-part′ment, કૉમ્પાર્ટમેંટ, *n.* (L. *con* & *pars* a part) a division. ભાગ, ખંડ.

Com′pass, કમ્પૅસ, *vt.* (L. *con* & *passus* going) to surround; obtain; contrive; purpose. ફરતો આંટો–ચક્કર મારવું, ઘેરી–આંતરી લેવું, ચોતરફ ફરી વળવું; મેળવવું, સાધવું, પ્રાપ્ત કરવું; યુક્તિ કરવી, યોજવું;–નો વિચાર–મનસુબો કરવો. *n.* circuit; limit; range; needle to direct ship's course. *pl.* instrument for drawing circles. ફરતો ઘેર, ચક્કર, ફેરો; મર્યાદા, હદ; વિસ્તાર; દિશા સૂચકયંત્ર, હોકાયંત્ર; વર્તુલ કાઢવાનું હથિયાર, કમ્પાસ.

Com-pas′sion, કૉમ્પૅશન, *n.* (L. *con*, *patior* to suffer) pity, mercy. દયા, કરૂણા, દાઝ.

Com-pas′sion-ate, કૉમ્પૅશનેટ, *a.* merciful. દયાળુ, દયાવાળું. *vt.* to pity. કોઈપર દયા આણવી–લાવવી.

Com-pat′i-ble, કૉમ્પૅટિબલ, *a.* consistent. સંગત, અવિરૂદ્ધ.

Com-pa′tri-ot, કૉમ્પેટ્રિઅટ, *n.* (L. *con* & *patrius* own country) a fellow-patriot. એકદેશીય, સ્વદેશી.

Com-peer′, કૉમ્પીર, *n.* (L. *con* & *par* equal) an equal. જોડીઓ, બરોબરીઓ, સાથી.

Com-pel′, કૉમ્પેલ, *vt.* (L. *con* & *pello* I drive) to drive by force. જોરજુલમથી જરૂર–ફરજ પાડવી.

Com-pend'i-ous, કૉંપેંડિઅસ, *a.* (L. *con* & *pendo* I weigh) short, concise. ટુંક-કું, સંક્ષિપ્ત.

Com-pen'sate, કૉમ્પેન્સેટ, *vt.* (L. *con* & *penso* to weigh) to make amends. -નો બંગ-બદલો વાળવો, પૂરૂં કરી-ભરી-નુકસાન આપવું. [pense.બદલો,બંગ,અવેજ, સાટું.

Com-pen-sa'tion, કૉમ્પેન્સેશન, *n.* amends, recom-

Com-pete', કૉમ્પીટ, *vi.* (L. *con* & *peto* I seek) to strive for a like end, rival. એકજ પદાર્થ મેળવવા બીજાના સામો પ્રયત્ન-સ્પર્ધા કરવી.

Com'pe-tence, કૉમ્પીટન્સ, *n.* sufficiency; legal capacity or right. સાધારણ સામર્થ્ય-કમાઈ, નિભાવ જેટલી પ્રાપ્તિ; કાયદાપ્રમાણે યોગ્યતા--અધિકાર-સત્તા.

Com'pe-tent, કૉમ્પીટંટ, *a.* qualified; fitting; skilful. અધિકાર-સત્તાવાળું; યોગ્ય, લાયક, પૂરતું; કાબેલ, હોંશિયાર.

Com-pe-ti'tion, કૉમ્પીટીશન, *n.* rivalry. સ્પર્ધા, પડાપડી, એકાર્થાભિલાષ. [યોગી, ઉપર પડનારો.

Com-pet'it-or, કૉમ્પીટીટર, *n.* a rival. પ્રતિસ્પર્ધી, પ્રતિ-

Com-pet'it-ive, કૉમ્પીટીટિવ, *a.* emulous. સ્પર્ધા સંબંધી-થી થયલું.

Com-pi-la'tion, કૉમ્પિલેશન, *n.* (L. *con* & *pilo* I plunder) a selections from authors. સંગ્રહ,સંગ્રહગ્રંથ.

Com-pile, કૉમ્પાઈલ, *vt.* to select from authors. સંગ્રહ ગ્રંથ રચવો-બનાવવો. [ગ્રંથકાર-કરનાર.

Com-pil'er, કૉમ્પાઈલર, *n.* one who compiles. સંગ્રહ

Com-pla'cence, Compla'cen-cy, કૉમ્પ્લેસન્સ, કૉમ્પ્લેસન્સિ, *n.* (L. *con* & *placeo* I please) pleasure; satisfaction; civility. આનંદ, ખુશીનો હેતુ-કારણ; મનનો સંતોષ, પ્રસન્નતા; સભ્યતા, વિવેક.

Com-pla'-cent, કૉમ્પ્લેસંટ, *a.* cheerful; civil. સંતોષ-આનંદયુક્ત-વાળું, પ્રસન્ન, ખુશ; સભ્ય, વિવેકી.

Com-plain', કૉમ્પ્લેન, *vi.* (L. *con* & *plango* I bewail) to murmur; to express pain, distress or censure; to find fault; to make a charge. વિશે બડબડવું; શોક સંતાપ-દુઃખના બોલ બોલવા, વિશે ખેદ-વિલાપ કરવો; વાંક કાઢવો; ફરિયાદ કરવી-માંડવી.

Com-plain'ant, કૉમ્પ્લેનંટ, *n.* plaintiff. ફરિયાદી.

Com-plaint', કૉમ્પ્લેંટ, *n.* expression of grief, regret, pain; cause of complaint; a malady; accusation. દુઃખ-બળતરાના બોલ, બડબડાટ, વિલાપ; શોક સંતાપ-નાખુશીનું કારણ; રોગ, દરદ; ફરિયાદ.

Com-plai'sance, કૉમ્પ્લેસન્સ, *n.* (L. *con* & *placeo* I please) civility. સભ્યતા, રૂડી રીતભાત, સુજનતા.

Com-plai'sant, કૉમ્પ્લેસંટ, *a.* polite, courteous, affable. આદરશીલ, સામાનું મન પ્રસંન કરે એવું, સત્કારી; બોલવેચાલવે મીઠું.

Com'ple-ment, કૉમ્પ્લિમેંટ, *n.* (L. *con* & *pleo* I fill) that which supplies a deficiency; the full num-

ber. ખુટતું જેથી પૂરૂં થાય તે, પૂરતી; ભરતી, ખુટતી સંખ્યા-ચીજ; જોઈએ એટલું.

Com-plete', કૉમ્પ્લીટ, *a.* finished; perfect; whole. પૂરેપૂરૂં, સંપૂર્ણ; તમામ, બધું; પૂર્ણ, પૂરૂં-સમાપ્ત થયલું. *vt.* to perfect; accomplish. પૂર્ણ-પૂરૂં કરવું,-નો પાર આણવો; સિદ્ધ-પૂર્ણ કરવું, પાર કરવું-મૂકવું.

Com-ple'tion, કૉમ્પ્લીશન, *n.* act of finishing; fulfilment. પરિપૂર્ણ કરવું-થવું તે; સિદ્ધતા, સફળતા, પાર કરવું તે.

Com'plex, કામ્પ્લેક્સ, *a.* (L. *con* & *plecto* I twist) composed of parts; intricate. સંયુક્ત; ગુચવણ ભરેલું.

Com-ple'xion, કૉમ્પ્લેક્શન, *n.* Frame, texture; the color of the skin; general aspect. બાંધો, ઘાટ, બંધારણ; ચામડીનો રંગ-કાંતિ, અંગવર્ણ; ઘાટ, ડોળ, સ્વરૂપ.

Com-plex'i-ty, કૉમ્પ્લૅક્સિટિ, *n.* a complex state; intricacy. સંયુક્તપણું; ગુંચવણ, ગોટાળો.

Com-pli'ant, કૉમ્પ્લાયંટ, *a.* (L. *con* & *plico* I fold) yielding; bending; obliging. વાળ્યું વળે-નમે-નમતું મુકે-કબૂલ-માન્ય કરે એવું; સભ્ય, વિવેકી, સારૂં લગાડે તેવું.

Com'pli-cate, કૉમ્પ્લિકેટ, *a.* involved. ગુંચવેલું, ગુંથાયલું, સંયુક્ત. *vt.* to make intricate, entangle. ગુંચવવું, ગુંથવી-ગુંથી નાખવું.

Com-pli-ca'tion, કૉમ્પ્લિકેશન, *n.* entanglement. ગુંચવણ, ગોટાળો.

Com'-pli-ment, કૉમ્પ્લિમેંટ, *n.* (L. *con* & *pleo* I fill)

expression of civility; praise. રામરામ, જેગોપાળ, સલામ, નમસ્કાર; વખાણ, સ્તુતિ, પ્રશંસા. *vt.* to congratulate; to praise. મુબારકબાદી આપવી; વખાણવું.

Com-ply′, કૉમ્પ્લાઈ, *vi.* (L. *con* & *plico* I fold) to yield to; conform. કબુલ કરવું-થવું, સંમતિ આપવી; મળતું-બેસ્તું આવવું, પ્રમાણે વર્તવું, બજાવવું.

Com-pon′ent, કૉમ્પોનંટ, *a.* (L. *con* & *pono* I put) constituent. અવયવ-અંશભૂત. *n.* an elementary part. અવયવ ભૂત અંશ.

Com-port′, કૉમ્પોર્ટ, *vt.* or *i.* (L. *con* & *porto* I carry) to agree, suit; to behave. મળતું-બેસતું આવવું, માફક-યોગ્ય થવું-દીસવું; વર્તવું, ચાલવું.

Com-pose′, કૉમ્પોઝ, *vt.* (L. *con* & *pono* to put) to put together; constitute; to write; place in proper form; settle; to soothe. ભેગા કરીને બનાવવું, -નું બનવું, મળીને પેદા થવું; મળીને થવું; હોવું; લખવું, રચવું, બનાવવું; ગોઠવીને-ઠીક કરીને-રીત પ્રમાણે મૂકવું, વ્યવસ્થિત કરવું; ઠંડું-શાંત-નરમ-સ્વસ્થ કરવું-પાડવું-હોવું. [નિવૃત્ત.

Com-posed, કૉમ્પોઝ્ડ, *a.* calm, tranquil. સ્વસ્થ, શાંત,

Com′pos-ite, કૉમ્પૉઝિટ, *a.* made up of parts. સંયુક્ત, મિશ્રિત, સાવયવ.

Com-po-si′tion, કૉમ્પોઝિશન, *n.* the act of composing; literary work; setting types; the state of

being composed; compound; the adjustment of a debt. એકઠું-મિશ્ર કરી બનાવવું તે, બનાવવું-રચવું તે; નિબંધ-પ્રબંધની રચના; છાપવામાટે બીબાં ગોઠવવાં તે; સંયોગ, એકઠાં હોવું તે; ભેગ, મિશ્ર; પતાવવું તે, ફડચો, નિકાલ.

Com'post, કૉમ્પોસ્ટ, *n.* mixed manure. ખાતરના પદાર્થનો મિશ્ર-રગડો. [ગંભીરતા, નિવૃત્તિ.

Com-po'sure, કૉમ્પોઝર, *n.* calmness. સ્વસ્થ-શાંતપણું,

Com'pound, કૉમ્પૌંડ, *n.* a mixture; a yard round a building. મેળવણી, મિશ્ર; ઘરની પાછળ વંડો. *a.* formed of two or more. મિશ્રિત, સંયુક્ત; સમાસિત, સાન્વય.

Com-pound', કૉમ્પૌંડ, *vt.* to mix together; to adjust. મેળવવું, ભેળવું, મિશ્રિત કરવું; સમાધાન-સમજુતી-નિકાલ-ફડચો કરવો, પતાવવું.

Com-pre-hend', કૉમ્પ્રિહેંડ્, *vt.* (L. *con* & *prehendere* to grasp) to contain, comprise; to understand. સમાસ કરવો,-માં-નો સમાવેશ થવો; સમજવું,-ના ધ્યાનમાં ઉતરવું. [ગ્રહણ-સમજવાની શક્તિ, સમજ, બુદ્ધિ; સમાવેશ.

Com-pre-hen'sion, કૉમ્પ્રીહેન્શન, *n.* understanding.

Com-press', કૉમ્પ્રેસ્, *vt.* (L. *con* & *premere* to press) to press together. દાબવું, દબાવવું, દાબી-ઠાંસી થોડામાં લાવવું, ખીચોખીચ ભરવું.

Com-press'i-ble, કૉમ્પ્રેસિબલ, *a.* that may be compressed. દાબીને થોડામાં લાવી શકાય એવું.

Com-press'ion, કૉમ્પ્રેશન, *n.* act of pressing together. દબાણ, ચાંપણ, સંકોચન.

Com-prise', કૉમ્પ્રાઇઝ, *vt.* (L. *con* & *prehendere* to take) to contain. માં હોવું,–નો સમાવેશ થવો.

Com'pro-mise, કૉમ્પ્રોમાઇઝ, *n.* (L. *con*, *pro* & *mitto* I send) agreement by concession. સમાધાન, સમજુત, તોડજોડ, ફડચો, નિકાલ. *vt.* to settle by mutual agreement; to pledge. ભાંજગડ–સમજુત કરી પતવવું; બંધન–જોખમમાં નાખવું.

Com-pul'sion, કૉમ્પલશન, *n.* (L. *con* & *pello* I drive) constraint, force applied. જોર, બળાત્કાર, જબરદસ્તી.

Com-punc'tion, કૉમ્પંકશન, *n.* (L. *con* & *pungo* I prick) remorse. ખેદ, બળાપો, સંતાપ, પશ્ચાતાપ, કચવાટ.

Com-pu-ta'tion, કૉમ્પ્યુટેશન, *n.* (L. *con* & *putare* to reckon) reckoning, calculation; estimate. ગણતરી, હિસાબ, ગણના; સુમાર, અડસટ્ટો, આશારો.

Com-pute', કૉમ્પ્યૂટ, *vt.* to calculate; to estimate. ગણિતથી નક્કી કરવું, ગણવું, વતેવું; સુમાર કાઢવો.

Com'rade, કૉમરેડ, *n.* (L. *camera* chamber) an associate. સોબતી, સાથી, જોડિયો.

Con, કૉન, *a.* (L. *contra*) a perfix denoting with or against. સામું, ઉલટું, વિરૂદ્ધ. *vt.* (AS. *cunnan* to know) to study over. ગોખવું, ભણવું, જાણવું.

Con'cave, કૉન્કેવ્, *a.* (L. *con* & *cavus* hollow) hollow. અંતરગોળ, ગગનાકાર.

Con-ceal', કૉન્સીલ, *vt.* (L. *con* & *celo* I hide) to keep secret. છાનું રાખવું, છુપાવવું, સંતાડવું.

Con-ceal'ment, કૉન્સિલમેંટ, *n.* act of hiding; a hiding place. સંતાડવું તે, છુપા-છાના-ગુપ્તપણું; સંતાવાની જગા.

Con-cede', કૉન્સીડ, *vt.* (L. *con* & *cedo* I grant) to grant, admit. કબૂલ-માન્ય કરવું, હા પાડવી.

Con-ceit', કૉન્સીટ, *n.* (L. *con* & *capio* I take) fancy; self-esteem, વિચાર, ખ્યાલ, તુરંગ, લહેર, અભિપ્રાય; ગર્વ, અહંકાર.

Con-ceit'ed, કૉન્સીટિડ, *a.* vain, proud. અહંકારી, પોતાની [હોશિયારી વિષે ઉંચું મત ધરાવનાર.

Con-ceive', કૉન્સીવ, *vt.* or *i.* to form in the mind; to become with child. મનમાં યોજવું-સમજવું-નો ખ્યાલ બાંધવો, ધારવું;-ને ગર્ભ-દહાડા રેહેવા.

Con-cen'trate, કૉન્સેંટ્રેટ, *vt.* (L. *con* & *centrum* centre) to bring to a common centre or to a closer union. સામાન્ય મધ્ય બિંદુમાં-પાસેપાસે લાવવું.

Con-cen'tric, કૉન્સેંટ્રિક, *a.* having a common centre. એક મધ્યબિંદુવાળું, સમકેંદ્ર.

Con-cep'tion, કૉન્સેપશન, *n.* (L. *con* & *capio* I take) conceiving; idea. ગર્ભ, હમેલ, દહાડા, કલ્પના; ભાવના, ખ્યાલ, સમજ.

Con-cern', કૉન્સર્ન, *n.* (L. *con* & *cerno* I separate) business; interest; anxiety. કામ, સ્વાર્થની વાત, વિષય, મામલો, પ્રકરણ; લાભ, અગત્યપણું; કાળજી, ફિકર, ચિંતા. *vt.* to relate to; to affect; to interest; intermeddle. લાગવું વળગવું,–નું લાગતું હોવું;–ને ઉપયોગનું–નો સ્વાર્થ–હીત હોવું,–માં ચિત્ત ઘાલવું–ફિકર–કાળજી રાખવી; વચ્ચે મ્હોં–હાથ ઘાલવો. [વિષે,–ને લગતું.

Con-cern'ing, કૉન્સર્નિંગ, *ppr.* pertaining to. સંબંધી,

Con-cern'ment, કૉન્સર્નમેંટ, *n.* business. કામ, વિષય, વાત.

Con-cert', કૉન્સર્ટ, *vt.* (L. *con* & *certo* I strive) to contrive together, to plan. એકવિચાર–મત–રાગ થઇ મનસુબો–ઠરાવ કરવો–યોજવું.

Con'cert, કૉન્સર્ટ, *n.* union for any purpose; a musical entertainment. કોઈ કામમાં એકમતપણું–એક વિચાર; જાહેર ગાનતાનનો તમાશો.

Con-cess'ion કૉન્સેશન, *n.* (L. *con* & *cedo* I grant) yielding. કોઈ તકરાર કે માગેલી વાત નમતી મૂકવી તે, કબૂલ–માન્ય કરવું તે, સ્વીકાર; બક્ષીસ, કબૂલ રાખેલી વાત.

Conch, કૉંક, *n.* (L. *concha*) a marine shell. શંખ.

Con-chol'o-gy, કૉંકૉલૉજી, *n.* the science of shells. શંખશાસ્ત્ર–વિદ્યા.

Con-cil'i-ate, કૉન્સિલિએટ, *vt.* (L. *con* & *calare* to call) to win, gain over. –નું મન–પ્રીતિ મેળવવી, આપણી તરફ–અનુકૂળ કરી–મેળવી લેવું.

Con-cise′, કોન્સાઇસ, *a.* (L. *con* & *cædo* I cut) brief, short. ટૂંકું, સંક્ષિપ્ત.

Con′clave, કોન્કલેવ, *n.* (L. *con* & *clavis* a key) an assembly of cardinals. કાર્ડિનલ પદવીના ધર્માધ્યક્ષોની સભા; ખાનગી–ગુપ્ત મંડળી.

Con-clude′, કોન્કલ્યૂડ, *vt.* or *i.* (L. *con* & *claudo* I shut) to finish; to infer; to settle finally. બંધ–પૂરૂં–સમાપ્ત કરવું, અંત–છેડો આણવો; અનુમાન કરવું–કાઢવું, સમજવું;–વિષે છેવટનો ઠરાવ–નિશ્ચય કરવો.

Con-clu′sion, કોન્કલ્યૂશન, *n.* end; inference; determination. અંત, છેડો; અનુમાન, સિદ્ધાંત; છેવટનો ઠરાવ.

Con-clu′sive, કૉન્કલ્યૂઝિવ્, *a.* decisive. છેડો–નિવેડો આણે એવું, નિશ્ચાયક, નિર્ણાયક.

Con-coct′, કોન્કૉક્ટ, *vt.* (L. *con* & *coquo* to cook) to digest, ripen; plan. પચવવું, હજમ કરવું; ચોજવું, રચવું, ઉઠાવવું,–નો ઘાટ ઘડવો.

Con-com′it-ant, કોન્કોમિટંટ, *a.* (L. *con* & *comes* a companion) accompanying. જોડે આવનાર–જનાર–બનનાર. *n.* attendant. જોડે વળગેલી–થનાર વસ્તુ.

Con′cord, કૉંકૉર્ડ, *n.* (L. *con* & *cor* heart) harmony; agreement. એક રાગ–મત–વિચાર, એકમતપણું; મળતાપણું, અન્વય, મેળ, સુરમેળ.

Con-cord′ant, કૉન્કૉર્ડંટ, *a.* agreeing. મળતું, એક વિચારનું.

Con'course, કૉન્કૉર્સ, *n.* (L. *con* & *curro* I run) an assembly; confluence. મેળાવડો, જમાવ, ઠઠ, સંગમ, સંયોગ.

Con'crete, કૉન્ક્રીટ, *a.* (L. *con* & *cresco* I grow) united in a solid form; not abstract. જામેલું, ઘટ્ટ થયલું; પદાર્થસૂચક. *n.* a compound. જામેલી ગાંઠ—ઢેકું—ગોળો. Con-crete', *vt. i.* to unite in a mass. બાઝવું, જામવું, ઘટ્ટ થવું.

Con-cu-bine', કૉન્ક્યુબાઇન, *n.* (L. *con* & *cubare* to lie down) a mistress. રાખેલી સ્ત્રી, ઉપપત્ની.

Con-cu'pisc-ence, કૉન્ક્યુપિસિન્સ, *n.* (L. *con* & *cupio* I desire) lust. વિષય—કામની અતિવાસના.

Con-cur', કૉન્કર, *vi.* & *t.* (L. *con* & *curro* I run) to agree; to join; to assent. મતમાં મળવું, મળતા આવવું; ભેગું—સામેલ થવું, એકઠા મળવું; સંમતિ આપવી, કબૂલ થવું, હા કહેવી. [એકગાંઠ—મત, સંમતિ.

Con-cur'rence, કૉન્કરન્સ, *n.* union of minds. સંપ,

Con-cur'rent, કૉન્કરંટ, *a.* acting together. જોડે—સામેલ રહી કામ કરનાર, સોબતમાં—જોડે રહેલું.

Con-cus'sion, કૉન્કશન, *n.* (L. *con* & *cato* I shake) a shaking; a shock. ધક્કા કે આંચકાથી હાલવું—હલાવવું તે; ધક્કો, આંચકો, હડસેલો.

Con-demn', કૉન્ડેમ, *vt.* (L. *con* & *damnare* to judge) to pronounce guilty; to sentence to punishment; to declare unfit or to be forfeited. દોષવાન

—ખોટું-નિંદ્ય ઠરાવવું—કહેવું; ગુનેગાર—અપરાધી કે શિક્ષા—દંડ પાત્ર ઠરાવવું; ઉપયોગ લાયક નથી એવું ઠરાવવું; જપ્ત કરવાનો ઠરાવ કરવો.

Con-dem-na'tion, કૉન્ડેમ્નેશન, *n.* act of condemning; sentence. દંડપાત્ર ઠરાવવાનું—શિક્ષાનું કારણ—હેતુ;સજા, દંડ. [nation. દૂષિત—અપરાધી—દંડલાયક ઠરાવે તેવું.

Con-dem'na-tor-y, કૉન્ડેમનેટરિ, *a.* implying condem-

Con-dense', કૉન્ડેન્સ, *vt. i.* (L. *con* & *densus* thick) compress; grow thick. દાબીને થોડામાં આણવું—સમાવવું; જાડું—ઘન—રગડ—ઘટ્ટ કરવું—થવું.

Con-de-scend', કૉનડિસેંડ, *vi.* (L. *con, de* & *scando* I climb) to stoop; deign. મહોટાઇ—માન મુકી આચરવું—બોલવું—કરવું; મેહેરબાની દાખલ કામ કરવું.

Con-de-scen'sion, કૉન્ડિસેન્શન, *n.* courtesy. ભારબોજ—માન—મહોટાઈ મૂકવી તે, મેહેરબાની.

Con-de-scend'ing, કૉન્ડિસેંડિંગ, *a.* yielding to inferiors, obliging. નિરભિમાની, વિવેકી, મહોટમ વગરનું.

Con-dign', કૉન્ડાઈન, *a.* (L. *con* & *dignus* worthy) deserved, suitable, merited. ઘટિત, યોગ્ય, વાજબી.

Con'di-ment, કૉન્ડિમેંટ, *n.* (L. *condo* I preserve) a seasoning. મશાલો, ગરમ મશાલો, મરીમરચું.

Con-di'tion, કૉન્ડિશન, *n.* (L. *con* & *do* I give) state; terms of agreement; quality; rank. અવસ્થા,

હાલત, સ્થિતિ, દશા; શરત, બોલી; ગુણ, ધર્મ; પદવી, દરજ્જો.

Con-di'tion-al, કૉન્ડિશનલ, *a.* implying terms, શરત-નું-વાળું, સંકેતાર્થ-શકયાર્થ.

Con-dole', કૉન્ડોલ, *vt.* (L. *con* & *doleo* I grieve) to grieve with others. પારકાના દુ:ખથી દુ:ખી થવું.

Con-done', કૉન્ડોન, *vt.* (L. *con* & *dono* I give) to overlook; pardon. જોયું ન જોયું-માફ કરવું.

Con-duce', કૉન્ડયૂસ, *vi.* (L. *con* & *duco* I lead) to tend to. વધારવું, પુષ્ટિ આપવી-કરવી,-થી સારૂં થવું,-થી નિકળવું-નિપજવું. [વધે-થાય એવું.

Con-duc'ive, કૉન્ડયૂસિવ, *a.* tending to. સહકારી, જેથી

Con'duct, કૉન્ડક્ટ, *n.* behaviour; management. ચાલ ચલગત, આચરણ, વર્તણુક; વહિવટ, કારભાર, ચલાવવું-દોરવું તે. Con-duct', *vt.* or *i.* to lead, direct; manage. દોરી-ભોમિયો થઈ લઈ જવું; આગેવાન થઈ ચલાવવું, વહિવટ-કારભાર કરવો; ચાલવું, વર્તવું.

Con-duct'or, કૉન્ડક્ટર, *n.* a leader; director, manager; body transmitting heat. આગેવાન, દોરી-લઈ જનાર, ભોમિયો, માર્ગ દેખાડનાર, કારભાર-વહિવટ કરનાર; ઉષ્ણતાવાહક. [નહેર, નળ-ળી, રગ, નસ.

Con'duit, કૉન્ડિટ્, *n.* a water-pipe, a canal. નીક,

Cone, કોન *n.* (L. *conus*) a figure like a sugar-loaf. શંકુ, પડાકાર.

Craft, ક્રૅફ્ટ, *n.* (Sax. *cræft*) art, skill; fraud; a small vessel. હુન્નર, રોજગાર, ધંધો, કસબ, કળા, ચતુરાઈ, કળ, યુક્તિ; કપટ, ફરેબ, છળ, કાવાદાવા, દાવપેચ; વહાણ, બારકસ, મછવો, હોડી. [દાવપેચ-યુક્તિ-કાવાદાવાવાળું.

Craf'ty, ક્રૅફ્ટિ, *a.* cunning, artful. લુચ્ચું, ખંધું, કપટી,

Crag, ક્રૅગ, *n.* (W. *craig*) a steep rugged rock. ઉંચો ખરબચડો ખડક-ભેખડ, કરાડ.

Cram, ક્રૅમ, *vt.* or *i.* (AS. *crammian*) to fill to excess. ઠાંસી-દાબી-ચાંપી ચાંપીને ભરવું-ઘાલવું-મવાડવું-ખવડાવવું-પોપટિયું-મ્હોડે કરાવવું. [તૈયારી કરવી તે.

Cram'ming, ક્રૅમિંગ, *n.* stuffing. પરીક્ષામાટે પોપટની માફક

Cramp, ક્રૅમ્પ, *n.* (Dan. *krampe*) contraction of muscle; restraint; an instrument to hold. તાંણુ, હાથપગ ખેંચાવા તે; પ્રતિબંધ, અટકાવ, કબજો; ચાંપ, ચાપડો. *vt.* to confine; to fasten with. સંકોચવું, કબજ-દબાણમાં રાખવું, દાબવું, ચાંપી રાખવું; ચાપડો-ચાંપ મારવી-જડવી-બેસાડવી.

Crane, ક્રેન, (AS. *cran*) a bird; a machine; a pipe. બગલું, સારસ; વહાણમાંથી ભાર ઉંચકી લેવાનો સંચો, ચારી, કરપો; પીપમાંથી દારૂ કાઢવાની નળી. [skull. ખોપરી.

Cra'ni-um, ક્રેનિઅમ, *n.* (Gr. *kranion* skull) the

Crank, ક્રૅંક, *n.* (Ger. *krink* circle) bend in axis; a bend or turn; a pun or conceit. ચક્રાકારમાં સંચો હલાવવાને કરેલો પેચ-વાંક-ચાંપ; વાંક, વળણ; ઉલટ પુલટ-પેચવાળી-દ્વિઅર્થી બોલી. *a.* easily upset. જલદીથી ઉંધું-વાંકું વળે એવું. *vi.* to bend. મરડાવું, વાંકું-વાંકું ચુકું વળવું-જવું.

Cran'ny, ક્રૅનિ, *a.* (L. *crena* notch) crevice. ચીર, ફાટ, સાંધ. [stuff. કાચા રેશમનું કાળું લુગડું.

Crape, ક્રેપ, *n.* (L. *crispus* curled) a loosely woven

Crash, ક્રૅશ, *n.* (from the sound) a loud noise of falling and breaking. કડડાટ, કડાકો, ધડાકો. *vi.* to make a loud noise as of things falling. કડડાટ અવાજ થઈને પડવું. [en ware. ક્રડિયો, ટોપલો.

Crate, ક્રેટ, *n.* (L. *crates*) a wicker pannier for earth-

Cra'ter, ક્રેટર, *n.* (L.) the mouth of a volcano. જ્વાળામુખી પર્વતનું મુખ–મ્હોં.

Craunch, ક્રાંચ, *vt.* (Dut. *schransen* to eat greedily) to chew, to crush with the teeth. દાંતથી બચડબચડ–બચડબચડ ચાવી નાખવું–જવું. [કંઠવસ્ત્ર.

Cra-vat', ક્રૅવૅટ્, *n.* (Fr. *cavate*) a neck cloth. ગળેબંધ,

Crave, ક્રેવ, *vt.* (AS. *crafian*) to ask earnestly; to long for. કાલાવાલા–આજીજી કરીને–કરગરીને માગવું–અરજ ગુજારવી, માટે વલખાં મારવાં–તલપવું.

Cra'ven, ક્રેવન્, *a.* cowardly. નામરદ, નાહિંમત, બાયલો.

Cravi'ng, ક્રેવિંગ, *n.* eager desire for. ઘણીજ તલબ–ઈચ્છા–ખાહેશ–તૃષ્ણા–ઉત્કંઠા. [બહાર નિકળેલી હોજરી.

Craw, ક્રૉ, *n.* (Dan. *kroe*) bird's crop. પક્ષીના ગળામાં એક

Crawl, ક્રૉલ, *vi.* (Nor. *krauler*) to creep, to move slowly. પેટે–ભાંખડીએ–ધીમે ધીમે–હાથપગવતે ચાલવું–જવું.

Cray'on, ક્રેઑન, *n.* (L. *creta* chalk) a pencil; a drawing. ચિત્રશલાકા, ચિતરવાના રંગની કરેલી કલમ; એવી કલમથી પાડેલું ચિત્ર.

Cra'zy, ક્રેઝિ, *a.* (Fr. *ceraser* to crush) weak in mind; broken. નિર્બળ–નિર્વિત–નિર્જીવ–કમજોર થઈ ગયલું; ગાંડું, घेलुं, ચસ્કેલું. [તીણો ચરર–કડકડ અવાજ થવો.

Creek, ક્રીક, *vi.* (Fr. *criquer*) to make a harsh sound.

Cream, ક્રીમ, *n.* (L. *cremor*) oily part of milk. મલાઈ, તર, તત્વમાલ–સાર. *vt.* to yield cream. મલાઇ કાઢી લેવી.

Crease, ક્રીસ, *n.* (low Sax. *krusen* to crisp) a mark left by folding. સળ, લીટિ, કાપો. *vt.* to mark by folding. સળ–કાપો પાડવો.

Cre'ate, ક્રીએટ, *vt.* (L. *creo* I form) to bring into existence, to make, form; produce. સરજવું, ઉત્પન્ન કરવું; બનાવવું, કરવું. [verse. પેદાશ, ઉત્પત્તિ; જગત, સૃષ્ટિ.

Cre-a'tion, ક્રીએશન, *n.* the act of creating; the uni-

Cre-at'ive, ક્રીએટિવ્, *a.* having power to create. ઉત્પન્ન કરવાની શક્તિવાળું, ઉત્પાદક. [જગત્કર્તા, ઈશ્વર.

Cre-a'tor, ક્રીએટર, *n.* maker; God. સ્રષ્ટા, ઉત્પન્ન કરનાર,

Crea'ture, ક્રીચર, *n.* a being or thing created. સરજેલી વસ્તુ; મનુષ્ય; પ્રાણી, જીવજંત; માનીતો પુરૂષ, ખુશામતિયો, આશ્રિત. [વિશ્વાસ, ઈતબાર, ભરોસો, પતીજ.

Cre'dence, ક્રીડન્સ, *n.* (L. *credo* I believe) belief. વિ-

Cre-den'da, *n. pl.* (L.) things to be believed; articles of faith. શ્રદ્ધાવિષય; આકીન રાખવાની વાતો–કલમો.

Cre-den'ti-als, ક્રીડેનશિઆલ્ઝ, *n. pl.* that which gives

credit. અખત્યાર—મુખત્યારનામું, સનદ, વિશ્વાસપત્ર, ભરોસાનો સબબ. [વિશ્વાસ, ઇતબાર, માન્યપણું, પ્રામાણ્ય.
Cred-i-bil'it-y, ક્રિડિબિલિટિ, *n.* just claim to belief.
Cred'i-ble, ક્રિડિબલ્, *a.* worthy of credit. વિશ્વાસ રાખવા યોગ્ય—જેવું, માનવાલાયક.

Cred'it, ક્રિડિટ્, *n.* belief, trust; influence, esteem. ભરોસો, ઇતબાર, પતીજ; પ્રતિષ્ઠા, સારી સાખ; વક્કર, ભારબોજ ધીરધાર, વટ, વ્યવહાર, આંટ; શાબાશી, માન. *vt.* to believe; to trust; to confide in. માનવું; ભરોસો રાખવો; ધીરવું, ઉધાર આપવું—વેચવું. [માન આપવા જેવું.

Cred'-it-a-ble, ક્રિડિટેબલ્, *a.* reputable. ઇજ્જત—આબરૂદાર;
Cred'i-tor, ક્રિડિટર, *n.* one to whom a debt is due. લેણદાર, ધીરનાર, માગનાર. [માની દેવાનો સ્વભાવ, ભોળપણ.
Cre-du'-li-ty, ક્રિડ્યુલિટિ, *n.* easiness of belief. તરત
Cre'du-lous, ક્રેડ્યુલસ, *a.* apt to believe. ભોળું.
Creed, ક્રીડ, *n.* belief; articles of faith. સ્વીકૃત ધર્મ, મત; ખ્રિસ્તિમતનાં કાનુન.

Creek, ક્રીક, *n.* (AS. *crecca*) a small inlet or bay; a turn, a winding. નહાની ખાડી; વાંક, વળાણ, ખાંચો.
Creep, ક્રીપ, *vi.* (AS. *creopan*) to move with the belly; to move slowly or timorusly; to go or enter unobserved; to behave with servility; to grow as a vine; to have the sensation, પેટે ચાલવું;

બીહી બીહીને પગલું ભરવું, ફાંફાં મારતાં ચાલવું; અજાણતાં જતાં રહેવું–આવી જવું; દબેલ થઈને–દબીને ચાલવું–ખુશામત કરવી; વેલાની પેઠે ચઢવું–પ્રસરવું; સળવળવું, સળવળ થવું.

Creep'er, ક્રીપર, *n.* he or that which creeps; a plant. ફાંફાંમારી–પેઠે ચાલનાર; વેલ, વેલો.

Cre-ma'tion, ક્રીમેશન, *n.* (L. *cremo* to burn) the burning of the dead. મડદાં બળવાં, દાહ, દહન.

Crep'it-ate, ક્રેપિટેટ, *vi.* (L. *crepo* to crack) to crackle in burning. તતડવું, તડતડવું.

Cresc'ent, ક્રેસંટ, *n.* (L. *cresco* to grow) the increasing moon; Turkish standard. અજવાળીયાના નવા ચંદ્રની કળા; તુર્કલોકનો વાવટો–સત્તા–રાજ્ય.

Crest, ક્રેસ્ટ, *n.* (L. *crista*) the comb of a bird; a plume of feathers; the top of a hill. માંજર, કલગી; યુદ્ધટોપીપરનું; પીછાનું છોગું–તાજ; ટેકરીનું શીખર, ટોચ. [ચીર.

Crev'ice, ક્રેવિસ, *n.* (L. *crepo* I crack) a crack. તરડ,

Crew, ક્રૂ, *n.* (Sax. *cread*) a ship's company; a throng. વહાણ કે હોડીના બધા ખલાસીઓ; ટોળું, મંડળ, ઝુંડ.

Crib, ક્રિબ, *n.* (AS. *crybb*) a manager; a stall; a hut. ઘોડા–ઢોરને ચારો નાખવાની કે બાંધવાની જગા, કહોડ; ઝુંપડું–ડી. *vt.* to confine, to cage; to pilfer. પાંજરાંમાં ઘાલવું–પૂરવું–ગોંધવું; ચોરવું. [cramp. ચસક.

Crick, ક્રિક, *n.* (AS. *cric*) a spasmodic affection or

Crick'et, ક્રિકેટ્, *n.* (Fr. *criquet*) an insect. એકજીવડું, તમરૂં.(S. *cryc* a crutch)a game. ગેડીદડાના જેવી રમત.

Cri'er, ક્રાઇઅર, *n.* (Fr.) one who cries or makes proclamation. રડનારો; ઢોંડિયો, પોકારનાર, અદાલતમાં સાહેદી વગેરેને બોલાવનાર—બૂમ પાડનાર.

Crim-con, ક્રિમકૉન, *n.* (L. *crimen*) criminal conversation with a wedded woman. પરદારા સંભોગ.

Crime, ક્રાઇમ, *n.*(L. *crimen*)serious fault; act against law. મહોટો ગુનો—પાતક—અધર્મ; અપરાધ, વાંક, તકશીર.

Crim'i-nal, ક્રિમિનલ, *n.* one guilty. ગુનેગાર, અપરાધી. *a.* wicked; relating to crimes. પાપી, તકસીરવાન, ગુનાનું, સાપરાધ; ફોજદારી.

Crim'i-nate, ક્રિમિનેટ, *vt.* to charge with crime. ઉપર અપરાધનો આરોપ મૂકવો, ગુનામાં લાવવું, ગુનેગાર સાબિત કરવું.

Crimp, ક્રિમ્પ, *vt.* (Ger. *krimpen* to wrinkle) to catch; to pinch; to curl. પકડવું; ઝુલની માફક વાળવું—ચીમટીમાં લેવું; બાલ ગુંથવા. *a.* brittle. બરડ, કાચલું, નાજુક, કકરૂં, જલદી ભાંગી જાય એવું. [કલ્લી વાળવી.

Crim'ple, ક્રિમ્પલ, *vt.* to lay in plaits. ગુંથવું, ઘડી—

Crim'son, ક્રિમ્ઝન, *n.* or *a.* (Ar. *kirmizi*) deep red. કીરમજી રંગ; કીરમજી. *vt.* to tinge with red. કીરમજી રંગવું. *vi.* to blush. શરમાવું.

Cringe, ક્રિંજ, *vi.* (Sax. *crangan* to submit) to bow

with servility; to fawn, flatter. નીચું લાગે એમ નમવું; ખુશામત કરવી. *n.* a low bow. નીચું નમવું તે, ખુશામત.

Crip'ple, ક્રિપલ, *vt.* (Sax. *creopere* lame) to make lame, to disable. લુલું-લંગડું-અશક્ત કરવું. *n.* a lame person. લંગડો, લૂલો, પાંગળો.

Cri'sis, ક્રાઈસિસ, *n.* (Gr. *krino* to decide) a critical time or turn. અણીનો-બારીક સમય-વખત. *pl.* crises.

Crisp, ક્રિસ્પ, *vt.* see Crimp.

Cri-te'ri-on, ક્રાઈટિરિઅન, *n.* (Gr. *krino* to judge) a standard of judging. કસોટી, પરીક્ષા, વિવેચન સાધન.

Crit'ic, ક્રિટિક્, *n.* one skilled in judging; a fault-finder. ગ્રંથવિવેચન કર્તા, ગુણદોષ પરીક્ષક, ટીકાકાર, દોષ કાઢનાર.

Crit'i-cal, ક્રિટિકલ, *a.* relating to criticism; nice; indicating a crisis; inclined to find fault. ગુણદોષ પરીક્ષા-વિવેચનવાળું; ચોકસ, બારીક, સૂક્ષ્મ; અણી-બારીકના સમયનું; ખોડખાંપણ કાઢનાર.

Crit'i-cise, ક્રિટિસાઈઝ, *vt.* to judge & remark with exactness. ગુણદોષ કાઢવો, ખોડખાંપણ બતાવવી, ટીકા કરવી.

Crit'i-cism, ક્રિટિસિઝમ, *n.* the act of judging, remark. ગુણાવગુણ વિવેચન, ટીકા.

Croak, ક્રોક, *n.* (L. *crocitare*) cry of a frog. દેડકા જેવો અવાજ. *vi.* to cry hoarsely; to grumble. દેડકા જેવો અવાજ-ડ્રુંક ડ્રુંક-ધું ધું કરવું; બડબડવું, રોદણાં રોવાં.

Cro'chet, ક્રોશે, *n.* (Fr. *croc* a hook) fancy work done with hooked needle. એક જાતની સોયથી ગુંથી કરેલું ભરત કામ. [pot. માટીનું વાસણ.

Crock, ક્રૉક્,·*n.* (AS. *crocca*) an earthen vessel, a

Crock'er-y, ક્રૉકરિ, *n.* earthen ware. પકવીને ઓપ દીધેલાં માટીનાં વાસણ.

Croc'o-dile; ક્રૉકોડાઇલ, *n.* (L. *crocodilus*) an amphibious animal of the lizard kind. મગર, સોસવાટ.

Cro'cus, ક્રોકસ, *n.* (L.) an early spring flower, saffron. વસંત ઋતુના પહેલો ફુલનો બહાર; પિળો રંગ, કેશર.

Croft, ક્રૉફ્ટ, *n.* (L. *croftum* a lea) a little home-field. ઘરનીપાસે આવેલું નહાનું વાડબંધ ખેતર—ગોચર.

Crone, ક્રોન, *n.* (Scot. *croon*) an old woman. ઘરડી બાયડી, વૃદ્ધ સ્ત્રી, ડોશી. [સાથે રમનારો, ગોઠિયો.

Cron'y, ક્રોનિ, *n.* a familiar friend. જીવનજાન દોસ્ત,

Crook, ક્રુક, *n.* (Fr. *croc*) a bend, curve; a shepherd's staff. વાંક, વળણ; છેડે વાંકવાળી ભરવાડની લાકડી. *vt. i.* to bend. વાંકું વાળવું, મરડવું.

Crook'ed, ક્રૂકેડ, *a.* bent; deceitful. વાંકું ચુંકું ગયલું—વળેલું, વક્ર, આડું અવળું; આડે—ખોટે માર્ગે જનારૂં, ઠગાઈ ભરેલું.

Crop, ક્રૉપ, *n.* (Sax.)the harvest; bird's craw. પાક, ફાલ, ઉપજ, ઉભું અનાજ, ફુલ, ખેતી; પક્ષીના ગળાની બહાર નિકળેલી હોજરી. *vt.* pluck; eat off plant; reap. ઉપર

ઉપરથી તોડવું, કાપીનાખવું; તોડી ખાઈ જવું; લણવું; પાક એકઠો કરવો. [toral staff. પાદરીની ધર્મનિશાનની લાકડી.

Cro'sier, ક્રોશેર, *n.* (L. *crux* a cross) a bishop's pas-

Cros'let, ક્રાસલેટ્, *n.* a small cross. નહાનો ક્રૂસ.

Cross, ક્રાસ, *n.* a gibbet; adversity; + or ×. ચોકડી આકારનો ઉભો દાટેલો વધસ્તંભ, ક્રૂસ; પીડા, વિઘ્ન, નડતર, અડચણ; ચોકડીની નિશાણી +, ×. *a.* athwart; peevish. આડું, વાંકું, ઉલટું, વિપરીત; ચિઢેયું, રીસાળ, મીજાજી, તોરી. *vt.* to lay athwart; concel; thwart; to pass over. આડે આવવું, આડું મૂકવું; આડો છેકો–કલમ મારવી, કાઢી નાખવું, રદ્દ કરવું; હરકત–અડચણ કરવી; ઓળંગવું, સામે પાર જવું.

Cross'bow, ક્રાસબો, *n.* a bow for shooting arrows. ગલોલ.

Cross-ex-am'ine, ક્રાસ્એગ્ઝૅમિન, *vt.* to examine by the opposite party. ઉલટપાલટ સામી બાજુના શાહેદીને સવાલ કરવા–સાક્ષી લેવી. [અડચણ; ઉપરથી જવાનો માર્ગ.

Cross'ing, ક્રાસિંગ, *n.* thwarting; path over. હરકત,

Cross'ness, ક્રાસનેસ, *n.* peevishness. આડાઇ, હઠીલાઈ.

Crotch'et, ક્રાચેટ્, *n.* (Fr.) a note in music; whim. ગાયન લખવાની એક નિશાની; તુરંગ, લહેર, ખ્યાલ, છંદ.

Crouch, ક્રાઉચ, *vi.* (Ger. *kriechen* to cringe) to stoop low; to act meanly. નીચું નમવું, દબીજવું; ટેક મૂકીને નમવું, ખુશામત કરવી.

Croup, ક્રૂપ, *n*. (Fr. *croupe*) the buttocks of a horse. ઘોડાના ધગડાં. (Sans. *krap* to speak) a disease in the throat. ગળાનો રોગ.

Crow, ક્રો, *n*. (Sax. *craw*) a bird; the cock's voice. કાગડો; કૂકડે કૂક. *vi*. to cry as a cock; to boast; exult. કૂકડે કૂક કરવું–બોલવું; બડાઈ હાંકવી, ફુલાસ મારવી; ખડખડ હસવું, ખુશ થવું. [પરાય–કોશ, સંબળ.

Crow-bar, ક્રોબાર, *n*. a heavy iron bar. છેડે વાંક વાળી

Crowd, ક્રાઉડ, *n*.(Sax. *cruth*)a throng; a violin. ટોળું, સમુદાય, ભીડ, ઠઠ, ગરદી, દાટી; વિલાયતી સારંગી. *vt. i*. to press close; to fill by pressing. ખીચોખીચ–ભચડાતા આવવું;ભચડાય એવું–ઠઠોઠઠ–ખીચોખીચ ભરવું,-માં ભીડ કરવી.

Crown, ક્રાઉન, *n*. (L. *corona*) state cap of a king; sovereign; 5 s.; top of the head; sovereignty; glory. મુગટ, તાજ; મુગટધારી રાજા, બાદશાહ; પાંચ શિલિંગ કે રૂ. ૨॥ નું રૂપાનાણું;શિખર, ટોચ;તાલકું; સરકાર, રાજ્યગાદી; કીર્તિ. *vt*. to invest with a crown; bestow; to form the top part of; to complete. –ને તાજ પહેરાવવું, નો રાજ્યાભિષેક કરવો, ગાદીએ બેસાડવું; આબરૂ–ઈનામ બદલ આપવું; ઉપરનો–ટોચનો–છેલ્લો ભાગ હોવો; સંપૂર્ણ–સિદ્ધ–સફળ કરવું.

Cru'ci-al, ક્રૂશિઅલ, *a*. (L. *crux* a cross) transverse searching. ત્રાંસુ, આડું, છેદીને જતું; કસોટી કાઢે એવું.

Cru'ci-ate, ક્રૂશિએટ, *vt.* to torture. મહા દુઃખ દેવું, રીબાવવું. [વાની મૂસ-કુલ્લી.
Cru'ci-ble, ક્રૂસિબ્લ, *n.* a chemical vessel. ધાતુ ગાળ-
Cru'ci-fix, ક્રૂસિફિક્સ, *n.* (L. *crux* & *figo* I fix) a little cross; a painting of christ on the cross. ખ્રિસ્ટને સૂળીએ ચઢાવ્યો હતો તે સૂળી સુધાંત તેની મૂર્તિ-ચિત્ર.
Cru'ci-fy, ક્રૂસિફાઈ, *vt.* to nail to cross; to subdue. ક્રૂસપર બાંધિ ખીલા ઠોકીને મારી નાખવું; વશ કરવું, જીતવું.
Crude, ક્રૂડ, *a.* (L. *crudus* bloody) raw, immature; unformed; undigested; hasty. કાચું, પકવ્યા વગરનું; અપક્વ; અધુરૂં; પચ્યા વગરનું, નહિ પચેલું; ઉતાવળિયું, અપૂર્ણું, મનમાં બરોબર નહિ ગોઠવેલું. [કારક-દાયક.
Cru'el, ક્રૂઅલ, *a.* inhuman, merciless. ક્રૂર, નિર્દય, દુઃખ-
Cru'el-ty, ક્રૂઅલ્ટિ, *n.* inhumanity. ઘાતકીપણું, નિષ્ઠુરતા,
Cru'et, ક્રૂઇટ્, *n.* (Fr.) a vial. નહાની શીશી. [ક્રૂરકર્મ.
Cruise, ક્રૂઝ, *n.* (L. *crux*) a voyage. સફર, સમુદ્ર પર્યટન. to sail back and forth. સમુદ્રમાં આમ તેમ ફરતા રહેવું.
Crumb, ક્રમ, *n.* (AS. *cruman* to break into pieces) a small piece of bread; the soft part of bread. રોટલીનો ટુકડો-ભૂકો-ગર.
Crum'ble, ક્રમ્બલ, *vt. i.* to break in pieces; decay. ચૂરેચૂરા-ઝીણી કરચ-ભૂકો કરવો-થવો; ધૂળધાણી થઈ જવું.
Crum'ple, ક્રમ્પલ, *vi.* (Ger. *krumpein*) to wrinkle. -ની કરચોળી વળવી, ચોળાઈ જવું, વાટા-સળો પડવા, સંકોચાવું.

Cru'ral, ક્રૂરેલ, *a.* (L. *crus* leg) belonging to the leg. પગનું-સંબંધી.

Cru-sade', ક્રૂસેડ, *n.* (L. *crux* cross) war of cross; expedition. મુસલમાનો પાસેથી પાલેસ્ટાઈન પાછું લેવા ખ્રિસ્તિઓએ કરેલી ચઢાઈ, ધર્મયુદ્ધ.

Cruse, ક્રૂઝ. *n.* (*see crock*) a small bottle. નહાની સીસી.

Crush, ક્રશ, *vt.* (SW. *krossa*) to break or bruise by pressure; subdue; ruin. જોરથી દાબી-કચરી-પીલી-ચગડી-ચાંપી નાખવું; કમજોર કરી નાખવું; જોર કે બળથી વશ-પાયમાલ-જમીનદોસ્ત કરવું. *n.* a violent collision; ruin. ધડડડ ભૂસ પડવું તે; નાશ, પાયમાલી.

Crust, ક્રસ્ટ, *n.* (L. *crusta*) a hard covering. પોપડો-ડી, ઉપરનું કઠણ પડ, કપોટી. *vt.i.* to cover with a hard case. -ના ઉપર કઠણ પડ કરવું-બાઝવું-બંધાવું.

Crus-ta'ce-ous, ક્રસ્ટેશિઅસ, *a.* having jointed shells. કાચબા કે કરચલા જેવા કઠણ પડવાળું.

Crust'y, ક્રસ્ટિ, *a.* hard outside; peevish, snappish. કઠણ પોપડા જેવું-વાળું; ચિઢિયું, તરછોડે એવું, છણકાખોર.

Crutch, ક્રચ, *n.* (L. *crux* a cross) a staff for cripples. લંગડાઓની ઘોડી.

Cry, ક્રાઈ, *vt. i.* (L. *quiritare* I scream) to call; weep; proclaim. બૂમ-ચીસ પાડવી, અવાજ-શબ્દ-શોર-પોકાર કરવો; રડવું, પોક મૂકવી, હાયહાય કરવું; વિશે ઢાંડી-

ઢંઢેરો પીટવો, જાહેર–ખબર કરવી. *n.* clamour; weeping. બૂમાબૂમ, ઘોંઘાટ, પોકાર; રડારોળ.

Crypt, ક્રિપ્ટ, *n.* (Gr. *kruptein* to hide) a subterranean cell or cave. જમીન નીચે ભોંયરૂં–ગુફા, મુડદાં દાટવાનું ભોંયરૂં, કબર, ઘોર.

Crys'tal, ક્રિસ્ટલ, *n.* (Gr. *krustallos* ice) a regular solid transparent body; a species of glass. પાસાવાળો ગાંગડાજેવો કોઇપણ પદાર્થ; બિલોરી કાચ, કાચ મણી.

Crys'tal, Crys'tal-line, ક્રિસ્ટલ, ક્રિસ્ટલાઇન, *a.* consisting of crystal; transparent. બિલોરી–નું; બિલોર જેવું સ્વચ્છ, પારદર્શક.

Cub, કબ, *n.* (L. *cubare* to lie down) the young of many beasts. રિંછ, શિયાળ વગેરે કેટલાંક પશુના બચ્ચાં.

Cube, ક્યૂબ, *n.* (Gr. *kubos*) a solid with 6 square sides; 3rd power. ઘનાકૃતિ; ઘન.

Cub'eb, ક્યૂબેબ્, *n.* (Pers. *kabalap*) a small spicy berry. ચીનીકબાલા, કબાબચીની.

Cub'it, ક્યૂબિટ્, *n.* (L. *cubitum* elbow) the fore arm; 18 inches. ભરતરનો હાથ, ૧૮ ઇંચ.

Cuck'old, કકૉલ્ડ, *n.* (L. *cuculus* a cuckoo) husband of an adulteress. છિનાળનો ધણી, ભડવો.

Cuck'oo, કકૂ, *n.* a bird. કોયલ, કોકિલા.

Cu'cum-ber, ક્યૂકમબર, *n.* (L. *cucumis*) a garden plant. કાકડી, ખીરૂં, આરિયું.

Cud, કડ, *n.* (AS.) food chewed second time. વાગોળ.

Cud'dle, કડ્લ, *vi.* (Fr. *cadeler* to pamper) to lie close or snug. છુપાઈ-સંતાઈ-ભરાઈ બેસવું. *vt.* to embrace, to fondle. -ને બાથમાં ધરી રાખીને લડાવવું.

Cud'dy, કડિ, *n.* (Fr. *chahutte*) a ship's cabin; વહાણના આગળના ભાગમાં નહાની કોટડી.

Cud'gel, કજ્લ, *n.* (W. *cogel*) a thick heavy stick. ડંગોરો, દંડુકો, બુંધું. *vt.* to beat. મારવું, ઝુડવું.

Cue, ક્યૂ, *n.* (L. *cauda* a tail) the end or tail of a thing; hint, chatchword. પુંછડું, છેડો, લાંબો અંબોડો; સાંન, સૂચના, ઈશારો, અણુસારો.

Cuff, કફ, *n.* (SW. *kuffa* to knock) a blow; end of sleeve. થાપડ, લપડાક, તમાચો; બાંહ્યનો વાળેલો ભાગ. *vt.* to strike with the fist. તમાચો મારવો.

Cui-rass', ક્વીરૅસ, *n.* (L. *corum* leather) a breast-plate. ગળાથી કેડ સુધીનું બખ્તર, ઉરસ્રાણ.

Cu'lin-ar-y, કયુલિનૅરિ, *a.* (L. *culina* a kitchen) belonging to the kitchen. રસોઈ-રાંધવા-રસોડાનું-વિષે.

Cull, કલ, *vt.* (L. *con* & *lego* I gather) to select; gather. ચુંટી કાઢવું, ટાળીને લેવું; નિવેડવું; વીણવું.

Cul'len-der, કલેંડર, *n.* (L. *colare* to strain) a strain-er. ગળણી, ગણ્ણી. [coal. ધાંસનું ડાંખલું, તંખલું; કોયલો.

Culm, કલ્મ, *n.* (L. *culmus*) stalk of corn; small

Cul'mi-nate. કલ્મિનેટ, *vi.* (L. *culmen* top) to reach the top. ઉંચામાં ઉંચું જવું-પહોંચવું, માથાપર આવવું.
Culp'a-ble, કલ્પેબલ, *a.* (L. *culpa* a fault) blameworthy; faulty. ઠપકાજોગ, વાંક-કસૂરવાળું, ગુનેગાર.
Culp-a-bil'i-ty, કલ્પેબિલિટિ, *n.* blameableness, guilt. તકશીર, દોષ, વાંક, કસૂર, ગુનો.
Cul'prit, કલપ્રિટ્, *n.* one charged with crime, criminal. તહોમતદાર-વાળો પુરૂષ, કેદી; અપરાધી-ગુનેગાર પુરૂષ.
Cul'ti-vate કલ્ટિવેટ, *vt.* (L. *colo* to till) to till; to study; to improve. ખેડવું; અભ્યાસ કરવો;-ઉપર મહેનત કરી સુધારવું. [વૃદ્ધિ; ખેતી, કેળવણી.
Cul'ture, કલ્ચર, *n.* improvement; tillage. સુધારો,
Cul'vert. કલ્વર્ટ, *n.* (L. *con* & *operio* to cover) an arched drain. રસ્તાનીચે કમાનદાર ધંડાળું-ઘડનાળું.
Cum'ber, કમ્બર, *vt.* (L. *cumulus* a heap) to burden; to clog. ભારે મારવું; માં-અડચણ-અવઘડ-દખલ કરવું, નડવું. [the seed of a plant. જીરૂં.
Cum'in-seed, કમિનસીડ, *n.* (L. *cuminum* to season)
Cun'ning, કનિંગ *n.* (Sax. *cunnan* to know) art; skill craft; artifice. કળા; ચતુરાઈ, પક્કાઈ, ઠગાઈ, છળ, ખંદાઈ. *a.* artful; crafty. હોંશું, પેચવાળું, ઠગ, શઠ, કાવતરાંખોર.
Cup, કપ, *n.* (L. *cupa* tub) a drinking vessel; a cupful; sufferings; lot. પ્યાલો, કટોરો, પંચપાત્ર; પ્યાલા-

ભર; માથે પડેલું દુઃખ–સંકટ; ઈશ્વરે નિર્માણ કરેલી અવસ્થા, નસીબ, ભાગ્ય. *vt.* to draw blood. રૂમડી–વહેતુર મૂકવું.

Cup'board, કપબોર્ડ, કબર્ડ, *n.* a case with shelves. કબાટ, છાટકું.

Cu-pid'i-ty, ક્યુપિડિટિ, *n.* (L. *cupió* to long for) an unlawful desire of wealth or power. લોભ, તૃષ્ણા, લાલસા, અતિકામના. [arched roof. ઘુમટ.

Cu'po-la, ક્યુપોલ, *n.* (L. *cupa* tub) a dome, an

Cur, કર, *n.* (Ger. *koter* a common dog) snarling dog; surly fellow. હલકી જાતનું કુતરૂં, નીચ કુતરા જેવો માણસ. [ing healed. મટાડી શકાય એવું, સાધ્ય.

Cur'a-ble, ક્યુરેબલ, *a.* (L. *cura* care) capable of be-

Cu'rate, ક્યુરેટ, *n.* a parish priest. અવેજી કે મદદનીશ પાદરી–ધર્મગુરૂ.

Cu-rat'or, ક્યુરેટર, *n.* a guardian; a superintendent of a museum or collection. વાલી, જાળવનાર, રખેવાળ; સાચવનાર–સંભાળ લેનાર ઉપરી.

Curb, કર્બ, *vt.* (L. *curvus* bent) to restrain. દાબ–હાથ–કબજા–લગામ–અંકુશમાં રાખવું. *n.* bridle; control; edging of a well or pavement. જેરકડી લગામ, અંકુશ, દાબ; રક્ષણ સારૂ કુવાની આસપાસ બાંધેલી પાળ.

Curd, કર્ડ, *n.* (L. *curdus* raw) milk thickened by acid. ઝામેલું દૂધ, દહીં.

Curd'le, કર્ડલ, *vi.* to co-agulate. ઝામી-બાઝી જવું; જાડું. થઇ જવું. *vt.* to cause to thicken. મેળવવું, આખરવું.

Cure, ક્યૂર, *n.* (L. *cura* care) remedy; healing. care of souls; successful treatment. ઉપાય, ઇલાજ, ઓશડ; આરામ, ફેર પડવો તે; ખ્રિસ્તિ પાદરીનું કામ-હવાલો. *vt.* to restore, heal; to salt & dry. સાજું-ને આરામ કરવો,-ને ફેર પાડવો, મટાડવું, કાઢવું, દૂર કરવું; સૂકવી-મીઠું પાઈ-દઈ રાખી મૂકવું, આથરવા-રાખી મૂકવા લાયક કરવું.

Cur'few, કરફ્યૂ, *n.* (Fr. *couvrir* to cover & *feu* fire) an evening bell. પૂર્વે વિલાતમાં દેવતા હોલવવાનો ઘંટનાદ-ઘંટો.

Cu'ri-ous, ક્યુરિઅસ, *a.* (L. *cura* care) inquisitive; nice; awakening surprise. જાણવાને આતુર, શોધક, જીજ્ઞાસુ; ઝીણું; બારીકીવાળું; આશ્ચર્ય-નવાઇ જેવું, વિલક્ષણ.

Curl, કર્લ, *n.* (L. *crispus* curled) ringlet. ગુચ્છો, ગુંછળું, વાંકડી. *vt. i.* to form or bend into ringlets.-ના ગુચ્છા વાળવા;-ના ગુચ્છા વળવા-થવા; વાંકું ચુંકું થવું.

Cur-mudg'eon, કરમજન, *n.* (Sax. *ceorl* a churl & *modian* to be proud) a miser. કંજુસ, સુમ, બખીલ.

Cur'rant, કરંટ, *n.* (from *corinth*) a shrub & its fruit. સૂકી દ્રાક્ષ.

Cur'ren-cy, કરંસિ, *n.* (L. *curro* I run) circulation. money in circulation. પ્રચાર, પ્રખ્યાતિ; ચલણ, ચલણી નાણું;

Cur'rent, કરંટ, *a.* now passing; passing from one

to another. ચાલતું; સાધારણ, ચાલતું. *n.* a stream; course. પ્રવાહ, ઓઘ, વહેળો, રેલો; સંકલના, ક્રમ.

Cur'ri-cle, કરિકલ, *n.* a chaise of two wheels for two horses. બે પૈડાંની બે ઘોડાની ગાડી.

Cur-ric'u-lum, કરિક્યુલમ, *n.* a course of study; a race-course. અધ્યયનની ક્રમમાળા; ઘોડદોડનો રસ્તો.

Cur'ri-er, કરિઅર, *n.* (L. *corium* leather) dresser of leather. ચમાર, ખાલપો, કમાવનાર.

Cur'ry, કરિ, *vt.* to rub and clean. ચામડાને છોલી કામ લાયક કરવું;–ને ખરેરો કરવો. ખુશામત કરવી. *n.* condiments for stew, and the stew. કડી જેવો ખાવાનો નરમ પદાર્થ તા. તેમાં નાખવાનો મસાલો. [ખરેરો.

Cur'ry-comb, કરિકોમ, *n.* a comb to clean horses.

Curse, કર્સ, *n.* (AS. *cursian*) oath; affliction; malediction. સમ ખાવા તે; મહોટી આપદા–પીડા–સંકટ, ઘણું દુઃખ દે એવું તે. *vt. i.* to imprecate evil on, to swear. –ને શ્રાપ–બદદુવા દેવી,–નું મહા અનિષ્ટ કરવું,–ને માથે દુઃખ નાખવું, સમ ખાવા. [ઉતાવળું, ઉપર ઓટિયું; વહેતું, દોડતું.

Cur'sive, કર્સિવ, *a.* (L. *curro* to run) rapid, flowing.

Cur'sor-y, કર્સરિ, *a.* hasty, slight. ઉપર ટપકાનું, ઉપલક ઉપલક, જોયું ન જોયું. [તોછડું.

Curt, કર્ટ, *a.* (L. *curtus* short) brief, concise. ટૂંકું ને

Cur-tail, કરટેલ, *vt.* (Fr. *curt* short & *tailler* to

cut) to shorten, abridge, cut off. ટુંકું–સંક્ષિપ્ત–મુખ્તેસર–ઓછું–કમી કરવું, કાપવું, કાતરવું.

Cur'tain, કર્ટેન, *n.* (Fr. *courtine*) hanging cloth for bed or window. ચક,પટ,પડદો,મચ્છરદાની. [વાંક, વળણ.

Curv'a-ture, કર્વેચર, *n.* (L. *curro* to bend) a curve.

Curve, કર્વ, *a.* bending, inflected. વાંકું, વાંકું વળેલું, વર્તુલ જેવું. *n.* any thing bent. વાંક, વળણ, વાંકી લીટી, વક્રરેખા–રેખાકૃતિ. *vt. i.* to bend. વાંકું વાળવું–વળવું, મરડવું.

Curv-i-lin'e-ar, કર્વિલિનિઅર, *a.* (L. *curvus* & *linea* a line) having a curve line. વાંકી લીટીવાળું, વાંકું.

Cu'shion, કુશન, *n.* (L. *culcita*) soft pad for a seat. ગાદી, ગદેલું, તકિયો. [& sugar. દૂધ ખાંડ ને ઇંડાંની રાબડી.

Cus'tard, કસટર્ડ, *n.*(Fr.)a composition of milk, eggs

Cus'tard-ap-ple, કસટર્ડઍપ્લ, *n.* an apple having a soft pulp. સીતાફળ.

Cus-to'-di-an, કસ્ટોડિઅન, *n.* (L. *custos* guard) one who has custody. રખવાળ, સંભાળ–જાળવનાર, નિઘેબાન.

Cus'to-dy, કસ્ટડિ, *n.* care; keeping; imprisonment. સંભાળ, નિઘેબાની; કેદ, જાપતો, કબજો, હવાલો.

Cus'tom, કસ્તમ, *n.* (Fr. *coutume* a tax) usage; buying of goods; *pl.* tolls on goods. ચાલ, રિવાજ, રસમ, રીત, ધારો; દસ્તુરી, સુખડી; છાપો, કર, જકાત, દાણ, મહેસૂલ, નાકું. [ઘરાક, ખરીદ કરનાર, આશામી.

Cus'tom-er, કસ્તમર, *n.* a buyer at a shop. વેપારીનું

Cut, કટ્, *n.* (SW. *kotta* to sever) gash; a harsh remark; groove; channel; slice; fashion, engraved plate. કાપ–પો, ચીરો, ઘા, વાઢ, છેદ; કઠોર–ખોટું લાગે એવું વચન–વેણ; ખોભણ, ખાંડ; નીક, નહેર, ખાઈ; કાપીને કરેલો કકડો–ટુકડો; વેતરણ–ણી, તરાહ, ડોળ, રોણક; ચિત્ર છાપવાનું બીબું–છાપ. *vt. i.* to separate; hew; mow, reap; carve; to wound, hurt; interest. કાપવું; વાઢવું, પાડવું; લણવું; કોતરવું, ખોદવું, કોટરી કાઢવું;–ના મર્મ ભેદવા, ને હાડોહાડ લાગવું; છેદવું.

Cu-ta'ne-ous, ક્યૂટેનિઅસ, *a.* (L. *cutis* skin) relating to the skin. ત્વચા–ચામડી–ખાલનું.

Cut'i-cle, ક્યૂટિકલ, *n.* the outermost skin of the body. ઉપલી ચામડી–ત્વચા–ખાલ–છાલ.

Cut'lass, કટલૅસ, *n.* (L. *culter* knife) broad sword. એક ધારવાળી પહોળી વાંકી તલવાર–સમશેર.

Cut'ler, કટ્લર, *n.* a maker of knives. છરી–કાતરો વગેરે કાપ કૂપના રાચ બનાવનાર.

Cut'ler-y, કટ્લરિ, *n.* the articles made by cutlers. બધાં કાપવાનાં હથિયાર; કાપકૂપના હથિયાર બનાવવાનો ધંધો–હુનર. [માંસનો નહાનો કટકો.

Cut'let, કટલેટ્, *n.* (L. *costa* a rib) a piece of meat.

Cut'-purse, કટપર્સ, *n.* he who steals from the person. ખીસાકાતરૂ, ચોર, ગઠિયો. [એક જાતની હોડી; કાપનાર.

Cut'ter, કટર, *n.* (See *cut*) a small sailing boat.

Cut'ting, કટિંગ, *n.* a piece cut off. કકડો, ટુકડો. *a.* severe. ઝાટકો—હાડોહાડ લાગે એવું. [હરામખોર.

Cut'throat, કટથ્રોટ્, *n.* a murderor. ફાંસિયો, ગળાકાપુ,

Cut'water, કટ્વૉટર, *n.* ship's prow. વહાણની નાળ.

Cy'cle, સાઇકલ, *n.* (Gr. *kuklos* a circle) a circle; round of time. વર્તુલ, ચક્ર, ગોળ, કાળ—સંવત્સર ચક્ર, જુગ.

Cy'clone, સાઇક્લોન, *n.* a violent storm. વંટોળિયો પવન—તોફાન, ચક્રવાત.

Cy-clo-pe'di-a, સાઇક્લોપીડિયા, *n.* (Gr. *kuklos* & *paideia* education) book on sciences, &c. સર્વ વિદ્યા-માળા—સંગ્રહ, વિદ્યાવળી.

Cy'clops, સાઇક્લૉપ્સ, *n.* *sing.* & *pl.* (Gr. *kuklos* & *ops* eye) a class of giants. એક આંખવાળા—ભાલ-લોચન રાક્ષસ.

Cyl'in-der, સિલિંડર, *n.* (Gr. *kylindros*) a long roller. ભુંગળુ, ભુંગળાકૃતિ, નળાકાર.

Cym'bal, સિમ્બલ, *n.* (Gr. *kumbos* any thing hollow) musical instrument like brass plate. ઝાંઝ, તાલ, કાંસી, કરતાલ.

Cyn'ic, સિનિક્, *n.* (Gr. *kunos* a dog) a morose man. ચીડિયું માણસ, જનશત્રુ, જગવેરી, તોરી, રિસાળ. [બાદશાહ.

Czar, ઝાર, *n.* (L. *cæsar*) emperor of Russia. રૂસનો

D.

Dab, ડૅબ્, *n.* (Eng. *dap*, *tap*) a gentle blow. flat fish. થાપ, થબડાક; એક પહોળી માછલી. *vt.* to strike gently. धीमे હાથે ટપલી–ઢોલ–તમાચો મારવો.

Dab'ble, ડૅબલ્, *vt.* to wet, moisten. જરા જરા ભીંજવવું –પલાળવું–બોળવું. *vi.* to play in water; to do superficially. કાદવપાણીમાં કુદવું–હાથપગ પછાડવા; ઉપલક કામ કરવું–જોવું–હાથ ઘાલવો. [robber. ધાડ ચોરી કરનાર.

Da-coit', ડકૉઇટ, *n.* (Beng. *dakhe* a robber) a gang-

Da-coit'y, ડકૉઇટિ, *n.* gang robbery. ધાડ ચોરી.

Dac'tyl, ડૅક્ટિલ, *n.* (Gr. *dactylos* afinger) a poetical foot. પહેલો અક્ષર ગુરૂ ને પછીના બે લઘુ હોય તે ગણ, ભગણ.

Dad, Dad'dy, ડૅડ્, ડૅડિ, *n.* (Hind. *dada*) father. બાપ, બાપા, બાવા. [ગીરસનું ફુલ–ઝાડ.

Daf'-fo-dil, ડૅફોડિલ, *n.* (Gr. *asphodelos*) a plant. નર-

Dag'ger, ડૅગર, *n.* (Fr. *dague*) a short sword; a mark of reference. ખંજર, કટાર–રી, છરો, જમીઓ; કટાર આકારનું વપરાતું નિશાન (†).

Dag'gle, ડૅગલ્, *vi.* (SW. *dagg* dew) to trail in the dirt. રગડોળવું, ખરડી–ચિકટી જવું–નાખવું.

Dai'ly, ડેલિ, *a. ad.* (Sax. *doeg* a day) done day by day, diurnal; every day. રોજનું, નિત્યનું; દરરોજ.

Dain'ty, ડેન્ટિ, *n.* (L. *dens* tooth) something nice,

a delicacy. મિષ્ટાન્ન, ભાવતું ભોજન. *a.* delicious; elegant; overnice. સ્વાદિષ્ટ, રૂચિકર; નાજુક, સુંદર; ચિંધુચિકણું, સાંકડા ગળાનું, ચોપાસિયું.

Dai'ry, ડેરિ, *n.* (old Eng. *dey* a milkmaid) room for milk and butter. દૂધનું માખણ વગેરે બનાવવાની જગા–ખાતું–કામ, ગોરસશાળા.

Da'is, ડેઈસ, *n.* (L. *discus* a quoit) raised or canopied seat. ભોજનશાળામાં ઉંચી કે છત્રીવાળી જગા–આસન.

Dai'sy, ડેઝિ, *n.* (Sax. *dæges-ege*) a flower. મોગરાનું ફુલ.

Dale, ડેલ, *n.* (Sax. *dael*) a vale, valley. ખીન, ખીણ.

Dal'ly, ડૅલિ, *vi.* (AS. *dol* foolish) trifle with; toy and wanton. રમવું, રસળવું, આળસમાં વખત કાઢવો; કામવિલાસ કરવો, લંપટ થઈને રમવું.

Dam, ડૅમ્, *n.* (L. *domina* a mistress) mother of beast. પશુ–ઢોરની મા–માતા. (S. *demman*) a bank to stop water. પાણીનો પ્રવાહ–રસ્તો રોકવા બાંધેલી પાળ, બાંધ, પુશ્તો. *vt.* to stop water. પાળથી પાણી અટકાવવું.

Dam'age, ડૅમેજ, *n.* (L. *damnum* loss) injury, loss. નુકસાન, હાની. *pl.* compensation. નુકસાનનો બદલો–અવેજ. *vt.* to hurt. નુકસાન પહોંચાડવું.

Dam'ask, ડૅમૅસ્ક, *n.* (from *Damascus*) a figured stuff. બુટ્ટાદાર–ફુલેવર કાપડ. [આણિ, બાઈ.

Dame, ડેમ, *n.* (See *dam*) a lady, a woman. ઘરધણી-

Damn, ડૅમ, *vt.* (L. *damnum* loss) to condemn; to doom to perdition; to hoot down. શિક્ષાપાત્ર-દંડય ઠેરવવું; નર્કવાસનો દંડ ઠેરવવો; નાપસંદ કરી-છિટકારી-છિઃ ધિક્કારી કાઢવું. [વાસ, અધોગતિ, દુર્ગતિ.

Dam-na'tion, ડૅમ્નેશન, *n.* eternal punishment. નર્ક-

Damp, ડૅમ્પ, *n.* (Ger.) moist air; depression of spirits; *pl.* noxious vapours. સરદ હવા, સરદી, ભીનાસ; ઉદાસી; કુવા-ખાડામાંથી મારતો ઉભો-ઉભાર. *a.* moist, humid, watery. હવાયલું, હવા-સરદી-ભેજવાળું. *vt.* to wet; dispirit, depress. હવાયલું કરવું; ઉદાસ કરવું,-થી દબાઈ જવું. [નરમ-ટાઢું પાડનાર.

Damp'er, ડૅમ્પર, *n.* that which checks. અટકાવનાર,

Dam'sel, ડૅમ્ઝેલ, *n.* (Fr. *demoiselle*) a young maiden. છોકરી, જુવાન-તરૂણ સ્ત્રી, બાલા, યુવા.

Dance, ડૅન્સ, *vi. t.* (Fr. *danser*) to leap; to move to music. કુદવું, ઉછળવું; નાચવું, નૃત્ય કરવું; નચાવવું, ઉછાળવું. *n.* regulated movement of the feet. નાચ.

Dan'dle, ડૅંડલ, *vt.* (Ger. *tand* a toy) to move a child up and down, fondle. હાથ-ખોળામાં ઉછાળી રમાડવું. લાડ કરવું-લડાવવું [scurf on head. માથામાંનો ખોડો.

Dan'druff, ડૅન્ડ્રફ, *n.* (S. *tan* sprout & *drof* dirty)

Dan'dy, ડૅંડિ, *n.* (It. *dondola* a toy) a fop, coxcomb. છેલ, ફક્કડ, લાલા, એક્કી.

Dan'ger, ડેન્જર, *n.* (L. *damnum* loss & *gero* I bear) hazard, risk. ભય, બીહ, જોખમ, ધાસ્તી, ખત્રો, દેહેશત.

Dan'gle, ડૅંગલ, *vi.* (Dan. *dingler* to swing) to hang loose. લટકવું, ઝુલવું, લબડવું, ટંગાવું; પુંઠે પુંઠે ભમવું-ફરવું.

Dank, ડૅંક, *a.* moist, humid, damp. ભિનું, શરદીવાળું.

Dap'per, ડૅપર, *a.* (Ger. *tapfer* brave) little and active; neat. નહાનું ને ચપળ, છટું, ચાલાક; સાફસુફ રહેનાર.

Dap'ple, ડૅપલ, *a.* (See *Dab*) spotted. પંચરંગી, કાબર ચીતરૂં.

Dare, ડેર, *vi.* (S. *dear*) to have boldness, to defy danger. હિંમત-છાતી ચાલવી-હોવી, હામ ભીડવી. *vt.* to challenge. જોઈએ આવી જાની કે એ કેમ કરી શકે છે એમ કહેવું, ચડસે ચઢાવવું.

Dar'ing, ડેરિંગ, *n.* boldness. હિંમત, છાતી, હામ. *a.* bold, fearless. બહાદુર, છાતીનું આછું, નિર્ભય રહેનાર.

Dark, ડાર્ક, *a.* (S. *deorc*) without light; obscure; black; unenlightened; secret; foreboding evil; અજવાળા વગરનું, અંધારૂં; ન સમજાય એવું, અસ્પષ્ટ, અંતરમનનું; કાળું, સામળું, કલુંટું; અજ્ઞાન, અવિદ્ય, મૂર્ખતાનું; ગુપ્ત, છાનું; માઠું, સંકટ-દુ:ખ-આફતનું, ભયંકર. *n.* absence of light; ignorance. અંધારૂં, અંધકાર, તિમિર; અજ્ઞાન, અજાણપણું.

Dark'en, ડાર્કન, *vt. i.* to make or to grow dark. અંધારૂં-સામળું-કાળું-ઉદાસ-ઝાંખવાળું-ન સમજાય એવું કરવું-થવું.

Dark'ness, ડાર્કનેસ, *n.* want of light. અંધકાર, અજ્ઞાન; કાળાશ; ગુપ્તતા, અપ્રસિદ્ધિ, અસ્પષ્ટતા; મુસીબત.

Dar'ling, ડાર્લિંગ, *n.* (S. *doere* dear) *a. n.* dearly beloved; one much loved. વહાલું, લાડકું, પ્યારું, પ્રિય, પ્રાણ. [તુણવું, રફુ કરવું.

Darn, ડાર્ન, *vt.* (Fr. *darne* a slice) to mend holes.

Dart, ડાર્ટ, *n.* (Fr. *dard*) a javelin. ભાલો, બરછી, નેજો. *vt. i.* to throw; go rapidly. ફેંકવું, મારવું, નાખવું; ઉડીને આવવું–જવું–પડવું, એકાએક ચમકીને નહાસવું.

Dash, ડૅશ, *vt.* (Icel. *daska* to strike through) to strike against; blot out; shatter; frustrate; confuse; bespatter; mix with; to stretch out. અફાળવું, પટકવું, પછાડવું; છેકી નાખવું; ફેંકી–અફાળી ભાંગી કકડે કકડા કરવા; તોડી પાડવું, ભંગ–બરબાદ કરવું; ગભરાવવું; ચોગરદમ છાંટવું; ભેગ કરવો, મેળવવું, ભેળવું; ઝરડી–લખી કાઢવું, ઉભું કરી દેવું. *n.* collision, crash; admixture. ટક્કર, અથડાઅથડી, આચકો; ભેગ–ળ, અંશ, ભાગ, છાંટ, આભાસ; ગુરૂરેખા–ષા–; ધસારો. [પરનું પાટિયું–સુપડી.

Dash'-board, ડૅશબોર્ડ, *n.* કાદવ પાણી ખાળવાનું ગાડીના પૈંડા-

Dash'ing, ડૅશિંગ, *a.* rushing, precipitate. ધુસનારૂં, ધુસણિયું. [coward. બીકણ, બાયલું, નામર્દ, પોટિયાં છોડું.

Das'tard, ડૅસ્ટર્ડ, *n.* (AS. *adastrigan* to frighten)

Data, ડેટા, *n. pl.* (L. *do* I give) things given or admitted. મુદ્દાની વાતો, આધાર, આશ્રય.

Date, ડેટ, *n.* (L. *do*) time of event. તારીખ, દહાડોવાર,

તિથિ, મિતિ, વર્ષ, કાળ. (L. *dactylus* a finger) fruit of date-palm. ખજૂર. *vt.* to note or fix time. તારીખ લખવી–નાખવી–માડવી–ભરવી; નક્કી કાળ–દહાડો કહેવો. *vi.* to begin. આરંભ–મંડાણ હોવું. [cases. ચોથીવિભક્તિ, સંપ્રદાન.

Dat'ive,, ડેટિવ્, *a. n.* (L. *do*) the 3rd of the 6 Latin

Da'tum, ડેટમ્, *n.* (See *Data*).

Daub, ડૉબ્, *vt.* (W. *dwb* mortar) to smear; to paint coarsely; disguise; flatter. લપડવું, ખરડવું, પીલવું, લીપી–થપેડી મૂકવું; ડપકા ડપકા પાડી મૂકવા; સંતાડવું, છુપાવવું, ઢાંકવું; ખુશામત કરવી, ચઢાવવું. *n.* smear. ડબકા.

Daugh'ter, ડૉટર, *n.* (S. *dohter*) a female child or descendant or inhabitant. છોકરી, પુત્રી, દુહિતા; કુલપુત્રી; બૈરું, સ્ત્રી.

Daunt, ડૉંટ, *vt.* (L. *domo* to subdue) to check; dishearten. દાબી નાખવું–ઘાલવું; હિંમત તોડાવવી, ડરાવવું, ડરલગાડવો. [નહી એવું; હિંમતવાન, છાતીવાળું.

Daunt'less, ડૉંટલેસ, *a.* fearless, bold. દભાય–બીહે–ડરે

Daw, ડૉ, *n.* (Ger. *taha*) a bird. કાગડાની જાતનું પક્ષી.

Daw'dle, ડૉડ્લ્, *vi.* (allied to dandle) to waste time. નકામો વખત ગાળવો, રસળવું, માખી માર્યા કરવી.

Dawn, ડૉન, *n.* (S. *dag* day) daybreak; beginning; first rise. મળસ્કું; પ્રભાત; શિરૂઆત, આરંભ; ઉદય. *vi.* to grow light; to begin to appear or grow. ઉગવા–.

ફૂટવા—અજવાળું થવા માંડવું, પોહો ફાટવો; ખીલવા—દેખાવા—નિકળવા માંડવું; આરંભ થવો.

Day, ડે, *n.* (S. *doeg,* Sans. *div* to shine) time of light; period of 24 hours; any specified time; age. દિવસ, અજવાળું; દહાડો, દિન, દહાડો રાત, ૨૪ કલાક, વખત, સમય; કાળ, જમાનો.

Day'-book, ડેબુક, *n.* a journal of accounts. રોજમેલ—[નામું.

Day'break, ડેબ્રેક, *n.* dawn. સવાર—વહાણાનો પોહોર.

Daz'zle, ડૅઝ્લ, *vt.* (S. *dwoes* stupid) to overpower with light; to strike with admiration. ઝંખવી નાખવું, આંધળું કરવું; આંજવું, આશ્ચર્ય પમાડવું, છક—ચકિત કરવું.

Dea'con, ડીકન, *n.* (Gr. *diokoneo* I serve) a clergyman next to priest. ઉતરતા દરજ્જાનો પાદરી.

Dead, ડેડ, *n.* (S. *deadian* to die) the dead; stillness. મોયલાં માણસ; મોતની અવસ્થા, મધ્યરાત. *a.* without life; inanimate; unvaried; dull. મરી ગયલું; નિર્જીવ, જડ; એકસરખું—તરેહનું, સમંગ; મંદ, તેજ—તેજ—ભભક વિનાનું, ઝાંખું, બોઠું, મન—શ્રદ્ધા—ઉત્સાહ વગરનું.

Dead'en, ડેડ્ન, *vt.* to weaken; make lifeless. અશક્ત—મંદ—દુર્બળ—ઝાંખું—ઓછું—કમી કરવું, નરમ—ધીમું—ટહાડું પાડવું; ઓછું તેજ—નિર્જીવ કરવું. [લે એવું, માણહારી.

Dead'ly, ડેડ્લિ, *a.* mortal, fatal. મારી નાખે—જીવ લે—માણ

Deaf, ડેફ, *a.* (AS.) unable to hear. બહેરું, સુનકાર; ન સાંભળે—ન માને એવું, બેદરકાર.

Deaf-en, ડેફ્ન, *vt.* to make deaf. બહેરૂં કરવું, કાન ફોડવા.

Deal, ડીલ, *n.* (AS. *dæl* to part) part; quantity; board; distribution; fir-wood. ભાગ; ઘણું; પાટિયું; પાનાં વહેંચવાં તે, વહેંચણ; દેવદારનું લાકડું. *vt.* to divide out; distribute; trade; meditate; behave; contend; -માંથી થોડું થોડું-વહેંચી આપવું; લગાવવું, મારવું. પાના વહેંચવાં; વેપાર-ધંધો-આપલે કરવું; વચમાં-ની ભાંજગડમાં પડવું; ચાલવું, વર્તવું;-સાથે કામ લેવાનું હોવું-પડવું.

Deal'er, ડીલર, *n.* a trader. વેપારી, ધંધો કરનાર.

Deal'ing, ડીલિંગ, *n.* trade; negotiation; behaviour. વેપારધંધો; વહેવાર, આપ લે, લેવડદેવડ; ચાલ, વર્તણુક.

Dean, ડીન, *n.*(L. *decem* ten)church dignitary next bishop; an officer in a university or college. બિશપથી ઉતરતો ધર્માધિકારી; વિદ્યાલયનો એક અધિકારી.

Dean'er-y, ડીનરિ, *n.* office of a dean. ડીન પાદરીની પેદાસ-મકાન-અધિકાર નીચેનો મુલક.

Dear, ડીઅર, *a.* (S. *dyre* precious, beloved) costly; beloved. મોંઘું, ભારેમૂલ-કિંમતનું; પ્યારૂં, વહાલું.

Dearth, ડર્થ, *n.* scarcity; famine. અછત, તંગાસ, તોટો; [દુકકાળ.

Death, ડેથ્, *n.* (S.) cessation of life. મોત, મરણ, મૃત્યુ, કાળ.

Death'less, ડેથ્લેસ, *a.* immortal. મરે નહિ-નાશ ન પામે-જતું ન રહે એવું, અમર.

De-bar', ડિબાર, *vt.* (*de* & *bar*) hinder; exclude. હરકત–અટકાવ કરવો, રોકવું,–ની ના કહેવી. [Disembark.

De-bark', ડિબાર્ક, *vt.* (Fr. *de* & *barque* a vessel) See

De-base', ડિબેઝ, *vt.* (*de* & *base* low) to degrade, lower. નીચું–હલકું પાડવું, બગાડવું, કિંમત–માન–યોગ્યતા–શુદ્ધતા ઓછી–કમી કરવી.

De-bate', ડિબેટ, *vt. i.* (Fr. *de* & *battre* to beat) to discuss. વાદવિવાદ કરવો. *n.* discussion. તકરાર, સંવાદ.

De-bauch', ડિબોચ્, *n.* (Fr. *de* & *bauche* course) to seduce; corrupt. ભમાવવું, ભંભેરવું;–ને નિમકહરામી–બદફેલી કરતાં શિખવવું, દુષિત–ભ્રષ્ટ કરવું; બગાડવું, કુચાલ–કુવ્યસન શિખવવું. [કુવ્યસની, રંડીબાજ, લંપટ.

Deb'au-chee, ડેબોશી, *n.* a drunkard; rake. છાકટો,

De-bauch'er-y, ડીબોચરી, *n.* lewdness; seduction from duty; gluttony. વ્યભિચાર; ભંભેરવું તે; ખાવા પીવામાં વહી જવું તે–વહી જવાની લત.

De-bent'ure, ડિબેન્ચર, *n.* (L. *debeo* I owe) a writing acknowledging a debt. લહેણાની વ્યાજુ ચિઠ્ઠી.

De-bil'i-tate, ડિબિલિટેટ્, *vt.* (L. *de* & *habilis* able) to weaken. નબળું–અશક્ત કરવું. [શક્તિ ક્ષીણતા.

De-bil'i-ty, ડિબિલિટિ, *n.* weakness, languor. નબળાઇ,

Deb'it, ડેબિટ્, *n.* (L. *de* & *habeo* to have) entry on debtor side of account. ઉધારબાજુ–રકમ, લહેણું, માગણું. *vt.* to charge with. –ને નામે–ખાતે લખવું–ઉધારવું.

Debt, ડેટ્, *n.* what is due; obligation; sin. કરજ, દેવું–ણ, ઋણ; કરજ; પાપ, અપરાધ.

Debt'or, ડેટર, *n.* one who owes. કરજદાર, દેણદાર.

De-bris', ડેબ્રી, *n.* (Fr. *de* & *bris*, to break) ruins; fragments. છારૂં, કચરો; રોડાં વગેરે કચરો.

Deb-o-nair', ડેબોનેર, *a.* (Fr.) civil. લાયકીવાળું.

De-but', ડેબ્યૂ, *n.* (Fr. *de* & *but* aim) a first appearance. પહેલાં કંઈ કામ કરવા માંડવું–બહાર પડવું તે.

Dec'ade, ડેકેડ, *n.* (Gr. *deka* ten) the sum of ten. દસકો, દાયકો. [cay. બગડતાં–કહોતાં જવું તે, નાશ, પડતી.

De-ca'dence, ડિકેડન્સ, *n.* (L. *de* & *cado* I fall) de-

Dec'a-gon, ડેકેગોન, *n.* (Gr. *deka* & *gonia* angle) a figure having 10 sides. ૧૦ ખુણા તથા ૧૦ બાજુ આકૃતિ, દશકોણ. [the 10 commandments. ૧૦ આજ્ઞા.

Dec'a-logue, ડેકેલૉગ, *n.* (Gr. *deka* & *logos* speech)

De-camp', ડિકૅમ્પ, *vi.* (Fr. *de* & *camp*) to break up a camp; to move off hastily. મુકામ–છાવણી ઉઠાવવી, કૂચ કરવી; નિકળી પડવું–નહાસવું, જતાં રહેવું.

De-cant', ડિકૅંટ, *vt.* (Fr. *de* & *cant* edge) to pour off or out. નીતારીને–નીતરતું રેડવું, નીતારવું.

De-cant'er, ડિકૅંટર, *n.* a glass vessel. સીરોઈના આકારનું કાંચનું વાસણ. [behead. માથું કાપવું, ગરદન મારવું.

De-cap'it-ate, ડિકૅપિટેટ, *vt.* (L. *de* & *caput* head) to

De cay′, ડિકે, *vi.* (L. *de* & *cado* I fall) to fail, decline. સારીસ્થિતિ–અવસ્થામાંથી ઉતરતી–નબળીમાં આવતાં જવું, સુકાતાં–લેવાતાં–નબળા પડતાં જવું. *n.* falling off, decline. કહોતાં–બગડતાં જવું તે, ક્ષીણતા, પડતી.

De-cease′, ડિસીઝ, *vi.* (L. *de* & *cedo* I go) to die. મરી જવું. *n.* death. મોત, મૃત્યુ.

De-ceased′, ડિસીઝ્ડ, *a.* dead. મરણ પામેલું. with the [મરનાર ધણી.

De-ceit′, ડિસીટ, *n.* (L. *de* & *capio* I take) trick, fraud. લુચ્ચાઈ, ઠગવિધા, દગો, છળ, પ્રપંચ.

De-ceive′, ડિસીવ, *vt.* to misled, delude. છેતરવું, ભૂલ થાય–દગો દેવો, ભોળવવું, સાથે છળ–પ્રપંચ કરવો.

De′cen-cy, ડિસિન્સિ, *n.* (L. *decere* to become) fitness; modesty. લાયક–ઘટારતપણું, યોગ્યતા, સારૂં દેખાય એવી રીતિ; મર્યાદા, લજ્જા.

De′cent, ડિસેંટ, *a.* fitting, becoming; respectable. સારૂં દેખાય–શોભે એવું, લાયક, ઘટિત, આબરૂદાર, નઠારૂં ન દેખાય–ન કહેવાય એવું.

De-cep′tion, ડિસેપશન, *n.* (L. *de* & *capio*) cheat; trick. છેતરવું તે, ઠગવિધા વાપરવી તે; ભૂલાવામાં પડવું તે, મોહ; છેતરપદી, ઠગવિધા.

De-cep′tive, ડિસેપ્ટિવ્, *a.* deceitful, false. છેતરાય– [છેતરે–ભૂલાવામાં નાખે એવું.

De-cide′, ડિસાઈડ, *vt. i.* (L. *de* & *cædo* I cut) to settle, to end. નિવેડો–નિકાલ કાઢવો,–નો ફડચો–વિષે ઠરાવ–નિશ્ચય–ફેસલો કરવો, ચુકવવું.

De-cid'ed, ડિસાઇડેડ્, *a.* clear, unequivocal; resolute. સાફ, પાકું, ખુલ્લું, શક ન રહે-વાંધો ન લેવાય એવું; દૃઢ, નિ:શંકપણાથી બોલનાર-ચાલનાર.

De-cid'u-ous, ડિસિડ્યુઅસ, *a.* (L. *de* & *cado* I fall) falling in autumn. પાનખર રતમાં ખરી પડનાર.

Dec'i-mal, ડેસિમલ, *a.* (L. *decem* ten) numbered by tens. દશગણું વધી કે ઘટી જાય એવું; દશાંશ, દશગુણિત. *n.* a tenth. દશાંશ અપૂર્ણાંક.

Dec'i-mate, ડેસિમેટ, *vt.* to take one in every ten. ૧૦ મો ભાગ લેવો, દર ૧૦ મા માણસને મોતની શિક્ષા કરવી.

De-ci'pher, ડિસાઇફર, *vt.* (Fr. *de* & *chiffre* a cipher) explain; unravel. બન બેસાડવું, વાંચવું, ઉકેલવું, સમજાવવું; છાની ભાષામાં લખેલાનો અર્થ કરવો-કહેવો.

De-cis'ion, ડિસિશન, *n.* (L. *de* & *cædo* I cut) determination. ફડચો, નિવેડો, ફેસલો, ઠરાવ, દઢતા, નિશ્ચય.

De-ci'sive, ડિસાઇસિવ્, *a.* conclusive. નિકાલ-છેડો આવે એવું.

Deck, ડેક્, *vt.* (AS. *decan* to cover) to adorn. શણગારવું, સુશોભિત કરવું. *n.* floor of a ship. વહાણનું તુતક.

De-claim', ડિક્લેમ, *vi.* (L. *de* & *clamo* I cry out) to speak with force.ભાષણ કરવું,હોક મારવો-પાડવા,બરાડવું.

De-cla-ra'tion, ડેક્લેરેશન, *n.* (L. *de* & *clarus* clear) expression of opinion; affirmation. જણાવેલી-કહેલી વાત-વચન, જાહેરખબર-નામું; એકરાર, પ્રતિજ્ઞા.

De-clare', ડિક્લેર, *vt. i.* to assert; make known. ખાત્રીથી—પ્રતિજ્ઞા કરીને કહેવું; જણાવવું, જાહેર કરવું; પ્રસિદ્ધ થવું.

De-clen'sion, ડિક્લેન્શન, *n.* (L. *de* & *clino* I bend) inflection of noun; slope. વિભક્તિનાં રૂપ આપવાં; ઉતરતો ઢાળ—ઢોળાવ.

De-cline', ડિક્લાઈન, *vt. i.* to deviate; bend down; sink; fail, decay; refuse; shun; inflect. વાંકું વળવું, આડું—ખસતું જવું; નમવું; ઉતરતાં—નમતાં જવું; નબળાં—નરમ પડતાં—ક્ષીણ થવું—ડબતું જવું; ના કહેવી;—થી આઘા રહેવું, કબૂલ ન કરવું;—ને વિભક્તિ લગાડવી. *n.* decay, diminution. ઉતરતી નબળી દશા—અવસ્થા, પડતી, ઘટાડો—રો, ઘસારો, ક્ષીણતા.

De-cliv'i-ty, ડિક્લિવિટિ, *n.* (L. *de* & *clivus* a slope.) ઉતરતો ઢાળ—ઢોળાવ.

De-coc'tion, ડિકૉક્શન, *n.* (L. *de* & *coquere* to cook) act of boiling, extraction got by boiling. —નો કહાવો ઉકાળવો; ઉકાળો; કહાવો, કુવાદ, કવાથ.

De-com-pose', ડિકમ્પોઝ, *vt. i.* (L. *de*, *con* & *pono* to put) to resolve into original elements. પદાર્થોના મૂળતત્ત્વો જૂદાં પાડવાં, પૃથક્કરણ કરવું.

De-com-po-si'tion, ડિકૉમ્પોઝિશન, *n.* separation into parts; decay. પૃથક્કરણ;—નો નાશ—ક્ષય થવો તે.

Dec'o-rate, ડેકોરેટ, *vt.* (L. *decoris* ornament) to embellish. સણગારવું, દેખાવડું—સુશોભિત કરવું.

Dec-o-ra'tion, ડેકોરેશન, *n.* embellishment. સણગાર, શોભા, ભૂષણ, ચાંદ. [સારૂં દેખાય-શોભે એવું, ઘટારત.
De-co'rous, ડેકોરસ, *a.* becoming. યોગ્ય વર્તણુકવાળું,
De-co'rum, ડેકોરમ, *n.* propirety of speech and behaviour. યોગ્ય વર્તણુક-બોલવું ચાલવું.
De-coy', ડિકૉયી, *n.* (L. *duck* & *koye* a cage) snare, temptation. જાળ, પાશ, લાલચ, લલચાવનાર, ફાંદામાં નાખનાર.*vt.* to allure.લલચાવવું,ફાંદા-ફાંસા-લોભમાં નાખવું.
De-crease',) ડિક્રિઝ, *vi. t.* (L. *de* & *cresco* I grow) to grow or make less. ઓછું-કમી-ટુંકું થવું-કરવું, ઘટવું ઘટાડવું. *n.* lessening. ઘટાડો, ન્યૂનતા, ક્ષિતિ.
De-cree', ડિક્રી, *n.* (L. *de* & *cerno* I judge) a judicial order; edict. ફેસલો, હુકમનામું; હુકમ, ઠરાવ, આજ્ઞા, વચન; નિર્મિત વાત, નિર્માણ. *vt.* to determine, order. -વિષે હુકમનામું-ઠરાવ-આજ્ઞા કરવી.
De-crep'it, ડિક્રેપિટ્, *a.* (L. *de* & *crepo* I crack) broken down with age. ઘડપણથી અશક્ત-ખખળી ગયલું.
De-cry', ડિક્રાઈ, *vt.* (Fr. *de* & *crier* to cry) to cry down. વખોડી-નિંદી નાખવું, નઠારૂં-માઠું કરી કાઢવું.
Ded'i-cate, ડેડિકેટ, *vt.* (L. *de* & *dico* I say) to consecrate; devote; inscribe. ચડાવવું, અર્પણ કરવું, સમર્પવું,-માં મચવું,-પડવું, તનમન અર્પણ કરવું; નિવેદન-ગ્રંથાર્પણ કરવું.
Ded-i-ca'-tion, ડેડિકેશન, *n.* consecration. ચડાવવું તે; ગ્રંથાર્પણ.

De-duce', ડિડ્યૂસ, *vt.* (L. *de* & *duco* I draw) to infer, draw from. અનુમાનથી સિદ્ધાંત શોધી-પકડી કાઢવું.

De-duct', ડિડક્ટ, *vt.* to subtract. બાદ કરવું.

De-duc'tion, ડિડક્શન, *n.* abatement; inference. બાદ-ઓછું કરવું તે, કાપવું તે; નિર્ણયપૂર્વક અનુમાન, અનુમિતિ.

Deed, ડીડ, *n.* (AS. *don* to do) action; legal document. કરણી, કામ, કર્મ, પરાક્રમ; પુરૂષાર્થ; કર્તવ્યતા; લેખ, ખત, દસ્તાવેજ.

Deem, ડીમ, *vt.* (AS. *deman*, from *dom* judgment) think, suppose. વિચારવું, ધારવું, જાણવું, સમજવું, માનવું, ગણવું.

Deep, ડીપ, *n.* (AS. *deop*) the sea, an abyss. સમુદ્ર. *a.* far down; grave in sound; difficult to comprehend; penetrating, sagiacious; through; strongly coloured. ઉંડું; ગંભીર, બેઠી બાંધણીનું; ગૂઢ, એકાએક ન સમજાય એવું; ભારે, મહા કુશળ-નિપુણ; ભરપૂર, ઘણું; ઘેરૂં, ખુલ્લું નહિ એવું. [નું ઉંડાણ વધારવું.

Deep'en, ડીપન્, *vt.* to make deeper. ઉંડું કરવું-ખોદવું,-

Deer, ડીર, *n.* (AS. *deor*) an animal with antlers. મૃગ, હરણ, સાબર, સાબરી.

De-face', ડિફેસ, *vt.* (L. *de* & *facio* I do) to disfigure; obliterate. બદસુરત-બેડોળ-ખરાબ કરવું; છેકી-વંચાય નહિ એવું કરી નાખવું. [slander. આબરૂ-ઈજ્જત લેવી તે.

De-fa-ma'tion, ડેફેમેશન, *n.* (L. *de* & *fama* fame)

De-fame', ડિફેમ, *vt.* to slander, to speak evil of. પ્રતિષ્ઠા-હુરમત લેવી,-ને નુકસાન-ખલલ પહોંચાડવી.

De-fault', ડિફૉલ્ટ, *n.* (L. *de* & *fallor* I am deceived) neglect; want, lack. ભૂલ, ગફલત, ચૂક, કસૂર; અભાવ, નહોવું તે.

De-feat', ડિફીટ, *vt.* (L. *de* & *facio* I do) to rout; frustrate; render null and void. હરાવવું;-નું ચાલવા-અમલ થવા ન દેવો, ધૂળ મેળવવું; રદ પાડવું, ડુબાવવું. *n.* overthrow. પરાજય, હાર;-થી રદ-વ્યર્થ જવું તે, ભંગ થવું તે.

De-fect', ડિફેક્ટ, *n.* want; fault. કસર, ખામી, ખોડખાપણ, અપૂર્ણતા; એબ, દોષ, ભૂલ.

De-fect'ive, ડિફેક્ટિવ, *a.* imperfect. અપૂર્ણ, ખોડખામી-કસરવાળું; ખાધ-દોષવાળું.

De-fence', ડિફેન્સ, *n.* (L. *defendare* to ward off) protection; plea. બચાવ કરવો તે, જવાબ આપવો તે; રક્ષણનો ઉપાય-સાધન; આશ્રય, છત્ર, શરણ; બચાવમાટે કહેલી વાત, પ્રતિવાદીનો જવાબ-પ્રતિપક્ષ.

De-fence'less, ડિફેંસલેસ, *a.* unarmed. બચાવના સાધન-હથિયાર-રક્ષણ વિનાનું.

De-fend', ડિફેંડ, *vt. i.* to protect; guard, uphold; vindicate. બચાવવું; રક્ષણ કરવું;-ની તરફથી બોલવું-લડવું, -નો પક્ષ લેવો-ખેંચવો; સામો જવાબ આપવો, પ્રતિવાદ લેવો.

De-fend'ant, ડિફેંડંટ, *n.* one who defends. પ્રતિવાદી-પક્ષી.

De-fen'sive, ડિફેંસિવ, *a.* that defends. બચાવમાં કામ આવે એવું, બચાવ કરવાને કીધેલું.

De-fer', ડિફર, *vt. i.* (L. *dis* & *fero* I carry) to put off; refer; delay; yield. થોડી મુદ્દત સુધી બંધ-મુલતવી રાખવું;-ની આગળ લઈ જવું-મૂકવું-રજુ કરવું; ઢીલ-વિલંબ કરવો; ખાતર-મુરવત-માન રાખી જવું. [મર્યાદા, અદબ.

Def'er-ence, ડેફરન્સ, *n.* respect. ખાતર-મુરવતદારી, માન,

Def-er-en'ti-al, ડેફરેનશિઅલ, *a.* expressing deference-માન-અદબ-ખાતર રાખનારૂં.

De-fi'ance, ડિફાયન્સ, *n.* (L. *de* & *fides* faith) challenge to fight; contempt of danger. -પાસે યુદ્ધ માગવું તે; બેદરકાર, તુચ્છકાર.

De-fic'i-en-cy, ડિફિશિઅન્સિ, *n.* (L. *de* & *facio* I do) defect, want, imperfection. ખામી; ઓછાપણું, ખુટ, ખુટકો, કસર, ઘટ, અપૂર્ણતા. [અધુરૂં, અપૂર્ણ.

De-fic'i-ent, ડિફિશિઅંટ, *a.* wanting; imperfect. ઓછું,

Def'i-cit, ડિફિસિટ્, *n.* deficiency. ખોટ, ઘટ.

De-file', ડિફાઇલ, *n.* (Fr. *de* & *file* a line) a narrow passage. સાંકડો રસ્તો, નાળ. *vi.* to go off in a line. એકની પાછળ એક એ રીતે હારમાં ચાલવું-કૂચ કરવી. *vt.* (AS. *gefylan* to pollute) to pollute. વટાળવું, મેલું-ગંદુ-અપવિત્ર કરવું, બગાડવું, પતિવ્રત ભંગ કરવું, બટ્ટો લગાડવો.

De file'ment, ડિફાઇલમેંટ, *n.* pollution. વટાળ, પતિવ્રતભંગ.

De-fine', ડિફાઇન, *vt.* (L. *de* & *finis* end) to limit; explain. -ની હદ નક્કી કરવી, કેટલું-કેવડું-કેવું વગેરે બતાવી આપવું;-નો પૂરો અર્થ-વ્યાખ્યા કહેવી-આપવી.

Def'i-nite, ડેફિનિટ, *a.* exact; settled. નક્કી અર્થનું-ઠરાવેલું, નિર્મેલું, વિશેષાર્થ દર્શક.

Def-i-ni'tion, ડેફિનિશન, *n.* explanation in words. વ્યાખ્યા, બરાબર અર્થ-ગુણ-લક્ષણ કહેવાં તે.

De-flour', ડિફ્લૉઉર *vt.* (L. *de* & *flos* a flower) to ravish. -નું કૌમાર ભંગ કરવું, નવી ફોડવી.

De-form', ડિફૉર્મ, *vt.* (L *de* & *forma* shape) to mar; disfigure. બગાડવું, લાંછન લાગવું; બદસુરત-કુરૂપ-ભ્રષ્ટ કરવું.

De-form-ed', ડિફૉર્મ્ડ, *a.* out of shape. વાંકું ચુંકું, કુબડું, બદસુરત-શિકલ, બગડેલું, શરમ ભરેલું-લાગે એવું.

De-fraud', ડિફ્રૉડ, *vt.* (L. *de* & *fraus* fraud) to cheat. ઠગવું, છેતરવું, દગાથી લઇ લેવું, પચાવી પડવું.

De-fray', ડિફ્રે, *vt.* (Fr *de* & *frais* expense) to pay or bear as expenses. આપવું, ઝીલવું, ઉઠાવવું, અદા કરવું.

De-funct', ડિફંક્ટ, *a.* (L. *de* & *functus* done) dead, deceased. મોચલું, મરી ગયલું.

De-fy', ડિફાઇ, *vt.* (L. *dis* & *fides* faith) to set at naught; challenge. નો ભાર-હિસાબ ન ગણવો, તુચ્છ ગણવું, પત ન કરવું;સામા આવી જવાનું કહેવું,-પાસે યુદ્ધ માગવું.

De-gen'er-ate, ડિજેનરેટ, *a.* (L. *de* & *genus* race) worse in any point. બુદ્ધિ-બળ-ગુણ ક્ષીણ થઇ ગયલું, નબળી દશાને પામેલું. *vt.* to grow worse. બગડતાં જવું.

De-grade', ડિગ્રેડ, *vt.* (L. *de* & *gradus* a step) to re-

duce; debase; lower. હલકી પાયરી—દરજ્જે ઉતારી નાખવું; પદભ્રષ્ટ કરવું;—નું માન—કિમ્મત ઓછી કરવી, હલકું પાડવું.
De-grad'ed, ડિગ્રેડેડ, *a.* low, base. નીચું, હલકું, પામર.
De-gree', ડિગ્રી *n.* stage, grade; step; position, rank; a mark of distinction; 360th part of a circle. પ્રમાણ; દરજ્જો; પેડી—ઢી, પગથિયું; પદવી, પાયરી; વિદ્યાશાળાની છાપ; ગોળના પરિઘનો ૩૬૦મો ભાગ, અંશ, માત્રા.
Deign, ડેન, *vi.* (L. *dignus* worthy) to think fit. યોગ્ય જાણવું, કૃપા કરવી, મહેરબાન થવું. [tion. કેવળ ઈશ્વરવાદી.
De'ist, ડિઈસ્ટ, *n.* (L. *deus* a God) denier of a revela-
De'it-y, ડીઈટી, *n.* Supreme Being; Divinity. પરમેશ્વર; દેવ—ઈશ્વરપણું—ત્વ; દેવ—વી, દેવતા.
De-ject', ડિજેક્ટ *vt.* (L. *de* & *jacio* I throw) depress, dispirit. ઉદાસ—દલગીરી—ખિન્ન કરવું,—ની હિમ્મત છોડવવી.
De-ject'ed, ડિજેક્ટેડ, *a.* cast down. ઉદાસ, નરમ ઘેંસ.
De-jec'tion, ડિજેક્શન, *n.* lowness of spirits. ભારે અફસોસ, ખિન્નતા, ઉદાસી.
De-lay', ડિલે, *n.* (L. *dis* & *ferro* I bear) a stay, stop; detention. ખાળો, રોકાણ, વાર, ઢીલ—વિલંબ. *vt. i.* to defer; detain. —માં વાર—ઢીલ—વિલંબ કરવો—લગાડવો; ખાળવું, રોકવું, ખોટી કરવું,—ને વાર લગાડવી. [ચેરવું.
De'le, ડીલી, *vt.* (L. *delere* to destroy) to erase. છેકવું,
De-lect'a-ble, ડિલેક્ટેબલ, *a.* (L. *de* & *lacere* to entice) highly pleasing. ખુશી લાગે એવું, રમણીક—ય.

Del'e-gate, ડેલિગેટ, *n.* (L. *de* & *lego* I send) a deputy. પ્રતિનિધિ, વકીલ, મુખતિયાર. *vt.* to send away; commit. પ્રતિનિધિ કરી મોકલવું; સોંપવું, આપવું.

Del-e-te'ri-ous, ડેલિટિરિઅસ, *a.* (L. *deleo* I destroy) injurious, poisonous. ઝેરી, પ્રાણ લે એવું.

Delf, ડેલ્ફ, *n.* (*Delft* a town in Holland) a kind of earthen ware. ધોળું રોગાન ચઢાવેલાં માટીનાં વાસણ.

De-lib'er-ate, ડેલિબરેટ, *a.* (L. *de* & *libro* I weigh) circumspect. ધીરું, ઠંડું રહીને–ચોતરફ નજર રાખી કામ કરનાર, વિચારથી ચાલનાર. *vt. i.* to weigh, consider. તોલ–વજન–પાકો–પુખ્ત વિચાર કરવો, વિચારી જોવું.

Del'i-ca-cy, ડેલિકસિ, *n.* (L. *de* & *lacio* I entice) dainty; niceness. સ્વાદિષ્ટ–મિષ્ટ પદાર્થ; સુંદરતા, પાતળાપણું, નરમાશ, સુંવાળાસ, કોમળતા, નાજુકાઈ, અમીરાઈ તથા વિવેકને શાણપણ.

Del'i-cate, ડેલિકેટ, *a.* pleasing; fine; smooth; soft and fair; frail; considerate; nice; critical. સોહામણું, મધુર, પસંદ; ઝીણું, બારીક; સુવાળું, બારીક કુમાસનું; સુંવાળું ને ગોરૂં, કોમળ, મૃદુ; નાજુક, કાચલું; અમીરાઈ ને વિવેકનું–વાળું–ભરેલું, પાકી–સારી સમજવાળું; વિચારથી કરવાનું.

De-lic'i-ous, ડિલિશિઅસ, *a.* sweet to the palate or other sense. સ્વાદિષ્ટ, મિઠું, મિષ્ટ, ખુશબોદાર, આનંદકારી.

De-light', ડિલાઈટ, *n.* great pleasure. હરખ, હર્ષ, સંતોષ,

આનંદ, મઝે, ખુશી, આનંદની વાત-વસ્તુ-કારણ. *vt. i.* to please much. -થી ખુશી થવું-રીઝવું,આનંદ-સંતોષ આપવો.

De-lin′e-ate, ડિલિનિએટ, *vt.* (L. *de* & *linea* a line) to draw the outline; paint; describe. -નું ડોળિયું કરવું-કાઢવું; ચિતરવું, ચિત્ર-છબી કાઢવી-પાડવી; નું વર્ણન કરવું.

De-lin′quent, ડિલિન્ક્વૅંટ, *n.* (L. *de* & *linquo* I leave) an offender. કસૂર-તકસીર કરનાર, અપરાધી.

Del′i-quate, Del-i-quesce′, ડેલિક્વેટ, ડેલિક્વેસ, *vi.* (L. *de* & *liquare* to melt) to melt. વાતાવરણની હવાથી ઓગળવું-પાણી થવું.

De-lir′i-um, ડિલિરિઅમ, *n.* (L. *de* & *lira* a furrow) disorder of mind. વા, ચાળો, બકવાટ, લવારો, સનેપાત.

De-liv′er, ડિલિવર, *vt.* (L. *de* & *libero* I free) release; hand over, utter. છોડવવું બચાવવું; આપવું, સોંપવું, સ્વાધીન કરવું; કહેવું,જણાવવું; છુટાછેડા-પ્રસવ કરાવવો.

De-liv′er-ance, ડિલિવરન્સ, *n.* release. છુટકો, છુટકારો, બચાવ.

Dell, ડેલ, *n.* (W.) a small valley. બે પહાડવચ્ચેની સાંકડી નહાની જગા-ખીણ-ખિંડ.

Del′ta, ડેલ્ટા, *n.* (Gr.) the Greek letter Δ; the space between 2 mouths of a river. ત્રિકોણાકાર એક યુનાની અક્ષર; નદીના બેમુખો વચ્ચેની જગા, મુખાબ.

De-lude′, ડિલ્યૂડ, *vt.* (L. *de* & *ludo* I play) to deceive, mislead. છેતરવું, ભોળવવું,મોહ-ભ્રાંતિમાં નાખવું.

Dove'tail, ડવટેલ, *vt.* to join by dovetail. સાલ બેસાડવું.

Dow'a-ger, ડૉવેજર, *n.* (L. *dos*) a widow with a jointure. જેને વિધવાંશ છે એવી વિધવા; મરનાર રાજા કે અમીરની વિધવાનો ખિતાબ. [*n.* sloven. ગંદો–મેલો માણસ.

Dow'dy, ડાઉડિ, *a.*(Scot.)slovenly. ગંદું, મેલું, ઢંગ વગરનું.

Dow'el, ડાઉએલ, *vt.* (Ger. *dobel* a peg) to fasten by pins. પાટિયાંને ખીલી કે મેખ મારી જડી લેવાં, જડવું.

Dow'er, Dow'ry, ડાઉર, ડાઉરિ, *n.* (L. *dos*) wife's portion. કન્યાદાન, પહેરામણી, વિધવાંશ.

Down, ડાઉન, *n.* (Ger. *dune*) soft feathers. રૂવાં–ટી, પર, કુમળા નિમાળા. (AS. *dun*) bank of sand. રેતીનો ડુંગર–ડગલો; ખરાબો, મેદાન. *pre.* from higher to low-

er. ઉપરથી નીચે,—માં, અંદર, મુખ્ય–બારાતરફ. *a.* proceeding from the chief terminus. મૂળ–મુખ્ય સ્ટેશનથી નિકળનારૂં *ad.* lower; from a remote time. નીચે, તળે, હેઠે; જૂના વખતથી. [નાશ.

Down'fall,ડાઉનફૉલ, *n.* a fall; ruin. ઘાધ–વો; પડતી,

Down'right, ડાઉનરાઈટ, *a.* open, plain. ખરેખરૂં, સાફ, છેક, તદ્દન. *ad.* in plain terms. ખુલ્લી–સાફ રીતે.

Dox-ol'o-gy, ડૉક્સૉલૉજિ, *n.* (Gr. *doxa* glory & *logos* speech) hymn of praise. ઈશ્વર ભજન–સ્તોત્ર.

Doze, ડોઝ, *n.* (*Dan dose*) light sleep. ઝોકફો–કું, અલ્પનિદ્રા, શુસ્તી. *vi. t.* to sleep lightly. ઝોકો ખાવો,—ને લહેર આવવી, ઉંઘ–શુસ્તી કાઢવું. [ડઝન.

Doz'en, ડઝન, *n. a.* (Fr. *douzaine*) twelve. બાર,

Drab, ડ્રબ, *n.* slut, wench. પાતર, કસબણ. *a.* pale brown. કોરાં–વગર ધોએલાં લૂગડાના રંગનું.

Draft, ડ્રૅફ્ટ, *n.* (AS. *droht*) a money order; a detachment; a writing composed; a sketch. હુંડી, ડરાફ; સીપાઈની ટુકડી; ખરડો, મુસદ્દો; ચિત્ર, નકશો. *vt.* to draw detach; to compose and write. આલેખવું,—નો નકશો કાઢવો;—નો ખરડો–મુસદ્દો કરવો. [ખેંચી લઈ જવું.

Drag, ડ્રૅગ, *vt.* (AS. *dragan*) to pull hard. ઘસડવું,

Drag'on, ડ્રૅગન, *n.* (Gr. *drakon*) a winged serpent. કલ્પિત ઉડતા સર્પ કે સરડાની જાતનું જનાવર.

Dra.goon', ડ્રગૂન, *n.*(Fr. *dragon* a carabine) a horse soldier. બંદુકથી લડનાર સ્વાર. *vt.* to persecute. ઉપર બળ—જુલમ કરવો.

Drain, ડ્રેન, *n.* (AS. *dren* drop) channel. મોરી, નીક, ગટર. *vt. i.* to draw off; exhaust; empty. માં—ઉપરથી પાણી નિકળી જાય એમ કરવું, ગાળવું; ખાલી કરી નાખવું.

Drake, ડ્રેક, *n.* a male duck. નર બતક.

Dram, ડ્રમ, *n.* (L. *drachma*) small quantity of spirits; 16th of oz. avoir. દારૂનો ઘૂંટડો; ઔંસનો ૧૬ મો ભાગ. [નાટક, રૂપક.

Dra'ma, ડ્રમા, *n.* (Gr. *drao* I act) a stage play.

Dra'per, ડ્રેપર, *n.* (Fr. *drap* cloth) seller of cloth. કાપડ વેચનાર, કાપડિયો. [કાપડિયાનો ધંધો; પહેરવેશ.

Dra'per-y, ડ્રેપરિ, *n.* cloth goods; hangings. કાપડ; પડદા;

Dras'tic, ડ્રસ્ટિક, *n.* (Gr. *drao* I act) purgative. આકરો જુલાબ—રેચ. *a.* violent. આકરૂં, સખત, કરડું.

Draught, ડ્રાફ્ટ, *n.* (AS. *droht*) rush of air; drunk at once; plan; number of fish caught; depth that ship sinks in water. વાયુનો આવતો પ્રવાહ; પીવું તે, ઘૂંટડો, ચિત્ર, નકશો; જાળમાં આવેલી માછલીની સંખ્યા; તરતું વહાણ પાણીમાં કેટલું ઉતરેલું છે તે. [ચિત્ર-કાઢનાર—પાડનાર.

Draughts'man, ડ્રાફ્ટસમૅન, *n.* one who draws. નકશો—

Draw, ડ્રા, *vt.* (see Drag) to allure; pull; extract. મન બુદ્ધિ થવી—જવી, લોભાવવું; ખેંચવું, ઘસડી લઈ જવું; લેવું, કાઢવું.

Draw'back, ડ્રૉબૅક, *n.* duty remitted; any loss. જકાત પરતના નાણાં; ખોટ–ડ, ખામી, અવરોધ.

Draw'bridge, ડ્રૉબ્રિજ, *n.* bridge to be drawn up or aside. ઉપાડ મૂકનો પૂલ. [હુંડી સિકારનાર ધણી.

Draw-ee', ડ્રૉઈ, *n.* one on whom a bill is drawn.

Draw'er, ડ્રૉઅર, *n.* one who draws a bill; a sliding box; *pl.* light trowsers. હુંડી લખનાર ધણી; વખારો, ખાનું; સુરવાલ, પાયજામો.

Draw'ing, ડ્રૉઇંગ, *n.* a sketch. ચિત્ર, નકશો.

Drawl, ડ્રૉલ, *vt. i.* (Dut *dradlen* to linger) to speak slowly. ધીમે ધીમે ચાંપીને બોલવું.

Dray, ડ્રે, *n.* (AS. *dragan* to draw) strong low cart. ભારે બોજો ભરવાનું નીચું ગાડું.

Dread, ડ્રેડ, *n.* (AS. *dradan*) terror. ભય, ધાસ્તી. *a.* awful. મોટું, ભયંકર. *vt. i.* to fear.–થી બીહીવું–ડરવું.

Dread'ful, ડ્રેડફુલ, *a.* terrible. ભયાનક, ઘોર.

Dream, ડ્રીમ, *n.*(AS. *dream* joy) thoughts in sleep; vain fancy. શમણું, સ્વપ્ન; શેખચલ્લી–સહી વિચાર–આશા. *vt.i.* to think in sleep; to fancy. સ્વપ્ન આવવું; ખોટા વિચાર કરવા–ઉડાવવા. [ઉદાસ, સુનકાર, દલગીરીનું.

Drear'y, ડ્રીરિ, *a.*(AS. *dreorig* bloody)dismal, gloomy.

Dredge, ડ્રેજ, *n.* (See Drag) oyster-net. કાલુ વગેરે માછલી પકડવાની જાળ. *vt.* to sprinkle. લોટ ભભરાવવો.

Dredg'er, ડ્રેજર, *n.* flour-box; fisher. ભભરાવવાનો લોટ રાખવાની પેટી; કાલુ પકડનાર. [રગડો, મેલ, કીટો.

Dregs, ડ્રેગ્ઝ, *n.*(Ger. *dreck* dirt) lees; refuse. કચરો,

Drench, ડ્રેચ, *vt.* (AS. *drincan* to drink) to wet thoroughly. પલાળી-ભિંજવી નાખવું.

Dress, ડ્રેસ, *n.* (Fr. *dresser* to arrange) clothes worn. પોશાક, વસ્ત્ર, લુગડાં, કપડાં. *vt.* to clothe; cook; tend wound; arrange. લુગડાં-ઘરેણાં પહેરાવવાં; રાંધવું; ને મલમ પટા કરવા; મિસલસર ગોઠવવું-ઉભું રાખવું.

Dress'er, ડ્રેસર, *n.* a kitchen table. ખાણું તૈયાર કરવાની મેજ-પાટ. [ટપકવું, ટીપાં પડવાં; મહોમાંથી લાળ ગળવી.

Drib'ble, ડ્રિબલ, *vi.* (see Drip) to fall in drops; slaver.

Drib'blet, ડ્રિબ્લિટ, *n.* a small sum. નહાની રકમ, કકડો કકડો, થોડું થોડું.

Drift, ડ્રિફ્ટ, *n.* (AS. *drif* a driving) design, heap. મતલબ, ધોરણ; વહો, પ્રવાહ, દબાણ; ઘસડાઈ આવેલા પદાર્થનો ઢગલો. *vt. i.* to float; drive in heaps. તણાઈ-ઘસડાઈ જવું;-નો ખેંચાઈ આવીને ઢગલો વળવો.

Drill, ડ્રિલ, *n.* (AS. *thyrl* pierced through) a boring tool. વહેં સારવાનું ઓજાર, સ્યારડી. *vt.* to bore; train soldiors. વહેપાડવો, સારવું, વિંધવું; કવાયત શિખવવી.

Drink, ડ્રિંક, *n.* (AS. *drincan*) liquor. પીવાનો પદાર્થ, પેય. *vt. i.* to swallow liquid. પીવું. [ટીપાં પડવાં.

Drip, ડ્રિપ, *vi.* (AS. *drypan*) to fall in drops. ટપકવું,

Drive, ડ્રાઈવ, *vt. i.* (AS. *drifan*) to urge; force. હાં-કવું, ચલાવવું; ફરજ પડવી; કોઈને બેસાડવું–ઘાલવું. *n.* ride in carriage. ગાડીમાં બેસી બહાર જવું તે. [spittle. લાળ.

Driv'el, ડ્રિવેલ, *vi.* (Icel. *drafa*) to slaver. લાળ ગળવી. *n.*

Driz'zle, ડ્રિઝલ, *vi.* (AS. *dreosan* to fall) to rain in small drops. ઝરમર ઝરમર વરસવું. [હસાવે એવું, મશ્કરું.

Droll, ડ્રોલ, *a.* (Fr. *drole* comical) laughable; odd.

Drom'e-dar-y, ડ્રોમેડરિ, *n.* (Gr. *dramo* I run) a camel with one haunch. ઉંટ, સાંઢણી.

Drone, ડ્રોન, *n.* (AS. *dran*) male bee; a sluggard. મધમાખીનો નર; હરામ ખાઉ, આળસુ પાડો.

Droop, ડ્રૂપ, *vi.* (Icel. *driupa* to lower the head) to languish; hang down. નબળું–લુલું પડી જવું; નમી જવું.

Drop, ડ્રૉપ, *n.* (AS. *dropa*) globule of liquid; a pendant. ટીપું, બુંદ, છાંટો; લોલક. *vi.* to fall in drops; to cease. ગળવું, ટપકવું, ખરવું; અટકી–બંધ પડવું. *vt.* to let fall; discontinue; send by post; utter briefly. નાખી દેવું; કાઢી નાખવું, મૂકી દેવું, બંધ પાડવું; ટપાલમાં લખી મોકલવું, કહી નાખવું, કરી દેવું.

Drop'sy, ડ્રૉપ્સિ, *n.* (Gr. *hydor* water & *ops* face) water in body. જળંધર, ઉદર રોગ.

Dross, ડ્રસ, *n.* (AS. *dros*) the scum of metals. ધાતુનો મેલ–કચરો.

Drought, ડ્રાઉટ, *n.* (AS. *drygge* dry) dry weather. સુકવણું, અનાવૃષ્ટિ. [ઢોરનું ટોળું-જથ, ટાંડો, હેડ.
Drove, ડ્રોવ, *n.* (See Drive) a number of cattle driven.
Drown, ડ્રાઉન, *vt.* (AS. *drincan* to drink) to stifle in water. ડુબાવી દેવું, બુડાડીને ગુંગળાવી-મારી નાખવું.
Drow'sy, ડ્રઉઝિ, *a.* (AS. *dreosan* to droop) sleepy, heavy. ઉંઘાકણું, ઉંઘણસી, ઉંઘ-સુસ્તી આવી જાય એવું, મંદ બુદ્ધિનું. [લાકડીએ મારવું, ઝુડવું.
Drub, ડ્રબ, *vt.* (AS. *drabba* to beat) to beat, thrash.
Drub'bing, ડ્રબિંગ, *n.* beating. લાકડી વડે મારવું તે, માર.
Drudge, ડ્રજ, *n.* (Ir. *drugaire* a slave) a slave. ગુલામ, વ્હેતરો, વેઠિયો. *vi.* to toil. મહેનતનું ને હલકું કામ-ગધા-વ્હેતરૂં-વેઠ-મજૂરી કરવી. [મજૂરી, વેઠ.
Drudg'er-y, ડ્રજરિ, *n.* hard labour, toil. સખત
Drug, ડ્રગ, *n.* (AS. *drigan* to dry) medicinal substance. વસાણું, ઓસડિયું; નખપનો માલ. [વેચનાર.
Drug'gist, ડ્રગિસ્ટ, *n.* a dealer in drugs. ગાંધી, વસાણાં
Drug'get, ડ્રગેટ, *n.* (Fr. *droguet*) coarse cloth. જાડું ઉનનું કાપડ. [અસલી કેલ્ટ લોકનો ધર્મ ગુરૂ.
Druid, ડ્રુઇડ, *n.* (Gr. *drus* an oak) Celtic priest.
Drum, ડ્રમ, *n.* (AS. *dream* music) musical instrument; part of ear. પડઘમ, ઢોલ; કાનનો પડદો. *vt.* to beat. પડઘમ વગાડવી.

Drunk, ડ્રંક, *a.* (see Drink) intoxicated. પીધેલ, છાકટું; ગરકાવ, નિગળતું. [પીવાની લતવાળું.
Drunk'ard, ડ્રંકર્ડ, *n.* one given to drink. છાકટો, બહુ
Dry, ડ્રાઈ, *a.* (AS. *dryge*) not green; not wet; not rainy; not giving milk; not interesting. સૂકું, શુષ્ક; કોરૂં; ઉઘાડતું; વગર દૂઝણું, ઉડી ગયલું; મઝા નપડે-લાગે એવું, નિરસ. *vt. i.* સૂકવવું, કોરૂં કરવું-પાડવું, સુકાવું.
Dry'ad, ડ્રાઇઍડ્, *n.* a woodnymph. વન દેવતા-દેવી.
Dry'goods, ડ્રાઈગુડ્ઝ, *n. pl.* cloths &c. કાપડ વગેરે માલ.
Dry'ness, ડ્રાઇનેસ, *n.* thirst, draught. કોરા-સુકા-રસ-રહિતપણું; સુકવણું, નાખુશી. [સળો.
Dry'rot, ડ્રાઈરૉટ્, *n.* a decay of timber. સળવું તે,
Dry'shod, ડ્રાઈશૉડ્, *a.* having the feet dry. કોરે પગે.
Du'al, ડ્યુઅલ, *a.* (Sans. *dvi.* two) expressing two. દ્વિવચન. [title. પદવી-ખિતાબ આપવો.
Dub, ડબ્, *vt.* (L. *adobare.* to arm) to confer a
Du'bi-ous, ડ્યૂબિઅસ, *a.* (L. *dubitare* to doubt) doubtful. શક ભરેલું-ભયએલું, અસ્પષ્ટ.
Du'cal, ડ્યૂકલ, *a.* (L. *dux* a leader) pertaining to duke. અમીરી, ડ્યૂકનું-સંબંધી.
Duch'ess, ડચેસ, *n.* wife of duke. ડ્યૂકની સ્ત્રી. [મુલક.
Duch'y, ડચિ, *n.* dominion of duke. ડ્યૂકના તાબાનો
Duck, ડક્, *n.* (Dut. *duiken* to stoop) a waterfowl.

બતક. (Sax. *dok*-cloth) canvas. એક જાતનું કાપડ. *vt.* to dip, dive, immerse; to stoop, nod. ડબોવી–ઝબકોળી કાઢવું; ડોકી હલાવવી–નમાવવી.

Duck'ing, ડકિંગ, *n.* immersion in water. પાણીમાં ડબકચુ ખવાડવી–ખાવી. [નળ–ળી, નલિકા, નસ, રગ, શિરા.

Duct, ડક્ટ, *n.* (L. *duco* I lead) a pipe; a passage.

Duc'tile, ડક્ટાઈલ, *a.* (L. *ducere* to lead) easily led; flexible. કહ્યાની અસર થાય–ગાળ્યું વળે એવું, વળકણું, નરમ; તાર ખેંચાય એવું.

Dudge'on, ડજન, *n.* (W. *dygen*) malice, ill-will. ઈતરાજી, ગેરમરજી, નાખુશી. (Ger. *degen* a sword) a small dagger. નહાનું ખંજર, કટારી.

Due, ડ્યુ, *n.* (L. *debeo* I owe) debt; right claim. લહેણું; દેવું; લવાજમ, હક, દાવો. *a.* owed, proper, owing to; exact; becoming. માગતું–ણું, લહેણું; આપવા–કરવાનું–જોગ; લીધે હોનારૂં–થનારૂં–થયલું; બરોબર, નક્કી કીધેલું, ઠેરવેલું; જોઈએ ઘટે એવું, વાજબી, યોગ્ય. [દ્વંદ્વ યુદ્ધ.

Du'el, ડ્યૂએલ્, *n.* (L. *duo* two) fight between two.

Du-et', ડ્યૂએટ્, *n.* music in 2 parts. બેને સાથે ગાવા વગાડવાનું, દ્વંદ્વ ગાયન. [આંચળ.

Dug, ડગ, *n.* (Dan. *dagge* to suckle) teat of beast.

Duke, ડ્યૂક, *n.* (L. *dux* a leader) noble of highest order. ઉંચામાં ઉંચી પદવીનો અમીર.

Dull, ડલ, *a.* (AS. *dol* erring) stupid; sad; dim; not merry; uninteresting; blunt. જડ, ઢોરજેવું; ઉદાસ; ઝાંખું; ચુપાચુપ બેઠેલાં એવું; રસ–મઝાવગરનું; બુઠી ધારનું.

Dull'ard, ડલર્ડ, *n.* a stupid person. બેવકુફ માણસ, બૂબક.

Du'ly, ડ્યૂલિ, *ad.* properly. બરોબર, હુકમમાણે, યોગ્ય રીતે–વખતે.

Dul'ness, ડલનેસ, *n.* stupidity. જડ–ઉદાસ–બુઠા–રસ-રહિતપણું, મંદમતી, સુસ્તી.

Dumb, ડમ, *a.* (AS.) mute, speechless. ગુંગું, મુગું, અ-વાચક, ચુપ, ગુપચુપ–બોલ્યા વગર કરેલું, નહી વાગતું.

Dumb'bells, ડમબેલ્ઝ, *n.* weights used for exercise. વિલાયતી મગદળ.

Dump, ડમ્પ, *n.* (Ger. *dumpf* gloomy) a gloomy state of mind. ઉદાસી.

Dump'ling, ડંપ્લિંગ, *n.* small pudding. લોટ, દૂધ ને બે-દાનો રસ મેળવી ફળ વગેરેને ગલેફવા કરેલો પદાર્થ, ખીરૂં.

Dump'y, ડમ્પિ, *a.* short & thick. બતકું, ડફ ફલ.

Dun, ડન, *a.* (AS. *dun* dusky) dark brown. તપખી-રિયા–બદામી–મેલા રંગનું, કાળું ભુરૂં, કળું ઢું. *n.* (AS. *dyne* thunder) pressing creditor; demand. લહેણાની કરડી ઉઘરાણી–તડાકો કરનાર; કરડી ઉઘરાણી, તગાદો. *vt.* to urge for a debt. સખત ઉઘરાણી કરવી.

Dunce, ડન્સ, *n.* a dullard. ઢોંઢો, પથ્થર, અક્કલનો દુશ્મન.

Dung, ડંગ, *n.* (AS.) excrement; manure. ગૂ, નર્ક, વિષ્ટા; છાણ, લાદ, લીંડી, હગાર.

Dun'geon, ડંજન, *n.* (Fr. *donjon* a castle-keep) a close prison. અંધારી કોટડી–કેદખાનું, કારા ગૃહ.

Dupe, ડ્યૂપ *n.* (Fr. *duper*) one easily deceived. ભોળવાઈ જાય એવું માણસ. *vt.* to cheat. ફસાવવું, ભોળવવું.

Du'pli-cate, ડુપ્લિકેટ, *n.* exact copy. બીજી નકલ. *a.* *vt.* double. બેવડું, બે ગણું, દ્વિગુણ, બેવડું કરવું.

Du'pli'ci-ty, ડુપ્લિસિટિ, *n.* deception. ફેલ, કપટભાવ.

Dur'a-ble, ડ્યુરબલ, *a.* (L. *durus* hard) lasting; constant. ટકાઉ, નિભ્ભર; જાથુ રહે એવું, સ્થિર, સ્થાવર.

Dur'ance, ડ્યુરન્સ, *n.* continuance; imprisonment. ટકવું તે, મુદત, આવરદા; કેદ, પહેરેજ.

Du-ra'tion, ડ્યુરેશન, *n.* length in time; power of continuance. રહેવું–પહોંચવું તે, મુદત; કહાંસગી રહેવું–મળવું એનો અખતિયાર.

Dur'ing, ડ્યુરિંગ, *pre.* in the course of. તેવામાં, સુધી- [માં, દરમિયાનમાં.

Dusk, ડસ્ક, *a.* (AS. *thystre* dark) darkish. આંધળું–ધુંધળું, ઝાંખું, કાળાસ પડતા રંગનું. *n.* twilight. ઝળઝળું, મ્હોં સૂજનું અજવાળું.

Dust, ડસ્ટ, *n.* (AS.) fine dry earth. ધૂળ, ગિરદ, રેણું, મઠોડો, રજ, ભૂકો, ચૂર્ણ. *vt.* to brush; sprinkle. ધૂળ સાફ કરવી–ખંખેરી–ઝાડી નાખવી; ભૂકો ભભરાવવો–નાખવો.

Dust'y, ડસ્ટિ, *a.* covered with dust. ધૂળ ધોયું–ભય, મેલું.

Du'ti-ful, ડ્યુટિફુલ, *a.* (See due) obedient. મર્યાદશીળ, સ્વધર્મપ્રમાણે ચાલનાર. [custom. ધર્મ, ફરજ; કામ; જકાત.
Du'ty, ડ્યુટિ, *n.* obligation; business, service; tax,
Dwarf, ડ્વાર્ફ, *n.* (AS- *dweorg*) a diminutive man. ઠીંગણું માણસ, વામનજી.
Dwell, ડ્વેલ, *vi.* (Icel. *dvel* to tarry) to live in; linger over. રહેવું, વસવું, મુકામ રાખવો; લંબાવવું, વિસ્તારવું, પલળી–તલ્લીન થઈ જવું.
Dwell'ing, ડ્વેલિંગ, *n.* residence. રહેઠાણ, વાસ, ઘર, મકાન.
Dwin'dle, ડ્વિંડલ, *vi.* (AS. *dwinan* to pine) to become less. નહાનું–ક્ષીણ–ઉતરતા ગુણનું થવું, લઘુતાને પામવું.
Dye, ડાઇ, *n. vt.* (AS. *deag* colour) a colour. રંગ. to give colour to રંગવું,–ને રંગ દેવો.
Dy'er, ડાયર, *n.* one who dyes. રંગરેજ, રંગનાર, રંગારો.
Dy'ing, ડાઇંગ, *ppr.* expiring. મરી જવું.
Dy-nam'ics, ડાઇનૅમિક્સ, *n.* (Gr. *dynamis* power) the science of moving forces. ગતિશાસ્ત્ર.
Dyn'as-ty, ડાઇનૅસ્ટિ, *n.* (Gr. *dynestes* a chief) line of kings. રાજવંશ.
Dys'en-ter-y, ડિસેન્ટરિ, *n.* (Gr. *dys* bad & *enteron* intestines) looseness of bowels. મરડો, આમ, આમાતિસાર.
Dys-pep'si-a, ડિસ્પેપ્સિયા *n.* (Gr. *dys* bad *pesso* I concoct) indigestion. અપચો, અજીર્ણ.

E.

Each, ઈચ, *a.* (AS. *a. aa* ever & *lic* like) every. પ્રત્યેક, હરેક, દરેક, અક્કેક.

Ea'ger, ઈગર, *a.* (L. *acer* sharp) ardently desirous. આતુર, તલપી રહેલું, ઉત્સુક, ઉત્કંઠિત.

Ea'gle, ઈગલ, *n.* (Fr. *aigle*) bird of prey. ગરૂડ પક્ષી.

Eag'let, ઈગ્લેટ્, *n.* a young eagle. ગરૂડપક્ષીનું બચ્ચું.

Ear, ઈર, *n.* (AS. *eare*) organ of hearing; attention; spike of corn. કાન, કર્ણ, શ્રવણેંદ્રિય; લક્ષ, ધ્યાન; ડુંડું, કણસું. *vi.* to form ears. કણસું ફુટવું–આવવું. [પદવી.

Earl, અર્લ, *n.* (AS. *eorl*) a title of nobility. અમીરી

Ear'ly, અર્લિ, *a.* (AS. *ar* before) in good time. વહેલું થયલું–આવેલું, વખત થયા અગાઉનું. *ad.* soon. વહેલું, જલદી, વખતસર. [merit. કમાવું, રળવું;–ને યોગ્ય થવું.

Earn, અર્ન, *vt.* (AS. *earnian*) to gain by labour; to

Ear'nest, અર્નેસ્ટ, *a.* (AS. *eornest*) eager, diligent; intent. આતુર, ઉત્સુક, ઉત્કંઠિત, એકાગ્રચિત્ત, તત્પર, ખરા મનનું. *n.* reality. ખરાપણું, ખરો ભાવ. (Fr. *ernes*) payment of parts in advance; token. બાનું; ચિન્હ, નિશાની.

Earth, અર્થ, *n.* (AS. *eorth*) mould; the world; land; country. માટી, મટોડી–ડું; પૃથ્વી, ધરતી; જમીન, ભૂમિ; દેશ. *vt.* to cover with soil. જમીનમાં સંતાડવું.

Earth'en, અર્થેન, *a.* made of clay. માટી–કાદવનું.

Earth'ly, અર્થલિ, *a.* pertaining to earth. પૃથ્વીપરનું, આ લોકનું, સંસારી.

Earth'quake, અર્થક્વેક, *n.* shaking of earth. ધરતી-ભૂમિ-ભૂકંપ.

Earth'y, અર્થિ, *a.* consisting of earth. માટી-મટોડીનું.

Ease, ઈઝ, *n.* (AS. *eath* gentle) freedom from pain, trouble, toil or the like; facility. ચેન, આરામ, સુખ, કરાર, કળ; સ્હેલાઈ, અનાયાસ. *vt.* to relieve; mitigate. આરામ આપવો, કાળજી મટાડવી, ચેન પાડવું; ઓછું-કમી કરવું.

Eas'el, ઇઝ્લ, *n.* (Gr. *esel* an ass) painter's frame. ચિતારાની ચિતરતી વખતે કાગળ મૂકવાની ઘોડી.

East, ઈસ્ટ, *n.* (Gr. *eos* the dawn) where the sun rises. પૂર્વ-ઉગમણી દિશા. *a. ad.* from or towards the sun. પૂર્વતરફનું.

East'er, ઈસ્ટર, *n.* (AS.) the feast of Christ's resurrection. ખ્રિસ્ટના પૂનરૂત્થાનનો ઉત્સવ.

East'ern, ઈસ્ટર્ન, *a.* in or from east. પૂર્વદિશાનું.

Ea'sy, ઈઝિ, *a.* free from pain; not hard; unresisting. સુખી, નિશ્ચિંત, શાંતિકારક; સહેલું, સુલભ; રાંકડું, ગરીબડું.

Eat, ઈટ, *vt. i.* (L. *edo* to eat) to take food; to corrode. ખાવું, ભક્ષ કરવું; ખાઈજવું-નાખવું.

Eat'a-ble, ઈટઅબલ, *a.* fit to eat. ખાવાજોગ-નું. *n.* any thing to eat. ખાવાની વસ્તુ.

Eaves, ઈવ્ઝ, *n. pl.* (Sax. *efese* the edge) edges of a roof. છાપરાની પાંખ, નેવ.

Ebb, એબ્, *n.* (AS. *ebba*) the reflux of the tide;

decline. ઓટ; પડતી દશા. *vi.* to flow back; decline ઓટ થવી, ભરતી ઉતરી જવી; ઉતરતી હાલત હોવી.

Eb'on-y, એબોનિ, *n.* (Gr. *ebenos*) અબનુસનું લાકડું.

E-bri'e-ty, ઈબ્રાઈઇટિ, *n.* (L. *ebrius* drunk) drunkenness. છાકટાપણું.

E-bul-li'tion, ઈબલિશન, *n.* (L. *ex* & *bullio* I boil) act of boiling. ઉકળવું તે, જોશ, ઉભરો, જુસ્સો.

Ec-cen'tric-al, એક્સેંટ્રિકલ, *a.* (L. *ex* & *centrum* the centre) deviating from the centre; irregular, odd. મધ્યબિંદુ ત્યાગી–એકનહિ તેવું; વિલક્ષણ, તરેહવાર.

Ec-cle-si-as'ti cal, એક્લિઝિઍસ્ટિકલ, *a.* (Gr. *ekkleeia* the church) relating to church. ખ્રિસ્તી ધર્મ–મંડળનું.

Ech'o, એકો, *n.* (L.) reflected sound. પડઘો, પ્રતિશબ્દ–ધ્વનિ. *vt. i.* to send back sound. પડઘો પડવો–થવો, ગાજી ઉઠવું. [plause. ભભકો, શોભા, રોનક; શાબાસી, વખાણ.

E-clat', ઈક્લા, *n.* (Gr. *klas* I break) splendour, ap-

Ec-lec'tic, એક્લેક્ટિક્, *a.* (Gr. *ek* out & *lego* I choose) selecting. ચૂંટી કાઢનારૂં–વાનું, વિવેચન કરનારૂં.

E-clipse', ઈક્લિપ્સ, *n.* (Gr. *ek* out & *leipo* I leave) obscuration of a heavenly body. ગ્રહણ. *vt.* to darken. ગ્રસવું, તેજ ક્ષય કરવું, આંખ નાખવું, ફીકું–ઝાંખું પાડવું.

E-clip'tic, ઈક્લિપ્ટિક્, *n.* the apparent path of the sun. સૂર્ય ફરતો દેખાયછે તે માર્ગ; ક્રાંતિવૃત્ત–મંડળ.

E-con'o-my. ઈકૉનૉમિ, *n.* (Gr. *oikos* a house & *nomos* a law) frugality; good management. કરકસર, મિતવ્યય, નીતિનો ખર્ચ; ઘરખર્ચની વ્યવસ્થા, બંદોબસ્ત, કારભાર, વહિવટ, ધર્મવિધિ, નીતિ.

Ec'sta-sy, એક્સ્ટસિ, *n.*(Gr. *ek* aside & *stasis* a standing) great joy; enthusiasm. અત્યાનંદ; તલ્લીન અવસ્થા.

Edd'y, એડિ, *n.* (Icel. *yda* a whirlpool) a whirlpool. વમળ, ભમર, વાવંટોળ, પાણીનો પાછો મારતો ઓઘ.

Edge, ઍજ્, *n.* (Gr. *ake* a point) sharp side; brink; acrimony. ધાર, વહાણ; કોરણ, કિનારો, પાળ; તીવ્રતા, તીક્ષ્ણતા. *vt.* to sharpen; border; incite; move by little. ધાર કાઢવી; મગજી—કીનારી મૂકવી; ઉશ્કેરવું; ધીરે ધીરે ખસેડવું.

Edg'ing, ઍજિંગ, *n.* border, trimming. ફેંટાળ, મગજી, કોર.

Ed'i-ble, એડિબલ, *a.*(L. *edo* I eat) eatable. ખાવા ચોગ્ય.

E'dict, ઈડિક્ટ, *n.* (L. *e* out & *dico* I say) law; decree. આજ્ઞા, હુકમ. [building. ઈમારત, હવેલી, મહેલ.

Ed'i-fice, એડિફિસ, *n.* (L. *ædes* a house & *facio*)

Ed'i-fy, ઍડિફાઈ, *vt.* improve, instruct. —નો સુધારો કરવો, શિક્ષા—તાલીમ આપવી, નીતિ—પરમાર્થજ્ઞાન વધારવું.

Ed'it, એડિટ્, *vt.* (L. *e* & *do* I give) to prepare for publication. છાપી મગટ કરવું, પુસ્તક રચવું, છપાતાં પુસ્તક વગેરેપર ચોકસાઈ રાખવી.

E-di'tion, એડિશન, *n.* number of copies printed at once. આવૃત્તિ, મત; છપાવી મગટ કરવું તે.

Ed'i-tor, એડિટર, *n.* one who prepares for publication. ગ્રંથ પ્રગટ કરવા તપાસી તૈયાર કરનાર, અધિપતિ.

Ed'u-cate, એડ્યુકેટ, *vt.* (L. *e* & *duco* I lead) to bring, to teach. કેળવવું, શિખવવું,–ની મન શક્તિ–ગુણ પ્રકાશ પામે એમ કરવું. [વણી, શિક્ષા.

Ed-u-ca'tion, એડ્યુકેશન, *n.* instruction. તાલીમ, કેળ-

Ef-face', એફેસ, *vt.* (L. *ex* & *facies* face) to blot out. ભૂસી–લૂછી–છેકી નાખવું; મનમાંથી કાઢી નાખવું.

Ef-fect', એફેક્ટ, *n.* (L. *ex* & *facio* I do) consequence, result; impression; purpose. પરિણામ, અસર, ફળ; અભિપ્રાય, મતલબ. *pl.* goods. માલમતા, સામાન, અસબાબ. *vt.* to produce; accomplish. કરવું,–નીપજવું, સાધવું, સંપાદન કરવું, પારપાડવું. [ગુણકારી, કાર્યસાધક, કામનું.

Ef-fect'ive, એફેક્ટિવ, *a.* fit for service. અસરકારક,

Ef-fect'u-al, એફેક્ચૂઅલ, *a.* producing effect. સફળ, સાર્થક, અસરકારક.

Ef-fem'in-ate, એફેમિનેટ, *a.* (L. *ex* & *femina* a woman) unmanly; womanlike. બાયલો, નામર્દ; સ્ત્રી સરખું, કોમળ, નરમ. [bubble up. ખદખદવું, ઉભરો આવવો.

Ef-fer-vesce', એફરવેસ, *vi.* (L. *ex* & *ferveo* I boil) to

Ef-fete', એફીટ, *a.* (L. *ex* & *foetus* offspring) barren; worn out. શક્તિહીન, નિષ્ફળ; ખખળી–ઘસાઈ ગયલું.

Ef'fi-ca-cy, એફિકસિ, *n.* (L. *ex* & *facio* I do) power to produce. ગુણ, અસર, તેજ, બળ, કાર્યસિદ્ધિ.

Ef'fi-gy, એફિજી, *n.* (L. *ex* & *fingo* I form) image, likeness. બાહુલું, પુતળું, પ્રતિમા, મૂર્તિ. [bad smell. દુર્ગંધ.
Ef-flu'vi-um, એફ્લુવિઅમ, *n.* (L. *ex* & *fluo* I flow)
Ef'flux, એફ્લક્સ, *n.* a flowing out. વહીનિકળવું તે, પ્રવાહ.
Ef'fort, એફર્ટ, *n.* (L. *ex* & *fortis* strong) exertion, endeavour. મહેનત, પ્રયત્ન.
Ef-front'er-y, એફ્રંટરિ, *n.* (L. *ex* & *frons* the forehead) impudence. નિર્લજ્જપણું, નફ્ફટાઈ.
Ef-ful'gence, એફલજન્સ, *n.* (L. *ex* & *fulgeo* I shine) a flood of light. અતિશય પ્રકાશ, તેજ, ચળકાટ.
Ef-fu'sion, એફ્યુશન, *n.* (L. *ex* & *fundo* I pour) a pouring out. રેડવું, રાખ્ડોના રેડ. [ઈંડું, બેદું, અંડ.
Egg, એગ, *n.* (L. *ovum*) body laid by female bird.
Egg'plant, એગપ્લૅંટ, *n.* a solanum. વેંગણનો છોડ, વેંગણી.
E'go-tist, એગોટિસ્ટ, *n.* (L. *ego* I) lover of self. હુંપદવાળું, અહંવાદી, બડાઈખોર—હાંકનાર, આપવડાઈ કરનાર.
E-gre'-gi-ous, ઇગ્રિજિઅસ, *a.* (L. *ex* & *grex* a flock) extraordinary. અદ્દલ, મહોટું, ભારે, જબરૂં. [બહાર જવું તે.
E'gress, ઇગ્રેસ, *n.* L. *ex* & *gradior* I go) going out.
Ei'ther, આઇધર, *a. pro.* (AS. *ægther*) one or the other; each. આ કે તે, કોઈપણ, ગમેતે, બેમાંનું એક.
E-jac-u-la'tion, ઈજેક્યુલેશન, *n.* (L. *e* & *jacio* I throw) a short prayer. ઉદ્ગાર રૂપ પ્રાર્થના.

E-ject', ઇજેક્ટ, *vt.* to cast out; dispossess. બહાર ફેંકવું, કાઢી નાખવું-મેલવું, બરતરફ કરવું; કબજો લઇ લેવો, મૂકી દેવડાવવું.

E-ject'ment, ઇજેક્ટમેંટ, *n.* a writ to gain possession. ગણોતિયા કે ભાડુત પાસે કબજો મૂકાવવાની ફરિયાદી.

Eke, ઈક, *vt.* (AS. *eacan*) to increase. વધારવું, વૃદ્ધિ કરવી, પૂરવું, પૂરૂં પાડવું, ઉમેરવું. *ad.* besides. વળી.

E-lab'o-rate, ઇલૅબોરેટ, *vt.* (L. *ex* & *laboro* I labour) to produce with labour. શ્રમ-મહેનતથી તૈયાર કરવું. *a.* finished with labour. શ્રમથી કીધેલું.

E-lapse', ઇલૅપ્સ, *vi.* (L. *e* & *lapsus* to slide) to pass away. ગુજરવું, વિતવું, વહિ જવું, જવું, થવું.

E-last'ic, ઇલૅસ્ટિક, *a.* (Ar. *lastik* spring) having elasticity. સ્થિતિ સ્થાપક, કમાનની ખાસિયતનું.

E-late', ઇલેટ, *vt.* (L. *ex* & *latum* to carry) to puff up. ફુલાવવું, ચઢાવવું.

E-lat'ed. ઇલેટેડ, *a.* puffed, flushed. ચઢી-છકી ગયલું.

El'bow, એલ્બો, *n.* (AS. *eln* an ell & *boga* a bow) bend of arm. કોણી, કોપરિયું. *vt.* to push. કોણીથી ધકેલવું.

El'der, એલ્ડર, *n.* (L. *alo* I nourish) older person; ancestor. વડીલ, ગુરૂજન, પુખ્ય-વૃદ્ધ માણસ; પૂર્વજન, બાપદાદા. *a.* senior. મહોટું, વડું, જ્યેષ્ઠ

El'dest, એલ્ડેસ્ટ, *a.* oldest. સર્વથી વડું-મહોટું.

E-lect', ઇલેક્ટ, *vt.* (L. *e* & *lego* I choose) to prefer,

choose. પસંદ કરવું, ચુંટી-વીણી કાઢવું. *n.* one chosen. પસંદ કરેલું માણસ. *a.* chosen. પસંદ કરેલું, ચુંટિ કાઢેલું.

E-lec′tion, ઇલેક્શન, *n.* choosing, choice. પસંદગી, નેમણુંક, પસંદ કરવાની સત્તા-અધિકાર, ઇચ્છા, મરજી, ખુશી. [કરનાર.

E-lect′or, ઇલેક્ટર, *n.* one who chooses. પસંદ-નેમણુંક

E-lec′tric, ઇલેક્ટ્રિક, *a.* (Gr. *elektron* amber) containing electricity. વીજળીનું-વાળું-થી થયલું.

E-lec-tric′it-y, ઇલેક્ટ્રિસિટિ, *n.* natural force akin to lightning. વીજળી, વીજ, વિદ્યુત, વિજળીની વિદ્યા.

E-lec′tri-fy, ઇલેક્ટ્રિફાઇ, *vt.* to affect with electricity; to astonish. વીજળીથી ભરવું, વીજની અસર લગાડવી; એકાએક અતિ હોંસ ઉત્પન્ન કરવી.

El′e-gance, એલિગન્સ, *n.* (L. *eligo* I choose) grace; refinement. શોભા, રૂપ, સૌંદર્ય; સફાઈ, પદલાલિત્ય, પ્રૌઢપણું.

El′e-gant, એલિગંટ, *a.* pleasing; refined. સુંદર, ખુબસુરત, રૂપવાન; રસીક, લાવણતાવાળું, વિવેકી, પ્રૌઢ, સાલંકાર, સુરસ.

El′e-gy, એલિજી, *n.* (Gr. *elegos* a lament) sorrowful poem. શોક ગીત, રાજીયો, પરજીયો, શોકસૂચક કવિતા.

El′e-ment, એલિમેંટ, *n.* (L. *elementum*) first principle; rudiment. મૂળ, તત્ત્વ, મૂળતત્ત્વઅંશ-ભાગ, પંચમહાભૂત; મૂળપીઠિકા; સ્વસ્થાન, સ્વધામ, વિષય.

El′e-phant, એલિફંટ, *n.* (Gr. *elephas*) the largest quadruped. હાથી, હસ્તી, ગજ.

El'e-vate, એલિવેટ, *vt.* (L. *e* & *levo* I raise) to lift up; cheer. ઉંચું કરવું, ઉંચે દરજ્જે ચઢાવવું; ઉત્તેજન–હિંમત આપવી; સારી સ્થિતિમાં લાવવું,–નો ઉદય કરવો.

El-e-va'tion, એલિવેશન, *n.* act of raising; height. ઉંચું કરવું–ચઢાવવું તે, ઉદય; ઉંચાઈ–ણ.

Elf, એલ્ફ, *n.* (AS. *ælf*) fairy, spirit. પીશાચ, ભૂત.

E-lic'it, ઈલિસિટ્, *vt.* (L. *e* & *lacio* I entice) to draw forth. ખોળવું, શોધી કાઢવું. [લાયક, ઉપયોગી, પસંદ કરવા જોગ.

El'i-gi-ble, એલિજીબલ, *a.* (see Elect) fit, suitable.

El-i-gi-bil'i-ty, એલિજીબિલિટિ *n.* fitness to be chosen. પસંદ થવાની લાયકી–ગુણ.

E-lim-i-na'tion, ઈલિમિનેશન, *n.* (L. *ex* & *limen* threshold) act of expelling or throwing off. ઉરાડવું–પડતું મેલવું તે. [સારામાંસારો–ઉત્તમછે તે.

E-lite', ઇલીટ, *n.* (L. *e* & *lego* I choose) the best part.

Ell, એલ, *n.* (AS. *eln*) 45 inches. સવા વાર, ૪૫ ઇંચ.

El-lipse', એલિપ્સ, *n.* (L. *ellipsis*) oval figure. દીર્ઘ વર્તુલ, અંડાકૃતિ. [or phrase. અધ્યાહાર, પદન્યુનતા.

El-lips'is, એલિપ્સિસ, *n.* the omission of a word

El-o-cu'tion, એલોક્યુશન, *n.* (L. *e* & *loquor* I speak) manner of speaking. બોલવાની ઢબ, ભાષણ કરવાની છટા, વક્તૃત્વ. [out in length. લંબાવવું, લાંબું કરવું.

E-long'ate, ઈલૉંગેટ, *vt.* (L. *e* & *longus* long) to draw

E-lope', ઈલોપ, *vi.* (Sax. *hleapan* to leap) to run away. નિકળી જવું, યારસાથે જતું રહેવું.

El'o-quence, એલોક્વન્સ, *n.* (L. *e* & *loquor* I speak) power of speech. સુભાષણ,વક્તાપણું, વાક્ચાતુર્ય, વક્તૃત્વ.

Else, એલ્સ, *a. pro.* (*alias*) other, different. બીજું, અન્ય. *ad.* beside; otherwise. સિવાય; નહિતો.

Else'where, એલ્સઉહ્વેર, *ad.* in any other place. બીજે ઠેકાણે–કહીં, અન્યત્ર. [plain. સ્પષ્ટ–સમજપડે એવું કરવું.

E-lu'cid-ate, ઈલ્યુસિડેટ, *vt.*(L. *e* & *lucis* light) to ex-

E-lude', ઈલ્યૂડ, *vt.* (L. *e* & *ludo* I play) to evade, baffle. ચુકવવું, ટાળવું, ચોરવવું.–થી ગુપ્ત રહેવું,–નો થાક ન લાગવો. [unmixed happiness. સ્વર્ગ, સુખ–આનંદસ્થાન.

E-lys'i-um, ઈલિઝિઅમ, *n.* (Gr. *elysion*) a place of

E-ma'ci-ate, ઈમેશિયેટ, *vi.* (L. *e* & *macio* I make lean) to lose flesh. સુકાઈ–ગળાઈ–સેવાઈ જવું, હાડકાં કાઢવાં. [or issue from. નિકળવું, ઉત્પન્ન થવું.

Em'a-nate, એમેનેટ, *vi.* (L. *e* & *mano* I flow) to flow

E-man'ci-pate, ઈમૅન્સિપેટ, *vt.* (L. *e*, *manus* the hand & *capio* I take) to set free. ગુલામગીરી–બંધનમાંથી છોડવવું; છુટું–સ્વતંત્ર કરવું.

Em-balm', એમબામ, *vt.* (Fr. *em* in & *baume*) to preserve with spices. ન સડે માટે મસાલો–સુગંધદ્રવ્ય ભરવાં, મમતાથી યાદ રાખી મૂકવું.

Em-bank'ment, એમ્બૅંકમેંટ, *n.* (See Bank) mound, raised bank. પુશ્તો, બાંધ, પાટ.

Em-bar'go, એમ્બાર્ગો, *n.* (Sp. *em* & *barra* a bar) order not to leave port. બંદર આગળથી વહાણ હંકારવાની બંધી–મના, પ્રતિબંધ.

Em-bark', એમ્બાર્ક, *vt. i.* (Sp. *en* & *barca* a boat) to enter on board; to engage in. વહાણપર ચઢાવવું–ચઢવું–જવું; નાખવું, સામેલ કરવું, પડવું, માથે લેવું, હાથ ઘાલવો.

Em-bar'rass, એમ્બૅરૅસ, *vt.* (Fr. *em* & *barra* a bar) to perplex. ગુંચવવું, ગભરાવવું, પૈસાની ભીડ-તંગીમાં આણવું.

Em'bas-sy, એમ્બસિ, *n.* (L. *ambascia*) minister & suite at foreign court. એલચી, વકીલ, એલચીવર્ગ–ગીરીનું ઘર–કચેરી.

Em-bel'lish, એમ્બેલિશ, *vt.* (L. *bellus* pretty) to adorn. શણગારવું. સુશોભિત કરવું.

Em'bers, એમ્બર્ઝ, *n.* (AS. *æmyrie*) residue of fire. રાખમાનો ઝીણા અંગારા, ભુમરેટ.

Em-bez'zle, એમ્બેઝલ, *vt.* (L. *bezzle* to drink hard) to apply money to own use. ખાઈજવું, ઉચાપત–ઓળઈયાં કરી જવું, પચાવી પડવું.

Em'blem, એમ્બ્લેમ, *n.* (Gr. *em* & *ballo* I cast) type. નિશાની, ચિન્હ, લક્ષણ.

Em-bod'y, એમ્બૉડિ, *vt.* (*em* in & body) to form into a body. એકઠું કરવું, એક ઠેકાણે આણવું.

Em-bold'en, એમ્બોલ્ડન, *vt.* (*em* to make & bold) to encourage. ધિરજ–હિંમત આપવી, છાતીવાળું કરવું.

Em-boss', એમ્બૉસ, *vt.* (L. *em* & boss) to cover with raised work. ઉપસી નિકળે એવી આકૃતિ પાડવી, નકસીદાર કરવું.

Em-brace', એમ્બ્રેસ, *vt.* (L. *brachium* arm) to clasp; accept; include. ભેટવું, કોટી-આલીંગન કરવું; સ્વીકારવું, અંગીકાર-કબૂલ કરવું;-નો સમાવેશ થવો,-માં આવવું-માવું; ઘેરવું, ઘેરી લેવું. *n.* clasp. કોટી, બાથ. [તોપની બારી, જંગી.

Em-bra'sure, એમ્બ્રેશર, *n.* (Fr.) opening for cannon.

Em-bro-ca'tion, એમ્બ્રોકેશન, *n.* (Gr. *em* & *brecho* I wet) lotion. ચોળવાનું ઓસડ, ચોળવું-ચોપડવું તે.

Em-broid'er, એમ્બ્રૉઇડર, *vt.* (*em* & E. *broider*) to adorn with needle-work. ઉપર ભરત ભરવું-વેળ-બુટા કાઢવા. [together) to trouble. ગુંચવણમાં નાખવું.

Em-broil', એમ્બ્રૉઇલ, *vt.* (Fr. *en* & *brouiller* to mix

Em'bry-o, એમ્બ્રિઓ, *n.* (Gr. *em* in & *bryo* I swell) rudiments of animal, &c. તરતનો રહેલો-કાચો ગર્ભ-ગાભ, મૂળબીજ, મૂળાંકુર. [correction. ભૂલનો સુધારો.

E-mend-a'tion, ઈમેન્ડેશન, *n.* (L. *e* & *mendum* a fault)

Em'er-ald, એમરલ્ડ, *n.* (L. *smaragdus*) a green precious stone. પાનું, લીલમ, લીલું મણી.

E-merge', ઈમર્જ, *vi.* (L. *e* & *mergo* I dip) rise out of, come forth. માંથી નિકળવું-બહાર આવવું, પાસું દેખાવું.

E-mer'gen-cy, ઇમર્જન્સિ, *n.* sudden occasion; ex-

treme need. ઓચિંતો બનાવ-પ્રસંગ; જરૂર, અગત્ય તરત ઉપાય લેવો જોઈએ એવો બનાવ.

E-met'ic, ઈમેટિક્, *a.* (Gr. *emeo* I vomit) producing vomiting. ઓકાવે-ઉલટી કરાવે એવું. *n.* a drug causing vomit. ઉલટી-વાંતિનું ઓસડ.

E-meute', ઇમ્યૂટ, *n.* (L. *emotum* to stir up) a riot, [હુલડ, બખેડો, ફિસાદ.

Em'i-grant, એમિગ્રંટ, *n.* (L. *e* & *migro* I remove) settler. સ્વદેશ ત્યાગ કરી-દેશાંતર ગયલું માણસ.

Em'i-grate, એમિગ્રેટ, *vi.* to go from one country to another. સ્વદેશ છોડી પરદેશ રહેવા જવું.

Em'i-nence, એમિનન્સ, *n.* (L. *e* & *mineo* I jut) high ground; distinction. ઉંચાણ, ઉંચી જગા; મહોટાઈ, પ્રતિષ્ઠા, મહોટી પદવી, પ્રખ્યાતી.

Em'i-nent, એમિનંટ, *a.* high; exalted; remarkable. ઉંચું; ભારે, શ્રેષ્ઠ, મહોટી પદવી-દરજ્જાનું; પ્રસિદ્ધ, નામાંકિત.

Em'is-sar-y, એમિસરિ, *n.* (L. *e* & *mitto* I send) secret agent. ગુપ્ત દૂત, જાસુસ, ભેદુ. [નિકળવું.

E mit', ઈમિટ, *vt.* to send out. મોકલવું, કાઢવું,-માંથી

Em'met, એમેટ્, *n.* (A.S. *æmete*,) an ant. કીડી, મંકોડો.

E-mol'li-ent, ઈમોલિઅંટ, *a.* (L. *e* & *mollio* I soften) softening. નરમ-પોચું-સુંવાળું કરનારૂં.

E-mol'u-ment, ઈમૉલ્યુમેંટ, *n.* (L. *e* & *molior* I exert) profit, gain; advantage. પેદાશ, આવક, નફો, લાભ.

E-mo'tion, ઇમોશન, *n.* (L. *e* & *moveo* I move) excitement, agitation of mind. મનોવિકાર–ભાવ–વૃત્તિ, ચિત્તવૃત્તિ; ઉદ્વેગ, વ્યગ્રતા.

Em-pale', એમ્પેલ, *vt.* (L. *in* & *palus* a stake) to shut in; fix on stake. પૂરવું, બંધ કરવું, ગોંધવું; સૂળીદેવી.

Em'per-or, એમ્પરર, *n.* (L. *impero* I command) sovereign of empire. શહેનશાહ, રાજાધીરાજ.

Em-phat'ic, એમ્ફેટિક, *a.* (Gr. *en* & *phaino* I show) strong, energetic. જોરવાળું-મૂકવા જોગ, જોર–ભારથી બોલેલું.

Em'pire, એમ્પાયર, *n.* (See Emperor) supreme power; emperor's domain. બાદશાહની હકુમત–સત્તા; [ચક્રવર્તિ રાજ્ય.

Em-pir'ic, એમ્પિરિક, *n.* a quack. ઉંટવૈદ.

Em-ploy', એમ્પ્લૉય, *vt.* (L. *in* & *plico* I fold) to use; engage; keep busy. કામે લગાડવું–લેવું, વાપરવું, ચાકરીમાં રાખવું, ઠરાવવું, કરવું; ઉદ્યોગમાં રહેવું, રોકાવું, ગુંથાવું. *n.* business; service. કામ, ઉદ્યમ, ધંધો; ચાકરી, નોકરી.

Em-ploy-ee', એમ્પ્લૉયે, *n.* one who is employed. નોકરીમાં રાખેલું માણસ, નોકર. [ગાર, ચાકરી, કામમાં લેવું તે.

Em-ploy'ment, એમ્પ્લૉયમેંટ, *n.* occupation. ઉદ્યોગ, રોજ-

Em-po'ri-um, એમ્પોરિઅમ, *n.* (Gr. *em* & *poros* a way) a mart. વેપારનું મથક, મુખ્ય બંદર.

Em-pow'er, એમ્પાઉર, *vt.* (*em* & power) to authorize. સત્તા–અધિકાર આપવો. [an emperor. મહારાણી.

Em'press, એમ્પ્રેસ, *n.* (See Emperor) consort of

Emp'ty, એમ્પટિ, *a.* (AS. *æmtig*) void; untenanted. ખાલી, ઠાલું, પોકળ, અમથું; ઉજડ, શૂન્ય. *vt.* *i.* to exhaust. ખાલી કરવું–થવું.

Em-pyr'e-al, Em-pyr'e-an, એમ્પિરિઅલ, એમ્પિરિઅન. *a.* (Gr. *empyros* in fire) formed of pure fire or light; of highest and purest heaven. અગ્નિ–તેજનું બનેલું, તેજોમય; સત્ય લોકનું, દીવ્ય, અતિસ્વચ્છ.

Em'u-late, એમ્યુલેટ, *vt.* (L. *æmulus* striving with) to vie with. –ની બરોબરી–સરસા સરસી કરવી.

Em-u-la'tion, એમ્યુલેશન, *n.* rivalry; contention. સરસા સરસી, સ્પર્ધા; હોંસાતોંસી.

En-a'-ble, એનેબ્લ, *vt.* (L. *en* to make & able) to make able;authorize.શક્તિવાન કરવું;અખતિયાર આપવો.

En-act', એનઍક્ટ, *vt.* (L. *en* & act) to make into a law; to perform. કાયદો બાંધવો, ઠરાવ કરવો, કરવું, સાધવું.

En-act'ment, એનૅક્ટમેંટ, *n.* a passing of a bill into a law. પસાર થઈ કાયદો થવો તે, કાયદો, ધારો.

En-am'el, એનૅમલ, *n.* (Fr. *email*) a substance imperfectly vitrified; substance on teeth. કાચજેવી વસ્તુ, મીનો; દાંતપરની લીસી કઠણ પોપડી.

En-am'our, એનૅમર, *vt.* (L. *in* & *amor* love) to inflame with love, make fond. આશક થઈ–મોહી પડવું.

En-camp',એનકૅંપ,*vt. i.*(Fr.*en* & camp) to pitch tents. ડેરા તંબુ મારવા–તાણવા, મુકામ–પડાવ નાખવો, છાવણી કરવી.

En-chain', એન્ચેન, *vt.* (*en* & *chain*) to fasten with or hold in a chain. સાંકળે બાંધવું, જોડવું, ગાંઠવું, ખૂબબેચી રાખવું.

En-chant', એન્ચૅંટ, *vt.* (L. *en* & *canto* I sing) to charm. મંતર મારવું, જાદુ-વશી કરણ-મોહિત કરવું. [મોહિની, જાદુ.

En-chant'ment, એન્ચૅંટમેંટ, *n.* fascination; spell.

En-cir'cle, એનસર્કલ, *vt.* (L. *en* & circle) to enclose. ઘેરવું, ઘેરી-વીંટી લેવું, ભેટવું.

En-close', એન્ક્લોઝ, *vt.* (L. *in* & *claudo* I shut) to surround; shut; envelope. ઘેરી લેવું, વાડ બાંધવી-કરવી-થી જુદું પાડવું; પેટીમાં બંધ કરવું-ઘાલવું, પરબીડિયામાં બીડવું.

En-co'mi-um, એનકોમિઅમ, *n.* (Gr. *en* & *komos* festivity) praise, panegyric. વખાણ, તારીફ.

En-com'pass, એનકમ્પસ, *vt.* (*en* & compass) to inclose. ઘેરી લેવું, ઘેરો ઘાલવો. [once more, again. ફરીથી, પાછું.

En-core', એનકોર, *ad.* (It. *anche also* & *ora* now)

En-count'er, એનકૌંટર, *vt.* (L. *in* & *contra* against) to meet. સામસામા આવી જવું, લડવું. *n.* meeting; combat. મેળાપ, મુલાકાત, ભેટ; યુદ્ધ.

En-cour'age, એનકરેજ, *vt.* (Fr. *en* & courage) to incite. હિંમત-ઉત્તેજન-ટેકો આપવો.

En-croach', એનક્રોચ, *vi.* (Fr. *croc* a hook) to intrude on. પારકાના હક-હદપર હાથ નાખવો, ગેરવાજબી રીતે ઘુસવું, પગપેસારો કરવો,-પર ખસતું આવવું-જવું.

En-cum'ber, એનકંબર, *vt.* (L. *incombare* to hinder)

to impede; load with debts. ભારથી અડચણ કરવી–પ-ડવી, અટકાવવું; ડુબાવી દેવું, સાનમાં–ગીરો લખી આપવું.[બોજો.

En-cum'brance, એન્કંબ્રન્સ, *n.* hindrance. અડચણ, પીડા,

En-cyc'li-cal, એન્સાઈક્લિકલ, *a.* (Gr. *en* & *kuklos* a circle) sent to many persons or places. ઘણી જગાએ–માણસપર મોકલેલું.

En-cy-clo-pe'di-a, એન્સાઈક્લોપીડિયા, *n.* (Gr. *en*, *kuklos* & *paideia* education) the circle of sciences. સર્વ વિદ્યા સંગ્રહ કોશ, વિદ્યા ચક્ર–માળા–વળી.

End, એંડ, *n.* (As. *ende*) extreme point; close; object; death. અંત, છેડો; સમાપ્તિ શેવટ, પાર; અભિપ્રાય, મતલબ; નાશ, લય, મોત. *vt.* to finish; to put to death. પૂરૂ કરવું, છેડો લાવવો; મારી નાખવું.

En-dan'ger, એંડેન્જર, *vt.* (*en* in & danger) to bring into peril. ભય–જોખમમાં નાખવું..

En-dear', એંડિઅર, *vt.* (*en* to make & dear) to render dear. પ્રિય–વહાલું કરવું,–થી પ્યારૂં લાગવું.

En-deav'our, એંડેવર, *n.* (Fr. *en* in & *devoir* duty) effort, attempt. મહેનત, કોશીશ. *vi.* to try. પ્રયત્ન કરવો.

En-dow', એંડાઉ, *vt.* (Fr. *en.* & *douer*) to settle on; indue. સ્ત્રીને પલ્લું–મિલકત આપવી, વર્ષાસન કરી આપવું; આપવું, સંપન્ન–યુક્ત કરવું.

En-dure', એંડ્યૂર, *vt.* (L. *in* & *durus* hard) to last, remain; suffer. રહેવું, ટકવું, નિભવું; સોસવું, ખમવું.

En′emy, એનિમિ, *n.* (L. *in* not & *amicus* a friend) a foe. શત્રુ, વેરી, સેતાન. [vigorous. જબરૂં, ગુણકારી, મહેનતુ.
En-er-get′ic, એનરજેટિક્, *a.* (Gr. *en* in & *ergon* work)
En′er-gy, એનરજિ, *n.* power; spirit, શક્તિ, જોર; ઉદ્યોગ–મ, શ્રમ; જુસ્સો, જીવ, દમ. [to weaken. નિર્બલ–નિર્વીર્ય કરવું.
E-ner′vate, ઈનરવેટ, *vt.* (L. *e* out of & *nervus* a nerve)
En-fee′ble, એનફીબલ, *vt.* (*en* to make & feeble) to weaken. નબળું–કમજોર કરવું.
En-fi-lade′, અન્ફિલેડ, *vt.* (L. *en* & *filum* a thread) rake with shot along line. હાર બંધ લોકોપર ગોળી મારવી.
En-force′, એન્ફોર્સ, *vt.* (*en* & force) to put into execution; compel; strengthen; make by force. અમલમાં લાવવું, બળાવવું; જુલમથી કરવું–કરાવવું; ટેકો–પુષ્ટિ આપવી.
En-fran′chise, એનફ્રૅંચાઈઝ, *vt.* (*en* & *franc* free) to set free; to admit to civil rights. છુટું–મોકળું કરવું, છોડવવું; પરદેશીને કોઈ નગર કે મુલકના હક આપી તેને ત્યાંના રહેવાસી સમાન કરવો.
En-gage′, એંગેજ, *vt.* (Fr. *en* & *gage* a pledge) to encounter; pledge; employ; occupy; win. હલ્લો કરવો, લડવું; વચનથી બાંધી લેવું, શરત કરાવવી; ચાકરીમાં રાખવું; કામે રોકવું–લગાડવું; આકર્ષણ કરવું, મનમોહન થવું.
En-gage′ment, એંગેજમેંટ, *n.* battle; promise; obligation. લડાઈ; વચન, કોલ, બોલી, કરાર; કામ, ઉદ્યોગ.

En'gine, અંજિન, *n.* (Fr.) a machine; instrument; means. યંત્ર, સંચો; હથિયાર, શસ્ત્ર; સાધન, ઉપાય.

En-gi-neer', એંજિનીર, *n.* maker or planner of works, machines, &c. યંત્રવિધા જાણનાર, યંત્ર ચલાવનાર, રસ્તા-નહેર-પૂલ વગેરે કરવામાં માહિતી ધરાવનાર.

En-grave', એન્ગ્રેવ, *vt.* (*en* & grave) to carve; impress. કોતરવું, નકસી પાડવી; ઠસાવવું.

En-grav'ing, એન્ગ્રેવિંગ, *n.* the art of engraving; that which is engraved. નકસી પાડવાનો હુન્નર; કોતર કામ.

En-gross', એન્ગ્રોસ, *vt.* (Fr. *en* & gross) to occupy wholly; to write in large hand; to take in undue degrees; to monopolize. -માં ગરક-તલ્લીન થવું; મહોટા ને સારા અક્ષરે લખવું, સાફ નકલ કરવી; બહુ ધારણ કરવું; મોંઘે ભાવે વેચવા એકદમ બહુ ખરીદવું.

En-hance', એન્હેન્સ, *vt.* (Fr. *en* & *hausser* to raise) raise; increase. ચઢાવવું, વધારવું, ભારે-મહોટું કરવું.

E-nig'ma, એનિગ્મા, *n.* (Gr. *ainos* a tale) a riddle. ઉખાણું, ભેદવચન, સમસ્યા.

En-join', એનજોઈન, *vt.* (*en* & join) to command; forbid judicially. આજ્ઞા-હુકમ કરવો; કાયદાથી મના કરવી.

En-joy', એનજોય, *vt.* (*en* & joy) to delight in; possess.-થી આનંદ ઉપજવો; ભોગવવું,-નો ઉપભોગ કરવો.

En-large', એનલાર્જ, *vt.* (*en* & large) to extend, expand; swell. મહોટું કરવું, વધારવું;-થી ખીલવું-પ્રફુલ્લિત થવું.

En-light'en, એનલાઈટન, *vt.* (*en* & lighten) to illuminate; to instruct. પ્રકાશીત કરવું, અજવાળું પાડવું, માહિત કરવું, ઉપદેશ કરવો, જ્ઞાન આપવું.

En.list', એનલિસ્ટ, *vt.* (*en* on & list) to enrole; register; to unite firmly. ઠેકાણું નોંધી ચાકરી–પક્ષમાં દાખલ કરવું.

En-liv'en, એનલિવન, *vt.* (*en* & live) to animate; cheer. જીવતું કરવું, જીવ–દમ ઘાલવો–આણવો, જુસ્સો આપવો; ખુશ કરવું. [વેર, શત્રુભાવ, અદાવત, વિરોધ, વિરૂદ્ધતા.

En'mi-ty, એનિમિટિ, *n.* (see Enemy) ill-will; hatred.

E-nor'mi-ty, ઈનૉર્મિટિ, *n.* (L. *e* & *norma* rule) atrocious crime. મહા–અઘોર પાપ. [મહોટું; અતિદુષ્ટ, મહાપાપનું.

E-nor'mous, ઈનૉર્મસ, *a.* huge; vory wicked. ઘણુંજ

E-nough', ઈનફ, *a.* (AS. *ge-not*) sufficient. જોઈએ તેટલું, પૂરતું. *n.* sufficiency. પૂરતાપણું. *ad.* sufficiently,

En-quire', એન્ક્વાયર, (see Inquire). [ખસ.

En-rage', એનરેજ, *vt.* (*en* & rage) to provoke. ગુસ્સે કરવું, ખિજવવું, ક્રોધ ચઢવો. [into rapture. અત્યંત ખુશ કરવું.

En-rap'ture, એનરૅપચર, *vt.* (*en* & rapture) to throw

En-rich', એનરિચ્, *vt.* (*en* & rich) to make rich; fertilize; adorn. ધનવાન—ફળવંત–રસિક–મનોરંજક–સુશોભિત કરવું. [નોંધવું, નોંધમાં દાખલ કરવું

En·rol, એનરોલ, *vt.* (Fr. *en* in & roll) to register.

En-route, એનરૂટ, *ad.* (Fr.) by the way. રસ્તે જતાં, રસ્તામાં. [દાખલો; નમુનો.

En-sam'ple, એન્સૅમ્પલ, *n.* (see Example) exmaple.

En′-sign, એન્સાઇન, *n.* (L. *in* & *signo* I seal) a flag; an officer; a signal. વાવટો, નિશાન; ઝુંડો ઉંચકનાર અમલદાર; નિશાની, ચિન્હ.

En-sue′, એન્સ્યુ, *vi.* (L. *in* after & *sequor*) to follow; come after. નિકળવું, પરિણામ થવું–હોવું; પાછળ આવવું.

En-tail′, એન્ટેલ, *n.* (Fr. *en* in & *tailler* to cut) settlement of estate. વંશ પરમપરાની કરી આપેલી મિલકત–વસ્તુ. *vt.* to settle descent of estate; involve. વંશ પરંપરા ચાલે એવું કરી આપવું;–થી જરૂર ઉત્પન્ન થવું–આવવું.

En-tan′gle, એન્ટૅંગલ, *vt.* (*en* in & tangle) to bewilder; make intricate. ગભરાવવું, બાવરા કરવું; ગુંચવવું.

En′ter, ઍંટર, *vt. i.* (L. *intrare*) to go into, to pierce; to enrol. અંદર જવું, પેસવું; સંચરવું;–માં દાખલ થવું–રહેવું, નોંધવું, માંડવું.

En′ter-prise, ઍંટરપ્રાઇઝ, *n.* (Fr. *entre* in & *prendre* to take) undertaking. હાથમાં લીધેલું–જોખમ ભરેલું કામ, સાહસકામ.

En-ter-tain′, ઍંટરટેન, *vt.* (Fr. *entre* & *tenir* to hold) to afford hospitality; amuse; consider; harbour, cherish. પરોણા ચાકરી કરવી, ઉજાણી આપવી; ખુશ–મન રંજન કરવું; વિચારવું, ધ્યાનમાં લેવું; મનમાં રાખવું–ધરવું.

En-thu′si-asm, ઍંથુઝિઍઝમ્, *n.* (Gr. *en* & *theos* a god) zeal, ardour. આવેશ, જુસ્સો, ઝનુન.

En-tice, એન્ટાઇસ, *vt.* (Fr. *attiser*) to allure; induce

to evil. લોભાવવું, લલચાવવું; છેતરી કામ કરાવવું, ભમાવવું.
En-tire', ઍંટાયર, *a.* (L. *integer* whole) undivided, whole. બધું, તદ્દન, તમામ, કુલ, પૂરૂં, સંપૂર્ણ, આખું, અખંડ.
En-ti'tle, ઍન્ટાઇટલ, *vt.* (*en* & title) to give a right to, call. હક-અખતિયાર આપવો,-થી હક મળવો-હોવો; નામ આપવું-પાડવું. [bowels. આંતરડાં.
En'trails, ઍન્ટ્રેલ્ઝ, *n. pl.* (Gr. *entera* intestines)
En'trance, ઍંટ્રન્સ, *n.* (see Enter) door; beginning; a going in. બારણું, રસ્તો; આરંભ, મંડાણ; અંદર જવું-દાખલ થવુંતે-જવાની રજા. [બેશુદ્ધ કરવું; દિલ ખુશ કરવું.
En-trance', ઍંટ્રૅન્સ, *vt. i.* to charm; delight. મૂર્છિત-
En-trap', ઍંટ્રૅપ્, *vt.* (*en* & trap) to catch in a trap. ફાંસામાં પકડવું, સપડાવવું. [વિનંતિ-કાલાવાલા કરવા, કરગરવું.
En-treat', ઍંટ્રીટ, *vt.* (*en* & treat) beg, supplicate.
En-treat'y, ઍંટ્રિટિ, *n.* earnest prayer. વિનંતિ, આજીજી.
En'try, ઍંટ્રિ, *n.* (see Enter) entrance; passage; recording in a book; the thing written. પેસવું તે, પ્રવેશ; માર્ગ, રસ્તો, દ્વાર; દફતરમાં નોંધવું તે; નોંધેલી રકમ.
E-nu'mer-ate, ઇન્યુમરેટ, *vt.* (L. *enumero* I number) to count, tell. ગણવું, ગણીને કહેવું.
E-nun'ciate, ઇનનસિએટ, *vt.* (L. *e* & *nuncio* I tell) to declare; utter. જાહેર કરવું, બોલવું, ઉચ્ચારવું, વ્યાખ્યા કહેવી.
En-vel'op, ઍન્વેલપ, *vt.* (L. *en* & *volvo* I roll) to cover, wrap; hide. વેષ્ટન-આવરણ કરવું, લપેટવું; ઢાંકવું.

En've-lope, એન્વેલોપ, *n.* a wrapper, cover. પરબીડિયું, ઢાંકણુ, આવરણ.

En'vi-a-ble, એન્વિઅબલ્, *a.* (L. *in* & *video* I see) exciting desire to have. અદેખાઈ-લાલચ ઉત્પન્ન કરે એવું, ઇચ્છવા લાયક. [other's. અદેખું, ઝેરીલું, ઈર્ષાવાળું.

En'vi-ous, એન્વિઅસ્ *a.* desiring that which is an-

En-vi'ron, એન્વિરન, *vt.* (Fr. *environ* about) to surround; envelop. ઘેરવું,-ની ચારેગમ હોવું-આવવું; લપેટવું, વિંટાળવું. [આસપાસની જગા.

En'vi-rons, એન્વિરનઝ, *n. pl.* neighbourhood. પડોસ,

En'voy, એન્વૉય, *n.* (L. *via* way) one sent to foreign court. એલચી, રાજદૂત, વકીલ.

En'vy, એન્વિ, *n.* (L. *in* & *videre* to see) ill-will. અદેખાઈ, ઈર્ષા, દ્વેષ. *vt.* to grieve at another's good, grudge. -પર બળવું, બીજાનું સારૂં જોઈ ન શકવું.

Ep'awl-et, એપૉલેટ, *n.* (Fr.) shoulder ornament. અમલદારના પોશાકની ખાંધપર સુશોભિત ગુચ્છો-નિશાન.

Eph-em'er-al, એફેમરલ, *a.* lasting one day. એક દિવસનું રહેનારૂં, ક્ષણભંગુર. [રસકાવ્ય. *a.* heroic. વિરરસકાવ્યનું.

Ep'ic, એપિક્, *n.* (Gr. *epos* a word) heroic poem. વીર-

Ep'i-cure, એપિક્યૂર *n.* (L. *epicurus*) dainty eater. ખાવાપીવાનું શોખી-સ્વાદિયું માણસ, ભોગી.

Ep-i-dem'ic, ઈપિડેમિક, *n.* (Gr. *epi* upon & *demos* people) contagious disease. મરકી, મહામારી.

Ep'i-gram, એપિગ્રૅમ. *n.*(Gr. *epi* & *gramma* a writing) short witty poem. મનોરંજક ટુંકી કવિતા, ગઝલ, ટોપો.
Ep'i-lep-sy, એપિલેપ્સિ *n.* (Gr. *epi* & *lambano* I seize) falling sickness. ફેફરૂં, વાઈ, અપસ્માર.
Ep'i-logue, એપિલૉગ, *n.* (Gr. *epi* & *lego* I speak) concluding speech.નાટકની છેડાનો છંદ–વાકય, ઉપસંહાર.
E-pis'co-pa-cy, એપિસ્કોપૅસિ, *n.* (Gr. *epi* & *scopeo* I look) government by bishops. ધર્મગુરૂની કેવલ સંબંધી સત્તા–હુકમત. [ધર્મગુરૂની સત્તાનું, પાદરીઓનું.
E-pis'co-pal, એપિસ્કોપલ, *a.* pertaining to bishops.
Ep'i sode, એપિસોડ, *n.* (Gr. *epi* & *eisodos* a coming in) incidental story. ઉપકથા, આડીવાત, ઉપાખ્યાન.
E-pist'le, ઇપિસ્સલ,*n.*(Gr. *epi* & *stello* I send a letter. કાગળ, પત્ર. [monumental inscription.કબરપરનો લેખ.
Ep'i-taph, એપિટૅફ,.*n.* (Gr. *epi* & *taphos* a tomb) a
Ep'i-thet, એપિથેટ્, *n.*(Gr. *epi* & *tithemi* I place) ગુણ-વાચક શબ્દ, વિશેષણ. [brief summary. સાર સંગ્રહ–ગ્રંથ.
Epit'o-me, એપિટોમિ, *n.* (Gr. *epi* & *temnein* to cut) a
E'poch, ઈપોક, *n.* (Gr. *epi* & *echo* I hold) period, era. નામાંકિત કાળ–વખત; શક, સંવત, સન.
E'-qua-ble, ઈકવેબલ, *a.* (L. *æquus* equal) uniform, smooth. એક સરખું–રૂપ, સમાન, સમચિત્ત–વૃત્તિ–તોલ–ધાત.
E'qual, ઈકવલ, *a.* even; alike; adequate; equitable. બરાબર,સરખું;એકરૂપ–સરખું;જોઈએ તેટલું–તેવું, પૂરતું;વાજબી,

નિષ્પક્ષપાત. *n.* one of same rank. બરોબરિયો, સરખા-એક દરજ્જાનું માણસ. *vt- i.* to make equal; recompense; regard as equals.—ના સમાન —સરખું થવું,—ની બરોબરી કરવી; બરોબર બદલો વાળવો; સરખું ગણવું—માનવું.

E-qual'i-ty, ઇક્વૉલિટિ, *n.* similarity. સરખાપણું.

E'qual-ly, ઈક્વલિ, *ad.* in the same degree. સરખે ભાગે, સરખી રીતે, વાજબીપણે.

E-qua'tor, ઇક્વેટર, *n.* a great circle of earth equidistant from the poles. વિષુવવૃત્ત, ભૂમધ્ય રેષા.

E-qui-dis'tant, ઇક્વિડિસ્ટંટ, *a.* being at the same distance. સરખા અંતરનું, સમાંતર.

E-qui-lat'er-al, ઇક્વિલૅટરલ, *a.* having all sides equal. સરખી બાજુનું, સમભૂજ. [તોલપણું, સમાન ચિત્તવૃત્તિ.

Equi-lib'ri-um, ઇક્વિલિબ્રિઅમ, *n.* state of rest. સમ-

E'qui-nox, ઈક્વિનૉક્સ, *n.* time of equal day and night. વિષુવકાળ, મેશ—તોલા રાશીમાં સૂર્યનો આવવાનો વખત.

E-quip', ઇક્વિપ, *vt.* (Fr.) to dress; arm. સજવું, પોશાક પહેરાવી હથિયારબંધ કરવું. [બાબ, યુદ્ધસામગ્રી; સ્વારી, રસાલો.

E'qui-page, એક્વિપેજ, *n.* retinue; attendance. અસ-

E-quip'ment, ઇક્વિપમેંટ, *n.* necessary furnishing. જોઈતો સામન, સરંજામ, સાજ સામગ્રી.

E'-qui-ta-ble, એક્વિટેબલ, *a.* (L. *æquus* equal) just, upright, fair. વાજબી, યથાન્યાય, અદલ, પ્રમાણિક, અપક્ષપાતી. [અપક્ષપાત, નીતિ.

E-qui'ty, એક્વિટિ, *n.* justice, fairness. ન્યાય, ઈન્સાફ,

E-quiv'a-lent, ઇક્વિવૅલંટ, *a.* (L. *æquus* & *valeo* I am strong) *n. a.* equal in worth, weight, &c. બરોબરીની વસ્તુ, સરખોમાલ, અવેજ, બદલો ; મૂલ–વજન–શક્તિ–અર્થમાં બરોબર, એક સરખું, જેટલું, જેવું.

E-quiv'o-cal, ઇક્વિવોકલ, *a.* (–*vox* a word) ambiguous; doubtful. બે અર્થનું, દ્વીઅર્થી; શકભરેલું.

E-quiv'o-cate, ઇક્વિવોકેટ, *vt.* to quibble. બે અર્થ થાય એવું કપટથી–સંશય ભરેલું–આડું આડું બોલવું. [શક,સંવત,સન.

E'ra, ઇરા, *n.* (L. *æra* a year) point of time, epoch.

E-rad'i-cate, ઇરાડિકેટ, *vt.* (L. *e* & *radix* a root) to extirpate. જડમૂળથી ઉખેડી નાખવું, નિર્મૂળ– નાશ કરવું.

E-rase', ઇરેઝ, *vt.* (L. *ex* & *rado* I scrape) efface; rub out; છેકી–ભૂંસી–લૂછી નાખવું. [તે, છેકો.

E-ra'sure, ઇરેઝર, *n.* mark of rubbing out. છેકી નાખવું

Ere, એર, *ad. prep.* (As. *ær* early) before. પૂર્વે, અગાઉ, પહેલાં.

E-rect', ઇરેક્ટ, *a.* (L. *e* & *regere* to lead straight) upright; raised; bold. સીધું, ઉભું; ઉંચું, ઉંચું કરેલું; ટટાર, દઢ. *vt.* to set upright; raise; build; found; cheer. ઉભું–સીધું કરવું; બાંધવું; સ્થાપવું;–ને ઉમંગ ઉપજાવવો, ઉત્તેજન આપવું. [સીધું કરવું તે, સ્થાપના; બાંધણી, ઇમારત.

E-rec'tion, ઇરેક્શન, *n.* setting up, building. ઉભું–

Err, એર, *vi.* (L. *erro* I wander) to wander; stray; go wrong. રસ્તો ભુલવો, ચૂકવું; ભમવું; આડે રસ્તે ચાલવું.

Er'rand, એરંડ, *n.* (As. *ær* messenger) a message, commission. સંદેસો, દૂતનું કામ. [આડે માર્ગે જવું.
Er'rant, એરંટ, *a.* (see Err) wandering. ભટકતું, ભમતું,
Er-rat'ic, એરૅટિક, *a.* wandering; moving. રખડતું, ફરતું, અસ્થિર. [થયલી ભૂલ–ચુક, શુદ્ધિપત્ર.
Er-ra'tum, એરેટમ, *n.* mistake in printing. છાપવામાં
Er-ro'ne-ous, એરોનિઅસ, *a.* wrong, false. ખોટું, ભૂલ–ભરેલું. [કસુર, ભ્રાંતિ, ભ્રમણ.
Er'ror, એરર, *n.* blunder ; sin. ભૂલ, ચુક; દોષ, અપરાધ,
Er-uc-ta'tion, એરક્ટેશન, *n.* (L. *e* & *ructo* I belch forth) a belching. ઓડકાડ, ઓડકાર. [ભણેલું, વિદ્વાન.
Er'u-dite, એરૂડાઈટ, *a.* (L. *ex* & *rudis* rough) learned.
E-rup'tion, ઈરપશન, *n.* (L. *e* & *rump*[illegible] I break) breaking out; pustules. જોરથી બહાર નિકળવું–ફાટવું તે, ફોલ્લા–ગુમડાં ફુટવાં તે. [by ladders. સીડી–નિસરણીથી ચઢવું.
Es-ca-lade', એસ્કેલેડ, *vt.* (L. *scala* ladder) to mount
Es-cape, એસ્કેપ, *vt.* (L. *e capere* to take) to avoid, get free; evade. –થી છુટી–બચી જવું, ટાળવું; નહાસી–સટકી જવું; નજર ચુકાવવી. [જવું–દૂર રહેવું, ટાળવું, ત્યાગ કરવો
Es-chew', એસ્ચ્યૂ, *vt.* (Fr.) to shun, avoid. –થી બચી
Es'cort, Es-cort', એસ્કૉર્ટ, *n. vt.* a guard. રક્ષણ, વળાવો–વું. to attend & guard. રક્ષણ કે માનને સારૂ સાથે જવું, વળાવું કરવું–લેવું. [food. ખાવા જોગ.
Es'cu-lent, એસ્ક્યુલંટ, *a.* (L. *esca* food) good for

Es-cutch'eon, એસ્કચન, *n.* (L. *scutum* a shield) a shield or coat of arms. કુલીનતાની નિશાણીવાળી ઢાળ.

Es-o-ter'ic, એસોટેરિક્, *a.* (Gr. *esoteros* inner) secret. ગુપ્ત, ખાનગી. [pal, chief. મુખ્ય, વિશેષ, ખાસ.

Es-pe-ci'al, એસ્પેશિઅલ, *a.* (L. *species* sort) princi-

Es-pe-ci'al-ly, એસ્પેશિઅલિ, *ad.* chiefly. વિશેષે કરીને.

Es-pla-nade', એસ્પ્લેનેડ, *n.* (L. *planus* plain) an open space before a fort; a grass plot. કિલ્લા આગળનું કે સહેલ કરવાનું મેદાન.

Es-pouse', એસ્પાઉઝ, *vt.* (L. *spondeo* I promise) to marry; adopt. પરણવું; પક્ષ ધરવો, તરફેણ કરવી–માં જવું.

Es-py', એસ્પાઇ, *vt.* (Fr. *espier* to watch) to see, to descry. જોવું,–ની નજરે પડવું, નિરખી–નિહાળીને જોવું.

Es-quire', એસ્કવાયર, *n.* (Fr. *escuyer*) rank next to knight; a title of respect. નાઇટથી ઉતરતો ખેતાબ, શેઠ.

Es'say, Es-say', એસે, *n.* (L. *exigo* I examine) attempt; trial; short treatise. યત્ન, કોશીસ; ધાતુની પરીક્ષા–પારખ; નિબંધ, પ્રબંધ. *vt.* to try. યત્ન કરવો, અજમાવવું, ધાતુ કસી જોવી–ની પરીક્ષા કરવી.

Es'sence, એસન્સ, *n.* (L. *esse* to be) nature of thing; extract; perfume. તત્વ, સાર, મૂળ પ્રકૃતિ, લક્ષણ, વિશેષ ગુણ; અર્ક, કસ, તેજાબ; સુવાસ, સુગંધ, ખુશબો, અતર.

Es-sen'tial, એસેનશિઅલ, *a*, most important; pure. ઘણું અગત્યનું; ઘણીવાર ગાળેલું, ચોખ્ખું.

Es-tab'lish, એસ્ટૅબ્લિશ, *vt.* (L. *stabilis* firm) to confirm; settle; enact; found. મુકરર કરવું, સ્થાપવું; ભરાઈ બેસવું, માંડવું, ચાલુ કરવું, સ્થાપના કરવી, બાંધવું, ઠરાવવું, નીમવું.

Es-tab'lish-ment, એસ્ટૅબ્લિશમેંટ, *n.* foundation, settlement; income; place of business. સ્થાપના; ઠરાવવું તે; પેદાશ; ખાતું, કારખાનું, પેઢી, દુકાન.

Es-tate', એસ્ટેટ, *n.* (L. *sto* I stand) property; land; condition. માલમતા, મિલકત; જમીન, વજીફો, વતન; હાલત.

Es-teem', એસ્ટીમ, *n.* (L. *æstimo* I value) great regard or value. માન, પ્રીતિ. *vt.* to value; respect. કિમ્મત કરવી, ગણવું, લેખવું; માન આપવું, પ્યાર રાખવો.

Es-ti'ma-ble, એસ્ટિમબલ, *a.* worthy of esteem. આબરૂલાયક, યોગ્ય, સારૂં, ગણવા-લેખવા જેવું.

Es-ti'mate, એસ્ટિમેટ, *n.* computed cost. સુમાર, અડસટો. *vt.* to value. આસરો કાઢવો, અટકળ બાંધવી, ગણવું, લેખવું.

Es-ti-ma'tion, એસ્ટિમેશન, *n.* opinion; valuation. વિચાર, મત; માન; પ્રીતિ, ગણત્રી, અડસટો.

Es-trange', એસ્ટ્રેંજ, *vt.* (L. *extra* without) to keep at distance; alienate.-થી દૂર-અલગ રહેવું; જુદા કામમાં લેવું, પારકું કરવું; મન ઉતારવું,-થી પ્રીતિ તૂટવી.

Est'u-ar-y, એસ્ટ્યૂઅરિ, *n.* (L. *æstuo* I boil up) mouth of tidal river; vapour bath. ખાડી; બાફ લેવો તે.

Etch, એચ, *vt.* (Ger. *atzen* to corrode) to engrave by acid. તેજાબથી કોતર કામ કરવું.

E-ter'nal, ઇટર્નલ, *a.* (L. *æternus* an age) everlasting. અનાદ્યંત, સનાતન, અનંત, અખંડ, નિત્યનું, નિર્વિકારી.

E-ter'ni-ty, ઇટર્નિટિ, *n.* endless existence. અનંતપણું-
ન્થિતિ-કાળ. [શનું, દિવ્ય.

E-the're-al, ઇથિરિઅલ, *a.* (L. *æther*) spiritual. આકા-

Eth'ics, એથિક્સ, *n.* (Gr. *ethos* custom) science of morality. નીતિશાસ્ત્ર. [ing. સભ્યતાની રીતિ.

Et-i-quette', એટિકેટ્, *n.* (Fr.) forms of good breed-

Et-y-mol'o-gy, એટિમૉલોજિ, *n.* (Gr. *etumos* true & *logos* discourse) classification, inflexion & derivation of words. શબ્દ વ્યુત્પત્તિ-સાધન-પદભંજન વિદ્યા.

Eu'lo-gy, યૂલૉજિ, *n.* (Gr. *eu* well & *logos* saying) praise. સ્તુતિ, વખાણ.

Eu'nuch, યૂનક, *n.* (Gr. *eune* bed & *echein* to have) a defective man. નપુંસક, હીજડો.

E-vac'u-ate, ઇવૅક્યુએટ, *vt.* (L. *e* out & *vacuo* I empty) to make empty ; to leave ; to nullify. ખાલી-ત્યાગ-રદ કરવું, છોડવું.

E-vac-u-a'tion, ઇવૅક્યુએશન, *n.* discharge; withdrawl. ઝાડો, મળ, ગુ; ખાલી કરવું-છોડવું તે, ત્યાગ, વિસર્જન.

E-vade', ઇવેડ, *vt.*(L. *ex* & *vado* I go) to avoid. ચૂકવવું, ઉડાવવું,-થી બચી જવું. [vanishing. જતું રહે એવું, ક્ષણિક.

Ev-an-es'sent, એવૅનેસંટ, *a.* (L. *e* & *vanesco* I vanish)

E-van-gel'i-cal, ઇવૅન્જેલિકલ્, *a.* (Gr. *eu* well & *ang-*

gello I bring news) according to gospel. ઇંજીલ પ્રમાણે–મુજબ–સંબંધી. [ઇંજીલનો ઉપદેશક.

E-van'ge-list, ઇવૅન્જેલિસ્ટ, *n.* preacher of gospel,

E-vap'o-rate, ઇવૅપોરેટ, *vt.* (L. *e* off & *vapor* steam) to pass off in vapour. વરાળ–બાફરૂપે ઉડી જવું, વ્યર્થ જવું.

E-va'sion, ઇવેશન, *n.* (L. *ex* & *vado* I go) artifice; shift. અખાડા, બહાનું, ચુકવવું–ઉડાવવું તે.

Eve, Even, ઈવ, ઇવન, *n.* (As. *æfen*) close of day. સાંજ, સંધ્યાકાળ, સમીસાંજ; આગલી સાંજ; તૈયારનો વખત.

E'ven, ઈવન, *a.* level; calm; on a level; not odd; adjusted. સરખું, સાફ, સપાટ; શાંત, સ્થિર; બરાબર; બેકી, સમ; માંડીવાળેલું, ચૂકવેલું. *vt.* to level. સરખું કરવું. *ad.* in like manner. તેમજ, બી, પણ, એ.

E'ven.ing, ઈવનિંગ, *n.* close of day. સાંજ.

E-vent', ઇવેંટ *n.* (L. *e* & *venio* I come) incident; issue. બનાવ, બિના, વાત; ફળ, છેવટ, પરિણામ.

E-vent'ful, ઇવેંટફુલ, *a.* full of incidents. જેમાં ઘણા બનાવ બન્યા–ફેરફાર થયા હોય તેવું. [ઉત્પન્ન થતું; આખરનું.

E-vent'u-al, ઇવેંચુઅલ, *a.* consequential; final.–થી

Ev'er, એવર, *ad.* (As. *æfer* always) at all times, at any time. નિત્ય, સદા; કદી, કોઈપણ વેળા.

Ev'er-green, એવરગ્રીન, *n.* a plant or shrub always green. સદા લીલું–તાજું રહેતું ઝાડ. [નિરંતર.

Ev-er-last'ing, એવરલાસ્ટિંગ, *a.* without end. હમેશાનું,

Ev'er-y, એવ્રિ, *a.* each one of a whole. દરેક, હરેક, પ્રત્યેક. [possess by law.–નો કાયદાથી કબજો છોડાવવો.
E-vict', ઇવિક્ટ, *vt.* (L. *e* & *vinco* I conquer) to dis-
Ev'i-dence, એવિડન્સ, *n.* (L. *e* & *video* I see) testimony; witness. પુરાવો, સાબિતી; સાક્ષી, શાહેદ. *vt.* to show; to prove. સ્પષ્ટ દેખાડવું; સિદ્ધ–સાબીત કરવું.
Ev'i-dent, એવિડંટ, *a.* plain, clear. સ્પષ્ટ, ખુલ્લું.
E'vil, ઇવિલ, *n.* (As. *yfel*) calamity; sin. સંકટ, આફત; પાપ, દુષ્ટતા. *a.* wicked; bad. પાપી, દુષ્ટ; ખરાબ, નઠારૂં.
E-vince', ઇવિન્સ, *vt.* (L. *e* & *vinco* I conquer) to prove. સાબીત કરવું.
E-voke', ઇવોક, *vi.* (L. *e* & *voco* I call) to call forth. કઢાવવું. [emit. ઉકેલી–ખોલી–બાહાર કાઢવું, ઉઘાડું કરવું.
E-volve', ઇવૉલ્વ, *vt.* (L. *e* & *volvo* I roll) to unfold;
Ewe, યૂ, *n.* (As. *eowu*) a female sheep મેંઢી, ઘેટી.
Ew'er, યૂઅર, *n.* (As. *hwer* a kettle) a large jug. કુંજો.
Ex-act', એગ્ઝૅક્ટ, *a.* (L. *ex* & *ago* I drive) regular; precise; careful. વખતસર; ખરૂં, વાજબી, ધારા પ્રમાણેનું; ચોકસ, સંભાળથી કરેલું. *vt.* to force to pay or give. જોર જુલમથી લેવું–કઢાવવું.
Ex-ag'ger-ate, એગ્ઝૅજરેટ, *vt.* (*ex* & *agger* a heap) to enlarge beyond truth. અતિશયોક્તિ–રજનું ગજ કરવું.
Ex-alt', એગ્ઝૉલ્ટ, *vt.* (L. *ex* & *altus* high) to lift up; extol; dignify. ઉંચું કરવું; સ્તુતિ કરવી; ઉંચે પદે ચઢાવવું.

Ex-alt-ed, એગ્ઝૉલ્ટેડ, *a.* dignified. ઉંચી પદવીએ ચઢાવેલું.

Ex-am-i-na'tion, એગ્ઝૅમિનેશન, *n.* (L. *examen* the tongue of a balance) inquiry. તપાસ, પરીક્ષા.

Ex-am'ine, એગ્ઝૅમિન, *vt.* to try by law; to inspect carefully. તપાસવું, સવાલ કરવા;–ની પરીક્ષા લેવી–કરવી, જોવું, કસવું, પારખવું.

Ex-am'ple, એગ્ઝૅમ્પલ, *n.* (L. *ex* & *emo* I take) pattern, model; instance, precedent. તરેહ, નમુનો, આસલો; દાખલો, ઉદાહરણ.

Ex-as'per-ate, એગ્ઝૅસપરેટ, *vt.* (L. *ex* & *asper* rough) to irritate; to aggravate. ગુસ્સે કરવું; વધારવું.

Ex'ca-vate, એક્સ્કવેટ, *vt.* (L. *ex* & *cavus* hollow) to dig out. ખોદવું, પોલું કરવું.

Ex-ceed', એક્સીડ, *vt.* (L. *ex* & *cedo* I go) to surpass; to go too far. પાછળ પાડવું–નાખવું,–કર્તાં સરસ થવું–હોવું; હદ બહાર જવું.

Ex-ceed'ing, એક્સીડિંગ, *a.* very great. અતિશય, ઘણુંજ.

Ex-cel', એક્સેલ, *vt. i.* (Gr. *kello* I impel) to surpass. કર્તાં શ્રેષ્ઠ હોવું, પાછળ પાડવું.

Ex'cel-lence, એક્સેલન્સ, *n.* worth; goodness. ઉત્તમ ગુણ, સુલક્ષણ, ખૂબી; ઉત્કૃષ્ટપણું.

Ex'cel-lent, એક્સેલંટ, *a.* of great worth. ઉત્તમ, સરસ.

Ex-cept', એક્સેપ્ટ, *vt.* (L. *ex* & *capio* I take) to pass

over, exclude. ન ગણવું, બાદ–બાતલ કરવું. *prep.* without. શિવાય, વગર. [કરવું તે; વાંધો, બાધ, અપવાદ.

Ex-cep'tion, એક્સેપશન, *n.* exclusion; objection. બાતલ

Ex-cess', એક્સેસ, *n.* (L. *ex* & *cedo* I go) intemperance; any thing over & above. અતિશયપણું–ભોગ, બેસુમારપણું, અતિપાન.

Ex-ces'sive, એક્સેસિવ, *a.* extreme. અતિશય, બેહદ.

Ex-change', એક્સચેન્જ, *n.* (Fr. *echnger*) barter. સાટું, અદલોબદલો; વટાવ; નાણાવટ. *vt.* to give one for another. અદલબદલ–સાટું કરવું.

Ex-chequ'er, એક્સચેકર, *n.* (Fr. *eschakier* chessboard) the revenue court; the treasury. જમા બંદીની કચેરી; રાજકોષ; તિજોરી, ખજાનો, ભંડાર. [goods. જકાત, દાણ.

Ex-cise', એક્સાઈઝ, *n.* (L. *ex* & *cædo* I cut) a tax on

Ex-cite', એક્સાઈટ, *vt.* (L. *ex* & *cito* I call) to rouse; irritate. ઉશ્કેરવું, ઉલંટ આપવી; ખીજવવું. [ગડબડ, તોફાન.

Ex-cite'ment, એક્સાઈટમેંટ, *n.* agitation. ઉશ્કેરણી, જોશ;

Ex-claim', એક્સક્લેમ, *vi.* (L. *ex* & *clamo* I cry out) to cry out. બૂમ પાડવી, તાણીને બોલવું.

Ex-cla-ma'tion, એક્સક્લેમેશન, *n.* outcry; interjection mark. બૂમ, પોકાર; આશ્ચર્ય ચિન્હ. (!).

Ex-clude', એક્સક્લ્યૂડ, *vt.* (L. *ex* & *claudo* I shut) to shut out; to prohibit. બહાર કાઢવું; આવવા–દાખલ થવા ન દેવું, અટકાવવું, દૂર કરવું. [કાઢવું–કાઢી નાખવું તે.

Ex-clu'sion, એક્સક્લ્યુશન, *n.* shutting out. બહાર

Ex-clu'sive, એક્સક્લ્યુઝિવ્, *a.* excluding; excepting. અટકાવનાર, પ્રતિબંધક; એકલાનુંજ, એકનુંજ, ખાસ; શિવાય.

Ex-com-mu'ni-cate, એક્સકમ્યુનિકેટ, *vt.* (L. *ex* & *communis* common) to expel or exclude from communion or caste. મંડળીમાંથીકાઢી–ન્યાતબહાર મૂકવું.

Ex'cre-ment, એક્સક્રિમેંટ, *n.* (L. *ex* & *cerno* I sift) matter discharged; dung. વિષ્ટા, નરક, ગૂ, મળ; છાણ.

Ex-cru'ci-a-ting, એક્સક્રૂસિએટિંગ્, *a.* (L. *ex* & *crux* a cross) extremely painful. અતિવેદના–દુઃખકારક.

Ex-cul'pate, એક્સકલ્પેટ, *vt.* (L. *ex* & *culpa* a fault) to clear from a charge.–નો દોષ ઉડાવવો–કાઢીનાખવો.

Ex-cur'sion, એક્સકર્શન, *n.* (L. *ex* & *curro* I run) a short tour; a trip; a ramble. મુસાફરી; મોજને-સારૂ ફરવાજવું તે, સહેલ; રખડવું તે.

Ex-cur'sive, એક્સકર્સિવ, *a.* wandering. ભમતું, ભટકતું.

Ex-cuse', એક્સક્યૂઝ, *vt.* (L. *ex* & *causa* a cause) to pardon. ક્ષમા કરવું, માફી માગવી, ધ્યાનમાં નહિ લેવું. *n.* apology; pretext. માફી, ક્ષમા; કારણ, બહાનું.

Ex'e-cra-ble, એક્સિક્રબલ્, *a.* (L. *ex* & *sacer* sacred) detestable. અનિષ્ટ, શાપ–ધિક્કારવા–કંટાળવા જોગ. [ક્કારવું.

Ex-e-crate, એક્સિક્રેટ, *vt.* to curse. શાપ–બદદુવા દેવી, ધિ-

Ex'e-cute, એક્સિક્યૂટ, *vt.* (L. *ex* & *sequor* I follow) to carry out; to put to death; to perform.

અમલમાં લાવવું, બજાવવું ; પ્રાણ–જીવ લેવો, ફાંસી દેવું; કરવું, મતુને શાખસાથે લેખ–કબાલો કરી આપવો.

Ex-ec'u-tive, એગ્ઝેક્યૂટિવ, *a.* carrying into effect. અમલમાં લાવનારૂં. *n.* governing body. અમલમાં લાવનારો ઉપરી અમલદાર.

Ex-e-cu'-tor, એગ્ઝેક્યૂટર, *n.* one appointed to carry out will. મરનારે પોતાનું વસીઅતનામું અમલમાં લાવવાસારૂ ઠરાવેલો પુરૂષ.

Ex-em'plar, એગ્ઝેમ્પ્લર, *n.* (see Example) pattern. [નમુનો, દાખલો.

Ex-em'pla-ry, એગ્ઝેમ્પ્લરિ, *a.* serving for pattern. નમુનો–દાખલો લેવા–નકલ કરવાજોગ; ગુનો કરતાં અટકાવે એવું.

Ex-em'pli-fy, એગ્ઝેમ્પ્લિફાઇ, *vt.* to illustrate by example. દાખલો આપી બતાવવું–સિદ્ધ કરવું.

Ex-empt', એગ્ઝેમ્પ્ટ, *vt.* (L. *ex* & *emo* I buy) to free from. છુટું–બાતલ કરવું, માફી આપવી. *a.* free. છુટું, મુક્ત.

Ex-emp'tion, એગ્ઝેમ્પશન, *n.* freedom. છુટકો, માફી.

Ex'e-quies, એક્સિક્વિઝ, *n. pl.* (see Execute) funeral rites. ઉત્તર ક્રિયા–સાધન.

Ex'-er-cise, એક્સરસાઇઝ, *n.* (L. *ex* & *arceo* I drive) use; practice; discipline. ઉપયોગ; આચરણ, વ્યાપાર; કસરત, મહેનત, સહેલ કરવી–ફેરવું તે, શિક્ષા. *vt.* to use; to practise; to discipline. ચલાવવું, દોડાવવું, વાપરવું, કામમાં લેવું; મહાવરો–ટેવ પાડવી; કસરત કરવી.

Ex-ert', એગ્ઝર્ટ, *vt.* (L. *ex* & *sero* I join) to use

strength or effort. વાપરવું, ચલાવવું, શ્રમ–પ્રયત્ન કરવો.
Ex-er'tion, એગ્ઝર્શન, *n.* effort. મહેનત, શ્રમ.
Ex-ha.la'tion, એગ્ઝેહેલેશન, *n.*(L. *ex* & *halo* I breathe) vapour. બાફરૂપે બહાર કાઢવું–નિકળવું તે, વરાળ.
Ex-hale', એગ્ઝહેલ *vt.* to send out as vapour. આપવું,–માંથી નિકળવું–આવવું, વરાળ રૂપે ખેંચી લેઈલેવું–ઉડાવવું.
Ex-haust', એગ્ઝાહૉસ્ટ, *vt.* (L. *ex* & *hauris* I draw up) to use the whole; tire. બધું સોસીલેવું, ખાલી કરવું, ખલાસ કરવું, ખુટાડી–ઉડાવી દેવું; થકવી નાખવું, થાકી જવું.
Ex.hib'it, એગ્ઝિહિબિટ, *vt.* (L. *ex* & *habeo* I hold) to display. નજર આગળ ધરવું–રજુ કરવું, દેખાડવું. *n.* paper formally shown in court. પુરાવામાં રજુકરેલો કાગળ.
Ex-hi-bi'tion, એગ્ઝહિબિશન, *n.* public show; pension for a scholar. તમાશો, ખેલ, પ્રદર્શન; વિદ્યાર્થીની નીમનુક.
Ex-hil'a-rate, એગ્ઝહિલરેટ, *vt.*(L. *ex* & *hilaris* cheerful) to make cheerful. ખુશ કરવું, હર્ષ પમાડવો.
Ex-hort', એગ્ઝહૉર્ટ, *vt.* (L. *ex* & *hortor* to incite) to animate; to caution. સારૂં કરવાને બોધ–ઉપદેશ કરવો–સલાહ આપવી, શિખામણ આપવી, ચેતવવું. [ઉપદેશ, સલાહ.
Ex-hor-ta'tion, ઍગ્ઝહૉર્ટેશન, *n.* good advice. બોધ,
Ex.hume', એક્સહ્યૂમ, *vt.* (L. *ex* & *humus* earth) to disinter. દાટેલું ખોદી–બહાર કાઢવું.
Ex'i.gent, એક્સિજન્ટ, *a.* (L. *ex* & *ago* I drive) pressing. તાકીદનું, ધાઈતું, જરૂરનું, ભીડાઈ–સપડાઈ જવાય એવું.

Ex'ile, એક્સાઈલ, *n.* (L. *ex* & *solum* soil) banishment; one banished. દેશનિકાલ-વટો, સ્વદેશત્યાગ; દેશનિકાલ કરેલું માણસ. *vt.* to banish. દેશનિકાલ-હદપાર કરવું.

Ex-ist', એગ્ઝિસ્ટ, *vi.* (L. *ex* & *sisto* I stand) to be; to live. હોવું; જીવવું, હયાત રહેવું. [તિ, ટકાવ, હયાતી.

Ex-ist'ence, એગ્ઝિસ્ટન્સ, *n.* being, life. હોવાપણું, સ્થિ-

Ex-or'bi-tant, એગ્ઝૉર્બિટંટ, *a.* (L. *ex* & *orbita* a track) unreasonable. બેહદ, અતિશય, ભારે.

Ex-pand', એક્સપૅંડ, *vt.* (L. *ex* & *pando* I spread) to open; to spread out. ખિલાવવું, ઉઘાડવું, પ્રફુલ્લિત કરવું; પસારવું, ફેલાવવું, મહોટું કરવું, વધારવું. [ફેલાવો.

Ex-panse', એક્સપૅન્સ, *n.* wide extent. મહોટો વિસ્તાર-

Ex-par'te, એક્સપાર્ટિ, *a.* on one side. એક તરફી-પક્ષી.

Ex-pa'ti-ate, એક્સપેશિએટ, *vi.* (L. *ex* & *spatium* space) to rove; to enlarge upon. ફરતા ફરવું, ભટક્યા કરવું; વિસ્તારીને બોલવું-લખવું. [to banish. દેશ નિકાલ-હદપાર કરવું.

Ex-pa'tri-ate, એક્સપેટ્રિએટ, *vt.* (L. *ex* & *pater* father)

Ex-pect', એક્સપેક્ટ, *vt.* (L. *ex* & *specto* I look at) to wait for; to anticipate. થશે-આવશે-કરશે એમ ધારવું,-ની વકી હોવી, વાટ-રાહ જોવી. [વકી, ધારણા, અપેક્ષા.

Ex-pec-ta'tion, એક્સપેક્ટેશન, *n.* a waiting for. આશા,

Ex-pec'to-rate, એક્સપેક્ટોરેટ, *vt.* (L. *ex* & *pectoris* the breast) to cough & spit. બળગમ-બળખો કાઢવો-નાખવો, ખંખારવું.

Ex-pe′di-ent, એક્સપિડિઅંટ, *n.* (L. *ex* & *pedis* foot) contrivance. યુક્તિ, ઉપાય. *a.* suitable, needful. પ્રસંગયોગ્ય, ઉપયોગી, કામ સરે એવું. [તાવળું—જલદીથી કરવું—મોકલવું.

Ex′pe-dite, એક્સપીડાઈટ, *vt.* to hasten; dispatch. ઉ-

Ex-pe-di′tion, એક્સપીડીશન, *n.* haste; enterprise; voyage; march. ઉતાવળ, ઝડપ; શોધ વગેરે માટે કરેલી મુસાફરી; સફર; સ્વારી, હુમલો, ચઢાઈ.

Ex-pel′, એક્સપેલ, *vt.* (L. *ex* & *pello* I drive) to drive out; to banish. કાઢી—હાંકી મૂકવું, દૂર કરવું, દેશવટો દેવો.

Ex-pend′, એક્સપેંડ, *vt.* (L. *ex* & *pendo* I weigh) to lay out; to use. ખરચવું, વાવરવું; વાપરી નાખવું, ખપાવવું.

Ex-pend′i-ture, એક્સપેન્ડિચર, *n.* laying out. ખર્ચ.

Ex-pense′, એક્સપેન્સ, *n.* cost; charge. મૂલ કિંમત, પડતર.

Ex-pens′ive, એક્સપેન્સિવ, *a.* costly, extravagant. મોંઘું, ભારે કિંમતનું; ખરચાળ, ઘોતાંળ, હાથનું છૂટું.

Ex-pe′ri-ence, એક્સપીરિઅન્સ, *n.* (L. *experior* I try) practice; knowledge got by trials. અભ્યાસ, અજમાવી જોવું તે, અવલોકન; અનુભવ. *vt.* to try; to know by practice. અનુભવ લેવો, ભોગવવું.

Ex-per′i-ment, એક્સપેરિમેંટ, *n.* trial. પરીક્ષા, તપાસ, પ્રયોગ, અખતરો. *vi.* to make a trial. પરીક્ષા—અજમાએસ કરવી. [શિયાર; પાકી આવડતવાળું.

Ex-pert′, એક્સપર્ટ, *a.* skilful; dexterous. ચતુર, હોં-

Ex'pi-ate, એક્સપિએટ, *vt.* (L. *ex* & *pio* I appease) to atone for. પ્રાયશ્ચિત કરી નિવારણ કરવું.

Ex-pi-a'tion, એક્સપિએશન, *n.* reparation. પ્રાયશ્ચિત.

Ex-pire', એક્સપાયર, *vt. i.*(L.*ex* & *spiro* I breathe) to breathe out; to die; to end; to cease. શ્વાસ કાઢવો–છોડવો; મરવું; સમાપ્ત થવું, જતું રહેવું;–ની મુદ્દત પૂરી થવી.

Ex-plain', એક્સપ્લેન, *vt.* (L. *ex* & *plano* plain) to make evident, to expound. –નો અર્થ–ટીકા કરવી, ખુલ્લું કરી કહેવું–સમજાવવું. [સમજુતી, અર્થ, ટીકા, ભાષ્ય.

Ex-pla-na'tion, એક્સપ્લેનશન,*n.* making clear. સમજણ,

Ex-plet'ive, એક્સપ્લીટિવ્, *a.* (L. *ex* & *pleo* I fill) superfluous. વધારાનું, પાદપૂર્ણાર્થ.

Ex'-pli-cate, એક્સપ્લીકેટ, *vt.* (L. *ex* & *plico* I fold) to explain.–નો અર્થ બેસાડવો, ખુલ્લું કરવું. [સ્પષ્ટ, ઉઘાડું.

Ex-pli'cit, એક્સપ્લીસિટ, *a.* clear, plain. સાફ, ખુલ્લું,

Ex-plode', એક્સપ્લોડ, *vi.* (L. *ex* & *plaudo* I clap) to burst with noise; to cry down. અવાજ કરીને ફુટવો,–નો બાર થવો; વખોડી કાઢવું.

Ex-ploit', એક્સપ્લૉઇટ, *n.* (L. *ex* & *plico* I fold) a heroic act; a deed of renown. પરાક્રમ, શૂર કર્મ, ભારેકામ.

Ex-plo-ra'tion, એક્સપ્લોરેશન, *n.* (L. *ex* & *ploro* I cry) examination into. શોધ, તપાસ, તહકીકાત.

Ex-plore',એક્સપ્લોર,*vt.* to search; to pry into. શોધવું, તપાસવું; બારીકીથી જોવું. [with noise. બાર, ધડાકો, ભડાકો.

Ex-plo'sion, એક્સપ્લોશન, *n.* (see Explode) bursting
Ex-port', એક્સપોર્ટ, *vt.* (L. *ex* & *porto* I bear) to carry out of one country into another. દેશાવર ખાતે મોકલવું. [દેશાવર મોકલેલો માલ.
Ex'-port', એક્સપોર્ટ, *n.* production sent abroad.
Ex-port'a-tion, એક્સપોર્ટેશન, *n.* carrying of goods abroad. દેશાવર માલ મોકલવોતે, નિકાશ.
Ex-pose', એક્સપોઝ, *vt.* (L. *ex* & *pono* I put) to lay bare;put in danger. ખુલું—જાહેર કરવું,ઉઘાડી જગામાં મૂકવું.
Ex-pos'tu-late, એક્સપૉસ્ટ્યુલેટ, *vi.* (L. *ex* & *postulo* I demand) to reason earnestly with. ચાર વાતો કહેવી, શિખામણ દેવી, સમજાવવું.
Ex-pound', એક્સપૌંડ, *vt.* (L. *ex* & *pono* I put) to explain, to make clear. અર્થ કરવો—સમજાવવો, ટીકા કરવી.
Ex-press', એક્સપ્રેસ, *vt.* (L. *ex* & *premo* I press) to press out, to declare; to indicate. પીલીને કાઢવું, નિચોવવું; બોલવું, કહી દેખાડવું; દર્શાવવું,—ની નિશાની હોવી. *n.* a special messenger. કાસદ, ખેપિયો. *a.* plain; direct. સાફ, સ્પષ્ટ; વિશેષ કામસારૂ મોકલેલું.
Ex-press'ion, એક્સપ્રેશન, *n.* a mode of speech;a phrase; a pressing out. ઉચ્ચારણની ઢબ, બોલવું તે; વાક્ય, શબ્દ, [વાત.
Ex-press'ly, એક્સપ્રેસ્લિ, *ad.* plainly. સાફ રીતે.
Ex-pul'sion, એક્સપલશન, *n.* (L. *ex* & *pello* I drive) driving out with force. કાઢી મૂકવું તે.

Ex-punge', એક્સપંજ, *vt.* (L. *ex* & *pungo* I prick) to blot out; strike out. કાઢી-ભૂસી-છેકી નાખવું; રદ કરવું.

Ex'qui-site, એક્સક્વિઝિટ્, *a.* (L. *ex* & *quæro* I seek) extreme; very nice; excellent. ઘણુંજ; બારીક સમજનું; ઉત્તમ, સુંદર.

Ex'tant, એક્સટંટ, *a.* (L. *ex* & *sto* to stand) now in being. ચાલુ, મોજુદ.

Ex-tem'-po-re, એક્સટેમ્પોરિ, *a. ad.* (L. *ex* & *tempus* time) without preparation. આગળથી વિચાર કર્યા વગર.

Ex-tend', એક્સટેંડ, *vt.* (L. *ex* & *tendo* I stretch) to stretch out; spread; prolong; reach forth; bestow on. તાણવું, લાંબું કરવું; પસારવું, ફેલાવવું, લંબાવવું, વધારવું; આગળ લાવવું; હાથ લાંબા કરવા;-પર કરવું, આપવું.

Ex-ten'sion, એક્સટેંશન, *n.* enlargement. વિસ્તાર, ફેલાવો, લંબાઈ.

Ex-ten'sive, એક્સટેન્સિવ્, *a.* large. મહોટું, વિશાળ.

Ex-tent', એક્સટેંટ, *n.* size; compass. કદ, લંબાઈ, વિસ્તાર; હદ, સીમા, મર્યાદા.

Ex-ten'u-ate, એક્સટેન્યુએટ, *vt.* (L. *ex* & *tenuis* thin) to palliate. હલકું-ઓછું કરવું, છાવરવું, નબળું કરવું.

Ex-te'ri-or, એક્સટીરીઅર, *n.* (L. *exter*) outer surface. બહારનું અંગ. *a.* outward; foreign. બહારનું, ઉપરનું; પારકા મુલકનું.

Ex-ter'nal, એક્સટર્નલ, *a.* outward. બહારનું.

Ex-ter'mi-nate, એક્સટર્મિનેટ, *vt.* (L. *ex* & *terminus* a limit) to destroy utterly. છેક નાશ કરવો, જડ કાઢવી.

Ex-tinct', એક્સટિંક્ટ, *a.* (L. *ex* & *stinguo* I quench

or prick) destroyed; put out. નાશ પામેલું, નાબુદ-પૂરૂં થયલું; હોલવાઈ ગયલું.

Ex-tin'guish, એક્સટિંગ્વિશ, *vt.* to put out; to put an end to. હોલવવું, બુજાવવું, ઘેર-રાજ કરવું, નાશ-રદ કરવું.

Ex-tirp'ate, એક્સટર્પેટ, *vt.* (L. *ex* & *stirps*) to root out; to destroy. જડ મૂળથી ઉખેડી નાખવું; સમૂળો નાશ કરવો. [highly. વખાણવું, તારીફ કરવી.

Ex-tol', એક્સટોલ, *vt.* (L. *ex* & *tollo* I lift) to praise

Ex-tort', એક્સટૉર્ટ, *vt.* (L. *ex* & *torques* I twist) to draw from by force. જુલમથી-પરાણે લેવું-કઢાવવું.

Ex-tor'tion, એક્સટૉર્શન, *n.* oppression; exaction. બળાત્કારથી લેવું તે; જબર દસ્તીથી કઢાવેલું તે.

Ex'tra, એક્સટ્ર, *a.* (L.) additional. વધારાનું, વધુ, બીજું.

Ex'tract, એક્સટ્રેક્ટ, *n.* (L. *ex* & *traho* draw) tincture; selection. અર્ક, તેજાબ; ઉતારો, ઉતારી લીધેલું વચન.

Ex-tract', એક્સટ્રેક્ટ, *vt.* to take out or from.—માંથી ખેંચી કાઢવું, અર્ક-તેજાબ કાઢવો, ચુંટી કાઢવું; વર્ગ, ઘન ઇત્યાદી મૂળ કાઢવું, [દાંત-હાડકું કાઢવું તે; કુળ, વંશ, ઓલાદ.

Ex-trac'tion, એક્સટ્રેક્શન, *n.* a drawing out; lineage.

Ex-tra-or'din-ar-y, એક્સટ્રઑર્ડિનરિ, *a.* (L. *extra* & *ordo* I order) uncommon. અસાધારણ, વિલક્ષણ, અદ્ભૂત.

Ex-trav'a-gance, એક્સટ્રૅવેગન્સ, *n.* (L. *extra* & *vagor* I wander) excess; lavish expense. અતિશયપણું; ઉડાઉ-ઘેલાળપણું-ખર્ચ.

Ex-trav'a-gant, એક્સટ્રેવેગંટ, *a.* wasteful; beyond due limit. ઉડાઉ, લખલુટ ખર્ચ કરનાર; હદ બહાર જનાર.

Ex-treme', એક્સટ્રીમ, *a.* (L. *exter* outword) utmost; most violent; final. અણીપર આવેલું, છેડાનું; અતિશય, ઘણું જબરૂં; છેલ્લું, આખરનું. *n.* utmost point. અતિશયપણું.

Ex-tremi-ty, એક્સટ્રેમિટિ, *n.* furthest point, need; utmost degree. છેડો, અણી; સીમા; અતિશય અડચણ-દુ:ખ, તંગી; પરમ મર્યાદા-અવધી. *pl.* the limbs &c. હાથ, પગ, અવયવ.

Ex-tri-cate, એક્સટ્રિકેટ, *vt.* (L. *ex* & *trecæ* hindrances) to disentangle. છોડવવું,-ગાંઠી કાઢવું, છુટું કરવું.

Ex-u'ber-ant, એક્સુબરંટ, *a.* (*ex* & *uber* rich) abundant. પુષ્કળ, ઘણુંજ.

Ex-ude', એક્સ્યૂડ, *vi.* (L. *ex* & *sudo* I sweat) to discharge moisture. શરીર-ઝાડમાંથી ઝરવું-નિકળવું.

Exult, એગઝલ્ટ, *v.i.* (L. *ex* & *salio* I leap) to rejoice exceedingly. અતિશય ખુશી-મગન થવું.

Ex-ul-ta'tion એગઝલટેશન, *n.* great joy. અતિશય હર્ષ, અત્યાનંદ, પરમાનંદ.

Eye, આઇ, *n.* (Sans *akshi*) the organ of sight; sight, view; opinion; watch; a small hole; a catch. આંખ, નેત્ર; દૃષ્ટિ, નજર; મત, વિચાર; તપાસ, નજર; કાણું, વેહ, છિદ્ર; બોરિયાં ભેરવવાનું નાકું, કડી. *vi.* to watch closely. નજર કરવી-ધ્યાનદઈને જોવું.

F.

Fa'ble, ફેબલ, *n.* (L. *fari* to speak) a short tale; a fiction; an idle story; falsehood. કથા, વાર્તા; જોડી કાઢેલી–કલ્પિત વાત; દંત–જનકથા, ગપ; અસત્ય. *vt.* to lie. વાર્તા જોડવી–રચવી–બનાવવી; જૂઠું કહેવું.

Fab'ric, ફૅબ્રિક, *n.* (Fr. *fabrique*) building; texture; a system; cloth. બાંધણી, ઈમારત; બનતર, કારીગીરી, પોત, કુમાસ, વણતર; મંડળ, ક્રમ; કાપડ, કપડું.

Fab'ri-cate, ફૅબ્રિકેટ, *vt.* to devise falsely, to forge. ખોટું બનાવવું, જોડી કાઢવું, બનાવટ કરવી, ઉભું કરવું.

Fab-ri-ca'tion, ફૅબ્રિકેશન, *n.* falsehood. જોડીકાઢવું તે, તર્કટ, બનાવટ, કુભાંડ. [લ્પિત, જોડીકાઢેલું, ખોટું.

Fab'u-lous, ફૅબ્યુલસ, *a.* (see Fable) pretended. ક-

Face, ફેસ, *n.* (L. *facio* I do) surface; visage; look; front; appearance; boldness. સપાટી, ઉપલો ભાગ; મુખ, વદન; ડોળ, ચહેરો, શિકલ; મહોડું, સામીબાજુ; સ્વરૂપ; છાતી, હિંમત. *vt.* to oppose; meet; સામે થવું, અટકાવવું; સામું આવવું–હોવું–ઉભા રહેવું. [નોદિ, મશ્કરી ભરેલું.

Fa-ce'ti-ous, ફેસિશિઅસ, *a.* jocular. ટોળી, ખટકબોલું, વિ-

Fa-cil'i-tate. ફૅસિલિટેટ્, *vt.* (L. *frcilis* easy) to make easy. સહેલું–સુગમ કરવું.

Fa-cil'i-ty, ફૅસિલિટિ, *n.* easiness; dexterity; affabi-

lity. સહેલાઈ, સુગમપણું; ચાલાકી; નરમાસ, નમ્રતા, મળતાવડું.

Fac'ing, ફેસિંગ, *n.* a covering in front. આગલા ભાગનું ઢાંકણ.

Fac-sim'i-le, ફૅક્સિમિલિ, *n.* (L. *factum* made & *similis* like) exact likeness. આબેહૂબ નકલ.

Fact, ફૅક્ટ, *n.* (L. *facio* I do) event; reality. બનેલી ખરી વાત–બિના; ખરેખરૂં હોયતે.

Fac'tion, ફૅક્શન, *n.* opposing party. તડ, પક્ષ, ટોળી.

Fac'ti-ous, ફૅક્શિઅસ, *a.* turbulent. તોફાની, ફિતુરી.

Fac-ti'ti-ous, ફૅક્ટિશિઅસ, *a.* artificial. હસ્તકૃત, કૃત્રિમ.

Fac'tor, ફૅક્ટર, *n.* an agent; multiplier. આડતિયો, ગુમાસ્તો; ગુણ્ય કે ગુણકપદ–અંક, અવયવ.

Fac'tor-y, ફૅક્ટરિ, *n.* a manufactory; house of a factor; body of factors. કારખાનું, આડતિયાને રહેવાનું ઘર, કોઠી, વખાર, લાતી; આડતિયા લોક–નું મંડળ.

Fac'ul-ty, ફૅકલ્ટિ, *n.* power; ability; privilege; officers of a college. મનંશક્તિ; સામર્થ્ય, બળ, વિશેષ અધિકાર–હક; પાઠશાળામાં અમુક વિદ્યા શિખવવાના કામ સંબંધી અધ્યક્ષોનું મંડળ.

Fade, ફેડ, *vi.* (Fr.) to decay; lose color; wither; lose strength; grow dim. નાશ–ક્ષય થવો; રંગ ઉડી જવો; કરમાઈ–સુકાઈ જવું, ખરી પડવું; નબળું પડી જવું, જતું રહેવું; ઝાંખું–ફિક્કું થઈ જવું.

Fag, ફૅગ, *n.* (AS. *fœge*) a drudge. વૈતરો. *vi.* to be weary; drudge. થાકી જવું; વેઠ–વૈતરૂં કરવું.

Fag'ot, ફૅગટ, *n.* (W. *ffagod*) a bundle of twigs. બળતણમાટે સુકી ડાંખળિયોનો ભારો.

Fail, ફેલ, *vi.* (L. *fallo* I deceive)to decay; decline; miss; become insolvent; become deficient; neglect; be disappointed. નાશ થવો; જોર ઘટી-ઓછું થઇ જવું, ક્ષીણ થવું; ફોકટ-પાણીમાં જવું; દેવાળું કાઢવું-ફુંકવું; ખૂટી-ઘટી-સુકાઇ જવું; ચૂકવું, ભૂલવું, કર્યાવગર રહેવું;-નું કંઇ ન વળવું, જય-લાભ ન મળવો. *vt.* to desert; not to perform.
Fail'ing, ફેલિંગ, *n.* fault. ભૂલ, ચૂક. [તજવું; નહિ કરવું, ભૂલવું.
Fail'ure, ફેલ્યૂર, *n.* lack of success; omission; decay; a becoming insolvent. તોટો, લાભ-જય ન થવો તે; તોડવું-ન પાળવું તે; નાશ, ક્ષય, બગડવું તે; દેવાળું.

Fain, ફેન, *n.* (AS. *fægen* joyful) glad. ખુશ, રાજી. *ad.* gladly. ખુશીથી, રાજી થઇને.

Faint, ફેન્ટ, *a.* (Gael. *fann* weak) weak; exhausted; not vivid; not loud; imperfect. અશક્ત, કમજોર, બેશુદ્ધ થવા જેવું; થાકેલું; થાકી ગયલું; ઝાંખું, ફીકું; ધીમું, ધીરૂં, મંદ; અપૂર્ણ, થોડું, જુજ. *vi.* to swoon; become weary; vanish; become feeble. બેશુદ્ધ-બેભાન થવું, મૂર્છા આવવી; કાયર-ખિન્ન-નાહિંમત થવું; જતું રહેવું, અદૃશ્ય થવું; નબળું થઇ જવું. [મેળો.

Fair, ફેર, *n.* (L. *feriae* holidays) stated market.
Fair, ફેર, *a.* (AS. *fæger* bright) beautiful; white; not cloudy; favourable; honest, just; civil; legible; untarnished; middling. રૂપાળું, રળિયામણું, દેખાવડું; ગોરૂં, ઉજળું; વાદળાં વગરનું, ઉઘાડ હોય તેવું; પૂરતું, અનુકૂળ;

પ્રમાણિક, રાસ્ત; સભ્યતા-નરમાસ ભરેલું; સારૂં, વંચાય એવું; નિષ્કલંક, બદાવગરનું, મધ્યમ, સાધારણ.*n.* a handsome female. સુંદરી, પ્રમદા.*ad.* civilly; justly; on good terms. સભ્યતાથી-મીઠીવાત બોલીને, વાજબીરીતે;-ની સાથે સારૂં.

Fair'ly, ફેર્લિ, *ad.* honestly; conveniently; without blots; completely. પ્રમાણિકપણે; સુગમ પડે એમ; સારૂં, છેકછાકવગર; છેક, બિલકુલ. [રાક્ષસી, શાકણ.

Fair'y, ફેરિ, *n.* (Fr. *feire*) elf, sprite. વનદેવતા, યક્ષિની;

Faith, ફેથ, *n.* (L. *fido* 1 trust) belief; fidelity; system of doctrine; promise given. વિશ્વાસ, શ્રદ્ધા, આકીન; સાચવટ, વફા-ઈમાનદારી, પ્રમાણીકપણું; વચન, કોલ.

Faith'ful, ફેથફુલ, *a.* firm to the truth; loyal, constant; exact; true. આકીન-શ્રદ્ધાવાળું, વફા-ઈમાનદાર; નિમકહલાલ; વાજબી, બરોબર; સાચું, ખરૂં, વચની, વિશ્વાસુ, સતી.

Fal'chion, ફૉલશન, *n.* (L. *falx* a reaping hook) a short crooked sword. વાંકી ને ટુંકી તલવાર.

Fal'con, ફૉકન, *n.* a hawk. બાજ, સકરો.

Fall, ફૉલ, *n.* (AS. *feallan*) tumble; ruin; descent; degradation; cataract. પડવું તે, પતન; નાશ, ખરાબી; પડી-બેસી-ઉતરી જવું તે; પદભ્રંશ, માનભંગ, પડતી; ધોધ-વો. *vi.* drop; sink; happen; die; arrive; rush to; pass. પડવું; ભ્રષ્ટ થવું; આવી પડવું, બનવું; કપાઈ મરવું; આવવું, થવું; મંડવું, લાગવું;-ના હાથમાં-ને ભાગે જવું,-ને મળવું.

Fal'li-ble, ફૉલિબલ, *a.* liable to error. ભૂલે એવું.

Fal'low, ફૅલો, *a.* (AS. *fealo*) pale red or yellow ; unsowed, not tilled. ઝાંખા રાતા-પીળા રંગનું ; ખેડ્યા વિનાનું, પડી રહેલું, પડતર. *n.* land left untilled; a kind of deer. પડતર જમીન; એક જાતનું હરણ.

False, ફૉલ્સ, *a.* (L. *fallo* I deceive) not true ; not real; unfaithful; hypocritical. જૂઠું, પાયાવગરનું, અસત્ય; ખોટું, કૃત્રિમ; બેવચની, બેવફા, બેઇમાન, અપ્રમાણિક; ઢોંગ ભરેલું, છેતરવા કરેલું. [પણું, અનૃત.

False'hood, ફૉલ્સહુડ, *n.* a lie. અસત્ય, જૂઠાણું, જૂઠ, ખોટા-

Fal'ter, ફૉલ્ટર, *vi.* to hesitate in speech or purpose, ખંચાવું, થડકવું, અચકાતા તોતડું બોલવું; ડગમગતું-અચકાતું ચાલવું-હોવું, લથડવું. [જશ, વિખ્યાતિ, નામ, અફવા.

Fame, ફેમ, *n.* (L. *fama*) renown; rumour. કીર્તિ,

Famed, Fam'ous, *a.* noted, renowned. પ્રસિદ્ધ, નામાંકિત.

Fa-mil'iar, ફૅમિલિઅર, *a.* (L. *famulus* a servant) well known; free; intimate; common. સારીપેઠે સમજાયલું, માલમ, વાકેફ, પ્રવિણ; ભળભાંગેલું એવું, હળીગયલું; ઘણો ઘરોબો-પરિચય હોય એવું, ઘરવટવાળું; સાધારણ, મિલનસાર. *n.* an intimate acquaintance ; a demon. જીવજાન મિત્ર; ભૂત. *[ઘરવટ, પરિચય; માહિતી, નિપુણતા.

Fa-mil-i-ar'i-ty, ફૅમિલિઍરિટિ, *n.* intimacy. ઘરોબો,

Fam'i-ly, ફૅમિલિ, *n.* household; class; lineage; કુટુંબ, કબિલો; વર્ગ, જાત; વંશ, કુળ, ઘર, કુલીનતા.

Fam'ine, ફૅમિન, (L. *fames* hunger) scarcity of food; want. દુકાળ, કાળ; તંગી, અછત. [ભૂખે મારવું-મરવું.
Fam'ish, ફૅમિશ, *vt. i.* to starve; to die of hunger.
Fan, ફૅન, *n.* (AS. *fann*) a blowing instrument. પંખો, વિંજણો; સુપડું. *vt.* to blow on; winnow. પંખે વા ખાવો-નાખવો, પરવાવું; ઝાટકવું. [enthusiast. ધર્માંધ-જનૂની માણસ.
Fa-nat'ic, ફૅનૅટિક, *n.* (L. *fanum* a temple) a bigot;
Fa-nat'ic-al, ફૅનૅટિકલ, *a.* bigoted. ધર્માંધ, ધર્માગ્રહી, જનૂની.
Fa-nat'i-cism, ફૅનૅટિસિઝમ, *n.* bigotry. ખોટો જોસ્સો, જનૂન, ધર્માંધપણું.
Fan'ci-ful, ફૅન્સિફુલ. *a.* (Gr. *phaino* to show) whimsical; visionary. લહેરી, તરંગી, ખ્યાલી, કલ્પિત, સ્વપ્નવત.
Fan'cy, ફૅન્સિ, *n.* notion; liking; whim. ધારણા, કલ્પના શક્તિ; મરજી, ઇચ્છા, મન, શોખ; તુરંગ, બુટ્ટો, ખ્યાલ. *vt. i.* imagine; like. ધારવું, કલ્પવું, માનવું;-ને ગમવું, પસંદ પડવું.
Fane, ફેન, *n.* (L. *fanum*) a temple. દેરૂં, મંદિર.
Fang, ફૅંગ, *n.* (AS. *fon* to seize) a pointed tooth; a claw. મહોટો અણીદાર દાંત; પંજો.
Far, ફાર, *a.* (AS. *feor*) distant, remote. દૂરનું, આઘેનું; મનમાં-સ્વપ્ને ન આવે એવું. *ad.* at a great distance. બહુ, ઘણું, આઘે, છેટે. [હસવું ઉત્પન્ન કરે એવો ખેલ.
Farce, ફાર્સ, *n.* (L. *farcio* I stuff) a laughable play.
Fare, ફેર, *vi.* (AS. *faran* to go) to be in any state; feed; happen well or ill. હોવું, થવું; જમવું, ભોજન કરવું,

ખાવું; નિવડવું,—ની વલે થવી, ગુજરવું. *n.* the price of passage; food. ભાડું, નૂર; ખોરાક, અન્ન, જમણ.

Fare-well′, ફેરવેલ, *int.* go well; good-by. જશો ?, સલામ, આવજો, જઇશું. *n.* wish of welfare at parting. જતીવખતના નમસ્કાર, છેલ્લી સલામ.

Far-in-a′ci-ous, ફૅરિનેશિઅસ, *a.* (L. *far* a sort of grain) consisting of meal. લોટનું—જેવું—નું બનાવેલું.

Farm, ફાર્મ, *n.* (AS. *feorm* food) land in culture. ખેતર, ગણોતે ખેડવા આપેલી જમીન. *vt.* to let out; cultivate; to lease. ગણોતે આપવું, સાંથવું; ખેડવું; ઈજારે આપવું.

Farm′er, ફાર્મર, *n.* one who tills soil. ખેડુત, ગણોતિયો.

Far′ri-er, ફૅરિઅર, *n.* (L. *ferrum* iron) shoeing smith; one who cures the diseases of horses. ઘોડાને નાળ જડનારો, નાળબંધ; ઘોડાનો વૈદ. [વધારે લાંબું—દૂરનું; વળી, બીજું.

Far′ther, ફાર્ધર, *a.* (see Far) at a greater distance.

Fas′ci-nate, ફૅસિનેટ, *vt.* (L. *fascinare* to enchant) to charm; allure. જાદુ—મોહિત—વશ કરવું,—થી મોહ પામવું.

Fa′shion, ફૅશન, *n.* (L. *facio* I do) form; custom; mode. ઘાટ, આકાર, ડોળ; ધારો, ચાલ; રીત, તરેહ, પ્રકાર. *vt.* to form, mould; fit. કરવું, બનાવવું, ઘડવું;—ને લાયક કરવું.

Fast, ફાસ્ટ, *n.* (AS. *fæstan* to keep) abstinence from food. ઉપવાસ, લાંઘણ. *vt.* to abstain from food. ઉપવાસી રહેવું, લાંઘવું. *a.* (W. *fest* quick) swift; firm. ઝડપથી ચાલતું, વેગી; પાકો, જતો ન રહે એવો. *ad.* rapidly. ઝડપથી, જલદી.

Fast,, ફાસ્ટ, *a.* (AS. *faest* to seize) tight; immovable; fixed in; sound, as sleep; firm in adherence. સજ્જડ; મજબૂત; દૃઢ, સ્થિર, અચળ; તદ્દન; ભર, ઘાડી, પાકી; વચની, વિશ્વાસુ, વફાદાર.

Fast'en, ફાસન, *vt.* to hold together; lock, hold, bar. બાંધવું, જડવું, બેસાડવું; દેવું, બંધ કરવું,—ને આગળો દેવો. [ફોટ.

Fast'ness, ફાસ્ટનેસ, *n.* a quickness; a fortress. ઝડપ;

Fas-tid'i-ous, ફાસ્ટિડિઅસ; *a.* (L. *fastus* pride) difficult to please; squeamish. ખુશ થાય નહિ એવું, મિજાજી, કંટાળો આણે—ખોડ કાઢ્યા કરે એવું.

Fat, ફેટ્, *a.* (AS. *fedan* to feed) plump; gross; greasy; fertile; rich; dull. માતેલું, પુષ્ટ; મહોટું, જાડું; ચરબીદાર—વાળું, ફળવંત, ઘણી આવક—આમદાની વાળું; પૈસાદાર, મૂર્ખ, ઠોઠ, જડ. *n.* oily part of flesh. ચરબી.

Fa'tal, ફેટલ, *a.* (*fatum* a prediction) deadly; calamitous. જીવ લે એવું; નાશ—અનર્થ—ગજબનું, આફતભરેલું.

Fate, ફેટ, *n.* destiny, lot; death. નસીબ, કિસ્મત, દૈવ; મોત.

Fa'ther, ફાધર, *n.* (L. *pater*) a male parent. બાપ, પિતા. *vt.* to adopt as one's own. મારૂં કરેલું છે એમ માનવું.

Fa'ther-hood, ફાધરહુડ, *n.* state of being a father. બાપપણું. [husband or wife. સસરો.

Fa'ther-in-law, ફાધરઈનલૉ, *n.* the father of one's

Fa'ther-ly, ફાધર્લિ, *a.* like a father. બાપજેવું—નું.

Fath'om, ફેધમ, *n.* (Icel. *fadma* to embrace) 6 feet.

ઘ ફૂટ, વામ. *vt.* to comprehend; sound; penetrate. સમજવું; ઉંડાણ માપવું, પાર કાઢવો–લેવો, થાગ લાગવો, અક્કલ પહોંચવી. [ble. અતળ, અગાધ; સમજાય નહિ એવું, ગૂઢ.

Fath'om-less, ફૅધમલેસ, *a.* bottomless; incomprehensi-

Fa-tigue', ફટીગ, *n.* (L. *fatigo* I weary) weariness; toil. થાક; મહેનત, શ્રમ, કષ્ટ. *vt.* to tire; harass. થકવી નાખવું; સતાવવું, દુ:ખ દેવું. [જાડું–પુષ્ટ કરવું; ફળવંત કરવું.

Fat'ten, ફૅટ્ન, *vt.* (see Fat) to make fat or fertile.

Fat'u-ous, ફૅટયુઅસ, *a.* (L. *fatuus* foolish) weak; silly; illusory. કોઠ, મૂઢ, જડમતિ; ખોટું, મિથ્યા.

Fault, ફૉલ્ટ, *n.* (L. *fallo* I deceive) error; offence; defect. ભૂલ, ચૂક; વાંક, તકસીર, દોષ; ખોડખાંપણ, ખામી, એબ.

Fault'y, ફૉલ્ટિ, *a.* wrong; defective; blamable. ખોટું, અશુદ્ધ, ભૂલભરેલું; ખામીવાળું, અપૂર્ણ, દોષ–તકસીરવાન.

Fa'vour, ફેવર, *n.* (L. *faveo*) kindness; support; leave; a gift; a kind act. કૃપા, મહેરબાની; ટેકો, આપવાનું મન, આશ્રય; રજા, પરવાનગી; ભેટ, બક્ષીસ, નજર; ઉપકાર, પાડ. *vt.* to regard kindly; aid; facilitate; resemble. મહેરબાની રાખવી; આશ્રય આપવો; સહેલું કરવું; મળતું આવવું.

Fa'vour-a-ble, ફેવરઅબ્લ, *a.* kind; propitious; convenient. કૃપાળું, ઉપકારી; અનુકૂળ, લાભકારી; સગવડવાળું, સુગમ. [નીતો. *a.* preferred. પ્રિય, વહાલું, માનીતું, ઇષ્ટ.

Fa'vour-ite, ફેવરિટ્, *n.* particular friend. વહાલો, મા-

Fawn, ફૉન, *n.* (Fr. *faon*) a young deer. હરણનું બચ્ચું.

Fawn, ફૉન, *vi.* (AS. *fagnian* to rejoice) to court favour by frisking about one; to flatter meanly. સાથે ગેલ કરવું; ખુશામત–હાજીહા કરવી. [રાક્ષસ.
Fay, ફે, *n.* (Fr. *fee*) a fairy, an elf. વનદેવતા, શાકણ,
Fe'al-ty, ફીઅલ્ટિ, *n.* (L. *fidelis* faithful) fidelity. વફાદારી નિમકહલાલી, રાજભક્તિ, મનધર્મ.
Fear, ફીઅર, *n.* (AS. *far*) slight dread; anxiety; awe. ભય, ડર, બ્હીક, ધાસ્તી; ફિકર, ચિંતા; આદરયુક્ત ભય, ફરભ, ધાક. [ડરકણ, પોચું;ભયંકર, બિચામણું;બિહામેલું,ભયભીત.
Fear'ful, ફીઅરફુલ, *a.* timid; terrible; afraid. બ્હીકણ,
Feas'ible, ફીઝિબ્લ, *a.* (L. *facio* I do) practicable. થાય–બને–કરાય તેવું, શક્ય, સાધ્ય, સંભવિત.
Feast, ફીસ્ટ, *n.* (L. *festum* a holy day) banquet; festival; a delicious meal. ઉજાણી, છઆકૃત ઉત્સવ, તહેવાર, રૂડું ટાણું; સ્વાદિષ્ટ ભોજન. *vi.* to eat heartily; entertain; to delight. પેટ ભરી યથેષ્ટ જમવું; મિજબાની કરવી; ઘણું ખુશ થવું.
Feat, ફીટ, *n.* (L. *facio* I do) deed, exploit. પરાક્રમ, ચાલાકીનું–મહાભારત કામ; કસરત, ચરિત્ર, પેચ.
Feath'er, ફેધર, *n.* (Gr. *feder*) a plume; kind. પીછું; જાત, સ્વભાવ. *vt.* to adorn. સુશોભિત કરવું; પીછાં બાંધવાં–ઘાલવાં.
Feat'ure, ફીચર, *n.* (L. *facio* I do) any part of the face; make, form; prominent part. મ્હોડા–ચહેરાનો કોઈ-પણ ભાગ, અંગ; ચહેરો સુરત, આકાર, દેખાવ; રૂપ, લક્ષણ, મુખ્ય ભાગ.

Feb′ri-fuge, ફેબ્રિફ્યૂજ, *n* (L. *febris* fever & *fugo* I put to flight) that which cures fever. તાવજાય એવું ઓસડ. [ફહો–કાઢવવાળું.
Fec′u-lent, ફેક્યુલંટ, *a.* (L. *fæx* dregs) foul. મેલું, ગંદુ,
Fe-cund′i-ty, ફીકંડિટિ, *n.* (L. *fecundus* fertile) fruitfulness. ફળદ્રુપ–ફળદાયકપણું, જણવા–ઉગવાની શક્તિ.
Fed′er-al, ફેડરલ, *a.* (L. *fœdus* league) relating to compact. કરાર–બંદોબસ્ત સંબંધી, કોલ કરારથી મળેલું, સંપ સંપીને સ્થાપેલું.
Fed-er-a′tion, ફેડરેશન, *n.* league, union. સંપ, ઐક્ય, એકસંપી રાજ્ય, સંપકરવો તે. [હકસાઈ, દસ્તુરી, લવાજમ.
Fee, ફી, *n.* (AS. *feoh* cattle) recompense. હકનાપૈસા,
Fee′ble, ફીબ્લ, *a.* (L. *flere* to weep) weak; infirm; faint. નબળું; અશક્ત, ખખળી ગયલું, ધીમું, ધીરૂં; ઝીણું, ઝાંખું.
Feed, ફીડ, *vt.* (AS. *feadan*) to give food; eat; supply. ખવડાવવું;ખાવું; પૂરૂં પાડવું;–ને ટેકો આપવો. *n.* food; pasture. ભોજન, ખોરાક; ચંદી, ચારો.
Feel, ફીલ, *n.* (AS. *felan*) touch. સ્પર્શ કરવો તે. *vt.* to perceive, touch; suffer. અડકવું,સ્પર્શકરવો, હાથ ફેરવી જોવો;લાગવું, જણાવું, અનુભવ થવો;નાડ–મન જોવું; ને દુ:ખ થવું.
Fee′ler, ફીલર, *n.* antenna; something put forward to try the way. જીવજંતુની મૂછ જેવડે તેઓ ફંફોળતા જાયછે; બીજાનું મન જોવા કહેલી વાત.
Feel′ing, ફીલિંગ, *n.* sense, touch; sensation; sensibi-

lity. સ્પર્શેન્દ્રિય; લાગણી, જણાવું તે; મન, બુદ્ધિ, ભાવ, મનોવૃત્તિ, વિવેક. *a.* easily affected. કરૂણાળુ, દયાળુ, અસરકારક.

Feign, ફેન, *vt.* (L. *fingo* I form) to pretend; imagine. ઢોંગ કરવો, —નું ડોળ ઘાલવું; કલ્પના—બનાવટ કરવી. [પેચ.

Feint, ફેંટ, *n.* pretence, false show. ઢોંગ, છળ, બહાનું, ફેલ,

Fe-lic'i-ty, ફેલિસિટિ, *n.* (L. *felix* happy) great happiness. પરમસુખ, યોગ્યતા, લાયકપણું. [ડીનું—સરખું.

Fe'line, ફીલાઈન, *a.* (L. *felis* a cat) like a cat. બિલા-

Fell, ફેલ, *a.* (AS.) cruel. ક્રૂર, ઘાતકી. *vt.* (AS. *feallan* to fall) to cut or knock down. કાપી નાખવું, મારી પાડવું.

Fel'low, ફેલો, *n.* (AS. *feligean* to follow) a companion; one of a pair; dignitary of college; an equal. સાથી, સોબતિ, મિત્ર; જોડનું—માંનું એક; વિદ્યામંડળીનો સભાસદ; જોડિયો, બરોબરિયો.

Fel'low-ship, ફેલોશિપ, *n.* companionship; partnership; station in a college. સંગત, દોસ્તી; ભાગ, પંતિયાળુ; ફેલોની જગા. [પૈંડાનું પુઠિયું.

Fel'ly, ફેલિ, *n.* (AS. *felge*) the rim of a wheel.

Fel'on, ફેલોન, *n.* (see Fell) criminal. દેહાંતદંડનેપાત્ર, ગુનેગાર.

Fe-lo'ni-ous, ફેલોનિઅસ, *a.* containing felony, villainous. દ્વેષ—ઈર્ષા—દગા ભરેલું, દુષ્ટ, ગુન્હો થાય એવું જાણી—વિચાર કરીને કરેલું. [ગુન્હો, મહાપરાધ.

Fel'on-y, ફેલોનિ *n.* capital crime. દેહાંત દંડાય એવો

Felt, ફેલ્ટ, *n.* (L. *pilus* hair) cloth made by pressure. ઉન દાબીને બનાવેલું લુગડું.

Fe'male, ફીમેલ, *n.* (L. *femina* a woman) the sex that bears young. નારી, સ્ત્રી, ઓરત, બૈરી; માદા. *a.* feminine; soft, delicate. સ્ત્રીનું; નરમ, કોમળ, નાજુક.

Fem'i-nine, ફેમિનિન, *a.* belonging to female sex; effeminate; tender. નારીનું; બાયલું, નામર્દ; નાજુક.

Fem'o-ral, ફેમૉરલ, *a.* (L. *femur* the thigh) belonging to the thigh. જાંગ સંબંધી.

Fen, ફેન, *n.* (AS. *fenn*) a marsh, a bog, ભીની ને ઘાસ-વાળી જગો, કળણ.

Fence, ફેન્સ, *n.* (L. *fendo* I strike) an enclosure; fencing; defence. વાડ, તટ્ટી; પટા ખેલવા તે, પટેબાજપણું; બચાવ, રક્ષણ. *vt.* to close; guard; use sword. વાડ કરવી, તટ્ટી ભરવી; રક્ષણ—બચાવ કરવો; પટા ખેલવા.

Fend, ફેંડ, *vt.* *i.* to ward off. રોકવું, ખાળવું, અટકાવવું.

Fend'er, ફેંડર, *n.* iron article before fire. આગ ન લાગે તેને માટે ચુલાઆગળ બેસાડેલા લોખંડી પત્રાં.

Fen'nel, ફેનલ, *n.* (AS. *finol*) an aromatic plant. વરિયાળી.

Fer'ment, ફર્મેંટ, *n.* (L. *fervo* I boil) a gentle boiling; agitation. અંદરની ગરમીથી થતો ઉભરો—જોશ; જુસ્સો, ગભરાટ, હુલ્લડ. Fer-ment', *vt.* to cause to swell. —થી ચડવું, ખટાયાથી ફીણસાથે ઉભરો આવવો—ઉભરાવું; ગભરાટમાં નાખવું—પડવું.

Fe-ro'ci-ous, ફીરોશિઅસ, *a.* (L. *ferox* wild) savage, ravenous. વિકરાળ, ઘાતકી; ફાડીખાનારૂં.

Fe-roc'i-ty, ફીરૉસિટિ, *n.* savage wildness. ક્રૂરતા.
Fer'ret, ફેરેટ્, *n.* (Fr. *furet*) animal like weasel. નોળિયો. *vt.* to search out. ખોળી–શોધી કાઢવું.
Fer-ru'gin-ous, ફેરુજીનસ, *a.* (L. *ferrum* iron) pertaking of iron. લહોડાનું.
Fer'ry, ફેરિ, *n.* (Sax. *ferian* to carry) the place where boats pass over water; boat. જ્યાંથી હોડી મુકવામાં આવેછે તે જગા, ઓવારો; તર, મછવો. *vt.* to carry over water. પાર કરવું–લઈજવું–ઉતારવું.
Fer'tile, ફર્ટાઈલ, *a.* (L. *fero* I bear) fruitful; prolific. ફળવંત; શોધક, યોજક, ચતુર, નવું ઉપજાવી શકે તેવું.
Fer'vent, Fer'vid, ફર્વેંટ, ફર્વિડ, *a.* (L. *ferveo* I boil) hot; ardent. ગરમ, ઉષ્ણ, જલદ, તપી ગયલું, જુસ્સામાં આવેલું; આતુર, હોંસીલું, ઉત્સુક. [રતા, હોંસ, આસ્થા, ભાવ.
Fer'vour, ફર્વર, *n.* heat; ardour. ગરમી, જુસ્સો; આતુ-
Fest'al, Fest'ive, ફેસ્ટલ, ફેસ્ટિવ્, *a.* pertaining to a feast; joyous. ઓચ્છવ–તહેવારનું; આનંદ–ખુશી ભરેલું.
Fest'er, ફેસ્ટર, *vi.* (L. *pus*) to rankle; to gather matter. ઈઝરાઈ જવું, પેટમાં બળ્યા કરવું, બહુ દરદ થાય એવું થવું; પાકવું. [day. મિજબાની; સપરમો દિવસ, ટાણું.
Fes'ti-val, ફેસ્ટિવલ, *n.* (L. *festum*) feast; solemn
Fes-toon', ફેસ્ટૂન *n.* a wreath. ફુલનો હાર, તોરણ.
Fetch, ફેચ્, *vt.* (Sax. *feccan*) to go and bring;

heave as a sigh; obtain. લાવવું, લઈઆવવુ, આણવું; નાખવુ, મૂકવું;—નું ઉપજવું, આવવું. [વાસ મારવું.
Fet'id, ફેટિડ, *a.* (L. *fœteo* to stink) stinking. ગંધાતું,
Fet'lock, ફેટ્લૉક્, *n.* (*feet* & *lock*) pastern joint of a horse. ઘોડાનું ઘુટણુ, ખુઓ.
Fet'ter, ફેટર, *n.* (AS. *fet* feet) a chain; a restraint. બેડી, સાંકળ; અંકુશ, દાબ, કાબુ. *vt.* to bind. બેડી ઘાલવી, અટકાવવું. [in the womb. ગર્ભસ્થાનમાંનું બચ્ચું.
Fe'tus, ફીટસ, *n.* (L. *feo* I bring forth) an animal
Feud, ફ્યૂડ, *n.* (AS. *fæhdh*) a quarrel. કજીયો, ટંટો, કદી
Feud, ફ્યૂડ, *n.* (L. *fendum*) fief. વતન, જાગીર. [લડાઈ.
Feud'al, ફ્યૂડલ, *a.* pertaining to fief. વતનનું, લશ્કરી ચાકરી કરવા વગેરે શરતે જાગીર આપવાના રીવાજ વિષે.
Fe'ver, ફીવર, *n.* (L. *febris*) disease with heat, thirst &c. તાવ, જ્વર, બોખાર. .. [નહિ, થોડાં.
Few, ફ્યૂ, *a.* (AS. *feawa*) a small number. ઘણાં
Fi'at, ફાઈઍટ, *n.* (L. *facio* I do) a decree, an order·
Fib, ફિબ્, *n.* (see Fable) a lie. જૂઠું, અસત્ય. [હુકમ, આજ્ઞા.
Fi'bre, ફાઈબર, *n.* (L. *fibra* a thread) ·fine thread-like substance. તંતુ, શિરા, નસ, રેશા, જડિયાં.
Fick'le, ફિક્લ, *a.* (AS. *ficol*) changeable, not firm. ચંચળવૃત્તિનું, ઘડી ઘડીમાં ફરીજાય તેવું, ધડા વગરનું, અસ્થિર.
Fic'tile, ફિક્ટાઈલ, *a.* (see Feign) made of clay. માટીનું બનાવેલું. [story. અસત્ય, જૂઠું; જોડી કાઢેલી વાત, ગાથા, કિસ્સો.
Fic'tion, ફિક્શન, *n.* (see Feign) a lie; an invented

Fid'dle, ફિડ્લ, *n.* (L. *fides* a string) a violin. સારંગી; કિનરી. *vi.* to play on a fiddle; to trifle. સારંગી વગાડવી, નકામા વખત ગુમાવવો.

Fi-del'i-ty, ફિડેલિટિ, *n.* (L. *fido* I trust) faithfulness. વિશ્વાસુ–પ્રમાણીકપણું, નિમકહલાલી, સાચવટ, ઈમાનદારી, પત્નીધર્મ, પતિવ્રત.

Fidg'et, ફિજેટ્, *vi.* (Swiss. *fitschen* to flutter) to be restless. ચળવળવું, ચહેન નહિ પડવું.

Fie, ફાઈ, *int.* denoting dislike. છટ, છીટ, છિ.

Fief, ફીફ, *n.* (see Fee) a fee; feud. વતન, જાગીર.

Field, ફીલ્ડ, *n.* (AS. *feld*) enclosed ground; open country; a battle ground; compass, extent. ખેતર; મેદાન, ચોગાન; રણક્ષેત્ર, યુદ્ધ; વગ, વિષય, પ્રસાર.

Field'sports, ફીલ્ડસ્પોર્ટ્સ, *n. pl.* shooting and hunting. શિકાર, મૃગયા.

Fiend, ફીન્ડ, *n.* (AS. *feond-fian* to hate) the devil. સેતાન, ભૂત, દૈત, અસુર, દાનવ.

Fi'erce, ફીઅર્સ, *a.* (L. *ferox*) savage; furious; vehement. ક્રૂર, ફાડી ખાનારૂં; વિકાળ, ભયંકર; જોશ–આવેશમાં આવેલું, જાલમ, કરડું, આતુર.

Fi'er-y, ફાયરિ, *a.* (Gr. *pyr*) like fire; easily provoked. દેવતાજેવું ચળકતું; તામસી, ક્રોધી, જલદ, ઘણું ગરમ.

Fife, ફાઈફ, *n.* (It. *pifara*) a small flute. પાવો, વાંસળી, મોરલી.

Fig, ફિગ, *n.* (AS. *ficus*) a tree and its fruit. અંજીરી; અંજીર.

Fight, ફાઈટ, *n.* (AS. *feohtan*) a battle, a combat. લ-

ડાઈ, યુદ્ધ, ઝઘડો, જંગ. *vi.* to contend against. લડવું, યુદ્ધ કરવું, સામાથવું, આથડવું, અટકાવવાનું કરવું.

Fig′ment, ફિગમેંટ, *n.* (see Feign) a fiction. કલ્પિતવાત, વારતા, કિસ્સો.

[લાક્ષણિક, અલંકાર યુક્ત-વાળું.

Fig′u-ra-tive, ફિગ્યુરેટિવ, *a.* typical. દર્શક, સાંકેતિક,

Fig′ure, ફિગ્યૂર, *n.* (L. *figura*) form; shape; number; image; type; distinction. આકૃતિ, આકાર; ઘાટ, રૂપ, ડોળ; અંક, આંકડો; પુતળું, મૂર્તિ, પ્રતિમા; કિર્તિ, નામ. *vt.* form; draw; imagine.—નો ઘાટ બનાવવો; ચિત્ર કાઢવું; કલ્પવું, ધારવું.

Fil′a-ment, ફિલેમેંટ, *n.* a fibre. તંતુ, તાર, નસ, રગ.

Filch, ફિલ્ચ, *vt.* (AS. *filhan*) to steal, pilfer. ચોરવું, લેઈ લેવું, ચોરી લેવું.

File, ફાઇલ, *n.* (L. *filum* a thread) a wire; a series; a row of soldiers. કામના કાગળપત્ર પોરવી મૂકવાની દોરી–તાર; સાથે બાંધેલાં કાગળીયાંની ચોપડી, ફાઇલ; સિપાઈઓની હાર. *vi.* to string up; to march in a line. દોરીમાં પોરવવું, ફાઈલમાં બાંધવું; સિપાઈઓએ હારબંધ ચાલવું.

File, ફાઈલ, *n.* (AS. *feol*) a tool for rubbing away metal. કાનસ, રેતડી. *vt.* to smooth with. કાનસથી ઘસી સાફ કરવું–કાપવું.

[યોગ્ય, પુત્રી યોગ્ય.

Fil′i-al, ફિલિઅલ, *a.* (L. *filius* a son) dutiful. પુત્ર

Fill, ફિલ, *n.* (AS. *fullan* full) fulness. ધરાય–પેટ ભરાય–સંતોષ થાય–જોઈએ તેટલું. *vt.* to make full. ભરવું, પૂરત કરવું.

Fil'let, ફિલેટ્, *n.* (L. *filum* a thread) a band; a joint of veal. ચોટલો બાંધવાનું નાડું-દોરો-પાટી; વાછરડાની જાંઘનો માંસવાળો ભાગ, થાપો. [ટફોરો.
Fil'lip, ફિલિપ, *n.* (from the sound) flip of finger.
Fil'ly, ફિલિ, *n.* (Icel *fyl* colt) a young mare. વછેરી, ટટવાણી. [જાળું, પાતળી ચામડી-પોપડી, પડદો.
Film, ફિલ્મ, *n.* (AS. *pilen*) a thin skin. છારી, પડળ,
Fil'ter, ફિલ્ટર, *n.* (Fr. *filtre*) a strainer. ગળણી, ગળણી. *vt.* to purify by straining. ગાળવું, નિતારવું.
Filth, ફિલ્થ, *n.* (AS. *fylth-ful* foul) dirt; foul matter; pollution. મેલ, કચરો, ગલીચી; અપવિત્રતા.
Fin, ફિન, *n.* (L. *pinna*) part of a fish. માછલીની પાંખ.
Fin'a-ble, ફાઇનેબ્લ, *a.* (L. *finis* an end) deserving a fine. દંડને લાયક. [અંત લાવે એવું, નિર્ણય-નિશ્ચય કરે એવું.
Fi'nal, ફાઇનલ, *a.* last; conclusive. છેલ્લું, છેવટનું, છેડો-
Fi-na'le, ફીનાલે, *n.* last piece in music, termination. ગાયનની કે નાટકની આખેરીએ વગાડેલો-ગાયલો રાગ.
Fi'nall-y, ફાઇનલિ, *ad.* in conclusion. આખરે, અંતે. [જમા.
Fi-nance', ફિનૅન્સ, *a.* income of a state. રાજની મહેસુલ-
Find, ફાઇંડ, *vt.* (AS. *findan*) to discover; meet with; gain, have. -ને જડવું, મળવું, હાથ લાગવું,-નો શોધ લાગવો, જાણવું, માલમ પડવું, ને જણાવું, પ્રાપ્ત થવું, આવવું, હોવું, ઠેરવવું.
Find'ing, ફાઇંડિંગ, *n.* discovering; a verdict. શોધી કાઢવું તે; કોર્ટ કે જુરીનો ઠરાવ-ફેસલો-હુકમનામું.

Fine, ફાઇન, *n.*(L. *finis* an end) penalty. દંડ, ગુનેગારી. *vt.* to impose penalty on. દંડ કરવો. *a.* thin; keen; not coarse; pure; showy; excellent; noble. ઝીણું, બારીક, પાતળું; તીખું, ધારદાર; ઝીણા કુમાસનું; ભેળવિનાનું, ચોખ્ખું; દેખાવડું, સુંદર; ગુણી, ગુણવાન, ઉત્તમ, ઉમદા, ઉદાર.

Fin'er-y, ફાઇનરિ, *n.* showy dress. ભભકાદાર પોશાક.

Fi-nesse', ફિનેસ, *n.* (Fr.) an artifice. યુક્તિ, પ્રપંચ.

Fin'ger, ફિંગર, *n.*(AS. *fangan* to seize) part of hand. આંગળી–ળું. *vt.* to touch. આંગળીથી અડકવું, સ્પર્શ કરવો.

Fin'ish, ફિનિશ, *vt.* (L. *finis* an end) to bring to an end. પૂર્ણ–સમાપ્ત કરવું,–નો છેડો આણવો.

Fi'nite, ફાઇનાઇટ, *a.* bounded, limited. હદ–પાર–મર્યાદા વાળું, અંતવાન.

Fir, ફર, *n.* (AS. *furh*) a tree or its wood. દેવદારનું [ઝાડ–લાકડું.

Fire, ફાયર, *n.*(Gr. *pyre*) that which burns; a conflagration; light; passion. અગ્નિ, દેવતા, વસ્તેવ; આગ; તેજ, પ્રકાશ; જુસ્સો, હોંસ, ઉત્સાહ. *vt.* to set on fire; discharge; animate. સળગાવવું, પેટવવું; ફોડવું, છોડવું; ઉસ્કેરવું, જોશમાં લાવવું.

Fire'-arms, ફાયરઆર્મ્ઝ, *n.* guns, pistols, &c. બંદુક–તોપ [વગેરે દારૂથી ફોડવાના હથિયાર, અગ્ન્યાસ્ત્ર.

Fire'brand, ફાયરબ્રૅંડ, *n.* a piece of wood on fire; one who causes contention. બળતું લાકડું; કજિયા દલાલ, કજિયો સળગાવનાર.

Fire'lock, ફાયરલૉક, *n.* a musket. ચકમકવાળી બંદુક.

Fire'side, ફાયરસાઇડ, *n.* a place near the fire; domestic life. ચૂલાપાસેની જગા; બૈરાં છોકરાં સાથે રહેવું તે.

Fir'kin, ફર્કિન, *n.* (Sax. *feower* four) a vessel of 8 or 9 gallons. ૮ કે ૯ ગ્યાલનનું માપ.

Firm, ફર્મ, *a.* (L. *firmus*) strong, solid; constant. મજબૂત, કઠણ, જાડું, ઘટ; દૃઢ, ડગે નહિ એવું, કાયમ. *n.* a partnership. પેઢી, દુકાન.

Fir'ma-ment, ફર્મમેંટ, the heavens. આકાશ.

Firm'ness, ફર્મનેસ, *n.* solidity; constancy. કઠણ-મજબૂતપણું; દૃઢતા, એકનિશ્ચયપણું.

First, ફર્સ્ટ, *a.* (AS. *fyrst*) earliest, chief. પહેલું, સર્વેથી આગલું; મુખ્ય, ઉત્તમ. *ad.* before anything else. [પ્રથમ, પહેલાં.

Firth, ફર્થ, *n.* (see Frith).

Fis'cal, ફિસ્કલ, *a.* (L. *fiscus* a basket) pertaining to a treasury. સરકારી આમદાની સંબંધી. *n.* revenue; a treasurer. સરકારી મહેસુલ-વસુલ; કોલીદાર, ખજાનચી.

Fish, ફિશ, *n.* (AS. *fisc*) an animal living in water. માછલું. *vt.* to try for fish. શોધખોળું, ખોળવું.

Fish'er-y, ફિશરિ, *n.* the place or business of fishing. માછીનો ધંધો, માછલાં પકડવાની જગા. [ફાડ, ફાટ, ચીર.

Fiss'ure, ફિશ્યૂર, *n.* (L. *findo* I cleave) a cleft. તડ,

Fist, ફિસ્ટ, *n.* (AS. *fyst*) the clenched hand. મુઠી, મુઠો, મુષ્ઠિ, મુક્કો, મુક્કી.

Fit, ફિટ, *a.* (L. *facio* I do) meet, proper. લાયક, જોગ,

ઘટારત, લાજમ. *vt.* to suit, adapt, qualify, equip. બેસતું કરવું, બેસાડવું; બરોબર આવી રહે એવું કરી આપવું;-થી યોગ્ય થવું;-ની તૈયારી કરવી.

Fit, ફિટ્, *n.* (L. *figo* I pierce) a sudden attack of a disease; convulsion; turn; passing humour. રોગથી સપડાવું તે, આવેશ, એકાએક ઉપાડ;આંકડી, ફેફરું;પાળી. વારો; તુરંગ. [ફરે ત્યારે કરે એવું, રહીરહીને થાય-આવે એવું.

Fit'ful, ફિટ્ફુલ, *a.* varied by fits. ચંચળ, મિજાજી, મિજાજ

Fix, ફિક્સ, *vt.* to make stable; establish; fasten. દૃઢ-અચળ કરવું; સ્થાપવું, ઠરાવવું, નક્કી કરવું; બાંધવું, જડવું.

Fix'ture, ફિક્સચર, *n.* something fixed in house &c. જડિત સામાન (ઘરમાંનાં લંડારિયાં, હાટડાં, તાંકાં વગેરે). [પોચું,

Flab'by, ફ્લૅબિ, *a.* (*flappe* soft) soft; yielding. નરમ,

Flag, ફ્લૅગ, *vi.* (W. *llag* slack) to hang loose; to grow dejected or weak. ઝુલી-લબડી જવું-પડવું, ફડફડવું; નાહિંમત થવું, હિંમત હારવી, નબળું-કમજોર થવું, ઘટવું. *n.* an ensign. વાવટો,ધ્વજા, ઝુંડો. [ફરસબંધી કરવાનો ચપટો પથ્થર.

Flag, ફ્લૅગ, *n.* (AS. *flacen* snow-flakes) a flat stone.

Flag'el-late, ફ્લૅજેલેટ, *vt.* (L. *flagrum* a whip) to scourge. ચાબખનો માર મારવો.

Fla-gi'-ti-ous, ફ્લૅજિશિઅસ, *a.* (L. *flagitium*) scandalous, wicked. અતિદુષ્ટ, મહાપાપવું, કમકમાટભરેલું.

Flag'on, ફ્લૅગન, *n.* (Fr. *flacon*) a jug with a narrow mouth. નહાના મ્હોંડું વાસણ, સિરોઈ.

Fla'grant, ફ્લેગ્રંટ, *a.* (L. *flagro* I flame) glaring, notorious. સહુને જાણીતું, મશહુર, હડહડતું, ઘોર, અતિદુષ્ટ.

Flail, ફ્લેલ, *n.* (Fr. *flael*) a threshing instrument. કણસલા ઝુડવાની લાકડી–બુંધું.

Flake, ફ્લેક, *n.* (AS. *fleogan* to fly) a flock of snow, a particle of fire flying. હિમકણ; તણખો, ચિણગારી.

Flam'beau, ફ્લૅમ્બો, *n.* (L. *flamma* a flame) a lighted torch. સળગાવેલી મશાલ–કાકડો.

Flame, ફ્લેમ, *n.* a blaze; fire; heat of passion; ardour; one beloved. ભડકો, બળતું; આગ, અગ્નિ; આવેશ, ગભરાટ, સંતાપ; જુસ્સો, હોંસ; પ્રિયા, વહાલો. [લશ્કરની બાજુ.

Flank, ફ્લૅંક, *n.* (Fr. *flânc*) side. કુખ, કેડ, કમર;

Flan'nel, ફ્લૅનલ, *n.* a soft woollen cloth. નરમ ઉનનું લુગડું.

Flap, ફ્લૅપ, *n.* anything hanging loose. ફડફડ થાય એવી વસ્તુ, ઝુલ. *vt.* to move; beat. પાંખ ફફડાવવી; ફટકો મારવો.

Flare, ફ્લેર, *vi.* (Ger. *flackern* to flutter) to waver, to flutter; to glitter; to open or spread. ભડભડ બળવું, તેજનો ભભકો ઉઠવો; ચળકવું; ખુલવું, ઉઘડવું.

Flash, ફ્લૅશ, *n.* (*Sans.* *ush* to burn) a sudden burst of light. ચમકારો, ઝબકારો, ચળકાટ. *vi.* to burst forth. એકાએક ચળકાટ–ઘણું તેજ મારવું; એકદમ મનમાં ઉતરવું–ડસવું.

Flask, ફ્લાસ્ક, *n.* (AS. *flasc*) a bottle. શીસો, બાટલી.

Flat, ફ્લૅટ, *a.* (Ger. *platt*) level; prostrate; insipid; without point or spirit; unpleasing; po-

sitive; not sharp; low. સપાટ, સરખું, ચપટું; પડેલું, સુતેલું; સ્વાદવગરનું, ઉતરીગયલું, ફિકું; રસ–દમ વિનાનું, નિરસ; આનંદ ન ઉપજાવે એવું, વિરસ, અરસિક; સાફ, ખુલ્લું કહેલું, બિલકુલ; જાડું, ખોખરૂં; મંદ, બેસી ગયલું. *n.* level land. સપાટ જમીન, મેદાન. [જમીન દોસ્ત–ફીકું કરવું.

Flat'ten, ફ્લૅટન, *vt.* to make flat. સપાટ–ચપટું–સરખું–

Flat'ter, ફ્લૅટર, *vt.* (Fr. *flatter* to pat) to please by praise. વખાણ–ખુશામત–હાજીહા કરવી–કરી રાજી ખુશી કરવું,–ને ગમતું–પસંદ પડતું બોલવું, વખાણી ઉત્તેજન આપવું–ઉસ્કેરવું, ખોટી આશા આપવી.

Flat'ter-y, ફ્લૅટરિ, *n.* undue praise. ખુશામત, હાજીહા.

Flaunt, ફ્લાંટ, *vi.* (AS. *fleogan* to fly) to display for show. ભભકો–રોપ મારવો, ફક્કડ થઈ ફરવું.

Fla'vour, ફ્લેવર, *n.* (L. *flagro* I smell) taste; smell. સ્વાદ; વાસ, બો, ગંધ, સોરમ.

Flaw, ફ્લૉ, *n.* (AS. *floh*) a defect; a break; sudden gust; uproar. ખોડખાંપણ, એબ, ખામી; તડ, ફાટ, ફાડ, ચીર; પવનનો ઝપાટો; શોર, ગોંધાટ. [શણનો છોડ, શણ.

Flax, ફ્લૅક્સ, *n.* (AS. *fleax*) a plant yielding linen.

Flay, ફ્લે, *vt.* (AS. *flean*) to strip off skin. ચામડી ઉતારવી–કાઢવી. [insect. ચાંચડ.

Flea, ફ્લી, *n.* (AS. *fleohan* to fly) small hopping

Fleam, ફ્લીમ, *n.* (D. *vlym* a lancet) a large lancet. મહોટું નસ્તર. [પટ્ટાંવાળું, ચિત્રવિચત્ર.

Fleck'ed, ફ્લેક્ડ, *a.* (Ger. *fleck* a spot) spotted. ટ·

Fledged, ફ્લેજ્ડ, *a.* (AS. *fleogan* to fly) furnished with feathers or wings. પીછાં કે પાંખ આવેલું એવું, ઉડી શકે તેવું. [void. નાસવું, નાસીજવું;-થી દૂર રહેવું.
Flee, ફ્લી *vi.* (AS. *flea* to fly) to run swiftly; a-
Fleece, ફ્લીસ, *n.* (AS. *flys*) sheep's wool. એકવાર કાતરેલું મેંઢાનું ઉન. *vt.* to plunder. લુટી-નિચોવી લેવું, ખંખેરવું.
Fleet, ફ્લીટ, *n.* (AS. *fliet* to float) a number of ships in company. લડાઈના વહાણનનો કાફલો, આરમાર. *a.* quick. ઝડપથી ચાલનારૂં, વેગી. *vi.* to pass swiftly. ઝડપથી જતું રહેવું. [એવું, ક્ષણિક.
Fleet'ing, ફ્લીટીંગ, *a.* not lasting. પલવારમાં જતું રહે
Flesh, ફ્લેશ, *n.* (AS. *flæsc*) animal muscle; meat; the body; animal nature; mankind; human nature; carnal appetites; kindred; pulpy substance. માંસ, માસ; દેહ, શરીર, કાયા, પિંડ; સર્વજાતના પ્રાણી; મનુષ્ય-માણસ જાત; મનુષ્ય સ્વભાવ; વિષય વાસના; સગું, સંબંધી; ગર, માવો. [જાડું, પુષ્ટ.
Flesh'y, ફ્લેશિ, *a.* full in flesh, fat. માંસથી ભરેલું,
Flex'i-ble, Flex'ile, ફ્લેક્સિબલ, ફ્લેક્સાઈલ, *a.* (L. *flecto* I bend) easily bent; pliable; tractable. વળે-વાંકુ થાય-મરડાય એવું; નરમસ્વભાવનું; વાળ્યું વળે એવું; શિખવી શકાય એવું. [ver, twinkle. હાલવું, ધ્રુજવું, ઝડપાવું.
Flick'er, ફ્લિકર, *vi.* (AS. *flycge* able to fly) to wa-
Flight, ફ્લાઈટ, *n.* (AS. *fleogan* to fly) flying; soar-

ing; flock of birds; series of steps. ઉડી-નાસીજવું તે, નાસાનાસ, દોડાદોડ; દોડાવવું તે; ઉડતાં પક્ષીનું ટોળું; દાદર, સીડી. [લહેરી, તુરંગી, વાયલ.
Flight'y, ફ્લાઇટિ, *a.* fanciful; fleeting. ચંચળ, ચપળ,
Flim'sy, ફ્લિમ્ઝિ, *a.* (see Film) weak, vain; spiritless. અસાર, નષ્ટનું, ખોટું, મિથ્યા; નિર્માલ, ગુણરહિત.
Flinch, ફ્લિન્ચ, *vi.* (see Flicker) to shrink. હઠી જવું, હારી ખાવું, પાછું હઠવું.
Fling, ફ્લિંગ, *vt.* (L. *fligo* I strike) to throw; to send forth. ફેંકવું, નાખવું, પછાડવું, પટકવું;-માંથી નિકળ્યાં કરવું. *n.* a throw; sarcasm. ફેંકવું-નાખવું તે; મહેણું, ઠપકો.
Flint, ફ્લિંટ, (AS.) a hard stone. ચકમક.
Flip'pant, ફ્લિપંટ, *n.* (E. *flip* to move quickly) fluent and rapid in speech. બહુબોલું, અટકયા વગર ઝડપથી બોલનાર, બોલકણું.
Flirt, ફ્લર્ટ, *n.* (AS. *fleardian* to trifle) a pert, giddy girl. નખરાંબાજ-ચાળાખોર છોડી. *vi.* to coquet. ચાળાચરાકા-નખરાં કરવાં, નેન મારવી.
Flit, ફ્લિટ્, *vi.* (Scot) to dart along; remove. આમ તેમ ઉડયાં-દોડયાં કરવું, ઝડપથી ઉડવું; એક મુકામ છોડી બીજે જવું. [મીઠું દઈ સુકવેલું ડુક્કરના પાસાનું માંસ.
Flitch, ફ્લિચ્, *n.* (AS. *fliece*) a side of pork cured.
Float, ફ્લોટ, *n.* (AS. *fleotan*) a raft. તરાપો. *vi.* to swim on the surface. તરવું.

Flock, ફ્લૉક્, *n.* (AS. *floc*) a number of animals; a lock of wool. ટોળું, ઝુંડ; ઉન કે વાળનું ગુછળું. *vi.* to gather together. ટોળેટોળાં એકઠાં થવાં-મળવાં.

Floe, ફ્લો, *n.* (Dan. *flag*) floating ice. સમુદ્રમાં તરતા બરફનો ઢગલો. [ચાબકે મારવું, ફટકા મારવા.

Flog, ફ્લૉગ, *vt.* (L. *fligo* I beat) to whip, to lash.

Flood, ફ્લડ, *n.* (AS. *flod*) inundation; the deluge; flow of tide; abundance; stream. રેલ, પૂર; જળપ્રલય; ભરતી, જુવાળ, વીળ; પુષ્કળપણું, રેલછેલ, છોળ; પ્રવાહ, રેલો. *vt.* -થી જળમય થવું-પલળી જવું.

Floor, ફ્લોર, *n.* (AS. *flor*) the bottom of a room; a story; platform. ભોંય, ભોંયતળિયું, પાટિયાંની ભોંય; માળ. *vt.* to lay with boards. પાટિયાં જડવાં.

Flor'id, ફ્લોરિડ્, *a.* (L. *flos* a flower) bright in color; splendid. લાલ સુરખીદાર, તેજ-ચળકાટ મારતું; અલંકારી.

Flo'ral, ફ્લોરલ, *a.* relating to flowers. ફુલસંબંધી.

Flor'in, ફ્લૉરિન, *n.* (Fr.) coin of 2*s.* બે શિલિંગ.

Flor'ist, ફ્લૉરિસ્ટ, *n.* (L. *floris*) a cultivator of flowers. ફુલવાડી વાળું-રાખનાર.

Flo-til'la, ફ્લોટિલા, *n.* (Sp. *flota* a fleet) a fleet of small vessels. નહાનાં વહાણનો કાફલો.

Gloze, ગ્લોઝ, *vi.* (See Gloss) to flatter; talk smoothly. ફોસલાવવું, પટાવવું, મીઠીમીઠી વાત કરવી.

Glue, ગ્લૂ, *n.* (L. *gluo* I draw together) sticky cement. સરસ. *vt.* to cement. ચોટાડવું, ચોડવું.

Glut, ગ્લટ, *vt.* (L. *glutio*) to swallow; cloy, over load. એકદમ ખાઈજવું; ધરાવીનાખવું, ધરાય-ઓચાઈ જાય એવું કરવું.

Glut'in-ous, ગ્લુટિનસ, *a.* (see Glue) viscous, viscid. ચીકણું, ચોંટી જાય એવું. [અકરાંતિયો, બહુ ખાનાર.

Glut'ton, ગ્લટન, *n.* (L. glutto) a voracious eater.

Glyc'er-ine, ગ્લિસરિન, *n.* (Gr. *glukus* sweet) a sweet viscid liquid. એક જાતનો ચીકણો ગળ્યો પદાર્થ.

Gnarled, નાર્લ્ડ, *a.* (Dan. *knort*) full of knots. ગાંઠાગાંઠોવાળું. [ther. દાંત પીસવા-કકડાવવા.

Gnash, નૅશ, *vt.* (Icel. *gnista*) to strike teeth toge-

Gnat, નૅટ, *n.* (Ger. *gnid*) a small stinging fly. મચ્છર, ડાંસ. [થોડેથોડે કરડી ખાવું; ખવાઈ જાય તેવું કરવું.

Gnaw, નૉ, *vt.* (AS. *gnagan*) to bite off; corrode.

Go, ગો, *vi.* (AS. *gangan*) to move, pass, depart; proceed; extend. જવું, ચાલવું; -માં ખપવું-ગણાવું; બનવું, ઉતરવું, થવું; સુધી જવું-પહોંચવું.

Goad, ગોડ, *n.* (AS. *gal*) a pointed stick. પરોણો-ણી. *vt.* to prick with; excite. પરોણી ભોકવી; ઉશ્કેરવું, ચઢાવવું.

Goal, ગોલ, *n.* (AS. *gaule* a pole) winning post;

aim, end. નિકળવાનું કે પહોંચવાનું સ્થાન, મુકામ; ઉદ્દેશ, સાધ્ય વસ્તુ. [બકરી, બકરૂં.
Goat, ગોટ, *n.* (AS. *gat*) a domestic animal. બકરો,
Gob'let, ગૉબ્લેટ્, *n.* (Fr. *gobelet*) a drinking vessel. પ્યાલો, પંચપાત્ર. [પિશાચ.
Gob'lin, ગૉબ્લિન્, *n.* (Fr.) an evil spirit. ભૂત, પ્રેત,
God, ગૉડ, *n.* (AS.) The Supreme Being. પરમેશ્વર, પ્રભુ,
God'dess, ગૉડેસ્, *n.* a female deity. દેવી. [દેવ-વી-તા.
God-fa'ther, ગૉડફાધર, *n.* sponsor at baptism. ધર્મપિતા.
God'head, ગૉડ્હેડ્, *n.* divine nature. ઈશ્વરપણું, દેવત્વ.
God'less, ગૉડ્લેસ્, *a.* ungodly; wicked. નાસ્તિક, અધર્મી; પાપી. [ભગવતીપણું, સન્માર્ગ.
God'li-ness, ગૉડ્લિનેસ્, *n.* true piety. પવિત્ર-ધાર્મિક-ભ-
God'ly, ગૉડ્લિ, *a.* pious, devout. ધાર્મિક, ભગવતી.
God'send, ગૉડસેંડ, *n.* unexpected good fortune. ઈશ્વરની વિશેષ અણધારી કૃપા-લાભ. [નિર્વિઘ્ન પ્રવાસ.
God'speed, ગૉડ્સ્પીડ, *n.* success, good speed. ફતેહ,
Goi'tre, ગૉઇટર, *n.* (Fr.) bronchocele, swelled neck. ગળાપર વરસોળી-પાડું. [કંચન, સુવર્ણ; પૈસો, જર, ધન.
Gold, ગોલ્ડ, *n.* (AS.) precious metal; money. સોનું,
Gold'en, ગોલ્ડન, *a.* made of gold; like gold. સોનાનું, સુવર્ણમય; સોનાજેવું, સોનેરી; ઉમદા, કિંમતી.
Gold'leaf, ગોલ્ડલીફ, *n.* સોનાનો વરખ-પાનાં.
Gold'smith, ગોલ્ડસ્મિથ્, *a.* a worker in gold. સોની.

Good, ગુડ, *a.* (AS. *god*) worthy of approbation; virtuous; useful; sufficient; true; fair. સારૂં, ખાસુ, મજેનું; ભલું, રૂડું, સદાચારી; ઉપયોગી, કામનું; જોઈએ તેવું, યોગ્ય, વજનદાર, પાકું; ખરૂં, ખરાદિલનું, અંતરનું રૂડું, સારૂં. *n.* benefit; that which affords happiness. લાભ, ફાયદો રૂડી–ભલીવાત. [મઝેનું; ખુબસુરત, દેખાવડું; મહોટું, ઘણું.
Good'ly, ગુડ્લિ, *a.* pleasant; comely; large. ખુશકારક,
Good'ness, ગુડ્નેસ, *n.* excellence, kindness. ખુબી, સારોગુણ, ભલાઈ, મહેરબાની.
Goods, ગુડ્ઝ, *n. pl.* movables. માલ, વેપારની જનસો.
Goose, ગુઝ, *n.* (AS. *gos*) a fowl; a silly person; tailor's iron. હંસણી, બતકની જાતનું પક્ષી; મૂર્ખો, ગધેડો; દરજીનું એક હથિયાર.
Gore, ગોર, *n.* (AS. *gor*) clotted blood; gusset. ઠરી ગયલું–જાડું–રગડ, લોહી. (AS. *gär* a spear) gusset. અંગરખા વગેરેમાં કળી. *vt.* to pierce. ભોંકવું, ઘોંચવું.
Gorge, ગૉર્જ, *vt.* (L. *gurges* gulf) to swallow; cram, glut. ગળી–ઓહીઆંકરી–દબદબ ખાઈજવું;ગળાસુધી ખાવું, થી ધરાઈ જવું. *n.* the throat; a narrow pass. ગળું;સાંકડી ખીન–નેળ. [showy. સુંદર, ભભકાવાળું–દાર, દેખાવડું.
Gor'ge.ous, ગૉર્જિઅસ, *a.* (Fr. *gorgias* beautiful) fine,
Gos'ling, ગૉસ્લિંગ, *n.* (AS. *gos*) a young goose. હંસનું બચ્ચું.
Gos'pel, ગોસ્પેલ, *n.* (AS. *god* good & *spell* story) good tidings; Christian revelation. સુવાર્તા, શુભ-

વર્તમાન ; ખ્રિસ્તિમતે સ્વીકારેલી વાતો. [વાતો, ગપાટા, ગપ્પો.
Goss'ip, ગાસિપ્, *n.* (old E. *gosiib*) idle talk. નકામી
Gouge, ગૂજ, *n.* (Fr.) a rounded chisel. ભૂંગળીના જેવી
સુથારની ફરશી-વિંધણું. [તુમડું-ડી, દુધી.
Gourd, ગૂર્ડ, *n.* (Fr.) a plant & its fruit. તુમડાનો વેલો,
Gout, ગાઉટ, *n.* (L. *gutta* a drop) disease in joints.
Gout, ગૂ, *n.* (L. *gustus*) taste, relish. સ્વાદ. [સંધિવા.
Gov'ern, ગવ્અર્ન, *vt.* (L. *guberno*) to rule ; control & direct. ઉપર સત્તા-રાજ ચલાવવું, કબજા-તાબામાં રાખવું, મરજી પ્રમાણે ચલાવવું.
Gov'ern-ment, ગવઅર્નમેંટ, *n.* the act or mode of governing ; authority ; executive power ; state. રાજ્ય-અધીકાર ચલાવવો તે, બંદોબસ્ત, વ્યવસ્થા; રાજ્યરીતિ-નીતિ-પદ્ધતિ; હકુમત, સત્તા; સરકાર, રાજ્ય ચલાવનાર પુરૂષો; રાજ્ય, સંસ્થાન. [કારી, સુબો; શિક્ષક, ભણાવનાર.
Gov'ern-or, ગવઅર્નર, *n.* a ruler ; a tutor. રાજ્યાધિ-
Gown, ગાઉન, *n.* (L. *gunna*) woman's garment ; a loose robe. સ્ત્રીઓમાં સહુથી ઉપર પહેરવાનું લૂગડું; ઉપર પહેરવાનો લાંબો ખુલતો જામો-ઝભ્ભો.
Grace, ગ્રેસ, *n.* (L. *gratia*) favour ; short prayer ; easy manner ; excellence ; beauty; the title of duke &c. કૃપા, મહેરબાની; ઈશ્વરપાડની ટુંકી બંદગી; લાવણ્યતા, સ્વાભાવીક ફુટડી લટક; ખુબી, મન પ્રસંન કરે એવો ગુણ; સૌંદર્ય, રૂપાળાપણું; ડયુક અમીર વગેરેનું ઉપનામ-ખિતાબ.

Grace'ful, ગ્રેસફુલ, *a.* elegant & easy. દેખાવડું, લાવણ્યતા–ખુબીવાળું. [દયાળુ, કૃપાળુ, મહેરબાન; મનોહર.
Gra'cious, ગ્રેશસ, *a.* kind, favourable ; winning.
Grade, ગ્રેડ, *n.* (L. *gradus* a step) degree, rank. પાયરી, પગથિયું, પગલું, પદ. [ધીમેધીમે, ક્રમાનુસાર.
Grad'u-al, ગ્રૅડ્યુઅલ, *a.* by degrees, step by step.
Grad'u-ate, ગ્રૅડ્યુએટ, *vi. t.* to receive an academical degree ; mark with degrees.–ને વિદ્યાલયમાં ખિતાબ મળવો;–માં પાયરી પાડવી, ક્રમપ્રમાણે ચઢતું ઉતરતું ગોઠવવું. *n.* one who has received a degree. કોઈ વિદ્યા કે કળામાં પદવી–ખિતાબ મેળવનાર, પદધારી.
Graft, ગ્રૅફ્ટ, *n.* (AS. *grafan* to cut) scion in stock. ઝાડમાં કરેલી કલમ. *vt.* to insert scion in stock. ઉપર કલમ કરવી, એક વસ્તુમાં નવી વસ્તુનો પ્રવેશ કરી તેની વૃદ્ધિ કરવી. [દાણો; અનાજ, ધાન્ય; કણ, રજ.
Grain, ગ્રેન, *n.* (L. *granum*) corn ; a small particle.
Gra-min-iv'or-ous, ગ્રૅમિનિવોરસ, *a.* (L. *gramen* grass & *voro* devour) feeding on grass. ઘાસ ખાનાર, ઘાસાહારી.
Gram'mar, ગ્રૅમર, *n.* (Gr. *gramma* a letter) science of speaking & writing. ભાષા–વાણી શાસ્ત્ર, વ્યાકરણ.
Gran'a-ry, ગ્રેનરિ, *n.* (L. *granum* grain) a storehouse for grain. કોઠાર, અનાજ ભરવાની જગા.
Grand, ગ્રૅંડ, *a.* (L. *grandis* great) splendid ; very great. પ્રૌઢ, મહાન, મોટું, ઉંચું, ભરતબા–ગૌરવવાળું.

Grand'eur, ગ્રેંડર, *n.* magnificence. મોટતા, મહાનતા, વિશાળપણું. [ings.જે ખેતરમાં રહેવાનું ઘર હોયછે તેવું ખેતર.
Grange, ગ્રેંજ, *n.* (L. *granum* grain) farm & build-
Granite, ગ્રનિટ, *n.*(L. *granum*) a stone composed of quartz, feldspar, & mica.એક જાતનો-અડદિયો પથ્થર.
Gran-iv'o-rous, ગ્રનિવોરસ, *a.* eating grain. અન્ન ભક્ષક.
Grant, ગ્રૅંટ, *n.* (L. *gratus* pleasing) thing conferred. દાન, આપેલી વસ્તુ, બક્ષીસ, ઈનામ.*vt.* to bestow, yield; concede. આપવું, માલકી-કબજે-માગ્યું આપવું; બીન તકરારે માની લેવું-સ્વીકારવું,-ની હા પાડવી. [દ્રાક્ષ, દરાખ.
Grape, ગ્રેપ, *n.* (Fr. *grappe*) the fruit of the vine.
Graph'ic, ગ્રફિક, *a.* (Gr. *graphein* to write) well delineated. રસભર વર્ણવેલું-બતાવેલું, સચિત્ર. [લંગર-બિલાડી.
Grap'nel,ગ્રૅપનેલ,*n.*(Fr. *grappin*)a small anchor.નહાનું
Grap'ple, ગ્રૅપલ, *vt. i.* (Fr.) to seize, to lay fast hold of; to contend in close fight. જોસથી પકડવું-ઝાલવું-બાઝવું,લડતીવખતે સજ્જડ બાથ ભીડવી,હામ ધરી દૃઢતાથી સામા થવું.*n.* seizing; hook. પકડવું તે; વહાણ પકડવાની આંકડી.
Grasp, ગ્રૅસ્પ, *n.* (Ger. *gripsen* to seize) gripe; the power of seizing. જોરની મુઠી-કબજે-પકડ; બુદ્ધિની પહોંચ, સમજશક્તિ. *vt.* to seize and hold. જોરથી છીનવી-ઝુટાવી લઈ જોરથી પકડી રાખવું, પકડી-ઝડપી લેવું, પકડવું.
Grass, ગ્રૅસ, *n.* (AS. *gras*) herbage. ઘાસ, તૃણ, કડબ.
Grate, ગ્રેટ, *n.* (L. *crates* a hurdle) a fire-place; a

frame of cross-bars. જાળીદાર સગડી; ગજિયાની જાળી.
Grate, ગ્રેટ, *vt. i.* (Fr. *gratter* to rub) to rub hard; vex. કઠોર અવાજ થાય એવું ઘસવું; ખોટું–દુ:ખ લાગવું–થવું, દુ:ખવવું.
Grate'ful, ગ્રેટફુલ, *a.* (L. *gratus* agreeable) giving pleasure; thankful. ખુશાકારક, મનોરંજક, મઝેનું, સ્વાદિષ્ટ; કૃતજ્ઞ, આભારી, પાડ–ગુણ માનનાર.
Grat'er, ગ્રેટર, *n.* a kitchen rasp. છીણી, ખમણી.
Gra-ti-fi-ca'tion, ગ્રૅટિફિકેશન, *n.* (L. *gratus* & *facio*) pleasure, satisfaction; delight; reward. મન–ભૂખ–સ્વાદેન્દ્રિયને તૃપ્ત-ખુશ કરવું તે; સંતોષ, આનંદ; બદલો, સુખડી, ઈનામ.
Grat'i-fy, ગ્રૅટિફાઈ, *vi.* to indulge; please; requite. તૃપ્ત–ખુશ કરવું; આનંદ પમાડવો; બદલો વાળવો.
Grat'ing, ગ્રેટિંગ, *n.* (see Grate) lattice-work; harsh sound. સળિયાની જાળી; કઠોર–કર્કશ અવાજ. *a.* harsh. ખુંચે એવું, કઠોર, કર્કશ. [મફત, અમસ્તુ, વગર કિંમતે.
Gra'tis, ગ્રૅટિસ, *ad.* (L. *gratia* favour) for nothing.
Grat'i-tude, ગ્રૅટિટ્યૂડ, *n.* (L. *gratus* agreeable) thankfulness. કૃતજ્ઞતા, ઉપકારસ્મરણ, ગુણ, પાડ.
Gra-tu'it-ous, ગ્રૅટ્યુઈટસ, *a.* (L. *gratia*) free, voluntary. મફત–મેહેરબાનીની દાખલ આપેલું–કરેલું, અમસ્તું, વગર કારણે કરેલું. [બક્ષીસ, ઈનામ, ભેટ, દાન.
Gra-tu'i-ty, ગ્રૅટ્યુઈટિ, *n.* a free gift. મહેરબાનીની
Grave, ગ્રેવ, *a.* (L. *gravis* heavy) solemn; important; not light or gay; not acute. ગંભીર, ભારેખમ;

અગત્યનું, બોજ-વજનદાર; ધેરૂં, ઘાડું; નીચાસૂરનું. *n.* (AS. *grafan* to dig) a pit for the dead; death. મુડદું દાટવાનો ખાડો, ઘોર; મૃત્યુ, મોત. *vt.* to carve. કોતરવું,ખોદવું, કોરીને ડોળ કાઢવું-બનાવવું. [કાંકરા ને રેતી, કંકર,મરડિયા.

Grav'el, ગ્રૅવેલ, *n.* (Ger. *grober* sand) pebbles & sand.

Grav'er, ગ્રેવર, *n.* a tool for engraving કોતરવાનું હથિયાર. [દાટવાની જગા.

Grave'yard, ગ્રેવયાર્ડ, *n.* a burial place. કબરસ્તાન, મુડદા

Grav'i-tate, ગ્રૅવિટેટ, *vi.* to tend toward the centre. ગુરૂત્વાકર્ષણથી ખેંચાવું. [ગુરૂત્વાકર્ષણ, ખેંચાણ.

Grav-i-ta'tion, ગ્રૅવિટેશન, *n.* tendency to the centre.

Grav'i-ty, ગ્રૅવિટિ, *n.* seriousness; weight. ગંભીરતા, ગાંભીર્ય, ભારેખમ-બોજદારપણું, અગત્યતા, મહત્વ,ગૌરવ; ગુરૂત્વ.

Gra'vy, ગ્રેવિ, *n.* (Sax. *greve*) juice of meat. માંસને રાંધતી વખત પ્રવાહી થઈને ટપકી જતો રસ.

Gray, ગ્રે, *a.* (AS. *grag*) hoary, black & white, mature. ધોળું, પળિયાં જેવા રંગનું; કાળા ધોળા-ઘેરાધોળા-કાળાસ પડતા રંગનું; વૃદ્ધ; પ્રૌઢ.

Graze ગ્રેઝ, *vt.* (AS. *gras* grass) to feed on grass; to rub slightly. ચરવું; જરાઅડી-ઘસડાઈને જવું. [ગોવાળ.

Gra'zier, ગ્રેઝર, *n.* feeder of cattle. ઢોર ચારનાર, ભરવાડ,

Grease, ગ્રીઝ, *n.* (It. *grasso*) fatty matter. ચરબી, તેલમય પદાર્થ. *vt.* to smear with fat; to bribe. ચરબી-તેલ લગાડવું-ચોપડવું, ઉંજવું; લાંચ આપવી.

Great, ગ્રેટ, *a.* (AS.) large; chief; illustrious; important. મહોટું, વિશાળ, ઘણું, બહુ; મુખ્ય, આગેવાન; મહાન, નામીચું; અગત્યનું, વજન–બોજદાર.

Great'ness, ગ્રેટનેસ, *n.* bigness; high rank, power. મહોટાપણું; દબદબો, ઉંચો દરજ્જો–પદવી–હોદ્દો; બળ, શક્તિ.

Greed'y, ગ્રીડિ, *a.* (Goth. *gredus* hungry) eager to have; gluttonous. અતિલાલચુ–લોભી; અકરાંતિયું, ખાવરૂં.

Green, ગ્રીન, *n.* (AS. *grene*) colour; a grassy plat. લીલોરંગ, લીલાસ; લીલોતરીવાળું મેદાન. *a.* verdant; blooming; fresh; unripe; awkward. લીલું, લીલોતરીવાળું; ખીલી રહેલું, જોબનવાળું; તાજું, નવું; કાચું, અપક્વ; ઉંમરે કે સમજણમાં કાચું, નિરવુભવી.

Greet, ગ્રીટ, *vt. i.* (AS. *gretan*) to salute. સલામ કરવી–કહાવવી, મુબારકબાદીના શબ્દ કહેવા.

Gre-ga'ri-ous, ગ્રીગેરિઅસ, *a.* (L. *grex* a flock) keeping in flocks. સાથમાં રહેવાની ટેવવાળું, સંઘચર.

Gre-nade', ગ્રીનેડ, *n.* (Fr. *grenade* pomegranate) a bomb shell. દારૂ વગેરેથી ભરેલો તોપનો પોલો ગોળો.

Grid'dle, ગ્રિડલ, *n.* (Ir. *greadain* I burn) iron baking plate. રોટલી શેકવાની તાવડી.

Grief, ગ્રીફ, *n.* (L. *gravis* heavy) great sorrow. શોક, બળાપો, ખેદ, દિલગીરી, દુઃખ, પસ્તાવો. [દુઃખનું કારણ.

Griev'ance, ગ્રીવન્સ, *n.* hardship, wrong. દુઃખ, ઇજા, હરકત,

Grieve, ગ્રીવ, *vi. t.* to mourn.—નો જીવ બળવો,–નું ગન દુખા-

વવું; ખેદ–શોક થવો. to cause sorrow.–નો જીવ બાળવો,–દુખવવો, દિલગીર–શોકાતુર કરવું.

Griev'ous,ગ્રીવસ,*a.* afflictive; heinous. શોક–ખેદકારક, દુઃખદાયક, ઘણી પીડા કરે એવું; ભારે, ઘણું મ્હોટું, મહાભારત.

Grill,ગ્રિલ્, *vt.* (Fr. *gril* gridiron) to broil; torment. માંસને સગડીપર શેકવું–ભુંજવું;–થી પીડા થવી–દુઃખ લાગવું.

Grim,ગ્રિમ્, *a.* (AS. *grimman* to rage) stern, severe, of forbidding aspect. બિહામણું,ભયંકર,ભયાનક,વિક્રાળ.

Gri'mace, ગ્રિમેસ, *n.* (AS. *grima* a ghost) distortion of face. વાંકાં ચુંકાં કરેલાં મહોં, મ્હોનો ચાળો, ચાળાચસકા.

Grime, ગ્રાઇમ, *n.* (AS. *gryme* soot) dirt. મેલ, મળ, કચરો, મેશ. *vt.* to sully deeply. દાઘ લગાડવો–પાડવો, મલીન કરવું, કાળું–ઝાંખું પાડવું; એબ દૂષણ–કલંક લગાડવું.

Grin, ગ્રિન, *vi.* (AS. *grinnian*) to show the teeth. દાંત દેખાડવા–કાઢવા, દાંતિયાં કરવાં. *n.* showing of the teeth. દાંત કાઢવા તે, દાંતિયાં.

Grind, ગ્રાઇંડ, *vt. i.* (AS. *grindan*) to crush to powder; oppress; sharpen. દળવું, વાટવું, ચાવવું ; હેરાન કરવું, પીડવું, દુઃખદેવું; ઘસી ધાર ચઢાવવી; દળવું, દળાવું; ધારચઢવી; વૈતરૂં–ભારે મહેનત કરવી.

Grind'er, ગ્રાઇંડર, *n.* one who grinds; a tooth. દળનાર; ડાઢ.

Grip, ગ્રિપ્, *n.* (Ger. *griff*) a grasp. બાથ, પકડ, ચુંગાળ.

Gripe,ગ્રાઇપ,*n.*(AS. *gripan*) pain in bowels; oppression; a handle; grasp. આમળાટ, શૂંક; જુલમ, ભારે વેરો,

પીડા, દુઃખ; હાથો, મૂઠ; બાથ, ચુંગાલ, પંજો. *vt.* to clutch; seize & hold fast; pinch. જોરથી મુઠીમાં પકડવું–ભીડવું; જોરથી પકડી લઈ ઝાલી રાખવું; ચૂમટા ભરીને દુઃખ દેવું.

Gris'ly, ગ્રિસ્લિ, *a.* (AS. *grisan* to dread) hideous, frightful. ભયાનક, ભયંકર, બિહામણું.

Grist, ગ્રિસ્ટ, *n.* (AS.) that which is ground at one time; supply. ઓરણું, એક વારનું દળણું, એક દળણામાં દળેલો લોટ; ખોરાકી, ભરી મૂકેલું અનાજ. [કોમળાસ્થિ.

Grist'le, ગ્રિસલ, *n.* (AS.) a cartilage. કૂમળું હાડકું,

Grit, ગ્રિટ, *n.* (AS. *grytt* dust) coarse part of meal; sand, gravel. લોટમાંનું ભુસું; રેતી, કાંકરી, કંકર.

Grizz'ly, ગ્રિઝ્લિ, *a.* (Fr. *gris* gray) some-what gray. કાબરચિતું, ધસર, સફેદકાળું.

Groan, ગ્રોન, *n.* (AS. *granian*) a deep mournful sound. દુઃખનો બેઠો સાદ, ઉંડો શોકનો અવાજ. *vi.* to make deep noise. દુઃખ–ખેદનો ધીમો અવાજ–અરે અરે કરવું, પીડાવું, દુઃખથી બૂમ પાડવી.

Groan'ing, ગ્રોનિંગ, *n.* lamentation. હાય, અફસોસ.

Groat, ગ્રોટ, *n.* (Ger. *grot* great) 4 pence. ૪ પેન્સની કિંમતનું રૂપા નાણું. [ભરડેલા–છડેલા ઓટસ નામના દાણા.

Groats, ગ્રોટ્સ, *n.* oats coarsely ground. જાડા દળેલા કે

Gro'cer, ગ્રોસર, *n.* (Fr. *grossier*) a dealer in tea, sugar, spices &c. ગાંધી, કરીઆણાંનો દુકાન રાખનાર.

Gro'cer-y, ગ્રોસરિ, *n.* goods of grocers. કરીઆણું, સ-
ઘળી જાતનો મસાલો. [ભિંજેલો મોળો દારૂનો અરક.
Grog, ગ્રૉગ, *n.* (from *grogram*) spirit & water. પાણી
Groin, ગ્રૉઇન, *n.* (Icel. *grein* part) the part between
belly & thigh. પેટ ને જાંગ વચ્ચેનો શરીરનો બેઠેલો ભાગ.
Groom, ગ્રુમ, *n.* (Dut. *grom* a boy) one who tends
horses; a newly married man. રાવત, ઘોડાવાળો; નવો
વર, વર; ચાકર.
Groove, ગ્રૂવ, *n.* (AS. *grof* ditch) furrows. ખાંચ, ખોભણ,
પોલ, ચીલો. *vt.* to cut a furrow. ખોભણ-ચાસ પાડવો.
Grope, ગ્રોપ, *vi.* (AS. *grapian*) to feel one's way.
હાથ લાંબા કરી રસ્તો શોધતાં જવું, ફાંફાં મારવાં; અંધારે અથડાવું.
Gross, ગ્રોસ, *a.* (L. *crassus* thick) large; coarse,
rough; not easily impressed; vulgar, low;
thick, dense; palpable; whole, entire. ઘણું મહોટું;
જાડું, નાજુકી કે બારીકી વિનાનું; ડહાડું, મંદ, મોળું; નીચું, હલકું,
પશુવત, અમર્યાદ, ભુંડાળું; જાડું, ઘટ, અપારદર્શક; ઉઘાડું, દેખીતું,
હડહડતું; કુલ, એકંદર, સામટું, જુમલે. *n.* the whole bulk;
12 dozen. મુખ્ય ભાગ; ૧૨ ડજન એટલે ૧૪૪ નંગ.
Gro'tesque, ગ્રોટેસ્ક, *a.* (Fr.) odd, irregular. તરેહવાર,
વિલક્ષણ, વિચિત્ર. [ભોંયમાં ગુફા, ભોંયરૂં.
Grot, Grot'to, ગ્રૉટ, ગ્રૉટો, *n.* (Fr. *grotte*) cool recess.
Ground, ગ્રાઉંડ, *n.* (AS. *grundus* dust) soil; estate,
possession; region; foundation. ભોંય, જમીન;

ભોંયભાગું, જાગીર; દેશ, પ્રદેશ; પાયો, આધાર, ધોરણ, સબબ, કારણ. *pl.* dregs, lees. તળે બેઠેલો કચરો. *vt.* to lay; found; instruct; to run aground. ભોંયપર મૂકવું; પાયા—આધારપર રાખવું—સ્થાપવું, ચોટ્સ બેસાડવું, પાકું કારણ આપવું; મૂળતત્વો પાકાં શિખવવાં, પાયો પાકો કરવો; ભોંયમાં ચોંટી જવું, ભોંયપર ચઢી જવું. [સબબ વગરનું, નિષ્કારણ.

Ground'less, ગ્રાઉંડલેસ, *a.* without foundation. પાયા—

Group, ગ્રોપ, *n.* (Fr. *groupe* a cluster) a crowd જમાવ, સંઘ, સમુદાય. *vt.* to form a cluster. સારા દેખાય—ઠીક પડે એમ ગોઠવવાં—જોડવાં—મહેલવાં. [કુંજ, ઉપવન, અમરાઈ..

Grove, ગ્રૂવ, *n.* (AS. *graf*) a small wood. ઝાડની ઘટા,

Grov'el, ગ્રૉવેલ્, *vi.* (Dut. *grabbelen* to crawl) to creep; to low or mean. ભોંયસરસુ શરીર ઉંધું રાખી—પેટે ચાલવું; નીચું—હલકું હોવું—થવું.

Grov'ell-ing, ગ્રોવેલિંગ, *a.* mean. નીચું, હલકું, તિરસ્કૃત.

Grow, ગ્રો, *vi.* (AS. *growan*) increase in size; to be augmented; to be produced; to become. વધવું, વૃદ્ધિ પામવી; આગળ વધવું, વધતા જવું; ઉગવું, પાકવું, નિપજવું; થવું, થતાં જવું. *vt.* to raise. પકવવું, ઉત્પન્ન કરવું.

Growl, ગ્રાઉલ, *vi.* (Dut. *grollen* to grunt) to grumble; snarl. ચીઢાઈને બડબડવું; ઘુરકવું.

Grub, ગ્રબ, *n.* (AS. *grafan* to dig) to dig. ખોદવું, *n.* a small worm. એકજાતનો નહાનોકીડો—જીવડો.

Grudge, ગ્રજ, *vt.* (Ger. *grunzen*) to give unwilling-

ly; envy; desire to get back; look upon to desire to possess. નાખુશીથી આપવું;–ની અદેખાઈ કરવી; પાછું મેળવવા ઈચ્છા કરવી; તકાવવું,–ની લાલચ–લોભ કરવો, નજરમાં ઘાલવું. *n.* ill will; cause of quarrel. નાખુશી, અદેખાઈ, ખાર, દુશ્મની. [જીવ કચવાઈને.

Grudg'ing-ly, ગ્રજિંગલિ, *ad.* unwillingly. નાખુશીથી,

Gru'el, ગ્રૂઅલ, *n.* (AS.) boiled meal. કાંજી, પેજ, રાબડી.

Gruff, ગ્રફ, *a.* (Dut. *grof*) stern; surly. કરડું, સખત, કઠોર, ચિડિયું. [બડબડવું, દુ:ખરોવું–રડવું,રોડણાં રોઈને બોલવું.

Grum'ble, ગ્રમ્બલ, *vi.* (Ger. *grummeln*) to murmur.

Grunt, ગ્રંટ, *vi.* (AS. *grunan*) to utter a sound like a hog. ભુંડના જેવું બોલવું, ડરકવું.

Guar-an-tee', ગૅરૅંટિ, *vt.* (Fr. *garantir*) to warrant. –ના જામીન થવું, હામી ભરવી, જુમ્મો લેવો. *n.* a surety. જામીન, હામીદાર, જામીનગીરી, જુમ્મો લેનાર.

Guard, ગાર્ડ, *n.* (Fr. *guarder* warder) a watch, sentinel; defence. રખેવાળ, પહેરેગીર, રક્ષી; રક્ષણ, બચાવ. *vt. i.* to defend; to watch over. બચાવ–રક્ષણ કરવું, સંભાળવું; સાવધ–ચોકસ રહેવું, તપાસ–ચોકી–ખબર–હોશિયારી રાખવી. [ળનાર, વાલી. *a.* protecting. સંભાળ રાખતું–કરતું.

Guard'ian, ગાર્ડિઅન, *n.* protector. રક્ષક, રખવાળ, સંભા-

Guess, ગેસ, *n.* (AS. *gitan* to get) a conjecture. અટકળ, ઉદાંગ, કલ્પના. *vt.* to conjecture. અટકળથી ક. હેવું–કરવું–જાણવું, ધારવું, કલ્પવું. [પરોણો, મેમાન.

Guest, ગેસ્ટ, *n.* (AS. *gest*) a person entertained.

Guide, ગાઈડ, *n.* (AS. *wisan*) a leader. રસ્તો–માર્ગ દેખાડનાર, ભોમિયો. *vt.* to lead; regulate. લઈ–દોરી જવું, રસ્તો દેખાડવો; ચલાવવું,–નો વહીવટ કરવો.

Guild, ગિલ્ડ, *n.* (AS. *gild* money) a corporation, society, fraternity. કોઈપણ ધંધાનું મહાજન.[કાવાદાવા.

Guile, ગાઈલ, *n.* (AS. *wile*) cunning, craft. કપટ, છળ,

Guile'less, ગાઈલલેસ, *a.* innocent, artless. સાફ, નિષ્કપટ, સારૂ, અકૃત્રિમ. [heading. ગર્દન મારવાનો એક સાંચો.

Guil-lo-tine', ગિલોટીન, *n.* (Fr.) a machine for be-

Guilt, ગિલ્ટ, *n.* (AS. *gylt* crime) sin; crime. દોષવાનપણું, પાપ; ગુનો, વાંક, તકશીર. [વાન, ગુનેગાર; દુષ્ટ, પાપી.

Guil'ty, ગિલ્ટિ, *a.* criminal; wicked. અપરાધી, તકશીર-

Guin'ea, ગિનિ, *n.* (from *guinea* in Africa) 21 shillings. ૨૧ શિલિંગ.

Guise, ગાઈસ, *n.* (AS. *wise*) dress; appearance, practice. પહેરવેશ, રૂપ; ડોળ, દેખાવ; રીતી, ચાલ, વહિવટ.

Gulf, ગલ્ફ, *n.* (Gr. *kolpos*) inlet of sea; abyss. અખાત; ભોંયમાં ઉંડો ખાડો. [trick. છેતરવું, ઠગવું.

Gull, ગલ, *vt.* (Sw. *gylla* to deceive) to cheat; to

Gullet, ગલેટ્, *n.* (L. *gula*) a passage for food. ગળું, અન્નમાર્ગ, નળી. [worn by water. નીક.

Gul'ly, ગલિ, *n.* (L. *gula* the throat) a channel

Gulp, ગલ્પ, *vt.* (Dut. *gulpen*) to swallow in large draughts. ગબલઈને ગળી જવું, ગટગટ પીજવું, ઢીંચવું.

Gum, ગમ, *n.* (AS. *goma*) a concrete mucilage; sockets for teeth. ગુંદ,ગુંદર; દાંતનું પાણું, અવાળું.

Gun, ગન, *n.* (L. *canna* a reed) cannon, fire-arms. બંધુક, તોપ. [ની આવડત-કળા.

Gun'ner-y, ગનરિ, *n.* science of firing. ગોળા નાખવા

Gun'wale, ગનઉએલ, *n.* upper part of a ship's side. વહાણની બોરડુની છેક ઉપરની કોર. [ગળગળ નિકળવું-વહેવું-જવું.

Gir'gle, ગર્ગલ, *vi.* (Ger. *gurgeln*) to flow with noise.

Gush, ગશ, *vi.* (Dut. *gudsen*) to rush out. ખળખળ કરીને બહાર વહેવું-પડવું. [nered piece. કપડાં-કાપડની કળી.

Gus'set, ગસેટ્, *n.* (Fr. *gousset* armpit) three cor-

Gust, ગસ્ટ, *n.* (Icel. *gusta* to blow cold) sudden rush of wind. પવનનો ઝપાટો-સપાટો; અચાનક ઉભરો.

Gut, ગટ, *n.* (Ger. *kut*) intestinal canal. આંતરડાં.

Gut'ter, ગટર, *n.* (L. *gutta* a drop) channel for water. નીક, મોરી, નળ. [the throat. કંઠસ્થાની, કંઠ્ય, કવગેનું.

Gutt'ur-al, ગટરલ, *a.* (L. *gutter* throat) pertaining to

Gym-na'si-um, જિમ્નેઝિઅમ, *n.* (Gr. *gymnos* naked) school for athletic exercises. કસરતશાળા, તાલીમખાનું.

Gyp'sum, જિપસમ, *n.* (L.) plaster stone. ચાપાન, ચીરોળી.

Gy'rate, જાઇરેટ, *vi.* (L. *gyrus* a circle) to whirl round. ગોળ ચક્કરમાં ફરવું. [પગની બેડી.

Gyve, જાઇવ, *n.* (Ir. *geibhion*) shackles for the legs.

H

Ha, હા, *int.* denoting surprise. આશ્ચર્ય-આનંદ-શોક બતાવવાનો શબ્દ.

Ha'be-as,Cor'pus,હેબિઅસ,કૉર્પસ,*n.*a writ to produce a prisoner in court. કેદીને અદાલતમાં હાજર કરવાનું હુકમનામું.

Hab'er-dash-er, હૅબરડૅશર, *n.* (Gr. *habe* goods & *vertauscher* a barterer) dealer in needles &c. સોયટાંસકીવાળો. [clothing. લૂગડાં, કપડાં, પોશાક, વસ્ત્ર.

Ha-bil'i-ment, હૅબિલિમેંટ, *n.* (Fr. *habiller* to clothe)

Hab'it, હૅબિટ્, *n.* (L. *habeo* to have) temperament of body or mind; practice; disposition; dress. તબિયત, પ્રકૃતિ; ટેવ, અભ્યાસ, આદત, મહાવરો; સ્વભાવ; ખાસિયત; કપડાં, લૂગડાં, પોશાક. *vt.* to dress. લૂગડાં પહેરાવવાં. [જગા, વસવાનું ઠેકાણું, ઘર, અવાસ.

Hab-i-ta'tion, હૅબિટેશન, *n.* a place of abode. રહેવાની

Ha-bit'u-al, હૅબિચુઅલ, *a.* according to custom. ટેવ કે ધારા પ્રમાણેનું, નિત્યનું. [ભ્યાસ પાડવો,-થી ટેવ પડવી.

Ha-bit'u-ate, હૅબિચુએટ, *vt.* to accustom. મહાવરો-અ-

Hack, હૅક, *vt.* (AS. *haccan*) to mangle. આડું અવળું-વાંકુંચૂંકું કાપી મૂકવું,-ઉપર ઘા-કાપા પાડી મૂકવા. *n.* a cut; horse for hire. કાપ, ઘા; ભાડુતી ઘોડો કે ગાડી.

Hack'le, હૅકલ, *vt.* (Dut. *hekel* a comb) to comb. દાંતાવાળા ઓજારે હોળી સાફ કરવું, પીંજરવું.

Hack'ney, હેકને, *n.* (Fr. *haquence* an ambling horse) horse for hire. ભાડાનો-ભાડુતી ઘોડો. *a.* let out; devoted to common use.ભાડાનું, ભાડુતી; સાધારણ કામમાં આવતું, પહેડવાનું, પહેડાતું. *vt.* to use much. પહેડવું, ઘસીનાખવું; ચાવી નાખવું, સાધારણ-જુનું કરવું.

Hack'neyed, હેક્નિડ્, *a.* used much. પહેડી-ઘસી નાખેલું; સાધારણ થઈ ગયલું, ચાવી નાખેલું.

Haft, હેફ્ટ, *n.* (AS.) a handle. હાથો, પકડ, મૂઠ, પકડવાનું.

Hag, હેગ, *n.* (AS. *hages*) an old ugly woman; a witch. ઘરડી બદશીકલ બિહામણી સ્ત્રી, ડાકણી, વંતરી; ડાકણ.

Hag'gard, હેગર્ડ, *a.* (Ger. *hager* lean) lean, rugged. ઝરડાઇ-ચામડાં ચોંટી-આંખમાં ખાડાપડી-ગળી ગયલું, મડાંમુખું.

Hag'gle, હેગલ, *vt.* see Hack. *vi.* to be difficult in bargaining. ભાવતાલમાં રીકઝીક-ખેંચાખેંચ-કચાટ-તકરાર કરવી.

Hail, હેલ, *n.* (AS. *hagal*) frozen rain. કરાં. *vi.* to fall as hail. કરાં પડવાં-વરસવાં. *n.* (AS. *hal* safety) a wish of health.આરોગ્ય રહો એ અર્થનો જુહાર કરવાનો શબ્દ,નમસ્કાર. *vt.* (Ger.*halon* to call) to call loudly; salute. હાંક મારવી, બૂમ પાડવી; આવકાર આપવો-દેવો.

Hail'stone, હેલસ્ટોન, *n.* frozen rain. કરાંનો વરસાદ-ગોળો-ગાંગડો-કકડો. [નિમાળાં, વાળ, રૂંઆં, રૂંઆટી, રોમ.

Hair, હેર, *n.* (AS. *har*) a small animal filament. કેશ,

Hair'breadth ,હેરબ્રેડ્થ, *n.*a very small distance. છેક થોડું-દોરાપૂર છેટું-અંતર. [weapon. ફરસીનો ભાલો.

Hal'berd, હેલબર્ડ, *n.*(Fr. *hallebarde*) ancient military

Hal'cy-on, હૅલ્સિઅન, *a.* (Gr. *hals* the sea & *kyo* I conceive) calm, quiet; happy. સુખનું, શાંતિનું.

Hale, હેલ, *a.* (AS. *hal* sound) healthy, robust. નિરોગી, તનદુરસ્ત, શરીરે બળકટ. [અર્ધભાગ, અડધિયું.

Half, હાફ, *n.* (AS.) 1 of 2 equal parts. અડધો-નીમે-

Half'blood, હાફબ્લડ, *n.* a relation by one parent. મા કે બાપ એક પણ બેઉ એક નહિ એવું-સાવકું સગપણ.

Hall, હૉલ, *n.* (AS. *alh* a house) entrance of a house; a public room. આગલો ઓરડો, પરસાળ; દિવાનખાણું, દરબાર, કચેરી, સાર્વજનિક ગૃહ.

Hal-loo', હૅલૂ, *vi* (Fr. *haler* to set a dog) to cry out. બૂમ પાડવી, લલકારવું. *int.* to excite attention. કોઈને બોલાવવાનો શબ્દ, એ! અલ્યા! લગે.

Hal'low, હૅલો, *vt.* (AS. *halig* holy) to consecrate. પવિત્ર-પૂજ્ય ગણવું-માનવું-કરવું, પ્રતિષ્ઠા-સ્થાપના-દેવનું કરવું.

Hal-lu-sin-a'tion, હૅલ્યુસિનેશન, *n.* (Gr. *aluo* I wander in mind) error, mistake; illusion. ભૂલચૂક, ચિત્તભ્રમ.

Halo, હેલો, *n.* (L.) a circle round the sun or moon; glory. સૂર્ય કે ચંદ્રની આસપાસનું ચળકતું ચક્કર, જળકૂંડું, કિરણ-અંશુમાળા.

Hal'ser, હૅલસર, *n.* (Ger. *hatten* to hold) a large rope used in warping &c. વહાણને ખેંચવાનું દોરડું, પાગડ.

Halt, હોલ્ટ, *vi.* (AS. *healtian* to limp) to stop; limp; hesitate. અટકવું, થોભવું, મુકામ કરવો; લંગડાવું, ખોડાવું; આચકો ખાવો, વિચાર-ઘોળ-શંકામાં રહેવું-પડવું.

Halt'er, હૉલ્ટર, *n.* (Ger. *halten* to hold) a rope. આગહોર, ઘોડાને બાંધવાનું દોરડું; ફાંસી દેવાનું દોરડું.

Halve, હાવ, *vt.* (See Half) to divide into two equal parts.—ના બે સરખા—અડધો અડધ ભાગ કરવા.

Ham, હૅમ, *n.* (AS.) hog's thigh cured; hip; the hind part of the knee. મીઠું દઈ સૂકવેલી ડુક્કરની જાંગ; જાંગ, જંઘા; ઘૂંટણનો પાછલો—તળેનો ભાગ.

Ham'let, હૅમ્લેટ્, *n.* (AS. *ham* home) a small village. ગામડું.

Ham'mer, હૅમર, *n.* (AS. *hamer*) a tool for driving nails. હથોડો—ડી. *vt.* to beat. ટીપવું.

Hamm'ock, હૅમક, *n.* (Sp. *hamaca*) a hanging bed used in ships. ઝોળી.

Ham'per, હૅમ્પર, *n.* (*hanaper*) a large basket. ટોપલો; ડાલું, છાબડું.(Dan. *hamp* hemp) a fetter. બેડી. *vt.* to shackle; embarrass. —ના હાથપગ બાંધી લેવા, ગુંચવવું, સપાટામાં લેવું, રોકવું, અકળાવવું.

Hand, હૅન્ડ, *n.* (AS.) the palm & fingers; the pointer of a dial; style of writing; possession; control; a measure; skill; a workman; marriage contract. હાથ; કાંટો; અક્ષરનો મરોડ, વળણ, લઢણ; કબજો, હવાલો, સ્વાધીનપણું; મૂઠ; આવડત, કુશળતા, ખબરદારી; માણસ, નોકર; લગ્ન, વિવાહ. *vt.* to give, deliver; lead. આપવું; સ્વાધીન કરવું; હાથ પકડી ચલાવવું.

Hand'ful, હૅન્ડ્ફુલ, *n.* as much as the hand can hold;

a small number or quantity. મુઠ્ઠી, મુષ્ટિ, પોસ; મુઠીભર, ગણ્યાંગાંઠ્યા, સાડાત્રણ, તોળ્યુંગાળ્યું.[કામ, હસ્તક્રિયા.
Hand'i-craft, હૅંડિક્રૅફ્ટ, *n.* manual occupation. હાથનું
Hand'ker-chief, હૅંડકરચીફ, *n.* a cloth used for the face or neck. રૂમાલ, મ્હોં લુછવાનો-ગળે બાંધવાનો કકડો.
Hand'le, હૅંડલ, *n.* the part by which a thing is held. પકડવાનું, હાથો, દાંડો, મૂઠ. *vt.* to touch; wield; treat; manage. અડકવું, છેડવું, અડકાડવું, લગાડવું, હાથમાં લેવું; વાપરવું, મારવું; જોવું, હાથ-વિચારમાં લેવું,-સાથે ચાલવું વરતવું; હાથમાં લેવું, ઠેકાણે-હારમાં લાવવું.
Hand'sel, હૅંડસેલ, *n.* (AS. *hand* & *syllan* to give) first sale; first using; first gift. બ્હોણી; મુહૂર્ત, પ્રથમારંભ; પહેલ મુહૂરતમાં આપવું-મળવું તે.
Hand'some, હૅંડસમ, *a.* (Sax. *hand* & *same*) good looking; marked with propriety and ease, becoming; liberal. રૂપાળું, દેખાવડું; લાવણ્યતાવાળું, સુંદર, યોગ્ય; સારૂં, ભરપટે, પેટપૂર.
Hand'y, હૅંડિ; *a.* (Dut. *handig*) dexterous; near; convenient. આવડતવાળું, ક્રિયાકુશળ; પાસે, મ્હો આગળ, હાથે લેવાય એવું; સતર, સુગમ, ચાહીએ તેમ વપરાય એવું.
Hang, હૅંગ, *vt.* (AS. *hangan*) to suspend; to kill by hanging; to cling to. લટકાવવું, ટાંગવું; ફાંસીએ ચઢાવવું, ફાંસી દેવી; વળગવું, ટંગાવું. [આંટી-ફાળકડી.
Hank, હૅંક, *n.* (Dan.) a coil of thread. સૂતરની દડી-

Hank'er, હૅંકર, *vi.* (Dut. *hunkeren*) to long for earnestly. મેળવવાને મનમાં બળવું–મુઝાવું, જીવ તલપાપડ થઈ રહેવો, તરસવું, તૃષ્ણા રાખવી. [lot, નસીબ, ભાગ્ય, કિસમત.

Hap, હૅપ્, *n.* (Icel. *happ* luck) chance, fortune,

Hap'less, હૅપ્‌લિસ, *a.* unlucky. કમનસીબ, અકર્મી, ભાગ્યહીન.

Hap'ly, હૅપ્‌લિ, *ad.* perhaps. કદાપિ, ભાગજોગે, દૈવયોગે, વખતપર.

Hap'pen, હૅપન, *vi.* (W. *hapiaw*) to take place; befall. થવું, બનવું; આવી પડવું, વીતવું, ગુજરવું.

Hap'pi-ness, હૅપિનેસ, *n.* pleasure, enjoyment. સુખ, કલ્યાણ, પરમસંતોષ, આનંદ.

Hap'py, હૅપિ, *a.* fortunate, successful; blissful; satisfied; contented; furnishing enjoyment; propitious, favourable; dexterous, ready. નસીબદાર, ફાવેલું, દૈવી કૃપાથી બનેલું–આવી મળેલું, સારૂં સુઝેલું; સુખી, પરમગતિને પામેલું; ખુશ, મગન, સંતોષી, સુખદાયક, કલ્યાણકારી; શુભ, માંગલિક, સદ્; સરસ, હોશિયાર, ચતુરાઈનું, સચોટ.

Ha-rangue', હૅરૅંગ, *n.* (It. *aringa*) a noisy speech, an oration. અલંકારયુક્ત ભાષણ. *vt.* *i.* to make a noisy speech. ભાષણ કરવું.

Har'ass, હૅરૅસ, *vt.* (Gr. *arasso* to strike hard) to weary; annoy.–ની કુસ કાઢવી,–નો દમ આખર કરી નાખવો, લોથપોથ–પરમ શ્રમિત–કાયર–બેજાર કરવું, સતાવવું, દમવું.

Har'bin-ger, હાર્બિન્‌જર, *n.* (AS. *here* army & *beorgan* to shelter) forerunner. આગળથી ખબર આપનાર.

Har'bour, હારબર, *n.* haven, port; shelter. વહાણને લંગર કરવાની જગા, બંદર; શરણ, આશ્રયનું ઠેકાણું. *vt.* to shelter; entertain, foster. ઘરમાં રાખવું, આશ્રય આ-પવો; મનમાં રાખવું–ધારણ કરવું. *vi.* to lodge. બંદરમાં ર-હેવું, મુકામ કરવો, આશ્રય લેવો.

Hard, હાર્ડ, *a.* (AS. *heard*) not soft; difficult; unfeeling; severe, rigorous. કઠણ, સખત, દબાયનહિ એવું; અઘરૂં, મુશ્કેલ; કઠોર, નિર્દય, દુષ્ટ; આકરૂં, કરડું, જુલમગાર, જ-લમ. *ad.* rapidly; violently; with difficulty; earnestly, diligently. ઝડપથી, વેગે, જલદી; જોરથી, જોસથી, જબરર; મુસીબતે, મુશ્કેલીથી; એક ચિત્તે, કાળજીથી, ઉલટથી.

Hard'en, હાર્ડન, *vt.* to make or grow hard; inure; confirm in wickedness &c. કઠણ–સખત–મજબૂત કર-વું–થવું; કસવું, રીઢું–ઘડાયલું–દૃઢકરવું;–નું મન કઠણ–બ્હેરૂં–નિ-ર્લજ્જ કરવું. [covetous. બળકટ પંઝાવાળું; કૃપણ, લોભીઉં.

Hard'fisted, હાર્ડફિસ્ટેડ્, *a.* strong-handed; niggardly,

Hard'fought, હાર્ડફૉટ્, *a.* vigorously contested. કડાકડી, ચરસતું, કડાઝૂડ. [હૈયાનું, કઠણ મનનું.

Hard'heart·ed, હાર્ડહાર્ટેડ્, *a.* cruel, pitiless. કઠણ

Hard'i-hood, હાર્ડિહુડ, *n.* boldness, dauntless bravery. ડગેનહિ એવો ગુંણ, હિંમત, છાતી; impudence. નફ્ફટપણું, નિર્લજ્જપણું, બેહયાઈ.

Hard'ly, હાર્ડલિ, *ad.* with difficulty; scarcely. મહા-મહેનતે–મુસીબતે; ભાગ્યેજોગે; severely જુલમ–નિર્દયપણાથી.

Hard'ship, હાર્ડશિપ્, *n.* severe labour or want; injustice, grievance. શ્રમ, કષ્ટ, દુ:ખ, સંકટ; અન્યાય, ગેરઈનસાફ, જુલમ. [ઓજાર-વાસણ.

Hard'ware, હાર્ડવેઅર, *n.* iron goods. લોઢાનો સામાન-

Hard'y, હાર્ડિ, *a.* bold; impudent; strong; inured to fatigue. હિંમત-છાતીવાળું; નઠોર, નફ્ફટ, નિર્લજ્જ, બેહયા; મજબૂત, જબરૂ, દૃઢ; ઘડાયલું, રીઢા હાડનું, કસાયલું, સહનશીલ. [હું, બ્હાવરૂં, ચળેલ.

Hare'brained, હેરબ્રેન્ડ, *a.* wild. જેનું મગજ ભમતું છે એ-

Ha'rem, હેરેમ, *n.* (Ar. *haram* anything sacred) female apartment. જનાનખાનું, અંત:પુર, બૈરાંનો ઓરડો.

Hark, હાર્ક, *vi.* (from *hearken*) hear, listen. સાંભળો.

Har'le-quin, હાર્લિકવીન, *n.* (Fr.) a buffoon. તરકડિયો, વિદૂષક, રંગલો. [રામજની, વેશ્યા, કંચની.

Har'lot, હારલૉટ્, *n.* (*hyrian* to hire) a prostitute.

Harm, હાર્મ, *n.* (AS.) injury; moral wrong. નુકસાન, બગાડ, હાનિ; ખોટું, બાધ, દોષ, અન્યાય. *vt.* to hurt, injure. નુકસાન-હરકત પહોંચાડવી, બગાડવું.

Har'mon-y, હારમોનિ, *n.* (L. *harmonia*) concord; agreement. અવયવોની યોગ્ય રચના, રાગ, સૂરમેળાપ, એકતાર, સ્વરમેલન; મળતાપણું, એકતા, સંપ.

Har'ness, હારનેસ્, *n.* (W. *harn* to fit) armour; trappings for horse, &c. કવચ, બખ્તર; જોડવાના ઘોડાનો સાજ, ચોકેત્ર.

Harp, હાર્પ, *n.* (AS. *hearpe*) instrument of music. તંબુરાના જેવું વાજીંત્ર. *vi.* to play on a harp; to dwell monotonously. હાર્પ વગાડવો; તેનું તે ગાયાં-કુટયાં કરવું.

Har-poon', હારપૂન, *n.* (Fr. *harper* to seize) barbed-spear. મહોટાં માછલાં મારવાનો અણીદાર ભાલો.

Har'py, હાર્પિ, *n.* (Gr. *harpazein* to seize) a fabulous animal; extortioner. એક કલ્પિત જનાવર; ખાઉ-ધર, પિંડારો. [hare. સસલાનો શિકાર કરનાર કૂતરો.

Har'ri-er, હેરિઅર; *n.* (from *hare*) a dog that hunts

Har'row, હેરો, *n.* (AS. *hyrwe*) a large rake. કળવ-પ, કળપી, દાંતાળો. *vt.* to rake ground; to tear; torment. કળવણી કહાડવી,-માં કળપ ફેરવો; ફાડી નાખવું; પીડવું.

Har'ry, હેરિ, *vt.* (AS. *herian*) to harass. હેરાન કરવું, સતાવવું, લૂટવું.

Harsh, હાર્શ, *a.* (Ger. *harsch* hard) rough; severe; sour. ખુંચે એવું, કર્કશ, કઠોર, કાન ફાડી નાખે એવું; કરડું, કડવા બોલું, ઘુંઘવાતું, દાધાબળયું; ખાટું, લુખું, ગળામાં ખુંચે એવું, રૂક્ષ. [બરનો નર.

Hart, હાર્ટ, *n.* (Sax. *heort*) a stag, male-deer. સા-

Har'vest, હારવેસ્ટ, *n.* (AS. *harfest* autumn) time for gathering; crop. કાપણીનો વખત; ખેતીનો માલ, પાક; મહેનતનું ફળ. *vt.* to gather crop. પાક એકઠો કરવો.

Hash, હેશ, *vt.* (Fr. *hacher*) to mince, chop. કચુંબર-

ઝીણીઝીણી કકડી કરવી. *n.* minced meat. તરકારી સાથે રાંધેલી માંસની કચુંબર. [plc. ચપડાસ સાંકળ, આંકડી, ચાપડો.
Hasp, હૅસ્પ, *n.* (Ger. *haben* to hold) a clasp for sta-
Has'sock, હૅસક, *n.* (W. *hesy* rush) kneeling mat. પ્રાર્થના વખતે ઘુંટણીએ પડવાની જાડી સાદડી–ચટાઈ.
Haste, હેસ્ટ, *n.* (Ger. *hast*) hurry, speed. ઉતાવળ, ત્વરા, ઝડપ, વેગ. *vt. i.* to hurry, to make speed. ઉતાવળ કરવી; ઉતાવળાં થવું–ચાલવું–જવું–આવવું, ધાવું, દોડવું.
Hast'en, હેસન, *vt. i.* See Haste.
Hast'y, હેસ્ટિ, *a.* quick;precipitate. ઉતાવળું, ઉતાવળિયું, અવિચારી; ઉતાવળથી–ક્રોધના આવેશમાં થયલું–કીધેલું–કહેલું.
Hat, હૅટ, *n.* (AS.) a cover for the head. ટોપી.
Hatch, હૅચ્, *vt.* (Ger. *hechen*) to produce young from eggs; contrive, plot. સેવવું, સેવણ બેસાડવી, બચ્ચાં કાઢવાં;–નો ઘાટ રચવો, ઉભું કરવું. *n.* (AS. *heca* railing) the cover of the hatch-way. તૂતક કે વહાણના ભંડારની જાળી–બારણું, ઢાળવું. [ભંડારનું મહો–દ્વાર.
Hatch'way, હૅચવેઅ,*n.* opening in deck. તૂતક–વહાણના
Hatch'et, હૅચેટ, *n.* (Fr. *hacher* to hack) a small axe. કુહાડી, નહાની ફરસી–પરશુ.
Hate, હેટ, *vt.* (AS. *hatian* to be hot) to dislike greatly. દુશ્મન દેખવું,–ની ચીઢ હોવી–રાખવી, ઝાંજ ચઢવી, દ્વેષ–અંટસ–કિનો રાખવો. [ઝાંજ, અંટસ.
Hate, Ha'tred, હેટ, હેટ્રેડ, *n.* bitter dislike. વેર, ચીઢ,

Haught'y, હૉટિ, *a.* (L. *altus* high) proud & disdainful. અભિમાની, મગરૂર, ગર્વિષ્ઠ, દિમાગ–ગરૂરીવાળું–ભરેલું.

Haul, હૉલ, *vt.* (Fr. *haler*) to pull or draw with force. જોરથી ખેંચવું–ઘસડવું, ઘસડી લાવવું–લેવું–લઈજવું.

Haunch, હૅંચ, *n.* (Fr. *hanche* a bend) the hip. કેડ, કમ્મર, મધ્યાંગ.

Haunt, હૉંટ, *n.* (AS. *hentan* to pursue) resort. આવજાની જગો, રહેઠાણ, વાસ. *vt.* to frequent; to trouble.–માં આવજા–બેઠક–અખાડો–ઉપદ્રવ હોવો; આવી આવીને હેરાન કરવું.

Have, હૅવ, *vt.* (AS. *habban*) to possess; take or accept; be obliged; wear. રાખવું, ને–ની પાસે હોવું, –ને થયલું–આવેલું હોવું; લેવું, જોઈએ, મેળવવું; કંઈ કરવાનું હોવું –ની જરૂર પડવી; પહેરવું, ધારણ કરવું; છઉં, છે, છો.

Hav'en, હૅવન, *n.* (AS. *hafen*) a harbour. ખુલ્લું બંદર.

Hav'er-sack, હૅવરસૅક, *n.* (Fr. *havresac*) a knapsack. લશ્કરી સિપાઈને ભાથું રાખવાની તોબરી.

Hav'oc, હૅવક, *n.* (W. *hafog*) waste; slaughter. નાશ, ઘાણ, પાયમાલી, ખરાબી, સંહાર; કતલ, કાપાકાપી.

Hawk, હૉક, *n.* (AS. *hafoc*) a bird of prey. બાજ પક્ષી. *vt.* (W. *hwchw* a cry) to peddle. ફેરી ફરીને વેચવું.

Hawk'er, હૉકર, *n.* a pedlar. ફેરિયો.

Haws'er, હૉઝર, *n.* (Ger. *halten* to hold & *seil* rope) a small cable. નહાનું લંગરનું દોરડું–દોર.

Hay, હે, n. (AS. *heg*) dried grass. સૂકું ઘાસ.
Haz'ard, હૅઝર્ડ, n. (Fr. *hasard*) risk, danger. જોખમાનું કામ, નુકસાનનો સંભવ, જોખમ, ધોકો, ખત્રો. vt. to risk. સંકટ-જોખમમાં નાખવું, જોખમ વ્હોરવું-માં પડવું. [ભરેલું-લાગે એવું.
Haz'ard-ous, હૅઝર્ડસ, a. that exposes to danger. જોખમ
Haze, હેઝ, n. (AS. *hasu* dusky) thin mist or fog. ધૂંઅર, ધૂમર. [brown. ભૂરા રંગનું.
Ha'zel, હેઝલ, n. (AS. *hasl*) એ નામનું એક ઝાડ. a.
He, હી, pro. (AS.) the male person named before. તે, પેલો, એ.
Head, હેડ, n. (AS. *heafud*) the top of the body; chief; brain; topic, theme; individual. માથું, મસ્તક; ઉપરી, મુખી, સરદાર; મગજ, બુદ્ધિ, સમજ; બાબત, વિષય, પ્રકરણ; જણ, માથું. vt. to lead. સરદાર થઈ જવું-ચલાવવું.
Head'ache, હેડએક, n. pain in the head. માથા દુ:ખણું-નું
Head'ing, હેડિંગ, n. title of a lesson &c. મથાળું. [દરદ.
Head'land, હેડલૅંડ, n. a promontory. ભૂશીર.
Head'long, હેડલૉંગ, a. with the head fore-most. ઉંધે માથે. ad. rashly. વગર વિચારે, આઘું પાછું જોયા વગર.
Head'strong, હેડસ્ટ્રૉંગ, a. obstinate. માથાનું ફરેલ, હઠીલું.
Heal, હીલ, vt. (AS. *hal* sound) to cure, reconcile. સારૂં-સાજું કરવું, રૂઝવવું; સાંધવું, જોડવું, ઠેકાણે લાવવું.
Health, હેલ્થ, n. sound state of body, natural vigour. આરોગ્યતા, તનદુરસ્તી.

Health'y, હેલ્થિ, *a.* sound; well. નિરોગી, આરોગ્ય, તનદુરસ્ત; સારૂં, ફાયદાકારી, ગુણકારી.

Heap, હીપ, *n.* (AS.) pile, mass. ઢગ, ઢગલો-લી, ગંજ, સમુહ. *vt.* to pile up; amass.—નો ઢગ કરવો-વાળવો, ખડકવું, સીચવું; ખૂબ એકઠું-સંચય-સંગ્રહ કરવો, જોડવું.

Hear, હીર, *vt.* (AS. *heran*) to perceive by the ear; listen; attend to. સાંભળવું, કાને પડવું; કાને ધરવું, માનવું, મન પર લેવું; રજુઆત પર લેવું, *vi.* to be told. કહેવાથી જાણવું-ખબર થવી.

Hear'ing, હીરિંગ, *n.* the sense of perceiving sound; audience, opportunity to be heard; a judicial listening. કાન, શ્રવણેંદ્રિય; સાંભળવું; શ્રવણ; કહેવા સાંભળવાનો વખત-રજા; રજુઆત.

Heark'en, હાર્કન, *vi.* to listen. કાન-લક્ષ-મન રાખી સાંભળવું.

Hear'say, હીરસે, *n.* rumour. ઉડતી સાંભળેલી વાત.

Hearse, હર્સ, *n.* (Fr. *herse* a harrow) a carriage for the dead. મુડદાની ગાડી, શબવાહિની.

Heart, હાર્ટ, *n.* (AS. *heorte*) the organ of the blood's motion; seat of love; secret thoughts; courage; source of efficient action; the inner part; core. રકતાશય; હૈયું, કાળજું, અંતઃકરણ; મનની વાત-વિચાર, ગુહ્યાર્થ, મન; હિંમત, ધૈર્ય, છાતી; ચલાવનાર, આધારભૂત, હાથપગ; અંદરનો-મધ્ય-મુખ્ય ભાગ; ગર, ગરભ.

Hearth, હાર્થ, *n.* (AS. *heordh*) place on which fire is made; home. તાપણીની જગા; ઘર.

Heart'y, હાર્ટિ, *a.* (AS. *heorte*) sincere; vigorous; abundant. ખરામન–આવથી કરનાર–ચાલનાર, ઉલટ–ઉત્સાહથી કીધેલું, છાતીતોડ; મજબૂત, દૃઢ, કૌવતવાળું; પેટપૂર, બહુ.

Heat, હીટ, *n.* (AS. *hate*) caloric; great warmth; vehemence; excitement; ardour. અગ્નિ; તાપ, ગરમી, ગરમાટ–વો, આંચ; કડાકડી, તડાતડી, ધડાધડી; તપીજવું–આકળા પડીજવું તે; આવેશ, જોશ.

Heath, હીથ, *n.* (AS. *hadh*) shrub; a place overgrown with shrubs. એક જાતનો છોડ; એવા છોડનું વનનું વન હોય એવી જગા. [બુતપરસ્ત, અસદ્ધર્મી. *a.* gentile મૂર્તિપૂજાનું

Hea'then, હીધન, *n.* (AS. *hadhen*) a pagan. મૂર્તિપૂજક,

Heave, હીવ, *vt.* (AS. *hefan*) to lift, raise; cast, throw. ઉંચું કરવું, ઉંચકવું, ઉઠાવવું, ઉપાડવું; નાખવું, ફેંકવું. *vi.* to rise; breathe with labor. ઉછળવું, ઉંચું નીચું થવું; હમુજાવું, હાંફવું. *n.* a rising, swell. ઉછાળો, કુદકો; હમુજાણ, હાંફ; નિશાંસો; ઉલાળો.

Heav'en, હેવન, *n.* the sky; abode of the blessed; God. આકાશ, આભ, આસ્માન; સ્વર્ગ, પરલોક; પરમેશ્વર.

Heav'y, હેવિ, *a.* (AS. *hefig*) ponderous; large in quantity; strong; hard to bear; not easily digested; clayey; grievous; dull; wearisome; dark. ભારે; મુશળધાર, પુષ્કળ, ખૂબ; જબરૂં, લઠ્ઠ, અડાબીડ, ભારે, ઉંચકાય નહિ એવું; સખત, દુઃસહ; પચવામાં નઠારૂં; ઢુંજેર; કાદવવાળું; ઉદાસ, દલગીર, નાઉમેદ; સુસ્ત, જડ, મંદ; કંટાળો ઉપજાવે એવું, મુડદાળ, નિર્માલ્ય; ઘેઘટ, ઘનઘોર.

Hec'tic, હેકિટક્, *n.* (Gr. *hexis* habit)habitual fever. ક્ષઈના ઘરનો તાવ, જીર્ણતાવ.*a.* feverish. ક્ષય તાવથી થયલું.
Hedge, હેજ, *n.* (AS. *hege*) fence of thicket. વાડ. *vt.* to enclose; obstruct. વાડ કરવી; રોકવું, ખાળવું, બંદ-અટકાવ કરવો. *vi.* to hide. ભરાઈ-સંતાઈ રહેવું.
Heed, હીડ, *n.* (AS. *hedan*) care; attention. કાળજી સંભાળ, ફિકર, સાવચેતી, ભાન; લક્ષ, ધ્યાન. *vt.* to regard with care. ગણકારવું, લેખવવું, ધ્યાનમાં લેવું-રાખવું.
Heel, હીલ, *n.* (AS. *hel*) the hind part of the foot. જોડા કે પગની એડી. [રડી, વાછડી.
Heif'er, હેફર, *n.* (AS. *hea fore*) a young cow. વાછ-
Height, હાઈટ, *n.* (AS. *heah* high) altitude; eminence; utmost degree in extent or violence; degree,grade. ઉંચાણ,ઉંચાઈ; ઉંચી જગા,ડુંગર;ભર-પૂરજોર, ભરપૂર-ઘાડાપણું; દરજ્જો. [sify.ઉંચું કરવું;વધારવું,વધારો કરવો.
Height'en,હાઈટન, *vt.*to raise high; increase, inten-
Hein'ous, હેનસ, *a.* (Fr.*haine* hatred) atrocious, ઘોર,
Heir,એર,*n.* (L.*hares*) inheritor.વારસ,દાયાદ. [મહા,ઉગ્ર.
Hell, હેલ, *n.* (AS.) the place of punishment after death. નર્ક, દોજખ. [નારકીય; મહા દુષ્ટ.
Hell'ish, હેલિશ, *a.* infernal; wicked. નર્કનું-સંબંધી,
Helm, હેલ્મ, *n.* (AS. *helma*) rudder; steering wheel.
Helms'man, હેલ્મઝમૅન, *n.* steersman. સુકાની. [સુકાન.
Hel'met, હેલ્મટ્, *n.* (AS. *helan* to hide) armour for the head. ટોપ, શીરસ્રાણ.

Help, હેલ્પ, *n.* (AS. *helpan*) aid; support; relief. મદદ,સાહ્ય,કુમક,ઓહાર; ઉપાય,ઈલાજ; ટેકો. *vt.* to aid; prevent; remedy; forbear. મદદ કરવી; અટકાવવું, ખાળવું;ઉપાય કરવો;કંઈ કર્યા–બોલ્યા–લખ્યા વગર ચાલવું–રહેવું.

Help'mate, હેલ્પમેટ, *n.* a companion, partner. મદદ કરનાર–ગાર, સાથી, સોબતી, બેલી. [કુહાડીનો હાથો.

Helve, હેલ્વ, *n.* (Sax. *healdan* to hold) axe handle.

Hem, હેમ્, *n.* (AS.) border; sort of half cough. ઓરણ, ઓટેલી કોર, છેડાનો–અંત ભાગ; ખંખારો. *vt.* to form a border; surround. ઓટવું, કોર–છેડા બનાવવા–મૂકવા; ઘેરવું, ઘેરી લેવું. *vi.* to cough. ખંખારવું.

Hem'i-sphere,હેમિસ્ફીર,*n.* (Gr. *hemi* half & *sphaira*) a half sphere or globe. અર્ધગોળ, ગોળાર્ધ. [ઈંદ્રવારણી.

Hem'lock,હેમ્લૉક્,*n.*(AS.*hemleac*)a poisonous plant.

Hem'orrh-age, હેમૉરેજ, *n.* (Gr. *haima* blood & *regnunai* to break) a flowing of blood from a rupture. રગ ફાટવાથી લોહીનું નિકળવું–વહેવું, રક્તસ્રાવ.

Hem'orrh-oids, હેમૉરૉઈડ્ઝ, *n.* (Gr. *haima* & *rheo* I flow) piles. હરસ, અર્શ.

Hemp, હેમ્પ, *n.* (AS. *hænep*) a plant; the prepared rind. સણનો છોડ; સણ, સેણ. [કૂકડી.

Hen, હેન્, *n.* (AS.) a female bird. પક્ષીની માદા; મરઘી,

Hence, હેન્સ, *ad.* (AS. *heonon*) from this place, time &c. અહીંથી, હાંથી; હવેથી, હવે પછી, આજથી, હમણાંથી, આવખતથી; આકારણથી; આઉપરથી.

Hence'forth, Hence'for-ward, હેન્સફોર્થ, હેન્સફૉરવર્ડ, *ad.* from this time forward. હવે-આજપછી, અતઃપર, આઇંદે. [બૈરીનો તાબેદાર-બાંધેલો-મારેલો, સ્ત્રીજીત-વશ.
Hen'pecked, હેનપેક્ડ, *a.* governed by one's wife.
Hep'ta-gon, હેપ્ટેગૉન, *n.* (Gr. *hepta* seven & *gonia* an angle) a figure of 7 sides. સાતકોણ,
Hep'tar-chy, હેપ્ટાર્કિ, *n.* (Gr. *arche* rule) a government by 7 rulers. સાતરાજસત્તાક દેશ, સાતજણનું રાજ્ય.
Her, હર, *pro.* (AS. *hire*) objective and genitive case of she. તેણીને, તેને, એને, એણીને; તેનું, એનું, તેણીનું.
Her'ald, હેરલ્ડ, *n.* (Ger. *haren* to shout) forerunner, proclaimer. ખબર આપનાર-કરનાર, આગમસૂચક, અગ્રદૂત; ભાટ, ચારણ, નકીબ. *vt.* to proclaim. લલકારપાડીને ખબર આપવી. [ઝાડવું, ઓષધિ, જડીબુટ્ટી.
Herb, અર્બ, *n.* (L. *herba*) a plant with soft stalk.
Herb'age, અર્બેજ, *n.* herbs, grass, pasture. ઝાડવાં, ઝાડપાલો, ભાજીપાલો, ચાર, ચારો.
Her-cu'le-an, હર્ક્યુલિઅન, *a.* (from *Hercules* a Grecian hero) very great, difficult or strong. ભારેમહેનત-હિંમતનું, મહા કઠિણ, ઘણુંમહોટું ને બળિષ્ઠ, અઠાબીડ.
Herd, હર્ડ, *n.* (As. *heord*) a drove, crowd; rabble. ટોળું, જૂથ; નીચ માણસોનું ટોળું. *vi.* to tend cattle; associate. ટોળાંબંધ ફરવું-ચરવું-રહેવું; ભળી જવું, મળી જવું, શામિલ-દાખલ થવું. [ગોવાળિયો.
Herds'man, હર્ડ્ઝમૅન, *n.* one who tends cattle. ગોપ,

Here, હીર, *ad.* (AS. *her*) in this place or state. હાં, અહીં, આમ, આહેઉ, આલોકમાં, અહીંઆં. [પછી, પરલોકમાં.
Here-af'ter, હીરઆફ્ટર, *ad.* in time to come. હવે-મુઆ
Her-e-dit'a-ment, હેરેડિટમેંટ, *n.* (L. *heres* an heir) hereditary property. વારસાની સ્થાવરજંગમ મિલકત, વારસો.
He-red'i-ta-ry, હીરેડિટરિ, *a.* inherited. વારસામાં-વંશપરંપરાથી મળેલું; વારસને મળે એવું, પેઢી ઉતાર, વંશપરંપરા ચાલ્યું જાય એવું.
Her'e-sy, હેરેસિ, *n.* (Gr. *hairein* to choose) error in religion. ખરા અર્થથી ઉલટું-પાખંડમત-વાત, કુમાર્ગ.
Her'e-tic, હેરેટિક, *n.* who holds wrong doctrine. પાખંડમત માનનાર.
Her'itage, હેરિટેજ, *n* (L. *heres* an heir) inheritance; God's saints. વારસો, દાય; ઈશ્વરના સંત, સાધુ-ભક્ત લોક.
Her-met'ic, હરમેટિક, *a.* (Gr. *hermes* Mercury) perfectly close. હવા પેસી કે નિકળી ન શકે એવું, સજ્જડ.
Her'mit, હરમિટ્, *n.* (Gr. *eremos* lonely) a recluse. વનવાસી, આરણ્યવાસી.
Her'mit-age, હર્મિટેજ, *n.* વનવાસીની ઝુપડી, મહુડુલી, આશ્રમ.
Hero, હીરો, *n.* (L. *heros*) a brave man. વીર-શૂર-પરાક્રમી પુરૂષ, પહેલવાન, જવાંમર્દ; નાયક.
He-ro'ic, હીરોઈક, *a.* intrepid; noble. વીર પુરૂષોનું-ના જેવું-ના જેટલું, શૌર્યનું, પરાક્રમી, શુરૂં; મહોટા-ઉદાર મનથી કીધેલું.

Her'o-ine, હિરોઇન n. a female hero. પરાક્રમી સ્ત્રી, વીરા; નાયકા. [mity. વીરપણું, શૂરાતન; ઔદાર્ય, મહોટપન.
Her'o-ism, હિરોઇઝમ, n. great bravery; magnani-
Hes'i-tate, હિઝિટેટ, vi. (L. *haesitare* to hang) to pause; falter. આચકોખાવો-પાડવો, આનાકાની-હાના કરવી; બોલતાં અચકાવું. [western. પશ્ચિમ તરફનું-માં આવેલું.
Hes-pe'ri-an, હેસ્પીરિઅન, a. (L. *hesperus* Venus)
Het'er-o-dox, હિટરોડૉક્સ, a. (Gr. *heteros* other & *doxa* opinion) heretical. પાખંડી, અશાસ્ત્ર.
Het-er-o-ge'ne-ous, હિટરોજિનિઅસ, a. (Gr. *heteros* & *genos* kind) unlike, different. જુદી જાતનું, વિગુણ, વિજાતીય, વિધર્મ. [વાઢવું; કકડી કકડી કરી નાખવી.
Hew, હ્યૂ, vt. (AS. *heawan*) to cut; chop. કાપવું,
Hex'a-gon, હેક્સેગૉન, n. (Gr. *hex* 6, & *gonia* angle) six-sided figure. છ બાજુની આકૃતિ, ષટ્કોણાકૃતિ.
Hi-a'tus, હાએટસ, n. (L. *hiare* to gape) a gap, chasm. બોક, ચીરો, ફાટ, રસ્તો, વાટ; ભૂલ, ચૂક.
Hicc'ough, Hick'up, હિકપ., n. (formed from the sound) sudden catch of breath. હેડકી. વાધણી.
Hid'den, હિડ્ન, a. (AS. *hydan*) secret, unseen. સંતાડેલું; માંહેનું, ભીતરનું, છાનું, ગુપ્ત, મનનું.
Hide, હાઇડ, vt. to conceal. સંતાડવું, ઢાંકવું, છુપાવવું, છાનું રાખવું. n. (AS. *hyd*) the skin of a beast. ચામડું, ચર્મ, ખાલ.
Hid'e-ous, હિડિઅસ, a. (Fr. *hide* fright) shocking,

frightful. જોઈ કે સાંભળીને બીખ લાગે-ચીતળી ચઢે એવું, વિક્રાળ, બિહામણું, કાળજેતું-રૂપ. [દોડતાં જવું-આવવું, દોડવું.

Hie, હાઈ, *vt.* (AS. *higan*) to hasten. ઉતાવળાં-જલદ્

Hi'er-arch, હાયરઆર્ક, *n.* (Gr. *hieros* sacred & *arche* rule) the chief of a sacred order. ધર્માધિકારી.

Hier-arch-y, હાયરઆર્કિ, *n.* body of clergy ; government of priests. ધર્માધિકારી; ધર્માધિકારી સતાક રાજ્ય.

Hig'gler, હિગ્લર, *n.* (Dan. *hyhter* to wheedle) a dealer in provisions ; chafferer. ખાવાનું-ખોરાકીની ચીજ વેચનાર; ભાંજગડ કરનાર, ભાવ ઠરાવનાર.

High, હાઈ, *a.* (AS. *heah*) lofty, tall ; great ; of noble birth ; violent, powerful; abstruse; dear; proud ; chief. ઉંચું, ઉન્નત; ઉંચા પ્રકારનું; અમીરી, પ્રખ્યાત; જબરૂં, બળવાન; અઘરૂં, ગૂઢ, ગહન; મોંઘું, ભારે કિંમતનું; વડાઈનું, પતરાજીનું, શેખીનું; મુખ્ય. [દાન.

High'born, હાઈબૉર્ન, *a.* of noble family. કુલીન, ખાન-

High'hand-ed, હાઈહૅન્ડેડ્, *a.* oppressive. જુલમી.

High'land, હાઈલૅંડ, *n.* hilly country. પહાડી મુલક-દેશ.

High'ness, હાઈનેસ્, *n.* hoight; title given to princes &c. ઉંચાઈ; રાજા, શાહજાદા વગેરેને માટે વપરાતો ઇલકાબ.

High'way, હાઈવ્‌એ, *n.* a public road. મહોટો-ધોરી રસ્તો.

High'way-man, હાઈવ્‌એમૅન્, *n.* a robber on the road. ધોરી રસ્તે લૂટનાર, વાટપાડું-માર-પાડનાર.

Hi-lar'i-ty, હિલૅરિટિ, *n.* (Gr. *hilaros* gay) good humour. ગમત, રંગ, મઝે, રમુજ, ખુશાલી. [ગરી, પહાડ, ગિરિ.
Hill, હિલ, *n.* (Sax. *heag* high) elevated ground. ડું-
Hill'ock, હિલક, *n.* a small eminence. ડુંગરી, ટેકરી.
Hill'y, હિલિ, *a.* abounding with hills. પહાડી, ડુંગરાવાળું.
Hilt, હિલ્ટ, *n.* (AS. *hildan* to hold) the handle of a sword &c. મૂઠ, હાથો. [(પુરૂષ) ને.
Him, હિમ, *pro.* (AS.) objective case of he. તે—એ
Hind, હાઇંડ, *n.* (AS.) female deer. સાબરી, મૃગલી. (AS. *hina*) a rustic. ગામડિયો, ગમાર, દેહકાની.
Hind, Hind'er, હાઇંડ, હાઇંડર, *a.* (AS. *hind* back) back, backward, on the rear. પાછલું, પાછળનું.
Hin'der, હિંડર, *vt. i.* (AS. *hindan* back) to interrupt; debar. અટકાવવું, ખાળવું, રોકવું, નડવું, પ્રતિબંધ કરવો.
Hin'der-ance, Hin'drance, હિંડરન્સ, હિંડ્રન્સ, *n.* that, which stops progress. ખાળવું તે, હરકત, ખલલ, બાધ.
Hin'der-most, Hind'most, હાઇંડરમોસ્ટ, હાઇંડમોસ્ટ, *a.* the last. છેલ્લું, છેક પાછલું, સહુથી પાછળનું.
Hinge, હિંજ, *n.* (Dan. *hoenge* to hang) joint of door &c. નરમાદા, બારણું, કડીઆંકડો; મૂળપાયો. *vt. i.* to furnish with hinges; to turn or depend. આધાર રાખવો.
Hint, હિંટ, *n.* (Dan. *vink* a sign) suggestion. સૂચના; અણસારો. *vt. i.* to suggest, allude to. સૂચના કરવી, ઇશારાથી જણાવવું. [fruit. કરમરનું ઝાડું; એક જાતનું ફળ.
Hip, હિપ, *n.* (AS. *hype*) joint above thigh; a

Hip-po-pot'a-mus, હિપોપૉટમસ, *n.* (Gr. *hippos* horse & potamos river) the river horse. જળઘોટક, સુસવાટ.

Hire, હાઇર, *vt.* (AS. *hyr* wages) to engage for pay; bribe. ભાડે કરવું–લાવવું–આપવું, નોકરીએ–રોજે રાખવું, ભાડે–ગણોતે આપવું–રાખવું; લાંચ આપી હાથમાં લેવું. *n.* wages, pay; bribe. મેનતાણું, રોજ, પગાર; લાંચ, રૂશવત.

Hire'ling, હાઇરલિંગ, *n.* one who serves for wages; mercenary. મેનતાણું લઈ કામ કરનાર; જે પૈસા આપે તેનું કામ કરનાર, પૈસાનો ગુલામ–લોંડી.

His, હિઝ્, *pro.* (AS. *his, hys*) of him. તે–એ (પુરૂષ) નું.

Hiss, હિસ્, *vi. t.* (AS. *hysian*) to make a sibilant sound; condemn by hissing. સકાર–સણસણ જેવો ઉચ્ચાર કરવો; છિ–છિટ–છટ–ફિટકાર–છિટકાર–ફૂં–ફૂંકારો કરવો, સુસવાટો–છણણણ કરવું. *n.* expression of contempt. છિટકાર, ફિટકાર.

His-to'ri-an, હિસ્ટોરિઅન, *n.* (L. *historia*) a writer of history. ઈતિહાસ કર્તા–કાર, તવારિખ લખનાર.

His'to-ry, હિસ્ટરિ, *n.* narration of past events; an account. ઈતિહાસ, તવારીખ; હકિકત, વર્ણન, વૃત્તાંત, બયાન.

Hit, *n.* હિટ્, (Icel. *hitta* to light on, find) a blow, a chance; an apt expression. ટચકો, ટકોરો; જોગાન જોગ; લાગ; ચોકઠાબંધ બોલેલો બોલ. *vt.* to touch or strike; to reach. મારવું,–ને લાગવું; ઉપર ચોટ લગાવવી. *vi.* to clash; succeed. અથડાવું, અફળાવું, ફાવવું; પાર પડવું.

Hitch, હિચ, *vi. t.* (SW. *haka* to seize with a hook) to be caught; move by jerks. ભેરવાઇ–ગુંચવાઇ–ફસાઇ પડવું; ઉછાળા મારતા ચાલવું. *n.* knot; noose; impediment, jerk. ગુંચ; ફાંસો; હરકત, અટકાવ; આચકો.

Hith'er, હિધર, *ad.* (AS. *hidhr*) અહીં, આજગાએ. *a.* nearest. આ તરફનું, નજીકનું. [આજ–અહીં સુધી–લગી.

Hith'er-to, હિધરટૂ, *ad.* to this time or place. હજુ–

Hive, હાઇવ, *n.* (AS. *hyfe*) a box for bees; a swarm. મધમાખીને રહેવામાટે કીધેલો માળો, પૂડો; ટોળું, ઝુંડ.

Hoard. હોર્ડ, *n.* (AS. *hord* to store) hidden store. ભરી–સંતાડી મૂકેલું કંઇ, સંચય, સંગ્રહ. *vt.* lay up; amass secretly. ભરી રાખવું; જોડીને દાટી–સંતાડી મૂકવું.

Hoarse, હોર્સ, *a.* (AS. *has*) rough in voice. બેઠેલા ઘાંટાવાળું, ખોખરૂં, ભારે. [ધોળું, સફેત, પળી ગયલું.

Hoar'y, હોરિ, *a.* (Icel *hæra* grey hair) grey, white.

Hoax, હોક્સ *n.* (AS. *hux* mockery) a trick. છળ, છેતરપદી, ટોળ, મજાક, રમુજ. *vt.* to trick. છળ–ટોળ–રમુજ કરવી.

Hob, હૉબ્, *n.* (Ger. *hoba* abode) side of a grate; nave; clown; fairy. રાંધેલા પદાર્થો ઉના રાખવા વિલાતી ચુલાની બાજુનો ચપટો ભાગ, ઓહોલો; નાભ, નાયડી; ગામડીયો, રંગલો, મશ્કરો; વનદેવા, શાકણ.

Hob'ble, હૉબલ, *vi.* (See *hop*) to limp. લંગાડવું, ખોડાવું. *n.* limping gait; difficulty. લંગડાતીચાલ; કૂટ, ખેન.

Hob'by, હૉબિ, *n.* (Dan. *hoppe* a mare) a favourite

object; a child's horse. વહાલી વાત-વિષય, પરમદૈવત દેખવાની વસ્તુ; લાકડીનો ઘોડો.

Hod, હૉડ, *n.* (Fr. *hotte* a basket for a back) a tray for mortar. કોલ ઇંટ ભરવાનું પકડવાળું તગારૂં.

Hoe, હો, *n.* (Fr. *houe*) a tool for cutting up weeds. પાવડો, કોદાળી. [સૂકર.

Hog, હૉગ, *n.* (W. *hwch* swine) a swine. ડુક્કર, ભુંડ,

Hogs'head, હૉગ્ઝહેડ, *n.* (Ger. *oxhoft* ox-head) a cask of 63 gal. ૬૩ ગેલન માંય એવડું પીપ-માપ. [ઢાવવું, ઉંચકી લેવું.

Hoist, હોઈસ્ટ, *vt.* (Fr. *hausser*) to raise by tackle. ચ-

Hold, હોલ્ડ, *vt.* (AS. *heabadan*) to grasp; retain; possess; occupy; restain; carry on; prosecute; maintain; assemble; contain; consider. સહાવું, પકડવું, ઝાલવું;-ની પાસે-હાથમાં-રાખી રહેવું; કબજામાં-મળેલું-પહોંચેલું-પાસે હોવું,-ઉપર-એ હોવું; સલકણું-કાબુ-અંકુશમાં રાખવું; ચાલવું, કરવું; અટકયાવગર ચાલ્યા કરવું, જાય રહેવું; વળગી-કાયમ-ચુસ્ત રહેવું; મેળવવું, ભરવું,-માં બેસવું, માં હોવું-રહેવું-માવું-સમાવું; ગણવું, જાણવું, માનવું, સમજવું. *vi.* to stop; last; not to give way; to be valid; refrain. થોભવું, ઉભા રહેવું; કાયમ-ટકીરહેવું, નીભવું; લાગુ પડવું; ન કરવું, બંધ રહેવું. *n.* grasp; claim; binding power or influence; prison; custody; inside of a ship. પકડ; કોઈ-કશાનો અખ્તિયાર-કંઈ ચાલવું તે, હક અખ્તિયાર; કાબુ, અંકુશ; બંધીખાનું; કેદ; તુતકનીચેનો વહાણનનો પોલો ભાગ, ભંડાર.

Hole, હોલ, *n.* (AS. *hol* hollow) a pit; perforation; cell. ખાડો, ગબાર; કાણું, બાકું, છિદ્ર, વેહ; દર, રાફડો, બો, અંધારી કોટડી–કોટડું.

Hol'i-day, હોલિડે, *n.* (AS. *hal* safe) a festival. ઓચ્છવ, તેહેવાર, સપરમો–રજાનો દહાડો.[શુદ્ધિ; પોપનો ખિતાબ.

Ho'li-ness, હોલિનેસ, *n.* sanctity. પવિત્રાઈ, નેકી, અંતઃ·

Hol'low, હોલો, *a.* (AS. *hol*) empty; deep; low, false. પોલું, પોલાણવાળું; ઉંડાણમાં થતું હોય એવું; બેઠેલું, ખોખરૂં; મહોનું મીઠું, ખોટું, મેલું, પાપિષ્ટ. *n.* a cavity; low place. પોલાણ, ખાડો, બખોલ; ખોભણ, ખાંચ. *vt.* to dig out.–માંખાડો પાડવો. [for pistols.પીસ્ટોલનું ઘર–કોથળી.

Hol'ster, હોલસ્ટર, *n.* (AS. *helan* to cover) a case

Ho'ly, હોલિ, *a.* (AS. *hal* safe) pure, pious, sacred. પવિત્ર, સાધુ, પરમાર્થનિષ્ટ, ઇશ્વરાર્પણ–ધર્માર્પણ કરેલું.

Hom'age, હૅામેજ, *n.* (L. *homo* a man) reverence; fealty. નમન, માન, ભક્તિ, ભાવ, ભજન; સ્વામીપણું માન્યાનું ચિન્હ.

Home, હોમ, *n.* (AS. *ham*) abode; one's own country. ઘર, સ્વગૃહ; સ્વદેશ, વતન. *a.* made at home; close, severe. દેશી, ગામઠી; સખ્ત, કારી, રાજડ. [રણ, મધ્યમ રૂપનું.

Home'ly, હોમ્લિ, *a.* plain, simple. સાદું, જાડુંપાતળું સાધા·

Home'stead, હોમસ્ટેડ, *n.* the place of a house; place of origin. ઘરની જગા–વાડી; મૂળસ્થાનક.

Ho-me-op'a-the, હોમિયોપૅથિ, *n.* (Gr. *homoios* like & *pathos*) the art of curing founded on resem-

blances. જે પ્રકારનો વ્યાધી તેજ પ્રકારનું ઘણુંજ થોડું ઓસડ આપી રોગ મટાડવાનું વૈદું. [slaughter. મનુષ્યવધ–હિંસા.

Hom'i-cide, હોમિસાઈડ, *n.* (L. *homo* man & *cædo*) man

Hom'i-ly, હૉમિલિ, *n.* (Gr. *homos* the same & *ile* a company) a sermon. નીતિ–ધર્મ બોધક ભાષણ–નિબંધ.

Ho-mo-ge'-ne-ous, હોમોજીનિઅસ, *a.* (L. *homo* & *genos* kind) of the same kind. એકજ જાત–ગુણ–ખવાસનું, સધર્મી. [ચપ્પુ વગેરે ઘસવાની પથરી.

Hone, હોન, *n.* (AS. *hanan* to stone) a whet-stone.

Hon'est, ઑનેસ્ટ, *a.* (L. *honor* honour) upright, just. પ્રમાણિક, ઇમાનદાર, ભલું, સુધું, નેક, નિષ્કપટી.

Hon'ey, હનિ, *n.* (AS. *hunig*) sweet substance gathered by bee. મધ, મધુ; મિઠાસ, માધુર્ય.

Hon'our, ઑનર, *n.* (L. *honor*) esteem; dignity; integrity; chastity. માન, આબરૂ, ઇજ્જત; પ્રમાણિકપણું, નેકનેથત, ઇમાનદારી; સતી–પતિવ્રતાપણું; પ્રતિષ્ઠા, હુરમત. *vt.* to exalt; treat with respect; worship; accept. –ને મહોટાઈ–આબરૂ આપવી;–નું માન–અદબ–મર્યાદા રાખવી; આરાધવું, ઉપાસવું; સિકારવું.

Hon'our-a-ble, ઑનરઅબલ, *a.* worthy of esteem; good principled. આબરૂદાર, નામીચું; નેકનામદાર, પ્રમાણિક, ઇમાનદાર, [ઘુગડાંટોપ; ગાડીની છતરી.

Hood, હુડ, *n.* (AS. *hod*) a covering for the head.

Hood'wink, હુડવિંક, *vt.* to deceive; blind. છેતરવું;–ની આંખે પાટા કે અંધારી બાંધવી. [foot. ઢોરની ખરી, ક્ષુર.
Hoof, હૂફ, *n.* (AS. *hof*) the horny part of a beast's
Hook, હૂક, *n.* (AS. *hoc*) curved end; a sickle. આંકડો–ડી, હૂક; માછલીનો ગલ; દાંતરડું–ડી. *vt.* to catch; fix; entrap. ગળ નાખી પકડવું ; આંકડી જડવી–ભેરવવી ; ફાંદામાં લેવું–આવી પડવું. [વાટો, કડું, હાંસડી; કાંઠો, કાંઠડો; ચક્કર.
Hoop, હૂપ, *n.* (AS. *hop*) a circular band. પાટો, પટો,
Hoot, હૂટ, *vi.t.* (Fr. *huer*) to cry as an owl; to shout in contempt. બોલવું; હડેધૂત–ધુત્કાર કરવો. *n.* a shout of contempt. હડહડ, ધુત્કાર.
Hop, હૉપ્, *vi.* (AS. *hoppan*) to leap on one leg; skip. એક પગે ચાલવું, ખોડી ખાવી; કુદાકુદ–ઉડાઉડ કરીમૂકવી. *n.* (Dut. *hoppe*) a plant used in brewing. કડવા સ્વાદનો એક વિલાયતી છોડ.
Hope, હોપ, *n.* (AS. *hopa*) desire with expectation; confidence. આશા, ઉમેદ, મુરાદ, આશાનું મૂળ–ઠેકાણું; ભરોસો, આકીન. *vi. t.* to desire with expectation. આશા–ભરોસો રાખવો. [ઓરણી, ગરણી; ખોડીખાનાર.
Hop'per; હૉપર, *n.* (AS.) funnel in mill; one who hops.
Horde, હોર્ડ, *n.* (See Herd) a wandering tribe. ફરતા ફરનાર લોકનું ઝુંડ–ધાડું–ટોળું. [bounds the sight. દૃષ્ટિમર્યાદા.
Ho-ri'zon, હોરાઇઝન, *n.* (Gr. *horos* a limit) the line that

Hor-i-zon'tal, હૉરિઝૉન્ટલ, *a.* parallel to the horizon; level. દૃષ્ટિમર્યાદાનું; આડું, ઉભું નહિ, દૃષ્ટિમર્યાદાસમસૂત્ર.

Horn, હૉર્ન, *n.* (AS.) hard substance on animal's head; a wind instrument. સિંઘડું, શૃંગ; રણસિંગું,તુરાઈ; ભૂછ. [speech) a time-piece, a clock.કાળમાન યંત્ર.

Hor'o-loge, હોરોલોજ, *n.* (Gr. *hora* time & *logos*

Hor'o-scope, હૉરૉસ્કોપ, *n.*(Gr. *horo* & *skopeo*) aspect of planets at birth.જન્માક્ષર, જન્મોત્રી, જન્મગ્રહ-કુંડળી.

Hor'ri-ble, Hor'rid, Hor-rif'ic, હૉરિબલ, હૉરિડ, હૉરિફિક, *a.* (L. *horreo* I shrink) shocking, dreadful.ચીતળી ચઢે-કમકમાટ આવે એવું, ઘોર,વિકરાળ, ભયાનક.

Hor'ror. હૉરર, *n.* great fear, terror.મહાભય, વિકરાળપણું, ચીતળી, થથરી.

Horse, હૉર્સ,*n.*(AS. *hors*) a quadruped; cavalry; a wooden frame.ઘોડો; ઘોડાનું લશ્કર, સવાર;લૂગડાં મૂકવાની લાકડાની ઘોડી. [admonition. શિખામણનું, બોધરૂપ.

Hort'a-tive, હૉર્ટેટિવ, *a.* (L. *hortor* I urge) giving

Hor'ti-cul-ture, હૉર્ટિકલ્ચર, *n.* (L. *hortus* a garden & *cultura* tillage) culture of a garden. બાગ બનાવવાનો હુન્નર, માળીનું કામ.

Hose, હોઝ, *n.* (AS. *hydan* to cover.) stockings; a leathern tube.પગનાંમોજાં;બંબા વગેરેની સૂંઢ. [વેચનાર.

Ho'si-er, હોઝિઅર, *n.* a seller of stockings.મોજાંવાળો-

Hos'pi-ta-ble, હૉસ્પિટેબલ, *a.* (L. *hospes* a guest)

kind to strangers or guest. પરોણાની બરદાશ લેનારૂં, આવકારનું ભરેલું-હેતું. [ખાનું, રોગીશાળા, ઈસ્પીતાળ.

Hos'pi-tal, ઑસ્પિટલ, *n.* a house for the sick. બિમાર-

Hos-pi-tal'i-ty, હૉસ્પિટૅલિટિ, *n.* entertainment of strangers. પરોણાચાકરી, આગતાસ્વાગતા.

Host, હોસ્ટ, *n.* one who entertains; inn-keeper. ગૃહસ્વામી, યજમાન, વીસી-ઉતારાનોધણી. (L. *hostis* an enemy) an army; a multitude. ફોજ, લશ્કર, સૈન્ય ધાડું, ટોળું; ઝુંડ, વૃંદ. [સાનમાં મૂકેલો અવેજી-માણસ.

Host'age, હોસ્ટેજ, *n.* a person given as a pledge.

Host'ess, હોસ્ટેસ, *n.* ગૃહસ્વામિની, યજમાના.

Hos'tile, હૉસ્ટાઈલ, *a.* (L. *hostis* an enemy) adverse; unfriendly. સામું, વિરૂદ્ધ, પ્રતિકૂળ; વેર-દુશ્મની રાખનાર.

Hos-til'i-ty, હૉસ્ટિલિટિ, *n.* enmity; opposition; acts of warfare. વેર, શત્રુવટ; સામા હોવું તે, પ્રતિકૂળપણું; લઢાઈનાંકામ, લડાઈ, હુલ્લો.

Host'ler, હૉસ્લર, *n*, one who has care of horses at an inn. મુસાફરખાનાના ઘોડાઓનો ચરવાદાર, ઘોડાવાળો.

Hot, હૉટ્, *a.* (AS. *hat*) very warm; easily exasperated; ardent; violent; biting. ઉનું, ગરમ, ઉષ્ણ; જાહેલ, ઉગ્રસ્વભાવનું, આકળું, જોશ-જુસ્સાનું ભરેલું; દારૂણ, કડાકૂડ; તીખું, તમતમતું. [ખાનું, વીશી, ઉતારો.

Ho-tel', હોટેલ, *n.* (Fr.) an inn, a tavern. મુસાફર-

Hough, Hock, હૉક્, *n.* (AS. *hoh* the heel) lower

part of thigh. જાંગ, જંઘા, ઢૂંટણનું તળિયું. *vt.* to hamstring. લૂલું-લંગડું કરવું. [રી કૂતરો.

Hound, હાઉંડ, *n.* (AS. *hund*) a hunting dog. શિકા-

Hour, અાવર, *n.* (Gr. *hora*) 24th part of a day, 60 minutes ; time. કલાક, કેટલા વાગાતે, વખત, વેળા.

Hour'-glass, અવરગ્લાસ, *n.* a glass to show time. રેતીનું ઘડિયાળ, ઘડી.

House, હાઉસ, *n.* (AS. *hus*) dwelling; familly ; firm ; tribe. ઘર, મકાન, ગૃહ, ભવન; ઘરકુટુંબ, કબીલો; પહેડી,પેઢી; કુળ, વંશ, ઓલાદ. *vt.* to harbour; shelter, cover. ઘરમાં રાખવું; ઉપર છાપરૂં-ઢાંકણ કરવું-નાખવું.

House'-hold, હાઉસહોલ્ડ, *n.* a family. ઘરકુટુંબ, કબીલો.

House' wife, હાઉસવાઇફ, *n.* mistress of a house. ઘરનુંપાકું બૈરૂં, ઘર ચલાવનારૂં બૈરૂં.

Hous'ing,હાઉસિંગ,*n.*a saddle-cloth.ચાસિયો.[છાપરૂં,ઝુંપડી.

Hov'el, હૉવેલ, *n.* (AS. *hof* a house) shed ; cottage.

Hov'er હૉવર, *vi.* (W. *hofian*) to hang over. તાળાઇ-ટંગાઇ રહેવું, ભમ્યાં-પાંખ ફફડાવ્યાં-ફેરી ફેર્યાં-માર્યાં કરવું.

How, હાઉ, *ad.* (AS. *hu*) in what manner ; to what degree; for what reason. કેમ, શીરીતે, કેમ કરીને; કેવું, કેટલું, કેવડું; શાથી, શાવાસ્તે, શાકારણથી.

How-be'it, હાઉબીઇટ્ *ad.* nevertheless. ગમેતેમહોયપણ, તોપણ, એમછતાં. [છતાં; ગમેતેવું-તેટલું.

How-ev'er, હાઉએવર, *con.* nevertheless. તોપણ, એમ-

Howl, હાઉલ, *vi.* (Gr. *hulao*) to cry; wail; roar. કૂતરાની-
 પેઠે રોવું-રડવું; પોક મૂકી-વિલપ કરી રડવું; બુમવાટો કરવો-કરી
Hub'bub, હબ-બબ, *n.* uproar. હોકાર, કોલાહલ. [વાળવું.
Huck'ster, હકસ્ટર, *n.* (Ger. *hocker*) a seller of small
 wares; a trickish fellow. ફેરિયો; દગાખોર, કિસબચોર.
Hud'dle, હડલ, *vt.* (Ger. *hudeln* to hurry over) to
 put on or up in haste. ગડબડગોટા વાળવા-કરી મૂકવા,
 જેમતેમ પહેરી-ઘાલી લેવું. [hoot) a shouting. બૂમ, પોકાર.
Hue, હ્યૂ, *n.* (AS. *hiw*) colour. રંગ, વર્ણ. (Fr. *hur* to
Huff, હફ, *n.* (AS. *heafan* heaved) a swell of anger;
 a boaster. રોસ; ગુસ્સો; ક્રોધનો ઉભરો; શેખી-પતરાજીખોર
 માણસ. *vt.* to offend; swell up. ધમકાવવું, લબડ ધક્કે
 લેવું; ઉપસવું, ફુલવું, રીસે ભરાવું, ચીઢવું, પતરાજી કરવી.
Hug, હગ, *n.* (Ger. *hegen* to embrace) a close
 embrace. જોરથી ભેટવું, ગાઢાલિંગન *vt.* to embrace
 closely. જોરથી ભેટવું, વહાલ કરવું.
Huge, હ્યુજ, *a.* (Dut. *hoog* high) bulky, vast. ઘણું
 મહોટું, અડાબીડ. [old ship. જુનાં વહાણનું ખોખું.
Hulk, હલ્ક, *n.* (AS. *hulce* a ship) the body of an
Hull, હલ, *n.* (AS. *hule* the hard shell) the husk of
 nuts; the frame of vessel. છોડું, છાલ; વહાણનું ખોખું.
Hum, હમ, *n.* (Ger. *hummen*) a buzzing sound.
 ગગણાટ, ગુણગુણાટ, ગુંજવું તે. *vi.* to buzz. ગુંજવું, ગગણવું.
Hu'man, હ્યુમન, *a.* (L. *homo* man) of mankind. માણસ
 જાતનું-જેવું, માનુષ.

Hu-mane', હ્યુમેન, *a.* kind. દયાળુ, કરૂણાવાન.

Hu-man'i-ty, હ્યુમૅનિટિ, *n.* nature of man; kindness; mankind. માણસપણું; દયા, કરૂણા; માણસજાત-માત્ર.

Hum'ble, અમ્બલ, *a.* (L. *humus* the earth) low; lowly. નીચું, હલકું, ગરીબ; ગરીબ સ્વભાવનું, નમ્ર, રંક, વિનયી, નિરભિમાની. *vt.* to bring low; mortify; abase the pride. હલકું પાડવું, તોડવું, આબરૂ-માન ઘટાડવું; ઝાંખુંપાડવું. શરમાવી નાખવું; નરમ ઘેંસ કરવું,-નો ગર્વ ઉતારવો.

Humbug, હમબગ, *n.* (*hum* to deceive & *bug* a frightful object) an imposition. ઉંધુંચતું સમજાવવું તે. આંધળા પાટા, ફેળ. [બનાજેવું.

Hum'drum, હમડ્રમ, *n.* a stupid fellow. ઢોર-રોઝ-

Hu'mid, હ્યુમિડ્, *a.* (L. *humere* to be moist) moist. damp. હવાએલું, હવાવાળું. સરદીવાળું.

Hu-mil'i-ate, હ્યુમિલિએટ, *vt*, (L. *humus* the earth) to humble. -નું માન-પાણી ઉતારવું, નીચું જોવડાવવું, નું નાક કાપવું,-ની ફજેતી કરવી. [નમ્રવૃત્તિ, દીનતા, નિરભિમાન.

Hu-mil'i-ty, હ્યુમિલિટિ, *n.* freedom from pride. નમ્રતા,

Hu'mor-ous, યુમરઅસ, *a.* (Gr. *chumos* a liquid) jocular, pleasant, playful. ટોળી, નકલી, રમુજી, આનંદી.

Hu'mour, યુમર, *n.* fluid of animal bodies; temper; wit; whims. શરીરના રસો-ધાતુઓ; મરજી, ચિત્તવૃત્તિ, મિઝાજ; ટોળ, ટકોર, રમુજ, નકલ; મનના તરંગ. *vt.* to gratify; indulge by compliance. -નિ મરજી પ્રમાણે

ચાલવું, સાચવવું, જે કહે તેની હાજીહા કરવી;–માં યુક્તિ વાપરવી, ને કેળવીને વાપરવું, કેળવવું. [ઢેકો, ખૂંધ, ખંધોડું.
Hump, હમ્પ, *n.* (L. *umbo* boss) a protuberance.
Hunch, હંચ. *n.* (Ger. *hucke* bunch) hump. ખુંધ, ઢેકો.
Hung'er, હંગર, *n.* (AS. *hungur*) craving appetite; any strong desire. ભૂખ, ક્ષુધા; લોભ, ઉગ્ર ઇચ્છા, ઉત્કંઠા. *vi* to crave food. ભૂખ–ક્ષુધા લાગવી, લોભ હોવો–રાખવો.
Hung'ry, હંગ્રિ, *a.* having keen appetite. ભૂખ્યું, ક્ષુધાથી પીડિત; લોભી, ઉત્કંઠિત.
Hunt, હંટ, *n.*(AS. *huntian*) chase. શિકાર, મૃગયા, આખેટક. *vt.* to chase; search after. –નો શિકાર કરવો; ખોળવું, શોધવું, ઢુંઢવું; ની પાછળ લાગવું–મંડવું, પૂંઠ લેવી.
Hur'dle, હર્ડલ, *n.* (AS. *hyrdel*) framework of sticks, &c. a crate. ટાટું, ત્રાપો.
Hurl, હરલ, *vt.* (See ·Whirl) to throw with force. જોરથી ફેંકવું કે જોરથી ફેરવીને–ઘમઘમાવીને મારવું.
Hur-r'a, Hur-rah', હૂર્રે, *int.* (Ger.) cry of joy, triumph, &c. હર્ષની વખતે બોલવાનો શબ્દ, વાહવા.
Hur'ri-cane, હરિકેન, *n.* (Fr. *orage* a storm) violent storm. તોફાન, વાવાઝોડું.
Hur'ry, હરિ, *n.* (AS. *hreran* to move hastily) great haste. ઉતાવળ, લેદોડ, દોડધૂમ. *vt.* to hasten. ઉતાવળ કરવી.
Hurt, હર્ટ, *n.* (AS. *hyrt* wounded) harm; wound. નુકસાન, હાની, હરકત; વાગેલું, ઘા. *vt.* to wound, bruise;

harm; grieve. વગાડવું,—થી વાગવું ; બગાડવું, નુકસાન પ- હોંચાડવું; દુ:ખ—માઠું લગાડવું, દુ:ખવવું, દુભવવું, નાખુશ કરવું.
Hurt'ful હર્ટ્ફુલ, *a.* injurious. નુકસાન—હાનીકારક.
Hus'band, હઝબંડ, *n.* (AS. *hus* a house & *banda* a tie) a married man. ધણી, વર, કંથ. *vt.* to use carefully. તપાસીને—કસરથી વાપરવું. [ખેતીકરનાર.
Hus'band-man, હઝબંડમેન, *n.* tiller of soil. ખેડૂત,
Hus'band-ry, હઝબંડ્રિ, *n.* tillage. ખેતી, ખેતીવાડી—કામ.
Hush, હશ, *a.* (Ger. *husch*) silent. ચુપાચુપ, શાંત, મૂગું. *vt.* to quiet; appease. ચુપ—છાનું રાખવું; ટાળવું, સમાવવું, મટાડવું, નરમ—ટાઢું પાડવું.
Hush'mon-ey, હશમનિ, *n.* a bribe to induce secrecy. કંઈવાત કરે નહિ કે બહાર ન પાડે તેને માટે આપેલી લાંચ.
Husk, હસ્ક, *n.* (Ger. *huske* a house) covering fruit &c. છોડું, છોતરૂં, છાલ. [હથિયારવાળો—રાખનાર સવાર.
Hus-sar', હૂઝાર, *n.* (Ger.) light horse-soldier. હલકાં
Hus'tle, હસલ, *vt.* (Dut *hutsen* to shake) to push; crowd. હડસેલા મારી કાઢવું; ખૂબ હડસેલા—લી થાય એમ કરવું.
Hut, હટ, *n.* (AS. *hus*) a hovel. ઝુંપડી, છાપરી, પર્ણકુટી.
Hutch, હચ, *n.* (AS. *hwecca*) a box, chest, પેટી.
Huzza, હૂઝા, *n.* *vi.* (Ger. *hussa*) shout in joy. ખુશીનો શબ્દ, વાહવા, શાબાશ; વાહવા બોલવું.
Hy'brid, હાઇબ્રિડ્, *n.* (L. *hybrida* lawless) animal or plant produced from the mixture of two species. વર્ણસંકર પ્રાણી—છોડ.

Hy-drop'-a-thy, હાઈડ્રોપથિ, *n.* (Gr. *hydor* water & *pathos*) the water cure. પાણીથી સારા કરવાનું વૈદું.

Hy-dro-pho'bi-a, હાઈડ્રોફોબિયા, *n.* (Gr. *hydor* & *phobos* dread) canine madness. હડકવાયું.

Hy-dro-stat'ics, હાઈડ્રોસ્ટેટિક્સ, *n.* (Gr. *hydor* & *stao* I make to stand) science of fluids at rest. સ્થિર પાણીનું શાસ્ત્ર. [જન, કીર્તન.

Hymn, હિમ, *n.* (L. *hymnus*) a song of praise. ભ-

Hy-per'bo-le, હાઈપરબોલિ, *n.* (Gr. *hyper* over & *ballo* I throw) exaggeration. અતિશયોક્તિ.

Hyp-o-chon'dri-a, હાઈપોકોન્ડ્રિઆ, *n.* (Gr.) gloomy depression of spirits. ઉદાસી, વિષાદ.

Hy-poc'ri-sy, હાઈપોક્રિસિ, *n.* (Gr. *hypo* under & *krites* a decider) feigning to be what one is not. ઢોંગ, વેષધારીપણું. [રનાર, વેષધારી.

Hyp'o-crite, હિપોક્રિટ, *n.* a dissembler. ઢોંગી, ઢોંગ ક-

Hys-ter'ics, હિસ્ટેરિક્સ, *n.* (Gr. *histiro* the womb) a nervous affection. ચિત્તભ્રમ.

I.

I, આઈ, *pro.* (Sans. *aham*) one's self. હું.

Ice, આઈસ, *n.* (AS. *is*) congealed water. બરફ.

Ice'berg, આઇસબર્ગ, *n.* floating mass of ice. બરફનો તરતો ડુંગર–મ્હોટો ઢગલો. [પેઠે લટકતું બરફ.

Ic'i-cle, આઇસિકલ, *n.* hanging mass of ice. લોલકની

Ich-thy-ol'o-gy, ઇક્થિઑલૉજી, *n.*(Gr. *ichthys* a fish & *logos*)the science of fishes. માછલીની વિદ્યા, મત્સ્યવર્ણન.

I-con'o-clast, આઇકૉનૉક્લૅસ્ટ, *n.* (Gr. *eikon* image & *khao* I break)a breaker of images. મૂર્તિ ખંડન કરનાર.

I-de'a, આઇડિઍ, *n.* (Gr. *idein* to see) mental image, conception, fancy, thought; opinion. કલ્પના, આભાસ, વિચાર, તર્ક; મત.

I-de'al, આઇડિઅલ, *a.* existing in idea, mental; visionary. મનનું, માનસિક, મનોમય; કલ્પિત.

I-den'tic-al, આઇડેંટિકલ, *a.* (L. *idem* the same) the same. તેજ, અભિન્ન, અભેદ, એકરૂપ.

I-den'ti-fy, આઇડેંટિફાઇ, *vt.* to prove to be the same. તે એજ એમ દેખાડવું–ઓળખાણ આપી જણાવું–સાબીત કરવું, એકરૂપ કરવું. [ness of mind. કમ અક્કલ–સમજ, જડબુદ્ધિ.

Id'i-o cy, ઇડિઓસિ, *n.* (Gr. *idios* peculiar) weak-

Id'i-om, ઇડિઅમ, *n.*(Gr. *idios* one's own) a peculiar mode of expression. ભાષારૂઢી–સંપ્રદાય. [મૂર્ખ માણસ.

Id'i-ot, ઇડિઅટ, *n.*(see Idiocy) a natural fool. જન્મનો

I'dle, આઇડલ, *a.* (AS. *idel*) not occupied, trifling, not employed; slothful. નવરાસનું, ફુરસદનું; નકામું, નજીવું, નિરર્થક; નવરૂં, કામવગરનું, નિરૂદ્યોગી, નવપરાતું, નકામું

પડેલું; આળસુ, સુસ્ત. *vt.* to lose time. નવરાસ–આળ-સમાં વખત ખોવો–ગુમાવવો.

I'dle-ness, આઈડ્‌લનેસ, *n.* indolence. આળસ, નિરૂદ્યોગ.

I'dol, આઈડલ, *n.* (Gr. *eido* I see) image; object of love. મૂર્તિ, પૂતળું, દેવ; અતિશય પ્રીતિ–ભક્તિપાત્ર, તનમનધન.

I-dol'a-try, આઈડૉલેટ્રિ, *n.* the worship of idols; excessive attachment. મૂર્તિપૂજા; અતિપ્રીતિ–ભક્તિ.

I'dol-ize, આઈડોલાઈઝ, *vt.* to love to excess. અતિશય પ્રીત રાખવી, દેવજેવું માનવું, તનમનધન દેખવું. [poem. ટુંકી કવિતા.

I'dyl, આઇડિલ, *n.* (Gr. *eidos* image) a short pastoral

If, ઇફ, *con.* (Icel. *efa* to doubt) supposing; whether. જો, અગર; અથવા, કે, અથવા નહિ.

Ig'ne-ous, ઇગ્નિઅસ, *a.* (L. *ignis* fire) consisting of fire. અગ્નિનું–મય–વાળું–સરખું–તુલ્ય, અગ્નિમાંથી નિકળેલું.

Ig-nite, ઇગ્નાઇટ, *vt. i.* to kindle. સળગાવવું, પેટવવું; સળગી ઉઠવું, બળવું, પેટવું, ચેતવું.

Ig-no'ble, ઇગ્નોબલ્, *a.* (L. *in* not & *nobilis* noble) mean, of low birth; worthless. હલકું, નીચ; અકુલિન, કમજાત; નકામું, નજીવું.

Ig'nom-in-y, ઇગ્નોમિનિ, *n.* (*in* not & *nomen* a name) disgrace. અપમાન, અપકીર્તિ, અપજશ, ફજેતી, ગેરઆબરૂ.

Ig'no-rance, ઇગ્નોરન્સ, *n.* (L. *in* not & *gnarus* knowing) want of knowledge. અજ્ઞાન, અણજાણ-પણું, મૂર્ખાઈ. [અજાણ, નાવાકેફ.

Ig'no-rant, ઇગ્નોરંટ, *a.* illiterate. અજ્ઞાન, અણસમજુ,

Ig-nore′, ઇગ્નોર, *vt.* to reject, set aside. ખોટું કે પુરાવા વગરનું કહી કાઢી નાખવું—રદ કરવું, નગણવું, ધ્યાનમાં નલેવું.

Ill, ઇલ્, *a.* (AS. *yvel*) bad; sick; evil, cross. ખરાબ, નઠારૂં, માઠું, આજારી; માઠું, દુ:ખનું, અસભ્ય, તોછડું; ચીડિયું, તામસી. *n.* wickedness; evil, misfortune. દુષ્ટતા, પાપ; સંકટ, આફત. *ad.* not well; not easily. બરોબર—સારૂં નહિ, બેચહેન; મુશ્કેલાઈથી.

Ill′bred, ઇલબ્રેડ, *a.* rude, vulgar. અસભ્ય, બેઅદબ, [ઉદ્ધત, જંગલી.

Il-le′-gal, ઇલલીગલ, *a.* (L. *in* not & legal) contrary to law. કાયદા વિરૂદ્ધ, અશાસ્ત્ર.

Il-leg′i-ble, ઇલલેજબલ, *a.* (L. *in* & *legibilis*) that cannot be read. વંચાય—ઉકલે નહિ એવું.

Il-le-git′i-mate, ઇલલેજીટિમેટ, *a.* (L. *in* & legitimate) born out of wedlock; unlawful. જારકર્મથી પેદા થયલું, રાંડના પેટનું, અનૌરસ; કાયદા વિરૂદ્ધ.

Il-lib′er-al, ઇલલિબરલ, *a.* (L. *in* & liberal) mean; rude; not generous. નીચ મનનું, અસભ્ય; અનુદાર, સાંકડા મનનું.

Il-lic′it, ઇલલિસિટ, *a.* (L. *in* & *licere* to be allowed) unlawful. કાયદાવિરૂદ્ધ, મના કીધેલું, અઘટિત, ગેરવાજબી.

Il-lit′er-ate, ઇલલિટરેટ, *a.* (L. *in* & *litera* a letter) unlettered. અવિદ્વાન, અભણ.

Ill′ness, ઇલનેસ, *n.* (see Ill) sickness. મંદવાડ, બિમારી.

Il-lude′, ઇલલ્યૂડ, *vt.* (L. *in* upon & *ludo* I play) to mock or deceive. ભૂલવવું, ફસાવવું, ઠગવું.

Il-lu'mine, Il-lu'mi-nate, ઇલ્યુમિન,ઇલ્યુમિનેટ, *vt.*(L. *in* in & *lumen* light)to enlighten; light up; adorn. અજવાળું પાડવું, પ્રકાશીત-રોશન કરવું; રોશની-દીવા કરવા; ચિત્રવિચિત્ર કરવું; જ્ઞાન આપવું. [માયા, પ્રપંચ, મોહ, ભૂલ.

Il-lu'sion, ઇલ્યુઝન, *a.* (see Illude) false show, error.

Il-lus'trate, ઇલસ્ટ્રેટ, *vt.* (L. *in up* & *luceo* I shine) to make luminous; explain, make plain; adorn. પ્રકાશિત-ચળકતું કરવું; દાખલો-ઉદાહરણ આપી કહેવું-સમજાવવું; સ્પષ્ટ-ખુલ્લું કરવું; સણગારવું, સુશોભિત કરવું.

Il-lus-tra'tion, ઇલસ્ટ્રેશન, *n.* explanation; picture. સમજુતી, દાખલો, ઉદાહરણ; ચિત્ર.

Il-lus'tri-ous, ઇલસ્ટ્રિઅસ, *n.* eminent.પ્રખ્યાત, નામાંકિત.

Im'age, ઇમેજ, *n.* (L. *imitor* I imitate) likeness; statue, picture; idol; mental conception.જેવુંજ તે, સરખુંજતે; પુતળું, પ્રતિમા; છબી, તસબીર; મૂર્તિ; કલ્પના, ભાસ.

Im-ag'in-a-ry, ઇમૅજનેરિ, *a.* fancied. મનકલ્પિત, અવાસ્તવિક. [નાશક્તિ, ખ્યાલ, વિચાર, જુગતી.

Im-ag-in-a'tion, ઇમૅજનેશન, *n.* scheme in mind. કલ્પ-

Im-ag'ine, ઇમૅજન, *vt. i.* to think; scheme. ધારવું,-નીકલ્પના કરવી; યોજના-યુક્તિ કરવી, યોજવું.

Im'be-cile, ઇમ્બિસીલ, *a.* (L. *in* & *bacillum* a small staff) weak. નબળું, અશક્ત, દુર્બળ, કમઅક્કલ, મંદબુદ્ધિનું.

Im-bed', ઇમ્બેડ્, *vt.* (L. *in* in & bed) to sink or cover. દાટવું, ગાડવું.

Im-bibe′, ઈમ્બાઈબ, *vt.* (L. *in* into & *bibo* I drink) to drink in. પીવું, ચુસીલેવું, શોષવું, મનમાંલેવું-ઉતારવું.

Im-bit′ter, ઈમ્બિટર, *vt.* (L. *im.* to make & bitter) to make bitter or unhappy; intensify. કડવું-દુ:ખી કરવું, થી દુ:ખભરેલું-માં દુ:ખ થવું; વધારે તીવ્ર-ઉગ્ર કરવું, વધારવું. [to steep, soak, wet. ભિંજવવું, પલાળવું.

Im-brue,′ ઈમ્બ્રૂ, *vt.* (L. *in* into & *brul* to brew)

Im-bue′, ઈમ્બ્યૂ, *vt.* (L. *in* & *be* I drink) to dye; to instil. રંગવું; ભરપૂર-ગુણમય કરવું, કેળવવું.

Im′i-tate, ઈમિટેટ, *vt.* (L. *imitor*, like) to follow, copy. અનુસરવું, પ્રમાણે ચાલવું,-ની લઢણ પકડવી, દેખાદેખી કરવી,-ના સરખું થવાનું-જેવું કરવાનું યત્ન કરવો.

Im-i-ta′tion, ઈમિટેશન, *n.* following; copy. લઢણ પકડવી તે, નકલ કરવી તે, દેખાદેખી; નકલ, ઉતારો.

Im-mac′u-late, ઈમૅક્યુલેટ, *a.* (L. *in* not & *macula* spot) spotless. કલંક-દાઘ વગરનું, પવિત્ર, શુદ્ધ, નિર્મળ.

Imm′a-nent. ઈમૅનંટ, *a.* (L. *in* in & *maneo* I remain) inherent. સ્વભાવિક, રહે એવું.

Im-ma-te′ri-al, ઈમમૅટિરિઅલ, *a.* (L. *in* & *materia* matter) unimportant; incorporeal. ચિંતા કરવા જેવું નહિ. અગત્ય જેવુંનહિ,નજીવું, હલકું; અદૈહિક, આત્મિક.

Im-ma-ture′, ઈમમૅટ્યૂર, *a.* (L. *in* & *maturus* ripe) unripe; imperfect. પાકેલું નહિ, કાચું,કુમળું,ખધુરૂં;અપૂર્ણ.

Immeas′ur-able, ઈમમેઝરઅબલ, *a.* incapable of being measured. અમાપ, બેહદ, અનંત.

Im-me'di-ate, ઈમિડિએટ, *a.* (L. *in* & *medius* middle) proximate; instant. પાસેનું, નિકટનું, છેક, નજીકમાં હોય એવું; તરતનું, તત્કાળિક. [તાબડતોબ, તેજ વખતે.
Im-me'di-ate-ly, ઈમિડિએટલિ, *ad.* without delay.
Im-me-mo'ri-al, ઈમમિમોરિઅલ, *a.* (*in* & *memorial*) beyond memory, out of mind. અતિ પ્રાચીન, ઘણુંજ જુનું.
Im-mense', ઈમમેન્સ, *a.* (L. *in* & *metior* I measure) unbounded; very great. અપાર, બેહદ, પારજ નહિ એવું, અગાધ; ઘણું, પુષ્કળ, અત્યંત.
Im-merge', Im-merse', ઈમમર્જ, ઈમમર્સ, *vt.* (L. *in* into & *mergo* I dip) to plunge into; engage deeply. પાણીમાં બોળવું; ગરક–નિમગ્ન થવું.
Im'mi-grate, ઈમિગ્રેટ, *vi.* (L. *in* & *migro* I remove) to remove into a country. જાયુ રહેવા પરદેશમાં આવી રહેવું.
Imm'i-nent, ઈમિનેંટ, *a.* (L. *in* & *mineo* I project) impending. માથે પડતું, હમણાંજ આવી પડે એવું, છેક પાસે આવેલું. [immovableness. અચળતા, સ્થિરતા.
Im-mo-bil'i-ty, ઈમમોબિલિટિ, *n.* (L. *in* & *moveo*)
Im-mod'er-ate, ઈમમૉડરેટ, *a.* (L. *in* *modus* measure) excessive. ઘણુંજ, અતિશય.
Im-mod'est, ઈમમૉડેસ્ટ, *a.* unchaste, indelicate; impudent. વ્યભિચારી; કામી; નિર્લજ, અમર્યાદ, લાજવગરનું.
Imm'o-late, ઈમોલેટ, *vt.* (L. *in* upon *mola* meal) to sacrifice; kill. યજ્ઞ કરવો, મારી નાખવું, નાશ કરવો.

Im-mor'al, ઈમમૉરલ, *a.* (L. *in* & *moris* manner) vicious, wicked. દુરાચરણી, અનીતિવાન, વ્યભિચારી, પાપી, અન્યાયી. [અનીતિ, દુરાચાર, દુષ્કર્મ, અધર્મ, વ્યભિચાર.

Im-mor-al'i-ty, ઈમમૉરૅલિટિ, *n.* depravity, lewdness.

Im-mor'tal, ઈમમૉર્ટલ, *a.* (L. *in* & *mors* death) imperishable. અમર, ચિરંજીવી, મરે નહિ એવું, અક્ષય, અવિનાશી. [પણું—હોવું તે.

Im-mor-tal'i-ty, ઈમમૉરટૅલિટિ, *n.* undying life. અમર-

Im-mov'a-ble, ઈમમૂવઅબલ, *a.* (L. *in* & *moveo*) not to be moved; steadfast; unfeeling. અચળ, સ્થિર; દૃઢ, નિશ્ચયનું; નિર્દય, કઠણ હૈયાનું.

Im-mu'ni-ty, ઈમ્મ્યુનિટિ, *n.* (L. *in* not & *munus* duty) freedom from obligation; peculiar privilege; freedom. માફી, છુટ; છુટ—માફિનો હક; છુટા-રહિત હોવું તે. [shut up. ગોંધવું, પૂરી મૂકવું, કેદ કરવું.

Im-mure', ઇમમ્યૂર, *vt.* (L. *in* & *murus* a wall) to

Im-mu'ta-ble, ઈમમ્યૂટબલ, *a.* (L. *in* & *mutare* to change) unchangeable. જેમાં ફેરફાર થતા નથી એવું, અવિકારી. [છોકરૂં; નહાનો શેતાન.

Imp, ઇમ્પ, *n.* (AS. *impan*) a child; a puny devil.

Im'pact, ઈમ્પૅક્ટ, *vt.* (L. *in* & *pactum* to strike) to drive close. અથડાવું, જોરથી લાગવું.

Im-pair', ઈમ્પેર, *vt.* (L. *en* & *pejor* worse) to make

worse; enfeeble. ઘટાડવું, કમી–ઓછું કરવું, ખરાબ કરવું, બગાડવું; નબળું–કમજોર કરવું.

Im-pale', ઇમ્પેલ, *vt.* (L. *in* against & *palus* a stake) to fix on stake; shut in. સૂળીએ ચઢાવવું; પૂરવું, બંધ કરવું.

Im-pal'pa-ble, ઇમ્પૅલપૅબલ, *a.* (L. *in* & *palpo* I touch) not perceivable by touch. સ્પર્શથી માલમ ન પડે એવું.

Im-pann'el, ઇમ્પૅનેલ, *vt.* (L. *in* & pannel) to enrol a jury. પંચ કે જુરીના માણસોનાં નામ યાદીમાં લખવાં–ની યાદી તૈયાર કરવી.

Im-par'i-ty, ઇમ્પૅરિટિ, *n.* (L. *in* & *par* equal) inequality. અસમતા, ફેર, તફાવત.

Im-part', ઇમ્પાર્ટ, *vt.* (L. *in* & *partio* I share) to give, communicate. આપવું, બક્ષીસ કરવું, જણાવવું, કહેવું.

Im-par'tial, ઇમ્પાર્શિયલ, *a.* unbiased, just. નિષ્પક્ષપાતી, સમદર્શી, અદલ.

Im-pass'a-ble, ઇમ્પૅસૅબલ, *a.* (L. *in* & *passus* a step) that cannot be passed. જેપર–માં થઈને જવાય અવાય નહિ એવું, અગમ્ય, દુર્ગમ.

Im-pass'i-ble, Im-pass'ive, ઇમ્પૅસિબલ, ઇમ્પૅસિવ, *a.* (L. *in* & *patior* I suffer) incapable of suffering, without sensation. સુખદુ:ખ લાગે નહિ એવું, અચેતન, જડ.

Im-pass'ioned, ઇમ્પૅશન્ડ, *a.* strongly affected. જોસ્સામાં આવેલું–એ ભરેલું, આવેશી, અનુરાગી.

Im-pa'tience, ઇમ્પેશન્સ, *n.* uneasiness, restlessness. અધૈર્ય, અધીરાઇ, ઉતાવળ.

Im-pa'tient, ઈમ્પેશન્ટ, n. uneasy, not quiet, hasty. અધીરૂં, અક્ષમ, સાંખવાને રાજી નહિ એવું, ઉતાવળું, ઉત્કંઠિત.

Im-peach', ઈમ્પીચ, vt. (L. *impedico* I fetter) to accuse, charge; bring into question. તોહમત-દોષ-આરોપ મૂકવો; વાજબી-સારૂં નહિ એમ કહેવું-એવી તકરાર લેવી.

Im-peach'ment, ઈમ્પીચમેંટ, n. accusation and prosecution. તોહોમત, દોષારોપ; વાજબી નહિ એમ કહેવું તે.

Im-pecc'a-ble, ઈમ્પેકેબલ, a. (L. *in* & *pecco* I sin) not liable to sin. પાપ કરે નહિ એવું.

Im-pede', ઈમ્પીડ, vt. (L. *in* & *pedis* a foot) to hinder. અટકાવવું, અડચણ કરવી, આડે આવવું.

Im-ped'i-ment, ઈમ્પેડિમેંટ, n. obstruction. અટકાવ, હરકત, વિઘ્ન.

Im-pel', ઈમ્પેલ, vt. (L. *in* & *pello* I drive) to urge forward. આગળ ચલાવવું,-થી જરૂર પડવી.

Im-pend', ઈમ્પેંડ, vi. (L. *in* on & *pendeo* I hang) to menace, threaten. માથાપર આવી પડવું, પડવાની તૈયારીમાં હોવું, પાસે આવી પહોંચવું.

Im-pen'e-tra-ble, ઈમ્પેનિટ્રેબલ, a. (L. *in* & *penitus* inward) that cannot be penetrated; unimpressible. અપ્રવેશ્ય, નિર્લેપ, ભોસી શકાય નહિ એવું; અસરણ થાય એવું, કઠણ, વજ્જેવું, સમજી ન શકાય એવું, ગૂઢ.

Im-pen'i-tence, ઈમ્પેનિટન્સ, n. (L. *in* & *pœnitens*) hardness of heart. અપશ્ચાતાપ, રતું, કઠણ હૈયાનું.

Im-pen'i-tent, ઈમ્પેનિટંટ, a. not sorry. પસ્તાવો નહિ ક-

Im-per'a-tive, ઇમ્પેરેટિવ્, *a.* (L. *impero* I command) expressive of command. આજ્ઞા-હુકમ કરનાર, જરૂરનું.

Im-per-cep'ti-ble, ઇમ્પરસેપ્ટિબલ્, *a.*(L. *in*, *per* & *capio* I take) not to be perceived; very small. ઇન્દ્રિયથી માલમ પડે નહિ એવું, અગોચર, અદૃષ્ય; સૂક્ષ્મ, બારીક.

Im-per'fect, ઇમ્પરફેક્ટ, *a.* (L. *in*, *per* & *facio* I do) not complete; defective. અપૂર્ણ, અધુરૂં; ખોડ-ખામીવાળું, કમી, ઉણું, સદોષ, દોષિત. [દોષ, અપૂર્ણતા, કસર.

Im-per-fec'tion, ઇમ્પરફેક્શન, *n.* defect, blemish. ખોડ,

Im-pe'ri-al, ઇમ્પીરિઅલ, *a.* (See Empire) pertaining to empire, royal. બાદશાહી, રાજકીય.

Im-pe'ri-ous, ઇમ્પીરિઅસ, *a.* arrogant. મગરૂર, મિજાસી.

Im-per'il, ઇમ્પેરિલ, *vt.* (L. *in* & *peritus* practised) to endanger. જોખમ-ભયમાં નાખવું.

Im-per'ish-a-ble, ઇમ્પેરિશેબલ, *a.* (in & *perishable*) not liable to decay or ruin. નાશ ન પામે એવું, અક્ષય.

Im-per'son-al, ઇમ્પર્સનલ, *a.* (L. *in* & *persona*) not varied according to the persons. અકર્તૃક, કર્તાવિનાનું.

Im-per'ti-nence, ઇમ્પર્ટિનેન્સ, *n.* (L. *in*, *per*, & *teneo* I hold) rudeness. બેઅદબી, અસભ્યતા, ઉદ્ધતાઈ.

Im-per'ti-nent, ઇમ્પર્ટિનેંટ, *a.* meddling; rude. અસભ્ય, દાંડ; વિષય-પ્રસંગને લાગતુંનહિ એવું, આડું.

Im-per-turb'a-ble, ઇમ્પરટર્બેઅબલ, *a.* (L. *in* not & *perturbo* I disturb) that cannot be disturbed. અકળાય-ગભરાય નહિ એવું.

Im-per'vi-ous, ઇમ્પરવિઅસ, *a.* (L. *in per & via* a way) impenetrable. અપ્રવેશ્ય, નિર્ભેદ્ય.

Im-pet-u-os'i-ty, ઇમ્પેટ્યુઑસિટિ, *n.* (L. *in & peto* I fall upon) violence. ઝપાટો, જોર, જોસ્સો, ઉતાવળ.

Im-pet'-u-ous, ઇમ્પેટ્યુઅસ, *a.* forcible; passionate. જોર-વેગવાળું,જોરથી જતું-આવતું;આકરું, ઉગ્ર, અધિરૂં,ઉતાવળું.

Im'pe-tus, ઇમ્પિટસ, *n.* force of motion. ગતિ આપનારૂં જોર, વેગ. [ness.દેવ-ધર્મનિંદા, અધર્મ અભક્તિ, પાપ, દુષ્કર્મ.

Im-pi'e-ty,ઇમ્પાયેટિ,*n.*(L. *in & pius* pious) ungodli-

Im'pi-ous,ઇમ્પિઅસ, *a.* ungodly. અધર્મી, પાપી, દેવનિંદક.

Im-pinge', ઇમ્પિંજ, *vt.* (L. *in & pango* I strike) to dash against. અપડાવવું, અફળાવવું, જોરથી લાગવું.

Im-pla'ca-ble, ઇમ્પ્લેકેબલ, *a.* (L. *in & placo* I appease) unrelenting. શાંત થાય નહિ એવું, કઠો, દીર્ઘદ્વેષી.

Im-plant', ઇમ્પ્લૅંટ, *vt.* (L. *in & plantare* to sow) to insert, infix. સ્થાપવું, રોપવું, દૃઢ બેસાડવું.

Im'ple-ment, ઇમ્પ્લિમેંટ, *n.* (L. *in & pleo* fill) a tool. હથિયાર, ઓજાર.

Im'pli-cate, ઇમ્પ્લિકેટ, *vt.* (L. *in & plico* I fold) to involve; connect with. ગુંચવણમાં નાખવું; સામેલ છે એવું બતાવવું.

Im-plic'it, ઇમ્પ્લિસિટ્, *a.* implied; reliant. અનુમાન પરથી માલમ પડેલું, અનુમાન સિદ્ધ; પૂરૂં, પૂર્ણ, નિઃસંશય.

Im-ply,ઇમ્પ્લાઇ,*vt.*to contain by inference; signify. અનુમાનથી દેખાડવું-જણાવવું,-માંથી અર્થ નિકળવો, સિદ્ધ થવું.

Im-plore′, ઇમ્પ્લોર, *vt.* (L. *in* & *ploro* I cry) to ask earnestly. વિનંતિ-કાલાવાલા કરવા, આજીજી કરી માગવું.

Im-pol′i-tic, ઇમ્પૉલિટિક્, *a.* (Gr. *in* & *polis* a city) not wise. શાહાણું નહિ એવું, અવિચારી, અવિવેકી.

Im-pon′de-a-ble, Im-pon′der-ous, ઇમ્પૉંડરેબલ, ઇમ્પૉં-ડરસ, *a.* (L. *in* & *pondus* weight) not having sensible weight. જોખાય નહિ એવું, વજનવગરનું, હલકું.

Im-port′, ઇમ્પોર્ટ, *vt.* (L. *in* & *porto* I carry) to bring from another country; signify; to be of weight to. માલ દેશાવર કે બહારથી આણવો; અર્થ દેખાડવો,-નો અર્થ થવો-હોવો; કામનું-અગત્યનું હોવું.

Im′port, ઇમ્પોર્ટ, *n.* thing imported; meaning; moment. દેશાવરથી આવેલો માલ; અર્થ, ભાવાર્થ, મતલબ, અભિપ્રાય; અગત્ય, વજન, મહત્વ.

Im-port′ance, ઇમ્પૉર્ટન્સ, *n.* consequence; weight. અગત્ય, ઉપયોગ, જરૂરીઆત; વજન; ભારબોજ.

Im-port′ant, ઇમ્પૉર્ટંટ, *a.* momentous; weighty. ઉપયોગી; જરૂરનું, અગત્યનું; ભારે, વજનદાર, ભારબોજવાળું.

Im-port-a′tion, ઇમ્પૉર્ટેશન, *n.* act of importing; commodities imported. બહાર દેશથી લાવવું તે, આયાત; પરદેશથી આણેલો માલ.

Im-port′-u-nate, ઇમ્પૉર્ટ્યુનેટ, *a.* pressing. આગ્રહ-આજીજી ભરેલું, બજીત થઈને-લાંબણું ચાલી બેઠેલું.

Im-por-tune', ઇમ્પૉર્ચ્યૂન, *vt.* to ask unceasingly. કાલાવાલા—અત્યાગ્રહ કર્યા કરવા. [કાલાવાલા, આજીજી.

Im-por-tun'i-ty, ઇમ્પૉર્ચ્યૂનિટિ, *n.* urgency. અત્યાગ્રહ,

Im-pose', ઇમ્પોઝ, *vt.* (L. *in* & *pono* I put) to lay on; deceive. મૂકવું, બેસાડવું, ઘાલવું; ધૂતવું, છેતરવું, ઠગવું.

Im-pos'ing, ઇમ્પોઝિંગ, *a.* dignified; effective. ડોળ-ભભકાદાર; અસરકારક.

Im-po-si'tion, ઇમ્પોઝિશન, *n.* deception; tax; laying on; an extra exercise as a punishment. ઠગાઈ, દગો, પાખંડ; કર, જકાત; મૂકવું—બેસાડવું તે; સજા દાખલ વિદ્યાર્થીને લખી લાવવાનો કે મહોડે તૈયાર કરવાનો પાઠ.

Im-pos'si-ble, ઇમ્પૉસિબલ, *a.* (L. *in* & *possibilis*) that cannot be; impracticable. અશક્ય, બને નહિ એવું; કરી ન શકાય એવું, અસાધ્ય. [tax. જકાત, દાણ, કર.

Im'post, ઇમ્પોસ્ટ, *n.* (L. *in* & *pono*) duty on goods,

Im-pos'tor, ઇમ્પૉસ્ટર, *n.* a deceiver. ઠગ, ધુતારો, ઢોંગી માણસ.

Im-pos'ture, ઇમ્પૉસ્ચર, *n.* imposition. ઢોંગ, દગલબાજી, ઠગાઈ.

Im'po-tence, ઇમ્પોટન્સ, *n.* (L. *in* & *potens* powerful) weakness. નબળાઈ; નામર્દાઈ. [નામર્દ, ઈંદ્રિયવશ.

Im'po-tent, ઇમ્પોટંટ, *a.* weak, feeble. નબળું, નપુંસક,

Im-pov'er-ish, ઇમ્પૉવરિશ, *vt.* (Fr *in* & *povere* poor) to make poor or sterile. ગરિબ—નિર્ધન—ભિખારી કરવું; સત્વ—કસ કાઢી લેવો.

Im-prac'ti-ca-ble, ઇમ્પ્રૅક્ટિકેબલ, *a.* (L. *in* & *practica*-

ble)impossible;unreasonable;impassable. અશક્ય, અસાધ્ય; સમજે નહિ એવું, હઠીલું; જવાય નહિ એવું, અગમ્ય.

Im'pre-cate, ઈમ્પ્રીકેટ, *vt*.(L. *in* & *precare* to pray) to invoke evil on. શાપ દેવો, બદદુવા માગવી, અકલ્યાણ ઈચ્છવું.

Im-preg'na-ble, ઈમ્પ્રેગ્નેબલ, *a*. (L. *in* & *prehendo* I take) not to be taken by force; invincible. હુમલાથી લઈ શકાય નહિ એવું;-ની સામા કોઈનું ચાલે નહિ એવું.

Im-preg'nate, ઈમ્પ્રેગ્નેટ, *vt*. (L. *in*, *pre* & *gigno* I beget) to make pregnant, or fruitful. ગર્ભવંતી-ગાભણી કરવી, ફળવંત કરવું;-વાળું થવું.

Im-press', ઈમ્પ્રેસ, *vt*. (L. *in* & *premo* I press) to print, stamp; fix deep; take by force. છાપ-નિશાન પાડવી-મારવી; ઠસાવવું, ઉતારવું; વેઠે પકડવું. *n*. mark, stamp. છાપ, નિશાની, આકાર, મુદ્રા.

Im-press'ion, ઈમ્પ્રેશન, *n*. mark; influence; effect; remembrance; edition. છાપવું તે, છાપ; ભાસ; અસર, મનમાં વાત ઉતરવી તે; કોઈ સાધનથી થયેલો ફાયદો કે નુકસાન; યાદ, સ્મરણ; આવૃત્તિ. [એવું; અસરકારક, હૃદયભેદક.

Im-press'ive, ઈમ્પ્રેસિવ, *a*. effective. મનમાં ઠસી જાય

Im-print', ઈમ્પ્રિંટ, *vt*. (L. *in* & print) to impress; fix deep. છાપ મારવી-પાડવી; મનમાં ઠસાવવું-ઉતારવું.

Im-pris'on, ઈમ્પ્રિઝન, *vt*. (L. *in* & prison) to put in prison; restrain. કેદકરવું; બંધીખાને નાખવું, અટકાવવું, પૂરવું.

Im-pro'ba-ble, ઈમ્પ્રૉબેબલ, *a*.(L. *in* & *probo* to prove) unlikely. ઘણું કરીને બને નહિ એવું, અસંભવિત.

Im-promp'tu, ઈમ્પ્રોમ્પટ્યૂ, *a. ad.* (L. *in* & *promtus* ready) off-hand, without previous study. અગાઉથી વિચાર કર્યા વગર.

Im-prop'er, ઈમ્પ્રૉપર, *a.* (L. *in* & proper) unbecoming; unadapted. અયોગ્ય, અઘટિત, ગેરવાજબી; લાગુ પડે નહિ એવું, કરવા જેવું નહિ, અકર્તવ્ય. [નાલાયકી, ગેરવાજબીપણું.

Im-pro-pri'e-ty, ઈમ્પ્રોપ્રાયટિ, *n.* unfitness. અયોગ્યતા,

Im-prove', ઈમ્પ્રૂવ, *vt. i.* (L. *in* & *probo* to prove) to make or become better; to turn to good account; rise. સુધારવું, સુધરવું; સારો ઉપયોગ કરવો, સારા કામમાં લેવું, સાર કે શિખામણ કાઢવી; ચઢવું, વધવું.

Im-prove'ment, ઈમ્પ્રૂવમેંટ, *n.* advancement; good use of. સુધારો, ગુણવૃદ્ધિ, ચઢતી; સારો ઉપયોગ.

Im-prov'i-dent, ઈમ્પ્રૉવિડંટ, *a.* (L. *in*, *pro* & *video* to see) not foreseeing. ટૂંકી નજરનું, અલ્પવિચારી, ગાફેલ.

Im-pru'dence, ઈમ્પ્રૂડન્સ, *n.* (L. *in* & *prudens*) indiscretion. અવિચાર, અવિવેક, ગફલત. [વિચારી, અવિવેકી, ગાફેલ.

Im-pru'dent, ઈમ્પ્રૂડંટ, *a.* indiscreet. ડહાપણ નહિ એવું, અ-

Im'pu-dence, ઈમ્પ્યૂડન્સ, *n.* (L. *in* & *pudeo* I am ashamed) effrontery. નિર્લજ્જપણું. [બેઅદબ, બેશરમું, ઉદ્ધત.

Im'pu-dent, ઇમ્પ્યૂડંટ, *a.* shameless, immodest. નિર્લજ્જ,

Im-pugn', ઈમ્પ્યૂન, *vt.* (L. *in* & *pungo* I fight) to assail by words. સામું-વિરૂદ્ધ બોલવું,-ની નાકહેવી, નિષેધ કરવું.

Im'pulse, ઇમ્પલ્સ, *n.* (See impel) force given; in-

fluence; motive. ધક્કો, આચકો, વેગ; પ્રેરણા, ઉત્તેજન, ઉશ્કેરણી; જુસ્સો, આવેશ, પ્રયોજન, હેતુ.

Im-puls'ive, ઈમ્પલ્સિવ, *a.* communicative force; acting from impulse. આચકો મારનાર, ચલાવનારૂં, પ્રેરક; લહેરી, મનસ્વી, મનમોજી.

Im-pu'ni-ty, ઈમ્પ્યૂનિટિ, *n.* (L. *in* & *pœna* punishment) exemption from punishment or injury. શિક્ષા કે દંડની માફી, નુકસાન ન લાગવું તે.

Im-pure', ઈમ્પ્યૂર, *a.* (L. *in* & *purus* pure) unclean, foul; unholy; unchaste. મેલું, ગંદું; નાપાક, અપવિત્ર; છીનાળવું.

Im-pur'i-ty, ઈમ્પ્યૂરિટિ, *n.* foulness. નાપાક-મલીનપણું, મેલ.

Im-pu-ta'tion, ઈમ્પ્યૂટેશન, *n.* (L. *in* & *puto* I think) charge of wrong. આરોપ, દોષ, ઠપકો.

Im-pute', ઈમ્પ્યૂટ, *vt.* to charge upon, attribute. -નો આરોપ મૂકવો, -નું છે એમ માનવું-ઠરાવવું.

In, ઇન, *pre.* (L. AS.) within. મા, અંદર, મધ્યે, એ.

In-a-bil'i-ty. ઈનઍબિલિટિ, *n.* want of power. અશક્તિ, અસામર્થ્ય, ન શકવું-ન આવડવું તે.

In-ac-ces'si-ble, ઈનઍક્સેસિબલ, *a.* (L. *in* & *accessibilis*) out of reach; unobtainable. પહોંચાય-જવાય કે અવાય નહિ એવું, અગમ્ય; મળે નહિ એવું, અલભ્ય.

In-ac'cu-rate, ઈનઍક્યુરેટ, *a.* not exact. અશુદ્ધ, ખોટું.

In-ac'tion, ઈનઍક્શન, *n.* want of action; rest; idleness. નિરૂદ્યોગ, નવરાસ, આરામ; આળસ, સુસ્તી.

In-ac'tive, ઇનઍક્ટિવ્, *a.* idle; at rest. નિરૂદ્યોગી, નવરૂં, આળસુ, સુસ્ત, બંધ, જડ.

In-ad'e-quate, ઇનઍડિક્વેટ, *a.* not equal to the purpose. જોઈએ તેથી ઓછું, અધુરૂં, અયોગ્ય.

In-ad-miss'i-ble, ઇનઍડમિસિબલ્, *a.* (*in* & *admissible*) unallowable. અમાન્ય, અસ્વીકાર્ય, કબૂલ ન રખાય એવું.

In-ad-vert'ent, ઇનઍડવરટંટ, *a.* (L. *in* & *adverto* to turn to) heedless. ધ્યાન ન રાખતું, અસાવધ, ગાફેલ.

In-al'ien-a-ble, ઇનએલયેનેબલ્, *a.* (Fr.) unalienable. બીજાને અપાય નહિ એવું, વશોપભોગ્ય. [ઠાલું, પોકળ, શૂન્ય.

In-ane', ઇનેન, *a.* (L. *inanis*) void, empty. ખાલી,

In-an'i-mate, ઇનઍનિમેટ, *a.* (L. *in* & *animatus*) lifeless. નિર્જીવ, જડ, અચેતન.

In-ap'pli-ca-ble, ઇનઍપ્લિકેબલ્, *a.* not suitable, unfit. લાગુ પડે નહિ એવું, અનુચિત. [અઘટિત.

In-ap-pro'pri-ate, ઇનઍપ્રોપ્રિએટ, *a.* unsuited. અયોગ્ય,

In-ar-tic'u-late, ઇનઆર્ટિક્યુલેટ, *a.* (L. *in* & *articulus* joint) indistinct. સમજાય–સાફ નહિ એવું, અસ્પષ્ટ.

In-as-much', ઈનઍઝમચ, *ad.* Seeing that. એ માટે, એમ છે તેથી. [બેદરકાર, અનાદર.

In-at-ten'tion, ઇનઍટેન્શન, *n.* neglect. અલક્ષ, ગફલત,

In-aud'i-ble, ઇનઑડિબલ્, *a.* that cannot be heard. સંભળાય નહિ એવું.

In-au'gu-rate, ઇનઑગ્યુરેટ, *vt.* (L. *in* & *augurari*) to

consecrate;invest with office. ક્રિયા-વિધિપૂર્વક અધિકાર આપવો–ઉપર સ્થાપવું, અભિષેક કરવો, આરંભવું, ચાલુ કરવું.

In-au-spic'i-ous, ઇનઑસ્પિશિઅસ, *a.* unfortunate, unfavourable. અશુભ, અમંગળ, અપશુકનિયું.

In'born, In'bred, ઇનબૉર્ન, ઇનબ્રેડ, *a.* natural, innate. જન્મનું, સ્વાભાવિક, કુદરતી. [અસંખ્ય, અનંત.

In-cal'cu-la-ble, ઇનકૅલક્યુલેબલ, *a.* countless. અગણિત,

In-can-des'cent, ઇનકૅનડેસંટ, *a.* (L. *in* & *candes* I glow) glowing with heat. અતિગરમ–ઉકળતું.

In-can-ta'tion, ઇનકૅનટેશન, *n.* (L. *in* & *canto* I sing) enchantment; charm. જાદુ, મંતરમંતર; મોહિની.

In-ca'pa-ble, ઇનકેપેબલ, *a.* (L. *in* & *capio* I take) wanting space to contain; wanting strength or mental power; unable to learn or understand. માય–રહે નહિ એવું, મગાડી ન શકે એવું;–થી ન થાય–આવડે નહિ–સમજી ન શકાય એવું.

In-ca-pa'city, ઇનકૅપૅસિટિ, *n.* inability. અશક્તિ, નાલાયકી. [son.) to imprison. કેદ કરવું, બંધીખાને નાખવું.

In-car'cer-ate, ઇનકાર્સરેટ, *vt.* (L. *in* & *carcer* a pri-

In-car'nate, ઇનકાર્નેટ, *a.* (L. *in* & *caro* flesh) clothed with flesh. દેહધારી, અવતારી, સદેહ. [બેફિકર, ગાફેલ.

In-cau'ti-ous, ઇનકૉશિઅસ, *a.* not heedful. અસાવધ,

In-cen'di-a-ry, ઇનસેનડિઅરિ, *n.* (L. *in* & *candere* to glow) a malicious burner; he who foments strife. કપ

ભાવથી આગ લગાડનાર; લડાઈ કરાવનાર, કજીયો સળગાવનાર.
In'cense, ઈન્સેન્સ, *n.* odour of spices. ધૂપ, ત્પગંધ. *vt.* to perfume with incense. ધૂપ દેવો–કરવો. [કરવું.
In-cense', ઈન્સેન્સ, *vt.* to provoke. કોપાયમાન–ક્રોધાયમાન
In-cen'tive, ઈન્સેંટિવ્, *a.* inciting. ઉશ્કેરનાર, ઉત્તેજન આપનાર. *n.* encouragement. ઉત્તેજન, ઉશ્કેરણી
In-cep'tive, ઈન્સેપ્ટિવ્, *a.* (L. *in* & *capio* I take) beginning. આરંભનું, શરૂઆતનું.
In-cer'ti-tude, ઈનસર્ટિટ્યૂડ, *n.* (L. *in* & *certus* certain) uncertainty. અનિશ્ચય, સશંકપણું.
In-cess'ant, ઈન્સેસંટ, *a.* (L. *in* & *cesso* I cease) unceasing, continual. નિરંતર, બંધ ન પડે એવું, ઉપરા ઉપરી.
In'cest, ઈન્સેસ્ટ, *n.* (L. *in* & *castus* chaste) gross unchastity. નિકટ સગાં સાથે સંભોગ, અગમ્યાગમન.
Inch, ઇંચ, *n.* (L. AS. *ince*) 12th part of a foot. એક ફુટનો ૧૨ મો ભાગ, તસુ, ઇંચ. [અધુરૂં, કાચું.
In-cho-ate, ઈન્કોએટ, *a.* (L. *inchoatum*) begun. આરંભેલું,
In'ci-dent, ઈન્સિડેંટ, *n.* (L. *in* & *cado* I fall) occurrence; an episode. બનાવ, બિના; ઉપાખ્યાન, આડકથા. *a.* falling on. પડતું, થતું, લગતું.
In-ci-dent'al, ઈન્સિડેંટલ, *a.* accidental; casual. કોઈવખત-અકસ્માત–અચિંતુ બનેલું; મુખ્ય ન હોય તેવું, ગૌણ, પ્રાસંગિક.
In-cip'i-ent, ઈન્સિપિઅંટ, *a.* See Inceptive. [કાપ, કાપવું તે.
In-cis'ion, ઈન્સિશન, *n.* (L. *in* & *caedo* I cut) a cut.

In-ci'sor, ઇન્સાઇઝર, *n.* a foretooth. આગળનો દાંત.
In-cite', ઇન્સાઇટ, *vt.* (L. *in* & *citare* to rouse) to stir up. ઉશ્કેરવું, ચઢાવવું, શિખવવું. [શ્કેરણી, ઉઠાવણી.
In-cite'ment, ઇન્સાઇટ્મેંટ, *n.* motive for action. ઉ-
In-ci-vil'i-ty, ઇન્સિવિલિટિ, *n.* (L. *in* & *civis* a citizen) impoliteness. અવિનય, અમર્યાદા, બેઅદબીનું કામ.
In-clem'ent, ઇનક્લેમેંટ, *a.* (L. *in* & *clemens* mild) unmerciful; stormy. નિર્દય; તોફાની.
In-cli-na'tion, ઇનક્લિનેશન, *n.* (L. *in* & *clino* I bend) slope; tendency; desire. ઢાળ, ઢોળાવ; વળવું તે, વળણ; મનનું વળણ, ઇચ્છા.
In-cline', ઇન્ક્લાઇન, *vt. i.* to lean; bend; to be disposed. વળવું, મરડાવું; વાળવું, મરડવું; મન થવું, ચહાવું.
In-clude', ઇન્ક્લ્યૂડ, *vt.* (L. *in* & *claudo* I shut) to comprise. સમાવવું, સમાવેશ કરવો, -માં ગણાવું કે આવેલાં હોવું.
In-clu'sive, ઇન્ક્લ્યૂસિવ્, *a.* comprehending. -માં ગણીને, અંદર લીધેલું, સાથે, સહિત, સુદ્ધાં.
In-cog', In-cog'ni-to, ઇન્કૉગ, ઇન્કૉગ્નિટો, *ad.* (L. *in*, *con* & *nosco* I know) in disguise; in private. ઓળખાય નહિ એવે રૂપે, ગુપ્ત વેષે. [nized. ઓળખાય-જણાય નહિ એવું.
In-cogn'iz-a-ble, ઈંકૉગ્નિઝેબલ, *a.* that cannot be recog-
In-co-he'rent, ઇન્કોહીરંટ, *a.* (see cohere) not connected. અળગું, છૂટું; અસંયુક્ત, વિરૂદ્ધ, સંબંધ વિનાનું-ન રાખનારૂં. [burned. બળે-સળગે નહિ એવું.
In-com-bus'ti-ble, ઇન્કૉમ્બસ્ટિબલ, *a.* that cannot be

In'come, ઈન્કમ, *n.* (*in* & come) gain from work, business, &c. આવક, પેદાસ, કમાઈ, ઉપજ, આયપેત.

In-com-men'sur-ate, ઈન્કૉમેનસ્યૂરેટ, *a.* not of equal extent. પ્રમાણમાં ઓછું, બરોબર-જેટલું-તેટલું નહિ.

In-com-mode', ઈન્કૉમોડ, *vt.* (L. *in* & *commodus* convenient) to give trouble to, annoy. -ને અડચણ પાડવી, અવગડમાં નાખવું, ઈજા-તસદી આપવી.

In-com'pa-ra-ble, ઈન્કૉમ્પેરેબલ, *a.* (L. *in*, *con* & *parare* to set) matchless. જેનાજેવું બીજું નહિ એવું, અનુપમ.

In-com'pe-tence, ઈન્કૉમ્પિટન્સ, *n.* (L. *in*, *con* & *peto* to seek) want of means, &c. અશક્તિ, અપૂર્ણતા, અયોગ્યતા. [નાલાયક, અધૂરૂં, અપૂર્ણ, ગેરવાજબી.

In-com'pe-tent, ઈન્કૉમ્પિટંટ, *a.* unfit. કાચું, અયોગ્ય,

In-com-plete', ઈન્કૉમ્પ્લીટ, *a.* (L. *in* & *complere* to fill up) not finished; defective. અપૂર્ણ, અધૂરૂં; ખોડવાળું.

In-com-pre-hen'si-ble, ઈન્કૉમ્પ્રીહેન્સિબલ, *a.* (L. *in*, *con* & *prehendere* to take) not to be understood. સમજાય નહિ એવું, ગૂઢ, દુર્બોધ. [ed. અતર્ક્ય, અચિંત્ય, ગૂઢ.

In-con-ceiv'a-ble, ઈન્કનસીવેબલ, *a.* not to be imagin-

In-con'gru-ous, ઈનકૉંગ્રૂઅસ, *a.* (L. *in* & *congruere* to agree) unsuitable. અયોગ્ય, અયુક્ત, વિરૂદ્ધ.

In-con-sist'ent, ઈન્કનસિસ્ટંટ, *a.* (L. *in*, *con* & *sisto* to stand) incompatible; fickle. અયુક્ત, અસંબંધ, ઉલટું, વિપરીત; ચંચળ-અસ્થિર મનનું.

In-con-so'la-ble, ઈન્કૉન્સોલેબલ્, *a*. (L. *in* & *consolari* to comfort) not to be comforted. શાંત થાયનહિ એવું, શોકમાં ડુબેલું. [fickle. બદલાઇ જાય એવું, અસ્થિર, ચળિત.
In-con'stant, ઈન્કૉન્સ્ટંટ, *a*. (L. *in*, *con* & *stare* to stand)
In-con-test'a-ble ઈન્કૉન્ટેસ્ટેબલ્, *a*. indisputable. નિર્વિવાદ, જે વિષે વાદ થાય નહિ એવું.
In-con-ve'ni-ence, ઈન્કન્વિનિઅન્સ, *n*. (L. *in*, *con* & *venio* to come) that which troubles. અડચણ, નડ, અગવડ-સોઈ-વગ ન હોવો તે. [અડચણવાળું, વગ-સોઈવિનાનું.
In-con-ve'ni-ent, ઈન્કનવિનિઅંટ, *a*. unfit, unsuitable.
In-cor'po-rate, ઈન્કૉરપોરેટ, *vt*. *i*. (L. *in* & *corpus* body) to unite, mix; embody; amalgamate. ભેળી દેવું, એક-સરખું કરવું; શરીરમાં મૂકવું, સાકાર કરવું; જોડવું, મેળવવું.
In-cor-rect', ઈન્કરેક્ટ, *a*. (L. *in*, *con* & *regere* to lead) wrong, not exact. ખોટું, અશુદ્ધ, જુઠું, અસત્ય, ગેરવાજબી.
In-cor'ri-gi-ble, ઈન્કૉરિજિબલ્, *a*. (L. *in* & *corrigo* I correct) beyond correction. સુધરે નહિ એવું, વંઠીગયલું.
In-cor-rupt', ઈન્કૉરપ્ટ, *a*. (L. *in*, *con* & *rumpo* I break) honest, pure. પ્રમાણિક, સુઘડ, નેક; શુદ્ધ, પવિત્ર.
In-cor-rupt'i-ble, ઈન્કૉરપ્ટિબલ્, *a*. that connot decay; not to be bribed. અક્ષય, અવિકારી, બગડે નહિ-લાંચ ન લે એવું. [cay. અવિકાર, અનાશ, અવિકૃતિ.
In-cor-rup'tion, ઈન્કૉરપ્શન, *n*. exemption from de-
In-crease', ઈન્ક્રીઝ, *vi*. (L. *in* & *cresco* I grow) to grow;

augment. વધવું, વૃદ્ધિ થવી, ઉમેરવું. *vt.* to cause to grow; spread; lengthen. વધારવું, ચઢાવવું; ફેલાવવું; લાંબું કરવું.
In'crease, ઇન્ક્રીસ, *n.* growth; profit. વધારો, વૃદ્ધિ; નફો.
In'cre-ment, ઇન્ક્રિમેંટ્, *n.* increase. વધારો, વૃદ્ધિ, ઉપજ.
In-cre'di-ble, ઇન્ક્રેડિબ્લ્, *a.* (L. *credere* to believe) not to be believed. માનવાજોગ નહિ એવું, અવિશ્વાસ્ય.
In-cred'u-lous, ઇન્ક્રેડ્યુલસ, *a.* doubting. તરત ન માને એવું, અશ્રદ્ધાવાન.
In-crim'i-nate, ઇનક્રિમિનેટ, *vt.* (L. *in* & *crimen* a crime) to accuse. તોહમત મૂકવું.
In'cu-bate, ઇન્ક્યુબેટ, *vi.* (L. *in* & *cumbo* I lie down) to brood, sit. ઇંડાને સેવવું.
In'cu-bus, ઇન્ક્યુબસ, *n.* nightmare. ઓથાર, અજીર્ણું થવાથી થયલું સ્વપ્નું.
In-cul'cate, ઇન્કલકેટ, *vt.* (L. *in* & *calco* I tread upon) to impress by teaching. બોધ કરી કરી મનમાં ઠસાવવું.
In-cul'pa-ble, ઇન્કલ્પેબ્લ્, *a.* (L. *in* & *culpa* a fault) unblamable; faultless. નિર્દોષ, નિરઅપરાધી, બેગુનાહ.
In-cul'pate, ઇન્કલપેટ, *vt.* to censure. દોષ-ઠપકો મૂકવો.
In-cum'ben-cy, ઇન્કમ્બનસિ, *n.* (L. *in* & *cumbo* I lie down) holding of office. કર્તવ્ય કામ-વૃત્તિનો ભોગવટો.
In-cum'bent, ઇન્કમ્બંટ *n.* holder of benefice. ધર્મની વૃત્તિ ભોગવનાર, કોઈ જગા કે હોદ્દાપર હોનાર. *a.* resting upon; supported; resting on. ઉપર પડેલું-રહેલું;-નું આશ્રિત-અવલંબિત, સુતેલું; માથે ચોંટેલું-ફરજ દાખલ રહેલું.
In-cur', ઇન્કર, *vt.* (L. *in* & *curro* I run) to be-

come liable to, to bring on. યોગ્ય-લાયક કરવું-થવું;-
પર આણવું, વ્હોરી લેવું. [હુમલો, ચઢાઈ.
In-cur'sion, ઈન્કર્શન, *n.* inroad, invasion. સ્વારી,
In-cur'a-ble, ઈન્ક્યુરેબલ, *a.* (L. *in* & *curo* to cure) that cannot be cured; irremediable. સારૂં ન થાય એવું, અસાધ્ય; નિરૂપાય, બેઈલાજ.
In-debt'ed, ઈન્ડેટેડ, *a.* (L. *in* & *debeo* I owe) being in debt; obliged. દેણદાર, કરજદાર; ઓશિયાળું, આભારી.
In-debt'ed-ness, ઈન્ડેટેડ્નેસ,*n.* being in debt. આભારી-ઓશિયાળાપણું., [modesty. અમર્યાદ-ઉઘાડ-બીભત્સપણું,
In-de'cen-cy, ઈન્ડિસન્સિ, *n.* (L. *in* & *decet*) im-
In-de'cent, ઈન્ડિસંટ, *a.* indelicate. નાગું, ઉઘાડું, ભુંડું.
In-de-ci'sion, ઇંડિસિશન, *n.*(L. *in* & *decidere* to determine) want of decision. અનિશ્ચય, અનિર્ણય, સંદેહ.
In-de-cis'ive, ઈંડિસાઈસિવ, *a.* unsettled; vacillating. નિકાલ-નિર્ણય ન થાય-છેડો ન આવે એવું; ઢચુપચુ, અસ્થિર.
In-de-clin'a-ble, ઈંડિક્લાઈનેબલ, *a.* not varied by terminations. જેને જાતિ, વચન ને વિભક્તિ લાગે નહિ એવું.
In-de-co'rous, ઈંડિકોરસ, *a.* (L. *in* & *decus* honour) violating good manners. અસભ્ય, અયુક્ત,વિનયવિરૂદ્ધ.
In-de-co'rum, ઈંડિકોરમ, *n.* impropriety. અયોગ્ય કામ, અવિનય. [in fact. ખરેખર, ખરેખાત, ખચીત.
In-deed', ઈંડીડ, *ad.* (in & deed) in reality, in truth,
In-de-fat'i-ga-ble, ઈંડિફૅટિગેબલ, *a.*(L. *in*, *de* & *fatigare*

to tire) unwearied. થાકી ન જાય એવું, થાકયાવગર કરેલું.

In-de-feas'i-ble, ઈંડિફીઝિબ્લ, *a.* (F. *in* and *defaire* to undo) incapable of being made void. રદ નહિ થાય એવું, ખંડન કરી ન શકાય એવું.

In-def'i-nite, ઈંડેફિનિટ, *a.* (L. *in*, *de* & *finis* end) not precise. અનિશ્ચિત, અનિયમિત, મોઘમ; બેહદ, બેસુમાર.

In-del'i-ble, ઈંડેલિબ્લ, *a.*(L. *in* & *delere* to blot out) not to be blotted out. જાય-ભૂસાય નહિ એવું.

In-del'i-cate, ઈંડેલિકેટ, *a.* (L. *in* & *deliciæ* delight) immodest. બેશરમ, નિર્લજ્જ, નિર્લાજ્જું.

In-dem'ni-fy, ઈંડેમ્નિફાઇ, *vt.* (L. *in*, *damnum* loss & *facio* I do) to secure against loss; to make good. નુકસાનથી બચાવવું; ભરી આપવું. [ન થવાની જામીનગીરી.

In-dem'ni-ty, ઈંડેમ્નિટિ, *n.* compensation. નુકસાન-શિક્ષા

In-den-ta'tion, ઈંડેંટેશન, *n.* (L. *in*, & *dens* a tooth) notch, jag. ખાંડ, ખાંચખૂચ, ખાંચ. [ખત, લખત.

In-dent'ure, ઈંડેન્ચર, *n.* a deed, covenant. કરારનામું,

In-de-pen'dence, ઈંડેપેંડન્સ, *n.* (L. *in*, *de* & *pendeo* to hang) freedom from control ; competence. સ્વતંત્રતા, સ્વાધીનપણું; પોતાનો ખર્ચ ચલાવવાની શક્તિ, સંપન્નતા.

In-de-pen'dent, ઈંડિપેંડંટ, *a.* self-relying ; not subject to bias; not connected with. સ્વતંત્ર, સ્વાધીન, આપઅખ્તિયાર; સ્વેચ્છાધીન; છુટું, સબંધ વગરનું.

In-de-scrib'-a-ble, ઈંડિસ્ક્રાઇબઅબ્લ, *a.* that cannot be described. અવર્ણનિય, વર્ણન કરાય નહિ એવું.

In·de struct'i-ble, ઈંડિસ્ટ્રક્ટિબલ, *a.* that cannot be destroyed. નાશ થાય નહિ એવું, અક્ષય, અવિનાશી. [મોઘમ,
In-de-term'i-nate, ઈંડિટર્મિનેટ, *a.* indefinite. અનિશ્ચિત,
In'dex, ઈંડેક્સ, *n.* (L. *in* & *dico* I say) something that points; table of contents. દેખાડનાર, દર્શક, સૂચક; હાથ; કાંટો; સાંકળિયું, અનુક્રમણિકા; ઘાતપ્રકાશક.
In'di-an-corn, *n.* ઈંડિઅનકૉર્ન, *n.* maize. મકાઈદાણો.
In'di-an-fig-tree, ઈંડિઅનફિગટ્રી, *n.* cactus. વડનું ઝાડ.
In'di-cate, ઈંડિકેટ, *vt.* (L. *in* & *dico* I say) to show, point out. દેખાડવું, બતાવવું, દેખાવું, જણાવું.
In-di-ca'tion, ઈંડિકેશન, *n.* symptom, token. ચિન્હ, નિશાની, લક્ષણ. [દર્શક, સૂચક, બોધક, નિશ્ચયાર્થ.
In-dic'a-tive, ઈંડિકેટિવ, *a.* pointing out. દેખાડનારૂં,
In-dict', ઈંડાઈટ, *vt.* to charge with crime. વડી જુરીના ઠરાવપરથી તોહોમત મૂકવું. [રિએ લખેલો દોષારોપ પત્ર.
In-dict'ment, ઈંડાઈટમેંટ, *n.* formal charge. વડી જુરી-
In-dif'fer-ent, ઈંડિફરંટ, *a.* (L. *in*, *dis* & *fero* I bear) careless; passable; impartial. બેફિકરૂં, બેદરકાર, નિ-સ્પૃહિ; કામચલાઉ, ઠીક, સાધારણ; સમાન, સરખું, તફાવત વગરનું.
In-dig'en-ous, ઈંડિજિનસ, *a.* (L. *in* & *gigno* I beget) native to a country. દેશી, ગામથી. [needy. ગરીબ, કંગાળ.
In'di-gent, ઈંડિજંટ, *a.* (L. *in*, & *egeo* to need) poor,
In-di-gest'i-ble, ઈંડાઈજેસ્ટિબલ, *a.* (L. *in*, *dis*, & *gerere* to bear) not digestible; not to be borne pa-

tiently. નપચે એવું, ભારે, અજીર્ણકારક; સાંખી ન શકાય એવું.
In-di-gest'ion, ઈંડિજેસ્શન, *n.* dyspepsia.અજીર્ણ, અપચો.
In-dig'nant,ઈંડિગ્નંટ,*a.*(L.*in*&*dignus* worthy)angry. ગુસ્સે થયલું,ક્રોધાયમાન. [અનાદર–અપમાન–તિરસ્કાર, અવજ્ઞા.
In-dig'ni-ty,ઈંડિગ્નિટિ, *n.* injury with insult. અયોગ્ય
In'di-go, ઈંડિગો, *n.* (L. *indicum* from India) indian-blue. ગળી, ગુલી.
In-dis-creet', ઈંડિસ્ક્રીટ, *a.* (L. *in*, *dis* & *cerno* to separate) injudicious.અવિચારી, અવિવેકી. [ર, અવિવેક.
In-dis-cre'tion,ઈંડિસ્ક્રેશન,*n.*folly,imprudence.અવિચા-
In-dis-pens'a-ble, ઈંડિસ્પેન્સેબલ, *a.* (L. *in*, *dis* & *pendo* to weigh) necessary. ઘણું જરૂરનું, અગત્યનું.
In-dis-po-si'tion, ઈંડિસ્પોઝિશન, *n.* (L. *in*, *dis* & *pono* to put) want of will; disorder. અપ્રીતિ, નાખુશી, અરૂચી, કંટાળો; માંદગી, વિકાર, કસર.
In-dis'put-a-ble, ઈંડિસ્પ્યૂટેબલ, *a.* (L. *in*, *dis* & *puto* to think)unquestionable.તકરાર–વાંધાવગરનું, નિર્વિવાદ.
In-dis'sol-u-ble, ઈંડિસોલ્યુબલ, *a.* (L. *in*, *dis* & *solvere* to loose) not capable of being melted; binding, obligatory.પિગળે નહિં એવું;તોડાય-ભંગાય નહિ એવું,અભંગ.
In-dis-tinct',ઈંડિસ્ટિંક્ટ,*a.*(L. *in*,*dis* &*tinctus* marked off)confused; obscure; faint. અભિન્ન, અસ્પષ્ટ; ઝાંખું.
In-dite', ઈંડાઈટ, *vt.* (L. *in* & *dico* I say) to compose, write; dictate. બનાવવું, રચવું; બોલીને લખાવવું.

In-di-vid'u-al, ઈંડિવિડયુઅલ, *n.* (L. *in* & *divido*) a single person. જણ, માણસ, આસામી. *a.* one; single. અમુક, એક, એકલાનું, એકનું.

In-doc'ile, ઈંડૉસિલ, *a.* (L. *in* & *docere* to teach) not teachable. શિખે નહિ એવું, અશિક્ષ્ય.

In'do-lence, ઈંડોલન્સ, *n.* (L. *in* & *dolere* to feel pain) slothfulness. આળસ, સુસ્તી.

In'do-lent, ઈંડોલંટ, *a.* lazy, slothful. આળસુ, સુસ્ત, મંદબુદ્ધિનું, જડ.

In-dom'it-a-ble, ઈંડૉમિટેબ્લ, *a.* (L. *in* not & *domo* I tame) untamable. જીતાય-વશ થાય નહિ એવું, અજીત્ય.

In-dorse', ઈંડૉર્સ, *vt.* (L. *in* & *dorsum* the back) to write on the back of. હુંડી વગેરે ની પાછળ સહી કરી સીકારવું, કબૂલ-માન્ય કરવું.

In-dub'it-a-ble, ઈંડયુબિટેબ્લ, *a.* (L. *in* & *dubito* I doubt) undoubted, plain. ખચીત, નક્કી.

In-duce', ઈંડ્યૂસ, *vt.* (L. *in* & *duco* I lead) to persuade, incite; cause. મન થાય તેવું કરવું, સમજાવવું, મન ફેરવવું ઉશ્કેરવું; ઉત્પન્ન કરવું,-થી આવવું-થવું.

In-duce'ment, ઈંડ્યૂસમેંટ, *n.* motive. લાલચ, મતલબ, કારણ.

In-due', ઈંડ્યૂ, *vt.* (L. *en* & *ducin* to enter) to invest, to furnish. આપવું, દેવું.

In-dulge', ઈંડલ્જ, *vt.* (L. *in* & *dulcis* kind) to gratify, humour; permit; enjoy. પુરૂં પાડવું, તૃપ્ત કરવું; લાડ લડાવવાં, ખુશ કરવું; કરવા દેવું, રજા-છુટ આપવી, મના ન કરવી; મરજી મુજબ-મનમાં આવે એમ ભોગ કરવો.

In-dul'gence, ઈંડલ્જન્સ, *n.* favour granted. મહેરબાની, લાડ, બક્ષીસ, પ્રસાદ, મરજી મુજબ ભોગ, રજા, છૂટ.
In-dul'gent, ઈંડલ્જંટ, *a.* compliant; mild. લાડ લડાવનાર, કોડ પૂરા પાડનાર; માયાળુ, દયાળુ, ક્ષમાશીલ.
In'du-rate, ઈંડ્યુરેટ, *vi. t.* (L. *in* & *durus* hard) to harden. કઠણ થવું; મન કઠણ-નિર્દય કરવું.
In-dus'tri-ous, ઈંડસ્ટ્રિઅસ, *a.* (L. *in* & *struo* I pile up) diligent. ઉદ્યોગી, મહેનતુ. [મહેનત, પરિશ્રમ.
In'dus-try, ઈંડસ્ટ્રિ, *n.* diligence, assiduity. ઉદ્યોગ,
In-e'bri-ate, ઈનઈબ્રિએટ, *vt.* (L. *in* & *ebrius* drunk) to intoxicate; stupify. કેફી-છાકટું કરવું;-થી બેશુદ્ધ થવું. *n.* a drunkard. છાકટું-દારૂબાજ માણસ.
In-ef'fa-ble, ઈનએફેબલ્, *a.* (L. *in* & *effari* to speak) unspeakable. કહેવાય-વર્ણાય નહિ એવું.
In-ef-fect'ive, In-ef-fec'tu-al, ઈનએફેક્ટિવ, ઈનએફેક્ચુઅલ, *a.* (L. *in*, *e* & *facio* to do) useless, in vain, weak. વ્યર્થ, નિરૂપયોગી; અશક્ત. [નિરૂપયોગ.
In-ef'fi-ca-cy, ઈનએફિકસિ, *n.* want of power. નિષ્ફળતા,
In-ef'fi-ci-ent, ઈનએફિશિઅંટ, *a.* not active or efficacious. નિરર્થક, ગુણકારી નહિ એવું, અશક્ત.
In-el'i-gi-ble, ઈનએલિજિબલ્, *a.* (L. *in*, *e* & *lego* I choose) unfit, unworthy. પસંદ પડવાને અયોગ્ય, નાલાયક. [less. અયોગ્ય; બેવકૂફ.
In-ept', ઈનએપ્ત, *a.* (L. *in* & *aptus* apt) unfit, use-

In-ert′, ઈનઅર્ટ, *a.* (L. *in* & *arts* art) sluggish, slow to act; motionless. સુસ્ત, મંદ બુદ્ધિનું; જડ, અચેતન.

In-er′ti-a, ઈનરશિઆ, *n.* inactivity. જે ગુણથી પદાર્થ સ્થિર કે ગતિવાળી જે દશામાં હોય તેજ દશામાં તે રહે તે ગુણ, જડત્વ, અચેતનતા. [I value) invaluable. અસંખ્ય; અમુલ્ય.

In-es′tim-a-ble, ઈનએસ્ટિમઅબ્લ, *a.* (L. *in* & *æstimo*

In-ev′i-ta-ble, ઈનએવિટેબ્લ, *a.* (L. *in*, *e* & *vito* I avoid) unavoidable. દૂર કરાય નહિ એવું, અટળ, અનિવાર્ય.

In-ex-act′, ઈનએગ્ઝેક્ટ, *a.* (L. *in*, *ex* & *ago* I drive) incorrect. ભૂલ ભરેલું.

Lu'na-tic, લ્યુનૅટિક, *a.* insane. ગાંડું, ઘેલું, દિવાનું. *n.* madman. ઘેલું માણસ. [ભોજન.

Lunch,લંચ,*n.*light meal.કાચુંકોરૂં, નાશ્તા ને ખાનાની વચ્ચેનું

Lung, લંગ, *n.*(AS.*lunge*) organ of breathing. ફેફસું.

Lurch, લર્ચ, *n.* (W. *llerch* a frisk) roll of a ship; forlorn position. ઝોક, કળવક; નિરાધાર સ્થિતિ-જગા.

Lure, લ્યૂર, *n.* (Fr. *leurre* a decoy) snare. લોભાવનાર પદાર્થ, લાલચ. *vt.* to entice. લલચાવવું, લોભાવવું.

Lu'rid, લ્યુરિડ, *a.* (L. *luridus*) gloomy, ghastly. કાળું, પાંડુર, છેક ફિકકું, શબવર્ણું.

Lurk,લર્ક,*vi.* (W.*llercian* to loiter) to lie hid; keep out of sight. સંતાઈ-છુપાઈ રહેવું; ભરાતાં-નહાસતાં ફરવું.

Lusc'i-ous, લશિઅસ, *a.* (Ar. *laziz* sweet) sweet so as to cloy; fulsome. અત્યંત ગળ્યું, પરમસ્વાદિષ્ટ; કંટાળો લાગે-આવે એવું.

Lust, લસ્ટ, *n.* (Sans. *lash* to desire) carnal appetite; longing desire; evil propensity. કામ, મદન; વિષયવાસના; લોભ, તૃષ્ણા; દુર્વાસના, દુર્બુદ્ધિ. *vi.* to desire intensely. હવસ લાગવો; દુર્વાસના રાખવી; કામબુદ્ધિ થવી.

Lus'tre, લસ્ટર, *n.* (L. *luceo* I shine) brightness. તેજ, ઝળકાટ; કીર્તિ, વિખ્યાતિ, નામ.
Lus'trous, લસ્ટ્રસ, *a.* bright, shining. તેજસ્વી, કાંતિમાન.
Lust'y, લસ્ટિ, *a.* (Icel. *liosta* to strike) stout, healthful. જુવાન જોધ જેવું, શરીરે દૃઢ.
Lute, લ્યૂટ, *n.* (Ger. *lauten* to sound) a musical instrument. એકવાદિત્ર, વીણા.
Lux-u'ri-ance, લક્સુરિઅન્સ, *n.* (L. *luxus* excess) rank growth, exuberance. જોરમાં ને પુષ્કળ ખીલી રહેવું તે, અતિશ્ય વૃદ્ધિ. [ભરભાર, ફેંઘટ, પૂરજોરપર ખીલી રહેલું.
Lux-u'ri-ant, લક્સુરિઅંટ, *a.* exuberant in growth.
Lux-u'ri-ate, લક્સુરિએટ, *vi.* to grow to excess; indulge in; enjoy greatly. પૂર જોરમાં ઉગવું—ખીલી રહેવું ; ઘણા શોખથી ખાવું; કોઈ બાબત વર્ણન કરવામાં અતિ આનંદ પામવો.
Lux'u-ry, લક્ષરિ, *n.* excess in eating or dress; any object of enjoyment; a dainty. ખાનપાન તથા લુગડાં ઘરેણાના વૈભવમાં તલ્લીન રહેવું તે ; સુખસાધન—સાહીત્ય, વૈભવનો પદાર્થ—વિષય; મિષ્ટાન્ન.
Lye, લાઇ, *n.* (L. *lix* ashes) water containing alkali. લાકડાની રાખના ક્ષારના અંશવાળું પાણી, ખાર, ક્ષારોદક.
Ly'ing, લાઇંગ, *n.* (from *lie*) telling lies. અસત્ય ભાષણ. *a.* untruthful. જુઠું બોલનાર.
Lymph, લિમ્ફ, *n.* (L. *lympha*) a colourless animal fluid. પ્રાણીના શરીરમાંનું પાણી, જળભાગ. [પ્રકારનું વાદિત્ર.
Lyre, લાઇર, *n.* (L. *lyree*) an instrument of music. એક

M.

Mab, મેબ્, *n.* (W. *maban* a babe) queen of the fairies. પરીજાદી, પરીની રાણી.

Mace, મેસ, *n.* (Fr. *masse*) an ensign of authority; a heavy club. છડી, ચોબ, દંડ, લાકડી; સોટો, ગદા, દંડૂકો. (L. *macir*) a spice. જાવંત્રી, જાયપત્રી.

Mac'er-ate, મેસરેટ્, *vt.* (L. *marceo* I waste away) to make lean; steep to soften. નબળું–પાતળું–દેહકષ્ટ કરવું; ઓગળીજવા જેવું થાય ત્યાંસુધી પલાળવું–બોળી રાખવું.

Mach'i-nate, મેકિનેટ, *vt.* (Gr. *mechos* means) to plot, contrive. ઘડવું, રચવું, ઉઠાવવું, ઉભું કરવું.

Mach-in-a'tion, મેકિનેશન, *n.* a malicious scheme. તર્કટ, કુયોજના, કુયુક્તિ, કુભાંડ, ઘાટ. [force. યંત્ર, સંચો.

Ma-chine', મશીન, *n.* an engine, instrument of

Ma-chin'er-y, મેશીનરિ, *n.* works of a machine; machines collectively. સંચાકામ, યંત્રસાહિત્ય; યંત્રો; સાધનો.

Mad, મેડ્, *a.* (It. *matto* silly) insane; enraged. ગાંડું, ઘેલું; ખિજવાયલું. [woman. બાઈ સાહેબ, શેઠાણી, બાઈ.

Mad'am, મેડમ, *n.* (Fr. *ma* & *dame*) address to a

Mad'den, મેડન, *vt. i.* to make or become mad. ઘેલું–દિવાનું કરવું–થવું. [ગાંડાઈ.

Mad'ness, મેડ્નેસ, *n.* insanity; folly. ઘેલા–દિવાનાપણું;

Mag-a-zine', મેગેઝીન, *n.* (Fr. *magasin*) a store house; a pamphlet. કોઠાર, વખાર; ચોપાનીયું.

Mag'got, મૅગટ, *n.* (W. *magu* to breed) a grub; whim. ઈયળ, જીવડો; તોર, ફાંટો.

Mag'ic, મૅજિક્,*n.* (Gr. *magos* a priest) enchantment. જાદુ, મંતરમંતર, મેલીવિદ્યા. [મંતરમંતર જાણનાર.

Ma-gic'i-an, મૅજીશિયન, *n.* one skilled in magic. જાદુગર,

Mag'is-trate, મૅજીસ્ટ્રેટ, *n.* (L. *magister* a master) justice of the peace. ફોજદારી અમલદાર, ન્યાયાધીશ.

Mag-nan'i-mous, મૅગનૅનિમસ, *a.* (L. *magnus* great & *animus* mind) great in mind. મહોટા-ઉદાર મનનું, સખી.

Mag'nate, મૅગનેટ, *n.* (L. *magnus*) a person of rank. મહોટી પદવીનું માણસ, અમીર, ઉમરાવ. [લોહચુંબક.

Mag'net, મૅગનેટ્, *n.* (Gr. *magnes*) the load-stone.

Mag-nif'i-cence, મૅગ્નિફિસન્સ, *n.* (L. *magnus* great & *facio* I do) grandeur. શોભા, ભપકો, ઠાઠમાઠ. [ભભકાદાર.

Mag-nif'i-cent, મૅગ્નિફિસંટ, *a.* grand to see. શોભાયમાન,

Mag'nify, મૅગ્નિફાઈ, *vt.* to make great; extol. મહોટું કરવું, હોય તે કરતાં મહોટું દેખાડવું; વખાણવું, સ્તુતિ-વર્ણન કરવું.

Mag'ni-tude, મૅગ્નિટ્યૂડ, *n.* greatness of size or importance. લંબાઈ પહોળાઈ ને જાડાઈ, પ્રમાણ, કદ, વજન, મહોટાપણું.

Maid', Maid'en, મેડ, મેડ્ન, *n.* (AS. *mæden*) a virgin; a servant girl. કુંવારી-નહિ પરણેલી છોકરી-સ્ત્રી, કન્યા, કુમારીકા; દાસી, ચાકરડી. *a.* unused, now. નહિ વાપરેલું, નવું.

Mail, મેલ, *n.* (Fr. *maille*) an armour. કવચ, બખતર. (Gael. *mala* a sack) conveyance by post. ડાગ, ટપાલ.

Maim, મેમ, *vt.* (L. *mancus* infirm) to disable. ખોડું-લુલું-લંગડું કરવું. *n.* lameness, injury. ખોડ, ખાંપણ, લુલાપણું.
Main, મેન, *a.* (Ger. *megin* strength) principal, important; vast. મુખ્ય, મહોટું, ઘણું, જબરૂં; વિશાળ. *n.* strength; the greater part; the ocean. બળ, જોર; મહોટો-મુખ્યભાગ; મહાસાગર. [ખંડ, ભૂખંડ.
Main'land, મેનલૅંડ, *n.* a continent. ટાપુશિવાયનો શુદ્ધ
Main'ly, મેનલિ, *ad.* chiefly. મુખ્યત્વે-ઘણું કરીને.
Main-tain', મેનટેન, *vt.* (L. *manus* a hand & *teneo* I hold) to keep up, preserve; uphold; support; justify, defend; assert, affirm. હોયતેમ-તેટલું રાખવું, ઓછું થવા-ઘટવા નદેવું, ટેકો આપવો; છોડવું-પરથી ખસવું નહિ, સાચવી-ચાલુ-જારી રાખવું; પાલણપોષણ કરવું, ગુજરાન ચલાવવું; વાજબીછે એમ સાબિત કરી આપવું; નિશ્ચયપૂર્વક કહેવું.
Main'ten-ance, મેન્ટેનન્સ, *n.* sustenance. ગુજરાન, રક્ષણ.
Maize, મેઝ, *n.* (Fr. *majis*) Indian corn. મકાઈ.
Ma-jes'tic, મૅજેસ્ટિક્, *a.* (L. *magnus* great) stately, grand. રાજયોગ્ય-તુલ્ય, મોટું, ભપકા-ડોળદાર, પ્રતાપી, મહોટું.
Maj'es-ty, મૅજેસ્ટિ, *n.* dignity; title of a monarch. ગાંભિર્ય, મહોટાપણું, પ્રૌઢતા; મહારાજ, રાજાધિરાજ.
Ma'jor, મેજર, *n.* (L.) an officer above captain. લશ્કરી કેપટનથી ચઢતો અમલદાર. *a.* greater; elder. ઘણું, મહોટું.
Ma-jor'i-ty, મૅજૉરિટિ, *n.* greater number; full age. ઘણો-મહોટોભાગ, અર્ધા કરતાં વધારે; યોગ્યવય, લાયક ઉમર.

Make, મેક, *vt.* (Dut. *maken*) to compel; form; create; constitute, compose; effect, prepare, accomplish; produce, procure; gain; arrive in sight of, reach; advance; represent; induce; fabricate. જબરદસ્તીથી કરાવવું, ફરજ પાડવી; ઘડવું, બનાવવું; ઉત્પન્ન-પેદા કરવું; થવું, હોવું, બનવું; કરવું;-પી થવું, મળવું; કમાવું, રળવું, પેદા કરવું; જોવું,-ને દેખાવું,-ની નજરે પડવું, પહોંચવું; અગાડી જવું-ચાલવું; ગણવું, કહેવું, માનવું;-થી મન થવું; બનાવટ કરવી. *n.* form; structure. ઘાટ, બાંધો, બનતર.

Make'-be-lieve, મેકબિલીવ, *n.* sham. માત્ર બહાનું.

Mak'er, મેકર, *n.* the Creator; author. સૃષ્ટિકર્તા; કરનાર, બનાવનાર. [કામચલાઉ રસ્તો-સાધન.

Make'shift, મેકશિફ્ટ, *n.* a temporary substitute.

Make'weight, મેકવેઈટ, *n.* what assists to make up a required weight. તાજવાનો ધડો. [વ્યાધી.

Mal'a-dy, મૅલડિ, *n.* (L. *malus* bad) sickness. રોગ,

Mal-ad-min-is-tra'tion, મૅલઍડમિનિસ્ટ્રેશન, *n.* a bad management of affairs. અંધેર, અવ્યવસ્થા. [એવી હવા.

Ma-la'ri-a, મૅલેરિયા, *n.* noxious exhalation. રોગ ઉત્પન્ન કરે

Mal'con-tent, મૅલકન્ટેંટ, *n.* (F. *male* ill & content) one who is dissatisfied. રાજ્યથી નાખુશ થયલી મજા.

Male, મેલ, *n.a.* (L. *maris*) of sex that begets young. પુરૂષ, નર; નરજાતિનું. [say) curse. શાપ, બદદુવા.

Mal-e-dic'-tion, મૅલિડિક્શન, *n.* (L. *male* ill & *dico* I

Mal-e-fac'tor, મૅલિફૅક્ટર, *n.* (L. *male* & *facio* I do) evil doer. ગુન્હેગાર, અપરાધી, અન્યાયી માણસ.
Mal-ev'o-lent, મૅલિવોલંટ, *a.* (L. *male* & *volo* I wish) ill-disposed. અહિતેચ્છુ, પારકાનું નઠારૂં ચહાનાર.
Mal'ice, મૅલિસ્ *n.* (L. *malus* bad) enmity of heart. દુષ્ટ—દ્વેષબુદ્ધિ—ભાવ, કિનો, વેરભાવ, ખાર, અદાવત. [ખોર.
Ma-li-ci'-ous, મૅલિશસ, *a.* spiteful. દ્વેષી, ખારીલું, કિના-
Ma-lign', મૅલાઈન, *a.* (L. *malus* & *genus* kind) malicious; pernicious. અદેખું, દ્વેષી; નુકસાન—દુ:ખકારક. *vt.* to defame.—ની આબરૂ,—નું લેવી અપમાન કરવું. [જીવ લે એવું,
Ma-lig'nant, મૅલિગ્નંટ, *a.* malicious; dangerous to life.
Mall, મૉલ, *n.* (Fr. *mail*) a kind of hammer; a public walk. હથોડો—ડી, ડાંગ, સોટો; મેદાન. *vt.* to beat. છુંદવું, ખાંડવું, કુટવું. [can be beaten out. ટીપાય એવું, ઠોકયાથી વધે એવું.
Mal'le-a-ble, મૅલિઅબલ, *a.* (L. *malleus* hammer) that
Mal'let, મૅલિટ્, *n.* a wooden hammer. લાકડાનો હથોડો—મોગરી. [tice) evil practice. નઠારી—અયોગ્ય ચાલ—રીત.
Mal-prac'tice, મૅલપ્રૅક્ટિસ, *n.* (L. *malus* bad & prac-
Malt, મોલ્ટ, *n.* (AS. *mealt*) barley steeped & dried. પલાળી ફણગાવેલા જવ. [abuse. દુ:ખદેવું, હેરાન કરવું, મારવું.
Mal-treat', મૅલટ્રીટ, *vt.* (L. *male* ill & treat) to treat ill;
Mal-ver-sa'tion, મૅલવરસેશન, *n.* (L. *malus* & *versor* I believe) evil conduct. અયોગ્ય—દુષ્ટ ચાલ.
Mam'ma, મૅમા, *n.* (L. the breast) mother. મા, બા, બાબા.

Mam'mal, મૅમલ, *n.* an animal that suckles young. આંચળવાળાં-બચ્ચાંને ધવારનાર પ્રાણી.[riches. દોલત,ધનેશ્વર.
Mam'mon, મૅમન, *n.* (L. *mammona*) wealth; the god of
Man, મૅન, *n.* (AS.) a human being; a male person. માણસ, મનુષ્ય; પુરૂષ, નર. *vt.* to furnish with men. માણસ પૂરાં પાડવાં. [બેડી.*vt.* to shackle.હાથે બેડી ઘાલવી.
Man'a-cle, મૅનકલ, *n.* (L. *manus* hand) shackles.હાથની
Man'age, મૅનેજ, *vt.* to conduct; train; govern; wield. ચલાવવું,વહિવટ–કારભાર કરવો;કેળવવું,શિખવવું;હુકમ–તાબામાં રાખવું, અધિકાર–સત્તા ચલાવવી; ચાહે–જેઈએ તેમ ફેરવવું.
Man'age-ment, મૅનેજમેંટ, *n.* carrying on, conduct; contrivance.વહિવટ, કારભાર,ઉપરીપણું, બંદોબસ્ત; યુક્તિ.
Man'a-ger, મૅનેજર, *n.* a conductor ; an economist. કારભારી, વહિવટદાર, મુનીમ ; કરકસરથી કામ ચલાવનાર.
Man'date, મૅનડેટ, *n.* (L. *mando* I order) a command, an order. આજ્ઞા, હુકમ. [of a beast. યાળ, અયાલ.
Mane, મેન. *n.* (Icel. *mon*) long hair on the neck
Man'ful, મૅનફુલ, *a.* (AS.) courageous. હિંમતવાન, બહાદુર.
Mange, મેન્જ, *n.* (Fr. *manger* to eat) itch in cattle. ઢોરને થતી ખુજલી. [ચારો નિરવાની જગા, ગભાણ, ગમાણ.
Man'ger, મેનજર, *n.* feeding trough for cattle. ઢોરને
Mang'le, મૅંગલ, *n.* (Ger. *mangel* a calender) a machine for smoothing linen. લૂગડાં કુંદી કરવાનું યંત્ર. *vt.* to smooth linen. લૂગડાંને કુંદી કરવી.[તોડી નાખવું,વાંકુંચૂંકું કાપવું.
Mang'le, મૅંગલ, *vt.* (Icel. *minka* to lessen) to tear. ફાડી–

Man'hood, મૅનહુડ, *n.* (AS.) maturity in man. માણસ-પણું, માણસાઈ, જુવાની; હિંમત, પુરૂષાર્થ.

Ma'ni-a, મેનિયા, *n.* (L.) madness, infatuation. ઘેલા-ગાંડા-દિવાનાપણું, ઘેલછા. [*n.*a madman.દિવાનું માણસ.

Ma'ni-ac, મેનિઍક, *a.* raving with madness.ઘેલું,દિવાનું.

Man'i-fest, મૅનિફેસ્ટ, *a.* (L. *manifestus*) clear, evident, plain. સાફ, સ્પષ્ટ, ખુલ્લું, ઉઘાડું. *n.* an invoice of cargo. માલનું ભરતિયું-યાદિ-નોંધ, સતમી.*vt.* to make known. ખુલ્લું કરવું, બતાવવું, દર્શાવવું. [બનું જાહેરનામું.

Man-i-fest'o, મૅનિફેસ્ટો, *n.* a public declaration. રા-

Man'i-fold, મૅનિફોલ્ડ, *a.* (many & fold) many, numerous. ઘણું, પુષ્કળ, ઘણી જાતના, અનેકરૂપ.

Ma-nip'u-late, મૅનિપ્યુલેટ, *vt.* (L. *manus* & *pleo* I fill) to work with the hands. હાથથી કરવું-ફેરવવું.

Man'kind, મૅનકાઈન્ડ, *n.* (AS.) human race. મનુષ્યજાત.

Man'ly, મૅનલિ, *a.* noble; brave. માણસયોગ્ય-જેવું; શૂરૂં.

Man'ner, મૅનર, *n.* way; habit; sort; certain degree; mien.રીત,તરેહ; ચાલ,ટેવ;જાત, પ્રકાર; કંઈ-કેટલેક દરજ્જે; ડોળ, મ્હો. *pl.* civility, deportment. સભ્યતા; વર્તણુક.

Ma-nœu'vre, મૅનૂવર, *n.* (L. *manus* & *opera*) military movement; trick. કવાયત, વ્યૂહ; યુક્તિ, દાવપેચ.

Man'or, મૅનોર, *n.* (L. *manere* to dwell) a lord's estate. અમીર-સરદાર-ઉમરાઈની જમીન, જાગીર, વતન.

Man'sion, મૅનશન, *n.* a large house. હવેલી, મહેલ.

Man'slaugh-ter,મૅનસ્લૉટર,*n.*killing without malice. મનુષ્યહત્યા–વધ.

Man'tle, મૅન્ટલ, *n.* (AS. *mentel*) a loose cloak. જરૂભો. *vt.* to cover. ઢાંકવું, સંતાડવું. *vi.* to spread; to revel; to gather over the surface.ફેલાવું, ફેલાઈ-જવું; મોજમાં લીન થવું;–પર પથરાવું–આચ્છવું.

Man'u-al,મૅન્યુઅલ,*a.* (L. *manus* the hand) done by hand. હાથવડું, હાથે કીધેલું. *n.* a treatise. લઘુગ્રંથ–પુસ્તક.

Man-u-fact'or-y, મૅન્યુફૅક્ટરિ, *n.* (L. *manus* & *facio*) a place where goods are made.કારખાનું, શિલ્પ શાળા.

Man-u-fac'ture,મૅન્યુફૅક્ચર,*n.*working up of raw material. બનાવવું તે, બનાવટ, હુનર–કિસબથી કરેલી વસ્તુ. *vt.* to make.બનાવવું,કરવું. [to free.ગુલામગીરીમાંથી છોડવવું.

Man-u-mit', મૅન્યુમિટ્,*vt.* (L. *manus* & *mitto* I send)

Ma-nure',મૅન્યૂર,*n.*(See manœuvre) fertilizing compost.ખાતર.*vt.*to dress land.ખાતર નાખવું–પૂરવું–વવું, ફળદ્રુપ કરવું. [writing.હાથનું લખેલું કાગળ–પુસ્તક,હસ્તલેખ.

Man'u-script,મૅન્યુસ્ક્રિપ્ટ,*n.*(L.*manus*&*scribo* I write)

Man'y, મેનિ, *a.* (AS. *manĕg*) numerous. બહુ, ઘણું, પુષ્કળ. [or part of it. નકશો.

Map, મૅપ,*n.*(L.*mappa* napkin)picture of the earth

Mar,માર,*vt.* (AS. *merran* to spoil) to injure, hurt; diminish; disfigure.નુકસાન કરવું,બગાડવું; ઓછું કરવું,–થી અટકાવ થવો; કદ્રૂપ–બેડોળ કરવું. [derer. લૂટારૂ,પિંઢારો.

Ma-raud'er, મૅરોડર, *n.* (Fr. *marand* a rogue) plun-

Mar'ble, માર્બલ, *n.* (L. *marmor*) calcareous stone; a little ball. આરસપહાણ, સંગેમરમર; લખોટો, મંજો.
March, માર્ચ, *n.* (L. *Martius* of Mars) 3rd month of the year. અંગ્રેજી વર્ષનો ત્રીજો મહિનો. (L. *marca* limit) movement of troops; limit. કૂચ, કવાયતિ-ડોલતી-ભપકાદાર ચાલ; હદ, સીમા. *vi.* to move in order. બરાબર કદમ મૂકી-ભપકાભેર ચાલવું, કૂચ કરવી.
Mare, મેર, *n.* (AS. *myre*) female of a horse. ઘોડી.
Mar'gin, માર્જિન, *n.* (L. *margo*) edge, border. કોર, કિનારો, કાંઠો, પાળ; હાંસિયો, કાગળની કોરી રાખેલી કોર.
Ma-rine',મરીન, *a.* (L. *mare* the sea) pertaining to sea.સમુદ્રનું-માં થયલું,દરિયાઈ.*n.*doing duty in a ship; the navy. વહાણની નોકરી કરનાર; નૌકાસૈન્ય, આરમાર.
Ma'ri-ner, મૅરિનર, *n.* a sailor, seaman.ખારવો,ખલાસી.
Ma'ri-time,મૅરિટાઈમ,*a.*pertaining to sea; bordering on sea;having a navy & commerce by sea.સમુદ્રનું, દરિયાઈ;સમુદ્રકાંઠે આવેલું;નૌકા સૈન્ય રાખનાર, દરિયા મારફતે વેપાર કરનાર. [taining to a husband. ભર્તાર-ધણીનું.
Mar'i-tal, મૅરિટલ, *a.* (L. *maritus* a husband) per-
Mark, માર્ક, *n.* (Ger.) sign; sympton; point aimed at; pre-eminence. નિશાની, છાપ; ચિન્હ, લક્ષણ; નિશાન; વિખ્યાતિ, શ્રેષ્ઠતા. *vt.* to stamp, notice. પર નીશાણી કરવી,છાપ મારવી;ધ્યાનમાં લેવું,જોવું. [નિશાણ મારનાર-વાળો.
Marks'man, માર્કસમૅન, *n.* skilful shooter. પાકો-પ્રવીણ

Mar'ket, માર્કેટ્, *n.* (L. *mercari* to trade) a place for buying and selling; a sale. બજાર, ચૌટું; વેચાણ, ખપત.

Marl, માર્લ, *n.* (L. *marga*) a species of clay. એક જાતની ચીકણી મટોડી.

Mar'quis, માર્કિવસ, *n.* (Fr.) a title of nobility. બીજી [પંક્તિના અમીરનો ખિતાબ.

Mar'riage, મૅરિજ *n.* (L. *maritus* to marry) act of uniting man & wife. લગ્ન, વિવાહ, શાદી. [પરણવાજોગ થયલું.

Mar'riage-able, મૅરિજઅબલ, *a.* of age to be married.

Mar-row, મૅરો, *n.* (Icel. *mor* fat) fat in bones; essence. હાડકામાંની ચરબી–માવો–ગર, મજ્જા, મેદ; સાર, તત્વ, કસ.

Mar'ry, મૅરિ, *vt.* (L. *maritus*) to join in wedlock; dispose of in marriage. પરણાવવું, લગ્ન કરાવવાં; લગ્ન કરવું, દેવું. [રણદેવતા; મંગળ.

Mars, માર્સ, *n.* (L.) the God of war; the planet.

Marsh, માર્શ, *n.* (A.S. *mersc*) wet ground; fen. ભીની

Marsh'y, માર્શિ, *a.* wet, fenny. ભીનાશવાળું. [કાદવની જગા.

Mar'shal, માર્શલ, *n.* (Ger. *mahre* horse & *schalk* servant) chief commander. લશ્કરનો વડો અધિકારી. *vt.* to set in order. ગોઠવવું, રચવું.

Mar-su'pi-al, મારસુપિઅલ, *a.* (L. *marsupium* a bag) having a pouch for carrying the young. બચ્ચાંને રાખવાની કોથળીવાળું પ્રાણી. [બજાર, પીઠ, હાટ.

Mart, માર્ટ, *n.* (a contr. of market) a place of sale.

Mar'tial, માર્શલ, *a.* (L. *mars*) pertaining or given to war. લડાઈનું, લશ્કરી, શૂરૂ, યુદ્ધ કરવાને આતુર.

Mar'tyr,માર્ટર, *n.*(Gr.*martur* a witness) one killed for conscience' sake. પોતાનો મત-ધર્મ-પક્ષમાટે માણ આપનાર. [ધર્મ-મતમાટે-માણ આપનાર.
Mar'tyr-dom,માર્ટરડમ,*n.* death for conscience' sake.
Mar'vel, માર્વલ, *n.* (L. *mirari* to wonder) wonder. આશ્ચર્ય, અચરતી, અદ્ભૂત વાત, ચમત્કાર, કરામત. *vi.* to wonder. નવાઈ લાગવી. [ત્કારીક, અદ્ભૂત.
Mar'vell-ous, માર્વેલસ, *a.* wonderful. અચરત જેવું, ચમ-
Mas'cu-line,મૅસ્કયુલિન, *a.*(L.*mas* a male)male, manly, coarse. પુરૂષના જેવું-ગુણવાળું, મર્દાની,જોરાવર,નરજાતી.
Mash, મૅશ,*n.*(Ger.) a mixture of things.બિચાર વસ્તુનો છૂંદો.*vt.*to crush by beating. ભેળસેળ વસ્તુ કરી છુંદવી.
Mask, માસ્ક, *n.* (Fr. *masque*) a cover for the face; pretence. ચહેરો ઢાંકવાનું મહોડું, મુખવટો; બહાનું, નિમિત.
Ma'son, મેસન, *n.* (Fr. *macon*) a builder in bricks & stone. કડિયો.

Mass, મૅસ, *n.* (L. *massa*) a lump; a heap; an assemblage. લોચો, લચકો, લોંદો, ઢગલો; જથો, સમુદાય, સમુહ.
Mass'a-cre, મૅસૅકર, *n.* (Ger. *metzgen* to kill cattle) slaughter. કતલ, કાપાકાપી, ખુનરેજી. *vt.* to kill with cruelty. કતલ કરવું. [ટું ને ભારે, ભારવાળું.
Mas'sive, મૅસિવ્, *a.* (L. *massa*) bulky; heavy. મહો-
Mast, મૅસ્ટ,*n.* (AS.) pole in a ship supporting sails, &c. વહાણનો ડોલ-કુઆ, ડોલકાઠી.

Mas'ter, મૅસ્ટર, *n.* (L. *magister*) ruler; owner; teacher; a chief manager; skilful person. શેઠ, અધિકારી, ધણી; માલિક; કારભારી; ગુરૂ, શિક્ષક, ઉસ્તાદ; કુશળ-પ્રવીણ-માહિતગાર માણસ. *vt.* to overcome. જીતવું, વશ-તાબે કરવું; પૂરૂં શિખવું, સારીપેઠે આવડવું, નિપુણ થવું. [કારીગીરીનું કામ.

Mas'ter-piece, મૅસ્ટરપીસ, *n.* best work. ઘણી ચતુરાઇ-

Mas'ti-cate, મૅસ્ટિકેટ, *vi.* (L. *mastico*) to chew. ચાવવું.

Mat, મૅટ્, *n.* (L. *matta*) texture of straw. સાદડી, ચટાઈ. *vt.* to interweave. ગૂંઠવું, વણવું. [ing. દીવાસળી.

Match, મૅચ, *n.* (Fr. *meiche*) combustible for light-

Match, મૅચ્, *n.* (AS. *maca* a wife) one able to cope with another; marriage; contest; one to be married. પહોંચનાર, બરોબરી કરનાર, સમોવડિયો; લગ્ન, શાદી; શરતની લડાઈ, વર કે કન્યા. *vt.* to marry; to set against; proportion. પરણાવવું; બરોબરી કરવી, પૂરા પડવું, જેટલું-જેવું-બરોબર થવું; પ્રમાણમાં રાખવું-લેવું-કરવું. [સર્વોત્કૃષ્ટ.

Match'less, મૅચ્‌લેસ, *a.* without equal. અનુપમ, અતુલ્ય,

Mate, મેટ, *n.* (Icel. *mati* an equal) a companion; assistant; husband or wife; officer in a ship. સાથી સોબતી; મદદગીર; વર કે વહુ; વહાણનો એક અમલદાર, માલમ.

Ma-te'ri-al, મૅટિરિઅલ, *n.* (L. *materia* matter) any substance. પદાર્થ, ચીજ, વસ્તુ. *a.* consisting of matter; essential; substantial; not spiritual. પંચ મહાભૂતનું બનેલું; ઉપયોગી, જરૂરનું; વાસ્તવિક, ખરૂં; આ દુનિયાનું. [માનું-જેવું.

Ma-ter'nal, મૅટર્નલ, *a.* (L. *mater* a mother) motherly.

Ma-ter'ni-ty, મેટરનિટિ, *n.* relation of mother. માપણું.

Math-e-mat'ics, મૅથિમૅટિક્સ, *n.* (Gr. *mathema* learning) the science of number, &c. ગણિત, ગણિતશાસ્ત્ર.

Mat'ri-cide, મૅટ્રિસાઇડ, *n.* (L. *mater* mother & *cædo* I kill) the murder or murderer of a mother. માની હત્યા–ખૂન; માને મારી નાખનાર.

Ma-tric'u-late, મૅટ્રિક્યુલેટ, *vt. i.* (L. *matrix* a public register) to admit to membership in a college. પાઠશાળાની મંડળીમાં લેવું. [વિવાહ, શાદી.

Mat'ri-mo-ny, મૅટ્રિમનિ, *n.* (L. *mater*) marriage. લગ્ન,

Ma'trix, મેટ્રિક્સ, *n.* (L.) the womb; a mould. કમળ, ગર્ભસ્થાન, ગર્ભાશય; બીબું, ઓઠું, અડી. [સ્ત્રી–બૈરી.

Ma'tron, મેટ્રન, *n.* mother of a family. ઉતરતી વયની

Mat'ter, મૅટર, *n.* (L. *materia*) a substance; subject. business, affairs; pus; concern; suit. વસ્તુ, પદાર્થ; વિષય, બાબત; કામ, વાત; પરૂ; ફિકર, ચિંતા; મુકર્દમો. *vi.* to be of concern, import. ફિકર–ચિંતા–અંદેશો હોવો.

Mat'tock, મૅટક, *n.* (AS. *mattoc*) a pick axe. કોદાળી.

Mat'tress, મૅટ્રેસ, *n.* (Fr. *materas*) a quilted bed. ગોદડું, ગોદડી, તળાઈ, રજાઈ.

Ma'ture', મૅચૂર, *a.* (L. *maturus* ripe) ripe; full grown. પાકું, પરિપક્વ, પ્રૌઢ; પૂરું થયલું, પૂર્ણ. *vt.* to complete; ripen. પૂર્ણ–સિદ્ધ કરવું, પાકવું, પાકું થવું. [પૂર્ણતા, પાકી હાલત.

Ma-tur'i-ty, મૅચુરિટિ, *n.* ripeness. પરિપક્વ–પ્રૌઢપણું,

Maw, મૉ, *n.* (AS. *maga*) stomach of a beast. પશુનું પેટ-કોઠો-હોજરી, પેટની કોથળી. [-થી કંટાળો આવે એવું.
Mawk'ish, મૉકિશ, *a.* (*mawk* a maggot) apt to cloy.
Max'im, મૅક્સિમ, *n.* (L. *maxima* greatest) established truth. નીતિવચન, નિયમ, સૂત્ર, કહેવત. [મહોટી સંખ્યા-પ્રમાણ.
Max'i-mum, મૅક્સિમમ, *a.* the greatest quantity. સહુથી
May, મે, *n.* (L. *maius*) the 5th month of the year. અંગ્રેજી પાંચમો મહિનો. *v. aux.* to be possible or able to have license. બની-થઈ શકવું, રજા-પરવાનગી હોવી.
May'or, મેઅર, *n.* (L. *major*) chief magistrate of a corporation. કોટવાલ. [plexity. મસીકુંચીવાળો રસ્તો; ગુંચવણ.
Maze, મેઝ, *n.* (Icel. *masa* to jabber) a labyrinth; per-
Mead, Mead'ow, મીડ, મેડો, *n.* (AS. *mæd*) low or grass land. ઘાસવાળી જમીન, બીડ, મેદાન.
Mea'gre, મીગર, *a.* (L. *macer* lean) thin, lean; barren; poor. પાતળું, સુકાઈ-લેવાઈ ગયલું; કસ-રસ રહિત; થોડું, નજીવું.
Meal, મીલ, *n.* (AS. *mæl*) a repast. ભોજન, જમણ, ખાનું.
Meal, મીલ, *n.* (L. *molo* to grind) flour. લોટ, આટો.
Mean, મીન, *a.* (AS. *mæne*) low in birth; base; of little value; despicable. નીચા કુળનું, હલકું; અધમ, નીચ, પાજી; હલકી કિંમતનું, નજીવું; તુચ્છ, ધિક્કારવા જોગ.
Mean, મીન, *a.* (L. *medius* middle) middle; intervening. મધ્ય, મધ્યમ પરિમાણ-પદનું; વચલું.
Mean, મીન, *vt.* (AS. *mænan* to think) to intend;

signify. મનમાં હોવું, ઈરાદો રાખવો; અર્થ–ખુલાસો હોવો–બતલાવવો.

[ity. ગલીંકુંચી; ગુંચવણ.

Me-an'der, મીઍંડર, *n.* a winding course; perplex-

Meaning, મીનિંગ, *n.* intention; signification. અભિપ્રાય, મતલબ; અર્થ, માયનો. [ness. હલકા–પાજીપણું, હલકાઈ.

Mean'ness, મીનનેસ, *n.* (AS. *mæne*) lowness, sordid-

Means, મીન્ઝ, *n.pl.* (L. *medins*) medium; instrument; income. મધ્ય પદ; સાધન, ઉપાય, ઈલાજ; આયપત, દ્રવ્ય.

Mean'time, મીનટાઈમ, *ad.* in the intervening time. એટલામાં, તેદરમ્યાન. [tive disease. ગોવરું, ગોળરું, ઓરી.

Mea'sles, મીઝલ્ઝ, *n.* (Ger. *maser* a speck) an erup-

Mea'sure, મેશર, *n.* (L. *metior*) dimensions; quantity; extent; limit; degree; musical time; metre; means. પરિમાણ, પરિમિતિ; માપ; ગજ–શક્તિનું પ્રમાણ; હદ, સુમાર; દરજ્જો; તાલ; છંદ, વૃત્ત; સાધન, યુક્તિ, ઉપાય. *vt.* to ascertain extent of; to pass through; judge of. માપવું, તારવું; ચાલવું, કાપવું; જોઈને કેટલું છે તે કહેવું, અટકળ બાંધવી.

Mea'sure-ment, મેશરમેંટ, *n.* dimensions. માપ, માપણી.

Meat, મીટ, *n.* (AS. *mete*) food in general; flesh. ખોરાક, અન્ન, ભક્ષ; માંસ. [man. કારીગર, શિલ્પકાર.

Me-chan'ic, મિકૅનિક, *a.* (Gr. *mechos* means) work-

Me-chan'i-cal, મિકૅનિકલ, *a.* relating to machines. યાંત્રિક, યંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે કીધેલું.

Me-chan'ics, મેકૅનિક્સ, *n.pl.* science of laws of motion, &c. શિલ્પશાસ્ત્ર, યંત્રવિદ્યા. [memory of. ચાંદ, કીર્તિ મુદ્રા.
Med'al, મેડલ, *n.* (L. *mettallum* metal) coin in
Med'dle, મેડલ, *vi.* (L. *misceo* I mix) to interpose; touch. કામવગર વચ્ચે પડવું, માથું મારવું; અડકવું.
Me'di-ate, મિડિએટ, *vi.* (L. *medius* middle) to intercede. મધ્યસ્થ થવું, વચ્ચે પડવું. *a.* middle. મધ્યમ, સાધારણ, વચલું.
Me-di-a'tion, મિડિએશન, *n.* intercession. વચ્ચે પડવું તે.
Me-di-a'tor, મિડિએટર, *n.* intercessor. મધ્યસ્થ, વચ્ચે પડનાર.
Med'i-cal, મેડિકલ, *a.* (L. *medico* I heal) relating to healing art. વૈદકનું-સબંધી, ઔષધવાળું, સારૂં કરે એવું, વૈદક શિખવાનું. [heal. ઓસડના ગુણ આપવા; સારૂં-સાજું કરવું.
Med'i-cate, મેડિકેટ, *vt.* to tincture with medicines;
Med'i-cine, મેડિસિન, *n.* anything that cures; a remedy. ઓસડ, દવા; ઉપાય; the science. વૈદકશાસ્ત્ર, વૈદક.
Me-di-e'val, મિડિવલ, *a.* (L. *medius* middle & *ævum* an age) relating to the middle ages. મધ્યમ કાળનું.
Me-di-oc'ri-ty, મિડિઑકિટિ, *n.* (L. *medius*) middle state or degree. મધ્યમતા-દશા, સાધારણ સ્થિતિ.
Med'i-tate, મેડિટેટ, *vt.i.* to think, muse, contemplate. વિચારવું, કલ્પના-ચિંતન-મનન કરવું, યુક્તિ રચવી, ધ્યાન ધરવું.
Med-i-ta'tion, મેડિટેશન, *n.* contemplation. ધ્યાન, ચિંતન.
Me'di-um, મિડિઅમ, *n.* (L.) a means or instrument. ઉપાય, મારફત, સાધન, માર્ગ, દ્વાર. [ખિચડો.
Med'ley, મેડ્લિ, *n.* (Fr. *medler*) a mixture. પંચમેળ,

Meed, મીડ, *n.* (AS. *med*) a reward; a recompense.
ઇનામ; બદલો, ફળ. [શાલસ, નરમ, ભલું, નમ્ર.
Meek, મીક, *a.* (Icel. *miukr* soft) mild, gentle. ગરીબ,
Meek'ness, મીકનેસ, *n.* gentleness. સાલસાઈ, ભલાપણું,
નમ્રતા. [ઉચિત, લાયક, ઘટિત.
Meet, મીટ, *a.* (AS. *gemet* fit) suitable, proper. યોગ્ય,
Meet, મીટ, *vt. i.* (AS. *metan*) to come together, encounter; assemble. સામા મળવું–આવવું, ભેટવું; લડવાસારૂ મળવું, સામસામાં થઈ આવી જવું. [ભેટ, મુલાકાત, સમાગમ.
Meet'ing, મીટિંગ, *n.* assembly; interview. સભા, મંડળી;
Mel'an-chol-y, મેલૅનકૉલિ, *a.* (Gr. *melan* black & *chole* bile] dejected; afflictive. સદાઉદાસ, ખિન્ન, દિલગીર; ખેદ–શોક કારક. *n.* depression of spirits. ખિન્નતા, ઉદાસી.
Mel'low, મેલો, *a.* (AS. *meleuce*) ripe; soft. બરોબર પાકેલું; નરમ, કોમળ, મધુર. મિઠું, મૃદુ. *vt. i.* to ripen. પકવવું, પાકવું.
Mel'o-dy, મેલોડિ, *n.* (Gr. *melos* a part & *ade* a lay) an agreeable succession of sounds; tune. મધુર સ્વરનો ક્રમ, સ્વરાનુક્રમ; રાગ, ઢાળ. [ળવું, ઓગાળવું, રસ–પાણી કરવું.
Melt, મેલ્ટ, *vt.* (AS. *meltan*) to dissolve. પીગળાવવું, ગા-
Mem'ber, મેમ્બર, *n.* (L. *membrum*) a limb; one of a society. શરીરનો ભાગ, અવયવ, ગાત્ર, અંગ; સભાસદ.
Mem'brane, મેમ્બ્રેન, *n.* a thin skin. અંદરની પાતળી ચામડી.
Mem'oir, મેમ્‌ઉઑર, *n.* (L. *memor* mindful) a biography. જન્મચરિત્ર–વૃત્તાંત.

Mem'o-ra-ble, મેમોરેબલ, *a.* worthy of recollection; celebrated. યાદ રાખવા જોગ; પ્રખ્યાત. [યાદ, નોંધ.

Mem-o-ran'dum, મેમોરેન્ડમ, *n.* note. સમરણપોથી, ટીપ,

Me-mo'ri-al, મેમોરિઅલ, *n.* memento; petition. યાદગારી, સંભારણું; અરજી. [ફ્રામ, સંભારણું.

Mem'o-ry, મેમોરિ, *n.* recollection. યાદદાસ્ત, સ્મરણ,

Men'ace, મેનેસ,*vt.* (L. *minor* I threaten) to threaten. ધાક-ભય-દેહેશત-ધમકી આપવી.*n.* a threat. ધમકી.

Men-ag'e-rie,મેનેજેરિ,*n.*(Fr.)a collection of animals. પશુનો સંગ્રહ, શિકારખાનું.

Mend, મેંડ,*vt.i.* (L.*menda* a spot)to repair,correct. સમારવું, દુરસ્ત કરવું; સુધારવું, રસ્તે લાવવું; વધારે સારૂં થવું.

Men-dac'i-ty, મેંડાસિટિ, *n.* (L. *mendax* lying) falsehood. અસત્ય, જૂઠાઈ. [gar. ભિખારી, ફકીર, વેરાગી.

Men'di-cant, મેંડિકંટ, *n.* (L. *mendico* I beg) a beg-

Men'di-can-cy, Men-dic'i ty, મેંડિકન્સિ, મેંડિસિટિ, *n.* state of beggary. ભિખારીપણું, ભિક્ષાવૃત્તિ.

Me'ni-al, મીનિઅલ, *a.* (L. *maneo* I dwell) low; belonging to servant. હલકું, નિચ; ચાકરનું. *n.* a domestic. ચાકર. [અળગું, દસ્તાન, અટકાવ.

Men'ses, મેન્સિસ, *n. pl.* (L. *mensis* month) ઋતુમાસિત,

Men'stru-al, મેન્સ્ટ્રુઅલ, *a.* monthly.દરમહિનાનું, માસિક.

Men-su-ra'tion, મેન્સ્યુરેશન, *n.* science of measurement. માપવું તે, માપણી, માપકરણ. [મનનું, માનસિક.

Men'tal, મેંટલ, *a.* (L. *mens* the mind) of the mind.

Men'-tion, મેન્શન, *vt.* (L. *memini* to remember) to express. કહેવું, બોલવું. *n.* statement. ટુંકામાં બોલવું તે.

Mer'can-tile, મર્કેંટાઇલ, *a.* (L. *mercor* I buy) commercial. વેપારનું.

Mer-ce-na-ry, મર્સિનરિ, *a.* (L. *merces* hire) hired, purchased; greedy, selfish. ભાડુતી; પૈસાનું લાલચુ, લોભી, મતલબી. *n.* hireling. પગાર લઈ પર રાજ્યની નોકરી કરનાર સિપાઈ. [silks, &c. રેશમી ને કિનના કાપડનો વેપારી.

Mer'cer, મરસર, *n.* (L. *merx* merchandise) dealer in

Mer-chan-dise, મર્ચંડાઈઝ, *n.* (L. *mercor* I buy) goods; trade. માલ, વેપારની ચીજ; વેપાર.

Mer'-chant, મર્ચંટ, *n.* wholesale dealer. વેપારી, સોદાગર.

Mer'chant-man, મર્ચંટમૅન, *n.* trading ship. માલ લઈ જવા લાવવાનું વહાણ. [cruel. દયાળુ, ક્ષમાશીલ; નરમ હૈયાનું.

Mer'ci-ful, મર્સિફુલ, *a.* (L. *merces*) compassionate; not

Mer'cur-y, મર્ક્યુરિ, *n.* (L. *merx*) quicksilver; a planet. પારો; બુધનો તારો. [દયા, કરૂણા, કૃપા; ક્ષમાશીલતા, રહેમીઅત.

Mer'cy, મર્સિ, *n.* (L. *merces*) compassion; pardon.

Mere, મીર, *a.* (L. *merus*) pure, unmixed, that only. કેવળ,

Mere'ly, મીરલિ, *ad.* singly, only. માત્ર, ફક્ત. [માત્ર, ફક્ત, છેક.

Mer-e'tric-i-ous, મેરિટ્રિશિઅસ, *a.* (L. *meretrix* a harlot) lewd; false. વેશ્યા-રાંડનું; ખોટું.

Merge, મર્જ, *vt.* (L. *mergo* I dip) to sink, be lost in. ગરક કરવું, ડુબાડવું, મેળવી-પેસાડી દેવું.

Me-rid'i-an, મેરિડિઅન, *n.* (L. *meridies* mid-day) noon; the highest point; distinguishing circumstances; circle crossed by sun at noon. બપોર, મધ્યાન; ભર, પૂર્ણકાળ; વિશેષ અવસ્થા; હાલત; મધ્યાન્હરેખા, યામ્યોત્તરવૃત્ત.

Mer'it, મેરિટ્, *vt.* (L. *mereo* I deserve) to deserve, earn by services. યોગ્ય–પાત્ર–લાયક થવું. *n.* worth; desert, reward; excellence. ગુણ, યોગ્યતા, લાયકી, પુણ્યધર્મ; ફળ, બદલો, ઇનામ; ખુબી, ગુણ.

Mer-it'o-ri-ous, મેરિટોરિઅસ, *a.* deserving. ગુણી, ગુણવાન, યોગ્ય, લાયક, પુણ્યનું. [sea-woman. મત્સ્ય કન્યા, જળસ્ત્રી.

Mer'maid, મરમેડ, *n.* (L *mare* the sea & maid) fabled

Mer'ri-ment, મેરિમેંટ, *n.* (AS. *mirig*) gaiety; noisy sport. મોજમઝા, આનંદ, ચમન. [ખુશમિજાજી, હસાવે એવું.

Mer-ry, મરિ, *a.* joyous, causing laughter. આનંદી, હસમુખું,

Mer'ry-an-drew, મેરિઍંડ્રૂ. *n.* buffoon, zany. મશ્કરો, મજાકખોર, નકલી, રંગલો. [જાળી નું કાણું–બાકું.

Mesh, મેશ, *n.* (Sax. *mæscre*) opening in net. જાળ–

Mes'mer-ism, મેઝમરિઝમ, *n.* (from *Mesmer* the author) animal magnetism. મન જાગ્રત રહે પણ શરીરનું ભાન રહે નહિ એવી ઉંઘમાં બુરકી જાખવાની કળા.

Mess, મેસ, *n.* (Sax. *mese* a table) a dish of food; a number of persons who eat together; medley, a mixed mass. એક જણને માટે પીરસેલું અન્ન, ભાણું;

નીત સાથે બેશીને ખાનારાં માણસ, મેસ; ગડબડગોટો; ખીચડો, ગોંગોપિંડાળો. *vi.* to eat together. નીત સાથેબેસીને જમવું.
Mes'sage, મેસેજ, *n.* (L. *mitto* I send) notice sent, communication. સમાચાર, સંદેશો, કહેણ.
Mes'sen-ger, મેસેંજર, *n.* bearer of message, harbinger. સંદેશો લાવનાર લઈજનાર, કાસદ, બેપિયો, જાસૂસ, દૂત.
Mes-si'ah, મેસાઈયા, *n.* (Heb. *mashiach* anointed) Christ. ખ્રિસ્ટ, અભિષિક્ત.
Mess'uage, મેસ્વઉએજ, *n.* (See *message*) a house & adjoining land. ઘર ને તેને લગતી જગા.
Met'al, મેટલ, *n.* (L. *metallum*) gold, silver, iron, &c.; broken stones used for roads. ધાતુ; રસ્તાપર પૂરવાના ઝીણા પથ્થરના કકડા.
Me-tal'lic, મેટલિક્, *a.* belonging to metal. ધાતુનું-સરખું.
Met'al-lur-gy, મેટલર્જી, *n.* the art of working metals. ધાતુશોધનવિદ્યા.
Met-a-mor'pho-sis, મેટેમોરફોસિસ, *n.* (Gr. *meta* & *morphe* form) change of form. રૂપાંતર, રૂપભેદ.
Met'a-phor, મેટેફર, *n.* (Gr. *meta* over & *phero* I carry) a similitude. રૂપક. [માનસશાસ્ત્ર, આત્મતત્વવિદ્યા.
Met'a-phys'ics, મેટફિઝિક્સ, *n.pl.* science of the mind.
Mete, મીટ, *vt.* (AS. *metan*) to measure. માપવું.
Me'te-or, મિટિઅર, *n.* (Gr. *meteoros* high in the air) luminious body in air. ખરતો તારો.

Me-te-o-rol'o-gy, મિટિઅરૉલોજી, *n.* science of phenomena of air. વાયુચક્ર શાસ્ત્ર. [માપવાનું યંત્ર.
Me'ter, મીટર, *n.* (See *mete*) that which measures.
Me'thod, મેથડ, *n.* (Gr. *meta* after & *hodos* way) manner; plan. રીત, પ્રકાર, માર્ગ, પદ્ધતિ; નિયમ, વ્યવસ્થા, બંદોબસ્ત. [છંદ રચના,વૃત્ત, છંદ.
Met're, મીટર, *n.* (L. *metrum*) measure of verse.
Me-trop'o-lis, મિટ્રોપોલિસ, *n.* (Gr. *meter* mother & *polis* a city) the chief city. રાજધાની, મુખ્ય શહેર. [જીવ,
Met'tle, મેટલ, *n.* (See *metal*) courage, spirit. હિમત, દમ,
Mew, મ્યૂ, *n.* (Fr. *muer*) a cage. પાંજરૂં, વાડો, ગોંધવાની જગો.
Mewl, મ્યૂલ, *vi.* (Fr. *miauler*) to cry as a child. ઉંઆં ઉંઆં કરવું. [effluvia. સડેલી ચીજમાંથી નિકળતી ઝેરી હવા.
Mi-as'ma, માઇઍઝ્મા, *n.* (Gr. *miaino* I stain) noxious
Mi'ca, માઇકા, *n.* (L.) talc, glist, અબરખ.
Mi'cro-scope, માઇક્રોસ્કોપ, *n.* (Gr. *mikros* little & *skopeo* I look at) magnifier. સૂક્ષ્મદર્શકયંત્ર. [મધ્યેનું.
Mid, મિડ્, *a.* (AS. *midd*) middle; between. વચલું, વચ્ચેનું,
Mid'day, મિડ્ડે, *n.* noon, 12 A. M. બપોર, મધ્યાન.
Mid'dle, મિડ્લ, *a.* equidistant, between. વચલું, વચ્ચેનું, મધ્યેનું. *n.* point equally distant from the ends. મધ્યભાગ. [moderate. વચલા વાંગાનું, મધ્યમ, સાધારણ.
Mid'dling, મિડ્લિંગ, *a.* of middle rank or size.
Mid'night, મિડ્નાઇટ *n.* 12 o'clock at night. મધરાત;

Mid'riff, મિડ્રિફ્,*n.* the diaphragm. પેટનો વચલો પડદો.
Midst, મિડ્સ્ટ, *n.* the middle. મધ્ય.
Mid'wife-ry, મિડ્વાઇફ્રિ, *n.* art of aid in child-birth. દાઇનું કામ, ગર્ભમોચન વિધા.
Mien, મીન, *n.* (L. *mino* I guide) look, air. ચહેરો, દેખાવ, ડોળ, શિકલ. [બળ, જોર.
Might, માઇટ, *n.* (AS. *miht*) power, strength. શક્તિ,
Might'y, માઇટિ, *a.* powerful; very great; wonderful. સમર્થ, બળવાણ; ઘણું મહોટું, મહાન, જબરૂં, ભારે; આશ્ચર્યકારક.
Mi'grate, માઇગ્રેટ, *vi.* (L. *migro*) to move from one country to another. એક દેશથી બીજે જઈ રહેવું, દેશાંતર જવું. [ણી–તી.
Milch, મિલ્ચ, *a.* (See *milk*) giving milk. દુધદેતી, દુઝ-
Mild, માઇલ્ડ, *a.* (AS.) not violent, soft; gentle, calm; clement. નરમ, સુખકારક, ઘણું ન લાગે એવું; શાંત, નમ્ર, કોમળ, સાલસ; નરમ સ્વભાવનું, માયાળુ, ક્ષમાવાન.
Mil'dew, મિલડ્યૂ, *n.* (Ger. *mehlthau*) spots from damp, &c; disease in plant. ફૂગ; સડો.
Mild'ness, માઇલ્ડ્નેસ, *n.* (See *mild*) નમ્ર સ્વભાવ, નમ્રતા.
Mile, માઇલ, *n.* (AS. *mil*) 1760 yards. અર્ધો કોશ, ૧૭૬૦ યાર્ડ–વાર, મૈલ. [લઢનાર, લડાઈ કરતું, યુદ્ધમત્ત.
Mil'i-tant, મિલિટંટ, *a.* (L. *militis* a soldier) combating.
Mil'i-ta-ry, મિલિટરિ, *n.* soldiers. લશ્કર, ફોજ. *a.* warlike.
Mil'i-tate, મિલિટેટ, *vi.* to oppose. સામા થવું. [લશ્કરી, યુદ્ધનું.

Mi-li-ti'-a, મિલિશિયા, *n.* citizen soldiers. કામ પડે તો લઢવું નહિતો ધંધો કરવો એવી શરતે રાખેલું લશ્કર, શિરબંદી.

Milk, મિલ્ક, *n.* (AS. *melcan* to milk) fluid from breast of females suckling young. દૂધ. *vt.* to draw milk. દહોવું, દૂધ કાઢવું.

Mill, મિલ્, *n.* (AS. *miln*) a machine for grinding, &c. ઘંટી, ચક્કી, સંચાવડે કામ કરવાનું કારખાનું. *vt.* to grind; stamp coin; full. દળવું; સિક્કો પાડવો; સંચાવડે કુંદી કરવી.

Mill'er, મિલર, *n.* one who works mill. દળનાર.

Mil-len-ne'um, મિલેનિઅમ. *n.* (L. *mille* a thousand & *annus* a year) a thousand years. હજાર વર્ષ.

Mil'let, મિલેટ્, *n.* (L. *milium*) a plant, its grain. બાજરી.

Mill'i-ner, મિલિનર, *n.* (from *Milaner*) bonnet maker, &c. સ્ત્રીઓની ટોપી વગેરે બનાવનાર. [દશલાખ.

Mill'ion, મિલિઅન, *a.* (L. *mille*) a thousand thousands.

Mim'ic, મિમિક, *n.* (Gr. *memikos*) imitator. નકલ કરનાર, ચાળા પાડનાર. *vt.* to speak and act like other. નકલ કરવી, ચાળા પાડવા. [small spire. મિનારો.

Min'a-ret, મિનેરેટ્, *n.* (Ar. *manaral* light-house) a

Mince, મિન્સ, *vt.* (AS. *min* less) to cut in pieces; omit in speaking. કકડા–કચુંબર–ચુરૈ કરવો; અડધું પડધું બોલવું.

Mind, માઈંડ, *n.* (L. *mens*) thinking power; opinion; intention; will, desire; memory; the heart. મન, ચિત્ત, વિચારશક્તિ; મત, અભિપ્રાય; ઈરાદો, હેતુ; ઈચ્છા,

મરજી, વાસના; સ્મરણ, સ્મૃતિ, યાદ; મન, હૃદય. *vt.* heed, regard. ધ્યાન આપવું, ચિત્ત ઘાલવું, માનવું,—નું સાંભળવું.

Mind'ed, માઈનડેડ્, *a.* inclined. મનનું, ધારતું, ધારણા રાખતું.

Mind'ful, માઈન્ડફુલ, *a.* attentive, સાવધ, સાવચેત.

Mine, માઈન. *pro.* belonging to me. મારૂં.

Mine, માઈન, *n.* (It. *mina*) a pit whence ore is dug; a cavity filled with powder;a rich source. ખાણ;સુરંગ;ભંડાર,નિધિ.*vi.* to dig for ore. ખાણ ખોદવી. *vt.* to sap,undermine.ખોદીને પાયો ભાંગી નાખવો, રફતે રફતે ને ગુપ્ત રીતે ખરાબ—નાશ કરવો. [સુરંગ પાડનાર.

Mi'ner, માઈનર, *n.* a worker in mines. ખાણ ખોડનાર,

Min'er-al, મિનરલ,*n.* an earthy dody. ખનીજ પદાર્થ. *a.* pertaining to minerals. ખાણમાંનું, ખનીજ, ધાતુના ગુણનું. [ધાતુવિદ્યા.

Min-er-al'o-gy, મિનરૅલૉજી, *n.* science of minerals.

Min'gle, મિંગલ, *vt.* (AS. *mengan*) to mix; associate with.મેળવવું,એકઠું કરવું,મળી જવું;સંબંધ કરવો,વહેવાર રાખવો.

Min'i-a-ture, મિનિએચર, *n.* (L. *miniatura* a painting) a small likeness. નહાના આકારની છબી—તસ્વીર.

Min'im, મિનિમ, *n.* (L. *minimus* the least)a dwarf; a drop; note in music. ઠીંગણું માણસ; ટીપું; દીર્ઘસ્વર.

Min'i-mum, મિનિમમ, *n.* the least.ઓછામાં ઓછી સંખ્યા.

Min'ion, મિનિઅન, *n.* (Fr. *mignon* a darling) a favourite. માનીતું, હૈયાનોહાર, મુછનો બાલ.

Min'is-ter, મિનિસ્ટર, *n.* (L. *minor* less) a servant; an officer of state; clergyman. ચાકર, સેવક; પ્રધાન, મંત્રી, વજીર, દીવાન, કારભારી; પાદરી, ઉપદેશક. *vt.* to give; supply. આપવું; પૂરૂં પાડવું.

Msn'is-try, મિનિસ્ટ્રિ, *n.* office; clergy; ministers of state. દિવાનગીરી, વજીરાત કામ; ઉપાધ્યાપણું–સમૂહ; પ્રધાન મંડળ.

Mi'nor, માઈનર, *n.* (L.) one under 21. કાચી ઉમરનું માણસ, બાળક, સગીર. *a.* less, smaller. નહાનું, કનિષ્ટ, નજીવું.

Mi-nor'i-ty, માઈનૉરિટિ, *n.* being under age; less number. બાળપણ, બાલ્યાવસ્થા; થોડા–નહાનો ભાગ.

Min'ster, મિન્સ્ટર, *n.* (AS.) a cathedral. દેવળ.

Min'strel, મિન્સ્ટ્રલ, *n.* (L. *minister*) a singer and player, bard. ગાનાર ને વગાડનાર, ગવૈયો.

Min'strel-sy, મિન્સ્ટ્રલ્સિ, *n.* the art of minstrels; musicians. ગાવા બજાવવાનો હુન્નર; ગવૈયો.

Mint, મિંટ, *n.* (AS. *myne* money) a place to coin money. ટંકશાળ. *vt.* to coin; forge. સિક્કા પાડવા; ખોટું બનાવવું, બનાવટ કરવી.

Mint, મિંટ, *n.* (AS. *minte*) an aromatic plant. ફુદનો.

Mi'nus, માઈનસ, *a.* (L.) less. ઓછા, વગરનું, વિનાનું.

Mi'nute, મિનિટ, *n.* (L. *minutus*) 60th part of an hour or degree; short note. અઢી પલ, મિનિટ, કળા, ક્ષણ; ટાંચણ, તિપ્પણ, સ્મરણ લેખ, મતની નોંધ. *vt.* to set down notes. મતની નોંધ કરવી.

Mi-nute′, માઇન્યૂટ, *a.* very small. ઘણું ઝીણું-નહાનું, બારીક, અતિ સૂક્ષ્મ.

Mi-nute′ly, માઇન્યૂટલિ, *ad.* to a small point. બારીકીથી, ચીપીચીપીને.

Minx, મિંક્સ, *n.* (Icel. *minkun* lessening) a pert, wanton girl. લુચ્ચી-લાડ છોકરી.

Mir′a-cle, મિરૅકલ, *n.* (L. *miror* to wonder) wonder; supernatural event. આશ્ચર્ય, કૌતુક, અદ્ભુતકામ; ચમત્કાર, દૈવકર્મ.

Mi-rac′u lous, મિરૅક્યુલસ, *a.* beyond human power. ચમત્કારિક, અદ્ભુત.

Mi-rage′, મિરાશ, *n.* (L. *mirari* to wonder) an optical illusion. મૃગજળ-તૃષ્ણા.

Mire, માઇર, *n.* (AS. *myrc* marsh) wet earth, mud. કાદવ, કીચડ, ચિખલ.

Mir′ror, મિરર, *n.* (L. *mirari* to wonder) a looking-glass; a pattern. આરસી, દર્પણ, ચાટલું, તક્તો; નમુનો.

Mirth, મર્થ, *n.* (AS.) social merriment. હાસ્યવિનોદ, રમુજ.

Mis-ad-ven′ture, મિસ્ઍડ્વેન્ચર, *n.* (AS. *mis* ill & adventure) mischance. દુર્ભાગ્ય, વિપત્તિ.

Mis-an′thro-py, મિસ્ઍન્થ્રોપિ, *n.* (Gr. *miseo* I hate & *anthropos* a man) hatred of mankind. માણસજાતનો ધિક્કાર, જનદ્વેષ, લોકશત્રુતા.

Mis-ap-ply′, મિસ્ઍપ્લાઇ, *vt.* (L. *mis* & apply) to apply wrong. યોગ્ય-જોઈએ તે કામમાં નહિ લગાડવું-ન ખરચવું.

Mis-ap-pre-hend′, મિસ્ઍપ્રિહેંડ, *vt.* (L. *mis* & apprehend) to misunderstand. બરાબર નહિ-ખોટું સમજવું.

Mis-ap-pre-hen'sion, મિસ્અૅપ્રિહેન્શન, *n.* a mistake. ખોટી સમજ, સમજફેર.

Mis-be-hav'iour, મિસ્બિહેવિઅર, *n.* (L. *mis* & behaviour) ill conduct. નઠારી–ખરાબ–ગેરમુનાસીબ ચાલ.

Mis-car'riage, મિસ્કૅરિજ, *n.* (L. *mis* & carriage) failure; abortion. નિષ્ફળતા, પાર ન પડવું તે; કસુવાવડ, અધુરે જવું તે.

Mis-car'ry, મિસ્કૅરિ, *vi* to fail; bring forth before time; not to reach its destination. પાર નહિ પડવું, નિષ્ફળ થવું; અધુરે જવું, કસુવાવડ થવી; ગેરવલ્લે પડવું, ખોવાવું.

Mis-cel-la'ne-ous, મિસેલેનિઅસ, *a.* (L. *misceo*) mixed, consisting of several kinds. અનેક જાતનું, પરચુરણ.

Mis-cel'la-ny, મિસેલનિ, *n.* a mixture; a collection of writings. નાનાપ્રકારની ચીજોનો સંગ્રહ–સમૂહ; જેમાં વિવિધ વિષય હોય એવું પુસ્તક.

Mis-chance', મિસચૅન્સ, *n.* (L. *mis* & chance) misfortune. દુર્ભાગ્ય, કમનસીબ, દુઃખકારક બનાવ.

Mis'chief, મિસ્ચિફ, *n.* (Fr. *mis* & *chef* head) injury, damage; evil intended; vexatious affair. ઉપદ્રવ, નુકસાન, ખરાબી; ભુંડું કામ, દુષ્ટપણું; પીડા, આફત, દુઃખ.

Mis'chiev-ous, મિસ્ચિવસ, *a.* harmful; troublesome. અપકારી, નુકસાનકારક, ઈજા કરતું; તોફાની, મસ્તીખોર, તીખળી.

Mis-con-ceive', મિસ્કન્સીવ, *vt. i.* (L. *mis* & conceive) to have a wrong notion of. ભૂલથી-ખોટું-આડું સમજવું

Mis-con-cep'tion, મિસકન્સેપ્શન, *n.* wrong impression. ખોટીસમજ—વિચાર, ભૂલ, ભ્રાંતિ, ગેરસમજુતિ.

Mis-con'duct, મિસ્કૅાડક્ટ, *n.* (L. *mis* & conduct) ill behaviour. દુરાચરણ, બદચાલ.

Mis-con'strue, મિસ્કૅાસ્ટ્રૂ, *vt.* (L. *mis* & construe) to interpret wrong. ઉલટો—આડો અર્થ કરવો, ખોટું સમજવું.

Mis'cre-ant, મિસક્રિઅંટ, *n.* (Fr. *mes* & L. *credo* I believe) a vile wretch; an infidel. લુચ્ચો માણસ, ખળ, શઠ, દુર્જન; નાસ્તિક, શાસ્ત્રનિંદક. [દુષ્કર્મ, દુષ્કૃતિ.

Mis-deed', મિસડીડ, *n.* (*mis* & deed) an evil deed. કુકર્મ,

Mis-de-mean'our, મિસ્ડિમીનર, *n.* ill behaviour; a petty crime. દુરાચરણ, કુચાલ; ગુન્હો, કસુર, ખોટું કામ, અનીતિ.

Mi'ser, માઈઝર, *n.* (L. *miser* wretched) a sordid wretch. કૃપણ—કંજુસ માણસ.

Mis'er-a-ble, મિઝરેબલ, *a.* wretched; unhappy; worthless. નઠારૂં, દુ:ખ ભરેલું, સગવડ નહિ હોય એવું; દુખી, વિપત્તિમાં આવી પડેલું; નકામું, અમથું, વ્યર્થ, ખાલી.

Mi'ser-ly, માઈઝર્લિ. *a.* very covetous. કૃપણ, કંજુસ.

Mis'er-y, મિઝરિ, *n.* great unhappiness; calamity. અતિદુ:ખ, મહાવ્યથા, સંતાપ; વિપત્તિ, આપદા, સંકટ.

Mis-for'tune, મિસ્ફૉર્ચ્યુન, *n.* (*mis* & fortune) ill fortune; calamity. દુર્ભાગ્ય, દુર્દૈવ, કમનસીબ; વિપત્તિ, દુ:ખ.

Mis-giv'ing, મિસ્ગિવિંગ, *n.* (*mis* & give) distrust, doubt. અવિશ્વાસ, શક, અંદેશો, શંકા, સંશય.

Mis-gov'ern-ment, મિસગવર્નમેંટ, *n.* (*mis* & govern) a bad administration. અંધેર કારભાર, ગેરબંદોબસ્ત.

Mis-guide', મિસગાઈડ, *vt.* (*mis* & guide) to mislead. આડે રસ્તે લઈ જવું, ભમાવવું, ઉંધું સમજાવવું.

Mis-hap', મિસહૅપ્, *n.* misfortune, ill chance. હરકત, દુર્ભાગ્ય, દુખકારક બનાવ. [નઠારા કામમાં લાવવું-વાપરવું.

Mis-im-prove', મિસઇમ્પ્રૂવ, *vt.* to use to a bad purpose.

Mis in-form', મિસઇન્ફૉર્મ, *vt.* (*mis* & inform) to tell falsely. ખોટું કહેવું-ખબર આપવી.

Mis'in-ter'pret, મિસઈંટરપ્રેટ્, *vt.* to explain erroneously. ખોટો અર્થ કરવો-સમજાવવો. [તોલ કરવામાં ભૂલ કરવી.

Mis-judge', મિસજજ, *vt.* to judge amiss. વિચાર બાંધવામાં-

Mis-lay', મિસલે, *vt.* to lay in a wrong place; lose. ખોટી જગાએ-ખોટું મૂકવું; જોઈએ ત્યારે જડે નહિ એવી જગાએ-આડું અવળું-દાબે હાથે મૂકવું, ગેરવલ્લે પાડવું, ખોવું.

Mis-lead', મિસલીડ, *vt.* to lead into error. ભૂલ ખવડાવવી, ભમાવવું. [લાવવું, ખરાબરીતે વહિવટ કરવો.

Mis-man'age, મિસમૅનેજ, *vt.* to manage ill. અંધેર ચ-

Mis-rep-re-sent', મિસરેપ્રિઝેંટ, *vt.* to state falsely. ખોટી હકીકત-મજકુર કહેવો-સમજાવવો. [વ્યવસ્થા, ગેરબંદોબસ્ત.

Mis-rule', મિસરૂલ, *n.* confusion, disorder. અંધેર, અ-

Miss, મિસ, *n.* (L. *magistra*) unmarried woman. કુંઆરી બૈરી કે છોકરીના નામની પહેલાં માનાર્થે બોલવાનો શબ્દ, બાઈ.

Miss, મિસ, *vt.* (AS. *missian*) to err; not to hit; to

fail of finding or obtaining; feel the want of; omit. ભૂલવું;નિશાન ચૂકવું–ચૂકી જવું;ભૂલું પડવું,–ને નહિ જડવું, નહિ મળવું, ખોવું;ખોટ–ગરજ માલમ પડવી,ખટકવું;કર્યાવગર રહેવું, પડતું મૂકવું, બંધ રાખવું. [રહેલું, છૂટતું.

Miss'ing, મિસિંગ, *a.* lost, wanting. ખોવાઈ ગયલું, જતું

Mis'sile, મિસિલ, *n.* (L. *mitto* I send or throw) a weapon thrown. છૂટું મારવાનું હથિયાર, અસ્ત્ર. *

Mis'sion, મિશન, *n.* sending; persons sent; duty on which one is sent; station of missionaries. મોકલવું તે, પ્રેરિતત્વ; ધર્મનો ફેલાવો કરવા મોકલેલો માણસ; મેષણહેતુ, દૂતપણાનું કામ, મિશન મંડળનું ઠેકાણું.

Mis'sion-a-ry, મિશનરિ, *n.* one sent to teach religion. ધર્મનો બોધ કરવા મોકલેલું માણસ, પાદરી.

Miss'ive, મિસિવ, *n.* a message or letter sent. મોકલેલો કાગળ. *a.* sent. મોકલેલું, ફેંકેલું.

Mis-state'ment, મિસ્સ્ટેટમેંટ, *n.* a wrong statement. ખોટીરીતે–જેમ હોય તેમ નહિ કહેવું તે.

Mist, મિસ્ટ, *n.* (AS.) fine rain, fog; that which obscures vision. ઝીણો વરસાદ; ધુમર–સ; ઝાંખ, અંધારી.

Mis-take', મિસ્ટેક, *n.* (*mis* & take) unintentional error; misconception. ભૂલ, ચૂક, દોષ; ગેરસમજ, ખોટો વિચાર–અર્થ, ભ્રાંતિ. *vt. i.* to err; understand erroneously; take one person or thing for another. ભૂલવું, ચૂકવું; ખોટું સમજવું, ઉલટો અર્થ કરવો; ભૂલથી જાણવું–ગણવું–માનવું.

Mis-tak'en, મિસ્ટેક્ન, *a.* misunderstood; wrong, be in error. ખોટું સમજાયલું; ચૂકયું હોય એવું, ભૂલ ભરેલું, ખોટું. [ten Mr. શેઠ, સાહેબ, 'મિસ્તર'.

Mis'ter, મિસ્ટર, *n.* (L. *magister*) sir, master-writ-

Mis'tress, મિસ્ટ્રેસ, *n.* female head of a family, a skilful woman; a female teacher; sweat heart, concubine. કુટુંબ કે ઘરની વડી સ્ત્રી, ઘરધણિયાણી, શેઠાણી; કુશળ-નિપુણ સ્ત્રી; ભણાવનારી-નિશાળ ચલાવનારી સ્ત્રી; પ્રિયા; પ્યારી સ્ત્રી; રાખેલી સ્ત્રી, ઉપપત્ની.

Mis-trust, મિસ્ટ્રસ્ટ, *n.* suspicion. અણવિશ્વાસ, અપતિજ. *vt.* to doubt. અપતિજ આવવી, શંકા-વહેમ ઉપજવો.

Mis-trust'ful, મિસ્ટ્રસ્ટફુલ, *a.* suspicious. અણવિશ્વાસી, વહેમ ભરેલું. [ધુમસવાળું; ઝાંખું.

Mist'y, મિસ્ટિ, *a.*(As. *mist* darkness)foggy; cloudy,

Mis-un-der-stand', મિસ્અંડર્સ્ટૅંડ, *vt.* to take in wrong sense. ખોટો-ઉંધો અર્થ કરવો-સમજવો. [લેવું; દુ:ખ દેવું, મારવું.

Mis-use', મિસ્યૂઝ, *vt.* to abuse; illtreat. અયોગ્ય કામમાં

Mite, માઇટ, *n.* (Fr. *mite* minute)small insect; coin; minute object. જીવડું; ૧૪ પૈની કિંમતનો સિક્કો; લેશ, રતી.

Mit'i-gate, મિટિગેટ, *vt.* (L. *mits* mild)to reduce, alleviate. ઓછું-કમી કરવું, નરમ-શાંત-ઠંડું પાડવું.

Mit're, મિટર, *n.* (L. *mitra* head-dress) bishop's cap. ધર્માધ્યક્ષનો મુગટ. [the hand. વગર આંગળાંનું હાથનું મોજું.

Mit'ten, મિટન, *n.* (Gael. *mutan* hand) a cover for

Mix, મિક્સ, *vt.* (As. mixan) to blend; unite. ભેળવું, મેળવવું, મિશ્ર કરવું; સોબત કરવી, ભળવું.

Mix'ture, મિક્સચ્યૂર,*n.*compound. ભેળ,મેળવણી, મિશ્રણ.

Mizz'le,મિઝ્લ,*vi.*(Eng. mist)to rain in fine drops; vanish,steal away.ઝરમર ઝરમર વરસવું;છાનામાના જતાં રહેવું.

Mne-mon'ic, નીમૉનિક્, *a.* (Gr. *mneme* memory)assisting the memory. સ્મરણશક્તિને મદદ આપે એવું. સ્મૃતિસહાયક. *pl.* સ્મરણશાસ્ત્ર–વિદ્યા.

Moan,મોન,*n.*(AS.*mænan*) lamentation,groan,wail, દુઃખથી નિકળતો અફસોસનો અવાજ,હાય,વિલાપ,કણવું તે.*vt.i.* to mourn. વિલાપ કરવો. [કિલ્લાની આસપાસની ખાઈ, ચર.

Moat,મોટ,*n.*(It. *mota* mud)a ditch round a castle.

Mob,મૉબ્,*n.*(L. *movere* to move & vulgus the people) a riotous crowd. તોફાની–હુલડ કરનાર લોકની જમાવ–ટોળું, ધાડું. [moved. ચંચળતા, ચપળતા; ચાલવાની શક્તિ

Mo-bil'i-ty, મોબિલિટિ,*n.* activity; capacity of being

Mock,મૉક્,*a.*(Gr.*muccen*)false, counterfeit.ખોટું,નકલી, બનાવટી.*vt. i.* to deride; ape.મશ્કરી કરવી;ચાળા પાડવા.

Mock'er-y, મૉકરી, *n.* derision; scorn; subject of laughter, sport; vain effort; false show. ચાળા પાડવા તે; ચેષ્ટા, રીસ ચડે એવી મશ્કરી; જેની મજાક થાય તે, હાસ્યાસ્પદ; ખાલી–નકામી મહેનત; ઢોંગ, જૂઠો વેષ.

Mode,મોડ,*n.* (L. *modus* measure) method; fashion; condition; form. રીત, ઢબ, ચાલ; રૂઢી, રિવાજ; અવસ્થા, સ્થિતિ; રૂપ, આકાર.

Mod'el, મૉડેલ, *n.* a patern; a mould; a standard. નમુનો, દાખલો; ડોળિયું; બીબું, ઓઠું, સાંચો; પ્રમાણ, માપ, ધડો. *vt.* to form, shape. ઘડવું, બનાવવું, નમુના પ્રમાણે કરવું, પાડવું.

Mod'er-ate, મૉડરેટ, *a.* (L. *modus*) temperate; of middle extent or rate; not violent; not extreme in party spirit. માફક-રીતસર કરનાર, નિયમિત, મિતાહારી; મધ્યમ, સાધારણ; નરમ; નિષ્પક્ષપાત, મધ્યમ ભાવિક-આસ્થિક. *vt.* to allay. શાંત-નરમ પાડવું, ઓછું કરવું.

Mod-er-a'tion, મૉડરેશન, *n.* temperance, frugality; equanimity. મધ્યમતા, મર્યાદશીલતા, નરમાસ, વિવેક; કરકસર, મિતવ્યય; શાંત સ્વભાવ, સમાનવૃત્તિ.

Mod'ern, મૉડર્ન, *a.* (L. *modo* only, just now & *era*) of the present time. હાલનું, હમણાનું, અર્વાચીન, આધુનિક.

Mod'est, મૉડેસ્ટ, *a.* (L. *modus* diffident) chaste. શરમાળ, વિનયી, લજ્જા-મર્યાદશીલ; સાધ્વી, સતી, પતિવ્રતા.

Mod'est-y, મૉડિસ્ટિ, *n.* propriety of manner; chastity. મર્યાદા, લજ્જા, શરમ, વિનય, નમ્રતા; પતિવ્રતાપણું.

Mod'i fy, મૉડિફાઇ, *vt.* (L. *modus* & *facio*) to change; moderate. ફેરવવું, બદલવું, રૂપાંતર કરવું; ઓછું-નરમ પાડવું.

Mod'u-late, મૉડ્યુલેટ, *vt.* (see mode) to vary sounds સૂર ચઢાવવો ઉતારવો-બદલવો-મેળવવો. [હિસ્સો.

Moi'e-ty, મૉયિટિ, *n.* (Fr. *moitie*) half. અર્ધ ભાગ, નીમે

Moil, મૉઇલ, *vi.* (L. *moliri* to toil) to work with painful effort. ઘણી મહેનતથી કામ-અતિશ્રમ કરવો. [સરદીવાળું.

Moist, મૉઇસ્ટ, *a.* (Fr. *moite*) damp, humid. હવાયલું,

Moist'en, મૉઇસન, *vt.* to wet slightly. સરદીવાળું–ભીનું
Mois'ture, મૉઇસટ્યૂર, *n.* dampness. સરદી, ભીનાસ. [કરવું.
Mo'lar, મોલર, *a.* (L. *mola* mill) adapted to grind.
ચાવવાના. *n.* double tooth. દાઢ. [sugar, treacle. ગોળ.
Mo-lass'es, મોલૅસીઝ, *n.* (L. *mel* honey) the syrup from
Mole, મોલ, *n.* (AS. *mal*) a spot on skin; pier; an
animal. શરીરપરનો તલ, લાંછન; બાંધ, પુશ્તો, ડક્કો; છછુંદર, ચેણ.
Mol'e-cule, મોલીક્યૂલ, *n.* (L. *moles* a mass) a small
particle. અણુ, પરમાણુ. [હેરાન કરવું, તસદી આપવી, પજવવું.
Mo-lest', મોલેસ્ટ, *vt.* to trouble, annoy. ઉપદ્રવ–ઇજા–
Mo-lest-a'tion, મોલેસ્ટેશન, *n.* annoyance. ઉપદ્રવ, ઇજા, તસદી.
Mol'li-fy, મૉલિફાઇ, *vt.* (L. mollis soft & *facio*) to soft-
en, assuage, appease, qualify. નરમ પાડવું, સમાવવું;
શાંત કરવું, કમી–હલકું કરવું. [no bones. માંસરૂપી પ્રાણી.
Mol'lusc, મોલસ્ક, *n. pl.* animal having soft body &
Mo'ment, મોમેંટ, *n.* (L. *moveo* I move) an instant; con-
sequence; impulsive power. પળ, ક્ષણ; અગત્ય, દરકાર,
ભાર, ભાવ; જોર, ઉત્તેજન. • [ક્ષણભંગુર, થોડીવાર ટકે એવું.
Mo'ment ar-y, મોમેંટરિ, *a.* lasting a moment only
Mo-ment'ous, મોમેંટસ, *a.* important. ભારે, વજનદાર.
Mo-ment'um, મોમેંટમ, *n.* moving. ચાલવાનું જોર, ગતિ, વેગ.
Mon'ad, મૉનેડ, *n.* (L. *monos* alone) an atom. પરમાણુ.
Mon'arch, મૉનર્ક, *n.* (Gr. *monos* & *archos* chief) a
sole ruler; a king; a superior. સ્વતંત્ર રાજા, મહારાજ,

અધિરાજ, શહેનશાહ; રાજા, ભૂપ; પતિ, અધિપતિ, શિરોમણી.

Mon'arch-y, મૉનર્કિ, *n.* government rested in one man; a kingdom. સ્વતંત્ર રાજાની સત્તા-રાજ્ય, એકાધિપત્ય; રાજ્ય. [house for monks. મઠ, આશ્રમ, મુનિવાસ.

Mon'as-ter-y મૉનૅસ્ટરિ, *n.* (Gr. *monos* alone) a

Mon'e-ta-ry, મૅનિટેરિ, *a.* (L. *moneta*) relating to money.

Mon'ey, મનિ, *n.* coin; cash. પૈસો, નાણું. [પૈસાવિષે-નું.

Mong'er, મંગર, *n.* (L. *mango* a trader) a trader, a dealer. વેચનાર, વેપારી. [breed. મિશ્રજાતનું, સંકર.

Mon'grel, મંગ્રેલ, *a.* (AS. *mengan* to mix) of mixed

Mon'i-tor, મૉનિટર, *n.* (L. *moneo* I warn) one who warns; a subordinate instructor. ચેતવણી આપનાર, ઉપદેશ કરનાર; વડો નિશાળિયો, માનીટર. [સંસારત્યાગી પુરૂષ.

Monk, મંક, *n.* (Gr. *monos* alone) friar, recluse. મઠવાસી-

Mon-o-ma'ni-a, મૉનોમેનિયા, *n.* (Gr. *monos* & *mania* madness) madness on one point. એકજ બાબતમાં ગાંડાપણું.

Mon-op'o-ly, મૉનૅપોલિ, *n.* (Gr. *monos* & *poles* I sell) sole power of selling, &c. કોઈ જાતનો માલ વેચવાનો એક માણસેજ મેળવેલો હક, મકતો.

Mon-o-syl'la-ble, મૉનોસિલેબલ, *n.* (Gr. *monos* & *syllabe*) a word of one syllable. એકાક્ષરી શબ્દ.

Mon'o-tone, મૉનોટોન, *n.* (Gr. *monos* & *tonos* tone) unvaried tone. એકસરખો સ્વર. [એકસરખાપણું.

Mon-ot'o-ny, મૉનૅટોનિ, *n.* sameness. એકસરખો સ્વરભેદ,

Mon'soon, મૉનસૂન, *n.* (Ar. *mausim* a time) a periodical wind. ચોમાસુ.

Mon'ster, મૉન્સ્ટર, *n.* (L. *moneo* I show) something horrid or unnatural.રાક્ષસ;દૈત, ભયંકર આકૃતિ.[ભયંકર.

Mon'strous, મૉન્સ્ટ્રસ, *a.* unnatural; dreadful. રાક્ષસી,

Month, મંથ, *n.* (AS. *mona* the moon) 12th part of year. મહિનો, માસ.[morial.જેથી સ્મરણ રહે એવો પદાર્થ.

Mon'u-ment, મૉન્યુમેંટ, *n.* (L. *moneo* I remind) a me-

Mood, મૂડ, *n.* (L. *modus*) manner; custom, state; disposition. રીત; રિવાજ; ચાલ; હાલત, સ્થિતિ; પ્રકૃતિ, મિજાજ, મનની સ્થિતિ; અર્થ. [ખીજવાયલું.

Mood'y, મૂડિ, *a.* peevish, fretful. ચિડિયું, ગુસ્સામાં રહેલું,

Moon, મૂન, *n.* (AS. *mona*) luminary of night. ચંદ્ર.

Moor, મૂર, *n.* (AS. *mor*) a heath. ભીનાશ ને ઘાંસવાળું મેદાન.

Moor, મૂર, *vt.* (AS. *merran* to hinder) to make fast vessel. નાંગરવું, વહાણને લંગર નાખી બાંધવું.[નાગરવાની જગા.

Moor'age, મૂરેજ, *n.* a place of mooring ships. વહાણ

Moor, મૂર, *n.* (Dut.) a black man. સીધી, હબસી.

Moot, મૂટ, *vt.* (AS. *motion*) to discuss, debate. વિષે વિચાર—તકરાર—ચર્ચા કરવી. *a.* disputable. તકરારી, ખોલાસો થયો નહિ હોય એવું.

Mop, મૉપ, *n.* (W.) strips of cloth, &c. an handle. કુચડો, કુંચો. *vt.* to clean with a mop. કુંચાવડે સાફ કરવું.

Mope, મોપ, *vi.* (Dut. *moppen* to pout) to be gloomy. ઉદાસ–ખિન્ન થઈને બેસી રહેવું.

Mopish, મોપિશ્, *a.* dull, spiritless. ઉદાસ, ખિન્ન.

Mo'ral, મૉરલ, *n.* (L. *moris* manner) practical lesson. સાર, તાત્પર્ય, ભાવાર્થ. *a.* virtuous. નીતિમાન, નેક, ધાર્મિક.

Mo-ral'i-ty, મોરૅલિટિ, *n.* practice of moral duties, virtue. નીતિ, કરવા નહિ કરવાનો વિચાર; સદાચાર; નેકી.

Mor'als, મૉરલ્ઝ, *n. pl.* the practice of life. નીતિ, નીતિવિદ્યા, આચરણ, વર્તણુક, આચાર. [પોચી ને ભીની જમીન.

Mo-rass', મોરૅસ, *n.* (Ger. *morast*) a marsh, fen.

Mor'bid, મૉર્બિડ્, *a.* (L. *morbus* a disease) not sound or healthy. રોગી, વિકારી.

More, મોર, *a.* (AS. *mare*) greater in number, &c. વધારે, અધિક, જયાદે, ઘણું, બીજું, વધુ. *ad.* to greater degree. ઘણું, વધારે, અધિક." [said. વળી, બીજું, દીગર, ઉપરાંત.

More-o'ver, મોરઓવર, *ad.* beyond what has been

Morn, Morn'ing, મૉર્ન, મૉર્નિંગ, *n.* (AS.) the 1st time of day. સવાર, પ્રાતઃકાળ. [સદા ઉદાસ, ખળીઅલ, કરડું, ચિઢિયું.

Mo-rose', મોરોઝ, *a.* (L. *mos* manner) of sour temper.

Mor'phi-a, મૉરફિયા, (Gr. *mopheus* god of dreams) an alkali from opium. અફિણનો સત્વાંશ.

Mor'row, મૉરો, *n.* (AS. *morgen*) next day. આવતો કાલ, બીજો દિવસ. [ટુકડો, કોળિયો, ગ્રાસ, બૂક, ડચકા.

Mor'sel, મૉર્સલ, *n.* (L. *mordeo* I bite) a piece. કકડો,

Mor'tal, મૉર્ટલ, *a.*(L.*mors* death) subject to death; deadly; tormenting; human. મરણાધીન,મર્ત્ય, નાશવંત; પ્રાણઘાતક, જીવલેણ, નાશકારક; કંટાળા ભરેલું; દુ:ખ-પીડાનું; માણસજાતનું. *n.* a human being. માણસ, મનુષ્ય.

Mor-tal'i-ty,મૉર્ટલિટિ,*n.*subjection to death,frequent death. મરણાધીનતા, મર્ત્યતા; મોત, મરણની સંખ્યા.

Mor'tal-ly, મૉર્ટલિ, *ad.* fatally. મરણતોલ, અતિશય, બેહદ.

Mor'tar, મૉર્ટર, *n.* (L. *mordeo* I bite) a cement for building; a vessel for pounding with pestle ; a short cannon. ખરચી ચુનો, ગારો, કૅાલ; ખાંડણી, ખાણણી, ખલ; છરાના ગોળા ભરવાની ટોપ, ગરનાળ.

Mort'gage, મૉર્ગેજ, *n. vt.* (Fr. *mort* dead & *gage* pledge) pledge as security. ગીરવી મૂકવું તે; ઘરેણે રાખવું. [is given. ગીરવી રાખનાર-લેનાર.

Mort-ga-gee', મૉર્ટગેજી, *n.* one to whom a mortgage

Mor-ti-fi-ca'tion, મૉર્ટિફિકેશન, *n.* (L. *mors* death & *facio*) gangrene; self-denial; humiliation. સડો, બગાડ; મન મારવું તે, ઈંદ્રિયદમન; માનભંગ, ફજેતી.

Mor'ti-fy,મૉર્ટિફાઈ,*vt. i.* to destroy vitality;subdue; humble. -થી બગડી-સડી જવું; મન મારવું-વશ કરવું; માનભંગ કરવું, પાણી ઉતારવું, ઉતારી પાડવું, હલગીર-ઉદાસ કરવું.

Mor'tise, મૉર્ટિસ, *n.* (Fr. *morttaise*) tenon socket. જેમાં સાલ બેસે તે-સાલનો વેહ. *vt. vi.* to cut for tenon. સાલ બેસાડવા વહે પાડવો, સાલ બેસાડવું.

Mor'tu-a-ry, મોટ્યુઅરિ, *a.* (L. *mortuus* dead) belonging to the burial of the dead, મુડદાંને દાટવા સંબંધી.

Mosque, મૉસ્ક, *n.* (Ar. *masjid*) a Mohamedan house of worship. મસીદ.

Mos'qui-to, મૉસ્કીટો, *n.* (L. *musca* a fly) a stinging fly, gnat. મચ્છર, ડાંસ.

Moss, મૉસ. *n.* (AS. *meos*) lichen. લીલ.શેવાળ.

Most, મોસ્ટ, *a.* (AS. *mæst*) greatest. સહુથી ઘણું—વધારે, ઘણુંખરૂં—કરીને સર્વે. *n.* greatest number. મહોટી સંખ્યા.

Most'ly, મોસ્ટલિ, *ad.* for greatest part. ઘણું કરીને.

Mote, મોટ, *n.* (AS. *mot* dust) a small particle. આણુ, કણુ; રજ.

Moth, મૉથ, *n.* (Ger. *motte*) a winged insect. પતંગિયું. ઉધાઈ, કંસારી,

Mother, મધર, *n.* (L. *mater*) a female parent. મા, માતા, માડી, જ. *a.* native. સ્વાભાવિક, જન્મનું.

Moth'er-wit, મધરવિટ, *n.* native wit. સ્વાભાવિક બુદ્ધિ.

Mo'tion, મોશન, *n.* (L. *motum* to move) a change of place; movement; gait; internal action; proposal made; a stool. હાલચાલ, ગતિ, ગમન; ગમનશક્તિ; ચાલવાની રીત—ઢબ, ચાલ, હિલચાલ; મનોવિકાર—વૃત્તિ, છાતી પિગળવી—ભરાઈ આવવી—ફાટવી તે; સૂચના; દરખાસ્ત; ઝાડો, દસ્ત.

Mo'tion less, મોશનલેસ, *a.* quiescent. સ્થિર, અચળ, સ્તબ્ધ.

Mo'tive, મોટિવ, *n.* inducement; reason, cause. હેતુ; કારણ, સબબ, નિમિત્ત. *a.* causing to move. ચલાવનાર, પ્રવર્તક,

Mot'ley, મૉટલે, *a.* (W. *ysmot* a spot) variegated in co-

lour;mixed up of various parts.ચિત્રવિચિત્ર;પંચમેળ.

Mo'tor, મોટર, *n.* (See move) a mover. ચલાવનાર.

Mot'to, મૉટો, *n.* (It.) a sentence prefixed to an essay,&c.; inscription. વાક્ય, વચન; મુદ્રાલેખ, મથાળે લખેલું વચન. [મટોડી; ફૂગ, ઉબ.

Mould, મોલ્ડ, *n.* (AS. *molde*) soft earth. પાચી-નરમ

Mould, મોલ્ડ, *n.*(L.*modulus*) matrix; cast, form.બીબું, આકું, સાંચો; કાળ, ઘાટ. *vt.* to shape. ઘડવું,પાડવું,બનાવવું.

Moult, મોલ્ટ, *vi.* (Fr. *muer*) to shed hair, feathers, horns, &c.-ના વાળ-પીછાં-શીંગડાં ઈ૦ ખરી-ઉતરી પડવાં.

Mound, માઉંડ, *n.* (AS. *mund* a defence) a bank to fortify; a hillock. બાંધ, પુસ્તો; ટેકરી, ડુંગરી.

Mount, માઉંટ, *n.* (L. *montis* a mountain) a hill; a mound. ડુંગર, ટેકરી; બાંધ, પુસ્તો..*vi.* to raise; get on horse ; amount. ઉપર ચઢવું, ઉંચે જવું ; ઘોડાપર ચઢવું, સ્વાર થવું; એકંદર-જુમલે થવું.*vt.*to ascend; raise aloft. ચઢવું, ઉપર બેસવું; ઉંચું કરવું-ચઢાવવું.

Mount'ain, માઉંટેન, *n.* very high hill. પહાડ, પર્વત.

Mount-ain-eer', માઉંટેનીર, *n.* dweller on a mountain. પહાડપર રહેનાર, પર્વતવાસી. [વાળું; પર્વત જેવું-ઘણું મહોટું.

Mount'ain-ous, માઉંટેનસ, *a.* hilly; huge. પહાડી, પહાડ-

Mount'e-bank, માઉંટબેંક, *n.* (It.) a quack; pretender. ઢોંગી-ઉંટવૈદ; ઢોંગી, ખોટો ભભકો દેખાડનાર.

Mourn,મોર્ન,*vt.i.*(Fr. *morne* sad) to grieve, lament, શોક-વિલાપ કરવો, દલગીર થવું, રડવું. [કારક-ભરેલું, દલગીર.
Mourn'ful, મોર્નફુલ, *a.* expressing grief. શોખ-દુ:ખ-
Mourn'ing, મોર્નિંગ, *n.* sorrowing; dress of mourners. શોક, દલગીરી, દુ:ખ; શોખનો પોશાક-લુગડાં. [ઉંદર.
Mouse,માઉસ, *n.* (AS.*mus*) a small rodent animal.
Mous'tache,મુસ્ટેશ,*n.* (Gr. *mustax*) the hair on the upper lip. મૂછ. [food;orifice.મહોડું,મુખ,વદન;દ્વાર,બાકું.
Mouth, માઉથ, *n.* (AS. *muth*) opening in head for
Mouth'ful, માઉથફુલ, *n.* as much as the mouth holds at once. કોળિયો, ગ્રાસ, ઘુટડો; લેશમાત્ર, થોડું.
Mouth'piece, માઉથપીસ, *n.* part of an instrument for the mouth; one who speaks for another. મહોડેથી વગાડવાનો વાજાનો ભાગ; બીજાની વતી બોલનાર.
Mov'a-ble, મુવૅબલ, *a.* (L. *moveo*) that can be moved; changing.એક જગાથી બીજીએ લઈ જવાય એવું, જંગમ, ચળ, બદલાતું, ફરતું, અસ્થિર. [ગમ માલ-મિલકત.
Mov'a-bles, મુવૅબલ્ઝ, *n.* furniture, goods, &c. જં-
Move, મૂવ, *vt. i.* to set in motion; excite; affect; change place; propose or recommend; persuade. હલાવવું,ચલાવવું,ગતિ આપવી,ચાલું કરવું; ઉશ્કેરવું, જાગૃત કરવું; અસર કરવી,-નું મન પિગાળવું;ખસેડવું,બીજી જગાએ લેઈ જવું; દરખાસ્ત કે ભલામણ કરવી; મન માનવું, સમજાવવું,લલચાવવું.
Move'ment, મૂવમેંટ, *n.* change of position; way of

moving; agitation. એક જગાથી બીજીએ જવું તે, સ્થલાંતર, હાલવું ચલાવવું તે, ચલનવલન; ચાલ, ગતિ; ગભરાટ.
Mow,મો,*n.*(AS.*mowan*) hay-rick. ઘાસની ગંજી—ઢગ. *vt.* to cut down with scythe.દાતરડાએ ઘાસ કાપવું-વાઢવું.
Much, મચ,*a.*(AS.*micel*) great in quantity.ઘણું,બહુ; *n.* a great deal. ઘણું, મહોટી વાત. *ad.* by far. પુષ્કળ.
Muck,મક,*n.* (AS. *meox*) moist dung; anything filthy.છાણ, ખાતર, કહોઈ ગયલો કચરો; નકામો ગંધાતો પદાર્થ.
Muc'id, મ્યૂસિડ્, *a.* (L. *mungo*) musty, slimy.ચિકણું.
Mu'ci-lage,મ્યૂસિલેજ,*n.* a slimy mass or body.ચિકણી
Mu'cous,મ્યૂકસ,*a.*slimy,viscous.ચિકણું. [ચીજ, ચિકાસ.
Mu'cus, મ્યૂકસ, *n.* a slimy fluid from nose &c.મળ, ચિકણો પદાર્થ,કફ, ગળફો,બળગમ; ગાળો,આમ, લીંટ. [ચિપલ.
Mud,મડ, *n.*(Sw.*modd*) wet earth, mire. કાદવ,કીચડ,
Mud'dle,મડલ, *vt.* to make muddy or confused; intoxicate.ડહોળી નાખવું,મેલું કરવું;કેફી કરવું. [હાથનાં મોજાં.
Muff,મફ,*n.*(Ger.*muff* a sleeve)cover for hands.ગરમ
Muf'fin, મફિન, *n.* a light cake. એક જાતની પૂરી.
Muf'fle, મફલ, *vt.* to cover or wrap close; conceal. ગરમ લૂગડું ઓઢવું-વિટવું; સંતાડવું, છુપાડવું.
Mug, મગ, *n.* (Ir. *mugan*) a cup. પ્યાલું, પવાલું, જામ.
Mug'gy, મગિ, *a.* moist.ભીનું, હવાયલું. [the fruit.સેતુર.
Mul'berr-y, મલબેરિ, *n.*(L. *morus*)the tree.સેતુરનું ઝાડ;

Mulct, મલ્કટ, *n.* (L. *mulcto* I fine) a fine. પૈસાનો દંડ, ગુન્હેગારી. *vt.* to fine. દંડ કરવો. [ass. ખચ્ચર.

Mule, મ્યૂલ, *n.* (AS. *mul*) offspring of horse and

Mul'ish, મ્યૂલિશ, *a.* like a mule; stubborn. ખચ્ચર સરખું; અડિયેલ, હઠીલું. [મસાલો નાખી ઉકાળવું-હુંનું કરવું.

Mull, મલ, *vt.* (L. *mollio* I soften) to heat & spice.

Mul-ti-fa'ri ous, મલ્ટિફેરિઅસ, *a.* (L. *multus* many & *varius*) having a great variety. અનેક પ્રકારનું, જાતજાતનું. [આકારનું, બહુરૂપી.

Mul'ti-form, મલ્ટિફોર્મ, *a.* having various forms. ઘણા

Mul'ti-ped, મલ્ટિપેડ, *a.* (L. – & *pedis*) having many feet. ઘણા પગવાળું, બહુપગી. [sible by another. ભાજ્ય.

Mul'ti-ple, મલ્ટિપલ, *n.* (L. – & *plico*) a number divi-

Mul-ti-pli-ca'tion, મલ્ટિપ્લિકેશન, *n.* act of multiplying. વધારવું તે, વૃદ્ધિ, ગુણાકાર. [કરવી, વધારવું, ગુણવું, ગુણાકાર કરવો.

Mul'ti-ply, મલ્ટિપ્લાઇ, *vt.* to increase in numbers. વૃદ્ધિ

Mul'ti-tude, મલ્ટિટ્યૂડ, *n.* a great number; an assemblage. ઘણું, પુષ્કળ, મ્હોટી સંખ્યા; જમાવ, જથો, મેળાવડો, લોક, દુનિયા. [બીજીને બોલવું, બબડવું, ગણગણવું.

Mum'ble, મમ્બલ, *vi.* (Ger.) to mutter. અસ્પષ્ટ-હોઠ

Mum'mer-y, મમરિ, *n.* (Dut. *mom* mask) farcial show; sport in masks; foolery. ખાલી ઢોંગ-ડાડમાડ; મ્હોડાં પહેરીને કરેલો ખેલ; તરકડિયાનો ખેલ; નીચ રમત.

Mum'my, મમિ, *n.* (Ar. *mum* wax) embalmed body. ખુશબો ભરીને રાખેલું મુડદું. [neck. ગળસણું, ગળાનું દરદ.
Mumps, મમ્પ્સ, *n.* (Ger.) swelling of glands of the
Munch, મન્ચ, *vt. i.* (Fr. *manger*) to chew greedily. મહોટા કોળિયા કરીને ખાવું. [world. આલોકનું, દુનિયાનું, ઐહિક.
Mun'dane, મન્ડેન, *a.* (L. *mundus* the world) of this
Mun'goose, મંગૂસ, *n.* an animal. મંગુસ, નોળિયો.
Mu-nic'i-pal, મ્યૂનિસિપલ, *a.* (L. *munia* official duties & *capio*) pertaining to city or state. શહેર સુધરાઇનું; રાજ્યનું, મુલકી. [*facio*) liberality. ઉદારતા, સખાવત.
Mu-nif'i-cence, મ્યૂનિફિસન્સ, *n.* (L. *munus* gift &
Mu-nif'i-cent, મ્યૂનિફિસંટ, *a.* generous. ઉદાર, સખી, ઘેતાળ.
Mur'der, મર્ડર, *n.* (AS. *mors* death) killing with malice. ખુન, મનુષ્ય હત્યા. *vt.* to kill. ખુન કરવું.
Mur'der-er, મર્ડરર, *n.* assasin. ખુન કરનાર, ખુની, હત્યારો.
Murky, મર્કિ, *a.* (AS. *myrc*) dark, gloomy. કાળું, અંધારૂં.
Mur'mur, મર્મર, *n.* (L.) complaint; low sound. બડબડાટ, કકલાટ; ખળખળાટ, ઘુઘવાટો, કલકલ. *vi.* to mutter, complain; purl. બબડવું, કકલવું, કકલાટ કરવો; ઘુઘુ કરવું, કલકલવું. [among cattle. ઢોરને થતો જીવલેણ રોગ.
Mur'rain, મરેન, *n.* (L. *mori* to die) a disease
Mus'cle, મસલ, *n.* (L. *musculus*) fleshy fibre. માંસના તંતુ-દોરી, સ્નાયુ, માંસરજ્જુ. [બૂત; માંસતંતુનું.
Mus'cu-lar, મસ્કયુલર, *a.* strong; brawny. જબરૂં, મજ-.

Muse, મ્યૂઝ, *vi.* (Fr. *muser* to trifle) to think deeply. ચિંતન-મનન-બારીકાઈથી વિચાર કરવા,ધ્યાન ધરવું. *n.* a deep thought. ઉંડો વિચાર. [સ્વતી, વાગ્દેવી.

Muse, મ્યૂઝ, *n.* (L. *musa*) the deity of poetry. સર-

Mu-se'um, મ્યુઝિઅમ, *n.* (L.) place for curiosities, &c. ચમત્કારિક પદાર્થ સંગ્રહ, સંગ્રહસ્થાન.

Mu'sic, મ્યૂઝિક્, *n.* (L. *musica*) science of harmonical sounds; melody, harmony. ગાયન-વાદ્યવિદ્યા, સંગીતશાસ્ત્ર; સુસ્વર, સ્વરમાધુર્ય, ગાયન. [કસ્તુરી; કસ્તુરી મૃગ.

Musk, મસ્ક, *n.* (L. *muscus*) strong scent; an animal.

Mus'ket, મસ્કિટ્, *n.* (L. *muska* a fly) a fire arm. બંદુક.

Mus'lin, મઝ્લિન્, *n.* (Fr. *mousseline*) fine cotton cloth.

Must, મસ્ટ, *vi.* (AS. *most*) be obliged. જોઈએ, પડવું. [મલમલ.

Mus'tache, મુસ્ટૅશ, *n.* (Fr.) hair on upper lip. મુછ.

Mus'tard, મસ્ટર્ડ, *n.* (Fr. *moustarde*) a plant & its seeds. રાઈનો છોડ, રાઈ.

Mus'ter, મસ્ટર, *vt. i.* (L. *monstro* I show) to collect, એકઠું કરવું-મળવું-થવું. *n.* a register. લશ્કરની હાજરી.

Mus'ter-roll, મસ્ટરરોલ, *n.* a list of forces. લશ્કરનું હાજરીપત્રક. [વાળું, ઉતરી ગયલું, વાસી.

Must'y, મસ્ટિ, *a.* (L. *muceo*) mouldy, stale. ફૂગ-ઉબ-

Mu'ta-ble, મ્યૂટેબલ, *a.* (L. *muto* I change) subject or given to change. બદલાઈ-ફરી જાય એવું, અસ્થિર, ચલિત.

Mu-ta'tion, મ્યૂટેશન, *n.* change. ફેરફાર, બદલવું તે.

Mute, મ્યૂટ, *a.* (L. *mutus*) silent; dumb; not pronounced. ચૂપ; મૂંગું, બોલતું નહિ હોય એવું; જેનો ઉચ્ચાર થતો નથી એવું *n.* a dumb person. મૂગો માણસ.
Mu'ti-late, મ્યૂટિલેટ, *vt.* (L. *mutilo* maimed) to mangle; maim. અગત્યનો ભાગ ભાંગી–કાઢી નાખી બગાડવું, બાંડું કરવું; હાથપગ કાપી નાખવા; પાંગળું–લૂલું–અંગછેદન કરવું.
Mu'ti-nous, મ્યૂટિનસ, *a.* (L. *motus* movement) seditious. ફિતુરી, ફિસાદી, બળવા–બંડખોર.
Mu'ti-ny, મ્યૂટિનિ, *n.* an insurrection. બંડ, બળવો. *vi.* to rise against authority. ઉપરીની સામા થવું, બંડ ઉઠાવવું.
Mut'ter, મટર, *vi.* (L. *mutus*) to speak low. કોઈ ન સાંભળે એમ રોસમાં બોલવું, બબડવું, લવારો કરવો. [માંસ–ગોસ.
Mut'ton, મટન, *n.* (Fr. *mouton*) sheep's flesh. મેંઢાનું
Mu'tu-al, મ્યૂટ્યૂઅલ, *a.* (L. *muto* I change) reciprocal. અરસપરસનું, અન્યોન્ય, પરસ્પર, માહોમાહેનું.
Muz'zle, મઝલ, *n.* (It. *muso*) a mouth; fastening for mouth. જાનવરનું મ્હોડું–નાક–ડાચું, તોપ વગેરેનું મ્હોડું; બળદ વગેરેને મ્હોડે બાંધવાની જાળી, મહોડી. *vt.* to fasten up mouth; restrain from hurting. જાળથી મ્હો બંધ કરવું, મહોડી ઘાલવી; ઈજા–નુકસાન નહિં કરવા દેવું.
My, માઈ, *pro.* (AS. *min*) belonging to me. મારું.
Myr'i-ad, મિરિઍડ, *n.* (Gr. *marias* numberless) ten thousand. દશહજાર, અયુત. [soldier. જુલમગાર શિપાઈ.
Myr'mi-don, મરમિડૅમ, *n.* (L. *myrmex* an ant) a rouge

Myrrh. મર, *n.* (L.) a gum-resin. બોળ, હીરાબોળ.
Mys-te'ri ous, મિસ્ટેરિઅસ, *a.* (L. *mysterium*) obscure, secret. ન સમજાય એવું, ગૂઢ, ગહુન. [વાત, મર્મ, ભેદ, રહસ્ય.
Mys'te-ry, મિસ્ટરિ, *n.* something obscure. છાની રાખેલી
Mys'ti-fy, મિસ્ટિફાઇ, *vt.* to perflex designedly. ભમાવવા-સારૂ મર્મ ભરેલું-ગૂઢ કરવું-દેખાડવું. [કલ્પિત વાત-કથા.
Myth, મિથ, *n.* (Gr. *muthos* a fable) a fable. જોડીકાઢેલી-

N.

Nab, નેબ્, *vt.* (Sw. *nappa*) to catch, seize. પકડવું, ઝુંટવું.
Na'dir, નેડિર, *n.* (Ar.) heavens under feet. અધો બિંદુ.
Nag, નૅગ, *n.* AS. *hnægan* to neigh) a small horse. ઘોડું.
Na'iad, નેયડ્, *n.* (L. *nao* I flow) a water nymph. જળદેવી.
Nail, નેલ, *n.* (AS. *nægel*) a claw; end of fingers; an iron pin; 2¼ inches. પંજો; નખ; ખીલો, ચૂંક, મેખ; સવા બે ઈંચ. [ભોળા-સુધા-નિખાલસપણું.
Na'ive-te, નાઇવટે, *n.* (L. *nativus*) native simplicity.
Na'ked, નેકેડ્, *a.* (AS. *naced*) not covered; defenceless; plain; mere. નાગું, નગ્ન; તદન, બિલકુલ; માત્ર એવું.
Name, નેમ, *n.* (AS. *nama*) title; repute; remembrance. નામ, સંજ્ઞા; આબરૂ, કીર્તિ, માન; સ્મરણ, યાદ. *vt.* to denominate; mention; nominate. નામ પાડવું-આપવું; નામ દેવું-લેવું-કહેવું; નિમવું, ઠેરવવું.

Name'ly, નેમલિ, *ad.* that is to say. એટલે. [નામશરી.
Name'sake, નેમસેક, *n.* a person of the same name.
Nap, નૅપ, *n.* (AS. *hnæppian*) short sleep. ઉંઘનું ઝોકું, અલ્પનિદ્રા. short wool. રૂઆંટી, રૂઆં. [behind. બોચી.
Nape, નેપ, *n.* (AS. *cnæp* the top) joint of neck
Nap'kin, નૅપકિન, *n.* (Fr. *nappe*) a towel, small cloth. હાથ મહોડું લુછવાનો રૂમાલ. [sleep. ઉંઘ-નિદ્રા આણે એવું.
Nar-cot'ic, નાર્કોટિક, *a.* (Gr. *narke* torpor) inducing
Nar-rate', નરેટ, *vt.* (L. *narra-gnarus* knowing) to relate, tell. વર્ણન-નિરૂપણ કરવું, કહેવું.
Nar-ra'tion, નરેશન, *n* relation, rehearsal; story. કથન, વર્ણન; નિરૂપણ; કથા, વાર્તા, ઇતિહાસ. [ન, વૃત્તાંત, વાત.
Nar'ra-tive, નૅરેટિવ, *n.* account of particulars. વર્ણ-
Nar'row, નૅરો, *a.* (AS. *neah* near) not wide; of little extent; straightened; not liberal; close, accurate. સાંકડું; વિશાળ-વિસ્તીર્ણ નહિ એવું; સંકોચિત, ભીડ-તંગીમાં હોય એવું, થોડું, ઉદાર નહિ એવું, કંજુસ; બારીક, ઝીણું, ચાપચીપથી કરેલું. *vt.* to contract. ઘટાડવું, ટુંકું કરવું.
Nar'row-ly, નૅરોલિ, *ad.* closely, hardly, scarcely. બારીકીથી, ચીપીચીપીને, મહા મહેનતે-મુસીબતે, કપાવટે, ભાગ્યે.
Nas'al, નેઝલ, *a.* (L. *nasus* nose) of nose. નાકનું, અનુનાસિક.
Nasc'ent, નૅસંટ, *a.* (L. *nascor* to be born) beginning to exist or to grow. ઉગવા-વધવા માંડતું, ખીલતું નિકળતું.
Nas'ty, નૅસ્ટિ, *a.* (Ger. *nass* wet) dirty, filthy. મેલું, ગંદું.

Na'tal, નેટલ, *a.* (L. *natus* born) pertaining to birth. જન્મનું–સંબંધી. [ment. પ્રજા, લોક, કોમ.

Na'tion, નેશન, *n.* people living under one govern-

Na'tion-al, નૅશનલ, *a.* belonging or common to a nation. પ્રજાનું, લોકસંબંધી, સાધારણ, સામાન્ય, દેશાભિમાની.

Native, નેટિવ્, *a.* natural, not acquired; pertaining to birth-place. કુદરતી, સ્વાભાવિક, જન્મથી મળેલું; સ્વ, જન્મ. *n.* one born in a place. –નો જન્મભૂમિ હોય તે, રહેવાસી.

Na-tiv'ity, નેટિવિટિ, *n.* birth ; time, place of birth. જન્મ, ઉત્પત્તિ, ઉદ્ભવ, ઉદય ; જન્મકાળ–ભૂમિ; જન્માક્ષર.

Nat'u-ral, નૅટ્યૂરલ, *a.* produced by nature, not forced, unaffected; not revealed. સ્વાભાવિક, કુદરતી, જાતનું, અંગનું; સરળ, સાહજિક, પોતાની મેળે થયલું; ઢોંગ વગરનું. અકૃત્રિમ; ઇશ્વરોક્ત નહિ એવું, સૃષ્ટિ–પ્રકૃતિજન્ય.

Nat'u-ral-ize, નૅટ્યુરલાઇઝ, *vt.* invest with citizen's right; make suitable. સ્વદેશી જેવા અધિકાર ને હકો આપવા, દેશીઓમાં ભેળવું; યોગ્ય–લાયક કરવું, માફક–અનુકૂળ પડવું.

Na'ture, નેચર, *n.* the universe; essential qualities; regular course; natural affection; system; sort; birth. સૃષ્ટિ, જગત, જગકર્તા ; મૂળગુણ, ધર્મ, જાતિસ્વભાવ, પ્રકૃતિ; કુદરતનો વહિવટ, સૃષ્ટિક્રમ, રીત, માર્ગ, રૂઢી; સ્વભાવ, પ્રકૃતિગુણ; બંદોબસ્ત, રચના, ગોઠવણ; પ્રકાર, જાત, ભેદ; જન્મ.

Naught, નૉટ્, *n.* (AS. *na* not & *wiht* anything) noth-

ing. કંઇજ નહિ તે. *a.* bad; worthless. ખરાબ; નઠારૂં; કોડીનું,નકામું. [ભુંડું, કોડીનું;તોફાની,ઉછાછળું,લુચ્ચું, મમતી.
Naught'y, નોટિ, *a.* bad, corrupt; ill-behaved.ખરાબ,
Nau'se-a, નોશિઅ, *n.* (Gr. *naus.* a ship) sea sickness; qualm, loathing. વહાણમાં આવતા ફેર—ચક્કર—તમાર; ઉલાળો, ઓકારી, મોળ, કંટાળો.
Nau'se-ate,નોશિએટ,*vt.*to affect with disgust,loathe. ને કંટાળો આવવો,—થી કંટાળવું. [ઉલટી કરવાનું થાય એવું.
Nau'se-ous,નોશિઅસ,*a.*loathsome.કંટાળો આવે—સૂગ ચઢે—
Nau'ti-cal, નોટિકલ, *a.* relating to ships or seamen. વહાણ ચલાવવા સંબંધી, ખલાસીને લગતું. [દરીઆઈ.
Na'val, નેવલ, *a.* belonging to ships. વહાણનું,આરમારી,
Nave, નેવ, *a.* (AS. *nafu*) centre of a wheel. નાભ, નાયડી. (Fr. *nef*) middle or centre of a church. દેવળને વચલો ભાગ. [abdomen. ડુંટી, નાભિ.
Na'vel, નેવલ, *n.* (Sans. *nabhi*) the middle of the
Nav'i-ga-ble, નૅવિગેબલ, *a.*(L. *navis* a ship) passable for ships. વહાણ જઈ—ચાલી શકે એવું.
Nav'i-gate, નૅવિગેટ, *vi. t.* to pass on water with ships; sail; steer. વહાણમાં બેસી જવું—આવવું, સફર કરવી; દરિયો ખેડવો,—ની પાર જવું; હાંકવું, હંકારવું.
Na-vi-ga'tion, નૅવિગેશન, *n.* art of conducting ships. વહાણ ચલાવવાની—નાવિક વિદ્યા, નૌકાશાસ્ત્ર. [આરમાર.
Na'vy, નેવિ, *n.* a fleet of ships. વહાણનો કાફલો—સમૂહ,

Nav'i-ga.tor,નૅવિગેટર, *n.* one who directs the course of a ship. વહાણવટી–ખેડનાર, સફર કરનાર, નાવિક, ટંડેલ, નૌકાશાસ્ત્ર જાણનાર. [માત્ર એટલુંજ નહિ.*n.*refusal.ના,નકાર.
Nay,ને,*ad.* (AS.*ne* not & *aye*)no; not only so.નહિ,
Neap, નીપ, *a.* (AS. *nep*) low. ઓછું, થોડું.
Near, નીર, *a.* (AS.) not distant; close; stingy; not loose.સમીપનું,નજીકનું,પાસેનું–આવેલું;નિકટ સબંધનું; બખીલ, કંજુસ;ખસલ–નઝુના પ્રમાણે.*ad.*almost within a little. ઘણુંકરીને,લગભગ;થોડી વારમાં.*vt.*to approach.પાસે આવવું.
Near'ly, નીર્લિ, *ad.* at hand; closely; almost. પાસે, નજીક; પાસેપાસેનું, લગોલગનું, અડોઅડનું; લગભગ, સોવસા, ઘણુંખરૂં–કરીને. [સાફ, ઠીક, શોભે એવું, સ્વચ્છ, શુદ્ધ.
Neat, નીટ, *a.* (L. *niteo* I shine) clean, nice, pure.
Ne'ces-sa-ry, નેસેસરિ, *a.* (L. *ne* not & *cedo* I yield) that must be; essential; not free; unavoidable. આવશ્યક, જરૂરનું; અગત્યનું, જે વગર નિભે નહિ એવું; નસીબ–દૈવવશ–આધીન–ને તાબે; અનિવાર, કર્યાવિના નહિ ચાલે એવું. *pl.* things needful; a privy.જરૂરની વસ્તુ,અન્નપાણી–વસ્ત્ર; સંડાસ, જાજરૂ. [પ્રયોજન; ઘણીજ ગરીબી, દરિદ્ર, તંગી.
Ne-ces'si-ty,નેસેસિટિ,*n.*need; indigence. જરૂર, અગત્ય,
Neck, નેક, *n.* (Dut. *nek*) part between head and body; narrow part. ગર્દન, ડોકી; બોચી, ગળચી; સંયોગી-ભૂમિ; ગળું, કાંઠો. [the neck. હાર, માળા.
Neck'lace, નેક્લેસ, *n.* a string of beads &c. for

Nec'ro-man-cy, નેક્રોમૅન્સિ,*n.*(Gr.*nekros* dead & *manteia* divination)conjuration.ભૂતવિદ્યા, પ્રેતસિદ્ધિ, જાદુ.

Nec'tar, નેક્ટર, *n.* (Gr. *ne* not & *kteino* I kill) the drink of the gods; a delicious beverage. અમૃત, સુધા, પીયૂષ; અમૃતજેવું પીવાનું.

Need,નીડ, *n.* (AS. *nead*) want; poverty. ગરજ,જરૂર, અગત્ય, જોઈતું હોવું તે ; ગરીબી, નિર્ધનપણું. *vt.* to want. ગરજ–જરૂર પડવી.

Need'ful,નીડફુલ, *a.* necessary, requisite.જરૂરનું,જોઈતું.

Need'less, નીડલેસ, *a.* unnecessary. વગર જરૂરનું,નકામું.

Need'y, નીડિ, *a.* necessitous,poor.ગરીબ, કંગાળ, દરિદ્રી.

Nee'dle, નીડ્લ, *n.* (AS. *nædal*) instrument of sewing, &c. સોય ; હોકાયંત્રનો કાંટો.

Ne-fa'ri-ous, નીફેરિઅસ,*a.*(L.*ne* not & *fari* to speak) wicked, iniquitous. અતિદુષ્ટ, ધિક્કારવાજોગ, અઘોર.

Ne-ga'tion, નિગેશન, *n.* (L. *nego* I deny) denial. નકાર, નામંજુર કરવું તે, નિષેધ, અસ્વીકાર; અભાવ, ગેરહાજરી.

Neg'a-tive, નેગેટિવ્, *a.* implying denial. નિષેધનું, નકારનું, અભાવસૂચક–દર્શક, ગેરહાજરી–નકાર બતાવનાર.

Neg-lect', નેગ્લેક્ટ, *vt.* to omit to do; slight. ન કરવું, ભૂલી જવું; અનાદર–અપમાન કરવું. *n.* omission; slight; negligence. ગફલત કરવી તે, ભૂલીજવું તે ; અપમાન, અવજ્ઞા, ઉપેક્ષા; ગફલત, અસાવધપણું, આળસ.

Neg-lect'ful,Neg'li-gent, નિગ્લેક્ટફુલ, નેગ્લિજંટ,*a.*heed-

less; apt to forget or omit. બેદરકાર, બેપરવા, ગાફેલ; વિસરભોળું, ભૂળકણું. [કરવાની-ભૂલવાની ટેવ-આદત.
Neg'li-gence, નેગ્લિજેન્સ, *n.* habitual omission. ન
Ne-go-ti'ate, નિગોશિએટ, *vt.* (L.*nec* not & *otium* leisure)to transact business;treat with;trade; sell. વાત-તકરાર ચલાવવી, સાટું-સોદો કરવો, ભાંજગડ કરવી;વેચવું.
Ne-go-ti-a'tion, નિગોશિએશન, *n.* treaty of business. સોદો, ભાંજગડ. [બસી, સીદી.
Ne'gro, નીગ્રો, *n.* (L. *niger* black) a black man. હ-
Ne'gress, નિગ્રેસ, *n.* a black woman. હબસણ, સીદણ.
Neigh, ને, *vi.* (AS. *hnægan*) to whinny. ખંખારવું, હણહણવું. *n.* cry of a horse. ખંખાર-રો. [પાડોસી, ઘરની પડખે રહેનાર.
Neigh'bour, નેબર, *n.* (AS. *neahbur*) one living near.
Neigh'bour-ing, નેબરિંગ, *a.* near. પાસેનું, પાડોસનું.
Nei'ther, નીધર, *a. pro.* (AS. *ne* & not either) not one or other. બેમાંનું એકે નહિ, કોઈપણ-એકબી નહિ.
Neph'ew, નેફ્યૂ, *n.* (L. *nepos*, brother's or sister's son. ભતરીજો; ભાણેજ. [નાહક સગાનું કામ પાર પાડવું-ઠેકાણું કરવું.
Nep'o-tism, નેપોટિઝમ, *n.* favouritism to relations. હક
Nerve, નર્વ, *n.* (L. *nervus*) organ of sensation; physical force; firmness. જ્ઞાન-મજ્જાતંતુ; શારીરબળ; દૃઢતા, હિંમત, છાતી. *vt.* to give vigour to. જોર આપવું, બળ આવવું.
Nerve'less, નર્વલેસ, *a.* without strength. અશક્ત, નબળું.

Nerv'ous, નર્વસ, *a.* easily agitated; vigorous. તંતુવિકારી, સહેજમાં ગભરાય એવું; બળવાન, જબરૂં, જોમદાર.
Nest, નેસ્ટ, *n.* (AS.) bird's lair. માળો, દર, ઘર, રહેઠાણ.
Nes'tle, નેસલ, *vi.t.* to lie snug; to cherish. સુખચેનથી સુઈ-સંતાઈ રહેવું-વાસ કરવો; પાળી પોષી મહોટું કરવું; જતનથી ઉછેરવું. [તરતનું નિકળેલું બચ્ચું.
Nest'ling, નેસ્ટલિંગ, *n.* bird just hatched. ઈંડામાંથી
Net, નેટ, *n.* (AS.) texture with meshes; snare. જાળ, પાશ, બંધન; ફાંસો-દો. *vt.* to make net work. જાળી ગુંથવી.
Net, નેટ, *a.* (see neat) pure; clear of all charges. . ભેગવગરનું, નર્યું, અસલ, શુદ્ધ; ખરચ વગેરે બાદ કરતાં રહેલું તે.
Neth'er, નેધર, *a.* (AS. *nithera*) ower, infernal. નીચેનું, હેઠેનું, તળેનું; નર્કવાસી.
Nettle, નેટલ, *n.* (AS. *nædel*) stinging plant. કૌચ. આગિયો, ખજવાળ આણે એવો છોડ. *vt.* to irritate. ખીજવવું.
Neu'ter, ન્યુટર, *a.* (L. *ne* not & *uter* either) of neither party or gender. જેને કોઈનો પક્ષ નથી એવું, અલગ, નાન્યતર જાતિનું, નપુંસકલિંગનું.
Neu'tral, ન્યુટ્રલ, *n.* of neither party. કોઈનો પક્ષ નહિ ધરનાર કે મદદ ન કરનાર, મધ્યસ્થ. [મધ્યસ્થપણું, નિષ્પક્ષપાતી.
Neu-tral'i-ty, ન્યુટ્રેલિટિ, *n.* state of being neutral.
Neu'tral-ize, ન્યુટ્રલાઈઝ, *vt.* render neutral. પદાર્થના ગુણ કે ધર્મ નહિ જણાય-નહિ માલમ પડે એમ-નિરૂપયોગી કરવું.
Nev'er, નેવર, *ad.* (AS. *ne* not & *æfre* ever) at no

time, not; not in the least. કદી કે કોઈ વેળા નહિ; નહિ; બીલકુલ નહિ. [એમ છતાં પણ, તોપણ, તથાપિ.

Nev-er-the-less', નેવરધલેસ, *ad.* notwithstanding.

New, ન્યૂ, *a* (AS. *niwe*) fresh, not old; unaccustomed. તાજું, નવું, જુનું નહિ એવું, કોરૂં, નહિ વાપરેલું; ને અભ્યાસ કે મહાવરો ન હોય એવું. [જાણે તે હેતુથી કરેલું, નવાઈ ભરેલું.

New-fan'gled, ન્યૂફૅંગલ્ડ, *a.* newly formed. જેવું નવાઈ

News, ન્યૂઝ, *n.* fresh information. નવી કે તાજી ખબર, સમાચાર, વર્તમાન. [હાસ, ગપ હાંકનાર.

News'mong-er, ન્યૂઝમંગર, *n.* a dealer in news. ગપ્પી-

News'pa-per, ન્યુઝપેપર, *n.* a paper to circulate news. વર્તમાન-સમાચારપત્ર.

Next, નેક્સ્ટ, *a.* (AS. *neah* near) nearest in time. place or rank. બીજું, પાસેનું, લગોલગનું,-થી ઉતરતું-પછીનું. *ad.* nearest in turn &c. પછી. [કલમની ટાંક-કત.

Nib, નિબ્, *n.* (Dut. *nebbe* a beak) a point. અગ્ર, અણી,

Nib'ble, નિબ્બલ, *vt.* to eat slowly; bite. થોડેથોડે કરી-કોતરી ખાવું; કરડવું. *vi.* to carp at. નજીવી ભૂલ કાઢ્યા-ટોકા કરવી.

Nice, નાઈસ, *a.* (Fr *nice* foolish) dainty; accurate; fine; squeamish. લહેજતદાર, સ્વાદિષ્ટ; બરોબર-ચોક્સ એકએકને મળતું આવતું; ઝીણું, બારીક; ખંતખોર, કંટાળો એવું.

Niche, નીચ, *n.* (It. *nicchia* a shell) cavity in wall. ભીતમાં કરેલો ગોખલો, ગોખ, તાકું.

Nick, નિક્, *n.* (Ger. *knick* a crack) critical time;

a notch. અડીવેળા, એન–અણીપર વાત આવી હોય તે કાળ; કાતરો, ચીરો, ખાંચ. *vt.* to knotch. ચીરા પાડવા.

Nick'name, નિક્નેમ, *n.* a name in sport or contempt. ખોટું–મશ્કરીનું–ચાડીનું નામ. to name in contempt. નિંદાના નામથી બોલાવવું. [ter. ભતરીજ; ભાણજી, ભાણી.

Niece, નીસ, *n.* (L. *neptis*) brorther's or sister's daugh-

Nig'gard, નિગર્ડ, *n.* (Ger. *knicker*) a stingy person. કંજુસ માણસ. *a.* miserly; sparing. બખીલ, કૃપણ; કસરિયું, કરકસરવાળું. [ઘણું કરીને, લગભગ.

Nigh, નાઈ, *a.* (AS. *neah*) near. પાસે. *ad.* nearly.

Night, નાઈટ, *n.* (L. *nox*) time between sunset & sunrise; death; state of ignorance; obscurity. રાત્ર–ત્રિ; મરણ; અજ્ઞાન, અંધારું; અંધકાર, ગૂઢપણું.

Night'fall, નાઈટફૉલ, *n.* evening. સમીસાંજ, સંધ્યાકાળ.

Night'in-gale, નાઈટઈનગેલ, *n.* (AS.) a bird that sings at night. રાત્રે ગાનાર અતિસુંદર સ્વરનું પક્ષી, બુલબુલ. [વખતનું.

Night'ly, નાઈટલિ, *a. ad.* by night. દર રાત્રે થતું, રાતનું–

Night'mare, નાઈટમેર, *n.* incubus. ઓથાર ચાંપેછે તે, નઠારૂં સ્વપ્નું. [quick. અંગે ચપળ, ચાલાક, ચંચળ.

Nim'ble, નિમ્બલ, *a.* (Dan. *nem* acute) brisk,

Nip, નિપ્, *vt.* (Ger. *kneipen*) to pinch; cut off the end of; destroy. ચોંટી–ચમટી ભરવી–અમળાવવી; છેડે–અણીએથી કાપી નાખવું, ખોટું કરવું;–થી નાશ થવો–બળી જવું.

n. a pinch; a cutting off; a sip. ચિમટી–ટો; ચોંટી; છેડેથી કાપવું–છાંટવું તે;ફડકો,આચમન,નાનો ઘુંટડો. [સાણસી.
Nip'pers, નિપર્સ, *n.* small pincers.નાના ચિમટા,ચિપિયા,
Nip'ple, નિપ્લ, *n.* (Dimn. of nib) a teat, a dug. ધાઈનું ડોચકું–અણી, સ્તનાગ્ર, કુચાગ્ર.
Nit,નિટ્, *n.* (AS. *hnitu*) egg of louse.લીખ,જૂના ઈંડાં.
Ni'tre, નાઈટર, *n* (Fr.)saltpetre.સુરોખાર. [ના, કંઈ નહિ.
No,નો,*a.*(AS.*na*)not any.કોઈ નહિ-નથી.*ad.*denial.નહિ,
No-bil'i-ty, નોબિલિટિ, *n.* (L. *nobilis*) dignity of mind; distinction of family or rank; body of nobles. મહોટાઇ, પ્રૌઢતા–પણું; કુલીનતા–પણું; અમીરાઈ, અમીરનો દરજ્જો–ઠાઠ–કારભાર; અમીર ઉમરાવ, ઉમદા લોકો.
No'ble, નોબ્લ, *a.* dignified; splendid; liberal; excellent. મહાત્મા, ઉમદા, પ્રૌઢ, મહોટું, ઉંચું, કુલીન, રાજમાન્ય, શ્રીમંત; ભભકાદાર; ઉદાર, ઘીતાળ; ઉત્તમ, ઉત્કૃષ્ટ. *n.* a person of rank. અમીર, દરજ્જાવાળો પુરૂષ.
No'ble-ness, નોબલનેસ, *n.* greatness of soul or rank. પ્રૌઢતા, મહોટાઈ, કુલીનતા, ઔદાર્ય.
No'bod-y, નોબૉડિ, *n.* not any one. કોઈ–એક નહિ.
Noc-tur'nal,નૉક્ટર્નલ, *a.*(L.*nox* night) nightly.રાત્રનું,
Noc'u-ous, નૉક્યુઅસ, *a.* hurtful. દુઃખદાયક. [રાતે કીધેલું.
Nod,નૉડ, *vi.* (Gr. *neuo* I incline) to bow the head; to be drowsy. સલામ–કબૂલ કરવું, ડોકી ધુણાવવી; ઝૂકવું, ઝોકાં ખાવાં. a slight bow. સલામ, મણામ.

Nod'dle, નૉડલ, *n.* the head. માથું, ઢોચકું.

Noise, નૉઇઝ, *n.* (L. *noceo* I hurt) sound; clamour; frequent talk. અવાજ, નાદ; ઘોંઘાટ, કકલાણ, શોર; જાણીતી-પ્રસિદ્ધ વાત, ચરચા ચાલવી તે.

Nois'y, નૉઇઝિ, *a.* loud; clamorous; full of noise. અવાજ કરનાર; ઘોંઘાટવાળું, ગાઢ રહેલું; ખીચાખીચ-પાડી વસ્તીવાળું.

Noi'some, નૉઇસમ, *a.* (It. *noiure* to annoy) offensive; hurtful. કંટાળો લાગે એવું; ઇજા કરે એવું, અપકારક, બાધક.

No'mad, નોમૅડ, *n.* (Gr. *nomas* pasture) one who leads a wandering & pastoral life. ચારાને માટે પશુ લઈને રખડનાર.

Nom'inal, *a.* (L. *nomen* a name) in name only, not real. કેવળ-માત્ર નામનું.

Nom'i-nate, નૉમિનેટ, *vt.* to propose; appoint. દરખાસ્તનામ દાખલ કરવું; ઠેરવવું, મુકરર કરવું.

Nom'i-na-tive, નૉમિનેટિવ, *n.* subject of a verb. પ્રથમા, કર્તા, પહેલી વિભક્તિ.

Non, નૉન, *ad.* (L.) prefix sigfifying not. ન, અ, અન, નિ.

Non'age, નૉનેજ, *n.* minority in age. બાલ્યાવસ્થા, સગીરપણું.

Non-com'pos, નૉનકૉમ્પૉસ, *a.* (L.) not of sound mind. ઘેલું, દિવાનું.

Non-con-form'ist, નૉનકૉન્ફૉર્મિસ્ટ, *n.* dissenter. સરકાર સ્થાપિત પંથનો અનનુસારી.

Non'de-script, નૉનડિસ્ક્રિપ્ટ, *a.* (-*destriptus* described) difficult to be described, strange. મુશ્કેલથી વર્ણન થાય એવું; નવાઇ જેવું; એકપણ-કાંઈ-જરા-લગાર નહિ.

None, નન, *a.* (AS. *ne* not & *an* one) not any. કોઈ

Non-en'ti-ty, નૉનૅનટિટિ, *n.* non-existence. નહિપણું, નાસ્તિત્વ, અભાવ, અવિદ્યમાન વસ્તુ, શૂન્ય.

Non'plus,નૉનપ્લસ,*vt.*(– *plus* more)to puzzle. ગભરાટ–ગુંચવણમાં નાખવું. *n.* puzzle. ઘોળ, ગુંચવણ.

Non'sense,નૉનસેન્સ,*n.*unmeaning words.અર્થ વગરની–બેવકુફી ભરેલી વાત. [at law. દાવો નહિ ચાલે એવો ઠરાવ.

Non'suit,નૉનસ્યૂટ,*n.*(*non* not & suit)stoppage of suit

Nook, નુક, *n.* (Scot.) corner, recess. ખુણો, કોણ.

Noon, *n.* નૂન, (L. *nona hora* the 9th hour) mid day, બપોર, મધ્યાન્હ.

Noose, નુસ, *n.* (Ir. *nas* a band) a running knot. સરકીઓ ગાંઠ, ગાળો, ફાંસો, આંટી. [અથવા–પણ નહિ–નથી.

Nor, નૉર,*con.*(AS.*ne* not & or)a word that denies.

Nor'mal,નૉર્મલ,*n.* (L. *norma* a rule)perpendicular; regular; teaching rudiments.લમ્બ; નિયમિત,ધારા,–મેળ–બંધારણ–પ્રકૃતિપ્રમાણેનું, બાળ શિક્ષકનો ધંધો શિખવવાનું.

North, નૉર્થ *n.* (AS.) point opposite south.ઉત્તરદિશા.

North'er-ly, નૉર્થર્લિ, *a.* towards or from north. ઉત્તર દિશા તરફનું–થી આવતું. [ભણી.

North'ern, નૉર્થર્ન, *a.* towards north. ઉત્તર દિશા તરફ–

Nose,નોઝ,*n.*(AS. *nœse*)organ of smell;scent.નાસિકા, ઘ્રાણેન્દ્રિય; વાસ લેવાની શક્તિ. [ઝુમખો, ગોટો, તોરો.

Nose'gay, નોઝગે, *n.* a bunch of flowers.ફુલનો ગુચ્છો–

Nost'ril, નૉસ્ટ્રિલ, *n.* opening of nose. નસકોરું.

Nos'trum, નૉસ્ટ્રમ, *n.* (L. *noster* ours) a quack medicine. જડીબુટ્ટી, ગુહ્યૌષધ, વશી. [denial. નથી, નહિ, ના, ન, મા.
Not, નૉટ્, *ad.* (Sax. *nate*) a word that expresses
Not'a-ble, નોટઅબલ્, *a.* (L. *nota* mark) industrious; remarkable. ઉદ્યોગી, ચંચળ; લક્ષ—ધ્યાનમાં રાખવા જોગ—સરખું, પ્રસિદ્ધ. *n.* a person of note. નામાંકિત પુરૂષ.
No'ta-ry, નોટરિ, *n.* an officer who attests contracts. કબાલા—ખત વગેરેપર સહી—સિક્કો કરનાર વકીલ, લેખક.
Not-a'tion, નોટેશન, *n.* noting by figures. આંકડો માંડવો તે, અંક, પરિમાણ સંખ્યા. [કાતરો, ખાંચ, ખાડ.
Notch, નૉચ, *n.* (see nick) a cut, a nick. ચીરો,
Note, નોટ, *n.* (L. *nota*) a mark; a short remark; memorandum; heed; reputation; a short letter; annotation. નિશાણી, ચિન્હ, ખૂણ; ટીપ, ખુલાસો; યાદ ચાદી, નોંધ; લક્ષ, ધ્યાન; આબરૂ, નામ; ચિઠ્ઠી, નહાનો કાગળ, રૂક્કો; ટીકા, વ્યાખ્યા; સુર; સ્વર. *vt.* to observe; write down. લક્ષ આપવું, ધ્યાનમાં લેવું—રાખવું; ટપકાવી—લખી લેવું.
Not'ed, નોટેડ્, *a.* remarkble. પ્રખ્યાત, નામીચું.
Noth'ing, નથિંગ, *n.* not anything. બીજું કશું—કંઈ નહિ.
No'tice, નોટિસ, *n.* act of noting or observing; heed; intelligence; respectful treatment. જોવું, અવલોકન કરવું, જાણવું, ને લાગવું—માલમ પડવું; લક્ષ, ધ્યાન, ભાન, જાહેર ખબર, સૂચના, સમાચાર; આદરસત્કાર—માન. *vt.* to observe; heed; remark. જોવું, લક્ષમાં લેવું, ધ્યાન આપવું, નીધા રાખવી; કોઈ વિષયપર બોલવું—લખવું.

Not'ify, નોટિફાઇ, *vt.* to make known; inform. કોઇને જાણીતું—જાહેરકરવું; જણાવવું, સુચવવું.

No'tion, નોશન, *n.* an idea; sentiment, opinion; intention, inclination. કલ્પના, તર્ક, ભાન, ભાસ, મત, વિચાર, અભિપ્રાય; મનનું વલણ, મનોદય, ઇરાદો.

No-to-ri'e-ty, નોટોરાયેટિ, *n.* public knowledge or exposure. પ્રસિદ્ધિ, વિખ્યાતિ; બુમાટો, લૌકિક કુકીર્તિ.

No-to'ri-ous, નોટોરિઅસ, *a.* publicly known. વિખ્યાત, ઉઘાડું, નામજાદુ—કાઢેલું [એમ છતાંપણ, તોપણ, પરંતુ, તથાપિ.

Not-with-stand'sng, નૉટ્‌ઉઇથસ્ટૅંડિંગ, *con.* nevertheless.

Nought, નૉટ, *n.* (See naught). [નામ.

Noun, નાઉન, *n.* (L. *nomen*) a name of any thing.

Nour'ish, નરિશ, *vt.* (L. *nutrio*) to feed; encourage. પાલનપોષણ—પરવરશી કરવી; ઉત્તેજન—પુષ્ટિ—ટેકો આપવો

Nourish-ment, નરિશ્‌મેંટ, *n.* food; nutrition, instruction. ખોરાકી, ખાવાપીવાનું, જીવન; પાલણપોષણ, પુષ્ટિ આપનારી કેળવણી.

Nov'el, નૉવેલ્, *a.* (L. *novus* new) new, unusual. નવીન, નવું, હાલનું, અપૂર્વ. *n.* a tale. કલ્પિત વાત—કથા, આખ્યાન.

Nov'el-ty, નૉવેલ્ટિ, *n.* newness; a new thing. અલૌકિક—નવાપણું, નવીનતા, અપૂર્વતા; નવાઈ, અજબજેવી—નવલ વસ્તુ.

Nov'ice, નૉવિસ, *n.* a beginner. શિખાઉ, નવું દાખલ થયલું માણસ, ઉમેદવાર. [હાલમાં, આવખતે.

Now, નાઉ, *ad.* (AS. *nu*) at this time. હમણાં, હવે

No'wise, નોઉઆઇઝ, *ad.* by no means. કોઇપણ પ્રકારે-રીતે નહિ, ગમેતેમ હોય તોએ નહિ.

Nox'i-ous, નૉકિસઅસ, *a.* (L. *noceo* I hurt) hurtful. અપકારક, દુષ્ટ, દુઃખ દેનાર, રોગ-નુકસાનકારક.

Nu'cle-us, ન્યુકિલઅસ, *n.* (L. *nux* a nut) a central mass or point. મધ્યભાગ, ગરભ. | ખુલ્લું, નાગું; નિરર્થક, પોકળ.

Nude, ન્યૂડ, *a.* (L. *nudus*) bare, naked; void. ઉઘાડું,

Nud'i-ty, ન્યુડિટિ, *n.* nakedness. નાગાપણું, નગ્નતા.

Nu'ga-tor-y, ન્યુગેટરિ, *a.* (L. *nugoe* trifles) trifling; futile. નજીવું, અમસ્તું, હલકું; નકામું, વ્યર્થ, ફોગટ.

Nui'sance, ન્યુસન્સ, *n.* (L. *noceo* I hurt) anything offensive. કંટાળો ઉપજાવનારી વસ્તુ, જેથી ઉપદ્રવ થાય તે.

Null, નલ, *a.* (L. *ne* not & ullus any) of no force or effect. રદ, વ્યર્થ, નિરર્થક, પોકળ.

Null'i-fy, નલિફાઇ, *vt.* to make void, to deprive of force. નકામું-રદ-બાતલ-ખંડન-ભંગ કરવું.

Null'i-ty, નલિટિ, *n.* want of force; nothingness. જેમાં કાયદાનું જોર-સત્તા નથી તે; અભાવ, નહિપણું, નાસ્તિત્વ.

Numb, નમ, *a.* (AS. *niman*) torpid, void of feeling. બેશુદ્ધ, જડ, સુનું, બહેર મારી ગયલું. *vt.* to deprive of feeling. અચેતન-બેશુદ્ધ-સુસ્ત કરવું. *vi.* deaden. બહેર-સુનકાર મારીજવું, રહી જવું, જડાપડવું.

Num'ber, નમ્બર, *n.* (L. *numerus*) a series of units; many; measure; verse; અંક, આંક, સંખ્યા; ઘણાં; માત્રા,

છંદ, વૃત્ત; કવિતા, પદબંધ. in gram. વચન. *vt.* to reckon. ગણવું, ગણત્રી કરવી.

Nu'mer-al, ન્યુમર્લ, *a.* relating to number. સંખ્યાવાચક.

Nu-mer-a'tion, ન્યુમરેશન, *n.* act or art of numbering. આંકડા માંડવા–વાંચવા તે, સંખ્યા પરિમાણ.

Nu'mer-ator, ન્યુમરેટર, *n.* a number that shows how many parts are taken. અપૂર્ણાંકમાંનો ઉપરનો આંકડો, અંશ.

Nu'mer-ous, ન્યુમરસ, *a.* many. પુષ્કળ, બહુ, ઘણુંજ.

Nun, નન, *n.* (AS. *nunne.*) female in convent. મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી.

Nun'er-y, નનરિ, *n.* a convent. કુંઆરી સ્ત્રીઓનો મઠ–ઘર.

Nun'cio, નનશિયો, *n.* (L. *nuncius*) an ambassador of the pope. પોપે રાજાને ત્યાં મોકલેલો એલચી–વકીલ, દૂત.

Nup'ti-al, નપ્શિઅલ, *n. pl.* (L. *nubo* I marry) marriage. લગ્ન, વિવાહ, શાદી. *a.* of marriage. લગ્ન સંબંધી.

Nurse, નર્સ, *n.* (L. *nutrio* I nourish) attendant on child or sick. બાળક કે રોગીને સંભાળનારી સ્ત્રી, આયા, ધાવ, પુષ્ટિ આપનાર. *vt.* to tend infants or sick; suckle; encourage. બાળક કે રોગીને બરદાસ્ત કરવી–રાખવી, સંભાળવું; ધવાડવું, દૂધ પાવું, ઉછેરવું; પુષ્ટિ આપવી, વૃદ્ધિ કરવી.

Nurs'er-y, નર્સરિ, *n.* children's room; ground for young trees. છોકરાંની સંભાળ રાખવાનો ઓરડો–જગા; ઝાડના રોપાની જગા, જ્યાં પુષ્ટિ મળેછે–વૃદ્ધિ થાયછે તે જગા.

Nur'ture, નર્ચર, *n.* that which nurtures; education

ભક્ષ, ખોરાક, અન્ન; શિક્ષા, કેળવણી, બોધ, ઉપદેશ. *vt.* to feed; educate. પાલનપોષણ–પરવરશી કરવી ; શિખવવું, કેળવવું.

Nut, નટ, *n.* (AS. *hnut*) fruit in hard shell; knot at end of bolt. કોટલાંથી ઢંકાયલું ગરવાળું ફળ; પેચની માદા જેથી સજ્જડ બેસે છે તે.

Nut'crack-ers, નટક્રૅકર્ઝ, *n.* an instrument for breaking nuts. સૂડી–ડો.

Nut'meg, નટમેગ, *n.* a kind of aromatic nut. જાયફળ.

Nu'tri-ment, ન્યુટ્રિમેંટ, *n.* (L. *nutris*) nourishment. ખોરાક, ખાવાપીવાનું, પોષ્ટિક પદાર્થ.

Nu-tri'tion, ન્યુટ્રિશન, *n.* food. ખોરાક, શરીરને માફક આવે એવો ગુણ.

Nu-tri-ti'ous, Nu'tri-tive, ન્યુટ્રિશિઅસ, ન્યુટ્રિટિવ્, *a.* nourishing. કોઅત આપનાર, પુષ્ટિકારક.

Nux-vom'i-ca, નક્સવૉમિકા, *n.* (L. *nux* nut & *vomicus* vomiting) a poisonous nut. ઝેરકચુરો.

Nymph, નિમ્ફ, *n.*(L. *nympha*) a goddess;a lady. વનદેવી; સુંદર સ્ત્રી.

O.

Oaf, ઓફ, *n.* (AS. *ælf* fairy) a changeling; a dolt. છોકરાને લઈ જઈ તેને બદલે વનદેવીએ મુકેલું છોકરૂં, મૂર્ખો, ઠ.

Oak, ઓક, *n.* (AS. *ac*) a valuable tree. ઓક નામનું કિમતી ઈમારતી ઝાડ.

Oak'um, ઑકમ, *n.* (AS. *acumba* tow) old rope untwisted. જૂનાં દોરડાંને ઉકેલી કરેલા કુંચા–છુંછાં.

Oar, ઓર, *n*.(AS. *ar*) blade for rowing.હલેસું,ચાટવો.
O-a'sis, ઓએસિસ, *n*. (L.) a fertile spot in a desert. રણમાં કે ઉજ્જડ મેદાનમાં ફળવંત જગા.
Oat, ઓટ, *n*. (AS. *ata*) a useful grain. એક જાતનું ધાન્ય છે. [to God. સમ, કસમ, સોગન, પ્રતિજ્ઞા.
Oath, ઓથ, *n*. (AS. *adh*.) affirmation with appeal
Ob'du-ra-cy, ઑબ્ડ્યુરૅસિ, *n*. (L. *ob* & *durus* hard) hardness of heart. અતિ કઠોરતા-પણું, અતિ દુરાગ્રહ.
Ob'du-rate, ઑબ્ડ્યુરેટ, *a*. inflexibly hard; incapable of remorse. હૈયાનું અતિ કઠોર; પશ્ચાત્તાપ ન કરે એવું.
O-be'di-ence, ઓબિડિઅન્સ, *n*. (L. *ob* & *audio* I hear) submission to authority. આજ્ઞા પાળવી તે, કહ્યાગરા-આજ્ઞાધીનપણું. | કહ્યામાં-હુકમમાં રહે એવું, આજ્ઞાધીન.
O-be'di-ent, ઓબિડિઅંટ, *a*. dutiful, willing to obey.
O-bei'sance, ઓબેસન્સ, *n*. act of reverence, a bow. આદરપૂર્વક પ્રણામ, નમસ્કાર, નમન.
Ob'e-lisk, ઑબિલિસ્ક, *n*. (Gr. *obelos* a pointed pillar) a quadrangular pyramid. ચાર પાસાંવાળો સ્તંભ, થાંભલો. [ness. જાડાભોલ-બહુ ભરેલપણું.
O-bes'i-ty, ઓબિસિટિ, *n*. (L. *ob* & *edo* to eat) fat-
O-bey', ઓબે, *vt*. (L. *ob* & *audio* I hear) to comply with; perform. કહ્યું માનવું-કરવું, હુકમ-આજ્ઞા માનવી-ઉઠાવવી-બજાવવી; માનવું, ઉઠાવવું, કરવું, તાબે થવું-રહેવું.
O'bit, ઓબિટ્, *n*. (L. *ob* & *eo* I go) death. મોત, મરણ.

O-bit'u-ar-y, ઓબિટયુઍરિ, *n.* register of deaths. માણસના મોતના સમાચાર તથા તેવિષે કેટલોક હેવાલ. *a.* relating to deaths. મૃત્યુસંબંધી.

Ob'ject, ઑબ્જેક્ટ, *n.* (L. *ob* & *jacio* I throw) thing seen; end, aim. પદાર્થ, વસ્તુ, મનોવિષય; મતલબ, હેતુ; કર્મ.

Ob-ject', ઑબ્જેક્ટ, *vt.* to oppose in words. સામી તકરાર–અડચણ–વાંધો લેવો–ઉઠાવવો, સામું કહેવું, પર આરોપ મૂકવો.

Ob-jec'tion, ઑબ્જેક્શન, *a.* adverse reason, doubt, scruple. હરકત, સામી તકરાર, બાધ.

Ob-jec'tion-a-ble, ઑબ્જેક્શનેબલ, *a.* liable to objections. વાંધો, લેવાજેવું, બાધ્ય.

Ob-ject'ive, ઑબ્જેક્ટિવ, *a.* of an object, external. પદાર્થસંબંધી, મનની બહારનું, કર્મસંબંધી.

Ob-late', ઑબ્લેટ, *a.* (L. *ob* & *fero* I bear) flattened at the poles. બે છેડે–ધ્રુવે બેઠેલું–ચપટું.

Ob-la'tion, ઑબ્લેશન, *n.* an offering. અર્પણ, બળીદાન.

Ob'l-igate, ઑબ્લિગેટ, *vt.* (L. *ob* & *ligo* I bind) to bind over. બંધન–એસાનમાં લાવવું–રાખવું, બાંધી લેવું.

Ob-li-ga'tion, ઑબ્લિગેશન, *n.* duty, bond. બંધન, ફરજ, કર્તવ્યકામ, આભાર, સપાડું.

Ob'li-ga-tor-y, ઑબ્લિગેટરી, *a.* imposing an obligation, binding. –નું બંધન હોય એવું, બંધક.

Oblige', ઓબ્લાઇજ, *vt.* to compel; to do a favour. જરૂર–ફરજ પાડવી–પડવી; પાડ–ઉપકાર કરવો–માનવો.

O-blig'ing, ઓબ્લાઈજિંગ, *a.* courteous; kind. વિવેકી, સભ્ય; ઉપકારશીળ, સારૂં કરી જાણે એવું. [ing. આડું, વાંકુંચુંકું.
Ob-lique', ઑબ્લીક, *a.* (L. *obliquus*) indirect; slant-
Ob-liter-ate, ઑબ્લિટરેટ, *vt.* (L. *ob* & *litera* a letter) to blot or wear out. છેકી–ભુસી–ઉડાડી–ચહેરી–ઘસીને કાઢી નાખવું; ઘસાઈ જવું–જતુ રહેવું.
Ob-liv'ion, ઑબ્લિવિઅન, *n.* (L. *obliviscor* I forget) forgetfulness; amnesty. વિસ્મૃતિ, વિસારો, ભુલાવો; ગુનામાત્રની માફી.
Ob-liv'i-ous, ઑબ્લિવિઅસ, *a.* forgetful. ભુલાવે એવું, ભુલકણું. [er than broad. લંબ-દીર્ઘચોરસ, લાંબું.
Ob'long, ઑબ્લૉંગ, *a.* (L. *ob* & *longus* long) long-
Ob'-lo-quy, ઑબ્લોકુઈ, *n.* (L. *ob* & *loquor* I speak) calumnious language. નિંદા, બદગોઈ.
Ob-nox'i-ous, ઑબ્નૉક્સિઅસ, *a.* (L. *ob* & *noxius* hurtful) blameworthy; odious; liable; subject. ઠપકાલાયક, શિક્ષાયોગ્ય; અણગમતો, અલખામણો; યોગ્ય, પાત્ર; વશ, આધીન.
Ob-scene', ઑબ્સીન, *a.* (L. *obscenus*) indelicate; filthy; inauspicious. ભુંડાણું, નિર્લજ્જ; ગંદું, મલીન; અશુભ.
Ob-scure', ઑબ્સ્ક્યૂર, *a.* (L. *obscurus* dark) dark, gloomy; retired; not noted; not clear; not distinct. નિસ્તેજ, અંધારાવાળું; ખુણાનું, ખુણે પડેલું; અપ્રસિદ્ધ, અસ્પષ્ટ; અપૂર્ણ, એવું તેવું. *vt.* to conceal; make less

legible or beautiful. સંતાડવું; વંચાય-સમજાય નહિ એવું કરવું; ઝાંખું-અપ્રસિદ્ધ-અસ્પષ્ટ કરવું.

Ob-scur'i-ty ઑબ્સ્ક્યુરિટિ, *n.* darkness; privacy, unintelligibleness; humility. નિસ્તેજપણું, અંધકાર. એકાંતે-અપ્રસિદ્ધપણું; દુર્બોધપણું; ગરીબાઇ, અતિનમ્રતા.

Ob-se'qui-ous, ઑબ્સીક્વીઅસ, *a.* (L. *ob* & *sequor* I follow) submissive. ખુશામતિયું.

Obser'vant, ઑબ્ઝર્વંટ, *a.* (L. *ob* & *servo* I keep) regardful; attentively. viewing આજ્ઞાધીન, પાળનાર, કહ્યું કરનાર-માનનાર; લક્ષ દઇને જનાર, નજરબાજ.

Ob-ser-va'tion, ઑબ્ઝર્વેશન, *n.* act of seeing; remark, notice. અવલોકન શક્તિ, નિરીક્ષા; ટીકા, ટીકાનું ભાષણ; કશાપર બોલવું લખવું તે, વિચાર, અનુમાન.

Ob-serve', ઑબ્ઝર્વ, *vt.* to notice; see; remark. લક્ષ દઇને જોવું, અવલોકન કરવું, પાળવું, માનવું; બોલવું, કહેવું, ટીકા કરવી.

Ob-so'lete, ઑબ્સોલીટ, *a.* (L. *obsolesco* I wear out) out of use or date. વાપર-ઉપયોગમાં નહિ આવતું, રૂઢિભ્રષ્ટ.

Ob-sta'cle, ઑબ્સ્ટેકલ, *n.* (L. *ob* & *sto* I stand) hinderance. અડચણ, નડતર, હરકત, નડ, આડ.

Ob-stet'ric, ઑબ્સ્ટેટ્રિક, *a.* (L. *obsterix* a midwife) of midwifery. સૌયાણીનું, દાઇનું, પ્રસવવિધાનું.

Ob'sti-nate, ઑબ્સ્ટિનેટ, *a.* (L. *obstino* I persist in) stubborn; not easily removed. હઠીલું, મમતી; દુઃસાધ્ય.

Ob-strep'er-ous, ઑબ્સ્ટ્રેપરસ, *a.* (L. *ob* & *strepo* I

make a noise)clamorous.બૂમરોળ-ઘોંઘાટ કરી મૂકનાર.

Ob-struct', ઑબ્સ્ટ્રક્ટ, *vt.* (L. *ob* & *struo* I pile up) to hinder; stop. અટકાવવું, રોકવું, બંધ કરવું; રૂંધવું, વચ્ચે અડચણ નાખવી. [અટકાવ, નડતર.

Ob-struc'tion, ઑબ્સ્ટ્રક્શન, *n.* hinderance. અડચણ,

Ob-tain', ઑબ્ટેન, *vt. i.* (L. *ob* & *teneo*) to acquire; continue in use. મેળવવું, સંપાદન કરવું; ચાલવું, રૂઢ હોવું.

Ob-trude', ઑબ્ટ્રૂડ, *vt. i.* (L. *ob* & *trudo* I thrust) to thrust in; to urge upon against the will. ઘુસવું, ઘુસીને આવવું-લાવવું; પરાણે આપવું.

Ob-tru'sive, ઑબ્ટ્રૂસિવ્, disposed to intrude. ઘુસે એવું, માથામારૂ, વગર તેડે-અણબોલાવે આગળ પડે એવું.

Ob-tund', ઑબ્ટંડ, *vt.* (L. *ob* & *tundo* I strike) to dull, blunt. મંદ-જડ-ઓછું-બહેરૂં-બુઠું કરવું, ધીમું-નરમ પાડવું. [જાડો, તીણો નહિ તેવો; પહોળો ખૂણો.

Ob-tuse', ઑબ્ટ્યૂસ, *a.* dull; not acute. મંદ, જડબુદ્ધિ;

Ob'-verse, ઑબ્વર્સ, *n.* (L. *ob* & *verto* I turn) the face of a coin. સિક્કાની જે બાજુપર મુખ્ય છાપ હોય તેબાજુ.

Ob'vi-ate, ઑબ્વિએટ, *vt.* (L. *ob* & *via* way) to prevent, remove. ટાળવું, નિવારવું, દૂર-વેગળું કરવું-રાખવું. [સ્પષ્ટ.

Ob'vi-ous, ઑબ્વિઅસ, *a.* liable; plain. યોગ્ય, પાત્ર; ખુલ્લું,

Oc-ca'sion, ઑકેશન, *n.* (L. *ob* & *cado* I fall) an incident; opportunity; cause; need. પ્રાસંગિક બનાવ, બિના; ફાવતો પ્રસંગ-લાગ, તાકડો, સારો વખત; નિમિત્ત, કારણ;

ગરજ, પ્રયોજન, જરૂર. *vt.* to cause. કારણભૂત–થી થવું, કરાવવું.
Oc-ca'sion-al, ઑકેશનલ, *a.* at times. કોઈકોઈ વારનું. [ભાગ.
Oc'ci-dent, ઑક્સિડંટ, *n.* the west. આથમણી–પશ્ચિમદિશા–
Oc'ci-put, ઑક્સિપટ, *n.* (L. *ob* & *caput* the head) the hinder part of the head. માથાનો પાછલો ભાગ.
Oc-cult', ઑકલ્ટ, *a.* (L. *ob* & *colo* I cultivate) secret, hidden. ગૂઢ, છાનું, ગુપ્ત. અપ્રસિદ્ધ, ગુહ્ય.
Oc'cu-pant, ઑક્યુપંટ, *n.* (L. *ob* & *capio* I take) one who has possession. કબજો લેનાર, કબજેદાર, ભોગવટોકરનાર.
Oc-cu-pa'tion, ઑક્યુપેશન, *n.* employment; possession. રોજગાર, ધંધો, ઉદ્યમ; કબજો, ભોગવટો, વહીવટ.
Oc'cu-py, ઑક્યુપાઈ, *vt.* to hold; cover, fill; employ. કબજો લેવો, હાથ–કબજ કરવું, કબજા–ભોગવટામાં રાખવું; રોકવું,–થી રોકાવું; કામે વળગાડવું, કામમાં ગુંથાયા–લાગેલા રહેવું.
Oc-cur', ઑકર, *vi.* (L. *ob* & *curro* I run) to be found; come to the mind. જોવામાં આવવું, નજરે પડવું; સૂઝવું, સુઝી–ના મનમાં આવવું. [બિના.
Oc-cur'rence, ઑકરન્સ, *n.* any event. બનાવ, વાત,
O'cean, ઓશન, *n.* (L. *oceanus*) the vast body of water. મહાસાગર, મ્હોટો સમુદ્ર–દરિયો. [ગેરૂ, રાતી લોહમય માટી.
O'chre, ઓકર, *n.* (L. *ochra*) clay used as a pigment.
Oc'ta-gon, ઑક્ટેગૉન, *n.* (Gr. *octo* 8 & *gonia* corner) a figure of 8 sides & angles. અષ્ટકોણ.

Oc'troi, ઑક્ટ્રૉઈ.*n.* (Fr. *octroyer* to grant) a town duty. દરવાજે લેવાનો વેરો—લેવાનું હાંસલ.
Oc'u-lar, ઑક્યુલર, *a.* (L. *oculus* the eye) known by or relating to the eye. આંખે—નજરે જોયલું, પ્રત્યક્ષ.
Odd, ઑડ, *a.* (W. *od* singular) not paired; left over; uneven; strange, queer. વિખુટું, નોખું; ઉપરનું, બાકીનું, પરચુરણ; એકી; વિલક્ષણ, કઢંગું, વિચિત્ર. odds, *pl.* difference, advantage. ફેર, તફાવત, અંતર; ચઢિયાતા—સરસપણું.
Ode, ઓડ, *n.* (L.) a short poem. ગીત, ગજલ, ટુંકું કાવ્ય.
O'di-ous, ઓડિઅસ, *a.* (L. *odium* hatred) detestable; offensive; exposed to hatred. ધિક્કાર—ફિટકાર કરવા જોગ; કંટાળો ઉપજાવે એવું; ભુંડું, અણગમતું, અળખામણું.
O'di-um, ઓડિઅમ, *n.* hatred; offensiveness. તિરસ્કાર, ફિટકાર, ભુંડાસ, અપ્રીતિ; નિંદા, ભુંડાપણું. [વાસ, ગંધ, બો.
O'dour, ઓડર, *n.* (L. *odor*) smell, scent, perfume.
Of, ઑવ, *pre.* (AS.) from; out of; belonging to; concerning. થી, માંથી; નું, નો, ની, માંનું; વિષે.
Off, ઑફ, *ad.* (AS.) denoting distance or separation. આઘે, દૂર, વેગળે; નાખવું, રહેવું, જવું, દેવું, કાઢવું, આડું. *pre.* distant from. ઉપર નહિ રહેલું, ખસેલું, બહાર,—થી વેગળો. *int.* begone. ચાલ, જા, દીસતો રહે. [કચરો, પુંજો; એઠવાડ.
Off'al, ઑફલ, *n.* (Ger. *abfall*) refuse. નાખી દેવાની વસ્તુ,
Of-fence', ઑફેન્સ, *n.* (L. *ob* & *fendo* I dash) displeasure; fault; crime; injury. નાખુશી, ઈતરાજી

માઠું લાગવું:ભૂલ, ભૂલથાપ,ઠોકર; અપરાધ, ગુનો, વાંક; નુકસાન,
Of-fend′, ઑફેંડ, *vt.* to displease; shock, wound; draw to evil. નાખુશ–ગુસ્સે કરવું,–થી ખોટું–માઠું લાગવું; દુ:ખ–કંટાળો ઉપજાવવો; પાપ કરાવવું. [રાધી.
Of-fend′er, ઑફેંડર, *n.* he who offends. ગુનેગાર, અપ-
Of-fens′ive, ઑફેન્સિવ્, *a.* displeasing; disgusting; used in attack; assailant. માઠું–ખોટું લાગે–ગુસ્સો આણે એવું; ખોટું, બદ, દૂર; હુમલો કરવાનું, મારવાનું; પહેલો હુમલો કરનાર, લઢાઇ જગવનાર, લઢાઈનું મૂળ.
Of′fer, ઑફર, *vt. i.* (L. *ob* & *fero* I bear) to present; propose; bid; sacrifice. અંગીકાર કરાવવા, મ્હોં આગળ ધરવું–મૂકવું; બતાવવું, કરવા કહેવું; કિંમત આપવા માંડવી–કહેવી; યજ્ઞ–નિવેદન–અર્પણ કરવું. *n.* price, a bid; a proposal. માગણી, આપવા કહેલી કિંમત; કરવા કહેલી વાત, કહેણ.[બળિ.
Of′fer-ing, ઑફરિંગ, *n.* sacrifice; gift. બળિદાન, નૈવેદ,
Of′fice, ઑફિસ, *n.* (L. *ob* & *facio* I do) duty; employment; function; place of business. કર્તવ્યકામ, ફરજ, ઉપકાર, મહેરબાની, અધિકાર, હોદ્દો,જગા; કામ; કચેરી, આફીસ; ક્રિયા, વિધિ. [કામ–હોદ્દે–અમલદાર.
Of′fi-cer, ઑફિસર, *n.* one who holds office. અધિકારી,
Of-fic′i-al, ઑફિશિયલ, *a.* by authority. અધિકારીએ–અધિકારની રૂએ કરેલું. *n.* one in office. કામદાર, અધિકારી.
Of-fic′i-ate, ઑફિશિએટ, *vt.* perform any duty; act for another. બીજાને બદલે કામ કરવું–બજાવવું–ચલાવવું.

Of-fi'cious, ઑફિશસ, *a.* unduly forward, meddling; doing kind offices. વચમાં ટાહેલું કરનાર, કોઈના કામમાં અમથો પડનાર. [કિનારાથી દૂરનો—અર દરિયો.
Off'ing, ઑફિંગ, *n.* the sea at a distance from shore.
Off'scour-ing, ઑફ્સ્કાઉરિંગ, *n.* refuse, rejected matter. એઠવાડ, કચરો, ઉકરડો.
Off'set, ઑફ્સેટ્, *n.* shoot, sprout; an equivalent. ફણગો, ફાંટો; સામો દાવો—લેણું, સાટા—બદલામાં આપવાનું.
Off'spring, ઑફ્સ્પ્રિંગ, *n.* children. સંતાન, પ્રજા, સંતતિ.
Oft, Oft'en, ઑફ્ટ,ઑફ્ન,*ad.*(AS.) frequently.વારંવાર.
O'gle, ઓગલ, *vt.* (L. *oculus* the eye) to look with side glances. આડું—ત્રાંસું જોવું, આંખ મારવી. [હે, ઓ.
Oh, ઓ, *intj.* denoting surprise or pain. અરે અરે,
Oil,ઑઇલ, *n.*(AS.*ele*) fatty liquid. તેલ. *vt.*to smear with oil. તેલ ચોપડવું—ઘસવું—લગાડવું.
Oil'y, ઑઇલિ, *a.* like oil. તેલ જેવું.
Oint'ment, ઑઇંટમેંટ, *n.* (L. *ungo* I annoint) an unguent. લેપ,ચોપડવા—ઘસવાનો પદાર્થ, મલમ.
Old, ઓલ્ડ, *a.* (AS. *ald*) aged; not new; having existed a long time. ઘરડું, વૃદ્ધ; જૂનું; આગળનું, પ્રાચીન, પૂર્વેનું; ઉંમર—વર્ષનું. [અગાઉનું.
Old'en, ઓલ્ડન, *a.* old, ancient. જૂનું, પ્રાચીન, અસલનું,
O-le-ag'in-ous, ઓલિઍજિનસ, *a.* (L. *oliva* olive) oily. ચિકણું, તેલજેવું, સુંવાળું.

Ol-fac'tor-y, ઑલ્‌ફૅક્ટોરિ, *a.* (L. *oleo* I smell & *faico*) having the sense of smelling. સુંઘવાની ઇંદ્રિયાવાળું.

Ol'i-garch-y, ઑલિગાર્કિ, *n.* (Gr. *oligos* few & *archein* to rule) government in the hands of a few men. અલ્પ જનસત્તાક રાજ્ય.

O'men, ઓમેન, *n.* (L.) sign of good or evil. શુભાશુભ સૂચક ચિન્હ–શુકન, ભવિષ્યનું લક્ષણ. [અશુભસૂચક, માઠું.

Om'in-ous, ઑમિનસ, *a.* forboding ill. અપશુકનનું,

O-mis'sion, ઓમિશન, *n.* (L. *ob* & *mitto* I send) neglect, failure. મૂકી–છોડી દેવું તે, કસૂર, ગફલત, ભૂલ, ચૂક, મૂકી દીધેલો અંશ–ભાગ.

O-mit', ઓમિટ્‌, *vt.* to pass over, leave out, neglect, forbear to do. મૂકી–છોડી દેવું, ચૂકવું, ભૂલથી ન કરવું.

Om-nip'o-tent, ઑમ્નિપોટંટ, *a.* (L. *omnis* all & *potens* powerful) all powerful. સર્વશક્તિમાન.

Om-ni-pres'ent, ઑમ્નિપ્રેઝંટ, *a.* (L. *omnis* & *presens* present) present in every place. સર્વવ્યાપક–ભાવી–ગત. [know) all-knowing. સર્વજ્ઞ–સાક્ષી, ત્રિકાલજ્ઞ.

Om-nisc'i-ent ઑમ્નિશિયંટ, *a.* (L. *omnis* & *scio* I

Om-niv'o-rous, ઑમ્નિવોરસ, *a.* (L. *omnis* & *voro* I eat) all-devouring. બધું ખાનારૂં.

On, ઑન, *prep.* (AS.) upon; at; near. ઉપર, પર; તરફ, એ, માં, નજીક, પાસે;–ને સહે–જોખમે; એટલે, ત્યારે, પછી; તરફથી–ની–થી તો. *ad.* forward; adhering, not

off. આગળ, કરવું, જવું, રહેવું; સ્થિર, પાછળ, વળગેલું, કાયમ, પહેરેલું. [એકવાર–વખત–ફેરી; આગળ, પૂર્વે, ઘણા દિવસપર.
Once, ઉઅન્સ, *ad.* (AS. *an*) one time; formerly,
One, ઉઅન, *a.* single; any closely bound together; the same. એક, નામનો એક–કોઈ; એકસંપી–રૂપ–ગાઢવાળું; એકજ, એકજ જાતનું, એકનું એક.
One'ness, ઉઅનનેસ, *n.* unity. એકપણું, એકત્વ.
On'er-ous, ઑનરસ, *a.* (L. *onus* a burden) burdensome; oppressive. ભારે; જુલમ ભરેલું.
On'ion, અનિઅન, *n.* (L. *unio*) a plant with a bulbous root. કાંદો, ડુંગળી, પ્યાજ.
On'ly, ઓનલિ, *a.* (AS. *anlic* one-like) one alone; this & no other. એકલો, એકજ; એકનું એક. *ad.* singly. માત્ર, ફક્ત–જ. [હુમલો, ધસારો, ચઢાઈ.
On'set, ઑનસેટ્, *n.* (on & set) an attack, assault.
On'-slaught, ,ઑનસ્લૉટ્, *n.* an attack, assault. હુમલો.
On-tol'o-gy, ઑનટૉલૉજિ, *n.* (Gr. *onta* being & *logos*) the science of being. ભૂત–પ્રાણીમાત્ર વિચાર.
O'nus, ઓનસ, *n.* (L.) the burden. જુમ્મો, બોજો.
On'ward, ઑન્‌ઉઅર્ડ, *a.* progressing. આગળ ચાલેલું–ચાલતું, વર્ધમાન. *ad.* forward. આગળ.
Ooze, ઉઝ, *n.* (AS. *wos* juice) soft mud. નરમ–ઢીલો કાદવ. *vi.* to flow gently. ઝરવું, ગળવું, નિતરવું.
O-paque', ઓપેક, *a.* (L. *opacus* dark) not transparent; dark. અપારદર્શક; નિસ્તેજ, તેજહીન.

Ope, ઓપ, *vt.* *i.* to open. ઉઘડવું, ખુલવું.

O'pen, ઓપન, *a.* (AS.) unclosed, not shut; free; exposed; expanded; unreserved, easily understood; not settled or closed. ઉઘાડું, ખુલ્લું, મોકળું; આવવાની છૂટ હોય એવું; યોગ્ય, પાત્ર; વિકસિત, ખિલેલું; નિષ્કપટિ, ખરાદિલનું–આવનું, ચોખ્ખું, સાફ; ભાવ–અર્થ કળી શકાય તેવું; ચાલતું. [માગ, બાકું, છિંડું; બાકુ, કાણું; શિરૂઆત, આરંભ.

O'pen-ing, ઓપનિંગ, *n.* a broach; hole; beginning.

O'pen-ly, ઓપનલિ, *ad.* publicly, frankly, plainly. સ્પષ્ટ–ઝાહેર રીતે, સૌના દેખતાં, ઉઘાડે છોક; ખુલ્લા દિલથી.

Op'er-a, ઑપરા, *n.* (L. *opera* works) a musical drama. સંગીત નાટક.

Op'er-ate, ઑપરેટ, *vi.* to act; work; perform. કામ–ક્રિયા કરવી, બળ વાપરવું;–થી ધારેલો ગુણ અસર જણાવી–થવી; કાપવું, ચીરવું, વાઢકાપ કરવું.

Op-er-a'tion, ઑપરેશન, *n.* action, movement; effect. કામ, વ્યાપાર, ક્રિયા, કૃતિ, કાર્ય, વાઢકાપ; ગુણ, અસર, ચલણ. [કારી–સાધક, ગુણકારી.◦*n.* a workman. કારીગર.

Op-er-a'tive, ઑપરેટિવ, *a.* acting, working. કાર્ય

Oph'thal-my, ઑફ્થૅલ્મિ, *n.* (Gr. *ophthalmos* the eye) a disease of the eyes. નેત્ર રોગ, આંખનો મરજ.

O'pi-ate, ઓપિએટ, *n.* (Gr. *opion* poppy-juice) any preparation of opium to allay pain. ઉંઘ–ચેન આણે એવું ઓસડ.

O-pin'ion, ઓપિનિઅન, *n.* (L. *opinari* to think) sentiment; judgment. મત, વિચાર; ન્યાયાધીશનો ઠરાવ.
O'pi-um, ઓપિઅમ, *n.* juice of the poppy. અફીણ-મ.
Op-po'nent, ઑપોનંટ, *n.* (L. *ob* & *pono* I put) an opposer; a foe. સામાવાળિયું, પ્રતિપક્ષી; શત્રુ, દુશ્મન.
Op-por-tune, ઑપરટ્યૂન, *a.* (L. *ob* & *portus* the port) timely, seasonable. ખરાતાકડા-સંધિનું-વિષે, વખતસર.
Op-por-tu'ni-ty, ઑપારટ્યૂનિટિ, *n.* fit time. પ્રસંગ, તક, લાગ.
Op-pose', ઑપોઝ, *vt.* (L. *ob* & *pono* I put) to resist, withstand. સામે થવું-પડવું, સામું મૂકવું-ધરવું, અટકાવવું, ચાલવા ન દેવું. [સનમુખ; ઉલટું, વિરૂદ્ધ, વિપરીત.
Op'po-site, ઑપોઝિટ, *a.* facing; contrary. સામું, સામેનું,
Op-po-si'tion, ઑપોઝિશન, *n.* resistance; an opposite party. સામા થવું તે, અટકાવ, પ્રતિપક્ષી મંડળ.
Op-press', ઑપ્રેસ, *vt.* (L. *ob* & *premo* I press) to treat with rigour; burden. પીડવું, દુઃખ દેવું, જુલમ કરવો;-માં-ઉપર ભારે શળજેવું લાગવું.
Op-pres'sion, ઑપ્રેશન, *n.* tyranny; injustice; misery; heaviness. દુઃખ દેવું-પીડવું તે, જુલમ, અતિશય શખ્તી; અન્યાય, અધર્મ; પીડા, કષ્ટ; ભારેશળપણું, સુસ્તી, આળસ. [લમી, જુલમ ભરેલું-ગાર; ભારે; જબરદસ્ત.
Op-pres'sive, ઑપ્રેસિવ, *a.* unjust; burdensome. જુ-
Op-pres'sor, ઑપ્રેસર, *n.* a tyrant. જુલમ કરનાર, પીડનાર, દુઃખ દેનાર. [infamy. ધિક્કાર, ફિટકાર, ફિટફિટ.
Op-pro'bri-um, ઑપ્રોબ્રિઅમ, *n.* (L.) disgrace, reproach,

Op-pro'bri-ous, ઑપ્રોબ્રિઅસ, *a.* infamous, hateful. નિંદા-બદનામી ભરેલું; તિરસ્કૃત, તુચ્છ, ધિક્કારયોગ્ય.

Op-pugn', ઑપ્યૂન, *vt.* (L. *ob* & *pungo* I fight) to oppose. સામા થવું-ટક્કર લેવી. [wish. ઇચ્છાદર્શક-સૂચક.

Op'ta-tive, ઑપ્ટેટિવ્, *a.*(L. *opto* I wish) expressing

Op'tics, ઑપ્ટિક્સ, *n.* (Gr. *optamai* to see) science of sight &c. દર્શન શાસ્ત્ર-વિદ્યા.

Op'tim-ism, ઑપ્ટિમિઝમ, *n.* (L. *optimus* the best) the doctrine that every thing is best. જગતમાં જે જે છે કે બને છે તે સારાને વાસ્તે છે એવું મત.

Op'tion, ઑપ્શન, *n.*(L. *opto* I wish)power of choice; wish. પસંદ કરવાનો અધિકાર-છૂટ-હક; પસંદગી, મરજી,ખુશી.

Op'u-lence, ઑપ્યુલન્સ, *n.* (L. *ops* wealth) riches. દોલત,

Op'u-lent, ઑપ્યુલંટ, *a.* very rich. માતબર, પૈસાદાર. [દ્રવ્ય.

Or, ઑર, *con.* (AS. *adher*) showing alternative; otherwise. અથવા, કે, કિંવા, ઇઆ; નહિતો-તર.

Or'a-cle, ઑરેકલ, *n.* (L. *oro* I speak) an answer of a pagan god; the deity; a wiseman-decision. બાંધેલા પ્રશ્નનો દેવે આપેલો ઉત્તર; દેવ, દેવપુરૂષ; વજનદાર-મોભાવાલો પુરૂષ, બુદ્ધિશાળી પુરૂષનું-આપ્ત વચન.

O'ral, ઓરલ, *a.* (L. *os* the mouth) spoken, not written; uttered by the mouth or in words. અલિખિત, મોઢાનું, મુખજુબાનીનું, મુખ. [a tree. નારંગી.

Or'ange, ઑરેંજ, *n.* (L. *arangia*) the pulpy fruit of

O-ra'tion, ઑરેશન, *n.* (L. *oro* I speak) a public speech. છટાદાર ભાષણ. [વક્તા, વાક્ચાતુર્યવાળા ભાષણકર્તા.
Or'a-tor, ઑરેટર, *n.* an eloquent speaker. ચતુર-છટાદાર
Or'a-tor-y, ઑરેટરિ, *n.* the art of speaking; a chapel. વાક-શબ્દ ચાતુર્ય, વક્તૃત્વ; સેવા-પૂજાનું મંદીર-ગૃહ.
Orb, ઑર્બ, *n.* (L. *orbis*) a sphere; the eye. ગોળો; ડોળો.
Or'bit, ઑર્બિટ્, *n.* path of celestial body. કક્ષા, ગ્રહ પથ, ફેરી. [fruit-garden. ફળ બાગ-વાડી, ફળવૃક્ષ વાટિકા.
Or'chard, આર્ચર્ડ, *n.* (AS. *wyrt* herb & *geard* yard)
Or-dain', ઑર્ડેન, *vt.* (L. *ordo* order) to appoint; enact, decree; regulate; invest with ministerial functions. ઠરાવવું, નિમવું; કાયદો-હુકમ-નિર્માણ કરવું; નિયમપ્રમાણે ગોઠવવું, સ્થાપવું; ધર્માધિકારીની દીક્ષા આપવી.
Or'de-al, ઑર્ડીઅલ, *n.* (AS. *ordal*) trial by fire or water; severe trial. દિવ્ય, કઠીણ અગ્નિ પરીક્ષા; ખરી કસોટી.
Or'der, ઑર્ડર, *n.* (L. *ordo*) a command; method, condition; commission; class, group. હુકમ, આજ્ઞા; રીત, ક્રમ, પદ્ધતિ; સુસ્થિતિ; વ્યવસ્થા, બંદોબસ્ત; કામ, ફરમાશ, વરધી, આડત; વર્ગ, મંડળ, ગણ, આશ્રમ, માર્ગ, પંથ. *vt.* to regulate; command. રીતિસર ગોઠવવું-ચલાવવું; હુકમ આપવો-કરવો, ફરમાવવું. [ધારો, ઠરાવ, વિધિ, ક્રિયા.
Or'di-nance, ઑર્ડિનન્સ, *n.* rule, law, rite. નિયમ,
Or'di-na-ry, ઑર્ડિનેરિ, *a.* customary; common, usual; inferior; plain. રીત-ચાલ-નિયમ મુજબ-પ્રમાણે;

સાધારણ, મધ્યમ; ઉતરતું, કનિષ્ઠ; વ્યવહારીકું, બહુ કુટડુંએ નહિ કે કડુંએ નહિ એવું. [મહોટાં અગ્નિશસ્ત્રો, તોપખાનું.
Ord′-nance, ઑર્ડનન્સ, *n.* heavy artillery, cannon.
Or′dure, ઑર્ડ્યુર, *n.* (L. *horridus* horrid) dung, filth. છાણ, નરક, અઘાર, મેલ. [અશોધિત ધાતુ.
Ore, ઓર, *n.* (AS. *or*) mineral substance. અશુદ્ધ–
Or′gan, ઑર્ગન, *n.* (Gr. *organon* to work) a natural instrument; means; instrument of music. ઈંદ્રિય, દ્વાર; ઉપાય, સાધન, માર્ગ; વાધ, વાજું. [સાધન સંબંધી.
Or-gan′ic, ઑર્ગૅનિક, *a.* having organs. ઈંદ્રિયવાળું, જીવ-
Or′gan-ize, ઑર્ગૅનાઇઝ, *vt.* to form with organs or in due order. સાવયવ–ઈંદ્રિવાન કરવું, જીવ સાધન આપવાં; યોજવું, ગોઠવવું, રચવું. [પૂર્વનું, ઉગમણનું.
O-ri-ent′al, ઓરિએંટલ, *a.* (L. *oriri* to rise) eastern.
Or′i-fice, ઑરિફિસ, *n.* (L. *oris* the mouth) mouth, aperture. નળીનું મ્હો, વેહે, બાકું, કાણું.
Or′i-gin, ઑરિજીન, *n.* (L. *origo*) beginning; cause, occasion. મૂળ, પ્રારંભ, ઉગમ, ઉત્પત્તિ; કારણ, હેતુ, નિમિત.
O-ri′gi-nal, ઓરિજીનલ, *a.* first, primitive. મૂળ ઉત્પત્તિનું,–પ્રારંભનું; મૂળ, અસલ, પ્રથમનું. *n.* origin; first copy. શીરૂઆત; મૂળ–અસલ ગ્રંથ.
O-ri-gi-nate, ઑરિજીનેટ, *vt.i.* to produce. નવું પેદા–ઉત્પન્ન કરવું–રચવું; to take rise, begin. પ્રથમ નિકળવું, શરૂ કરવું.
Or′i-son, ઑરિસન, *n.* (L. *oro* I beg) a prayer. પ્રાર્થના.

Or'na-ment, ઑર્નમેંટ, *n.* (L. *orno* I deck) decoration. શણગાર, શોભા, આભૂષણ, ઘરેણું, દાગીનો. *vt.* to embellish. શણગારવું, શોભાવવું, ઘરેણા ઘાલવાં-પહેરાવવાં.

Or-na-ment'al, ઑર્નમેંટલ, *a.* tending to adorn. શોભા-

Or'nate, ઑર્નેટ, *a.* decorated. શણગારેલું. શોભાવેલું. [વે એવું.

Or-ni-thol'o-gy, ઑર્નિથૉલૉજિ, *n.* (Gr. *ornithos* a bird & *logos* speech) science of birds. પક્ષિવિદ્યા-વર્ણન.

Or'phan, ઑર્ફન, *n.* (Gr.) a fatherless or motherless child. ન બાપું-ન માયું-માબાપ વગરનું છોકરૂં.

Or'tho-dox, ઑર્થોડૉકસ, *n.* (Gr. *orthos* right & *doxa* opinion) sound in faith. ધર્મમાં દૃઢ-પાકો, સન્માર્ગી.

Or thog'ra-phy, ઑર્થૉગ્રફિ, *n.* (Gr. *orthos* & *grapho*) correct spelling or writing. શુદ્ધ જોડણી, વર્ણવિચાર.

Osc'il-late, ઑસિલેટ, *vi.* (L. *oscillo*) to swing, vibrate; vary, fluctuate. વધવું ઘટવું, ચઢઉતર થયા કરવી.

Oss'e-ous, ઑસિઅસ, *a.* (L. *os* a bone) bony, like bone. હાડકાંવાળું-જેવું, અસ્થિમય.

Os-ten'si-ble, ઑસ્ટેન્સિબલ, *a.* (L. *ostendo* I show) shown; not real. દેખાડેલું, બતાવેલું, દેખીતું, કહેલું ; ઉપરનું, બહારનું, કહેવાનું, બતલાવવાનું.

Os-ten-ta'tion, ઑસ્ટેન્ટેશન, *n.* outward show. ડોળડમાક, ઢોંગ, રોપ, ભપકો. [ડોળ કરે એવું, ડમાક ભરેલું.

Os-ten-ta'tious, ઑસ્ટેન્ટેશિઅસ, *a.* showy. ઢોંગી રોપી,

O'ther, અધર, *a.* (AS.) not the same; opposite. બીજું, અન્ય, જુદું; સામું, પેલીતરફ. [જુદી—બીજી રીતે; નહિતો.
Other-wise, અધરવાઇઝ, *ad.* in a different manner.
Ought, ઓટ્, *vi.* (AS. *agan* to have) is fit, behoveth, is proper or necessary. ઘટેછે, જોઈએછે.
Our, Ours, અવર, અવર્સ. *pro.* (AS. *ure*) belonging to us. અમારૂં, આપણું.
Oust, આઉસ્ટ, *vt.* (Fr. *oster*) to take away; eject. ખસેડી—લઈ લેવું; ભાડુત વગેરેને કાઢી મૂકવું. [હાર, બહાર ગયલું.
Out, આઉટ, *ad.* (AS.) not within; not at home. બ-
Out'bid, આઉટબિડ્,' *vt.* to bid more.—થી વધારે—મહોટી માગણી કરવી, કરતાં વધારે મૂળ આપવા માંડવું.
Out'break, Out'burst, આઉટબ્રેક્, આઉટબર્સ્ટ, *n.* a breaking forth. એકદમ બહાર નિકળવું—પ્રવર્તવું તે, ઉભરો.
Out'cast, આઉટકૅસ્ટ, *a.* expelled; degraded. બહાર કાઢી મૂકેલું; બહિષ્કૃત, પતિત, ભ્રષ્ટ.
Out'come, આઉટકમ, *n.* issue. પરિણામ, ફળ.
Out'cry, આઉટક્રાઈ, *n.* clamour. પોકાર, બૂમ, બોમાટ.
Out-do', આઉટડૂ, *vt.* to surpass, to excel.—થી ચઢવું, ચઢિયાતા નિકળવું, હઠાવવું, પાછું પાડવું.
Out'er, આઉટર, *a.* without. બહારનું, ઉપરનું. [બહારનું.
Out'er-most, આઉટરમોસ્ટ, *a.* furthest out. સહુથી
Out'fit, આઉટફિટ્, *a.* equipment. સફર—પ્રવાસની બધી સામગ્રી—સાહિત્ય—સામાન.

Out-land'ish, આઉટલૅંડિશ, *n.* strange; barbarous; clownish. વિચિત્ર, વિલક્ષણ; જંગલી, અડાણી; રોચા-ગામડિયા જેવું. [ટકવું, લાંબા દહાડા ચાલવું.

Out-last, આઉટલાસ્ટ, *vt.* exceed in duration. વધારે

Out'law, આઉટલૉ, *n.* one deprived of benefit of law. બારવટિયો, રાજના રક્ષણમાંથી કાઢી મૂકેલો પુરૂષ.

Out'lay, આઉટલે, *n.* expenditure. ખરચ, વ્યય.

Out'let, આઉટલેટ્, *n.* a passage outward. બહાર જવાનો-કાઢવાનો રસ્તો, નિકાલ, બારૂ.

Out'line, આઉટલાઈન, *n.* defining line; a sketch; general indication. સીમા-મર્યાદા રેખા-આકૃતિ; ખોખું, ડોળિયું; સાર, ખરડો. [-ના ગત થયા પછી રહેવું.

Out-live', આઉટલિવ્, *vt.* to servive.-થી વધારે જીવવું,

Out-num'ber, આઉટનંબર, *vt.* to exceed in number. સંખ્યામાં અધિક-સરસ હોવું-થવું.

Out'post, આઉટપોસ્ટ, *n.* station at distance. ફોજના મુખ્ય સમૂહથી થોડું વેગળું થાણું-મુકામ.

Out'rage, આઉટરેજ, *n.* (L. *uttra* beyond) violence, insult. મહોટો જુલમ, બળાત્કાર, બળજોરી, કેર, અપમાન. *vt.* to insult. અપમાન કરવું.

Out'right, આઉટરાઈટ, *ad.* immediately; completely. તરતજ, લાગલુંજ; સામટું, પૂરેપૂરૂં, સમૂળગું.

Out'run, આઉટરન, *vt.* to surpass in running. દોડવામાં પાછળ પાડવું-મૂકવું-હઠાવવું. - [પ્રારંભ, શરૂઆત.

Out'set, આઉટસેટ્, *n.* beginning, opening. મૂળમંડાણ,

Out'shine, આઉટશાઈન, *vt.* to excel.—થી વધારે ચળકવું.
Out'side, આઉટસાઈડ, *n.* external part. બહાર—ઉપર-
ઉપરનો ભાગ, સીમા, અવધ. [પડું, ફળિયું.
Out'skirt, આઉટસ્કર્ટ, *n.* border; suburb. સીમા, હદ,
Out-stand'ing, આઉટસ્ટૅંડિંગ, *n.* unpaid, not collect-
ed. બાકી—પત્યા વગર રહેલું, અણપતવેલું, બહાર નિકળતું.
Out'strip, આઉટસ્ટ્રિપ, *vt.* to leave behind. પાછળ
મૂકવું—પાડવું,—થી આગળ નિકળવું.
Out'ward, આઉટઉઅર્ડ, *a.* external.બહારનું, ઉપરનું. *ad.*
to outer parts; abroad. બહાર, ઉપર; પરદેશ જનાર,
દેશાંતર જનાર. [ઉપરથી.
Out'wardly, આઉટઉઅર્ડલિ, *ad.* externally. બહારથી,
Out'work, આઉટઉઅર્ક, *n.* a fortification. કિલ્લાની ખા-
ઇની બહારનો કોટ. [કારકૃતિ, ઈંડાકારનું.
O'val, ઓવલ, *a.* (L. *ovum* an egg) egg shaped.અંડા-
O-va'tion, ઓવેશન, *n.* (L. *ovo* I exult) tribute of
respect. લોકસન્માન—પ્રતિષ્ઠા.
Ov'en, અવન, *n.* (AS. *ofen*) a place for baking.
ભઠ્ઠી, ખાવાનું શેકવાની લોઢી—તવો.
O'ver, ઓવર, *prep.* (AS. *ofer*) across; above;upon.
ઉપરથી—થઈને; ઉપર, પર; ઉપર બધે—ઉપરીદાખલ. *ad.* from
side to side; more than; through out. એક છેડાથી
બીજા સુધી, આરપાર; ઉપર, વધતુ, વધારે; છેડા—છેવટસુધી, પૂ-
ર્ણ, બધું. [ત્રાસથી દબાવવું, ભયગ્રસ્ત—કરી બિહવાડી નાખવું.
O-ver-awe', ઓવરઑ,*vt.* to restrain by fear.ધાક—દમ—

O-ver-bear', ઓવરબેર, *vt.* to bear down. દાબી નાખવું, જોરથી ન ચાલવા દેવું. [tical. મીજાજી, અપમાન કરે એવું.

O-ver-bear'ing, ઓવરબેરિંગ, *a.* haughty & dogma-

O'ver-board, ઓવરબોર્ડ, *ad.* out of the ship. વહાણ માંથી-ઉપરથી. [ઘેરાયલું, અંધરાયલું, ઘનઘોર.

O-ver-cast', ઓવરકૅસ્ટ, *a.* overspread with gloom.

O-ver-come', ઓવરકમ, *vt.* to subdue. જીતવું, તાબે-વશ કરવું, પાર ઉતારવું. [અતિશય કરવું; વધારે બાફી-શેકી નાખવું.

O-ver-do', ઓવરડૂ, *vt.* to do or roast too much. ઘણું-

O-ver-draw', ઓવરડ્રૉ, *vt.* to draw orders beyond the credit; exaggerate. જમે હોય તેથી વધારે ઉપાડવું; રજનું ગજ કરવું. [abundance. પૂર, રેળ; રેલછેલ, અતિશયપણું.

O'ver-flow, ઓવરફ્લો, *n.* inundation, deluge; super-

O-ver-flow', ઓવરફ્લો, *vt.* to flow over; overwhelm. કિનારા-કાનાપરથી વહેવું-ઢળી જવું; ઢાંકી નાખવું, ઉપર ફરી વળવું.

O-ver-haul', ઓવરહોલ, *vt.* to examine. સારીપેઠે તપાસવું.

O-ver-head', ઓવરહેડ, *ad.* aloft, above. ઉંચે, માથાપર.

O-ver-lay, ઓવરલે, *vt.* to cover surface; smother. મઢવું, ઉપર ચઢાવવું; ઢાંક પીછોડો કરી ગુંગળાવી નાખવું.

O-ver-look', ઓવરલુક, *vt.* to inspect; neglect; excuse. ઉપર-ઉપરથી-ઉંચે ઠેકાણેથી જોવું, નજર કરવી, સારીપેઠે તપાસવું, બધું નજરતળે આણવું; ઉપર નજર ન રાખવી, ભૂલથી જોતાં ચૂકવું; જોયું નજોયું-માફ-આંખ આડા કરવા.

O'ver-plus, ઓવરપ્લસ, *n.* surplus. વધારો, ફાલતુ ભાગ.

O-ver-pow'er, ઓવરપાઉઅર, *vt.* to vanquish; affect too strongly. હરાવવું, પરાજય–વશ–તાબે કરવું, જીતવું; ન ખમાય એટલું જોર કરવું. [છળવું, ફસાવવું.

O-ver-reach', ઓવરરીચ, *vt.* to cheat. છેતરવું, ઠગવું,

O-ver-rule', ઓવરરૂલ, *vt.* to control; supersede. વશ રાખવું–કરવું, સત્તા–અધિકાર ચલાવવો,–નું ચાલવા ન દેવું; નામંજુર–રદ ગણવું–કરવું.

O-ver-run', ઓવરરન, *vt.* to spread over; ravage; subdue; outrun. ઉપર બધે ફરી વળવું–પસરવું–ફેલાવું; લૂટવું, વેરાન કરવું; વશ–તાબે કરવું, જીતવું; દોડવામાં પાછળ પાડવું–આગળ નિકળવું. [દેખરેખ રાખનાર, ઉપરી.

O-ver-seer', ઓવરસીર, *n.* supervisor. નિઘેબાની–નજર–

O'ver-sight, ઓવરસાઈટ, *n.* watchful care; mistake. દેખરેખ, નિઘેબાની, નજર; નજરચૂક, ભૂલથાપ.

O'vert, ઓવર્ટ, *a.* (L. *aperio* I open) open, public. ખુલ્લું, ઉઘાડું, દેખીતું.

O-ver-take', ઓવરટેક, *vt.* to catch; take by surprise. પકડવું, પકડી પાડવું;–ઉપર અચાનક આવી પડવું.

O-ver-throw', ઓવરથ્રો, *vt.* to subvert, upset; ruin. ઉથલાવી–ઉંધું નાખવું–પાડવું–વાળવું; નાશ કરવો, હરાવવું, જીતવું. *n.* defeat. હાર, નાશ, પરાજય.

O-ver-top', ઓવરટોપ, *vt.* to rise above; surpass.–ના માથા–ટોચપર આવવું–હોવું, ટોચથી ઉંચું–બહાર નિકળતું હોવું; હઠાવવું, કોરે મૂકવું,–થી ચઢવું.

O'ver-ture, ઓવરચૅર, *n.* (L. *aperio* I open) proposal; introductory music. કહેણ, વિચારવા કરેલી વાત, દરખાસ્ત; પ્રાસ્તાવિક વાદ્યગાન.

O-ver-turn', ઓવરટર્ન, *vt.* to upset;ruin;overpower. ઉંધું વાળવું–નાખવું;નાશ કરવો; જીતવું, પરાભવ કરવો. [ભરેલું.

O-ver-ween'ing, ઓવરવીનિંગ, *a.* conceited. પતરાજ

O-ver-whelm',ઓવરવ્હેલ્મ,*vt.*to spread over & crush with something; sink & bear down. ઘણા ભાર કે વિસ્તારમાં કચરી–દાબી નાખવું; માંહે બુડાડી–મગ્ન કરી નાખવું.

O-vip'a-rus, ઓવિપૅરસ, *a.* (L. *ovum* an egg & *paro* I produce) producing eggs.ઈંડાં મૂકે એવાં, અંડજનક.

Owe,ઓ,*vt.*(AS.*agan* to have) to be indebted.કરજ–દેણદાર–આભારી હોવું,નું દેવું હોવું, જોઈએ, કરવાનો ધર્મ હોવો.

Ow'ing, ઓઈંગ, *a.* due; ascribable.ના દેવા–માગતા–લહેણા;–ને લીધે થયલું,–થી,–ના પ્રતાપથી, એ કરીને.[ઘુઅડ, ઘૂડ.

Owl,આઉલ, *n.*(AS. *ule*) a fowl that flies at night.

Own, ઓન, *a.* (AS. *agan* to have) belonging to. પોતાનું, પોતીકું, ખુદનું. *vt.* to possess; confess. –ના ધણી–માલેક હોવું–થવું,–નું હોવું; માનવું, કબૂલ કરવું,માથે લેવું.

Own'er, ઓનર, *n.* rightful proprietor. ધણી, માલેક, માલધણી. [session. ધણીપણું, માલેકી.

Own'er-ship, ઓનરશિપ, *n.* exclusive right of pos-

Ox,ઑક્સ,*n.*(AS. *oxa*) a male of the bovine genus. બલદ. [produce) gas supporting life. પ્રાણવાયુ.

Ox'y-gen, ઑક્સિજન, *n.* (Gr. *oxys* acid & *gennao* I

Oys'ter, ઑઇસ્તર, *n.* (Gr. *ostreon*) shell-fish. કાલુ માછલી.

P.

Pab'u-lar, પેબ્યુલર, *a.* (L. *pasco* I feed) પોષણપદાર્થ સંબંધી.

Pace, પેસ, *n.* (L. *passus* a step) a step; gait; 5 feet. ડગલું, કદમ; ચાલ, રવાલ, ડેંવું; ૫ ફુટનું માપ. *vt.* to measure by step. ડગલે–ડેંઘે માપવું.

Pa-cif'ic, પૅસિફિક્, *a.* (L. *pax* peace & *facio* I make) quiet, peace-making. ટાઢું, શાંત ; સમાધાની રાખવાની મરજીવાળું, વિરોધ મટાડનાર–ભાંગનાર, સંધીકારક–પ્રિય.

Pa-ci-fi-ca'tion, પૅસિફિકેશન, *n.* the act of appeasing or making peace. સમજાવવું, ક્રોધ–સંતાપ મોચન, સમાવવું તે, શાંતિ–સંધીકરણ, સમાધાની કરાવવી તે.

Pa'ci-fy, પૅસિફાઇ, *vt.* to appease; restore peace to. સમજાવવું, નરમ–ટાઢું પાડવું, ક્રોધ–કલેશ મટાડવો, સમાવવું ; શાંતિ–સમાધાની કરવી.

Pack, પૅક્, *n* (L. *pago* I fasten) a bundle; burdensome load; a set of cards; number of dogs. ગાંસડી–ડો, પોટલું–લી, બિદડી, બચકો; માર; દુ:ખનો ડુંગર; ગંજીફો, પાનાં. *vt.* to bind together; fill ; send off. સીકડીને બાંધવું; દાબી દાબીને ભરવું; કાઢી મૂકવું, રસ્તો કાપે એમ કરવું.

Pack'age, પૅકેજ, *n.* a bundle, a bale; charge for packing. પોટલી, ગાંસડી, બિદડી, બંધામણી, બાંધણખર્ચ.

Pack'et, પૅકેટ્, *n.* a small parcel; despatch, vessel. પોટલી, બચકી; કાગળું વહાણ–હોડી–બોટ.[ment. કોલકરાર.
Pact, Pac'tion, પૅક્ટ, પૅક્શન, *n.* (L. *pactum*) agree-
Pad, પૅડ્, *n.* (AS. *pad* a path) a cushion; saddle. ગાદી, ગાદલું; ખોગીર. [રુઈ.
Pad'ding, પૅડિંગ, *n.* stuffing. રૂ, ઉન વગેરે ભરેલું–ભરવાનું
Pad'dle, પૅડ્લ, *vt.* (Fr. *patte* foot) to play in water; row. પાણીમાં હાથપગ અફાળવા, છબછબ કરવું; હલેસાં મારી ચલાવવું. [field. ઢોરને ચરવાનો વાડો.
Pad'dock, પૅડૉક, *n.* (AS. *pearroc* park) a small
Pad'lock, પૅડ્લૉક્,*n.* (AS. *pad*) a lock with link. તાળું.
Pæ'an, પીઍન, *n.* (L.) a song of joy. જય ગાન–ગીત.
Pa'gan, પેગન, *n.* (L. *pagus* a village) a heathen. જંગલી
Page, પેજ, *n.* (Gr. *pais*) a boy. ખિદમતગાર. [મૂર્તિપૂજક.
Page, પેજ, *n.* (L. *pango* I fasten) one side of a leaf. પાનું, પાસું, પૃષ્ઠ. *vt.* to mark with pages. ઉપર પાનું–અંક માંડવો–ટાંકવો. [મારો, જોવાનું.
Pa'geant, પેજંટ, *n.* (L. *pegma*) splendid show. તમા-
Pail, પેલ, *n.* (Gr. *pella* a milk pan) a vessel for milk, water, &c. ૧૬થી ૨૪ સેરીયું ખુલ્લા મ્હોનું વાસન, તાંબડી.
Pain, પેન, *n.* (L. *pœna* suffering) distress, hurt, labour, punishment. દરદ, વેદના, પીડા, દુઃખ; મહેનત, શ્રમ, પ્રસવવેદના; સજા, શિક્ષા, દંડ. *vt.* to distress. દુઃખ દેવું–થવું, પીડા કરવી. [કારક, સંતાપ લાગે એવું, અઘરૂં.
Pain'ful, પેનફુલ, *a.* full of pain. દુઃખ ભરેલું, પીડાકારી–

Pains'tak-ing, પેનઝટેકિંગ, *a.* laborious. મહેનતું, તનતોડી કામ કરનાર.

Paint, પેંટ, *n.* (L. *pingere*) colour. રંગ. *vt.* to draw sketch; colour; depict. ચિત્ર કાઢવું-પાડવું; રંગવું; વર્ણવું.

Paint'ing, પેંટિંગ, *n.* art of colouring; picture. ચિત્ર-કળા-વિદ્યા, ચિતારાનો કસબ-ધંધો ; રંગીત ચિત્ર-છબી.

Pair, પેર, *n.* (L. *par* equal) a couple; 2 things suited or used together. જોડું, ધણીધણીઆણી, વરવહુ, નરમાદા; જોડ. *vi.* to join in couples. જોડું બાંધવું-બંધાવું, જોડ મળવી, મળતું આવવું.

Pal'ace, પૅલેસ, *n.* (L. *palatium*) a magnificent house. [મહેલ, રાજમંદીર, હવેલી.

Pal'at-a-ble, પૅલેટેબલ, *a.* (L. *palatum*) pleasant to taste. ભાવે એવું, સ્વાદિષ્ટ, રૂચીકર.

Pal'ate, પૅલેટ, *n.* the roof of the mouth; taste. તાળવું, તાલું; રસેંદ્રિય, સ્વાદેંદ્રિય.

Pa-la'ti-al, પૅલેશિઅલ, *a.* (see palace) pertaining to a palace; magnificent. મહેલનું; રાજમંદિરને શોભે એવું.

Pale, પેલ, *a.* (L. *pulleo* I look pale) pallid, wan, dim. ફીકું, ઉતરી ગયલું, ળ્હીલાં-ઝાંખાં પડી જવું; ઝાંખું, ભોટું.

Pale, પેલ, *n.* (L. *palus* a stake) a pointed stake; a fence; space enclosed. સાંકડું અણીવાળું પાટિયું-પકવાસો; ટદી, કટેરો, આવાર, વેષ્ટન; વાડો, મીન, હદ. [કટેરો.

Pal'ing, પેલિંગ, *n.* fence of stakes. ચીપની ટદી-કોટ-

Pa-le-ol'o-gy, પૅલિઑલોજી, *n.* (Gr. *palaios* ancient

& *logos* speech) a treatise on antiquities.પ્રાચીન વૃત્તાંત ગ્રંથ-વિદ્યા-જ્ઞાન, પુરાણ.

Pall, પૉલ, *n.* (AS.) a cloak, mantle; covering for coffin. ઢીલો જભ્ભો; શબપરની કાળી ચાદર.

Pall, પૉલ, *vi.* (W. *pallu* to fail) to lose taste; ઉતરી-મોળું પડી જવું,-માં મઝે-ખૂબી ન લાગવી;-થી કંટાળી-ધરાઈ જવું. [નક્કી બચવાનું ઠેકાણું, રક્ષણ સ્તંભ.

Pal-la'di-am, પૅલેડિઅમ, *n.* (L. *pallas*) safeguard.

Pal-let, પૅલેટ્, *n.* (L. *palia* chaff, *pala* a spade) straw bed; colour-board.નહાનું ઘાસનું સુવાનું પાથરણું; રંગો મૂકવાનું પાટિયું.

Pal'li-ate, પૅલિએટ, *vt.* (L. *pallium* a cloak) to cover, excuse, extenuate; lessen.ઢાંકવું, છાવરવું;ઘટાડવું, ઓછું કરવું,-નું જોર નરમ પાડવું.[ગયલું,છેક ફિક્કું-ઝાંખું-ભોરું.

Pal'lid,પૅલિડ્, *a.*(see *pale*) pale,wan.ઘોળુંરંગ, લોહી ઉડી

Palm, પામ,*n.* (L. *pàlma*) inner part of hand.હથેલી. *vt.* to conceal; impose upon.હાથમુઠીમાં સંતાડવું; છેતરીને-દગાથી આપવું, ઘાલવું, પધરાવવું.*n.* a tree; superiority. તાડ ખજુરીની જાતનું ઝાડ; શ્રેષ્ઠતા, વિજય. [દિવસનું.

Palm'y, પામિ, *a.* flourishing. આબાદીનું, ચઢતી કળાનું-

Pal'pa-ble,પૅલ્પેબલ, *a.*(L.*palpo* I touch softly) that may be felt.અડકવાથી જણાય-લાગે એવું, પકડાઈ જાય-જણાય એવું, ઉઘાડું, પ્રત્યક્ષ.

Pal'pi-tate,પૅલ્પિટેટ, *vi.* (L. *palpo* I beat) to throb, beat. જોરથી ધબકવું, ધડકધડક થવું.

Pal'sy, પોલઝિ, *n.* (see *paralysis*) loss of power of motion. કોઈ અંગનું મરી-રહી જવું, લકવો, [તુચ્છ, નજીવું.
Pal'try, પોલ્ટ્રિ, *a.* (Sw. *palta* rag) mean, worthless
Pam'per, પૅમ્પર, *vt.* (Ger. *pampfen* to stuff) to feed to the full, over indulge. ભરવું, તૃપ્ત કરવું; મન -લાડ-કોડ પૂરાં કરવાં. [stitched book. ચોપાનિયું.
Pam'phlet, પૅમ્ફ્લેટ્, *n.* (L. *papyrus* paper) small
Pan, પૅન્, *n.* (A.S. *panne*) shallow vessel. પેણી, કઢડાઈ.
Pan-a-ce'a, પૅનેસિયા, *n.* (Gr. *panakes* all healing) a universal remedy. રોગ-દુ:ખ માત્ર મટાડે એવું ઓસડ.
Pan'der, પૅંડર, *n.* (from *pandarus* the pimp) a pimp, a mean wretch. ભડવો, કુટણો, દુષ્ટ કામની સિદ્ધિ કરાવી આપનાર. [કાચનો તકતો-તી.
Pane, પેન, *n.* (L. *pannus* a cloth) a sheet of glass.
Pan'el, પૅનેલ, *n.* square of wainscot; jury roll. બારી બારણાંનાં ચોકડાંમાં ખોભણ કાઢી જડેલું પાટિયું ; પંચ-જ્યૂરી સમસ્ત.
Pan-e-gyr'ic, પૅનિજિરિક, *n.* (Gr. *pan* all & *agora* assembly) speech in praise. વખાણ, તારીફ, પ્રશંસા.
Pang, પૅંગ, *n.* (L. *pungo* I prick) intense pain. તીવ્ર દુ:ખ, ઝાટકો, વેદના, મહાવ્યથા. [ધાસકો, ડપકો, હેબક, બીક.
Pan'ic, પૅનિક, *n.* (Gr. *Pan* the god) sudden fright.
Pann'i-er, પૅનયર, *n.* (L. *panis* bread) basket to be carried on horses. પરાળનો ડબ્બો-કંડિયો.

Pan'o-ply, પૅનોપ્લિ, *n.* (Gr. *pan* all & *hopla* arms) complete armour. સર્વાંગરક્ષણ, પૂર્ણ કવચ.

Pant, પૅંટ, *vi.* (L. *palpo* I beat) to breathe quickly; desire much. હાંફવું, ફુંફાટા-ફુંફાડા મારવા, ફેં ફેં કરવું, ટાંપી-ઉત્કંઠીત રહેવું,

Pan'the-ism, પૅંથિઇઝમ, *n.* (Gr. *pan* & *theos* god) the doctrine that the universe is God. આખુવિશ્વ એજ ઇશ્વર એવું મત, જગદીશ્વર મત.

Pan-the'on, પૅંથિઑન, *n.* a temple dedicated to all the deities; whole body of gods. સઘળા દેવનું દહેરૂં; દેવકોટી. [spotted animal. ચિત્તો વાઘ.

Pan'ther, પૅંથર, *n.* (Gr. *pan* & *ther* a wild beast) a

Pan'try, પૅંટ્રિ, *n.* (L. *panis* bread) a store room. સાંતરાંનો ઓરડો. [સ્તનાગ્ર,સ્તનમુખ;નરમ સુંવાળો ખાવાનો પદાર્થ.

Pap, પૅપ, *n.* (L. *papa* pa, pa) nipple; soft food. ડીચી,

Pa-pa, પૅપા, *n.* a father. બાપ.

Pa'pal, પેપલ, *a.* relating to pope. પોપનું.

Pa'per, પેપર, *n.* (L. *papyrus* paper-reed) material for writing on, &c; a writing; newspaper. કાગળ; પત્ર, લેખ, ખત, દસ્તાવેજ; વર્તમાનપત્ર. *a.* made of paper. કાગળનું બનાવેલું. *vt.* to cover with paper. કાગળ ચહોડવા-ચઢાવવા. [ભગત, પોપને ધર્માચાર્ય માનનાર.

Pa'pist, પેપિસ્ટ, *n.* (see *Pap*) Roman Catholic. પોપ

Par, પાર, *n.* (L. *par* equal) equal value; equality. સરખી કિંમત-મૂલ; સરખાપણું, સમાનતા.

Par'a-ble, પૅરેબલ, *n.* (Gr. *para* beside & *ballo* I throw) a fable. નીતિદર્શન, દૃષ્ટાંતિક નીતિ.

Pa-rade', પૅરેડ, *n.* (L. *paro* I set in order) pompous exhibition, military order; procession. બેઠકસાઈ; કવાયત; વરઘોડો, સવારી. *vt.* to display; assemble. બેડસાઈ-ઠાઠ બતાવવો; કવાયતસારૂ ભેગા મળવું.

Par'a-dise, પૅરેડાઈસ, *n.* (Heb. *pardes* a park) Eden; a place of bliss; heaven. ઈડનની વાડી-બાગ; પરમાનંદ ભુવન-લોક-ધામ; સ્વર્ગ.

Par'a-dox, પૅરૅડૉકસ, *n.* (Gr. *para* beyond & *doxa* opinion) truth seeming absurdity. દેખીતો વિવેક વિરૂદ્ધ પણ ખરૂં જોતાં વાસ્તવિક એવો વિચાર.

Par'a-gon, પૅરૅગૉન, *n.* (Gr. *para* & *ago* I lead) perfect model. નમુનો, શિરોમણી, સરતાજ.

Par'a-graph, પૅરૅગ્રૅફ, *n.* (Gr. *para* & *grapho* I write) a short passage. કલમ, પરિચ્છેદ, પારેગ્રાફ.

Par'al-lel, પૅરલલેલ, *a.* (Gr. *para* beside & *allelon* of one another) equally distant; similar; running in accordance. સમાંતર; સરખું, મળતું, સમાન; સમ;-ની સાથેને સાથે-પ્રમાણે-ને મળતું રહેનારૂં-ચાલનારૂં. *n.* a line; equi-distant from another throughout; likeness; comparison made; counterpart. સમાંતર લીટી-રેષા, અક્ષાંશ, અક્ષવૃત્ત; સરખાપણું; મુકાબલો; જોડો, બદલો.

Par-al'y-sis, પૅરૅલિસિસ, *n.* (Gr. *para* & *lyso* I loosen) palsy. લકવો, ગાત્રસ્તંભ, અંગ રહી જવું

Par'al-yze, પૅરૅલાઇઝ, *vt.* to destroy action.-થીજી-જડ઼ પડી જવું,સ્તંભિત કરવું. [ascend) above all. સર્વોપરી, શ્રેષ્ઠ.

Par'a-mount, પૅરૅમાઉંટ, *a.* (Fr. *par* above & *monter* to

Par'a-mour, પૅરૅમૂર, *n.* (Fr. *par amour* by or with love) a lover; a mistress. યાર, જાર; અંગવસ, રાખ, જારિણી. [breast high. છાતીપૂર ઉંચી ભીંત, પારો.

Par'a pet, પૅરૅપેટ્, *n.* (It. *para* & *petto* chest) a wall

Par-a-pher-na'li-a, પૅરૅફરનેલિયા, *n. pl.* (Gr. *para* beyond & *pherne* dowry) apparel & ornaments. કન્યાદાનમાં મળેલું ધન, લૂગડાં ને ઘરેણાં.

Par'a-phrase, પૅરૅફ્રેઝ, *n.* (Gr. *para* & *phrazo* I speak) free rendering. વિવરણ, વ્યાખ્યાન. *vt.* to explain fully. વિવરણ કરવું. [hanger-on. ટુકડાખાઉ;પરકેહોટ્ભૂતલતા.

Par'a-site, પૅરૅસાઇટ, *n.* (Gr. *para* & *siteo* I feed) a

Par'a-sol, પૅરૅસૉલ, *n.* (Fr. *parer* to ward off & *soleil* the sun) a small umbrella. બાયડીની છત્રી.

Par'boil, પારબૉઇલ, *vt.* (L. *pars* a part & boil) to boil partly. અડધું પડધું-કાચું પાકું બાફવું-ચડવવું, ઝલાઇ જવું.

Par'cel, પાર્સેલ, *n.* (L. *pars*) a part; any mass; a bundle. ભાગ, કકડો; ઢગલો, જથો, ઢોક; બિંદડી, પોટલી, ગાંસડી.

Parce-nar-y, પાર્સેનરિ, *n.* co-heirship. અવિભક્ત દાયોપભોગ.

Parch, પાર્ચ, *vt.* (Sans. *pary* very & *shushka* dry) to burn the surface. સેકવું, ભૂંજવું, દઝાડવું, ચચણાવવું.

Parch'ment, પાર્ચમેંટ, *n.* (from *pergamos*) skin of sheep prepared for writing. ચર્મપત્ર.

Par'don, પાર્ડન, *n.* (L. *per* & *dono* I give) forgiveness. માફી, ક્ષમા. *vt* to forgive. માફ કરવું, જવા દેવું, છોડવું.

Pare, પેર, *vt.* (Icel. *para* to cut off) to cut away surface; diminish gradually. છોલવું, તાછવું, રન્હેરવું; કમી કરતાં–ટાંચતાં–કાતરતાં જવું.

Pa'rent, પેરૅંટ, *n.* (L. *pario* I beget) father or mother; a source. બાપ, પિતા; મા, માતા; મૂળ, કારણ.

Par'ent-age, પેરૅંટેજ, *n.* birth, extraction. કુળ, ખાનદાન, ઉત્પત્તિ, માબાપ.

Pa-rent'al, પેરૅંટલ, *a.* like a parent. માબાપના જેવું, દાઝ[–વહાલ ભરેલું.

Pa-ren'the-sis, પૅરેન્થિસિસ, *n.* (Gr. *para* beside & *thesis* a placing) qualifying clause. કોઇ વાકયના અંગનો અર્થ વધારે ખુલ્લો સમજાવવા આપેલો શબ્દ–વાકય, ઉપન્યાસ, પ્રક્ષેપક; ઉપન્યાસ ચિન્હ, કૌંસ.

Par'ing, પેરિંગ, *n.* (see *pare*) a thin strip. છાલ, છોતરૂં, [છોડું, તાછ, તાછણ, રન્હેર.

Par'ish, પૅરિશ, *n.* (Gr. *para* & *oikos* a house) district under one pastor. પાર્સન નામના ધર્માધિકારીની સત્તા નીચેનો મુલક.

Pa-rish'ion-er, પૅરિશનર, *n.* one belonging to parish. [પારિશમાંનું માણસ.

Par'i-ty, પૅરિટિ, *n.* (L. *par* equal) equality. સરખાપણું.

Park, પાર્ક, *n.* (Ger. *park* to save) enclosed grass land. ફરતા કોટવાળું શિકાર કરવાનું કે ફરવા રમવાનું વન-જગો, મૃગચાવન, વિહારભૂમિ-સ્થાન. [conversation. વાતચિત.

Par'lance, પાર્લન્સ, *n.* (Fr. *parler* to speak) talk,

Par'ley, પાર્લિ, *n.* oral treaty; conference. સમાધાન વારતા-વાતચિત, મસલત. *vt.* to confer. વાતચિત-મસલત કરવી. [Britain. વિલાયતની કાયદા બાંધનારી-મંત્રી સભા.

Par-lia'ment, પાર્લિમેંટ્, *n.* the legislature of Great

Par'lour, પાર્લર, *n.* sitting room. બેસવા ઉઠવાનો ઓરડો, બેઠક, દિવાનખાનું. [belonging to parish. પારિશમાંનું.

Pa-ro'chi-al, પૅરોચિઅલ, *a.* (L. *parochia* a parish)

Par'o-dy, પૅરોડિ, *n.* (Gr. *para* beyond & *ode* a song) burlesque. મૂળ કાવ્યમાં ફેરફાર કરી નવો હાસ્યરસ આણેલો એવું કાવ્ય. [or honour. બોલી, વચન, પ્રતિજ્ઞા.

Pa-role', પૅરોલ, *n.* (see *parlance*) word of promise

Par'ox-ysm, પૅરૉક્સિઝમ, *n.* (Gr. *para* & *oxys* sharp) fit of pain or passion. જબરો ઉપાડ-ઉઠાવ-ઉછાળો, આવેશ, ઠહાડું, જોશ.

Par'ri-cide, પૅરિસાઇડ, *n.* (L. *pater* father & *cædo* I kill) murderer of parent & the crime. બાપની હત્યા કરનાર, પિતૃ-ગુરૂહત્યા. [પોપટ, શુક, કીર.

Par'-rot, પૅરટ, *n.* (Fr. *poraquet*) talking bird.

Par'ry, પૅરિ, *vt.* (L. *paro* I get ready) to ward off. ચુકાવવું, છટકાવવું, ઉડાવી દેવું. [mar. વ્યાકરણ-પદચ્છેદ કરવું.

Parse, પાર્સ, *vt.* (L. *pars* a part) to resolve by gram-

Par'si-mon-y, પાર્સિમનિ, *n.* (L. *parcere* to spare) frugality. કંજુસાઈ, બખીલાઈ.

Par'son, પાર્સન, *n.* (L. *persona* person) clergyman; rector. ધર્મોપદેશક; વિલાયતનો ધામોટ, ગ્રામ ફુટક.

Par'son-age, પાર્સનેજ, *n.* clergyman's house; the benefice of a parish. પાર્સનનું ઘર–વૃત્તિ.

Part, પાર્ટ, *n.* (L. *pars*) portion; share; side; concern. ભાગ, અંશ, અંગ; હિસ્સો, ભાગે આવેલું કંઈ; પક્ષ, તરફ; લેવાદેવા, સંબંધ, નિસ્બત. *pl.* talents; regions, quarters. શક્તિ, બુદ્ધિ; દેશ, મુલક, દિશા, ઠેકાણું. *vt.* to separate; distribute; divide; hold a part. જુદું–જુદું પાડવું–કરવું, તોડવું, ભાંગવું; વ્હેંચવું, ભાગ પાડવા; આઘું–વેગળું કરવું; અળગું રાખવું, પાસે આવવા ન દેવું; છોડવું, મૂકવું.

Partake, પૅરટેક, *vt.* to have part; share. ભાગલેવો, ભાગિયા થવું, ભોગવવા લાગવું; કામ કરવું–બજાવવું, માં ગુણ હોવો.

Par-tak'er, પૅરટેકર, *n.* one who shares. ભાગિયો, સાથી.

Par-terre', પૅરટેર, *n.* (L. *par* equal & *terra* ground) ક્યારાની ફુલવાડી, ચિમન.

Par'ti-al પાર્શિયલ, *a.* not general; biased. થોડા ભાગનું, કંઇ, થોડું; પક્ષપાતી, એક તરફી, તાણનારું, મહેરબાની રાખનારું.

Par-ti-al'i-ty, પાર્શિઍલિટિ, *n.* undue bias. પક્ષપાત, તરફદારી; મમતા, મોહ, દાઝ.

Par-tic'i-pate, પૅર્ટિસિપેટ, *vt.* (L. *pars* & *capio*) to partake. ભાગ લેવો, કોઈ બીજાની સાથે કંઈ કરવું.

Par'ti.ci-ple, પાર્ટિસિપલ, *n.* word having nature of noun & verb. કૃદંત.[કણ, છાટો, લેશ, લવ, અણુ; અવ્યય.

Par'ti-cle, પાર્ટિકલ, *n.* very small part, an atom; રજ,

Par-tic'u-lar, પર્ટિક્યુલર, *a.* special; distinctive; notable; nice; attentive to details. અસામાન્ય, વિશેષ; ભેદદર્શક, જુદું, ખાસ, અમુક; જાણવાજોગ, નવાઈનું; ઠીકઠાકિયું, ખોંચ-ચટ-ચાપલુસી વાળું, ચિંવું; સવિસ્તર, વિગતવાર. *n.* point; detail. વિગત, હકીગત, બાબત.

Part'ing, પાર્ટિંગ, *n.* separating. જુદાં પડવું, જવું, ચાલતા થવું. *a.* given at separation. જતા જતા કહેલું-કરેલું, જુદાં પડતી વેળાનું.[ent. તરફ-પક્ષનું માણસ, પક્ષધર, વળગી રહેનાર.

Par'ti-san, પાર્ટિઝન, *n.* (Fr. *partz* a party) an adher-

Par-ti'tion, પાર્ટિશન, *n.* (L. *pars*) that which separates. આંતરો, પડદો, વહેંચણ, વિભાગ.

Part'ly, પાર્ટલિ, *ad.* in part. કેટલેક ભાગે, કંઇ, કેટલુંએક.

Part'ner, પાર્ટનર, *n.* associate in business; sharer. ભાગિયો, સંગી, ભિલ્લું, પંતિયાળો; વર કે વહુ, સ્ત્રી કે પુરૂષ.

Part'ner-ship, પાર્ટનરશિપ, *n.* union in business. ભાગિયા-સંઘીપણું, પંતિયાણું, ભાગિયું.

Par'ty, પાર્ટિ, *n.* faction, company, individual. ટોળી, મંડળી, પક્ષ, તડું, બેઠક, મિજલસ, જંબાનું, જમણવાર, ખાનું; ધણી, આસામી, શખ્સ, પક્ષકાર.

Pass, પૅસ, *n.* (L. *passus* a step) defile; free admission; state. સાંકડો ને વિકટ-ફુચેટ રસ્તો; મફત જવા આવવા

દેવાનો હુકમ, પરવાનો; હાલ, અવસ્થા. *vt.* to go beyond; spend; omit; enact. –માં થઈને–મૂકીને આગળ જવું, પાર કરવું–ઉતરવું; કાઢવું, ગુજારવું; મૂકી રહેવા દેવું, પડતું મૂકવું; પસાર–મંજુર કરવું. *vi.* to go; undergo transition; elapse; happen; circulate; to go unheeded; do well enough. જવું, ચાલવું, નિકળવું;–ગુપચુપ જવું, ખ-ટલાઈને થવું; વિતવું, ગુજરવું, વહી જવું, બનવું, થવું; ચાલ્યાં–નિભ્યાં–ગળડ્યાં જવું, કામ ચાલે એવું હોવું, ટકવું, નીભવું.

Pass'age, પૅસેજ, *n.* passing; voyage; fare; road; part of a book, incident. જવું–આવવું તે; સફર; ગુર, ભાડું; માર્ગ, રસ્તો; મૂળ લખાણમાંથી લીધેલો ભાગ, ઈતેખાબ; બનાવ.

Pass'en-ger, પૅસિંજર, *n.* a traveller. ઉતારૂ. [બહુજ.

Pass'ing, પૅસિંગ, *a.* supremely excellent. અતિશય,

Pas'sion, પૅશન, *n.* (L. *patior* I suffer) emotion; love; anger; desire; suffering. જુસ્સો, જોશ, ઉભરો; લ્હે, મોહ; તામસ; ગુસ્સો; ઘેલું, ચરસ, અધ્યાપન; મનોવિકાર.

Pas'sion-ate, પૅશનેટ, *a.* easily excited to anger &c. તામસી ક્રોધી, આકળું, મહોરાખનારૂં, ચરસવાળું, ગાંડું, ઉછળતું.

Pas'sive, પૅસિવ્, *a.* unresisting. કોઈ જે કરે તે મૂગાં મૂગાં ખમ્યા કરનાર, શું કે ચાં ન કરે એવું, રાંકડું, ગરીબડું.

Past, પાસ્ટ, *a.* (L. *passus* a step) gone by; ended. વીતી ગયલું, ભૂત, પૂર્વ. *prep.* beyond in time, position or manner. ઉપર, તે, મૂકી દેઈને, મૂકીને આગળ, રહિત, શૂન્ય.

Paste, પેસ્ટ, *n.* (L. *pasco* I feed) an adhesive mix-

ture. લાહી. *vt.* to fasten with paste. ચહોડવું, ચ-
હોટાડવું. [ઘોડાના પગનું કાંડું.

Pas'tern, પૅસ્ટર્ન, *n.* joint of a horse above hoof.

Pas'time, પૅસ્ટાઇમ, *n.* (L. *pass* & time) sport. રમતગમત.

Pas'tor, પૅસ્ટૉર, *n.* (L. *pasco* I feed) a shepherd; minister of Gospel. ભરવાડ; દેવળમાં પ્રાર્થના કરનારઆચાર્ય.

Pas'tor-al, પૅસ્ટૉર્લ, *a.* rural. ભરવાડની રીતભાતને કે તેના સંસારકાર્ય સંબંધનું. *n.* a poem of rural life. જેમાં ભરવાડના સંસાર કાર્યો તથા રીતભાત વર્ણવેલાં છે એવું કાવ્ય.

Pas'try, પેસ્ટ્રિ, *n.* pies, tarts. કણેકમાં પૂરણ ભરી બનાવેલું ને સેકેલું ખાવાનું, સમોસા.

Pas'ture, પૅસ્ચર, *n.* grass for cattle; grass land. ચાર, ચારો, ચરી ખાવાનું ઘાસ; ઢોરને ચરાવવાની જગો, ગૌચરણ. *vt. i.* to graze. ચરાવવું; ચરવું [મરેલી ભાખરી, સમોસો.

Pas'ty, પેસ્ટિ, *a.* like paste. લાહી જેવું. *n.* a pie. પૂરણ

Pat, પૅટ્, *n.* (Fr. *bat* a stroke) a tap; a small mass. થપકાક, ટપલી; થાબડીને કીધેલો ગોળો-પિંડો-ચકતી, લુઓ. *vt.* to tap. ધીમે હાથે ઠોકવું, થાબડવું.

Patch, પૅચ્, *n.* (Sans. *prich* to join together) a piece sewn on. થીગડું, ગાભડું-ડી. *vt.* to mend. થીગડું દેવું-મારવું. [તાલકું.

Pate, પેટ, *n.* (Sans. *patra* a vessel) the head. માથું,

Pa'tent, પેટંટ, *a.* (L. *patens* to lie open) open; protected by privilege. ખુલ્લું, જાહેર, પ્રગટ; રાખવા વેચવા પરવાનો

હોય એવું, સનદી. *n.* grant of right. સનદ, પરવાનો, ફ-
Pa'ton-tee, પેટંટિ, *n.* holder of patent. સનદદાર.[રમાન.
Pa-ter'nal, પૅટરનલ, *a.* (L. *pater* a father) fatherly; hereditary. બાપજેવું, પિતૃતુલ્ય, બાપથી મળેલું, વંશપરંપરા ચાલતું આવેલું, પિતૃપ્રાપ્ત. [બાપપણું, પિતૃ સંબંધ.
Pa-ter'ni-ty, પૅટરનિટિ, *n.* the relation of a father.
Pat'er-nos-ter, પૅટરનૉસ્ટર, *n.* (L. = our father) the Lord's prayer. પ્રભુપ્રાર્થના.
Path, પૅથ્, *n.* (Sans. *patha* a way) a foot-way; course of action. રસ્તો, માર્ગ; પગથી; કરણી, આચરણ, વર્તણુક.
Pa-thet'ic, પૅથેટિક્, *a.* (Gr. *pathos* suffering) affecting, touching. મન રહેલું-પીગળી જાય એવું, દયા આવી જાય એવું. [ઉત્પન્ન થાય એવો ગુણ.
Pa'thos, પેથૉસ, *n.* warmth, feeling. કરૂણા-ખિન્નતા
Pa-thol'o-gy, પૅથૉલોજિ, *n.* (Gr. *pathos* & *logos*) the science of diseases. રોગ-વ્યાધિની પરીક્ષાનું-નિદાનશાસ્ત્ર.
Pa'tience, પેશન્સ, *n.* (L. *patior* I suffer) endurance; power of suffering; perseverance. સહિષ્ટ-સહનશીલ-પણું, ક્ષમા, ખામોશી, ધીરજ, સબુરી; ધીરા-ખંતીલાપણું, ખંત.
Pa'tient, પેશંટ, *a.* enduring; not hasty; persevering. દુ:ખ ખમનાર, સહનશીલ, ખામોશીવાળું, ક્ષમાવાન; ધીરૂં, ધીરજ-સબુરીવાળું-રાખનારૂં; ખંતીલું, સ્થિરતા રાખી કર્યા કીધેલું. *n.* sick person. રોગી, દરદી.

Pa'tri-arch, પેટ્રિઆર્ક, *n.* (L. *pater* & *arche* rule) head of a family. કુટુંબનો વડીલ, કુલપતિ.

Pat'ri-mon-y, પૅટ્રિમનિ, *n.* (L. *pater*) ancestral estate. ઘરડાવરડાઓથી પહોંચેલો–વૃદ્ધ પરંપરાપ્રાપ્ત હક–મિલકત.

Pa'tri-ot, પેટ્રિઑટ્, *n.* one who loves his country. સ્વદેશાભિમાની માણસ, સ્વદેશ ભક્ત–હિતકારક.

Pa-tri-ot'ic, પેટ્રિઑટિક્, *a.* having love to one's country. સ્વદેશાભિમાની. [દેશાભિમાન, સ્વદેશભક્તિ.

Pa-tri-ot-ism, પેટ્રિઑટિઝમ, *n.* love of country. સ્વ-

Pa-trol', પૅટ્રોલ, *n.* (Fr. *patte* foot & *rouler* to roll) a guard; a round. રોનવાળો; રોન. *vi.* to march round. –માં રોન ફરવી. [પોશિંદો, આશ્રય આપનાર.

Pa'tron, પેટ્રન, *n.* (L. *pater*) a protector. મુરબ્બી,

Pa'tron-age, પેટ્રનેજ, *n.* support, countenance. સ્હાયો, વસીલો, હિમાયત, આશ્રય, રખેવાળી, સંરક્ષણ. [આપવો.

Pa'tro-nize, પેટ્રનાઇઝ, *vt.* to favour. –ને સ્હાયો–આશ્રય

Pat'ter, પૅટર, *vi.* (*pat* to strike) to strike as drops. વરસાદના છાંટા પેઠે છડછડ પડવું–પવું.

Pat'tern, પૅટર્ન, *n.* (L. *pater*) model, sample; copy. નમુનો, વાનગી; મૂળ વસ્તુ–પ્રત, અસલ. [પણું, અલ્પતા.

Pau'cit y, પૉસિટિ, *n.* (L. *paucus* little) fewness. થોડા-

Paunch, પાન્શ, *n.* (L. *pantex*) the belly. પેટ, ઉદર.

Pau'per, પૉપર, *n.* (L.) a poor person. ગરીબ–ભુખે મરતું–રોટલાને દુઃખી માણસ.

Pause, પૉઝ, *n.* (Gr. *paus* to stop) a stop; suspense. જરા બંધ રહેવું–અટકવું તે, વિસામો, વિરામ; આચકો, ઘોળ, સંકલ્પ વિકલ્પ. *vi.* to cease, wait; hesitate. થોભવું, અટકવું, બંધ રહેવું; વિચારમાં પડવું, અચકાવું, સંકલ્પ વિકલ્પ થવો.

Pave, પેવ, *vt.* (L. *pavire* I tread down) to lay with stone or brick; prepare. ફરશ–ચીરાબંધી કરવી, પથ્થર વગેરે જડવા; ઝટ આવે–થાય એમ કરવું,–નો રસ્તો ખુલ્લો–મોકળો કરવો. [ફરશ–ચીરાબંધી.

Pave'ment, પેવ્મેંટ, *n.* flooring of stone or brick.

Pa-vil'ion, પૅવિલિયન, *n.* (L. *papilio* a butterfly) a tent. તંબુ, ડેરો.

Paw, પૉ, *n.* (L. *pes* the foot) beast's foot. નખી પશુના પગની પાટલી, પંજો. *vi. t.* to scrape with foot. પગે લોંચ ખણવી–ખોતરવી–ધવડવી.

Pawn, પૉન, *n.* (Fr. *pan* pledge) deposit as security. ઘરેણે–સાનમાં–ગીરો મૂકેલી જનસ, ગીરવીમાલ; હોડ, પણ; પ્યાદું. *vt.* to leave as security. ગિરો–હોડમાં મૂકવું.

Pawn'brok-er, પૉનબ્રોકર, *n.* lender on pledge. માલ ગિરો રાખી પૈસા ધીરનાર.

Pay, પે, *vt.* (L. *paçare* to pacify) to discharge a debt or duty; reward; revenge upon. કરજ–દેવું–પૈસા આપવા; ઋણ આપવું, કરવાનું કરવું, અદા–બેબાક કરવું; વાળી આપવું,–થી કસાનો ખંત મળવો–વળવો–હાંસલ થવો; વેર વાળવું-લેવું,–ની ખબર–ને જોઈ લેવું. *n.* wages. પગાર, મુસારો.

Pay'a-ble, પેઅબ્લ, *a.* that is due; that may be paid. આપવાનું-જોગ-જેવું; અપાય-આપો શકાય એવું.

Pay'ment, પમેંટ, *n.* money paid. આપેલી રકમ-નાણું.

Pea, પી *n.* (L. *pisum*) a plant and its fruit. વટાણાનો છોડ; વટાણાનો એક કણ.

Peace, પીસ, *n.* (L. *pax* to bind) quiet; freedom from war. ટાઢું, સલાહ, બનાવ, મેળાપ; સંધિ, યુદ્ધાભાવ, સુલેહ, શાંતિ, અમન ચહેન, સમાધાન.

Peace'ful, પીસફુલ, *a.* quiet, calm; mild. લડાઈ ટંટા વગરનું, શાંત, ઠરવાનું; નરમ, કોમળ. [fowl. મોર, મયૂર.

Pea'cock, પીકૉક, *n.* (L. *pavo* & cock) a beautiful

Peak, પીક, *n.* (AS. *peac*) hill top; a point. ટોચ, શિખર; અણી, અગ્રભાગ. [ઉપરાઉપરી થતો અવાજ, ધ્વનિ, શબ્દ, કડાકો.

Peal, પીલ, *n.* (Icel. *bialla* a bell) a loud sound.

Pear, પેર, *n.* (AS. *peru*) a fruit. પેર-રૂ. [મોતી, મુક્તાફળ.

Pearl, પર્લ, *n.* (AS.) white substance found in oyster.

Peas'ant, પેઝંટ, *n.* (L. *pagus* a village) a countryman; clown. ગામનો રહેનાર, ખેડુત; ગામડિયો; દેહકાની.

Peb'ble, પેબલ, *n.* (AS. *pabol*) a roundish stone. કંકર, કાંકરો. [ble to sin. જેને હાથે પાપ થઈ શકે એવું.

Pecc'a-ble, પેકૅબલ, *a.* (L. *pecco* I do amiss) lia-

Pecc'ant, પેકંટ, *a.* criminal; faulty. પાપી, અપરાધી; બગડેલું, વિકાર પામેલું. [ચોથો ભાગ.

Peck, પેક, *n.* (Fr. *picoten*) 4th of a bushel. બુશલનો

Peck, પેક્, *vt.* (It. *bec* a beak) *vt.* to strike with a beak. ચાંચ મારવી-ભોકવી. [the breast. છાતી-ઉરનું-સંબંધી.

Pec'to-ral, પેકટોર્લ, *a.* (L. *pectus* breast) relating to

Pec'u-late, પેકયુલેટ, *vi.* (L. *peculium* private property) to embezzle public money. ખાઈજવું, હાથ મારવો, પચાવી પડવું, હજમ કરી જવું.

Pe-cu'li-ar, પીકયુલિઅર, *a.* special; singular. કોઈનેજ તે હોય એવું, વિશેષ, ખાસ, પોતીકુંજ; પોતાનું-વહાલું ગણીને કોપેલું-રાખેલું; તરેહવાર, વિલક્ષણ. [ing to money. પૈસા સંબંધી.

Pe-cu'ni-ar-y, પીકયુનિઅૅરિ, *a.* (L. *pecus* cattle) relat.

Ped'a-gogue, પેડૅગૉગ, *n.* (Gr. *pais* a boy & *ago* I lead) a school-master. મહેતાજી, શિક્ષક.

Ped'ant, પેડંટ, *n.* one who makes a display of learning. વિદ્વાનનું ડોળ કરનાર, મિથ્યા પંડિત.

Ped'dle, પેડ્લ, *vi.* (L. *pes* the foot) to hawk. ફેરી ફરીને માલ વેચવો; to be busy about trifles. નહિ કામનું કામ કર્યા કરવું. [ફેરી ફરી માલ વેચનાર, ફેરિયો.

Ped'dler, પેડ્લર, *n.* packman carrying small wares.

Ped'as-tal, પેડૅસ્ટલ, *n.* (It. *piede* foot & *stalla* a stall) base of lamp, column &c. બેસણી, પડથી, પાયો, તળગટ, સ્તંભપદ, પીઠ. [પાળો, પદાતિ.

Pe-des'tri-an, પીડેસ્ટ્રિઅન, *n.* a walker. પગે ચાલનાર,

Ped'i-gree, પેડિગ્રી, *n.* (Fr. *per* through & *degre* step) lineage; genealogy. વંશ, પહેડી, કુળ; વંશાવળી, વંશાવરિત્ર.

Peel, પીલ, *vt.* (Gr. *pella* a skin) to take off. છોલવું,—ની છાલ કાઢવી—ઉતારવી. *n.* bark, rind. છોલ, છાલ,છોડું.

Peep, પીપ, *vi.* (L. *pipire* to chirp) to begin to appear; look slily; cry as a chicken. દેખાવા માંડવું, દેખા દેવી; ચોરીથી—છાનાંમાનાં જોવું, તકાવવું; મરઘીના બચ્ચાં પેઠે બોલવું. *n.* first appearance. પ્રથમ દર્શન.

Peer, પીર, *n.* (L. *par* equal) an equal; nobleman. બરોબરિયો, જોડિયો, જોડ, સાથી, સોબતી, જોડીદાર; અમીર, ઉમરાવ. *vi.* to peep. ડોકિયાં કરવાં, ઉંચા થઈ થઈને જોવું.

Peer'age, પીરેજ, *n.* body of peers. અમીર ઉમરાવલોક, આર્યવર્ગ. [અપ્રતિમ, અનુપમ, ઉત્તમ.

Peer'less, પીરલેસ, *a.* without an equal. બેનમૂન,

Peev'ish, પીવિશ, *a.* (Fr. *pervers*) cross; fretful. ચડ્ડીડિયું, દાંતિયાં—વચકાખોર, ધૂંધવાતું, મિજાજી, રીસાળ.

Peg, પેગ, *n.* (Gr. *pegnumi* I fasten) a wooden nail or pin. લાકડાની ખીલી, મેખ, ખીંટી, ખૂંટો, ખૂંટી. *vt.* to fasten with a peg. ખીલી મારવી—જડવી.

Pelf, પેલ્ફ, *n.* (Fr. *pelfre* booty) money in an odious sense. હરામ—અધર્મનો પૈસો. [ગોળી, ગુટિકા.

Pel'let, પેલેટ, *n.* (L. *pila* a ball) a little ball.

Pell'i-cle, પેલિકલ, *n.*(L.*pellis* a hide) thin skin,film. પાતળું છોડું—પડ, છારી, પાપડી. [સેળભેળ, ભેળાઈને બધે.

Pel'mell, પેલ્મેલ, *ad.* (Fr. *pele-mele*) confusedly.

Pel-lu'cid, પેલ્યુસિડ્, *a.* (L. *per* & *lux* light) clear; transparent. નિર્મળ, નીતર્યું; પારદર્શક.

Pelt, પેલ્ટ, *n.* (L. *pellis* a hide) a raw hide, skin. નિમાળા સાથેનું ચામડું, ખાલ, રોમશાચર્મ. *vt.* (Fr. *pelote* a ball) to strike with something thrown. છૂટું મારવું.

Pelt'ry, પેલ્ટ્રિ, *n.* skins; furs. નિમાળા સાથેનું ચામડું.

Pel'vis, પેલ્વિસ્, *n.* (L. *pelvis* a basin) જ્યાં મૂત્રેન્દ્રિય ને પ્રજનનેન્દ્રિય હોયછે તે ભાગ, બસ્તિપ્રદેશ.

Pen, પેન્, *n.* (L. *penna* a feather) instrument for writing, લેખણ, કલમ. *vt.* to write. નવું રચીને લખવું.

Pen, પેન્, *n.* (AS. *on-pinnian* to bolt in) to shut up. ડબામાં ઘાલવું–ગોંધવું. *n.* enclosure. ઢોર ગોંધવાનું ડબું.

Pe'nal, પીનલ્, *a.* (L. *pœna*) that incurs or inflicts punishment. શિક્ષાપાત્ર–યોગ્ય, દંડ્ય, ફોજદારી.

Pen'alty, પેનલ્ટિ, *n.* punishment by law; forfeiture. સજા, શિક્ષા, ગુન્હેગારી, દંડ.

Pen'ance, પેનન્સ, *n.* suffering for sin. પ્રાયશ્ચિત્ત.

Pen'cil, પેન્સિલ્, *n.* (L. *penis* a tail) a brush used in drawing, &c. કૂચડો, પીછી, સીસાપેન.

Pen'dant, પેન્ડંટ, *n.* (L. *pendeo* I hang) a jewel; an earring; a flag. પાંદડી, ઝૂમખો, લોલક, હીરો; કોકરવું, કાપ વાવટો, પતાકા. [ઝઝૂમતું, બહારપડી– નિકળી આવતું.

Pen'dent, પેન્ડંટ, *a.* hanging; projecting. લટકતું, ઝૂલતું;

Pend'ing, પેંડિંગ, *a.* undecided. ચાલતું, ચાલુ. *prep.* during. ચાલે ત્યાંસુધી.

Pend'u-lous, પેંડ્યુલસ, *a.* swinging. ઝુલતું, લબડતું.

Pend'u-lum, પેંડ્યુલમ, *n.* a body suspended & vibrating. ઘડિયાળનું લોલક.

Pen'e-trate, પેનિટ્રેટ, *vt. i.* (L. *penetrare*) to enter or pierce into; affect અંદરજવું–પેસવું, મગજમાં ઉતરવું; ભેદવું,–થી અસર થવી.[શન; ઉંડા ઉતરવાની શક્તિ, બુદ્ધિતીવ્રતા.

Pen-e tra'tion, પેનિટ્રેશન, *n.* entrance; sagacity. પ્રવે-

Pen-in'su-la, પેનિનસ્યુલા, *n.* (L. *pene* almost & *insula* an island) land almost surrounded by water. દ્વીપકલ્પ. [sorrow for sin. પશ્ચાતાપ, પસ્તાવો.

Pen'i-tence, પેનિટન્સ, *n,* (L. *pæna* punishment)

Pen'i-tent, પેનિટંટ, *a. n.* repentant; one sorrowful. પાપ–દુષ્કર્મ માટે જેને ખેદ થાય એવું કે એવું માણસ,અનુતાપી.

Pen-i-ten'tiary,પેનિટેન્શિઅરિ,*n.* house of correction. શાસનગૃહ,કેદ–બંધીખાનું.[લખનાર,લહૈયો, લેખક;ગ્રંથકાર–કર્તા.

Pen'man, પેન્મૅન,*n.* (see *pen*) a writer; an author.

Pen'man-ship, પેનમૅનશિપ્, *n.* manner of writing લખવાની રીત–આવડત, લહૈયા–મુતસદ્દીપણું. [પતાકા.

Pen'nant, Pen'non,પેનંટ, પેનન, *n.* a small flag.વાવટો,

Pen'ny, પેનિ, *n.* (Icel. *penningr* cattle, money) 12th of a shilling; a small sum; money. શિલિંગનો બારમો ભાગ; કોડી, દમડી, ડોકડો; પૈસા.

Pen'ni-less, પેનિલેસ, *a.* having no money. નિર્ધન.
Pen'ny-wise, પેનિવાઇઝ, *a.* saving small sums at the risk of larger. દમડીસારૂ રૂપીઆનો ગોડો ખમે એવું.
Pen'sion, પેન્શન, *n.*(L.*pendo* I weigh) grant for services. નોકરી બદલ મળતો બેઠો પગાર [ગયલું, ચિંતાતુર, ઉદાસ.
Pen'sive, પેન્સિવ્, *a.* thoughtful & sad. વિચારમાં પડી
Pen-ul'ti-mate, પીનલ્ટિમેટ, *a.* (L. *pæne* almost & *ultimus* last) of the last syllable but one. ઉપાંત્ય.
Pen'u-ri-ous, પેન્યુરિઅસ, *a.* (Gr. *peina* hunger) niggardly. છેક્જ દળદ્રિ, કૃપણ. [ળિયત, ગરીબ અવસ્થા, દળદર.
Pen'u-ry, પેન્યુરિ, *n.* poverty, indigence, want. કંગા-
Peo'ple, પીપલ, *n.* (L. *populus*) nation; persons generally; a community or class. લોક, પ્રજા; મંડળ, ફિરકો, જાતિ. *vt.* to settle with people; inhabit. વસાવવું,–ને વસ્તું કરવું;–માં રહેવું–વસવું.
Pepp'er, પેપર, *n.* (L. *piper*) a plant & its seed. મરીનો છાડ ને મરી. *vt.* to sprinkle with; pelt with shot; mangle with blows. ઉપર મરી ભભરાંવવાં;–ને ગોળી મારવી; ઉપર ઝટકાજ ઝટકા કરી મૂકવા.
Per, પર, *prep.* (L.) through; each. સાથે, જોડે, મારફતે; દર, દીઠ, પ્રતિ. [venture) કદાપિ, કદાચિત.
Per-ad-ven'ture, પરઍડવેંટ્યૂર, *ad.* (L. *per* by & ad-
Per-am'bu-late, પરઍમ્બ્યુલેટ, *vt.* (L. *per* & *ambulo* I go about) to go round. ફરીવળવું, પરિક્રમણ કરવું, ફરવું.

Per-am'bu-la-tor, પરઍમ્બ્યૂલેટર, *n.* child's carriage. બાળકોને બેસવા માટેની હાથે ખેંચવા કે હડસેલવાની ગાડી.

Per-cieve', પર્સીવ, *vt.* (L. *per* thoroughly & *capio* I take) to feel; observe; discern.—ને જણાવું-લાગવું —માલમ પડવું;દેખવું, જોવું; સમજવું,લક્ષમાં આવવું,મનમાં ઉતરવું.

Per-cep'tion, પરસેપ્શન,*n.* discernment. જાણવું—જણાવું—દેખાવું તે, દર્શન, જ્ઞાન, સમજણ, ભાસ, સમજવાની શક્તિ.

Per-cent'age, પર્સેંટેજ, *n.* (L. *per* & *centum* a hundred) allowance on 100. સેંકડાપરનું લવાજમ—દસ્તુરી.

Perch, પર્ચ, *n.* (Fr. *perche*) fish; roost; a rod, 5½ yards. એક જાતની માછલી; પક્ષીને બેસવા કીધેલો વાંસ, આડવાંસ, વાસયષ્ટિ; પ ½ યાર્ડ, ઇંડ. *vi.* to light, roost. આડા વાંસપર બેસવું—વાસો કરવો. [haps. કદાપિ, કદાચિત, દૈવયોગે.

Per-chance', પરચૅન્સ, *ad.* (L. *per* by & chance) per-

Per'co-late, પર્કોલેટ, *vt.* (L. *per* through & *colo* I strain) to filter, strain. ગાળવું, છણવું.

Per-cuss'ion, પરકશન, *n.* (L. *per* & *quatis* I shake) collision, shock; stroke. સામસામા અપડાવું તે, ટક્કર, આઘાત; આંચકો; પેટવગેરે પર ઠોકી જોવું—ટકોરા મારી જોવા તે.

Per-di'tion, પર્ડિશન, *n.* (L. *per* & *do* I give) ruin, utter loss. સર્વકાલિકનાશ, અનંત નર્કવાસ, અસદ્—અધોગતિ.

Per-du', પર્ડ્યૂ *a.* (L. *perdo* I lose) lost; in concealment. ખોઈ ગયલું; સંતાઈ—ભરાઈ બેઠેલું.

Per-e-grin.a'tion, પેરિગ્રિનેશન, *n.* (L. *peri* abroad & *ager* land) travelling. દેશાટન, મવાસ, પર્યટન.

Per'emp-tor-y, પેરેમ્પટોરિ, *a.* (L. *per* thoroughly & *emo* I buy) positive, authoritative. સામાં બોલાય નહિ એવું, હુકમ માનવોજ પડે એવું.

Per-en'ni-al, પેરેનિઅલ, *a.* (L. *per* & *annus*) lasting, perpetual. આખું વર્ષ રહેનારૂં, બારમાસી, કાયમ, નિરંતરનું.

Per'fect, પરફેક્ટ, *a.* (L. *per* & *facio* I do) complete; consummate. સંપૂર્ણ, પૂરેપૂરૂં, ભરપૂર, ખામી-ખોડવિનાનું, નિર્દોષ; પાકું, પૂરૂં. *vt.* to finish. કંઈજ ખોડખામી ન રહે એવું કરવું. [lence. પૂરાખૂબી, સર્વોત્કૃષ્ટ ગુણ, પરિપૂર્ણતા.

Per-fec'tion, પરફેક્શન, *n.* state of complete excel-

Per'fect-ly, પરફેક્ટલિ, *ad.* completely. સંપૂર્ણ રીતે.

Per-fid'i-ous, પરફિડિઅસ, *a.* (L. *per* beyond & *fides* trust) treacherous. વિશ્વાસઘાતી, કપટી, ફાંસિયું, બેવચની, બેવફા, રાજદ્રોહી. [બેવફાઇ, દગલબાજી, નિમકહરામી.

Per'fi-dy, પરફિડિ, *n.* violation of faith. કપટ, ચોટ્ટાઈ,

Per'fo-rate, પરફોરેટ, *vt.* (L. *per* & *foro* I bore) to bore or pierce through. કાણું-બાકુ-છિદ્રપાડવું, વ્હે સારવો.

Per-form', પરફૉર્મ, *vt.* (L. *per* & *formo* I form) to do; discharge. સિદ્ધ-પૂરૂં કરવું, સાધવું, પાર મૂકવું, બજાવવું, પ્રમાણે કરવું-ચાલવું,-થી ઋણમુક્ત થવું, માનતા મૂકવી-ચઢાવવી, લેવું, બજાવવું. [tion. સિદ્ધ કરવું-સાધવું તે, બજાવણી, કામ, કૃતિ, ખેલ.

Per-form'ance પરફૉર્મન્સ, *n.* carrying out; comple-

Per-form'er, પરફૉર્મર, *n.* actor; doer. વેશ ભજવનાર, નટ, નટી, બજાવનાર, વગાડનાર, નાચનાર; કર્તા, કરનાર.

Per-fume', પરફ્યૂમ, *n.* (L. *per* & *fumus* smoke) sweet odour, fragrance. મિઠીવાસ, ખુશબો, સુગંધી. *vt.* to scent. સુવાસવાળું કરવું. [સુગંધિ પદાર્થો.

Per-fum'er-y, પરફ્યૂમરિ, *n.* perfumes in general.

Per-func'tor-y, પરફંક્ટરિ, *a.* (L. *per* & *fungor* I get rid of) done to get rid of the duty. માથા ઉતરાણા સરખું, બેફિકરાઈથી કીધેલું. [possibly. કદાપિ, કદાચિત.

Per-haps', પરહૅપ્સ, *ad.* (L. *per* & *hap* chance)

Per'il, પેરિલ, *n.* (L. *peritus* practised) danger, risk. જોખમ, હાનિ, નુકસાન. *vt.* to hazard. જોખમમાં નાખવું.

Per'il-ous, પેરિલસ, *a.* dangerous. છવનું જોખમ થાય એવું.

Pe'ri-od, પીરિઅડ, *n.* (Gr. *peri* & *hodos* way) round of time; end; full stop. કાળ-વર્ષ ચક્ર-ગણ, કાળ, વખત, મુદ્દત, અવસ્થા, આવરદા; અંત, આખર, અવધી; પૂર્ણવિરામ.

Pe-ri-od'i-cal, પીરિઑડિકલ, *a.* regularly returning. ચક્કર ફરીને કીધેલું, વખતે વખતનું, નિયમિત કાળનું, મુદ્દતી. *n.* serial. મુદતી ચોપાનિયું, કાળકિયું.

Per'ish, પેરિશ, *vi.* (L. *per* & *eo* I go) to decay; die. નાશ પામવો-થઈ જવો, નામનિશાણ જતું રહેવું; મરી-ઉપડી જવું. [શાવંત, વહેલું ઉતરી-બગડી જાય એવું.

Per'ish-a-ble, પેરિશઅબલ, *a.* subject to decay. ના-

Per'jure, પરજ્યર, *vt.* (L. *per* & *juro* I swear) to

take false oath. જુઠાકસમ-ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો કરવો, સમનોડવા. [ગુન્હો, જુઠા સમ, પ્રતિજ્ઞાનો ભંગ.

Per'jur-y, પરજ્યુરિ, *n.* false swearing. જુઠા કસમનો

Per'ma-nent, પર્મનંટ, *a.*(L. *per* & *maneo* I stay)lasting, durable. જાયુ રહે-નીભે એવું, કાયમ, સ્થાયી,બહાલીનું.

Per'me-ate, પર્મિએટ, *vt.* (L. *per* & *meo* I go) to pass through the pores. કસામાંથી થઈને આરપાર ઉતરી જવું.

Per-mis'sion, પર્મિશન, *n.* (L. *per* & *mitto* I send) leave given. રજા, છૂટ, પરવાનગી, આજ્ઞા. [છૂટ આપનારૂં.

Per-mis'sive, પર્મિસિવ્, *a.* granting liberty. રજા-

Per-mit', પર્મિટ્, *vt.* to give leave. રજા-છૂટ આપવી, દેવું.

Per'mit, પર્મિટ્, *n.* written licence. પરવાનો, રજાચિઠ્ઠી.

Per-ni-ci'ous, પર્નિશિઅસ,*a.* (L. *per* & *neco* I kill)injurious,deadly. ખરાબ કરનારૂં,ઉખડી જવાય એવું, હાનિકર.

Per-pen-dic'u-lar, પર્પેંડિક્યૂલર, *a.* (L. *per* & *pendeo* I hang) upright; at right angles to. પાધરૂં દોર, સિધ્ધું, ઉભું; જેથી કાટખૂણા થાય એવું, લંબ.

Per'pe-trate, પર્પિટ્રેટ, *vt.* (L. *per* & *patro* I accomplish) to do, commit. કરવું,-નું ઘોર કર્મ કરવું.

Per-pet'u-al, પર્પેટ્યુઅલ, *a.* (L. *per* & peto I go) never ceasing. હમેશા-નિરંતર રહે એવું, જાયુ, નિત્યનું.

Per-pet'u-ate, પર્પેટ્યુએટ, *vt.* to cause to continue. હમેશ રહે એમ કરવું.

Per-plex′, પર્પ્લેક્સ, *vt.*(L. *per & plecto* I intertwine) to entangle; puzzle. ગૂંચવવું, સમજ ન પડે એવું કરવું; ઘભરાવવું, અકળાવવું, થી રસ્તો-નિકાલ ન સૂજવો.

Per-plex′ing, પર્પ્લેક્સિંગ, *a.*embarrassing. ગૂંચવણ ભરેલું, સમજ ન પડે એવું. [ગૂંચ, ગૂંચવણ, આંટી, કૂટ, પંચાયત.

Per-plex′i-ty, પર્પ્લેક્સિટિ, *n.* distraction of mind.

Per′se-cute, પર્સિક્યૂટ, *vt.* (*per & sequor* I follow) to afflict; harass. પાછળ મંડવું, કેડો-પૂઠલેવી, દુ:ખદેવું, જુલમ ગુજારવો; સતાવવું,-નો જીવ ખાવો, હેરાન કરવું.

Per.se-ver′ance, પર્સિવીરન્સ, *n.*(L.*per & severus* strict) persistence. ખંત, ખંતીલાપણું, સદાગ્રહ. [પકડવો-રાખવો.

Per-se-vere′, પર્સિવીર, *vi.* to persist. ખંતરાખવી, સદાગ્રહ

Per-sist′, પર્સિસ્ટ, *vi.* (L. *per & sisto* I stand) to continue steadily and firmly. કર્યાજ કરવું-જવું, કોઈ વિચારને વળગી રહેવું; બાળહઠ-ખોટી જીદ-દુરાગ્રહ લેવો-પકડવો. [nacy. સદાગ્રહ; હઠ, જીદ, દુરાગ્રહ.

Per.sist′ence, પર્સિસ્ટન્સ, *n.* steady pursuit; obsti-

Per′son, પર્સન, *n.* (L. *persona* a mask) human being; one, a man; body. માણસ, જણ, પુરૂષ, આસામી, વ્યક્તિ, રૂપ, વેશ, સ્વરૂપ; શરીર, અંગ. [માણસ, વ્યક્તિ.

Per′son-age, પર્સનેજ, *n.* person of rank. મ્હોટું-નામીચું

Per′son-al, પર્સનલ, *a.* belonging to persons; corporeal;done in person. મનુષ્યનું,જાતનું,પોતાનું, પુરૂષવાચક, શારીરિક, કાયાનું, જાત-ખુદનું કરેલું;કોઇપર ઉતારી પાડીને કહેલું

Per'so-nate, પર્સોનેટ, *vt.* to represent any one; feign. વેશ લેવો, સ્વરૂપ ધારણ કરવું; ખોટું ડોળ–દેખાવ રાખવો, ઢોંગ કરવો.

Per-spect'ive, પરસ્પેક્ટિવ્, *n.* (L. *per* & *speceo* I view) the art of drawing objects as they appear to the eye. પદાર્થ જેવો નજરે દેખાયછે તેવોજ ચિતરવાની વિદ્યા, દૂરદૃશ્ય ચિત્રવિદ્યા. [મજાય એવું, સરળ.

Per-spic'u-ous, પરિસ્પિક્યુઅસ, *a.* clear, plain. સ્પષ્ટ, સ-

Per-spi-ra'tion, પર્સ્પિરેશન, *n.* (L. *per* & *spiro* I breathe) sweat. પરસેવો, સ્વેદ. [પરસેવો થવો–છૂટવો.

Per-spire', પરસ્પાયર, *vi. t.* to exhale through pores.

Per-suade', પર્સુએડ, *vt.* (L. *per* & *suadeo* I advise) to induce. સમજાવવું, મરજી થાય–માને એમ કરવું, મનમાં ઉતારવું.

Per-sua'tion, પર્સુવેશન, *n.* settled opinion, conviction; creed, belief. પ્રતીતિ, ભરોસો, આકીન, સમજણ, ધારણા, લાગેલો–માનેલો સંભવ; પંથ, માર્ગ, સંપ્રદાય; મત, વિચાર.

Pert, પર્ટ, *a.* (W. *pert*) smart, brisk; saucy. ચપળ, ચંચળ, જાગ્રત; તોછડું, અવિનયભરેલું,

Per-tain', પર્ટેન, *vi.* (L. *per* & *teneo* I hold) to belong, relate. માં–નું હોવું, લગતું–વળગણ–સંબંધ હોવો.

Per-ti-nac'i-ty, પર્ટિનૅસિટિ, *n.* obstinacy. આપ મતિયાપણું, હઠ, અડ, જીદ [બરાબર સંબંધ રાખતું, પ્રસંગોચિત, જોઈએ તેવું.

Per'ti-nent, પર્ટિનેંટ, *a.* to the purpose, appropriate.

Per-tur-ba'tion, પર્ટરબેશન, *n.* (L. *per* & *turba* an up-

roar) agitation, disquiet. વ્યગ્રતા, વ્યાકુલતા; ગભરાટ.

Per-use', પેર્યૂઝ, *vt.* (L. *per* & *utor* I use) to read attentively. લક્ષથી વાંચવું, વાંચી ધ્યાનમાં લેવું.

Per-vade', પર્વેડ, *vt.* (L. *per vado* I go) to spread through. બધે પસરી-વ્યાપી જવું-રહેવું.

Per-verse', પરવર્સ, *a.* (L. *per* & *verto* I turn) stubborn, obstinate. વાંકું, અવળું, કુટિલ, આડું, અડિયલ.

Per-ver'sion, પરવર્શન, *n.* change to worse. ફરી જવું તે, અવળું ચાલવું તે, ભ્રંશ, બુદ્ધિ ફરી જવી-અવળી ચાલવી.

Per-vert', પરવર્ટ, *vt.* to turn from truth; corrupt, misinterpret. ફેરવી નાખવું,-થી ફરીજવું, ઉંધું-ઉલટું ચલાવવું, મન-બુદ્ધિ-મતિ અવળી ચલાવવી; કુબુદ્ધિ આપવી, પાપ કરાવવું; જાણીજોઈને ખોટો-અવળો અર્થ કરવો.

Pest, પેસ્ટ, *n.* (L. *pestis*) plague; bane. મરકી, રોગ; પીડા, પાપ. [બુઆર કરવું, દુઃખ દેવું, સંતાપવું, પજવવું.

Pes'ter, પેસ્ટર, *vt.* to annoy, harass. હેરાન-બેજાર-

Pes'ti-lence, પેસ્ટિલેન્સ, *n.* contagious disease; vice. ચેપી રોગ, મરકી; પાપ, ફૂટ, સળો.

Pes'ti-lent, પેસ્ટિલંટ, *a.* noxious to health, morals, society, &c. મરકી આણનારૂં, માંદાં પડાય એવું, રોગીષ્ટ, માણહારી; બગાડે-વંઠાવી નીતિભ્રષ્ટ કરી નાખે એવું, દુષ્ટ, હાનિકારક.[ખાંડણીનો દાંડો, પરાયો, દસ્તો, મૂસળું, સાંબેલું, ઉખળું.

Pes'tle, પેસલ, *n.* (L. *pinso* I pound) a pounder.

Pet, પેટ્, *n.* (*peto* I attack) fit of peevishness. વચકો, માઠું લાગવું-માનવું તે.

Pet, પેટ્, *n.* (Fr. *petit* little) a darling. વહાલું–લાડકું જનાવર–છોકરૂં, લાડકડું, માણકડું. *vt.* to fondle. લાડલડાવવું.

Prime, પ્રાઇમ, *n.* the dawn; earliest stage; youth; spring; best part. મળસકું, પ્રાતઃકાળ; આરંભ, શિરૂઆત; જોબન, જુવાની; વસંતકાળ, પૂરબહાર; ઉત્તમ ભાગ. *vt.* to put powder in the pan. બંદૂકમાં રંજક મૂકવી. [પ્રથમ પુસ્તક.

Prim'er, પ્રાઇમર, *n.* child's 1st book. પહેલી ચોપડી,

Pri-me'val, પ્રાઇમિવલ, *a.* (L. *primus* & *ævum* age) of earliest age. આરંભ-આદિકાળનું, અસલ ભાગનું, મૂળ.

Pri'ming, પ્રાઇમિંગ, *n.* powder in the pan; 1st coat of paint. રંજક, દારૂ, ટોટી, જામગરી; રંગનો પહેલો હાથ.

Prim'i-tive, પ્રિમિટિવ, *a.* first, original. આરંભ-શિરૂ-આદિકાળનું, અસલનું.

Pri-mo-gen'i-ture, પ્રાઇમોજેનિચર, *n.* (L. *primus* & *geno* I beget) seniority by birth. એકજ માબાપને પેટે પહેલાં જન્મેલાં હોવું તે, વડા-જ્યેષ્ઠપણું.

Prince, પ્રિન્સ, *n.* (L. *princeps* chief) a king's son; a ruler. કુંવર, રાજકુમાર-પુત્ર; રાજા, શાહ, પાદશાહ.

Prince'ly, પ્રિન્સલિ, *a.* royal; grand; becoming a prince. રાજાનું, રાજકીય; પ્રતાપ-વૈભવશાલી; રાજા જેવું-ને શોભે એવું.

Prin'cess, પ્રિન્સેસ, *n.* king's daughter; consort. કુંવેર, રાજકુમારી, શાહજાદી; રાણી, રાજપત્ની.

Prin'ci-pal, પ્રિન્સિપૅલ, *a.* chief man; money at interest. આગેવાન, સરદાર, નાયક, તડવાઈ, શાલાધ્યક્ષ, ધણી, શેઠ, માલીક; મુદ્દલ, પુંજી, થાપણ. *a.* chief.. મહોટું મહોટું, મુખ્ય, પ્રધાન, શ્રેષ્ઠ.

Prin-ci-pal'i ty, પ્રિન્સિપૅલિટિ, *n.* territory of a prince; sovereignty. મંડળીકનું રાજ્ય-મુલક; રાજસત્તા [કરીને.

Prin'ci-pal-ly, પ્રિન્સિપલિ, *ad.* chiefly, above all. ઘણું

Prin'ci-ple, પ્રિન્સિપલ, *n.* origin; fundamental substance, doctrine or law; faculty of the soul, rule of conduct. કારણ, મુળ, શક્તિ; મૂળદૈવત-સત્તા, વિચારસૂત્રનો પાયો-મૂળ-બીજ-તત્વ; આધારભૂત-બિજરૂપ-નિયમ; આત્મીય શક્તિ; વરતવાનું ધોરણ-નિયમ, વર્તનનીતિ.

Print, પ્રિંટ, *vt.* (L *premo* I press) to mark by pressure. દાબી ભારદઈને કરવું, છાપો-આકાર-ચોબો પાડવો, છાપવું, ઠેકવું. *n.* a mark. નિશાણી, આકાર, ચોબો પગલું, છાપો, અક્ષર, ઠેક, ઠેકો, ચિત્ર, નકશો, વર્તમાન પત્ર.

Print'ing, પ્રિંટિંગ, *n.* the art or practice of a printer. છાપવાની કળા, મુદ્રાંકનવિદ્યા, છાપવાનો ધંધો.
Pri'or, પ્રાઈઑર, *a.* (L. *primus*) former, antecedent. પહેલું, આગલું, પૂર્વે, થઈ ગયલું. *n.* superior in abbey. ઍબટથી ઉતરતો મઠાધિકારી. [અગ્રતા.
Pri-or'i-ty, પ્રાઈઑરિટિ, *n.* seniority. પહેલાપણું, પૂર્વતા,
Pri'o-ry, પ્રાઈઑરિ, *n.* a convent. ઉપમઠ. [ધીખાનું, તુરંગ.
Pris'on, પ્રિઝ્‌ન, *n.* (Fr. *pris* taken) a jail. કેદખાનું, બં-
Pris'on-er, પ્રિઝ્‌નર, *n.* one under arrest. કેદી, બંધીવાન, તોહોમતવાળો. [ginal. અસલનું, આરંભ-શિરૂકાળનું.
Pris'tine, પ્રિસ્ટાઈન, *a.* (L. *pristinus*) ancient, ori-
Pri'va-cy, પ્રાઈવસિ, *n.* (L. *privus* separate) retirement; secrecy. એકાંતજગો, પડદેપોશી; છાનું કહેવું-કરવું તે.
Pri'vate, પ્રાઈવેટ, *a.* peculiar to one's self; secluded; secret, not public. ખાનગી, ખાસ, જાતનું, પોતાનું, ખુદનું; એકાંત, બંદોબસ્તવાળું; પડદેપોશ, ઘરમાં કીધેલું; છાનું, છુપું, ગુપ્ત, સરકારી નોકરી નહિ કરનારૂં. *n.* a soldier. સિપાઈ.
Pri-va-teer, પ્રાઈવટીર, *n.* armed ship not belonging to state. યુદ્ધસામગ્રીસાથે શત્રુસામા ફેરઠ્યા કરવાનું ખાનગી વહાણ.
Pri-va'tion, પ્રાઈવેશન, *n.* (L. *privo* I deprive of) hardship, loss; absence. સુખની નાસ્તિ, હલાકી; અભાવ, રાહિત્ય.
Priv'i-lege, પ્રિવિલેજ, *n.* (L. *privus* one's own & *lex* law) peculiar right. માફી, છુટ, ખાસહક, વિશેષાધિકાર.

Priv'i-ly, પ્રિવિલિ, *ad.* secretly. ગુપ્ત—છાની રીતે.
Priv'i-ty, પ્રિવિટિ, private knowledge.અંદરખાનેથી જાણવું તે, છાની વાતનું જાણપણું, દખલગિરી.
Priv'y, પ્રિવિ, *n.* aware of.અંદરખાનેથી વાકેફ, છાની વાતથી જાણીતું. *n.* a necessary house.સંડાસ, જાજરૂ, તાજખાનું.
Prize, પ્રાઈઝ, *n.* (Fr. *pris* taken) reward; thing taken from enemy. ઈનામ, સારપાત્ર; યુદ્ધોપહરણ, લૂટ. *vt.* to esteem. કિમ્મત કરવી—સમજવી, મહામૂલ્ય ગણવું.
Pro-ba-bil'i-ty, પ્રૉબૅબિલિટિ, *n.* (L. *probo* I prove) likelihood. સંભવ, સંભવિતવાત. [બનવા જેવું, સંભવિત.
Prob'a-ble, પ્રૉબબ્લ, *a.* likely to be true. હોવા—થવા—
Prob'a-bly,પ્રૉબબ્લિ,*ad.* in likelihood.ઘણું કરીને,સોવસા.
Pro'bate, પ્રોબેટ, *n.* proof of a will. વસીઅત નામાના ખરાપણાનો પૂરાવો, મૃત્યુલેખ પ્રમાણ. [પરીક્ષા, કસોટી.
Pro-ba'tion, પ્રોબેશન, *n.* trial for proof. અજમાએશ,
Pro-ba'tion-ar-y, પ્રોબેશનઍરિ, *a.* serving for trial. અજમાએશી, પરીક્ષાર્થ, કસી જોવામાટે આપેલું—સોંપેલું.
Pro-ba'tion-er, પ્રોબેશનર, *n.* one upon trial. અજમાએશપર—પરીક્ષા જોવાને રાખેલું માણસ.
Probe, પ્રૉબ, *n.* a rod for examining wound, નાસુર—પિશાબમાં મૂકવાની સળી, એષણી, ઈષિકા. *vt.* to try, search.સળીથી તપાસી જોવું; બારીકીથી—તપાસી તપાસીને જોવું.
Prob'i-ty, પ્રૉબિટિ, *n.* (L. *probus* good) uprightness, integrity. ચોખ્ખી દાનત, પ્રમાણીકપણું, નેકી, નેક, નેયત.

Prob'lem, પ્રૉબ્લેમ્, *n.* (Gr. *pro* forth & *ballo* I throw) a question proposed; a doubtful case. સવાલ, પ્રશ્ન, દાખલો; કંઈ નિશ્ચય ન કહેવાય એવી તકરારી વાત; કૃત્ય.

Pro-bose'is, પ્રોબૉસિસ, *n.* (Gr. *pro* for & *bosco* I feed) trunk, snout. હાથી કે જીવડાંની સૂંઢ, શુંડા.

Pro-ceed', પ્રોસીડ, *vi.* (L. *pro* & *cedo* I go) to advance. આગળ જવું–ચાલવું–આવવું, ચાલ્યાં જવું, નિકળવું, પડવું, ઉત્પન્ન થવું, ચલાવવું, સરકાર દરબાર ચઢવું.

Pro-ceed'ing, પ્રોસીડિંગ, a transaction. કામ, ચાલ, વર્તણુક, કીધેલું, કામના કાગળ. [ઉત્પન્ન, ઉપજ, પેદાસ.

Pro'ceeds, પ્રોસીડ્ઝ, *n.* sum obtained. ઉપજેલી કિંમત,

Pro'-cess, પ્રોસેસ, *n.* course, method, proceeding. ગતિ, ચાલવું, ક્રિયા, વિધિ, સંસ્કાર, ક્રમ, ચાલેલો કેસ–મુકદ્દમો. [ઘોડો.

Pro-cess'ion, પ્રોસેશન, *n.* a train of persons. સવારી, વર-

Pro-claim', પ્રોક્લેમ, *vt.* (L. *pro* forth & *clamo* I cry out) to announce, issue. ગાઈ વજાડીને કહેવું–જણાવવું, ડાંડી–ઢંઢેરો પીટવો, કહી દેવું, પ્રસિદ્ધ કરવું. [ઢંઢેરો, જાહેરનામું.

Pro-cla-ma'tion, પ્રૉક્લેમેશન, *n.* official notice. ડાંડી,

Pro-cliv'i-ty, પ્રોક્લિવિટિ, *n.* (L. *pro* & *clivus* slope) habitual or natural inclination. મનનું વલણ, બુદ્ધિ, વૃત્તિ.

Pro-cras'ti-nate, પ્રોક્રૅસ્ટિનેટ, *vt. i.* (L. *pro* & *cras* tomorrow) to put off, delay. કંઈ કરતાં દહાડા ભાંગ્યા–લંબાવ્યા–ઝોળે નાખ્યા કરવું, આજકાલ–ઢીલ કર્યાં કરવી.

Pro-cre-a'tion, પ્રોક્રિએશન, *n.* (L. *pro* & *creo* I beget)

production of young. પ્રજોત્પત્તિ,છોકરાં ઉત્પન્ન કરવાં તે.

Proc'tor,પ્રાક્ટર,*n.*(see procure)attorney. મુખ્તાર,વકીલ.

Pro-cure', પ્રોક્યૂર, *vt.* (L. *pro* & *cura* care) to acquire, bring about. મેળવવું, લઈ મૂકવું-રાખવું, સંપાદન કરવું, મેળવી આપવું, અપાવવું; કરવું, આણવું, સાધવું,-થી થવું.

Prod'i-gal,પ્રૉડિગલ,*a.* (L. *pro* & *ago* I drive) lavish; wasteful. છેક ઉડાઉ, પૈસાનાકાંકરા કરનાર; ખરાબ ખરચે-ધૂળધાણી કરી નાખનાર. *n.* spendthrift. પૈસા ઉડાવનાર.

Pro-di'gi-ous, પ્રોડિજિઅસ, *a.* (L. *pro* & *dic* to show) very great; astonishing. અડાબીડ, અતિમહોટું; નવાઈ-તાજુબજેવું, અદ્ભૂત. [બનાવ, કોઈવાતમાં અપૂર્વ કંઈ, ભંડાર.

Prod'i.gy, પ્રૉડિજિ, *n.* wonder, marvel. અદ્ભૂત વાત-

Pro'duce, પ્રૉડ્યુસ, *n.* (L. *pro* & *duco* I lead) yield, gain. પાકેલું, પાક; ફળ, ઉપજ, ઉપજેલું.

Pro-duce' પ્રોડ્યૂસ, *vt.* to offer to view, bring forth, bear; yield, manufacture, originate. રજુ-હાજર-રૂબરૂ કરવું, દેખાડવું; ઉત્પન્ન કરવું, આપવું, માં-ઉપર થવું,-માંથી પેદા થવું-નિકળવું, બનાવવું, માં-થી બનવું; ઉપજવું; વધારવું.

Pro'duct, પ્રૉડક્ટ, *n.* result; sum; fruits of soil. ફળ, પરિણામ; ગુણાકાર કરવાથી આવેલો જવાબ; ઉપજ, પેદાસ.

Pro-duc'tion,પ્રોડક્શન, *n.* any thing yielded. ઉપજ, ઉત્પન્ન. [મળે-સારી પેઠે પાકે એવું, થાય-કરે-ઉપજે-પચતું એવું.

Pro-duc'tive, પ્રોડક્ટિવ, *a.* fertile. પ્રાપ્તિકારક-દાયક, ફળ-

Pro'em,પ્રોએમ, *n.* (Gr.*pro* & *oimos*)preface. પ્રસ્તાવના.

Pro-fane', પ્રોફેન, *a.* (Gr. *pro* without & *fanum* temple) secular; unholy; blasphemous. ધર્મવિષયનું નહિ એવું, કેવળ સાંસારિક; અપવિત્ર; નાસ્તિક, ધર્મનિંદક. *vt.* to polute, violate. અપવિત્ર-ભ્રષ્ટ કરવું, અભડાવવું.

Pro-fan'i-ty, પ્રોફૅનિટિ, *n.* irreverence. ધર્મનિંદા-દ્વેષ.

Pro-fess', પ્રોફેસ, *vt.* (L. *pro* & *fateor* to confess) to avow, declare. ખુલ્લાં પડીને-ઉઘાડે છોક-છઉં એમ-માનવાનું-પાળવાનું કહેવું, ની પ્રતિજ્ઞા કરવી, માં પંડિત કહેવડાવવું.

Pro-fession, પ્રોફેશન, *n.* declaration; calling. કહેવું, બોલવું; ઉંચો ધંધો-રોજગાર; એકજ ધંધામાં પડેલા બધાંમાણસો, એકવૃત્તિક વર્ગ. [આપવા માંડવું-નું કરવું, કરવાનું કહેવું.

Prof'fer, પ્રોફર, *vt. n.* (L. *pro* & *fero* I bring) offer.

Pro-fi'ci-ent પ્રોફિશિઅંટ, *a. n.* (L. *pro* & *facio*) skilled; one skilled in. હોંશિયાર, માહિતગાર; નિપુણ માણસ.

Pro'file, પ્રોફાઈલ, *n.* (L. *pro* & *filum* a thread) outline, side face. એકજ બાજુ જણાય એવી છબી-ચિત્ર.

Prof'it, પ્રૉફિટ, *n.* (L. *pro* & *facio*) gain, advantage. નફો, લાભ, ઉત્પન્ન; ફાયદો; ફળ, હિત. *vt. i.* to benefit. ફાયદો-નું કામ કરવું, મદદ થવી; ફળ થવું, સધરવું, કામ લાગવું.

Prof'it-a-ble, પ્રૉફિટેબલ, *a.* lucrative; useful. નફો મળે-પૈસાનો લાભ થાય એવું; ફાયદેમંદ, લાભ-હિતકારી.

Prof'li-gate, પ્રૉફ્લિગેટ, *a. n.* (L. *pro* & *fligo* I strike down) lost to virtue; an abandoned wretch. છેક દુરાચારી-નાગું-લુચ્ચું; લફંગું-સોદું માણસ.

Pro-found′, પ્રોફાઉંડ, *a.* (L. *pro* & *fundus* bottom) deep, learned, very low, far reaching. ઘણું ઉંડું; ઘણું બારીક, ગંભીર, ઉંડું ઉતરેલું, પ્રવીણ; બહુ નમી નીચા વળીને કીધેલું; ભારે, ઘાડું, અત્યંત.

Pro-fuse′, પ્રોફ્યૂસ, *a.* (L. *pro* & *fundo* I pour) lavish; prodigal. બહોળું વાપરનાર–આપનાર, ઘોતાળ; છેક ઉડાઉપણાનું, ન્હેંજવા જેવું, અતીસેં, અતિઘણું.

Pro-fu′sion, પ્રોફ્યુશન, *n.* rich abundance; extravagance. પુષ્કળતા–પણું, છોળ, રેલછેલ; ઘોતાળ–છેક ઉડાઉપણું. [spring. છૈયાં છોકરાં, વસ્તાર, સંતાન, સંતતી.

Pro′ge-ny, પ્રૉજિનિ, *n.* (L. *pro* & *gigno* I beget) off-

Pro-gen′it-or, પ્રોજેનિટર, *n.* ancestor. પૂર્વજ.

Prog-nos′ti-cate, પ્રૉગ્નૉસ્ટિકેટ, *vt.* (Gr. *pro* before & *gignosco* I know) to foreshow. આગળથી–ભાવી કહેવું.

Pro′gramme, પ્રોગ્રૅમ, *n.* (Gr. *pro* & *grapho* I write) an outline of some public performance. કોઈ કાર્યની વ્યવસ્થાની પ્રથમથી કીધેલી યાદી, વ્યવસ્થા પત્રી.

Pro′gress, પ્રૉગ્રેસ, *n.* (L. *pro* & *gradior* I walk) advance; a circuit. આગળ ચાલ્યાં જવું તે; દૂરગમન, મહોટાં થવું–વધતાં–સુધરતાં જવું તે, વૃદ્ધિ, વધારો, કલાવૃદ્ધિ; રાજાએ મુલકમાં ફરવું તે, સવારી. [મહોટાં થવું, વધવું, સુધરતાં જવું.

Pro-gress′, પ્રોગ્રેસ, *vi.* to move forward. આગળ ચાલવું,

Pro-gress′ive, પ્રોગ્રેસિવ્, *a.* advancing, improving. આગળ ને આગળ ચાલ્યાં જવાનું, સુધરતું જતું, વર્દ્ધમાન.

Pro-hib'it, પ્રોહિબિટ્, *vt.* (L. *pro* & *habeo* I have) to forbid; hinder. મનાઈ કરવી, ન કરવાનો હુકમ કરવો-આપવો,-ની બંધી કરવી; હરકત-અટકાવ કરવો, નડવું.

Pro'ject, પ્રોજેક્ટ, *n.* (L. *pro* & *jacio* I throw) design, scheme. ઉઠાવેલો નવો વિચાર-ઘાટ-યુક્તિ;તુરંગ, બુટ્ટો,તુક્કો.

Pro-ject', પ્રોજેક્ટ, *vt.i.* to cast forward; devise; jut. પાડવું, નાખવું, નું પડવું; નવો વિચાર ઉઠાવવો; બહાર નિકળવું.

Pro-lif'ic, પ્રોલિફિક્,*a.*(L.*proles* offspring & *facio*)fertile. બહુ છોકરાં જણવાની શક્તિવાળું, બહુફળવાન-થાય એવું.

Pro'lix, પ્રોલિક્સ, *a.* (L. *pro* & *laxus* loose) long, tedious. પુનરૂક્તિનું ભરેલું, મિથ્યા લાંબું, લંબાણિયું.

Pro'lo-gue, પ્રોલૉગ, *n.* (Gr. *pro* before & *lego* I speak) introduction to a play. નાન્દી, પ્રવેશક.

Pro-long', પ્રોલૉંગ, *vt.* (L. *pro* & *longus*) to lengthen; postpone. લંબાવવું, ઓળે-આવું-લંબાણ-મુદ્દતપર નાખવું.

Prom-e-nade', પ્રૉમિનેડ, *n.* (Fr. *promener* to lead) a walk. ફરવા ચાલવાની કસરત-સ્હેલ-જગો, ચલનરંગ.

Prom'i-nent, પ્રૉમિનેંટ, *a.* (L. *pro* & *mineo* I jut) distinguished from others. બીજાથી આગળ-બહાર-મેદાન પડતું-પડેલું, સાફ-તરત જણાઈ આવે-નજરે પડે એવું, પ્રસિદ્ધ.

Pro-mis'cu-ous, પ્રોમિસ્કયુઅસ, *a.* (L. *pro* & *misceo* I mingle) mixed, confused. સેળભેળ-ભેળિયું, ખીચડિયું, એકઠું, એક સામટું, ભેળંભેળવાળું, વિવેક-વ્યવસ્થારહિત.

Prom'ise, પ્રૉમિસ, *n.* (L. *pro* & *mitto* I send) word

pledged; a grant; expectation. વચન, બોલ્યું, બોલવું, કોલ, કબૂલત, પ્રતિજ્ઞા; વાગ્દાન; આશાધાર. *vt.* to engage; give hopes. કબૂલ–વાયદો કરવો, વચન આપવું; ઉપરથી આશા–ખાત્રી થવી–રહેવી. [સારૂં નિકળે–દહાડો ફેરવે એવું.

Prom'is-ing, પ્રૉમિસિંગ, *a.* giving hope of. નામ કાઢે–

Prom'on-to-ry, પ્રૉમૉંટૉરિ, *n.* (L. *pro* & *mons* a mountain) a headland. ઉંચો ભૂશિર, ભૂશલાકા.

Pro-mote', પ્રોમોટ, *vt.* (L. *pro* & *moveo* I move) to forward, raise, elevate. વધારવું, ની વૃદ્ધિ કરવી, પાયરી–દરજ્જે ચઢાવવું, મહોટી જગો આપવી. [વૃદ્ધિ, દરજ્જે ચઢવું તે.

Pro-mo'tion, પ્રોમોશન, *n.* advancement. વધારો, પદવર્ધન–

Prompt, પ્રૉમ્પ્ટ, *a.* (L. *pro* & *emo* I take) ready, quick. હોંસ–ઉલટ–ઉત્સાહથી તરત કરે એવું, તત્પર, ઝડપ–ઉકેલવાળું. *vt.* to incite, suggest, assist. ઉંચકવું, ઉશ્કેરવું; સૂઝાડવું, સૂઝે–આવે એમ કરવું, થી કરવાનું મન થવું.

Pro-mul'gate, પ્રોમલગેટ, *vt.* (L. *pro* & *vulgus* the people) to proclaim. બહાર પાડવું, પ્રસિદ્ધ કરવું, [કરણ.

Pro-mul'ga'tion, પ્રોમલગેશન, *n.* declaration. પ્રસિદ્ધિ-

Prone, પ્રોન, *a.* (Ga. *pro* & *neuo* I nod) not erect; downward; disposed. નીચી ડોકવાળું, નજર–મહોં નીચું રાખેલું, અધોમુખી; ઉંધું, ઉંધે મહોંએ પડેલું; સ્વભાવવાળું–નું, શીલ, બુદ્ધિ, પ્રવૃત્ત. [of a fork. દાંતો, ફણું, શૂળ.

Prong, પ્રૉંગ, *n.* (Icel. *prion* a needle) the branch

Pro'noun, પ્રોનાઉન, *n.* (L. *pro* & *nomen* a name) a word used for a noun. સર્વનામ.

Pro-nounce', પ્રોનાઉન્સ, *vt.* (L. *pro* & *nuntio* I tell) to speak, utter. કહેવું, બોલવું; ઉચ્ચારવું. [ance. ઉચ્ચાર.

Pro-nun-ci-a'tion, પ્રોનનસિએશન, *n.* mode of utter-

Proof', પ્રૂફ, *n.* (L. *probus* good) test; evidence; impenetrability, firmness of mind. અજમાએશ, પરીક્ષા, કસોટી; પુરાવો, સાબીતી, પ્રમાણ, તાળો, સિદ્ધિકરણ; જેમાં કંઈ પ્રવેશ કે સંચાર ન કરી શકે એવું, અપ્રવેશ્યતા, અભેદ્યતા; દૃઢતા.

Prop, પ્રૉપ, *n.* (Dan. *proppe*) support. ટેકો, ટેકણ, થામલો, આધાર. *vt.* to support, uphold. ટેકો આપવો, ટકાવવું.

Prop'a-gate, પ્રૉપૅગેટ, *vt.* (L. *pro* & *pango* I plant) increase, spread. નો વસ્તાર-વેલો વધારવો, વંશવૃદ્ધિ કરવી, પસરે-પહોંચે એમ-નોપ્રસાર કરવો, ફેલાવવું, ઉત્પન્ન કરવું.

Pro-pel', પ્રૉપેલ, *vt.* (L. *pro* & *pello*) to drive onward. ઠેલવું, હડસેલવું.

Pro-pens'i-ty, પ્રોપેન્સિટિ, *n.* (L. *pro* & *pendeo* I hang) inclination; bent. મનનું વલણ, વાસના, બુદ્ધિ, ચિત્તવૃત્તિ.

Prop'er, પ્રૉપર, *a.* (L. *proprius* own) own; peculiar; suitable; precise; just, correct. પોતાનું, નીજ; સ્વભાવિક, ખાસ, મકૂસ્સાવફૂલ; લાયક; જોઈએ તેવું, વાસ્તવિક, સમીચીન.

Prop'er ty, પ્રૉપરટિ, *n.* quality; ownership; an estate; thing owned. ગુણ, ધર્મ; સત્તા, માલકી, ધણીપણું; માલમિલ્કત; ધન, સમૃદ્ધિ; માલ, સત્તાની વસ્તુ-પદાર્થ.

Proph'e-cy, પ્રૉફિસિ, *n.* (Gr. *pro* before & *phemi* I tell) prediction; instruction. ઈશ્વરપ્રેરિત ભવિષ્ય કથન–વાત, કહેલું ભાવી; ઉપદેશ, બોધ. [કહેવું, આગળથી કહી મૂકવું.
Proph'e-sy, પ્રૉફિસાઈ, *vt. i.* to foretell events. ભવિષ્ય
Proph'et, પ્રૉફિટ્, *n.* a foreteller. ભાવી કહેનાર, પેગંબર.
Pro-pi-ti'ate, પ્રોપિશિઍટ, *vt.* (L. *prope* near) to render favourable, conciliate. મનાવવું, પ્રસન્ન કરવું, આરાધવું, –નો કોપ નિવૃત્ત કરી કૃપા મેળવવી. [પ્રાયશ્ચિત્તરૂપ કર્મ, શાંતિ.
Pro-pi-ti-a'tion, પ્રોપિશિએશન, *n.* appeasing. આરાધન,
Pro-pi-ti'ous, પ્રોપિશિઅસ, *a.* favourable. મેહેરબાન, અનુકૂળ, પ્રસન્ન, પાધરૂં પડે એવું.
Pro-por'tion, પ્રોપોર્શન, *n.* (L. *pro* & *portio* part) relation; rule of three. પ્રમાણ, માપ; ત્રિરાશી.
Pro-po'sal, પ્રોપોઝલ, *n.* (L. *pro* & *pono* I put) offer, scheme. દરખાસ્ત, કહેલીવાત–શરત, બતાવેલો વિચાર.
Pro-pose', પ્રોપોઝ, *vt.* to offer for consideration. કહેવું, આગળ મૂકવું, વિચાર બતાવવો, દરખાસ્ત કરવી, ધારવું.
Pro-po-si'tion, પ્રૅપોઝિશન, *n.* thing proposed, offer of terms. દરખાસ્ત, કહેલીવાત–શરત, વાક્ય, પૂર્વપક્ષ.
Pro-pound', પ્રોપાઉંડ, *vt.* to offer, propose. આગળ–મેદાન મૂકવું–કાઢવું, બતાવવું. [owner. ધણી, માલિક, સ્વામી.
Pro-pri'e-tor, પ્રોપ્રાયિટર, *n.* (L. *proprius* one's own)
Pro-pri'e-ty, પ્રોપ્રાયિટિ, *n.* fitness, justness. યોગ્યતા, યથાર્થ, યથાન્યાય–વાસ્તવિકપણું. [adjourn. મુલતવી રાખવું.
Pro-rogue', પ્રોરોગ, *vt.* (L. *pro* & *rogo* I ask) to

Pro-scribe', પ્રોસ્ક્રાઇબ, *vt.* (L. *pro* & *scribo* I write) to condemn as dangerous. ના ઉપરથી કાયદાનું રક્ષણ ઉઠાવી લેવું, દુષ્ટ-નિંદિત-નિષિદ્ધ ગણવું-ઠેરવવું. [બાહ્યકરણ.
Pro-scrip'tion, પ્રોસ્ક્રિપશન *n.* utter rejection. રાજરક્ષણ
Prose, પ્રોઝ, *n.* (L. *pyosa*) language not in verse. ગદ્ય, ચહેરટ. [dull. ગદ્યરૂપ-માં કીધેલું; નીરસ, મઝાવગરનું.
Pro-sa'ic, પ્રોઝેઈક, *a.* consisting in or like prose,
Pros'e-cute, પ્રોસિક્યૂટ, *vt.* (L. *pro* & *sequor* I follow) to follow closely; seek redress by law.-ની પાછળ મંડયાં-લાગ્યાં રહેવું, કર્યાંજવું; મેળવવા-સાબિત કરાવવા સરકાર દરબાર ચઢવું, ઉપર ફરિયાદ માંડવી-ફોજદારી કરવી.
Pros'e-lyte, પ્રોસિલાઇટ, *n.* (Gr. *pros* toward & *erchomai* I come) a convert. પોતાનો ધર્મ મૂકી બીજામાં જનાર.
Pros'pect, પ્રોસ્પેકટ, *n.* (L. *pro* & *specio* I view) a view; landscape; reason to hope; expectation. દેખાવ; વિશાળ-લલિતદૃશ્યભૂમિ, ખુશાનુમાં નજરગાહ; આગળ આશા-ઉમેદ, આશાનું ઠેકાણું; દેખાતું કંઈ, દર્શન. [ભવિષ્યકાળ વિષેનું.
Pro-spec'tive, પ્રોસ્પેક્ટિવ, *a.* looking forward. ભાવિ-
Pro-spec'tus, પ્રોસ્પેક્ટસ, *n.* plan of scheme. પ્રગટ કરવાનો ગ્રંથ-ઉઠાવવાના કોઈ કામવિષેની જાહેર ખબર, વ્યવસ્થા પત્રી.
Pros'per, પ્રોસ્પર, *vt. i.* (L. *pro* & *spero* I hope) to be successful. થી પાર પડવું-સફળ કે સાર્થક થવું, આબાદી થવી, ધમધોકાર ચાલવું. [ચઢતી; સફળ થતાં જવું તે.
Pros-per'i-ty, પ્રોસ્પેરિટિ, *n.* good fortune. આબાદી,

Pros'per-ous, પ્રોસ્પેરસ, *a.* successful. ખધીવાતે સુખી, આબાદ.

Pros'ti-tute, પ્રૉસ્ટિટ્યૂટ, *n.* (L. *pro* & *statuo* I place) abandoned woman. છિનાળ; પૈસા લઈ કુષ્ટ કામ કરનાર. *vt.* to debase. છિનાળું-બદકામ કરવું, કુષ્ટ ઉપયોગ કરવો.

Pros'trate, પ્રોસ્ટ્રેટ, *a.* (L. *pro* & *sterno* I throw down) lying at length; reduced. લાંબું થઈ પડેલું-સુઈ ગયલું-પગે લાગેલું; કેવળ નિર્ગત-નરમ થઈ ગયલું, ભગ્ન શક્તિ, ભગ્નોત્સાહ. *vt.* to lay flat; overthrow. સુવાડી દેવું, દંડવત-પ્રણામ કરવા; ધૂળમેળવવું, ઉંધું મારવું; દાબી-ભાંગી નાખવું.

Pro-tect', પ્રોટેક્ટ, *vt.* (L. *pro* & *tego* I cover) to cover from danger. બચાવવું, બચાવ-રક્ષણ કરવું, સ્હાયો હોવો.

Pro-tec'tion, પ્રોટેક્શન, *n.* shelter; defence. રક્ષણ, સ્હાયો, હિમાયત, આશ્રય, રક્ષાનનો ઉપાય-ઠેકાણું; રક્ષણપત્રી, મનાઈ હુકમ.

Pro-tect'or, પ્રોટેક્ટૉર, *n.* defender રક્ષણ કરનાર, રક્ષક.

Pro-te-ge', પ્રોટેઝે, *n.* one patronized. જેને કોઈનો આશ્રયછે એવું માણસ, રક્ષિત, સ્હાયવાન.

Pro'test, પ્રોટેસ્ટ, *n.* (L. *pro* & *testor* I call to witness) formal declaration. કડાકાંને જણાવેલો વિરૂદ્ધ મત.

Pro-test', પ્રોટેસ્ટ, *vi. t.* to affirm solemnly; declare against. ખરૂં-સતપર-પ્રતિજ્ઞા કરીને-સાફ કહેવું-બોલવું-કહેતાં ફરવું; કડાકીને-ધધડાવીને સામાં પડવું-વાંધો લેવા, ખોટું-અધર્મ્ય છે એમ ઠોકીને કહેવું, કંઈ છે એમ પ્રતિજ્ઞાપૂર્વક કહેવું.

Prot'est-ant, પ્રૉટેસ્ટંટ, *n.* one of reformed faith. શોધિત ખ્રિસ્તી ધર્મનું-પ્રોટેસ્ટંટ પંથનું માણસ.

Pro'to-col, પ્રોટોકોલ, *n.* (Gr. *protos* 1st & *kolla* glue) a registry, record. તહનામા-બાદશાહી ખતની અસલ નકલ.

Pro'to-type, પ્રોટોટાઇપ, *n.* (Gr. *protos* & *typos* a type) an original model. નમુનો, સાક્ષાંતસ્વરૂપ.

Pro-tract', પ્રોટ્રેક્ટ, *vt.* (L. *pro* & *traho* I draw) to prolong; defer. લંબાવ્યાં-પહોંચાડયાં કરવું-જવું; મુદતપર નાખવું.

Pro-trude', પ્રોટ્રુડ, *vt.i.* (L. *pro* & *trudo* I thrust) to thrust out. હડસેલી-બહાર-આગળ કાઢવું, ફોડીને નિકળવું.

Pro-tub'er-ance, પ્રોટયુબરન્સ, *n.* (L. *pro* & *tubeo* I swell) a prominence; swelling. ઢેકો; ઢીમું, ગાંઠ-ઠો.

Proud, પ્રાઉડ, *a.* (Dan. *prud* handsome) having self-esteem; elated; magnificent. અહંકારી; સદભિમાની; છાકી-ફાટી ગયલું; મહોટું, ભભકાદાર, ગંભીર, ગંભાવર.

Prove, પ્રૂવ, *vt.* (L. *probo*) to test; evince as truth; verify; experience. પારખવું, અજમાવી-કરી-કરી જોવું, પરીક્ષા કરવી; ખરૂં કરી આપવું-દેખાડવું, સાબિત-સિદ્ધ કરવું; ચાખવું, અનુભવલેવો;-નો તાળો મેળવવો.

Prov'en-der, પ્રોવેંડર, *n.* (L. *pro* & *video* I see) food for beasts. ઘાસદાણો, ચારો. [saying. કહેવત, કહેતી.

Prov'erb, પ્રોવર્બ, *n.* (L. *pro* & *verbum* a word) a wise

Pro-vide', પ્રોવાઇડ, *vt.* (L. *pro* & *video* I see) to prepare; furnish. મેળવી-એકઠું કે તૈયાર કરી-ભરી રાખવું-મૂકવું, પૂરૂં પાડવું, આગળથી ગોઠવણ કરી રાખવી;-નેઆપવું.

Prov'i-dence, પ્રોવિડન્સ, *n.* foresight; care of God.

દૂરંદેશી, દીર્ઘદૃષ્ટિ, દીર્ઘદર્શીદાઝ; પોતાની સૃષ્ટિવિષે ઈશ્વરની દાઝ.
Prov'i-dent, પ્રૉવિડંટ, *a.* prudent, careful. દૂરંદેશી, દીર્ઘદર્શી; આગળ આગળથી દાઝથી ખબર-સંભાળ રાખનાર.
Prov-i-den'ti-al, પ્રૉવિડેન્શિઅલ, *a.* effected by providence. ઈશ્વરદયાથી થયલું, ઈશ્વરકૃતિનું, ઈશ્વરસત્તાનું.
Prov'ince, પ્રૉવિન્સ, *n.* (L. *pro* & *vinco* I conquer) a dependent country; a district; one's proper business or duty. તાબાનો મુલક; પ્રાંત, ઈલાકો; કામ, વિષય, અધિકાર, ઈલાકાની વાત.
Pro-vin'ci-al, પ્રૉવિન્શિઅલ, *a.* local; unpolished. મુખ્ય સંસ્કારના તાબાનું, ઈલાકાનું, પ્રાંતિક; ગામડિયું.
Pro-vi'sion, પ્રૉવિશન, *n.* (L. *pro* & *video* I see) food; preparation; stock; stipulation. સીધું સામન-પાણી, ખાવાપીવાનું, ખોરાક-કી; આગળથી રાખેલી તૈયારી-ગોઠવણ,પૂર્વ યોજના; મેળવી મૂકેલો સામન-સાહિત્ય-સામગ્રી; શરત, લખાણ.
Pro-vi'sion-al, પ્રવિશનલ, *a.* prepared for the occasion. હાલ કામ ચલાઉ, તરત કામ ચલાવવા કીધેલું.
Pro-vi'so, પ્રોવિઝો, *n.* conditional stipulation. લખાણમાં એવી કલમ કે જેથી આખું લખાણ શરતી થઈ જાય, પણવાકય.
Prov-o-ca'tion, પ્રોવોકેશન, *n.* (L *pro* & *voco* I call) a cause of anger. ચ્હીડવાનું કારણ, છેડખાની, આંગળી ચાળો.
Pro-voke', પ્રોવોક, *vt.* to make angry. ચ્હીડવવું, ખીજવવું, છેડવું, ચ્હીડવા જેવું કરવું. [ણનો આગલો ભાગ, નાળ.
Prow, પ્રાઉ, *n.* (Gr. *prora*) forepart of a ship. વહા-

Prow'ess, પ્રાઉએસ, *n.* (It. *prode* valiant) bravery, valour. લડાઈમાં પરાક્રમ-જવાંમર્દી, બહાદુરી.

Prowl, પ્રાઉલ, *vi.* (Fr. *proie* prey) to rove for prey. શિકારમાટે ભમતાં-શોધતાં ફરવું, શિકાર પકડવા ભમ ...

Prox-im'i-ty. પ્રોક્સિમિટિ, *n.* (L. *proximus* nearest) nearness છેક પાસેપણું,સમીપતા. [ગુપ્તદાર, ...,પ્રતિનિધિ.

Prox'y, પ્રોક્સિ, *n.* (L. *pro* & *cura* care) substitute.

Prude, પ્રૂડ, *n.* (L. *prudens* modest) a woman of affected modesty. થોડા બોલાપણાનો ...નો ખોટો ઢોંગ બતાવનાર-નખરાંખોર બૈરું.

Pru'dence, પ્રૂડન્સ, *n.* (see *provide*) practical wisdom, caution. દુનિયાદારીના કામમાં દુરંદેશી-ડહાપણ, નીતિનિપુણતા. [ચાલનાર, ઉછાળી પગ ન ભાંગે એવું.

Prudent, પ્રૂડંટ, *a.* cautious. ડાહ્યું, લાંબી નજર પહોંચાડીને

Prune, પ્રૂન, *vt.* (see prop a gate) to lop or cut off; to trim. કાળવું, ઝારવું, ખૂંટવું; ચાંચેચાંચે ટૂંપવું-સમારવું.

Pru'ri.ent, પ્રુરિઅંટ, *a.* (L. *prurio* I itch) uneasy with desire. તલખી-ઝખવખી-તલપાપડ થઈ રહેલું.

Pry, પ્રાઈ, *vi* (*per-eye* to look through) to inspect closely. બારીખોાસ કરવી; ચિકિત્સા-ચરચા-ચકચાળ જોવી..

Psalm,સામ,*n.*(Gr.*psallo* I sing to the harp)a sacred song. ભજન, કીર્તન, સ્તોત્ર. [ગાતાં આવડવાં તે, સ્તોત્ર ગાન.

Psalm'o-dy, સામૉડિ, *n.* art of psalm-singing. ભજન

Psal'ter, સોલ્ટર, *n.*(Gr. *psalterion* a stringed instru-

ment) the book of psalms. સ્તોત્રમાળા, સ્તોત્રાધ્યાય.
Pseu'do, સ્યૂડો, *n.* (Gr. *pseudos* falsity) false, counterfeit, spurious. મિથ્યા, કૃત્રિમ.
Psy-chol'o-gy, સાઇકૉલોજી, *n.* (Gr. *psuche* soul & *logos* discourse) doctrine of the soul. આત્મવિવેક-જ્ઞાનશાસ્ત્ર. [the sexes, maturity. જુવાની ફૂટવાનો વખત.
Pu'ber-ty, પ્યુબર્ટિ, *n.* (L. *puber* adult) ripe age in
Pub'lic, પબ્લિક્, *a.* (L. *populus* people) common; open. સહુ લોક-આખી પ્રજા-દેશ-રાજ્યનું-ઉપર આવી પડેલું, લોક, પ્રજા; ખુલ્લું, ઉઘાડું, સહુએ જાણેલું, જાહેર, સાર્વજનિક, સહુને લાભ લેવાનું-વાપરવાનું. *n.* people at large. સહુ લોક.
Pub'li-can, પબ્લિકન, *n.* innkeeper. પૈસા ખરચતાં સહુને ઉતારો ને ખાવાપીવાનું મળે એવું કારખાનું રાખનાર, વીસીવાળો.
Pub'lic-ly, પબ્લિકલિ, *ad.* openly. ઉઘાડે છોક; ખુલ્લી રીતે.
Pub'lish, પબ્લિશ્, *vt.* to make known; issue a book. સહુ લોકને જણાવવું-કહેવું, જાહેર કરવું, છાપી પ્રસિદ્ધ કરવું.
Puck'er, પકર, *vt.* (Eng. *poke* a pocket) to plait. વાટા-કરચલી વાળવી-પાડવી. *n.* a fold. વાટો, ચીણ, ચૂણ.
Pud'ding, પુડિંગ, *n.* (L. *botellus* a sausage) a kind of food variously compounded. માવા જેવો નરમ કે જરા તેથી કઠણ એવો ઘણી રીતે બનતો ખાવાનો પદાર્થ, વિલાયતી દળનો લાડુ. [plash. ગંદા પાણીનું ખાબોચિયું-ખાબડું.
Pud'dle, પડ્લ, *n.* (L. *palus* a marsh) a muddy
Pu'er-ile, પ્યુઅરઆઇલ, *a.* (L. *puer* a child) childish,

boyish. છોકરવાદિયા, નાદાનીભરેલું, બાળકબુદ્ધિમાં-ને લાયક.

Puff, પફ, *n.*(Ger.) a slight blast of wind. ફૂંક, ફુંકારો, સપાટો, ઝપાટો, લપટ, લ્હેરખું. *vi.* to swell with wind; pant; praise vainly. ફૂલવું, ફૂલિને દડો થવો; ને હાંફ ચઢી જવી, ફુંફાડા મારવા; ચઢાવવું, ફુલણજી બનાવવું,–થી ચઢી જવું.

Pu'gil-ism, પ્યુજિલિઝમ, *n.* (L. *pugil* a boxer) fighting with the fist. મુક્કાબાજી, ઠોસા ઠોસી.

Pug-na'ci-ous, પગનેશિઅસ, *a.*(L. *pugno* I fight) ready to fight. મારામારી કરીપડવાના સ્વભાવવાળું, લડાઈખોર.

Pug-nac'i-ty, પગનૅસિટિ, *n.* disposition to fight. મારામારી કરવાનો સ્વભાવ, યુદ્ધપ્રિયતા. [inferior. ઉતરતું, કનિષ્ઠ, ગૌણ.

Puis'ne, પ્યુને, *a.* (L. *post* after & *ne* born) younger,

Pu'iss-ant, પ્યુસૅંટ, *a.* (L. *posse* to be able) powerful. બળવાન, સમર્થ, પરાક્રમી, જબરદસ્ત.

Pull, પૂલ, *vt.* (AS. *pullian*) to draw; tear; pluck. તાણવું, ખેંચવું, આચકો મારવો, ખેંચી તાણી–હાથે કરીને માગી લેવું; ફાડી–ચીરી નાખવું; તોડવું, તોડી લેવું–પાડવું, ઉતારી નાખવું; ભાંગી પાડવું, ઉંધું વાળવું; ઉપાડી–ઉખેડી નાખવું, હલકું પાડવું,–નું માન ઉતારવું. [young hen. નહાની મરઘી–કુકડી.

Pull'et, પૂલિટ, *n.* (L. *pullus* a young animal) a

Pull'ey, પૂલિ, *n.* (Gr. *poleo* I turn) a small wheel. કપ્પી, કપ્પો, ઘરેડી. [ing the lungs. ફેફસાનું–માંથી ઉઠેલું.

Pul'mon-a-ry, પલ્મૉનરિ, *a.* (L. *pulmo* a lung) affect-

Pulp, પલ્પ, *n.* (L. *pulpa* solid flesh) the soft, part of fruit. ગર, માવો, મેદો. [માવાદાર, નરમ માખણ જેવું.

Pulp'y, Pulp'ous, પલ્પિ, પલ્પસ, *a.* soft, fleshy. ગર-

Pul'pit, પૂલ્પિટ્, *n.* (L. *pulpitum* a platform) raised desk. ઉપદેશકનું ઉંચું આસન, ગુરૂપીઠ, વ્યાસાસન.

Pul-sa'tion, પલ્સેશન, *n.* (L. *pulsus* breathing) a beating. નાડી તથા રક્તાશયનો ધબકારો થવો તે.

Pulse, પલ્સ, *n.* beat, throb. રક્તાશયને નાડીનો ધબકારો, નાડી સ્ફુરણ,નાડી, નાડ. [શિંગમાં થનારૂં અન્ન,કઠોળ,દ્વિદલાન્ન.

Pulse, પલ્સ, *n.* (Belg. *bol* a bean) peas, beans, &c.

Pul'ver-ize, પલ્વરાઇઝ, *vt.* (L. *pulvis* dust & *ize*) to reduce to powder. ખાંડી કે દળી ઝીણો ભૂકો કરવો.

Pump, પમ્પ, *n.* (Icel. *pumpa*) a machine to raise water. પાણી શોષી લેવાનો કે ઉશકડવાનું યંત્ર, જલયંત્ર, બંબો.

Pump'kin, પંપકીન્, *n.* (Dut. *pompoen*) a plant and its fruit. કહોળાનો વેલો; કહોળું, કૂષ્માંડ; દૂધી.

Pun, પન, *n.* (Sans. *pan* to play) a word or expression with 2 meanings. શબ્દની રમુજ-વિનોદ.

Punch, પંચ, *n.* (L. *pungo* I prick) a tool for making holes; liquor; blow. વહે પાડવાનું એક ઓજાર, વેંધણું; લીંબુ દારૂનો શરબત; ગોદો, કહોણી મારવી તે.

Punc-til'i-ous, પંક્ટિલિઅસ, *a.* (L. *punctum* a point) exact in ceremony or bargain, nice. ચાલવા કરવામાં ચિવટ-બારીકીથી ચાલનાર, સૂક્ષ્મ વિનયવર્તન, નીતિપાળનાર.

Punc'tu-al, પંક્ચ્યુઅલ, *a.* exact to time. વેળાસર આ-
વનાર–જનાર–કરનાર, બરાબર વખતે થયલું–કીધેલું–આપેલું.
Punc'tu-ate, પંક્ચ્યુએટ, *vt.* to mark with points.–માં
વિરામ ચિન્હો મૂકવાં–માંડવાં–કાઢવાં.
Punc'ture, પંક્ચર, *vt.* (L. *pungo* I prick) to prick
કોચવું, વિંધવું, કડવું, ડંખવું. *n.* a small hole or wound.
છેદ, વ્હેં, કાણું છિદ્ર; જખમ, દાંત, ડંખ.
Pun'gent, પંજંટ, *a.* sharp; stinging. તીખું, ઝમઝમાટ,
ઓખર; તીવ્ર, તીક્ષ્ણ, કલેજે કાણું પડે–ઝાટકો–મરચાં લાગે એવું.
Pun'ish, પનિશ્, *vt.* (L. *pœna* punishment) to
inflict pain.–ને દંડ–શિક્ષા–તસિહત આપવી, સજા કરવી.
Pun'ish-ment, પનિશમેંટ, *n.* penalty for sin. સજા, શિક્ષા,
દંડ, તસ્રીહત, શાસન. [નબળું, દુબળું, હલકું, પામર, અલ્પ.
Pu'ny, પ્યુનિ, *a.* (Fr. *puisne*) little & weak. નહાનું ને
Pu'pil, પ્યુપિલ, *n.* (L. *pupula* a little lass) centre of
eye. આંખની કીકી–પૂતળી, કનીનિકા. [ભિયો, શિષ્ય, વિદ્યાર્થી.
Pu'pil, પ્યુપિલ, *n.* (L. *pupus* a boy) a scholar. નિશા-
Pup'pet, પપેટ્, *n.* a small doll or image. પૂતળું.
Pup'py, પપિ, *n.* (Ger. *puppe* a doll) a young dog.
બોકીલું, કુરકુરિયું, કુતરાં વગેરેનું બચ્ચું; હલકી બુદ્ધિનું માણસ.
Pur'-chase, પર્ચેસ, *vt.* (Fr. *pour* for & *chasser* to
chase) to procure; buy. મેળવવું, સંપાદન કરવું,–થી મ-
ળવું; વેચાતું લેવું, ખરીદવું. *n.* a buying; thing bought;
power of a lever. ખરીદી, વેચાણ લીધેલું કંઇ, સોદો મેળ-

વેલી વસ્તુ, લાભ; બહારથી લાગેલું-પહોંચેલું જોર-ટેકો, લાગ.

Pure, પ્યૂર, *a.* (L. *purus*) free from mixture; innocent, chaste; genuine; mere. ભેળવિનાનું, ચોખ્ખું, નર્યું; પવિત્ર, કેવળ નિર્દોષ, પાક; શુદ્ધ, નિર્વિકાર, નિષ્પાપ; અખલું.

Pur'ga-tive, પર્ગેટિવ, *a.* (L. *purgare* to purify) cleansing. રેચક, જુલાબનું. *n.* a cathartic. જુલાબ, રેચ.

Purge, પર્જ, *vt.* to cleanse; operate on. માંથી કાઢી મૂકી સાફ કે ચોખ્ખું-મોકળું કરવું, નિર્દોષ ઠેરવવું; જુલાબ લાગવો,-થી પેટ આવવું-છૂટવું. *n.* a cathertic. જુલાબનું ઓસડ.

Pur'i-fy, પ્યુરિફાઈ, *vt.* (see pure) to cleanse; refine; grow pure. સુધારવું, સમારવું, ચોખ્ખું-સ્વચ્છ-નિર્મળ-શુદ્ધ કરવું;-માંથી પાપ-મેલ કાઢી નાખવો, પવિત્ર કરવું-થવું.

Pur'i-tan, પ્યુરિટન, *n.* a dissenter from the church of England. બૈબલમાં કહેલુંજ માનવું ને ઈંગ્લાંડનો સ્થાપિત ભક્તિનો પ્રકાર ન માનવો એવું મત રાખનાર માણસ-પંથી.

Pur'i-ty, પ્યુરિટિ, *n.* cleanness, chastity. સ્વચ્છતા, નિર્દોષપણું, પવિત્રતા, નિષ્પાપતા.

Purl, પર્લ, *vi.* (Goth. *porla*) to flow with low [sound. ખળખળ કરતાં વહેવું.

Pur'lieu, પર્લ્યુ, *n.* (Fr. *pur* pure & *lieu* place) a border. આજુબાજુ-છેડાપરનો ભાગ-લતો, પ્રાંતભાગ.

Pur-loin', પરલોઈન, *vt.* (L. *pro* for & *eloigner*) to steal, pilfer. છાનામાના ચોરી જવું-લેવું, હાથ મારવો.

Pur'ple, પર્પલ, *a.n.* (Gr. *porphura* purple) red tinged with blue. નીલ લોહિત, જાંબુઓ.

Pur'port, પર્પોર્ટ, *n.* (L. *pro* & *porer* to carry) mean-[ing. મતલબ, ભાવાર્થ.

Pur'pose,પર્પોસ, *n.*(L. *pro* & *positus* placed) design. ધારેલો વિચાર, ધારણા, ઈરાદો, મતલબ, અર્થ, હેતું. *vt. i.* to resolve.—નો વિચાર—નિશ્ચય કરવો.[ખુશીમાં ઘુરઘુર કર્યા કરવું.
Pur, Purr, પર,*vi.* to make noise as cat. મ્યાઉં મ્યાઉં—
Purse, પર્સ, *n.* (L. *pursa* a hide) a money-bag; treasury. વાટવો, પૈસાની કોથળી; ખજાનો, ધનકોશ.
Pur-sue', પરર્યું, *vt.* (L. *pro* & *sequor* I follow) to chase; seek; follow; continue; persecute.ને પકડવા ફરવું, પાછળ લાગવું—પડવું, મેળવવાનો ઉદ્યોગ—પ્રયત્ન કરવો—ચલવવો—ની પાછળ મંડવું; પકડીને—ના પગલાંમાં ચાલ્યાં જવું—કરવું; ચલાવવું, ચલાવ્યાં જવું, નો પીછો ન છોડવો; ને હેરાન કરવું,—ની પૂઠ—કેડો લેવો,—ને પૂછવું.
Pur-suit', પરર્યૂટ, *n.* chase; course of business. મેળવવા—સંપાદન કરવાનો પ્રયત્ન; ઉદ્યમ, ઉદ્યોગ.
Pur-vey', પર્વે, *vt.* (see provide) to buy provisions.—ને ખાવા પીવાનું—સુખીવસ્તુ પૂરીપાડવી—આગળથી મેળવી આપવી.
Pur-vey'or, પર્વેઅર, *n.* caterer. ખોરાક પૂરો પાડનાર—લાવી આપનાર.
Pus, પસ, *n.* (L.) matter from sore.પરૂ,પૂય
Push, પુશ, *t.* (L. *pulsare* I strike)to thrust; press forward; importune. હડસેલવું, ધકાવવું, ઢકેલવું, ઠેલવું; ઠોકર્યાં—ઝોકાવ્યાં—દોડાવ્યાં જવું; ને વળગવું, નો છત ખાવો,—ને શરમમાં નાખ્યાં કરવું. *vi.* to make a thrust; make an effort or advance.ગોદો—રિદ્દો મારવો; ધસારો—હલ્લો કરવો, ધસવું. *n.* a thrust; pressure applied; onset. ગોદો, હડસેલો, ઠોંસો, ઠેસ, ધક્કો; ધસારો, હલ્લો, સપાટો.

Pu-sill-an'i-mous, પ્યુસિલૅનિમસ, *a.* (L. *pusillus* little & *animus* mind) destitute of courage. છેકજ નામર્દ–બાયલું, પચકું.

Pus'tule, પસ્ટ્યૂલ, *n.* (L. *pus*) a small pimple. પરૂની [ભરેલી ફોલ્લી–ફ્લો, સ્ફોટ.

Put, પૂટ, *vt.* (Dan. *putte*) to place; offer ; express. પૂરવું, રેડવું, નાખવું; મહોઆગળ મૂકવું, કાઢવું, રજુકરવું; કહેવું, લખવું.*vi.*to steer.હંકારી જવું,વળવું.[લોકમાં કહેવાતું–મનાતું.

Pu'ta-tive, પ્યુટેટિવ્, *a.* (L. *puto* I think) supposed,

Pu'tre-fy, પ્યુટ્રિફાઇ, *vt.i.* (L. *putris* rotten & *facio*) to become rotten.સડાવી નાખવું; કહોઈ જવું, ગંધાઇ ઉઠવું.

Pu'trid, પ્યુટ્રિડ, *a.* corrupt, rotten. કહોઆલું, સડેલું.

Puz'zle, પઝલ, *n.* (L. *pono* to put) perplexity ; an ingenious toy. ગૂંચ, કચાટ, કૂટ, પંચાયત; રહામાની ખબરદારી અજમાવવાની યુક્તિવાળું રમકડું.

Pyr'a-mid, પિરૅમિડ્, *n.* (L. *pyramis*) pointed body on a broad base. પહોળા તળિયાવાળો ને ઉપલી ટોચ અણિઆળી એવો નક્કર પદાર્થ–ઇમારત, મીસરી મીનારો.

Pyre, પાયર, *n.* (Gr. *pur* fire) funeral pile.ચ્હે, ચિતા.

Pyr-o-tech'nics, પાઇરોટેક્નિક્સ, *n.* art of making fire works. આતશબાજી બનાવવાનો હુનર.

Q.

Quack, ક્વૅક, *n.* (Ger. *quaken* to croak) a preten-

der; ignorant practitioner. ખડાઇ-પતરાછ કરનાર, ડોળ ઘાલનાર; ઉંટવૈદ, નીમહકીમ. [વૈદનું ડોળ.
Quack'er-y, ક્વૅકરિ, *n.* pretensions to skill. ઉંટવૈદું,
Quad'rangle, ક્વૉડ્રૅંગલ, *n.* (L. *quatuor* 4 & *angulus* angle) a figure of 4 angles, square court. ચારખુણાવાળી-ચતુષ્કોણ-ચોખુણ આકૃતિ; ચોક.
Quad'rant, ક્વૉડ્રંટ, *n.* 4th part; 90 degrees; instrument to take angles; altitude of sun. વર્તુલ કે ગોળનો ચોથો ભાગ, પાગોળ; ૯૦ અંશ; ખુણાનું માપ લેવાનું યંત્ર, સૂર્ય વગેરેની ઉંચાઇ માપવાનું યંત્ર. [વર્ગસમીકરણ.
Quad-rat'i'c, ક્વૉડ્રેટિક, *a.* pertaining to a square.
Quad'ru-ped, ક્વૉડ્રૂપેડ, *n.* (L. *quatuor* & *pedis* foot) 4 footed animal. ચોપગું પ્રાણી, પશુ, ઢોર.
Quad'ru-ple, ક્વૉડ્રૂપલ, *a.* (L. – *plico* 1 fold) fourfold. ચોગણું, ચારગણું. [largely. ગટગટ પીવું, ઢાંસી જવું.
Quaff, ક્વૅફ, *vt. i.* (Scot. *queff* a cup) to drink
Quag'gy, ક્વૅગિ, *a.* (O. Eng. *guag* to quake) soft, wet and yielding to the feet. પગપેસી જાય એવું, નરમ, પોચું. [જાય એવી ભીની ને પોચી જમીન.
Quag'mire, ક્વૅગમાયર. *n.* a shaking bog. પગ પેસી
Quail, ક્વેલ, *vi.* (AS. *cwelan* to die) to tremble. બહીવું, હિંમત હારવી, આશાભંગ-નાઉમેદ થવું. [વરી પક્ષી.
Quail, ક્વેલ, *n.* (Dut. *quacken* to cry) a bird. લા-

Quaint, ક્વેંટ, *a.* (L. *comptus* adorned) odd, fanciful. વિલક્ષણ, વિચિત્ર. [થરવું; ધ્રુજારી આવવી, કાંપવું, હાલવું.
Quake, ક્વેક, *vi.* (AS. *cwacian*) to shake. ધ્રુજવું, થ-

Qual-i-fi-ca'tion, ક્વૉલિફિકેશન, *n.* (L. *qualis* such & *facio*) endowment; legal power; abatement; modification. યોગ્યતા, ગુણ, લાયકી; કહેલી શરતો પાળ્યાથી સંપાદન કરેલો અધિકાર; ઓછું કરવું તે,-માં ફેર-ફેરફાર-અર્થ ભેદ કરવો તે, મર્યાદા બાંધવી તે.

Qual'i-fy, ક્વૉલિફાઇ, *vt.* to fit; modify; soften. યોગ્ય-લાયક કરવું, અધિકાર આપવો,-થી હક હોવો-થવો; ફેરફાર-માફકસર કરવું, મર્યાદા-હદ બાંધવી; નરમ પાડવું, કમી કરવું.

Qual'i-ty, ક્વૉલિટિ, *n.* attribute; rank; nature; virtue. ગુણ, ધર્મ ખાસિયત, જાત; પદવી દરજ્જો, કુલીનતા; સારા નરસાપણું, ગુણાગુણ; અસર કરવાની શક્તિ.

Qualm, ક્વામ, *n.* (Ger.) nausea; uneasiness of conscience. ઉલાળો, ઉલટી, ઓકારી; ખખરો, બળાપો, દલગીરી.

Quan'ti-ty, ક્વૉન્ટિટિ, *n.* (L. *quantus* how much) a mass of matter; a large portion; measure; number. જથો, ઢગલો, પરિમાણ; ઘણુંઘણું; માત્રા; રકમ, રાશિ.

Quar'rel, ક્વૉરેલ, *n.* (L. *queror* I complain) open variance. કજીયો, કંકાસ, ટંટો, લડાઈ. *vi.* to dispute; find fault. કજીયો કરવો, બગાડ થવો, તૂટ પડવી; નિંદા-બદગોઈ કરવી.

Quar'ry, ક્વૉરિ, *n.* (L. *quadrus* square) a place

where stones are dug. પથ્થરની ખાણ. *vt.* to dig stones. પથ્થર ખોદી-ખણી કાઢવા. [શિકાર.

Quar'ry, ક્રૉરિ, *n.* (L. *cor* the heart) game. મારેલો

Quart, ક્વૉર્ટ, *n.* (L. *quartus* 4th) 4th of a gallon. ગાલનનો ૪થો ભાગ, આસરે સુરતી બશેર.

Quart'er, ક્વૉર્ટર, *n.* a 4th part; 8 bushels; 28lbs; a point of the compass; region; part of a town; merciful treatment to an enemy; in *pl.* lodgings. પા, ચોથો ભાગ, ચતુર્થાંસ; ૮ બુશલ; ૨૮ રતલ; દિશા; પ્રાંત, દેશ; પરૂં, મહોલ્લો, ફળિયું; શત્રુને મારી ન નાખવો તે, જીવત-પ્રાણદાન; ઉતારો, મુકામ. *vt.* to divide in 4; station soldiers; lodge. ૪ સરખા ભાગ-વહેંચણ-વાટણી કરવી; મુકામ આપવો-કરવો, ઉતારવું; ઉતરવું. [વર્તું, ત્રૈમાસિક.

Quar'ter-ly, ક્વૉર્ટર્લિ, *a.* every 3 months. ત્રણત્રણ મહિને

Quar'ter-mas-ter, ક્વૉર્ટરમાસ્ટર, *n.* officer who regulates the quarters and provisions of an army. સિપાઈઓના મુકામ ને ખાવાપીવાનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

Quar'tet, ક્વૉરટેટ, *n.* stanza of 4 lines. ચાર લીટીનું કડવું.

Quar'to, ક્વૉર્ટો, *n.* a book in which a sheet is folded into 4 leaves. એક તાવના ૪ પાનાં કર્યાથી થયેલા કદની ચો- [પડી.

Quartz, ક્વૉર્ટ્ઝ, *n.* (Ger.) rock crystal. કાચમણી.

Quash', ક્વૉશ, *vt.* (L. *cassare*) to annul, crush; subdue. છુંદી-કચરી નાખવું; નરમ-બંધ પાડવું, હોલવવું; રદ કરવું.

Qua'ver, ક્વેવર, *vi.* (E. *quave*) to shake the voice.ધ્રુજતો અવાજ કાઢવો,લહેકાવીને ગાવું. [ઓવારો; ઘાટ.
Quay, કી, *n.* (Fr. *quai* a dike) wharf; mole.બંદર, ડક્કો;
Queen, ક્વીન, *n.* (Icel. *qvan* woman) wife of a king, a female ruler.રાજાની વહુ, રાજપત્ની; રાણી,રાજ કરનારી.
Queer, ક્વીર, *a.* (Ger. *quer*) odd, strange. વિલક્ષણ, તરેહવાર સ્વભાવનું; અજબ જેવું.
Quell, ક્વેલ, *vt.* (Icel. *qvelia*) to crush; quiet.ચંડું-નરમ-બંધ પાડવું, હોલવવું; શાંત કરવું, ચંડું પાડવું, મટાડવું.
Quench, ક્વેન્ચ, *vt.* (AS. *cwencan*) to extinguish; allay; repress. દીવો હોલવવો-વડો-ઘેર-ગુલ કરવો; તરસ મટાડવી-ભાંગવી; નરમ-શાંત પાડવું, દાબવું.
Quer'u-lous, ક્વેર્યુલસ, *a.* (L. *queri* I complain) habitually complaining. રડચાં કરતું, બબડતું, કકલતું.
Que'ry, ક્વેરિ, *n.* (L. *quæro* I inquire) a question. પ્રશ્ન, સવાલ. *vt. i.* to question; doubt of. પૂછવું, સવાલ કરવો,-નો સંદેહ રાખવો. [તલાસ, તપાસ; ઈચ્છા, ખેંચ.
Quest, ક્વેસ્ટ, *n.* search, inquiry; request.શોધ,ખોળ,
Ques'tion, ક્વેશ્ચન, *n.* act of asking; inquiry; dispute; doubt; trial. પ્રશ્ન, સવાલ; પૂછપરછ, શોધ; વાદ, તકરાર; શક, સંશય; તપાસ. *vi. t.* to ask; inquire of, examine; doubt of. પૂછવું, પ્રશ્ન કરવો; તપાસવું, પરીક્ષા-શાહેદી-સાક્ષી લેવી; નો સંશય હોવો-આવવો.
Quest'ion-a-ble, ક્વેશ્ચનઅબ્લ, *a.* doubtful.શક ભરેલું-આવે એવું, શંકા લાવવાજોગ, સંશયયુક્ત.

Quib'ble, ક્વિબ્લ, *vi.* (L. *quidtibet* what you please) to evade truth. યુક્તિથી ઉડાવવું, આડું બોલવું, બહાનું કાઢવું.

Quick, ક્વિક, *a.* (AS. *cwic* living) alive; brisk; swift. જીવતું, સજીવન; ચપલ, ચાલાક, ઉતાવળું. *n.* sensitive part. ઘણું ને જલદી દુ:ખ થાય એવી–આળી જગા.

Quick'en, ક્વિક્‌ન, *vt.* to enliven; excite; hasten. જીવતું–જાગૃત–સજીવન કરવું; ઉત્તેજન આપવું, ઉશ્કેરવું, ઉતાવળ કરવી.

Quick'lime, ક્વિકલાઇમ, *n.* lime unslaked. કળી ચુનો.

Quick'set, ક્વિકસેટ્, *n.* hedge of live shrubs. વાડસારૂ દાટેલો રોપો.

Quick'sil-ver, ક્વિકસિલ્વૅર, *n.* mercury. પારો.

Qui-esc'ence, ક્વાઇએસન્સ, *n.* (L. *quies* rest) rest, silence. સ્થિરતા, શાંતિ, શાંતતા.

Qui'et, ક્વાયેટ્, *a.* not moving or disturbed; peaceable; calm. સ્થિર; શાંત, છાનું, હાલે નહિ એવું; સ્વસ્થે ગુજારેલું; નરમ, ગરીબ, નિરૂપદ્રવિ, સાલસ; ખળખળ–ઘોંઘાટ વગરનું, હરકત–અડચણ વિનાનું, નિર્ભય. *n.* rest. શાંતતા, ચેન, નિરાંત, સ્વસ્થપણું. *vt.* to make quiet; calm; allay. સ્થિર–હાલતાં બંધ કરવું; શાંત–નરમ–ઘંડું પાડવું, મટાડવું.

Qui'et-ude, ક્વાયેટ્યૂડ, *n.* tranquillity. નિરાંત, ચેન, શાંતિ.

Quill, ક્વુઇલ, *n.* (Ger. *kiel*) a large feather used as pen. લખવાનું પીછું, લેખણી.

Quilt, ક્વુઇલ્ટ, *n.* (L. *culcita* a bed) cover of a bed.

રજાઈ, સુજની, ગોદડું, તળાઈ. *vt.* to stich in rows.ગોદડું સીવવું. [of the tonsils. ગંડ-કંઠમાળા.
Quin'sy, કુઈન્ઝિ, *n.* (O. E. *squinancy*) inflamation
Quip, કુઈપ્, *n.* (W. *cwip* a quick turn) a sarcasm, a taunt.મહેણું,કુઃખ લાગે એવા સામો ઉત્તર. [ધાચો,થા,દસ્તો.
Quire, ક્વાયર, *n.* (L. *quatuor* 4) 24 sheets. ૨૪ તાવ,
Quit, કુઈટ્, *vt.* (Fr. *quitter*) to leave; to free from. છોડવું, વર્જવું, ત્યાગવું;-માંથી છુટું કરવું, ભરી-વાળી આપવું. *a.* free. મોકળું, છુટું, દોષ-ઉપકાર મુક્ત. [બિલકુલ, ઘણું.
Quite, ક્વાઈટ, *ad.* entirely, wholly; very.તમામ,છેક;
Quit'tance, કુઈટન્સ, *n.* discharge.અભરામનદાવા, બેદાવા.
Quiv'er, કુઈવર, *n.* (Fr. *cuivre* a cover) a case for arrows. ભાથો. *vi.* to shake, tremble. ધ્રુજવું, કાંપવું.
Quiz, કુઈઝ, *n.* (*slang*) a riddle, puzzle. ગુંચવી નાખે એવી મશ્કરી. *vt.* to play tricks upon. ગુંચવી નાખવું, મશ્કરી કરવી, બનાવવું. [ring. ચક્કર.
Quoit, કૉઈટ, *n.* (Scot. *coit* to butt) heavy flat
Quon'dam, ક્વૉનડૅમ, *a.* (L.) former. આગલું, માજી.
Quo'rum, ક્વૉરમ, *n.* (L.) a number for doing business. કામ ચલાવી શકે એટલા સભાસદોની મંડળી.
Quo'ta,કોટા,*n.* (L. *quotus* of what number) a share. ભાગ, હિસ્સો. [કથ, બીજાના ગ્રંથમાંથી ઉતારવું; ભાવ, કિંમત.
Quo-ta'tion,કોટેશન,*n.* passage named.ઉતારી લીધેલું વા-
Quote, કોટ, *vt.* to cite; name the price of. બીજા ગ્રંથકર્તાનું વાકય બોલવું-ઉતારી લેવું;-ની કિંમત-ભાવ કહેવો.

Quoth, કોથ, *vi.* (AS. *cwœthan*) say, says, said. હું બોલું છું-બોલ્યો; તે બોલે છે-બોલ્યો. [division. ભાગ, ભાગાકાર.
Quo'tient, કોશંટ, *n.* (L. *quoties* how often) result of

R.

Rabb'i, રૅબિ, *n.* (Heb. *rabi* my lord) a Jewish doctor. યહુદી લોકમાં વિદ્વાન માણસ, શાસ્ત્રી, પંડિત, સ્વામી.
Rabb'it, રૅબિટ, *n.* (Dut. *robbe*) a quadruped. સસલું.
Rab'ble, રૅબ્લ, *n.* (L. *rabo* I rave) a mob, a crowd. તોફાની-હલકા-પાજી લોકો, હલકી લોકનું ટોળું-ઠઠ-ભીડ.
Rab'id, રૅબિડ, *a.* mad, furious. દિવાનું, ઘેલું, હડખાયલું.
Race, રેસ, *n.* (L. *radix* root) descendant, generation, breed. વંશ, કુળ, નસલ; પેઢી; જાત.
Race, રેસ, *n.* (AS. *raes* a rapid course) contest in running; a course; a rapid stream. દોડવાની સરત-હોડ; દોડ, માર્ગ, રસ્તો; વેગથી વહેતો પાણીનો પ્રવાહ-ઓઘ.
Rack, રૅક, *n.* (Ger. *rekken* to rack) engine of torture; extreme pain; receptacle for hay; a stand. ગુન્હેગારને મનાવવાને અંગ તાણવાનો-ચીપડી ભીડવાનો સિકંજો-યંત્ર; અતિવેદના-દુઃખ; ગભાણ ઘોડી. *vt.* to torture; strain. સિકંજામાં દાબી ખેંચવું, દુઃખ દેવું, રિબાવવું; જબર જસ્તીથી પૈસા કઢાવવા. [વાજબી કરતાં વધારે ભાડું-મહેસૂલ.
Rack'rent, રૅકરૅંટ, *n.* rent raised to the utmost.

Rack'et, રૅકેટ્, *n.* (Fr. *raquette*) confused noise; a bat used in tennis. ગડબડ; ટેનિસની રમતમાં રમવાનો દંડો-દંડુકો. [પોતાની ઉત્પત્તિ સૂચવે એવું સ્વાદ-રસવાળું.
Ra'cy, રેસિ, *a.* (see race) piquant; exciting. તીખું;
Ra'di-ant, રેડિઅંટ, *a.* (L. *radius* a ray) beaming. તેજસ્વી, ચકચકિત. [વાં, પ્રકાશવું.
Ra'di-ate, રેડિએટ, *vi.* to emit rays. કિરણ ફૂટવાં-પડ-
Rad'i-cal, રૅડિકલ, *n.* (L. *radix* a root) root; extreme reformer. મૂળ-અસાધિત શબ્દ; જડમૂળથી ઉખેડીને સુધારો કરનાર-કરવાનો મત રાખનાર. *a.* original, native. મૂળનું, અસલનું; જાતિનું, જન્મનું, કુદરતી, મૂળ, અસાધિત.
Raf'fle, રૅફલ, *n.* (Fr. *rafler* to sweep away) game of chance. સોરતી. *vi.* to cast lots for. સોરતીમાં મૂકવું કે છતવાને પાસા નાખવા. [તરાપો, તર.
Raft, રૅફ્ટ, *n.* (AS. *ræfter* a beam) a float of wood.
Raf'ter, રૅફ્ટર, *n.* roof-timber. વળી, સાકડી-ડો.
Rag, રૅગ, *n.* (AS. *hracod* ragged) tattered cloth. ચિંદડું, ચિથરડી. *pl.* worn out garments. ફાટાંતૂટાં કપડાં, ચિથરાં. [ચિંથરાં થઈ ગયલું; ચિથડિયો, ચિથરેહાલ.
Rag'ged, રૅગેડ્, *a.* worn to rags; ill-clad. ફાટીતૂટી
Rag'ing, રેજિંગ, *a.* (L. *rabo* I rave) furious. સપાટા બંધ આવતું-વહેતું, પ્રચંડ, જબરૂં, ક્રોધાયમાન, ખીજવાયલું.
Rage, રેજ, *n.* violent anger; fury. ઘણો ગુસ્સો, ક્રોધાવેશ, જોર, જુસ્સો, જોશ, સુસવાટો, સપાટો, અતિહોંસ. *vi.* to be

in fury, ravage. ગુસ્સે થવું, તપી જવું, ઝપાટો થવો-લાગવો; અતિશય દુ:ખકારક હોવું,-થી નાશ-નુકશાન થવો.
Raid, રેડ, *n.* (AS. *rad* riding) hostile or predatory incursion. દ્વેષ ભાવથી કે લૂટનેમાટે કરેલી સ્વારી-હુમલો.
Rail, રેલ, *n.* (Ger. *riegel* rails) a bar. કટેરો, સળિયો, ગજ, ગરાદ.*vt.* to inclose with bars. કટેરો કરવો-જડવો.
Rail, રેલ, *vi.* (Fr. *railler*) to scoff. નિંદા કરવી, ગાળદેવી.
Rail'ler-y, રેલરિ, jesting language. મજાક, ચેષ્ટા.
Rail'road, રેલરોડ, *n.* (Ger. *riegel*) road with iron; iron rails. લોખંડની સડક-રસ્તો. [લુગડાં.
Rai'ment, રેમેંટ, *n.* (see array) clothing. વસ્ત્ર, કપડાં,
Rain, રેન, *n.* (AS. *regen*) drops from clouds. વરસાદ, મેઘ. *vi.* to fall in drops. વરસાદ પડવો-વરસવો.
Rain'bow, રેનબો, *n.* bow in sky. ઈંદ્ર-મેઘ ધનુષ.
Raise, રેઝ, *vt.* (AS. *risan* to rise) to lift; build; erect, promote; increase; excite; awake; collect. ઉંચકવું; બાંધવું; ઉભું-ઉંચું-સીધું કરવું; મ્હોટે દરજ્જે ચઢાવવું; વધારવું; ઉશ્કેરવું; ઉઠાડવું, જગાડવું; જમાવ-એકઠું કરવું.
Rai'sin, રેઝન; *n.*(Fr. *razim*) સુકી દ્રાક્ષ, મિસમિસ, બેદાણા.
Rake, રેક, *n.* (AS. *race*) a tool. પંજેટી. *vt.* to gather; sweep with guns. એકઠું કરવું; એક છેડેથી બીજે પહોંચે એમ તોપનો ગોળો મારવો.
Rake, Rake'hell, રેક, રેકહેલ, *n.* (Ger. *rakel* rascal) libertine, profligate. નર્કનો કચરો, લુચ્ચું માણસ. [સની.
Rak'ish, રેકિશ, *a.* loose, debauched. બદફેલ, કામી, વ્ય-

Ral'ly, રૅલિ, *vi.* (L. *re* & *alligo* I bind) to reunite. પાછું એકઠું થવું, પહેલાંની સ્થિતિમાં-ઠેકાણે આવવું. [કરવી.

Ral'ly, રૅલિ, *vt.* (Fr. *railler*) to banter. મજાક-મશ્કરી

Ram, રૅમ્, *n.* (AS. *ramm*) a malo sheep; Aries. મેંઢો, ઘેટો; મેષ રાશિ. *vt.* to drive down hard, stuff. ઠાંસીને ઘાલવું; ડાબી-ચાંપી-ઠોકીને ભરવું.

Ram'ble, રૅમ્બલ, *vi.* (Ger. *rammeln* to tumble) to wander about; talk incoherently. આહિં તહિં ફરતા ફરવું, ભટકવું; આડું જવું-ફાટવું, લથડવું, ફાંફાં મારવાં. *n.* excursion. રખડપટ્ટી, આહિંતહિં ફરવું તે.

Ram'i-fy, રૅમિફાઇ, *vi.* (L. *ramus* a branch & *facio*) to shoot into branches. શાખા પડવી, ડાળી-ફાંટા ફૂટવા, ના વિભાગ-ખંડ પડવા. [ing. હદબહાર વધેલું-ગયલું.

Ram'pant, રૅમ્પંટ, *a.* (AS. *rempend* rash) rank, rear-

Ram'part, રૅમ્પાર્ટ, *n.* (Fr. *rempart*) a wall for defence. કિલ્લાની ભીંત-દીવાલ, કોટ.

Ran'cid, રૅન્સિડ્, *a.* (L. *ranceo* putrid) strong in taste, musty. વાસમારતું, ગંધાતું, ખોરૂં. [અદાવત, ખુનસ.

Ran'cour, રૅંકર, *n.* deep-seated hate. હાડવેર, કિનો, ખાર,

Ran'dom, રૅંડમ, *a.* (AS. *randum* violence) done at hazard. નેમ-નિશાન-ઠેકાણા-ધડા-સુમાર-અડસટ્ટા વગરનું.

Range, રૅન્જ, *n.* (Fr. *range* a row) a row; order; reach; stove; cooking apparatus. હાર, ઓળ, પંક્તિ; વર્ગ, મત, જાત, ગણ; પહોંચ, વિસ્તાર, પ્રસાર; રસોઈ કરવાની ભઠ્ઠી, તવા,

હાંડી વગેરેની–પાકીપકરણ પંક્તિ. *vt. i.* to dispose in order; class; pass along; rove; have a reach. હારબંધ ગોઠવવું; વર્ગ–ભાગપાડવા; બાજુએ–પાસેથઈને જવું; ગમેતેમ રખડવું; ફરતા ફરવું; પહોંચી શકવું, ફરી વળાય એટલું અંતર હોવું.

Rank, રૅંક, *n.* a row; grade; order. હાર, ઓળ; હોદ્દો, પદવી, દરજ્જો, પાયરી; વર્ગ, જાત. *vt.* to place in a line or clsss. હારબંધ–હારોહાર ગોઠવવું, વર્ગમાંનું ગણાવવું–હોવું.

Rank, રૅંક, *a.* (AS *ranc* fruitful) strong-scented; luxuriant; excessive. વાસમારતું, ગંધાતું, ખોરૂં, ઉતરી ગયલું; અતિશય ફાલેલું–વધી ગયલું; રસાળ, ફળદ્રુપ; અતિશય ભારી, જબરૂં. [સડવું, કોહીજવું, વધારેજોરમાંઆવવું–બંધાતું જવું.

Rank'le, રૅંકલ, *vi.* to become inflamed or violent.

Ran'sack, રૅનસૅક, *vt.* (AS. *ran* plunder & *secan* to seek) to pillage; search thoroughly. લૂટવું, ધાડ પાડવી; બધે ફરી વળી તલાસ કરવી, ખોલવું, ઝાડો જોવા–લેવા.

Ran'som, રૅનસમ, *n.* price paid for freedom. છુટકાને માટે આપેલો અવેજ–નાણું, દંડ, છુટકારો, મુક્તિ. *vt.* to redeem. દંડ–નાણું આપી છોડવવું.

Rant, રૅંટ, *n.* (Ger. *ranten* to rave) extravagant language. મહોટે સાદે વગર વિચારે કરેલું ભાષણ–બોલવું તે, બડબડાટ. *vi.* to rave. વિચારવગર મહોટેથી બોલવું, લવવું.

Rap, રૅપ, *n.* (SW. *rappa* to strike) a sharp blow. ટાક, સપાટો, ઝપાટો, ટાકો. *vi. t.* to strike. ઉપર ઠોકવું–મારવું.

Ra-pa'ci-ous, રૅપેશિઅસ, *a.* (L. *rapio* I snatch) in-

clined to plunder; greedy. લૂટારૂ, જોરજુલમથી ખૂંચી-ઝુટાવી-છિનવી લેનાર; ફાડી ખાનારૂં, હિંસક; લોભિયું.

Ra-pac'i-ty, રૅપૅસિટિ, *n.* disposition to plunder; greediness. લૂટારાપણું, લૂટાલૂટ, ફાડી ખાવાનો સ્વભાવ; અતિલોભ.

Rape, રેપ, *n.* seizing by violence; ravishment; a plant. બલાત્કારે ઝુટાવી લાવવું તે, હરણ; જોરજુલમથી કરેલો સ્ત્રીસંભોગ; સરસીનો રોપો.

Rap'id, રૅપિડ્, *a.* (L. *rapere* to seize & carry off) swift, quick. ઉતાવળું, શીઘ્ર, વેગથી ચાલતું-વહેતું-દોડતું.

Ra-pid'i-ty, રૅપિડિટિ, *n.* swiftness. ઉતાવળ, ત્વરા.

Ra'pi-er, રેપિઅર, *n.* (Fr. *rapiere*) a small sword. ખાંડું.

Rap'ine, રૅપિન્, *n.* (L. *rapio* I snatch) robbery with violence. લૂટ, ધાડ; જુલમ, બલાત્કાર.

Rapt, રૅપ્ટ, *a.* transported. ગરક-નિમગ્ન-તલ્લીન થયલું.

Rap'ture, રૅપ્ચર, *n.* extreme joy. અત્યાનંદ, બેહદ ખુશાલી.

Rare, રેર, *a.* (L. *rarus*) scarce; not dense; nearly raw; thin. કોઈજવાર જોવામાં આવતું, વિરલું, નવાઈ જેવું, અપૂર્વ, ઘણું સરસ, દુર્લભ; આહિંતહિં વિખરાયલા, તુટક; પૂરૂં બફાયલું-સેકેલું નહિ એવું, કાચું; પાતળું. [કરવું, ઘટ્ટપણું ઓછું થવું.

Rar'i-fy, રૅરિફાઇ, *vt.* to make or become thin. પાતળું

Rare'-ly, રેર્લિ, *ad.* seldom, not often. ક્વચિત, કોઈજવાર.

Rar'i-ty, રૅરિટિ, *n.* uncommonness; thinness. અસાધારણ-વિરલાપણું, નવાઈ, દુર્લભ વસ્તુ; પાતળાપણું.

Ras'cal, રૅસ્કલ, *n.* (Icel. *raska* to scrape) a rogue, a dishonest fellow. લુચ્ચો, ઠગ, હરામખોર.

Rase, રેઝ, *vt.*(L. *rado* I scrape) to demolish, erase. નાશ-પાયમાલ કરવું; જડમૂળથી ઉખેડી નાખવું.

Rash, રૅશ, *a.* (Ger. *rasch* rapid) imprudent, incautiously hasty. અવિચારી, અધીર, આકળો; કાચી-મસલતનું, ઉતાવળું *n.* eruption. અળાઈ, ગરમીની ફોલ્લી.

Rash'ness, રૅશ્નેસ,*n.*undue haste.અવિચાર,ઉતાવળાપણું.

Rasp, રૅસ્પ, *n.* (It. *raspare* to grate) a rough file. કાનસ,રેતડી.*vt.*to rub,grate. કાનસથી ઘસવું-છોલી કાઢવું.

Ra-tan', રૅટૅન, *n.* (Malay. *roten*) a cane. નેતર, છડી.

Rate, રેટ, *n.*(L *ratus* to reckon) price, value; allowance; class, order; degree.કિંમત, મૂલ, ભાવ; નેમણૂક, ધારો; વર્ગ, પંક્તિ, જાત; દરજ્જો, પ્રમાણ.*vt.* to value; scold, reprove.નો દર-કિંમત ઠેરવવી,આંકવું;ધમકાવવું, ઠપકો દેવો.

Rath'er, રાધર, *ad.* (AS. *rath* early) somewhat; more correctly speaking; on the contrary. જરાક, કંઈક; ખરૂં કહીએ તો;ઉલટું,તે કરતાં. [tion.કબૂલ-મંજુર કરવું-રાખવું.

Rat'i-fy, રૅટિફાઈ,*vt.*(L. *ratum* firm & *facio*) to sanc-

Ra'ti-o, રેશિયો, *n.* proportion. પ્રમાણ, પરિમાણ.

Ra'tion, રેશન, *n.* day's provision. સીધું, ભાથું.

Ra'tional, રૅશનલ,*a.*(L. *ratio* reason) reasonable; judicious.બુદ્ધિસંપન્ન-નું ભરેલું,તર્કજ્ઞ;સારાસાર સમજનાર, ડાહ્યું.

Ra-ti-o-na'le, રૅશિયોનેલે, *n.* detail of reasons. ખુલાસો.

Rat'tle, રૅટ્લ, *n.*(Dut. *ratelen*) clatter; a toy.ખખડાટ, ગડગડાટ, ભડભડ, બકબક; ઘુઘરો. *vt.* to clatter. ખખડવું, ગડગડવું, લપલપ-ભડભડ બોલવું.

Rav'age, રૅવેજ, *vt.* (L. *rapio* I snatch away) to lay waste. –ને વેરાન કરવું, લૂટફાટ કરવી, ધાડ પાડવી. *n.* waste, plunder, ruin. વિનાશ, બૂળધાણી, ખરાબી, ક્ષય.
Rave, રેવ, *vi.* (L. *rabies* madness) to talk wildly; to be mad. બકવા–લવારાપર ચઢવું; ઘેલાં કાઢવાં, ગાંડા બનવું, મગજ ભમવું, ચળવું. [tangle. ઉકેલવું; ગુંચવી નાખવું.
Rav'el, રૅવેલ, *vt. i.* (Dut. *ravelen*) to untwist; en-
Rav'en, રેવ્‌ન, *n.* (AS. *prefen*) a bird of prey. જંગલી કાગડો. [અપાગપ–આટકયાવગર ખાઈજવું.
Rav'en, રૅવ્‌ન, *vt. i.* (See ravage) to eat greedily.
Rav'en-ous, રૅવેનસ, *a.* voracious. ખાઉંખાઉં કરી રહેલું, ખાવાને વલખાં મારતું, ખાઈજાય એવું, ફાંડીખાનારૂં. [ખિંડ, કોતર, નાળું.
Ra-vine', રૅવિન, *n.* (See ravage) a mountain cleft.
Rav'ish, રૅવિશ, *vt.* (See ravage) to carry off by force; transport, violate. હરવું, હરણ કરવું, જોર જુલમથી પકડી લઈ જવું, મનહરી લેવું; બળાત્કારે સ્ત્રી સંભોગ કરવો.
Raw, રૉ, *n.* (AS. *hreaw*) not cooked; without skin; unripe; chilly; not spun; not mixed, not tanned. રાંધેલું નહિ એવું; ચામડી વગરનું; કાચું, પાકેલું નહિ તેવું, કચ્ચું, નવું, થોડી આવડતનું, અનુભવ–મહાવરા વગરનું; ટાઢું, શરદીનું, ચંડું; કાંતેલું નહિ તેવું; નર્યું, નિર્ભેળ; આળું, લીલું, નહિ કોરેલું.
Raw'head, રૉહેડ, *n.* a spectre. બાઉ, હાઉ, ભૂત,
Ray, રે, *n.* (L. *radius*) a line of light; lustre. કિરણ, બુદ્ધિરૂપી તેજનું કિરણ, બુદ્ધિપ્રકાશ; તેજ.

Razo, રેઝ, *vt.* (L. *rado* I scrape) to demolish, extirpate. નાશ-જમીનદોસ્ત-પાયમાલ કરવું; જડ મૂળથી ઉખેડી
Ra'zor, રેઝર, *n.* a shaving knife. અસ્ત્રો, છરા. [નાખવું.
Reach, રીચ, *vt.* (AS. *ræcan*) to stretch; extend to; hand to ; arrive at. લાંબું કરવું, લંબાવવું; હાથ પહોંચવો, ને અડકવું; આપવું; આવી-જઈ પહોંચવું; પરઅસર કરવી-થવી. *n.* extent. વિસ્તાર, ફેલાવો. [સામું જોર, પ્રતિક્રિયા, પ્રત્યાઘાત.
Re-ac'tion, રિઍક્શન, *n.* (L. *re* & act) counter action.
Read, રીડ, *vt. i.* (Ger. *reden* to speak) to peruse; understand by marks, learn by observation; knowfully. વાંચવું; સમજવું,-ને માલમ પડવું; અવલોકનથી જાણવું; બરોબર સમજવું, સારી પેઠે જાણવું-ઓળખવું.
Read'ing, રીડિંગ, *n.* perusal; study; lecture; recital; interpretation. વાંચવું તે, વાંચન; અધ્યયન, વિદ્યાભ્યાસ; પાઠ, ભાષણ, વ્યાખ્યાન; કથન; કરેલો અર્થ,-ના અર્થ વિષે સમજણ.
Read'y, રેડિ, *a.* (AS. *rad*) prompt; prepared; dexterous; willing; disposed; being at hand; opportune. ચપળ, ચાલાક, આનાકાની ન કરે એવું, શીઘ્ર, તરતનું, તૈયાર કરેલું-થયલું, સિદ્ધ; કુશળ, આવડતવાળું; રાજી, તૈયાર; મનનું વલણ હોય એવું; પાસેનું, નજીકનું; સુગમ, ઠીકપડતું, બંધ બેસતું.
Re'al, રીઅલ, *a.* (L. *res* a thing) actual. વાસ્તવિક. ખરેખરૂં, [વિકપણું, ખરેખરૂં તે, અસ્તિત્વ.
Re-al'i-ty, રિઍલિટિ, *n.* certainty. સત્ય, સત્યતા, વાસ્ત-
Re-al'ize, રિઍલાઇઝ, *vt.* to bring into being; turn

into money; consider as real; gain. અમલ–અનુભવ–વહેવારમાં આણવું, સાધવું,પાર પડવું; માલમીલકતના પૈસા કરવા; ખરૂં માનવું–ગણવું, મનમાં ઉતરવું; મેળવવું, સંપાદન કરવું.

Ring'let, રિંગલેટ્, *n.* a curl of hair. વાંકડી લટ, વાળનો ગુચ્છો, ઝુલ્ફાં. [વીછળવું, ખંગાળવું, વીછળી સાફ કરવું.

Rinse, રિન્સ, *vi.* (Fr. *rincer*) to cleanse in water.

Ri'ot, રાઈઑટ્, *vi.* (Fr. *rioter*) to revel; enjoy; make an uproar. મસ્તી–રંગરાગવાળી મિજબાની–ભોગવિલાસ કરવો, ભોગવવું, ભોગવટો કરવો; તોફાન–હુલ્લડ ઉઠાવવું, સુલેહનો ભંગ કરવો. [સુખભોગી, એશઆરામ કરનાર; તોફાની, ફીતુરી, ફીસાદી.

Ri'ot-ous, રાઈઑટસ, *a.* luxurious; disorderly. શોખીલું,

Rip, રિપ્, *vt.* (AS. *rypan*) to separate the parts by cutting. ઉકેલવું, ઉકેલી નાખવું, ચીરી–ફાડી કાઢવું; ખુલ્લું કરવું.

Ripe, રાઈપ, *a.* (AS. *rip* harvest) mature; ready, prepared. પાકેલું, પકવ, પાકું, પૂરૂં, નીપુણ, કાબેલ; તૈયાર થયલું, તૈયાર, તરત ચાલુ થાય એવું, ની તૈયારી હોય એવું.

Rip'en, રાઈપ્ન, *vi. t.* to grow ripe; mature; fit for. પાકવું; પાકપર આવવું, તૈયાર થવું; પકવવું; ને માટે લાયક કરવું.

Rip'ple, રિપલ, *vi.* to ruffle on surface. ઉપર લહેર ઉઠવી–થવી. *n.* agitation of the surface. ઝીણાં ઝીણાં મોજાં, લહેર.

Rise, રાઇઝ, *vi.* (AS. *risan*) to ascend; get up; increase. ઉપર કે ઉંચે જવું, ચઢવું; ઉઠવું, ઉભું થવું, ઉગવું, વધવું, ઉદય થવો. *n.* ascent; source; increase. ચઢાવ, ચઢણ; મૂળ, ઉગમ; ઉદય, તેજ, વધારો, વૃદ્ધિ, ચઢતી કળા.

Ris'ing, રાઇઝિંગ, *n.* revolt; getting up. બંડ, બળવો; ઉઠવું, ઉદય, વૃદ્ધિ.

Ris'i-ble, રિઝિબલ, *a.* (L. *rideo* I laugh) laughable. [હસાવનાર, હસવું આવવા જેવું.

Risk, રિસ્ક, *n.* (Fr. *risque*) danger, peril. જોખમ, ભય, ધોક્કો, જુમ્મો, જવાબદારી. *vt.* to hazard. જોખમ માથે લેવું.

Rite, રાઇટ, *n.* (L. *ritus*) ceremony. ક્રિયા, આચાર.

Rit'ual, રિટિયુઅલ, *a.* pertaining to rites. ધર્મક્રિયા–આચાર સંબંધી. *n.* a book of rites. કર્મપદ્ધતિ.

Ri'val, રાઇવલ, *n.* (L. *rivus* a brook) a competitor, પ્રતિસ્પર્ધી, બરોબરીઓ, હરસાચરસી કરનાર. *vt.* to compete with; emulate.–ની સાથે સ્પર્ધા કરવી–ટક્કર લેવી–મારવી–ઝુઝવું,–ની બરાબરી કરવી.

Ri'val-ry, રાઇવૅલરિ, *n.* emulation. હરસાચરસી, બરાબરી.

Rive, રાઇવ, *vt.* (Dan.) to split. ચીરવું, ફાડવું,–થી ફાટવું.

Riv'er, રિવર, *n.* (L, *rivus* a stream) a large stream. નદી, નદ.

Riv'u-let, રિવ્યુલેટ્, *n.* a streamlet. નાળું, વહેળો, નાની [નદી.

Riv'et, રિવૅટ્, *n.* (Fr.) a pin. બંને તરફથી વાળેલી–સજ્જડ

બેસાડેલી ખીલી.*vt.*to fasten;clinch; make firm.ખીલા-
થી જડવું–જોડવું;વાળવું,સજ્જડ બેસાડવું;દૃઢ–તૂટેનહિ એમ કરવું.

Road, રોડ, *n.* (AS. *rad* a riding) a public way; anchorage. રસ્તો, માર્ગ, પંથ, વાટ; નાંગરેલાં વહાણો તરતાં રહી શકે તે જગ્યા, નાંગરણ, ઓારવો.

Roam, રોમ, *vi.* (Fr. *romier*) to rove, ramble. ભટકવું, ફરવું, રખડવું, ભમવું. [કાબરચિતરૂં.

Roan, રોન, *a.* (Sp. *roano*) red spotted with white.

Roar, રોર, *vi.* (AS *rarian*) to make loud noise. આારડવું, બૂમ મારવી, બરાડવું, ગર્જના કરવી, ગાજવું, તડુકવું.

Roast, રોસ્ટ, *vt.* (Ger. *rosten* to fry) to cook before a fire; banter. ભૂંજવું, શેકવું, સોજવવું; મજાક–મશ્કરી કરવી, હસી કાઢવું. [લૂટવું, પડાવી લેવું.

Rob, રૉબ્, *vt.* (Fr. *rober*) to steal; plunder. ચોરવું;

Rob'ber, રૉબર, *n.* one who robs. ચોર, લુટારો.

Rob'be-ry, રૉબરિ, *n.* theft. ચોરી, લૂટફાટ, છિનવી લેવું તે.

Robe, રોબ, *n.* (It. *roba*) a long gown. જામો, જભ્ભો.*vt.* to array; invest with. ભભકાદાર પોશાક પેહેરાવવો;–થી સણગારવું–સુશોભિત કરવું. [healthy.જોરાવર, બળકટ; સાજું.

Ro-bust', રૉબસ્ટ, *a.* (L. *robur* oak) strong, hardy;

Rock, રૉક્, *n.* (Fr. *roc*) a mass of stone; defence. ખડક, મહોટો પથ્થર, શીલા, ખરાબો;આશ્રયનું ઠેકાણું, ગઢ.

Rock, રૉક્, *vt.* (Dan. *rokke*) to move to and fro. હીંડોળવું, હીંચવું, હીંચકા નાખવા.

Rock'y, રૉકિ, *a.* full of rocks. ખડકવાળું. [હવાઈ, બાણ.
Rock'et, રૉકિટ્, *n.* (Ger. *rackete*) a projectile firework.
Rod, રૉડ્, *n.* (AS. *roede*) a staff; 5½ yards. સોટો, છડી, દંડ; કાઠી, પ૬ૈવાર્ડ-વાર. [રી-કરડી ખાનારું.
Ro'dent, રોડંટ, *a.* (L. *rodo* I gnaw) gnawing. કાત-
Roe, રો, *n.* (Ger. *rogen*) spawn. માછલાંનાં ઈંડાં-ગર્ભ.
Roe, રો, *n.* (AS. *rah*) female hart. સાબરી.
Roe'buck, રોબક, *n.* male roe. એકજાતનું સાબર.
Rogue, રોગ, *n.* (Fr.) a dishonest man, knave. લુચ્ચો, ઠગારો, દગલબાજ, હરામખોર, ધૂતારો.
Rog'uer.y, રોગરિ, *n.* knavery. લુચ્ચાઈ, ઠગવિદ્યા.
Rogu'ish, રોગિશ્, *a.* knavish; waggish. ધૂર્ત, કપટી, ઠગારું; ઠઠ્ઠાબાજ, નકલી, મશ્કરીભરેલું.
Roll, રોલ, *n.* (L. *rota* a wheel) a thing rolled; turn; list. વીંટો, વીંટાળો, દડો, પિંડું; પટ, હાજરીપત્રક, યાદી. *vt.* to turn, revolve; inwrap. ગબડાવવું, ગોળ ફેરવવું, નો વિંટો કરવો, લપેટવું, વીંટવું; ગબડવું. [ત-કલ્પિતવાત, કિસ્સો.
Ro-mance', રૉમૅન્સ, *n.* (Sp.) a tale; fiction. અતિઅદ્ભુ-
Ro-man'tic, રોમૅંટિક્, *a.* fanciful, fictitious, extravagant. અદ્ભૂત રસ-કિસ્સાનું-વાળું, વિલક્ષણ; મનઃકલ્પિત, બનાવટનું, તાજુબ કરે એવી વૃત્તિનું.
Romp, રૉમ્પ, *n.* (Fr. *ramper* to creep) a noisy girl. ઉછાંછળી-મસ્તીખોર છોકરી. rude play or frolic.

ઉછાંછળી રમત–ખેલ, ધિંગામસ્તી, ધિંગાણું, કુદાકુદ. *vi.* to play rudely. ઉછાંછળી રમત રમવી. [ચોરસ પોલ; ક્રૂસ.
Rood, રૂડ, *n.* (AS. *rod*) ¼ acre; cross. ¼એકર, ૪૦
Roof, રૂફ, *n.* (AS. *hrof*) cover of a building; vault of the mouth. છાપરૂં; તાળવું; ઘુમટ, ઘુમજ. [ડો; ઠગ.
Rook, રૂક, *n.* (Fr. *hroc*) a crow; a cheat. કાગ, કાગ-
Rook'er-y, રૂકરી, *n.* a collection of rooks' nests. કાગડાને એકઠા થવાની ને માળા બાંધવાની જગા.
Room, રૂમ, *n.* (AS. *rum*) space; apartment. જગા, ઠેકાણું, સ્થળ, કારણ, પ્રયોજન; ઓરડી–ડો, કોટડી, ખોલી.
Room'y, રૂમિ, *a.* spacious. વિશાળ,ઘણું લાંબું પહોળું.
Roost, રૂસ્ટ, *n.* (AS. *hrost*) bird's resting place. પક્ષીઓને રાત્રે આરામ લેવાની કાઠી–દાંડી–જગા.
Root, રૂટ, *n.* (L. *radix*) part of plant in earth; a cause. મૂળ, મૂળિયું, જડ, કંદ મૂળ; મૂળકારણ, પાયો. *vt.* to take root; dig up. મૂળ બાઝવાં, જડઘાલવી, સ્થાપિત થવું; જડ મૂળથી ઉખેડી નાખવું.
Root'ed, રૂટેડ્, *a.* fixed. જડઘાલેલું,મૂળબાઝેલું, ઠસેલું, લાગેલું.
Rope, રોપ, *n.* (AS. *rap*) a large cord. દોરડું, રસી, દોરી.
Rop'y, રોપિ, *a.* adhesive. તાર નિકળે તેવું, ચીકણું.
Rose, રોઝ, *n.* (L. *rosa*) a flower. ગુલાબ. [માળા.
Ros'a-ry, રોઝઍરિ, *n.* a string of beads. ફેરવવાની જપ-
Ro-sette', રોઝેટ્, *n.* an ornament made of ribbons. ફીતનો ગુલાબના ફુલજેવો બનાવેલો આકાર–ઘાટ, ઝરી ગુલાબ.

Ros'y, રોઝિ, *a.* red as a rose. ગુલાબના રંગ જેવું, રતાસપડતું.
Ros'in, રૉઝિન, *n.* resin. રાળ. [સળી જવું.
Rot, રૉટ્, *vi.* (Dut.) to decay, putrefy. સડવું, કહોવું,
Ro-ta'tion, રોટેશન, *n.* (L. *rota* a wheel) turning succession. ચક્ર–પૈડાની જેવી ગોળ ગતિ; વારાફરતી–ક્રમ પ્રમાણે આવવું જવું તે.
Rote, રોટ, *n.* knowing by repetition. ગોખવું તે.
Rot'ten, રૉટ્ન, *a.* putrid; unsound. સડી ગયલું; ભરોસો ન કરાય એવું, ખોટું.
Ro-tund', રોટંડ, *a.* (See round) round. ગોળ.
Ro-tund'i-ty, રોટંડિટિ, *n.* roundness. ગોળપણું.
Rouge, રૂઝ, *n.* (Fr.) a red paint. કસુંબી રંગ.
Rough, રફ, *a.* (AS. *hruh*) uneven; rugged; boisterous; harsh; shaggy. સફાઇદાર નહિ કરેલું એવું, ખડબચડું, પથરા વાળો; તોફાની, ઉછળતું; ગળામાં ખુંચે એવું, કરડું, કડવા બોલું, ઉગ્ર, સખત; વાળવાળું.
Rough'ness, રફ્નેસ, *n.* ruggedness. ખડબચડાપણું.
Round, રાઉન્ડ, *a.* (L. *rota* a wheel) circular; globular; cylindrical; large; fair, candid. ગોળ, ચક્રાકાર; ગોળાસરખું; ભૂંગળી–નળાના આકારનું; મ્હોટું, ભારે; વાજબી, અદલ, ચોખ્ખું; તૂટેલું નહિ એવું, સરળ. *n.* a circle; a series of actions; a walk by a guard. વર્તુલ, ચક્કર; ફેરો, આવર્તન; રૉન. *vt.* to make round; move about. ગોળ કરવું; આસપાસ ફરવું. *pre.* about. ની ચારેગમ, આસપાસ, બધે.

Round'a-bout, રાઉંડઍબાઉટ, *a.* indirect. આડું, ફેરાવાળું–વાળું.

Rouse, રાઉઝ, *vt.* (AS. *rasian*) to awaken; stir. જગાડવું, જાગૃત કરવું; ઉશ્કેરવું, ચેતાવવું, હલાવી મૂકવું.

Rout, રાઉટ, *n.* (Fr. *route*) a defeat; multitude. શિકસ્ત, હાર, નહાસાનહાસ, ધૂળધાણી; તોફાની લોકની ભીડભાડ, ટોળું. *vt.* to put to flight. હરાવી વિખેરી નાખવું.

Route, રૂટ, *n.* (Fr.) road, way. રસ્તો, માર્ગ, વાટ, રાહ.

Rout-ine', રૂટિન, *n.* a round of business. course. નિત્ય કર્મ–પાઠનો નિયમિત ક્રમ, રોજ કરવાનું કામ તે.

Rove, રોવ, *vi.* (Dan. *rove* to rob) to ramble, wander. ભટકવું, ફરતા ફરવું, રખડવું.

Row, રો, *n.* (AS. *rawa*) a line. ઓળ, હાર, પંગત, પંક્તિ, માળા, સેર.

Row, રો, *vt.* (AS. *rowan*) to move with oars. હલેસાં મારી ચલાવવું.

Row, રાઉ, *n.* (Swiss) a roit, broil. તોફાન, હુલ્લડ, કલા–શોરબકોર.

Row'dy, રાઉડિ, *n.* blackguard. તોફાની–ઉદ્ધત માણસ.

Roy'al, રૉયલ, *a.* (L. *rex* a king) kingly; becoming a king; magnificent. રાજાનું, રાજકીય; રાજાને છાજે–શોભે તેવું, રાજોચિત; ભવ્ય, ઉમદા.

Roy'al-ty, રૉયલટિ, *n.* kingship; the king. રાજપદ; રાજ્યાધિકાર, બાદશાહી; રાજા.

Roy'al-ist, રૉયલિસ્ટ, *n.* adherent to kingly government. રાજાનો પક્ષ ધરનાર.

Rub, રબ, *vt.* (Gael.) to wipe; apply friction;

spread over; polish. લૂછવું, લૂછી નાખવું, લહોવું, ઘસવું, ચોળવું, મસળવું; ચોપડવું, લગાડવું; સાફ કરવું, ઓપ ચઢાવવો. *n.* friction; difficulty. ઘર્ષણ, મર્દન, ઘસારો; અડચણ, આડ, નડ, હરકત, વાંધો.

Rub'bish, રબિશ્, *n.* (Fr. *rabascher* to rumble) waste stuff; ruins of buildings. છારૂં, કચરો, પુંજો; ખંડિએર.

Ru'by, રૂબિ, *n.* (L. *ruber* red) a red gem; redness. માણેક, લાલ; રાતોરંગ, રાતાસ. *a.* red. લાલ, રાતું, રક્ત.

Rud'der, રડર, *n.* (Ger. *ruder* an oar) a helm. સુકાન; નિયંતાનું સાધન, લગામ, દોરી. [મારવું.

Rud'dy, રડિ, *a.* (see red) rosy in hue. લાલ, રાતું, રતાસ

Rude, રૂડ, *a.* (L. *rudis*) uncivil; barbarous; unskilful; inelegant. અસભ્ય, ઉદ્ધત, બેઅદબ, તોછડું ; જંગલી, રાની, અભણ; અનાડી, અણઘડ, અણકસબી; ઢંગઢાળવિનાનું.

Ru'di-ment, રૂડિમેંટ, *n.* (L. *rudis* rough) first principle. મૂળતત્ત્વ–પીઠિકા, બીજ, આરંભ. [એક છોડ, સીતાબ.

Rue, રૂ, *n.* (L. *ruta*) a bitter plant. ઓસડમાં આવતો

Rue, રૂ, *vt.* (AS. *hreowan* to be sorry for) to lament, regret, grieve for. ને માટે રડવું, અફસોસ કરવો, પસ્તાવું. [cutthroat. ઘોર–દુષ્ટ કર્મ કરનાર, ગળાં કાપું, ખૂની.

Ruf'fi-an, રફિઅન, *n.* (Fr. *ruffien*) a brutal fellow,

Ruf'fle, રફલ, *n.* (Icel. *ruffin*) a frill; commotion. કરચલી–ચીણવાળી ચીપ–કોર, ઝુલ; કહોળાઈ ગયલો દેખાવ; સંતાપ, અસ્વસ્થતા, ક્ષોભ. *vt.* to wrinkle; disturb,

vex. કરચલી વાળવી–પાડવી; હલાવી મૂકવું, ખળભળાવવું, અસ્વસ્થ–વ્યાકુલ કરવું. [ળની જાતનું કપડું, બંડુસ, નમદો.

Rug, રગ, *n.* (AS. *rug* rough) a coarse cloth. કામ-

Rug'ged, રગેડ્, *a.* uneven; rough, harsh; shaggy. ખડબચડું, ઉચુંનીચું; ઉગ્ર, મિજાજી, ચિડિયું, ગુસ્સા ભરેલું; વાળવાળું, નિમાળાથી ભરેલું.

Ruin, રૂઈન, *n.* (L. *ruo* I rush) destruction; re·mains of buildings. પાયમાલી, નાશ; ભાંગી તુટી ગયલું તે, ખંડિયેર. *vt.* to destroy utterly. ભાંગી તોડી નાખવું, નાશ–જમીન દોસ્ત કરવું.

Ru'in-ous, રૂઇનસ, *a.* destructive, fatal. જમીન દોસ્ત –ભાંગી તૂટી ગયલું, પાયમાલીનું, નાશકારક, ખરાબ કરે એવું.

Rule, રૂલ, *n.* (L. *rego* I rule) sway; command; law; standard. અમલ, રાજ, સત્તા, હકુમત; કાયદો, ધારો, નિયમ, શિરસ્તો, કાનુન; પરિમાણ, પ્રમાણ. *vt.* to govern; manage; mark with lines; determine. રાજ કરવું, અમલ ચલાવવો; બંદોબસ્ત–ગોઠવણી કરવી, વહિવટ–કારભાર કરવો; આંકવું, રેખાટવું, ઉપર લીટી દોરવી–પાડવી; ઠરાવવું ઠેરવવું, મુકરર–નક્કી કરવું.

Ru'ler, રૂલર, *n.* governor; a rule. અમલ કરનાર, સરકાર, હોદ્દે–અમલ–કામદાર, હાકેમ; આંકણી, રેખાટણી, રૂલ, રૂલર.

Ru'mble, રમ્બલ, *vi.* (Ger. *rummeln*) to make con. tinuous noise. ગગડવું, ગગડાટ થવો.

Ru'mi-nate, રૂમિનેટ, *vi.* (L. *rumen* the paunch) to

chew the cud; ponder. વાગોળવું; મનન-ચિંતન કરવો.
Ru'mi-nant, રૂમિનંટ,*a.* chewing the cud. વાગોળનારૂં.
Rum'mage,રૂમેજ, *n.*(Fr. *rum* room) a close search. બારીક તપાસ, ઉપરતળે કરી લીધેલો ઝાડો.*vt.i.* to tumble about in searching. ઉપરતળે કરીને શોધવું-ઝાડો લેવો.
Ru'mour, રૂમર, *n.* (L. *rumor*) a flying or popular report.અફવા,ગપ,ઉડતી ખબર,બાતમી,વાત.*vt.* to report. અફવા ઉડાવવી.[buttocks.બરડાના હાડકાનો છેડો,ઢગરૂ,કુલું.
Rump, રમ્પ,*n.* (Ger. *rumpf*) end of the backbone.
Rum'ple, રમ્પલ, *vt.* (AS. *hrympelle* a fold) to wrinkle. કરચલી વાળવી-પાડવી. *n.* a fold.કરચલી, ઘડી,
Run, રન, *vi.* (AS. *rennan*) to move with speed; flow; spread; flee. ચાલવું, ફરવું, દોડવું, ધાવું, જાઆવ કરવું; વહેવું, વહી જવું; પસરવું, ફરી વળવું; નહાસવું, પળવું.
Rup'ture, રપ્ચર, *n.* (L. *rumpo* I break) a breach, a burst; hernia.ભાંગવું તે, તુટવું તે, ફાટ પડવી, ફાટ, ભંગ; સ્નેહભંગ, ફૂટ, બિગાડ, અણબનાવ; અંતરગળ. *vt. i.* to break; burst. ભાંગવું, ફોડવું, તોડવું; ફૂટવું, તુટવું.
Ru'ral, રૂરલ, *a.* (L. *rus* country) pertaining to country. ગામડાનું, બહારગામનું, ગ્રામ્ય; ખેતી-કૃષિકર્મનું.
Rush, રશ, *n.* (AS. *risce*) a plant. એકછોડ, નાગરમોથ.
Rush,રશ,*vi.* (AS. *hriscian* to shake) to move with force.ઝપાટા-સપાટાબંધ ચાલવું-જવું,ધસવું,ઝડપથીજવું-પેસવું-પડવું.*n.*violent motion. ધસારો. [રાતુંભુરૂં; ભાડું, ગામડિયું.

Rus'set,રસેટ્,*a.*(L.*russus*red)reddish brown; rustic.
Rust, રસ્ટ, *n.* (*russus*) crust which forms on metals.કાટ, ઢિંદ, ફુગ. *vi.* to gather rust.કાટ ચઢવો,કટાવું.
Rus'tic,રસ્ટિક્,*n.*(L.*rus* country)countryman.ગામડિયો,ગમાર.*a.* rural; rude;simple; artless.ગામડાનું, વનસંબંધી;જંગલી,અનાડી;સાદું,જાડું, ભપકા વગરનું; નિખાલસ,ભોળું.
Rus'ti-cate, રસ્ટિકેટ, *vt.* to reside in or banish to the country. કસ્બા કે મદ્રેસામાંથી અમુક વખત સુધી કાઢી મૂકવું, ગામડામાં રહેવું.
Rus'tle, રસ્ટલ, *vi.* (AS. *hristlan*) to make rattling noise. ખખડવું, ખણખણવું.
Rut, રટ, *n.* (L. *rumpo*) track of wheel. ચીલો, ધરેડ.
Ruth'less, રૂથલેસ, *a.* (ruth pity) cruel. નિર્દય, કઠોર.
Rye,રાઈ,*n.*(AS.*ryge*)esculent grain.એક જાતનું અનાજ.

S.

Sab'bath, સૅબથ્, *n.*(Heb. *shabath* to rest) the day of rest. થાકખાવાનો દિવસ, અગોજો, પાકી, વિશ્રામવાર.
Sa'ble, સેબલ, *n.* (Fr.) an animal. નોળિયાની જાતનું માંસહારી પ્રાણી. *a.* black, dark. કાળું, શામળું.
Sa'bre,સેબર,*n.*(L.*zabos* crooked)broad sword.પહોળા પાનાવાળી તલવાર, શમશેર.
Sacch'a.rine, સૅકેરિન, *a.* having the qualities of sugar.ખાંડ કે સાકરવાળું-જેવું.
Sa-cer-dot'al, સૅસરડોટલ, *a.* (L. *sacerdos* a priest) priestly. ગોરનું-વિષે, ધર્મક્રિયા કરાવનાર સંબંધી.

Sack,સૅક્,*n*.(AS.*sacc*) a bag; pillage of town.કોથળો-ળી, ગૂણ; શહેર કે કસબાની લૂટફાટ, ખરાબખસ્તા કરવું તે.

Sack'cloth,સૅક્કલૉથ્, *n*. coarse cloth.ગુણપાટ-ટાટ,તાટ.

Sa'-cra-ment, સૅક્રેમેંટ, *n*. (L. *sacramentum* on oath) religious rite ; the eucharist. ખ્રિસ્તીનો ધર્મ વિધિ-ક્રિયા; પ્રભુભોજન સંસ્કાર.

Sa'cred, સેક્રેડ્, *a*. (L. *sacer*) devoted to God; holy. દેવ-ધર્મનિમિત્ત કરેલું, દેવાર્પિત; પવિત્ર, પૂજ્ય, સર્વમાન્ય, નહિ તોડાય એવું, અર્પણ કરેલું.

Sac'ri-fice, સૅક્રિફાઇઝ, *n*. (L. *sacer* sacred & *facio*) offering; loss. બળિદાન, હોમ, હવન, યજ્ઞ, યાગ; નુકસાન-ખોટ વેઠવી તે. *vt*. to offer to God;incur loss.અર્પણ-દેવનિમિત્તે કરવું, ચઢાવવું, અર્પવું; ખોવું, મૂકી-જવા દેવું, આપવું.

Sac'ri-lege,સૅક્રિલેજ,*n*.(L.*sacer* & *lego* I gather)violation of sacred things. દેવસ્થાન કે પવિત્ર વસ્તુ વટલાવવા-ભ્રષ્ટ કરવા-ચોરવા- ખંડવાનો અપરાધ,દેવાર્પિ વસ્તુ વ્યવહારના ખપમાં લેવી તે.[ઉદાસ, ગમગીન,દુખીયારૂં,દલગીર,ખેદકારક.

Sad, સૅડ્,*a*.(AS.*sad* stated, sick) sorrowful. શોકાતુર,

Sad'dle, સૅડલ, *n*. (AS. *sadel*) seat for rider. જીન, ખોગીર. *vt*. to put on saddle; burden. ઉપર જીન માંડવું-મૂકવું;-નો ભાર-બોજો માથે નાખવો.

Safe,સેફ્,*n*.(L.*salvus*)a strong box;place for safety. તીજોરી; નિર્ભય જગા-ઠેકાણું. *a*. free from harm or

danger. ક્ષેમકુશળ, સલામત, નજોખમું, નિર્ભય, સુરક્ષિત, સારા બાપતામાં રાખેલું. [ળાવું, રખવાળ; અભયપત્ર, પરવાનો.
Safe'con-duct, સેફકૉનડક્ટ, n. a convoy; passport. વ-
Safe'guard, સેફગાર્ડ, n. defence; convoy; passport. રક્ષણનું સાધન, બચાવ; વળાવું, રખવાળું; અભયપત્ર, પરવાનો.
Safe'ly, સેફલી, ad. securely. ખરેખર બાપતામાં, નિર્ભયપણે.
Safe'ty, સેફટિ, n. freedom from danger. નિર્ભયપણું.
Saff'ron, સૅફરન, n. (Ar. zafaran) a yellow flower. કેસર, કેસરવૃક્ષ. a. like saffron. કેસરી-આ.
Sa-ga'ci-ous, સૅગેશિઅસ, a. (L. sagax keen-sighted) discerning. ચતુર, વિચક્ષણ, તીક્ષ્ણ બુદ્ધિનું-અક્કલવાળું.
Sa-ga'ci-ty, સૅગૅસિટિ, n. quick discernment. તીક્ષ્ણ બુદ્ધિ, ચતુરાઈ.
Sage, સેજ, a. (L. sapius wise, discreet. ડાહ્યું, શાણું, ચતુર, બુદ્ધિશાળી, વિવેક વિચારવાળું, પુખ્ત. n. a wise man. જ્ઞાની-શાણો પુરૂષ. [stance. સાબુ કે વાંશિયા ચોખા.
Sa'go, સેગો, n. (Malay. sagu) a dry mealy sub-
Sail, સેલ, n. (AS. segel) a ship's canvas; a ship; excursion in a ship. સઢ, સ્હેડ; સ્હેડવાળું વહાણ; સફર, જળમવાસ. vi.t. to move or fly through; set sail; direct. આગળ વધવું-ચાલવું; નિકળવું, સફર શરૂ કરવી; માંથી ઉડવું-જવું; હંકા-
Sail'or, સેલર, n. seaman, mariner. ખારવો, ખલાસી. [રવું.
Saint, સેંટ, n. (L. sanctum holy) a holy person. સાધુ-પવિત્રપુરૂષ, ભક્તજન.

Sake, સેક, *n.* (AS. *sac* strife).cause, purpose, end. હેતુ, કારણ, ખાતર.

Sal'ad, સૅલઍડ્, *n.*(L. *sal* salt)food of raw herbs. સંરકા, રાઈ કે મીઠાનીસાથે મેળવેલી તીખીભાજી મૂળા વગેરેની કચુમર.

Sal'a-ry, સૅલરિ, *n.*(L. *salarium* salt money) money for services. પગાર; અવેજ, દરમાયો, વરસાંત, સાલિયું.

Sale, સેલ, *n.* (AS. *sellan* to give) act of selling. વેચવું, વેચાણ. [વેચવાપર રાખેલું માણસ, વેચનાર.

Sales'man, સેલ્ઝમૅન્, *n.* one employed to sell goods.

Sa'li-ent, સેલિઅંટ, *a.*(L. *salio* I leap) leaping; conspicuous. કુદતું, છલંગ મારતું; બહાર પડતું, મુખ્ય. [ક્ષારમય.

Sa-line', સૅલાઈન, *a.* (L. *sal* salt) salt in taste. ખારૂં,

Sa-li'va, સૅલાઈવ, *n.* (L.) spittle. થુંક, મુખરસ, લાળ.

Sal'low, સૅલો, *a.* (AS. *salowig*) yellowish; pale. પીળચટું, પીળાસ મારતું; પીળું, ફીકાશ પડતું.

Sal'ly, સૅલિ, *n.* (L. *salio* I leap) sudden rush; a flight of fancy; wild gaiety. એકદમ કરેલો ધસારો— છાપો; લેહેર, મનનો તુરંગ; સપાટો, રંગીપણાની લેહેરમાં ઉડવું તે, અતિવિલાસ. [રંગમહેલ, દિવાનખાનું.

Sa'loon, સૅલુન, *n.* (It. *salu* a hall) a spacious hall.

Salt, સૉલ્ટ, *n.* (L. *sal*) mineral seasoning for food. ખાર, ક્ષાર; મીઠું, લુણ, નીમક. *vt.* to sprinkle with salt. ઉપર મીઠું ભભરાવવું.

Salt-pe'tre, સૉલ્ટપીટર, *n.* nitre. સુરોખાર.

Sa-lu'bri-ous,સૅલ્યુબ્રિઅસ,*a.* (L.*salus* health) healthful. નિરોગી, શરીરને ગુણકારી. [સુખકારી, ફાયદાકારક.

Sal'u-ta-ry, સૅલ્યુટૅરિ, *a.* wholesome. શરીરને ગુણકારી,

Sa-lute', સૅલ્યૂટ, *vt.* (L. *salus* health) to kiss; greet; honour. બોકી દેવી–કરવી; મુબારકબાદી આપવી, ક્ષેમ કુશળ પુછવું, સલામ–નમસ્કાર–સત્કાર કરવો; તોપો છોડી માન આપવું. *n.* a kiss; discharge of cannon. બોકી, બચ્ચી; તોપના અવાજથી સત્કાર; રામરામ, જેગોપાળ.

Sal'vage, સૅલવેજ, *n.* (L. *salvus* safe) pay for saving goods. વહાણનો માલ ઉગારવામાં મદદ કરનારને આપવામાં આવતા પૈસા. [મોક્ષ, મુક્તિ, ઉદ્ધાર, છુટકો, સદ્ગતિ.

Sal-va'tion, સૅલવેશન, *n.* redemption, deliverance.

Salve, સાવ, *n.* healing ointment. મલમ, લેપ, મલમપટ્ટો.

Sal'vo, સૅલ્વો, *n.* (L.) exception; excuse; military salute. અપવાદ, શરત, નિયમ; બહાનું, માફીનો સબબ; સલામતિ આપવાની નહિ હોય તેછતાં તોપોના અવાજ કરવા તે.

Same, સેમ, *a.* (AS.) identical; similar; just mentioned. એજ, તેજ, એનુંએ; સરખુંજ, તેવુંજ, એવુંને એવું; સદરહુ, મજકુર, આગળ કહેલું. [ખા–એકતુંએકપણું.

Same'ness, સેમનેસ, *n.* precise likeness. એકજ–સર-

Sam'ple, સૅમ્પલ, *n.* (Fr. *esample*) a specimen; example. નમુનો, વાનગી; દાખલો.

Sanc'ti-fy, સૅંક્ટિફાઈ, *vt.* (L. *sanctus* holy & *facio*)

to make holy; secure from violation.પવિત્ર કરવું-ગણવું; કાયમ-મંજુર કરવું-રાખવું.

Sanc'tion, સૅંકશન, *n.* ratification. મંજુરી, બહાલી. *vt.* to ratify. મંજુર-કાયમ-બહાલ-પસંદ કરવું-રાખવું.[તઃશુદ્ધિ.

Sanc'ti-ty, સૅંકટિટિ, *n.* holiness. પવિત્રતા, શુદ્ધવૃત્તિ, અં-

Sanc'tu-a-ry, સૅંકટ્યુઅરિ, *n.* a sacred place; place of refuge. પવિત્ર-દેવાર્પિત જગ્યા, મંદીર, દેવળ, પૂજાગૃહ; પવિત્રશરણ-આશ્રયસ્થાન. [રેતી, રેત.

Sand, સૅંડ, *n.* (AS.) fine particles of stone, &c.

Sandal, સૅંડલ, *n.* (L. *sandalium*) a loose shoe. એક જાતનો જોડો,ચંપલ.[the wood.સુખડનું ઝાડ,ચંદનવૃક્ષ;સુખડ.

San'dal-wood,સૅંડલવુડ, *n.*(Sans. *chandana*) the tree;

Sane, સેન, *a.* (L. *sanus* sound) sound in mind. સાબુતમન-શુધબુધવાળું, અક્કલ હોંશિયારીવાળું, સાજું, નિરોગી.

San'guin-a-ry, સૅંગ્વિનૅરિ, *a.* (L. *sanguis* blood) bloody, cruel. જેમાં માણસનો સંહાર થાય કે થયો હોય એવું; ઘાતકી, ખૂની.

San'guine, સૅંગ્વિન, *a.* ardent, hopeful; red; abounding in blood. હોંશીલું; ભારેઉમેદવાળું, સારા ફળની આશા રાખનાર; રાતું, લોહીના રંગનું; ઉતાવળા-ઘણા લોહી વાળું.

San'i-ta-ry, સૅનિટૅરિ, *a.* (L. *sanus* sound) tending to health. લોકની આરોગ્યતાનું રક્ષણ કરવાનું.

San'i-ty, સૅનિટિ, *n.* soundness of mind or body.

અક્કલ-હોંશિયારી, સાબુત બુદ્ધિ, શુદ્ધિ; નિરોગીપણું. [ડનો રસ.
Sap, સૅપ્, *n.* (AS.) vital fluid of plants. વનસ્પતિ-ઝા-
Sap, સૅપ્, *vt.* (Fr. *saper*) to undermine; mine; subvert by digging. નીચેથી ખોદવું-ખોદી પાડવું; સુરંગ પાડવી; ની ખોદણી કરવી, ને નુકસાન લગાડવું.
Sap'ling, સૅપલિંગ, *n.* a young tree. નહાનું ઝાડ, રોપો.
Sap'id, સૅપિડ્, *a.* (L. *sapo* I taste) savoury. સ્વાદિષ્ટ.
Sa'pi-ence, સેપિઅન્સ, *n.* (L. *sapiens*) wisdom. ડહાપણ.
Sa'pi-ent, સેપિઅંટ, *a.* wise. શાણો, વિવેકી, અક્કલમંદ, બુદ્ધિશાળી. [સાબુજેવું-વાળું.
Sap-o-na'ce-ous, સૅપોનેશિઅસ, *a.* (L. *sapo*) soapy.
Sa'por, સેપૉર, *n.* (L. *sapo*) taste, relish. સ્વાદ, લહેજત.
Sapph'ire, સૅફ્રિર, *n.* (L.) a precious stone. શની, નીલમ.
Sar'casm, સૅરકૅઝ્મ, *n.* (Gr. *sarkazein* to sneer) keen reproach, taunt. કઠોર-સખ્ત-આકરૂં-મરડનું વચન-ભાષણ.
Sar'cas-tic, સૅરકૅસ્ટિક્, *a.* satirical. કરડું, આકરૂં મરડાટનું.
Sash, સૅશ, *n.* (Pers. *susa*) an ornamental band. સુશોભિતપટો. [devil. સૈતાન, પાપપુરૂષ, કળી.
Sa'tan, સેટન, *n.* (Heb. *satan* an adversary) the
Sa-tan'ic, સેટનિક્, *a.* devillish, very wicked. સૈતાનનું, પાપી, નિર્દય. [by school boys. જોસ્તાન, દફતર, કોથળી.
Satch'el, સૅચેલ, *n.* (*sachus* a bag) a small bag used
Sate, Sa'ti-ate, સેટ, સેશિએટ, *vt.* (Ger. *satian*) to

fill, satisfy; glut. તૃપ્ત-સંતુષ્ટ કરવું; ધરાઈ-ઓચાઈ જાય તેમ કરવું.

Sat'el-lite, સૅટેલલાઈટ, *n.* (L. *satelles*) a secondary planet; an obsequious dependant. ઉપગ્રહ; ખુશામતિયો, આશ્રિતજન, પુંછડું.

Sat-i'e-ty, સૅટાઈઍટિ, *n.* (see *sate*) fulness beyond desire, repletion. અતિતૃપ્તિ, ધરો, ધરાઈ જવું તે.

Sat'in, સૅટિન્, *n.* (L. *seta* silk) glossy silk. સાટીન, ચળકીવાળું રેશમી લુગડું.

Sat'ire, સૅટાઈર, *n.* (L. *satur* full of food) poem of censure; sarcasm. દુરાચરણ ઉપહાસક-નિંદાત્મક કવિતા; ઉપહાસ, નિંદા, સખત ટીકા, કરડું ભાષણ, ઠોક.

Sa-tir'i.cal, સૅટિરિકલ, *a.* censorious, severe in language. કરડું, સખત, છિદ્ર-દૂષણ દર્શક, નિંદાનું-ખોર; ઉપહાસક.

Sat-is-fac'tion. સૅટિસ્ફૅક્શન, *n.* (L. *satis* enough & *facio*) contentment; settlement of claims. તૃપ્તિ, સંતોષ, મનનું સમાધાન; નિકાલ, ચુકાદો, પતાવવું તે.

Sat'is-fy, સૅટિસ્ફાઈ, *vt.* to give content; convince; discharge. તૃપ્ત-સંતુષ્ટ-ખુશી-રાજી કરવું, મનમનાવવું; ખાતરી-ખાતરજમા-સમાધાન કરવું; પતાવવું; વાળવું, ચુકવવું, નિકાલ-ફડચો કાઢવો.

Sat'ur.ate, સૅટ્યુરેટ, *vt.* (L. *satur* full of food) to fill to the full. સારીપેઠે ભીંજવવું-પલાળવું-ભરવું, કાલવવું.

Sa'tyr, સેટર, *n.* (L. *satyrus*) a fabulous sylvan deity. કલ્પિત વનદેવતા.

Sauce, સૉસ, *n.* (L. *salsus* salted) something eaten with food to improve its relish. મુખ્ય ભોજન જોડે સ્વાદમાટે ખાવાનું શાક–ચટણી વગેરે. *vt.* to apply sauce to. તીખું તમતમું–સ્વાદિષ્ટ–લહેજતવાળું કરવું.

Sauc'er, સૉસર, *n.* a little dish for cup. રકાબી, તબકડી.

Sauc'y, સૉસિ, *a.* pert, impudent. ઉદ્ધત, ફાટેલ, બેમરજાદ.

Saun'ter, સાંટર, *vi.* (Fr. *sainte terre* to the holy land) to stroll idly, loiter. રસળવું, રખડવું, રઝળવું, આળસ્યા કરવું. [skin. છુંદી મસાલો ભરી ચાંમડીમાં ભરેલું માંસ.

Saus'age, સૉસેજ, *n.* (see *sauce*) minced meat in

Sav'age, સૅવેજ, *a.* (L. *silva* a wood) uncivilized; cruel, merciless. જંગલી, અણુઘડ; ક્રૂર, વિકરાળ. *n.* a barbarian. જંગલી–ક્રૂર માણસ.

Save, સેવ, *vt.* (L. *salvus* safe) to preserve; rescue, spare. બચાવવું, ઉગારવું, રક્ષણ કરવું, સલામત-રાખવું,–ને માથે ન આવવા દેવું, અટકાવવું, ન થવાદેવું, જાળવવું, સાચવવું, સાધવું. તારવું,–નો ઉદ્ધાર કરવો. *pre.* except. શિવાય, વગર, વિના.

Sav'ing, સેવિંગ, *a.* frugal. કરકસરિયું, નીતિથી સંઘરો કરનાર.

Sav'iour, સેવિયર, *n.* the Redeemer, Christ. તારનાર.

Sa'vour, સેવર, *n.* (L. *sapor*) taste; smell; distinctive temper. સ્વાદ; વાસ, ગંધ; ગુણ, પાસ, અસર. *vi.* to

smack; have taste. જેવું લાગવું-હોવું, અસર હોય એમ લાગવું; માં સ્વાદ-વાસ હોવો. [લિજ્જતદાર.

Sa'vour-y, સેવરિ, *a.* pleasing to taste. સ્વાદિષ્ટ મઝા-

Saw, સૅા, *n.* (Ger. *sagon*) toothed instrument; a saying. કરવત, આરી; કહેવત, વચન, ઉક્તિ. *vt.* to divide with a saw. વહેરવું.

Saw'yer, સૅાયર, *n.* one who saws wood. વહેરનાર, કરાઈ.

Say, સે, *vt.* (AS. *secgan*) to utter; recite; affirm. કહેવું, બોલવું; કહી-બોલી-ભણી જવું, ભણવું; નક્કી કહેવું, વિષે નિશ્ચય-ઠરાવ કરવો. *vi.* to answer. જવાબ દેવો.

Say'ing, સેઈંગ, *n.* a maxim. કહેવત. [પોપડી.

Scab, સ્કૅબ, *n.* (AS.) crust over sore. જખમપર વળેલી

Scab'bard, સ્કૅબર્ડ, *n.* (Icel. *skalpr*) a sheath of a sword. મ્યાન, મ્યાન. [of timber. પાલક.

Scaff'old-ing, સ્કૅફોલ્ડિંગ, *n.* (L. *escafaldus*) staging

Scald, સ્કૅાલ્ડ, *vt.* (L. *ex* & *calidus* warm) to burn by a hot liquid. ઉનાં મવાહથી ડઝાડવું-બાળવું-બાફવું-ગરમ કરવું. [થાપરનો ખોડો.

Scald, સ્કૅાલ્ડ, *n.* (AS. *scall*) scurf on the head. મા-

Scale, સ્કેલ, *n.* (L. *scalu*) dish of a balance. કાંટાનું તરાજવું, કાંટો. [thin layer. ભીંગડું; પાતળુંપડ, છારી.

Scale, સ્કેલ, *n.* (AS. *scealu* a shell) coating of fish;

Scale, સ્કેલ, *n.* (L. *scala*) a ladder; gradation. સીડી; દાદર; પાયરી, ચડતો ઉતરતો ક્રમ.

Scall'op, સ્કૉલપ, *vt.* (Dut. *schelpe* shell) to cut into segments. કોર કાપીને-કાઢીને કાંગરા પાડવા.

Scalp, સ્કૅલ્પ, *n.* (L. *scalpere* to cut) skin of head. માથાપરની વાળવાળી ખાલ-ચામડી.

Scamp, સ્કૅમ્પ, *n.* (Fr. *escamper* to run away) a cheat, rascal. મહોટો ઠગ, ધૂતારો, લુચ્ચો, ઢોંગો. [દોડી જવું.

Scamp'er, સ્કૅમ્પર, *vi.* to run with speed. સટકવું, નહાસવું,

Scan, સ્કૅન, *vt.* (L. *scando* I climb) to examine closely; to measure by counting the poetic feet. બારીકીથી રજેરજ તપાસવું; કવિતાની માત્રા માંડવી, માત્રા-તાલ-વિરામ જણાય એવી રીતે કવિતા વાંચવી.

Scan'dal, સ્કૅંડલ, *n.* (Gr. *skandalon* a snare for an enemy) disgrace; defamatory speech. બેઆબરૂ, ફિટકાર, બદનામી; જૂઠું આળ, આરોપ.

Scan'dal-ous, સ્કૅન્ડલસ, *a.* disgraceful; offensive. આબરૂજાય-ફજેતી થાય એવું, નિર્લજ, ઇજ્જત વગરનું; માઠું લાગે એવું, ખોટું, અયોગ્ય. [ઓછું, અધુરૂં, કમી, પૂરતું નહિ એવું.

Scant, સ્કૅંટ, *a.* (AS. *scœnan* to break) not full. થોડું,

Scant'ling, સ્કૅંટલિંગ, *n.* a piece of timber; a small quantity; a measure; a draught. લાકડાને કાપી કરેલો કકડો; થોડું; જુજ, નહાનો કકડો; માપ, પરિમાણ; ડોળિયું, ખોખું.

Scant'y, સ્કૅંટિ, *a.* scarcely enough; narrow, small; sparing. જોઇએ એટલું નહિ, અપૂર્ણ, ઓછું; થોડું નહાનું, અલ્પ; કસર કરે એવું, કસરિયું.

Scape'goat, સ્કેપગોટ, *n.*(escape & goat) sufferer for others. જેનેમાથે બીજાનાં પાપ પડેતે, બીજાને બદલે કસુરવાન કરે તે. [ish. ચાઠું, ચામઠું; કલંક, ડાઘ, એબ.
Scar, સ્કાર, *n.* (Dan. *skaar* a cut) a cicatrix; blem-
Scarce, સ્કેર્સ, *a.* (It. *scarso*) not plentiful; rare. ખપત કરતાં ઓછું, તાણ-ભીડવાળું, થોડી છતનું; અછતવાળું.
Scarce'ly, સ્કેર્સલિ, *ad.* hardly, with difficulty. ભાગ્યેજ, પરાણે, તરત. [તાણ, ભીડ, અછત, ખોટ, ખૂટકો.
Scarc'i-ty, સ્કેર્સિટિ, *n.* deficiency, want. થોડી છત,
Scare, સ્કેર, *vt.*(Scot.*skair* to take fright) to frighten. ભડકાવવું, બિહીવડાવવું, ચમકાવી નસાડવું, ચમકી નાસવું.
Scare'crow, સ્કેરક્રો, *n.* a thing to frighten birds. પક્ષીઓને બિહીવડાવવા કરેલું વાંદરૂં-માણસ-ચાડિયો, બાલીબીક.
Scarf, સ્કાર્ફ, *n.* (AS. *scearf* a fragment) long narrow shawl. છેટી, ખેસ, અંગવસ્ત્ર, ઓઢણી. *vt.* to join. સાંધવું.
Scar'i-fy, સ્કૅરિફ્રાઈ, *vt.* (Gr. *skariphos* a pointed instrument) to scratch and cut the skin. રૂમડી-નસ્તર મૂકવું. [લાલચટક, લાલચોળ; લાલચોળરંગ-લૂગડું.
Scar'let, સ્કારલેટ્, *a. n.* (L. *scarlatum*) deep red.
Scarp, સ્કાર્પ, *n.* (Fr. *escarper* to cut short) slope. ઉભો ઢોળાવ-ઢાળ. [અણીશુધ, ઈજા કે નુકસાન ખમ્યા વગરનું.
Scath'less, સ્કેથલેસ, *a.*(AS. *scadhian*) without harm.
Scat'ter, સ્કૅટર, *vt.*(AS. *scateran* to shed) to sprinkle around; disperse. વેરવું; વિખેરવું, વિખેરી નાખવું.

Scav'en-ger,સ્કૅવેંજર,*n.* (AS. *scafen* to shave) street cleaner. ઝાડુ કાઢનાર, કચરો વાળનાર.

Scene, સીન, *n.* (Gr. *skene*) a stage; place of occurrence; spectacle; theatrical display; subdivision. ખેલ–નાટક કરી દેખાડવાની જગા, રંગભૂમિ; સ્થળ; દેખાવ; વેશ, ખેલ, તમાશો, નાટક; પ્રવેશ.

Scen'er-y, સીનરી, *n.* painted representation; appearance of places. સ્થળ–બનાવની જગાનું ચિત્ર–રચના–ગોઠવણ; સમગ્ર દેખાવ. [સુંઘવું,વાસ–ગંધથી જાણવું; વાસ, ગંધ.

Scent, સેંટ, *vt. n.* (L. *sentio* I feel) smell, perfume.

Scep'tic, સ્કેપ્ટિક્, *a.* (Gr. *skeptikos* thoughtful) doubter; enquirer; infidel. સંશય–સંદેહમાં રહેલો પુરૂષ, વહેમી, શોધક, ખરી વાત ખોળનાર, દુનિયાના અસ્તિત્વવિષે શંકા આણનાર; નાસ્તિક. [દંડ, રાજ્યપદ, રાજ્યાધિકાર.

Scep'tre, સેપ્ટર, *n* (Gr. *skuptron*) king's staff. રાજ-

Sched'ule,સેડ્યૂલ,*n.*(L. *scheda* a leaf of paper)a document; inventory. લેખ, દસ્તાવેજ, વિગતવાર નોંધ–પત્રક.

Scheme, સ્કીમ, *n. vt.* (L. *schema* a form) plan; project. રચના, યુક્તિ; વિચાર, મનસુબો, ઘાટ, યોજના કરવી.

Schism,સિઝ્મ,*n.*(L. *skisma* a split) division or separation in a church. ફાટ,તુટ,જુદાઈ, ભેદ, તડ, ધર્મભેદદોષ.

Schis-mat'ic,સિઝ્મૅટિક,*n.*separatist from church. ચાલતા ધર્મથી જુદો પડનાર.

Schol'ar, સ્કૉલર, *n.* (Gr. *skolee* leisure) learner; learned man. શિખનાર, ભણનાર; પંડિત, વિદ્વાન.

School, સ્કૂલ, *n.* a place for instruction; sect. નિશાળ, વિદ્યાલય, પાઠશાળા; મત, પંથ, શાખા.

Schooling, સ્કૂલિંગ, *n.* instruction; reproof; compensation. ભણાવવું તે, શિક્ષા; ઠપકો, શાસન; ભણામણી.

Schoon'er, સ્કૂનર, *n.* (AS. *scunian* to shun) two masted vessel. બે ડોલી વહાણ.

Sci'ence, સાઇઅન્સ, *n.* (L. *scio* I know) knowledge skill. જ્ઞાન, વિદ્યા, શાસ્ત્ર, વિદ્યામાત્રનો અભ્યાસ; ચતુરાઈ, કુશળતા.

Sci-en-tif'ic, સાઇઍન્ટિફિક્, *a.* according to or versed in science. શાસ્ત્રના નિયમાનુસર, શાસ્ત્રમાં વપરાતું-ઉપયોગી; વિદ્વતા-પાંડિત્ય વાળું, વિદ્વાન, પંડિત.

Scin'til-late, સિન્ટિલેટ, *vi.* (L. *scentilla* a spark) to emit sparks; sparkle. માંથી તણખા નિકળવા; ચળકવું.

Scirr'hus, સ્કિરસ, *n.* (Gr. *skirros*) a hard tumour in flesh. માંસમાં બંધાએલી ગાંઠ-ઢબ, વરસોળી.

Scis'sors, સિઝર્ઝ, *n. pl.* (L. *scindo* I cut) small shears. કાતર.

Scoff, સ્કૉફ, *vi. t.* (Dan. *skuffe* to deceive) to deride; treat with scorn. હુશી-મશ્કરી કરી કાઢવું, બનાવવું, હાંશી કરી તુચ્છ કરવું. *n.* mockery, derision. હાંશી, મશ્કરી.

Scold, સ્કૉલ્ડ, *vi. t.* (Ger. *schelden*) to chide. ધમકાવવું, ઠપકો દેવો, બહુ ખીજવું. *n.* one who scolds; shrew; brawl. ધમકાવનાર, ખીજનાર; કર્કશા; વઢવાડ, ટપાટપી.

Scoop, સ્કૂપ, *n.* (Dut. *schop* a shovel) ladle; sweep. ડોઈ, પળી, કડછો ; લસરકો, સપાટો, ફેરો, હાથ, ટચકો. *vt.* to hollow; lade out. માં પોલાણ કરવું, ખોદી કાઢવું, કડછો ભરી બહાર કાઢવું–ઠાલવવું.

Scope, સ્કોપ, *n.* (Gr. *skopos* a mark) range; purpose; space; liberty; length. તકાવેલી વસ્તુ, નિશાન; મતલબ, હેતુ, ઈરાદો; અવકાશ, પૂરતો લાગ–પ્રસંગ; છૂટ, મોકળો માર્ગ; લંબાઈ, વિસ્તાર. [with scurvy. રક્તપિત્તવાળું.

Scor-bu'tic, સ્કોરબ્યુટિક, *a.* (L. *scorbutus*) affected

Scorch, સ્કૉર્ચ, *vt. i.* (L. *ex* & *cortex* bark) to burn on surface. શેકવું, ઉપરથી બાળવું–દાઝવું, ઝલાઈ જવું.

Score, સ્કોર, *n.* (AS. *scor*) a notch; 20; reckoning; account. નિશાન રાખવા કરેલો કાપો; વીસ, કોડી, કૂંડી; હિસાબ, દેવુંલેણું, ખાતું; બાબત, કારણ, સબબ, હેતુ. *vt.* to notch, mark; keep account of; charge. લીટા–કાંપા–આંકા કરવા–પાડવા; હિસાબ રાખવો–નોંધવો; ખાતે–નામે લખવું–ગણવું –માંડવું. [ળેલો કચરો–મેલ.

Sco'ri a, સ્કોરિયા, *n.* (L. *skyria*) dross. ધાતુમાંથી નિક-

Scorn, સ્કૉર્ન, *n.* (L. *ex* & *cornu* a horn) extreme contempt. અતિશય તિરસ્કાર–ધિક્કારની વસ્તુ. *vt.* to despise. ધિક્કારવું, તુચ્છકારવું, બહુ અવગણના કરવી. [નવાળું.

Scorn'ful, સ્કૉર્નફુલ, *a.* disdainful. ધિક્કાર ભરેલું, અવમા-

Scor'pi-on, સ્કૉર્પિઅન, *n.* (L.) a reptile; a sign. વીંછી, વીંછું; વૃશ્ચિક રાશિ. [વેરો, કર; ફંડ; સ્કાટલંડનો વતની–રહેવાસી.

Scot, સ્કૉટ, *n.* (AS.) tax; a Scotchman. ભાગે પડતો ફાળો,

Scot'free, સ્કૉટ્‌ફ્રી, *a.* excused from payment; unhurt. વેરામાંથી ઉગરો ગયલું; ખેમકુશળ, ઈજા–હરકત ખમ્યા વગરનું.

Scoun'drel, સ્કાઉન્ડ્રેલ, *n.* (Ger. *schande* disgrace & *herl* a fellow) a rascal, knave. હરામખોર, લુચ્ચો–દંગો માણસ. *a.* mean. નિચ, અધમ, લુચ્ચું.

Scour, સ્કૉઉર, *vt.* (L. *ex* & *curo* I care) to clean by rubbing; purge; sweep off; pass swiftly over. ઘસીને માજવું–સાફ કરવું; સખત રેચ આપવો; ઉસેડી–ખેંચી લઈ જવું; ઉપરથી જલદી જવું, ત્યાં ફરી વળવું.

Scourge, સ્કર્જ, *n.* (L. *ex* & *corium* leather) a whip, a lash. ચાબુક, કોરડો, સાટકો, સજા, દુઃખ–વેરનું સાધન. *vt.* to chastise. સખત સજા કરવી, દુઃખ દેવું.

Scout, સ્કાઉટ, *n.* (L. *auscultare* to listen) a spy. બાતમીદાર, શત્રુ તરફની ખબર લાવવા રાખેલો માણસ.

Scout, સ્કાઉટ, *vt.* (Dut. *scuddan* to shake) to sneer at. હસી કાઢવું, તુચ્છ કરી કાઢવું.

Scowl, સ્કૉઉલ, *vi.* (Sw. *skela* to squint) to a look cross or tempestuous. ડોળા કાઢવા, ગુસ્સે–નાખુશ દેખાવું; ભયભીત–તોફાની–ઘનઘોર દેખાવું. *n.* a look of gloomy anger. ગુસ્સાનો–નાખુશ દેખાવ; ભયભિત દેખાવ.

Scram'ble, સ્ક્રૅમ્બલ, *vi.* (Sans. *kram* to go) to catch at, climb. પકડવા–ઝડપવા જવું; હાથ પગ ટેકવી ચાલવું–ચઢવું.

Scrap, સ્ક્રૅપ, *n.* (AS. *screpan*) a fragment; extract. ટુકડો; કકડો; ટુકો–સંબંધ વગરનો ઈનતેખાબ.

Scrape, સ્ક્રેપ, *vt.* to rub with a rough tool; save. ઉપરથી છોલી–ઘસી કાઢવું; મહા કરકસરથી ઉગારવું–બચાવવું. *n.* distress; perplexity; an awkward bow. મુશ્કેલી, ધર્મસંકટ, આપદા; બેઢંગી સલામ.

Scratch, સ્ક્રૅચ્, *n.* (old E. *cratch*) a slight wound. ઉઝરડો, લીસોટો, નખોરિયું, નહોરીયું. *vt.* to injure surface; *dig, excavate.* ઉઝરડવું, ખોતરવું, ખણવું, ખોદવું.

Scrawl, સ્ક્રોલ, *n.* (Dut. *schravelen* to scratch) bad writing. ચિત્રામણ જેવા અક્ષર–લખાણ. *vt.* to write badly. ખરાબ રીતે ચિતરી–લખી કાઢવું.

Scream, સ્ક્રીમ, *vi.* (AS. *hrȩman* to cry out) to cry out. ચીસ–બૂમ પાડવી. *n.* shrill cry. ચીસ, તીણી બૂમ.

Screech, સ્ક્રીચ, *vi.* (Scot. *screigh* screigh a shriek) to shriek. બૂમ–ચીસ પાડવી. *n.* harsh cry. ચીસ.

Screen, સ્ક્રીન, *n.* (Ger. *skierm*) shelter, partition; sieve. ઓઢું; આંતરો, પડદો, બચાવ, રક્ષણ; ડોળ ચાળણી, ચાળણો. *vi.* to shelter. રક્ષણ–બચાવ કરવો, છુપાવવું; ચાળવું.

Screw, સ્ક્રૂ, *n.* (Dan. *skrue*) a bar with spiral thread. પેચનો ખીલો, ફેર, ઈસકરૂ. *vt.* to fasten; force, press. પેચ–ફેરથી સજ્જડ કરવું–દાબવું; પરાણે–તાણીતુશીને ટકાવી રાખવું–ચઢાવવું.

Scrib'ble, સ્ક્રિબ્બલ, *vt.* (L. *scribo* I write) to write carelessly. ચિતરી–ઘસડી કાઢવું, નજીવા લખાણથી ભરવું.

Scribe, સ્ક્રાઈબ, *n.* a writer, clerk. લખનાર, લેખક, કારકુન.

Scrip, સ્ક્રિપ્, *n.* a bag; certificate of stock. કોથળી, જોસદાન; શેરનું સર્ટિફિકેટ. [ધર્મપુસ્તકમાંનું-પ્રમાણેનું.
Scrip'tu-ral, સ્ક્રિપ્ટ્યુરલ, *a.* according to Scripture.
Scrip'ture, સ્ક્રિપ્ટ્યુર, *n.* holy writing. ધર્મપુસ્તક.
Scroll, સ્ક્રોલ, *n.* (L. *ex* & *rotula* a wheel) roll of writing. વીંટો, ભુંગળું.
Scrub, સ્ક્રબ, *n.* (Dan. *skrubbe*) a niggard. કૃપણ માણસ. *vt.* to rub hard. બહુ ઘસવું-ધોવું-સાફ કરવું.
Scrub'by, સ્ક્રબિ, *a.* mean, worthless; stunted. નીચ, કંજુસ, જીવ-માલ વગરનું; ઠીંગણું, હીમાયલું.
Scru'ple, સ્ક્રુપલ, *n.* (L. *scrupulus* a doubt) hesitation; 20 grains. આંચકો, ખટકો, આનાકાની, ખંચાવું તે; ૨૦ ગ્રેન. *vi.* to hesitate. ખંચાવું, અટકવું.
Scru'pu-lous, સ્ક્રૂપ્યુલસ, *a.* nicely doubtful; careful; nice. ખંચાઈને ચાલનાર, બીહીને કરનાર-વર્તનાર; કાળજીવાળું.
Scru'ti-nize, સ્ક્રુટિનાઈઝ, *vt.* (L. *scrutari* to search) to examine closely; regard narrowly. બારીક રીતે તપાસવું; ચોક્સાઈથી કશાપર નજર રાખવી.
Scru'ti-ny, સ્ક્રુટિનિ; *n.* close search or examination. બારીક તપાસ; સભાસદને મત અપાયાં હોય તેની તપાસ.
Scuff'le, સ્કફલ, *n.* (AS. *scufan* to shove) a close struggle; a contest. બાથંબાથ કુસ્તી; મારામાર, ટંટો, લઢાઈ. [oar. મછવો; હલેસું, ચાટવો.
Scull, સ્કલ, *n.* (Icel. *skol* to splash) a boat; an

Scul'le-ry, સ્કલરિ, *n.* (L. *scutella* a salver) back-kitchen. રસોઈનાં વાસણ રાખવાની ને ધોવા માજવાની ઓરડી. [માજનાર-ઘસનાર, એઠવાડ કાઢનાર.

Scull'ion, સ્કલિયન, *n.* a kitchen maid. રસોઈના વાસણ-

Sculp'tor, સ્કલ્પટૉર, *n.* (L. *sculpo* I engrave) carver in wood or stone. કોતરનાર, કોતરણીનું કામ કરનાર.

Sculp'ture, સ્કલ્પટ્યુર, *n.* carving in wood or stone. કોતરવાની કળા-કામ, કોતરણી,નકશી.*vt.* to carve. કોતરવું.

Scum, સ્કમ, *n.* (Dan. *skum*) froth on liquor; dross, refuse. મવાહીપર બાઝેલો કચરો-મેલ; નિતરામણ, ગળામણ.

Scurf, સ્કર્ફ, *n.* (AS.) dry scale; stain. ખોડો, પોપડો, થર, પડ; ડાઘ, કલંક.

Scur'ri-lous, સ્કરિલસ, *a.* (L. *scurra* a buffoon) opprobrious, low, mean. ભાંડજેવું, નાગું, નિર્લજ્જ, બેફાટ.

Scur'vy, સ્કર્વિ, *n.* (AS.) a disease. રક્તપિત, *a.* mean, shabby. નીચ, તિરસ્કાર્ય.

Scut'tle, સ્કટ્લ, *n.* (L. *scutra* a dish) vessel for coals; broad shallow basket. કોલસા ભરવાનું પહોળા મ્હોનું વાસણ;પહોળી છાબડી.*vt.* to cut holes in ship's bottom. વહાણના તળિયે કે બાજુએ બાકાં પાડવાં. [grass. દાતરડું.

Scythe, સાઇથ, *n.* (AS. *sidhe*) steel blade for mowing

Sea, સી, *n.* (AS. *sæ*) a body of salt water. સમુદ્ર, સાગર.

Sea'fa-ring, સીફેરિંગ, *a.* employed as sailor. ખલાસી-ખારવાનું કામ-વહાણવટું કરનાર.

Seal, સીલ, *n.* (AS. *sigel*) a stamp. ચાંપવાની મહોર–સિક્કો. *vt.* to fix; seal; ratify. છાપ–મહોર–નિશાન મારવું; બીડવું, બંધ કરવું; મહોર મારી કાયમ–મંજુર કરવું, કબૂલ રાખવું.

Seal, સીલ, *n.* (AS. *seol*) a marine animal. દરિયાઈ માસાહારી આંચળવાળું એક પ્રાણી.

Seam, સીમ, *n.* (AS.) what is sewn, suture; joint; line of junction; thin layer; a scar. સીવણ, સાંધ–ધો; પાતળું પડ–થર; ચાઠું, ચામઠું. *vt.* to make a seam; mark. સીવવું, જોડી–સાંધી લેવું; નિશાન–શળ પાડવો.

Sea'man, સીમૅન, *n.* (AS. *sæ*) a sailor. ખારવો, ખલાસી.

Seaman-ship, સીમૅનશિપ, *n.* skill in navigating. વહાણ ચલાવાની ચતુરાઈ–કુશળતા. [દરજણ.

Seam'stress, સીમસ્ટ્રેસ, *n.* (AS) female who sews.

Sear, સીર, *vt.* (AS. *searian*) to dry, wither; canterise. સુકવવું, કરમાવવું; ડામવું, ઉપરની ખાળ બાળવી. *a.* dry, withered. સૂકું, કઠણ, કરમાયલું.

Search, સર્ચ, *vt. i.* (L. *circo* I go about) to explore; probe; seek; try. શોધવું, ખોળવું, ઢુંઢવું, ઝાડો લેવો–જોવો; માં કંઈ ઘાલી તપાસી જોવું, જાણવું, ની તલાસ કરવી; કસી જોવું, બારીકીથી તપાસવું. *n.* quest. શોધ, ખોળ, તપાસ. [બારીક.

Search'ing, સર્ચિંગ, *a* . minute & careful. કઠણ, સખત,

Sea'son, સીઝન, *n.* (L. *satio* sowing) part of the year; a fit time; a while. રત, ઋતુ, મોસમ; સમય, અવસર, પ્રસંગ, સંધિ; કાળ, વખત, વેળા. *vt.* to fit; habitu-

ate, prepare by drying; flavour; render pleasant; tinge. યોગ્ય–તૈયાર કરવું; સદે એમ–સહેતું–માફક કરવું, આદત–ટેવ પાડવી; સૂકવી.લાયક–પાકું કરવું, સુકવવું ; સ્વાદિષ્ટ કરવું; મનોરંજક કરવું, માં રસ મૂકવો; નો પાસ–રંગ લગાડવો.

Sea'son-a-ble, સીઝનઅબ્લ, *a.* in good time. સવેળાનું, વખતસર, પ્રસંગનું.

Sea'son-ing, સીઝનિંગ, *n.* that which seasons. મશાલો, મીઠુંમરચું, વઘાર.

Sea'wor-thy, સીઉઅર્ધિ, *a.* (AS. *sæ*) fit to go to sea. દરીએ જવા લાયક, સફર કરવાની યોગ્યતાવાળું.

Seat, સીટ, *n.* (AS. *sitel*) thing for sitting on; station, abode. બેઠક, આસન, ઠામ, બેસવાનું ; જગ્યા, સ્થળ, ઠેકાણું.*vt.* to place on or in seat. બેસાડવું, થાપવું; માંડવું.

Se-cede', સિસીડ, *vi.* (L. *se* aside & *cedo* I go) to withdraw. અલગ–નોખું–જૂદું જવું.પડવું, નો સંસર્ગ છોડવો.

Se-clude', સિક્લ્યૂડ, *vt.* (L. *se* & *claudo* I shut) to retire, withdraw. એકાંતવાસમાં લઈજવું, નિરાળું–જૂદું રાખવું.

Se-clu'sion, સિક્લ્યુશન, *n.* retirement. એકાંતવાસ.

Sec'ond, સેકંડ, *a.* (L. *secundus* the following) next to first; inferior. બીજું; ઉતરતું, બીજા નંબરનું. *n.* 60th part of a minute; one next; assistant. મીનીટ કે અંશનો ૬૦મો ભાગ, ઉતરતા કે બીજા નંબરનો માણ્સ–વસ્તુ; દ્વંદ્વ યુદ્ધમાં બીજાની મદદ કરનાર. *vt.* to back, support. મદદ–ઉત્તેજન–પુષ્ટિ–ટેકો આપવો.

Se'cre-cy, સિક્રિસિ, *n.* (L. *se* aside & *cerno* I sift) solitude, privacy. ગુપ્ત જગા–સ્થિતિ; છાનાપણું, છાનું રાખવું તે.

Se'cret, સિક્રેટ્, *a.* hidden. છાનું, ગુપ્ત, ઢાંકયું. *n.* something unknown; a mystery. છાનીવાત; રહસ્ય, કળ, મર્મ, ગૂઢ-અજાણી વસ્તુ-વાત.

Sec're-ta-ry, સેક્રેટરિ, *n.* (L. *secretum* a secret) a clerk, a chief officer of a department. દફતરિ, મંત્રી, ચીટનીસ; કોઇપણ ખાતાનો મુખ્ય અધિકારી.

Se-crete', સિક્રીટ, *vt.* to separate; conceal. જુદું મૂકવું-કરવું; ઝરવું, નિકળવું; સંતાડવું, છુપાવવું. [પંથ, મત, ધર્મમાર્ગ.

Sect, સેક્ટ, *n.* (L. *seco* I cut) men united in tenets.

Sec-ta'ri-an, સેક્ટેરિઅન, *n.* one of a sect. અમુક મત-માર્ગ પાળનાર-માનનાર, પંથી. *a.* pertaining to sect. પંથસંબંધી; મતને ધર્મોધ થઈ વળગી રહેનાર. [ખંડ, કલમ, બાબ, પ્રકરણ.

Sec'tion, સેક્શન, *n.* (L. *seco* I cut) part, division. ભાગ,

Sec'u-lar, સેક્યુલર, *a.* (L. *seculum* a generation) temporal, worldly. સંસારી, વ્યવહારિક, ધર્મસંબંધી નહિ એવું.

Se-cure', સિક્યૂર, *a.* (L. *sine* without & *cura* care) safe; sure. નિર્ભય; ખાતરજમા-ખાતરીવાળું. *vt.* to make safe; guard; assure. નિર્ભય-બિનજોખમ કરવું, પાકા જાપતા કે બંદોબસ્તમાં રાખવું; રક્ષણ-બચાવ કરવો;-ને પેટે-બાંહેધારી-તારણ રાખવું. [બીનજોખમે, વગર હરકતે, પાકા જાપતામાં.

Se-cure'ly, સિક્યૂર્લિ, *ad.* so as to be safe. નિર્ભયપણે,

Se-cu'ri-ty, સિક્યૂરિટિ, *n.* safety, negligence; guard from; pledge; surety; bond. નિર્ભયપણું, નિરાંત,

* બિનજોખમપણું, સલામતી; ગફ્લત, બેફિકરાઈ; રક્ષણ, બચાવ; બાંહેધારી, તારણ; જામીન, હામી; ખત, લેણાદેણાનો લેખ.
Se-date′, સિડેટ, *a.*(L. *sedo* I allay) calm, serious. શાંત, ગંભીર, વિચારશીળ.
Sed′a-tive, સેડેટિવ્, *a.* composing. શાંતિકારક, શમક.
Sed′en-tar-y, સેડંટરિ, *a.* (L. *sedeo* I sit) sitting much. ઘણું કે ઘણીવાર બેસી રહેનાર, બેઠાં કરવાનું, બેસી રહેવાના ધંધામાં કાઢેલું. [તનું ઘાસ.
Sedge, સેજ, *n.* (AS. *secg*) a coarse grass. દાભની જા-
Sed′i-ment, સેડિમેંટ, *n.* (L. *sedeo* I sit) settlement; lees. નીચે બેઠેલો કચરો, મેલ.
Se-di′-tion, સિડિશન, *n.* (L. *se* aside & *eo* I go) tumult, prompting to rebel. સરકારસામું હુલ્લડ–તોફાન, દંગો.
Se-duce′, સિડ્યૂસ, *vt.*(L. *se* & *duco* I lead) to lead astray; corrupt. કુમાર્ગે–ખોટે રસ્તે ચઢાવવું, ભોળવી–ફોસલાવી બગાડવું, ભ્રષ્ટ કરવું, કાઢી જવું. [ઘણી મહેનત કરનાર, ખંતી.
Sed′u-lous, સેડ્યુલસ, *a.* (L. *sedeo* I sit) diligent. ઉદ્યોગી,
See, સી, *vt.*(AS. *seon*) to perceive; understand; take care of; visit. જોવું, દેખવું, સમજવું, જાણવું; સાચવવું, સંભાળવું, ફિકર રાખવી; મળવું, મુલાકાત કરવી, દર્શન કરવાં.
Seed, સીડ, *n.*(AS. *sæd*) that which reproduces plants; semen; original; offspring. બી, બીજ, બીયું; વીર્ય, ધાત; મૂળ, તત્વ; વંશ, પ્રજા, સંતાન, ફરજંદ. [માંથી ઉછરેલો છોડ.
Seed′ling, સીડલિંગ, *n.* plant grown from seed. બીજ-

Seek, સીક, *vt.* (AS. *secan*) to search for; solicit. શોધવું, ખોળવું, ઢુંઢવું; માગવું, મેળવવા પ્રયત્ન કરવો. [લાગવું, ભાસવું.
Seem, સીમ, *vi.* (AS. *seman* to judge) to appear. દેખાવું,
Seem'ing, સીમિંગ, *a.* specious. ઉપરઉપરનું, દેખીતું, કહેવાનું. *n.* appearance. દેખાવ. [ઘટિત; સારૂં દેખાતું.
Seem'ly, સીમલિ, *a.* becoming; decent. યોગ્ય, લાયક,
Seer, સીર, *n.* (AS. *seon*) one who sees; prophet. જોનાર, દેખનાર, દ્રષ્ટા; ભવિષ્યવાદી–જ્ઞાતા, પેગમબર. [માં ઉકાળવું–રાંધવું.
Seethe, સીથ, *vt.* (AS. *seodhan*) to boil, decoct. ઉના પાણી-
Seg're-grate, સેગ્રિગ્રેટ, *vt.* (L. *se* & *grex* a flock) to separate, set apart. બીજાથી જુદું રાખવું–કાઢવું–મૂકવું.
Seign'ior, સીનયર, *n.* (L. *senior*) a lord. સીનોર, શેઠ, જાગીરદાર.
Seize, સીઝ, *vt.* (Ger. *sazjan*) to take, lay hold on, snatch. ધસીને પકડી લેવું, ઝુટાવી–પડાવી લેવું, કબજે કરવો.
Sel'dom, સેલ્ડમ, *ad.* (AS. *seldan*) rarely, not often. કોઈજવાર, કવચિતજ.
Se-lect', સિલેક્ટ, *vt.* (L. *se* aside & *lego* I gather) to choose, pick out. વીણી–ચૂંટી કાઢવું, પસંદ કરવું. *a.* well chosen. પસંદ, તોફા, પસંદ કરી કરેલું. [કાઢવું તે.
Se-lec'tion, સિલેક્શન, *n.* choice. પસંદ કરેલી વસ્તુ, વીણી
Self, સેલ્ફ, *n.* (AS.) one's own person. પંડ, જાત, આત્મ, સ્વ. *a.* same, very. તેજ.
Self-de-ni'al, સેલ્ફડિનાએલ, *n.* the denial of personal gratification. મન મારવું તે, મન વશ રાખવું તે.

Self-ev'i-dent, સેલ્ફ્એવિડંટ, *a.* clear, plain, needing no proof. પ્રત્યક્ષ, સ્પષ્ટ, એની મેળે સમજાય-જણાય એવું.
Self'ish, સેલ્ફિશ, *a.* having view to own interest. મતલબી, આપસ્વાર્થી, એકલપેટું, સ્વારથિયું.
Self'ish-ness, સેલ્ફિશનેસ, *n.* care for self, self interest. સ્વાર્થ, મતલબીપણું, એકલપેટાપણું.
Self'same, સેલ્ફસેમ, *a.* identical. તેજ, એજ, એનુએજ.
Self-will, સેલ્ફવિલ, *n.* one's own will, obstinacy. હઠીલાઈ, દુરાગ્રહપણું, જીદ.
Sell, સેલ, *vt.* (AS. *sellan*) to give for a price; betray. વેચવું, વેચવું સાટવું; પૈસા ખાઈ નિમકહરામીથી પારકાને આપવું.
Sel'vage, સેલ્વેજ, *n.* (*self-edge*) edge of cloth. લુગડાની કોર.
Sem'blance, સેમ્બ્લન્સ, *n.* (L. *similis* like) likeness; form. મળતા-સરખાપણું, આભાસ; રૂપ, ડોળ, આકાર, દેખાવ.
Se'men, સિમેન, *n.* (L. *satum* to sow) seed. વીર્ય, રેતસ.
Sem'i, સેમિ, (L.) a prefix meaning half. અર્ધ, અડધું.
Sem'i-cir-cle, સેમિસર્કલ, *n.* (L. *semi* & circle) half circle. અર્ધગોળ-વર્તુલ. [marked thus (;) અર્ધવિરામ.
Sem'i-co-lon, સૅમિકોલૅાન, *n.* (L. *semi* & colon) a point
Sem'in-ar-y, સેમિનઍરિ, *n.* (L. *semen* seed) a school. નિશાળ, વિદ્યાલય, પાઠશાળા.
Sen'-ate, સેનેટ, *n.* (L. *senex* old) a legislative body. કાયદા ઘડનાર-રાજ્ય મંડળી, કારભાર કરનારૂં મંડળ. [ળીનો સભાસદ.
Sen'a-tor, સેનેટોર, *n.* a member of a senate. રાજ્ય મંડ-

Send, સેંડ, *vt.* (AS. *sendan*) to despatch; cast; cause to happen; grant. મોકલવું, રવાને કરવું; ફેંકવું, છોડવું; નાખવું, પાડવું; કરવું. [પણ, ઘરડાપો; વૃદ્ધાવસ્થા.
Se-nil'i-ty, સિનિલિટિ, *n.* (L. *senis* old) old age. ઘડ-
Se'ni-or, સિનિઅર, *a.* older in age or office. ઉમ્મરે કે હોદ્દે–પાયરીએ મ્હોટું–ચઢતું, વડીલ. *n.* elder. વડીલ પુરૂષ.
Se-ni-or'i-ty, સિનિઑરિટિ, *n.* priority in age or office. વડીલ–મહોટાપણું; હોદ્દામાં અવલ–ચઢતાપણું. [સોનામુખી.
Sen'na, સેના, *n.* (Ar. *sena*) a leguminous plant,
Sen-sa'tion, સેન્સેશન, *n.* (L. *sentio* I feel) impression; feeling. ઈંદ્રિયબોધ–ભાન–જ્ઞાન; મનની વ્યાકુળતા.
Sense, સેન્સ, *n.* faculty of feeling; apprehension; understanding; opinion; meaning. ઈંદ્રિય, ઈંદ્રિયદ્વારે જ્ઞાન–બોધ; સમજ, જાણપણું, બુદ્ધિથી ભાન; અક્કલ, સમજણ; મત, વિચાર, અભિપ્રાય; અર્થ, માયનો, ભાવ.
Sense'less, સેન્સલેસ, *a.* void of feeling; ignorant, stupid. બેશુદ્ધ, બેભાન, નિશ્ચેતન; મૂર્ખ, અજ્ઞાન, બેવકુફ, જડ.
Sen'si-bil-i-ty, સેન્સિબિલિટિ, *n.* acuteness of feeling. શુદ્ધિ, ભાન, ચેતન; હૃદય–મનનું કોમળ–તીખાપણું.
Sen'si-ble, સેન્સિબલ, *a.* perceiving by senses; delicate; cognisant; wise. લાગે એવું, જણાય એવું, ઈંદ્રિયગોચર, શુદ્ધિ–ભાનવાળું, સચેતન; બારીક, શીઘ્રસૂચક–ગ્રાહક; જાણ, માહિત; સમજુ, સુજ્ઞ, ડાહ્યું, વિવેકી, બુદ્ધિવાન.
Sens'i-bly, સેન્સિબ્લિ, *ad.* preceptibly; sensitively;

judiciously. જણાય–સમજાય–ખબરપડે એમ; તીખાસથી, કોમળપણાથી, નરમ થઈ જઈને; ડહાપણ–વિવેક–સમજથી.
Sens'it-ive, સેન્સિટિવ્, *a.* having sense or feeling. ભાન–શુદ્ધિ–ચેતનાવાળું, તરત ઘણું લાગે એવું, ખારૂં, તીખું.
Sens'u-al, સેન્સ્યુઅલ, *a.* affecting the senses; carnal. શારીરિક, ઈંદ્રિયોનું; વિષયી, લંપટ.
Sent'ence, સેંટેન્સ, *n.* (L. *sentio* I feel) judgment; opinion; saying; series of words. શિક્ષાનો ઠરાવ, ટેપ; અભિપ્રાય, મત, વિચાર; નીતિવચન, સૂત્ર; વાક્ય, *vt.* to doom. ને શિક્ષા કરવી. [વાક્યમય–વાળું–ના છેડાનું.
Sen-ten'ti-al, સેંટેનશિયલ, *a.* comprising sentences.
Sen-ten'ti-ous, સેંટેનશિયસ, *a.* short and pithy. ટુંકું ને માર્મિક. [કલ્પના, તર્ક, નરમ હૈયું; મત, વિચાર, અભિપ્રાય.
Sen'ti ment, સેંટિમેંટ, *n.* feeling; opinion. મનોભાવ,
Sen'ti-nel, સેંટિનેલ, *n.* (L. *sentire* to perceive) one on guard, પહેરેગીર, પહેરો કરનાર.
Sep'ar-ate, સેપરેટ, *vt.i.* (L. *se* aside & *paro* I make ready) to disunite, sever from rest. જુદું–વિખુટું–નિરાળું કરવું–પાડવું; જુદું થવું–પડવું. *a.* distinct, divided. જુદું, નોખું, ભિન્ન.
Sep-ar-a'tion, સેપરેશન, *n.* disjunction; putting apart; divorce. વિયોગ; જુદું રાખવું તે; છૂટાછેડા, તલાખ.
Sep'ul-chre, સેપલકર, *n.* (L. *sepelio* I burn) a grave, a tomb. કબર, ઘોર, રોજો, દેહરી. [પૃથ્વીદાહ.
Sep'ul-ture, સેપલટ્યૂર, *n.* act of burying. દાટવું તે,

Se′quel, સિક્વલ, *n.* (L. *sequor* I follow) result; part that follows. પરિણામ, છેવટ; ઉત્તર–પાછલનો ભાગ.

Se′quence, સિક્વેન્સ, *n.* succession, series; result. પૂર્વાપર સંબંધ, અનુક્રમ; પરિણામ, અનુમાન.

Se-ques′ter, Se-ques′trate, સિક્વેસ્ટર, સિક્વેસ્ટ્રેટ, *vt.* (L. *sequester* umpire) to put aside. જુદું–વેગળું મૂકવું, જપ્ત કરી ત્રીજાના હાથમાં રાખવું.

Se-ragl′io, સિરૅલિયો, *n.* (L. *sera* a bar) a place for Sultan's wives; harem. સુલતાનની સ્ત્રીઓમાટેનો મહેલ; જનાનખાનું, અંતઃપુર.

Ser′aph, સેરેફ, *n.* (Heb. *saraph* to be eminent) angel of highest order. સૌથી ચઢતા દરજ્જાનો દેવદૂત–ફિરસ્તો.

Sere, સીર, *a.* (see sear) dry, withered. સૂકું, કરમાયલું.

Se-rene′, સીરીન, *a.* (L. *serenus* calm) quiet; peaceful. સ્વચ્છ, નિર્મળ, શાંત, અવ્યગ્ર, સ્વસ્થ. [શાંતિ, સ્વસ્થપણું.

Se-ren′i-ty, સિરિનિટિ, *n.* clearness, calmness. સ્વચ્છપણું,

Serf, સર્ફ, *n.* (L. *servus*) a slave. ખેતીકામમાં લગાડેલો ગુલામ, દાસ. [stuff. બારીક ઉનનું એક કપડું.

Serge, સર્જ, *n.* (L. *sericus* silken) thin woollen

Ser′geant, સાર્જેંટ, *n.* (L. *servio* I serve) non-commissioned officer; a lawyer of the highest rank. હવાલદાર, નાયક, કવાયત શિખવનાર જમાદાર; ઉંચી પદવીનો વકીલ.

Se′ries, સીરીઝ, *n.* (L.) order, course. માળા, ક્રમ, હાર, પરંપરા.

Se′ri-ous, સીરિઅસ, *a.* (L. *serius*) sober, grave,

weighty; dangerous. ગંભીર, મશ્કરી કે હાસ્ય વગરનું; ભારે, મ્હોટું, નાનીસૂની નહિ એવી; હાનીકારક, જોખમભરેલું.

Ser'mon, સર્મન, *n.* (L. *sermo* speech) a discourse. ધર્મોપદેશ, શિખામણ.

Ser'pent, સર્પેંટ, *n.* (L. *serpo* I creep) a snake. સાપ, હેરૂં, [અજગર, નાગ.

Se'rum, સિરમ, *n.* (L.) watery part of blood or milk. લોહી કે દૂધનો મવાહી પાતળો અંશ.

Serv'ant, સર્વંટ, *n.* (L. *servio*) a person employed for labour. ચાકર, સેવક, દાસ.

Serve, સર્વ, *vt.* to work for; worship; suit; minister to; attend at meals. answer for; behave towards. ચાકરી–સેવા કરવી, નોકરી બજાવવી; ભક્તિ કરવી; સાધવું, સારવું, થી થવું–સરવું; તાબામાં–હાથનીચે કામ કરવું; ભાણું પીરસવું, પીરસવા રહેવું, ખાવાનું આપવું; કામમાં આવવું, ચાલવું; જોડે વર્તવું.

Ser'vice, સર્વિસ, *n.* labour; worship; duty; benefit; respect; set of vessels. ચાકરી, નોકરી; ઈશ્વરસેવા, ભક્તિ, ભજન; ફાયદો, ઉપયોગ, કામ; નમસ્કાર, બંદગી; જમવાનાં વાસણ.

Ser'vice-a-ble, સર્વિસએબલ, *a.* useful, beneficial. ઉપયોગી, કામનું; ગુણકારી, ફાયદા–નફાકારક.

Ser'vile, સર્વાઇલ, *a.* slavish; dependent; meanly submissive. ગુલામજેવું, દાસવત, અધમ; પરવશ, પરાધીન, પરતંત્ર; ખુશામતિયું, હાજીહા કરનારૂં, બહુમરજીરખુ.

Ser-vil'i-ty, સર્વિલિટિ, *n.* mean submissiveness. ગુલામગીરિ, પરવશપણું, પરતંત્રતા.

Serv'i-tor, સર્વિટર, *n.* a servant, attendant. ચાકર, [ખીદમતગાર.

Serv'i-tude, સર્વિટયૂડ, *n*. dependence, slavery. પર વશતા, બંધન, ગુલામી, ચાકરી.

Ses'a-me, સેસૅમિ, *n*. (L. *sesamum*) a seed. તલ.

Ses'sion, સેશન, *n*. (L. *sedeo* I sit) sitting of court. કોર્ટ કે મંત્રી સભાની બેઠક, બેઠકની મુદ્દત, બેઠેલા હોવું તે.

Set, સેટ્, *vt*. (AS. *settan* to sit) to put, fix, place; attach to; make fast; embarass; appoint. મૂકવું, રાખવું, બેસાડવું, ગોઠવવું, ચોઢવું, દાટવું; જડવું; કરવું, નાખવું; વળગાડવું; દઢ-નિશ્ચલ કરવું; ગુંચવવું, ગુંચવાવવું, ઠરાવવું, નિમવું. *vi*. to sink as sun; apply. આથમવું, અસ્ત પામવું; મચવું, મંડવું, લાગવું. *a*., regular; established. નિયમ-રીત સર, ચાલતું, રૂઢ; સ્થાપિત, કાયદા પ્રમાણેનું. *n*. assortment; group; direction. જોડ, ગંજ, એકકૃતમાં આવે એવા બધા પદાર્થનો સમુહ; જૂથ, મંડળ, ટોળું; માર્ગ, રસ્તો, ઓઘ, પ્રવાહ.

Set'off, સેટ્ઑફ, *n*. counterbalance. સામો પડછો-દાવો.

Sett'er, સેટ્ટર, *n*. a dog for hunting. બેસી ટુંટીઆ વાળી શિકાર બતાવનાર કુતરો.

Set'tle, સેટ્લ, *vt*. (from *set*) to establish; determine; adjust; colonize; subside. ધંધેરોજગારે-રસ્તે પાડવું, રહેવાનું ઠામ પાડવું; નક્કી-નિર્ણય-ઠરાવ કરવો; પતવવું, નો નિકાળ-તોડ કાઢવો, સમજવું; વસાવવું, માં વસ્તી કરવી; ઠરવું, રગડો નીચે બેસવો.

Set'tle-ment, સેટ્લમેંટ, *n*. act of settling; colony; jointure; a place settled. રોજગારે પડવું તે, નિવાસ, વસાવવું તે,

પતાવવું તે, નિકાલ; થાણું, વાસ, વસ્તી; નક્કી કરીઆપેલું વતન–જીવાઈ, આવક; કાયમ રહેઠાણ. [પાડવું, કાપી જુદું કરવું.
Sev′er, સેવર, *vt.* (L. *separo*) to part forcibly. જુદું–નોખું
Sev′er-al, સેવરલ, *a.* separate; diverse, more than two. જુદું, નોખું, ઈલાહિદું, પ્રત્યેકનું, અમુક; જુદું જુદું, કેટલાએક.
Sev′er-al-ly, સેવરઍલિ, *ad.* separately. જુદું જુદું, એકએક.
Se-vere′, સિવીર, *a.* (L. *severus*) harsh, strict, painful, extreme. સખત, ઉગ્ર, કડક, તીવ્ર, કઠણ, દુ:સહ, ઘણુંજ.
Se-ver′i-ty, સિવેરિટિ, *n.* harshness, rigour, strictness. સખત–કઠોરપણું, ઉગ્રતા, તીવ્રતા, દુ:સહપણું, નિર્દયપણું, સખતાઈ.
Sew, સો, *vt.* (AS. *siwian*) to join with thread. સીવવું.
Suf-fi'ci-ent, સફિશિયંટ, *a.* enough. જોઇએ એટલું, પૂરતું, બસ, ખપજેટલું. [syllable added. પ્રત્યય, ઉત્તરાક્ષર.
Suf'fix, સફિક્સ, *n.* (L. *sub* & *figo* I fix) a letter or
Suf-fo'cate, સફોકેટ, *vt.* (L. *sub* & *faux* the throat) to stifle. ગુંગળાવી નાખવું, શ્વાસને રૂંઢવો–રોકવો–બંધ કરવો.
Suff'ra-gan, સફ્રેગન, *a.* (L. *suffragari*) assisting. મદદગાર, મદદનીસ, સહાયકારી. [મત, સાક્ષી, અનુમતિ.
Suf'frage, સફ્રેજ, *n.* vote; voice, attestation, approval.
Suf-fuse', સફ્યૂઝ, *vt.* (L. *sub* & *fundo* I pour) to overspread. –થીપળાળી–ઢાંકી–ભરી નાખવું.
Su'gar, શુગર, *n.* (L. *saccharum*) sweet substance from cane, &c.; compliment, flattery. ખાંડ, સાકર; બોલવામાં મીઠાસ, મીઠું વચન.
Sug'gest, સજેસ્ટ, *vt.* (L. *sub* & *gero* I carry) to intimate, hint. સૂચવવું, સુઝાડવું, ચેતવવું, સૂચના–દરખાસ્ત કરવી.
Sug-gest'ion, સજેસ્ટચન, *n.* hint, intimation. સૂચના, દરખાસ્ત, ચેતવણી. [સૂચવે એવું, ગર્ભિત.
Sug-gest'ive, સજેસ્ટિવ્, *a.* containing a hint. સૂચક,
Su'i-cide, સ્યૂઇસાઇડ, *n.* (L. *sui* of one's self & *cædo* I kill) self-murder; self-murderer. આત્મઘાત–હત્યા; આત્મઘાત કરનાર.
Suit, સ્યૂટ, *n.* (L. *suere*) a set; action at law; wooing.

એક જોડાની–જાતની ચીજો; દાવો, ફરિયાદ, મુકરદમો, અરજી; પરણવાના વિચારથી સ્ત્રીની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ–પ્રયત્ન. *vt. i.* to fit; become; agree with. માફક–બેસતું–લાયક કરવું –આવવું, પ્રમાણે–ઠીક પડે તેવું કરવું; છાજવું, ઘટવું, યોગ્ય હોવું; માફક આવવું, સદવું.

Suit'a-ble, સ્યૂટઅબ્લ, *a.* fit, proper. લાયક, યોગ્ય.

Suite, સ્વીટ, *n.* a retinue; set of apartments. પરિવાર, ચાકર નફર; સગવડમાટે જોઈએ એટલા ઓરડા.

Suit'or, સ્યૂટર, *n.* wooer; plaintiff; petitioner. સ્ત્રીને પરણવામાટે પ્રીતિમેળવવાનો ઉદ્યોગ કરનાર; દાદી, ફરિયાદી, કજીયો લડનાર; અરજદાર, અરજી કરનાર.

Sulk'y, સલ્કિ, *a.* (AS. *scolan* to grow feeble) sullen, morose. ગુસ્સા–ચઢેલા મહોવાળું, ચીઢિયું, બળીએલ.

Sul'l'en, સલન, *a.* (L. *solus* alone) gloomy, mischievous, cross; obstinate. અંધકારવાળું, ઉદાસ; અશુભ, નુકસાનકારક; બળિએલ, ચીઢિયું; જીદ્દી, મમતી.

Sull'y, સલિ, *vt. i.* (Fr. *solliner*) to soil; spot. ડાઘલગાડવો–પાડવો, મેલું–મલીન કરવું, કાળું–ઝાંખું પાડવું–કરવું; એબ–દૂષણ–કલંક લગાડવું–ચઢાવવું.

Sul'phur, સલ્ફર, *n.* (L.) brimstone. ગંધક.

Sul'try, સલ્ટ્રિ, *a.* (AS. *sweltan* to die with heat) hot & close. ઘણું ગરમ, ગરમી–ઉકળાટવાળું, ઘામ–બફારા–કઠારાવાળું.

Sum, સમ, *n.* (L. *summus* highest) total; any amount;

substance; height; problem. સર્વાળો, બેરીજ, એકંદર; રકમ, અવેજ; મતલબ, સારાંશ; પરિપૂર્ણતા, શિખર, ટોચ; હિસાબ, દાખલો. *vt.* to collect into whole; condense. સર્વાળો કરવો–લેવો; નો સાર–તાત્પર્ય કહેવો–લાવવો.

Sum'mar-y, સમરિ, *a.* brief, short. ટુંકું, સંક્ષિપ્ત, મુખ્તેસર, ઉપરઉપરનું. *n.* abstract. સાર, સારાંશ, મુખ્તેસર હેવાલ.

Sum'mer, સમર, *n.* (AS. *sumor*) the hot season. ઉન્હાળો, ગરમીના દિવસ. [શિખર, મથક.

Sum'mit, સમિટ્, *n.* (See Sum) highest point. ટોચ,

Sum'mon, સમન, *vt.* (L. *sub* & *monere* to warn) to call; convoke. બોલાવવું, તેડવું, આવવા–હાજર થવા ફરમાવવું; બધું એકઠું કરવું, ચઢાવવું, આણવું.

Sum'mons, સમન્સ, *n.* notice to appear. સમન્સ, હુકમનું તેડું.

Sump-tu'ar-y, સમ્પટ્યૂઅરિ, *n.* (L. *sumptus* cost) regulating expense. ખર્ચમાં નિયમ–નીતિ રાખવા વિશેનું.

Sump'tu-ous, સમ્પટ્યૂઅસ, *a.* expensive, costly. ઘણો ખર્ચ થાય એવું, કીમતી, ભારે, ભભકાદાર, શેનકદાર.

Sun, સન, *n.* (AS. *sunna*) luminary of day. સૂરજ, સૂર્ય, રવિ, ભાણ; તડકો. *vt.* to expose to sun. તડકે નાખવું, તડકો દેવો, તડકો ખવડાવવો. [તોડવું, ભાગવું, કાપવું.

Sun'der, સંડર, *vt.* (AS.) to separate. જાડું–છૂટું પાડવું,

Sun'di-al, સનડાયલ, *n.* an instrument to show time. છાયાયંત્ર, શંકુયંત્ર.

Sun'dry, સનડ્રિ *a.* (AS.) various, many. જુદું જુદું, કેટલાંક, નાના પ્રકારનાં. [સાંજનું ભોજન-વાળુ કરવું; ચૂસવું, પીવું.
Sup, સપ, *vt. i.* (AS. *supan* to sip) to eat supper; sip.
Su-per-ann'u-at-ed, સૂપરએન્યુએટેડ, *a.* (L. *super* & *annus* a year) disqualified by old age. ઘડપણથી અશક્ત -નાલાયક થયલું.
Su'perb, સ્યૂપર્બ, *a.* (L. *super*) grand; rich; elegant. પ્રૌઢ, મહાન, ભભકા-ડોળ-રૌનકદાર, દેખાવડું; કિંમતી, ભારે, નકશીદાર.
Su-per-cil'i-ous, સ્યૂપરસિલિઅસ, *a.* (L. *super* & *cilium* an eyelid) haughty. મીજાજી, મગરૂર, પતરાજીભરેલું.
Su-per-fi'ci-al, સ્યૂપરફિશિયલ, *a.* (L. *superficies* surface) shallow. ઉપર ઉપરનું-ચોટિયું, બહારનું. [ઉત્કૃષ્ટ.
Su'-per-fine, સ્યૂપરફાઈન, *a.* very fine. ઘણુંજ સરસ, ઉમદા,
Su-per'flu-ous, સ્યૂપરફ્લૂઅસ, *a.* (L. *super* & *fluo* I flow) unnecessary. ખપકરતાં વધારે, ફાલતું, નકામું, નિરૂપયોગી.
Su-per-in-tend', સ્યૂપરિન્ટેંડ, *vt.* (L. *super*, *in* & *tendo* I stretch) to oversee. ઉપર દેખરેખ-તપાસ-ચોકશી-નીઘેબાની રાખવી. [ચોકશી-તપાસ રાખનાર.
Su-per-in-tend'ent, સ્યૂપરિન્ટેંડંટ, *n.* manager. દેખરેખ-
Su-pe'ri-or, સ્યૂપિરિઅર, *a.* (L.) upper; higher, greater. ઉપરનું, ઉપલું; ઉંચું, ચઢિયાતું; શ્રેષ્ઠ, સરસ અસ્વાધીન, આવશ, પત નહિ કરનાર. *n.* one of higher rank, chief. વડીલ, ઉપરી, ચઢિયાતો પુરૂષ, મહંત.

Su-pe-ri-or'i-ty, સ્યુપિરિઑરિટિ, *n.* higher rank. વડીલ–ચઢિયાતા–ઉપરી–ઉંચપણું; શ્રેષ્ઠતા, સરસાઈ.

Su-per'la-tive, સ્યૂપરલેટિવ્, *a.* (L. *super* & *latus* carried) in highest degree. સૌથી સરસ, અતિશ્રેષ્ઠ.

Su-per-nat'u-ral, સ્યૂપરનૅટ્યૂરલ, *a.* (L. *super* & natural) beyond power of nature. દૈવતાઈ, અસાધારણ, અલૌકિક-ચમત્કારી.

Su-per-num'er-ar-y, સ્યૂપરન્યુમૅરરિ, *n.* (L. *super* & *numerus* number) exceeding the number necessary. વધારાનું, ફાલતું, ઉપરનું.

Su-per-scribe', સ્યૂપરસ્ક્રાઈબ, *vt.* (L. *super* & *scribo* I write) to write on the outside. ઉપર સરનામું–પતો લખવો.

Su-per-sede', સ્યૂપરસીડ, *vt.* (L. *super* & *sedeo* I sit) to replace; make void. ઠેકાણે–બદલે આપવું; રદ–નકામું–નિર્બળ કરવું.

Su-per-sti'tion, સ્યૂપરસ્ટિશન, *n.* (L. *super* & *sto* I stand) belief in absurd trifles. વહેમ, મિથ્યા–ખોટો ધર્મ–મત.

Su-per-struc'ture, સ્યૂપરસ્ટ્રક્ચર, *n.* that which is built on something. ઉપરનો ઈમલો–ઈમારત.

Su-per-vene', સ્યૂપરવીન, *vi.* (L. *super* & *venio* I come) to take place. બનવું, થવું, આવવું.

Su-per-vise', સ્યૂપરવાઈઝ. *vt.* (L. *super* & *video* I see) to overlook, inspect. ઉપર ચોકસી–તપાસ રાખવી.

Su-per-vi'sor, સ્યૂપરવાઇઝર, *n.* an overseer. દેખરેખ–નિઘેબાની રાખનાર. [સાંજનું ભોજન, વાળું.

Sup'per, સપર, *n.* (AS. *supan* to sip) evening meal.

Su-pine, સ્યૂપાઇન, *n.* (L. *supinum*) a verbal noun. કૃદંત નામ. [આળસુ, બેદરકાર.

Su-pine', સ્યૂપાઇન, *a.* (L. *super*) indolent, careless.

Sup-plant', સપ્લૅંટ, *vt.* (L. *sub* & *planta* the sole) to displace by unfair means; overthrow. પેચથી ખસેડવું; ઉઠલાવી–ઉખેડી નાખવું, ઉંધું વાળવું.

Sup'ple, સપ્લ, *a.* (L. *sub* & *plico* I fold) flexible, pliant; flattering. ઝટ વળે એવું, નરમ, સુંવાળું, નમે–નમતી મૂકે એવું; ખુશામતિયું. [tion. પૂર્ણી, વધારો, સાંધણ, ઉમેરો.

Sup'ple-ment, સપ્લિમેંટ, *n.* (L. *sub* & *pleo* I fill) addi-

Sup'pli-cant, સપ્લિકંટ, *n.* (L. *sub* & *plico* I fold) a petitioner. આજીજી–અરજી–પ્રાર્થના કરનાર.

Sup'pli-cate, સપ્લિકેટ, *vt.i.* to entreat. વિનંતિ–કાલાવાલા–અરજ કરી કહેવું–માગવું.

Sup'ply, સપ્લાઇ, *vt.* (L. *sub* & *pleo* I fill) to fill; furnish. ને ઠેકાણે આવવું; પૂરૂં પાડવું–કરવું, આપવું. *n.* sufficiency for use. નીત્યના ખપની ચીજની આવક–ભરાવ–છત, ભંડાર.

Sup'port, સપોર્ટ, *n.* (L. *sub* & *porto* I carry) prop; maintenance. ટેકો, આધાર, આશ્રય; ગુજરાન, નિભાવ. *vt.* to uphold; sustain; encourage; maintain. ટેકવી–ના

ભાર ઝીલી રાખવો, આધાર આપવો; સહેવું, ખમવું; દિલાસો-હિંમત આપવી; ગુજરો-પોષણ કરવું-ચલાવવું.

Sup-pose′, સપોઝ, *vt.* (L. *sub* & *pono* I put) to imagine; imply. ધારવું, માનવું, કલ્પવું; માં ભાવ-અર્થ થવો-નિકળવો.

Sup-press, સપ્રેસ, *vt.* (L. *sub* & *premo* I press) to crush; keep in; conceal; restrain. સમાવવું, બેસાડવું, બહાર નિકળવા ન દેવું, દબાવી રાખવું; છુપાવી-સંતાડી રાખવું; નરમ-ધીમું-બંધ કરવું-પાડવું.

Su-pre′-ma-cy, સ્યૂપ્રીમૅસિ, *n.* (L. *supremus* highest) chief authority. સર્વોપરી સત્તા-અધિકાર, શ્રેષ્ઠતા.

Su-preme′, સ્યૂપ્રીમ, *a.* highest; greatest; utmost. સર્વોપરિ; શ્રેષ્ઠ; સર્વોત્તમ, સૌથી મ્હોટું-વધારે; ઘણુંજ, વધારે, અતિશય.

Sur-charge′, સર્ચાર્જ, *vt.* (L. *super* & charge) to overload. ઉપર-માં જાસ્તી-ઘણો ભાર ભરવો-મૂકવો; વધારાનું ખર્ચ-નૂર-કિંમત લેવી. [સાવાણું, નક્કી.

Sure, શ્યૂર, *a.* (L. *se* & *cura* caro) certain. ખાતરી-ભરો-

Sure′ly, શ્યૂર્લિ, *ad.* without doubt. બેશક, ખરેખર, ખચિત.

Sure′ty, શ્યૂર્ટિ, *n.* certainty; security; bondsman. બેશક-ખચિતપણું, ખાતરી; નુકસાનની બદલ બાંહેધારી-તારણ-અવેજ; જામીન, હામી.

Surf, સર્ફ, *n.* (Fr. *sur* above & *flotter* to float) foam of breakers. કિનારા કે ખડકપર ઉપરાઉપરી અપડાતાં મોજાં.

Sur′face, સર્ફેસ, *n.* (Fr. *sur* & L. *facies* form) exterior. સપાટી, ઉપરની લોંય, બહારનો ભાગ, પૃષ્ઠ.

Sur-feit′, સર્ફિટ, *vt.* (L. *super* & *facio*) to overfeed, cloy. ધરાય–ઓચાય–કંટાળી જાય–અતિશય ખવડાવવું. [ચાનું મોજું.

Surge, સર્જ, *n.* (L. *surgo* I rise) large billow. મહોટું દરિ-

Sur′geon, સર્જન, *n.* (Gr. *cheir* hand & *ergon* work) one who cures by operation. વાઢકૂટિયો, શસ્ત્રવૈદ્ય.

Sur′ger-y, સર્જરિ, *n.* art of healing. વાઢકાપ–શસ્ત્રવિદ્યા.

Sur′ly, સર્લિ, *a.* (from *sour*) morose, crabbed. ખરાબ સ્વભાવનું, ચીઢિયું, તરછોડાખોર, કઠોર.

Sur-mise′, સર્માઇઝ, *vt.* (Fr. *sur* & *mettre* to set) to imagine. ધારવું, અનુમાન–કલ્પના કરવી. *n.* suspicion. શક, સંદેહ, સંશય, ધારણા. [come. જીતવું, વશ કરવું, ફાવવું.

Sur-mount′, સર્માઉંટ, *vt.* (Fr. *sur* & *monter*) to over-

Sur′name, સર્નેમ, *n.* (Fr. *surnom*) family name. અડક, આડ–ઉપનામ.

Sur-pass′, સર્પાસ, *vt.* (Fr. *sur* & *passer* to pass) to go beyond. થી ચઢવું, હઠાવવું, થી સરસ થવું–નિકળવું.

Sur-plice′, સર્પ્લિસ, *n.* (L. *super* & *pelliceum* a robe of fur) a white garment for clergyman. પાદરીઓને ધર્મ ક્રિયા વખત પહેરવાનો ધોળો ઝભ્ભો–જામો.

Sur′plus, સર્પ્લસ, *n.* (L. *super* & *plus* more) excess. ઉપરનો વધારો, ફાલતુ–બાકીનો ભાગ.

Sur-prise′, સર્પ્રાઇઝ, *vt.* (L. *super* & *prehendo* I take) to take unawares; astonish; confuse. અચાનક ધસારે

–હુમલો કરવો, છાપો મારવો; થી ચક–ચકિત થવું, આશ્ચર્ય–વિસ્મય પામવું; ગભરાવવું, ગભરાટમાં નાખવું. *n.* wonder. અચંબો.

Sur-ren'der, સરેંડર, *vt. i.* (Fr. *sur* & *rendre* to render) to yield, deliver up. શરણ કરવું–જવું–થવું, સોંપી દેવું, મૂકી દેવું, આપી દેવું.

Sur-rep-ti-ti'ous, સરેપ્ટિશિઅસ, *a.* (L *subreptitious.* done by stealth. ચોરીથી વગર અખત્યારે–કપટ દગાથી કરેલું, છાનામાનું. [puty. પ્રતિનિધિ, અવેજી, મુખત્યાર.

Sur'ro-gate, સરોગેટ, *n.* (L. *sub* & *rogo* I ask) a de-

Sur-round', સરરાઉંડ, *vt.* (L. *super* & round) to enclose, encompass. ઘેરી–આંતરી લેવું, ની પાછળ ફરી વળવું, ની ફરતું હોવું–આવી રહેવું. [સોઉથી ઉપર પહેરવાનો દગલો.

Sur-tout', સરટૂટ, *n.* (Fr. *sur* & *tout* all) an overcoat.

Sur-veill'ance, સરવેલિયૅન્સ, *n.* (Fr. *sur* & *veiller* watch) watch, inspection. નીઘેબાની, ચોકસી, દેખરેખ, જાપ્તો.

Sur-vey', સરવે, *vt.* (L. *super* & *video* I see) to view attentively; measure. તપાસી જોવું, ઉપર નજર ફેરવવી, માપવું, મોજણી કરવી, ની સીમ નક્કી કરવી.

Sur'vey, સરવે, *n.* a general view; examination; plan, draft. ચોગમ ફરતી નજર, બધે આંખ ફેરવી જોવું તે; તપાસ, તહલાશ; મોજણી, માપ. [ઉપર તપાસ રાખનાર; મોજણીદાર.

Sur-vey'or, સર્વેઅર, *n.* one who views & examines.

Sur-vive', સરવાઇવ, *vt. i.* (L. *super* & *vivo* I live) to outlive. ના મુઆ–ગયાપછી જીવવું–જીવતા રહેવું.

Sus-cep'ti-ble, સસેપ્ટિબલ, *a.* (L. *sub* & *capio* I take) admitting; impressible. ચડાવી-વધારી શકાય એવું, થવા જેવું, થઈ શકે એવું; ગ્રાહક, કોમળ, ગ્રહણસમર્થ.

Sus-pect', સસ્પેક્ટ, *vt.* (L. *sub* & *specio* I look) to doubt, mistrust. શક લાવવો, વહેમ આણવો, સંશય રાખવો;-નો કમ ભરૂસો-અવિશ્વાસ કરવો.

Sus-pend', સસ્પેંડ, *vt.* (L. *sub* & *pendo* I hang) to hang; delay; debar. લટકાવવું, ટાંગવું; થોડી મુદત બંધ કરવું-રાખવું, અટકાવવું; નોકરીથી દૂર-મોકુફ કરવું.

Sus-pense', સસ્પેન્સ, *n.* uncertainty, indecision; stop ઉચાટ, ધચુપચુ, ઉદરાવો, અનિશ્ચય; વિરામ, બંધ પડવું તે.

Sus-pen'sion, સસ્પેન્શન, *n.* temporary cessation. થોડી મુદત બંધ રાખવું તે, મોકુફી. [અવિશ્વાસ, શક, વહેમ.

Sus-pi'cion, સસ્પિશન, *n.* (see Suspect) mistrust, doubt.

Sus-tain', સસ્ટેન, *vt.* (L. *sub* & *teneo* I hold) to uphold; keep from dependence; maintain; bear, undergo. ટેકવી રાખવું, ભાર ઝીલવો-ઉંચકવું; ખુશી- હોંશિયારીમાં -ટકાવી રાખવું; ગુજરાન ચલાવવું, નિભાવ-પોષણ કરવું, સાબીત-સિદ્ધ કરવું, ખરૂં કરી આપવું; ખમવું, વેઠવું; ને પડવું-થવું.

Sus'ten-ance, સસ્ટેનઅન્સ, *n.* food; support. ખોરાક, ખાવાનું, પોષણ; ગુજરાન, નિર્વાહ.

Sut'ure, સ્યૂટ્યૂર, *n.* (L. *suo* I sew) a seam; joint of the skull. જખમને ટેભા મારી બંધ કરવો, ટેભા; ખોપરીના હાડકાનો સાંધો, સાંધ.

Swab, સુઑબ્, *n.*(from sweep) a mop for cleaning. ભોંય ઝાડવાની સાવણુણી-કુંચો.

Swad'dle સુઑડલ, *vt.* (AS. *swedhian* to bind) to swathe. ચીથરાં-પાટા-બળોતિયાં વીટવાં-બાંધવાં.

Swag'ger, સુઑગર, *vi.* (AS. *swegan* to rattle) to brag, boast. બડાઈ કરવી, ફુલાશ મારવી, ગર્વ કરવો.

Swain, સુએન, *n.* (AS. *swan*) a rustic. ગામડિયો. [ચકલો-કલી.

Swal'low, સુઑલો, *n.* (AS. *swalcwe*) a bird. ચકલી-લો,

Swal'low, સુઑલો, *vt.* (AS. *swelgan*) to take down throat; absorb; engross. ખાઈ-ગળી જવું; સોષી લેવું, ગરક થઈ જાય શું એ કરવું; પચાવી-દબાવી-લઈ પડવું. *n.* the throat; voracity. ગળું, ગળાની નળી; ભૂખ, આતુરતા.

Swamp, સુઑમ્પ, *n.* (AS. *swamm*) wet soft ground. કાદવ-કચરા-પાણીવાળી નીચી જમીન.

Swan, સુઑન, *n.* (AS.) a large waterfowl. રાજહંસ.

Sward, સુઑર્ડ, *n.* (AS. *sweard*) grass land. ઘાસવાળી જમીન.

Swarm, સુઑર્મ, *n.* (AS. *swearm*) a multitude. ટોળું, જમાવ, સમુદાય. *vi.* to leave or join in crowds. ટોળું થઈને ઉડવું-જવું; ટોળેટોળાં આવવાં-ભેગાં થવાં. [કાળું, સામળું, શ્યામ.

Swar'thy, સુઑર્થિ, *a.* (Ger. *schwartz*) of a dark hue.

Swath, સુઑથ, *n.* (AS. *swadhu*) line of grass cut by sythe. દાતરડાથી કાપેલા ઘાસની હાર.

Swathe, સુએધ, *n.* (Sax. *swethe*) a bandage, fillet. પટ્ટી, ફીટ, પાટી. *vt.* to bind, wrap. પાટીથી બાંધવું-વીટવું.

Sway, સુએ, *vt. i.* (AS. *swegian* to prevail) to wield; govern; influence; bias; move; lean. ધરવું, ધારણ કરવું; અમલ ચલાવવો; રાજ કરવું, અધિકાર-સત્તા ચલાવવી; ઉપર અસર-વળણ થવું; વાળવું, ફેરવવું, લીધે-થી ફરવું; નમવું, વળવું. *n.* rule, command, power. સત્તા, રાજ્ય, અમલ, અધિકાર, જેર.

Swear, સુએર, *vi. t.* (AS. *swerian*) to affirm or give evidence or promise on oath. સોગન-સમ ખાવા-લેવા, પ્રતિજ્ઞા કરવી; સમ ખાઈ પૂરાવો-જુબાની-વચન આપવું.

Sweat, સુએટ્, *n.* (AS. *swat*) perspiration; toil પરસેવો, પસીનો, બફારો; પસીનો ઉતરે એવી મહેનત, મજુરી, વેતરૂ, શ્રમ.

Sweep, સુઈપ, *vt.* (AS. *swapan*) to brush; drive along; destroy at a stroke; to pass quickly. ઝાડવું, વાળી સાફ કરવું; ઘસડી-ખેંચી જવું; નો ઘાણ વાળવો-કાઢી નાખવો, સંહાર કરવો, સાફ કરી મૂકવું; ઉપર દોડયા-ઝપાટાથી જવું-જોઈ લેવું-નજર કરી જવી. *n.* compass, range; act of sweeping. સપાટો લસરકો; ફેર, વિસ્તાર; વાળવું તે, ઝાડવું તે.

Sweep'stakes, સુઈપસ્ટેકસ, *n.pl.* the whole money won at a race. ઘોડાની સરતમાં જીતનાર કે જીતેલી બધી રકમ.

Sweet, સુઈટ, *a.* (AS. *swete*) pleasant to taste; &c. mild; kind, obliging. ગળ્યું, મીઠું, મધુર, ખુશબોદાર, સુસ્વર, સુંદર, રૂપાળું, તાજું, નરમ; મનોહર-રંજક, વિવેક-માયા ભરેલું,

પ્રિય–વહાલું લાગે એવું. *n. pl.* confectionery; a darling. મીઠાઈ, મીઠું ખાવાનું, સુખ, આનંદ, ભોગ; પ્રિય માણસ.

Sweet'heart, સુઈટહાર્ટ, *n.* a lover. આશુક, માશુક, પ્રીતમ.

Sweet'meat, સુઇટમીટ, *n.* preserved fruit. મીઠાઈ, ખાંડ પાયલો મેવો–ફળ.

Swell, સુએલ, *vi. t.* (AS. *swelan*) to expand; increase in size or amount; to be puffed; strut. સૂઝવું, સોજો ચઢવો–આવવો; વધવું, વધીજવું, માં પાણી ભરાવું, માં પૂર આવવું–ચઢવું; ફૂલવું, ફૂલાઈ-ફૂલી જવું; મહોટાઈ–ઢોંગ કરવો. *n.* increase; heaving of sea. સોજો; ચઢાવ, ચઢાવો, વધારો; મહોટાં ઉપરા ઉપરી દરિયાનાં મોજાં. [આગળ વધવું–ઉપસવું તે.

Swell'ing, સ્વએલિંગ, *n.* tumour; protuberance. સોજો;

Swelt'er, સુએલ્ટર, *vi. t.* (AS.) to melt or be oppressed with heat. તાપથી મૂર્છા વિકાર થવો–મરવા પડવું, બળી–બફાઈ જવું–મરવું.

Swerve, સુઅર્વ, *vi.* (Dut. *zwerven* to serve) to deviate. આડું ચાલવું, આવુંપાછું જવું, ચમકવું, પાછું હઠવું.

Swift, સુઈફ્ટ, *a.* (AS.) quick, speedy. ઉતાવળું, વેગ-ઝડપવાળું, જલદી ચાલનાર. [largely. અતિશય ઢીંચવું–હોઈયાં કરી જવું.

Swill, સુઈલ, *vt.* (AS. *swilgan* to swallow) to drink

Swim, સુઇમ, *vi.* (AS. *swimman*) to move in water, float, be dizzy. તરવું, તણાવા-ખેંચાવા જવું; ચક્કર–ફેર આવવા.

Swimm'ing-ly, સુઈમિંગલિ, *ad.* without obstruction. સહેલથી, વગર હેલ્લે–હરકતે, નિર્વિઘ્ને.

Swin'dle, સ્વિંડલ, *vt.* (Ger. *schwindeln*) to defraud with deliberate artifice. છેતરવું, ઠગી–ધૂતી લેવું.

Swin'dler, સ્વિંડલર, *n.* a cheat. ઠગ, ધૂતારો, હરામખોર.

Swine, સ્વાઈન, *n.* (AS.) a hog. ડુક્કર, ભુંડ.

Swing, સ્વિંગ, *vt. i.* (AS. *swingan*) to move to & fro, vibrate. ઝુલાવવું, હીંડોળવું, હીંચકા નાખવા, ઝૂલવું, હીંચવું, લટકવું. *n.* a waving motion; apparatus for swinging; free course. ઝૂલવું તે, લટકવું તે; હીંચકો, હીંડોળો; છૂટ, છૂટ લગામ, મોકળો માર્ગ.

Switch, સ્વિચ, *n.* a twig, a movable rail. નહાની સોટી; એક જગોથી બીજી એ ખસેડાય–લઈ જવાય એવો પાટો. *vt.* to strike. સોટીથી મારવું.

Swiv'el, સ્વિવલ, *n.* (AS. *swifan* to revolve) a ring turning on a staple. નકુચો, આંકડો, અકોડો.

Swoon, સૂન, *vi.* (AS. *swunan* to fail in intellect) to faint. મૂર્છા આવવી,–પામવી; બેશુદ્ધ થઈ પડવું. *n.* a fainting fit. મૂર્છા, બેશુદ્ધી.

Swoop, સૂપ, *vt.* (See Sweep) to pounce on. એકદમ પ-[ડીને ઝડપી–ઝૂંટાવી લેવું.

Sword, સોર્ડ, *n.* (AS. *sweord*) long blade in handle; war; army. તલવાર, શમશેર; લડાઈ, યુદ્ધ; લશ્કર, સૈન્ય.

Syc'o-phant, સાઈકોફૅંટ, *n.* (Gr. *sukon* a fig & *phainein* to show) a flatterer; parasite. નીચ, હલકો ખુશામતિયો માણસ.

Syl'la-ble, સિલૅબ્લ, *n.* (Gr. *sullabu*) part of word uttered in one sound. એક સ્વર, વર્ણ, એકાચ, પદ.

Syll'a-bus, સિલૅબસ, *n.* abstract. સાર, સારાંશ, ટીપણ.

Syll'o-gism, સિલોજીઝ્મ, *n.* (Gr. *syn* together & *eogos* speech) argument consisting of three propositions. અવયવ ઘટિત વાક્ય.

Syl'van, સિલ્વૅન, *a.* (L. *sylva* wood) woody. જંગલનું, વનનું, રણનું, અરણ્યમય.

Sym'bol, સિમ્બૉલ, *n.* (Gr. *syn* & *ballein* to throw) an emblem, a type. લક્ષણ, સૂચકચિન્હ, નિશાન, અર્થવાન અક્ષર.

Sym'me-try, સિમેટ્રિ, *n.* (Gr. *syn* & *metron* measure) harmony of parts. આકારશુદ્ધિ-સંગતા, અંગપરિપૂર્ણતા.

Sym'pa-thize, સિમ્પૅથાઈઝ, *vi.* (Gr. *syn* & *pathos* feeling) to feel with another. બીજાના દુ:ખથી દુ:ખી ને સુખથી સુખી થવું, દયા-દાઝ જાણવી, સુખદુ:ખમાં સુખદુ:ખ લાગવું.

Sym'pa-thy, સિમ્પૅથિ, *n.* fellow-feeling; agreement of inclinations; compassion. બાકેકની દાઝ-દયા, દુ:ખમાં ભાગ લેવો તે; સરખી પ્રકૃત-ઈચ્છા; બીજાના દુ:ખની દાઝ-દયા-બળાપો; એક ભાવ, એક રાગ, સંબંધ.

Sym'pho-ny, સિમ્ફોનિ, *n.* (Gr. *syn* & *phonu* a sound) a harmony of sounds. એકરાગ, સુસ્વરતા. રાગમેળ.

Symp'tom, સિમ્ટમ, *n.* (Gr. *syn* & *puptein* to fall) sign, token. નિશાન, ચિન્હ, લક્ષણ.

Syn'a-gogue, સિનૅગૉગ, *n.* (Gr. *syn* & *agein* to lead) a

Jewish place of worship. યહુદી લોકનું ધર્મમંદીર–સભા–મંડળી. [tion. ધર્માધિકારીઓની સભા.

Syn'od, સિનાડ, *n.* (Gr. *syn* & *odos* a way) conven-

Syn'o-nym, સિનોનિમ્, *n.* (Gr. *syn* & *onoma* a name) a word having same meaning as another. પર્યાય, એકાર્થી શબ્દ.

Syn-op'sis, સિનૉપ્સિસ્, *n.* (Gr.) collective view. તફતો, બધાનો સાર, સારાંશ. [express ideas. વાક્ય રચના.

Syn'tax, સિન્ટૅક્સ, *n.* (Gr.) arrangement of words to

Syn'the-sis, સિન્થિસિસ્, *n.* (Gr. *syn* & *thesis* a placing) composition. સંયોજન, એકીકરણ, મીલન.

Syr'inge, સિરિંજ, *n.* (Gr. *syriggos* a pipe) a pipe for ejecting liquids. પીચકારી.

Sys'tem, સિસ્ટિમ્, *n.* (Gr. *systuma*) regular plan. વ્યવસ્થા, રચના, પૈદ્ધતિ, પરિપાક; દેહ પ્રકૃતિ, શારીર.

Sys-te-mat'ic, સિસ્ટિમૅટિક, *a.* proceeding by method. વ્યવસ્થિત, રચનાયુક્ત, ક્રમાનુસાર, ક્રમબંધી.

T.

Tab'by, ટૅબિ, *n.* (Fr. *tabis*) waved silk. લ્હેરિયાંવાળું રેશમી કાપડ. *a.* brindled. કાબરચિતરૂં.

Tab'er-na-cle, ટૅબરનેક્લ, *n.* (L. *taberna* a hut) a tent; a place of worship. તંબુ, શિબિર; ઇશ્વરભક્તિની જગો, મંદીર. *vi.* to reside for a time. મુકામ કરવો.

Ta'ble, ટેબ્લ, *n.* (L. *tabula* a board) a flat on legs; collection of particulars, synopsis; fare. ટેબલ, મેજ; પત્રક, તખ્તો, યાદી, ટીપ, કોષ્ટક, કોઠો; ખાનપાન, ભોજન.

Ta'ble-land, ટેબ્લલૅંડ, *n.* elevated flat land. ઉંચી સપાટ ધરતી. [તખ્ત, નહાનું મેજ.

Tab'let, ટૅબ્લિટ્, *n.* a little table. લખવાસારૂ બનાવેલી પીઠ-

Tac'it, ટૅસિટ્, *a.* (L. *taceo* I am silent) silent, implied. મોઘમ, ગોગમ, મુગું, સમજી લેવાનું–લીધેલું–લેવાય એવું.

Tac'i-turn, ટૅસિટર્ન, *a.* habitually silent. મુમડું, છેક થોડાબોલું.

Tac-i-turn'i-ty, ટૅસિટર્નિટિ, *n.* silence, reserve. મુમડાપણું.

Tack, ટૅક, *vt.* (Fr. *attacher* to join) to fasten slightly. જોડી–વળગાડી મૂકવું. *vi.* to suit in tacks. સુકાન તથા સ્હડો ફેરવી નાખી વહાણનો માર્ગ બદલવો, અઅહેરિયાં મારવાં. *n.* a small nail; rope. ચૂંક, મેખ; દોરડું, ઘોસ.

Tack'le, ટૅકલ, *n.* pulley with blocks & ropes. ઘરેડી, દોરડાં વગેરે વહાણનો સામન. [skill. કળવકળ, જુક્તિ.

Tact, ટૅક્ટ, *n.* (L. *tactus* effect) nice perception or

Tac'tics, ટૅક્ટિક્સ, *n. pl.* (Gr. *taxo* I arrange) the art of disposing military & naval forces. કવાયત, વ્યૂહરચના, સૈન્યવિધા. [ભાગ, છેડો, ખૂણો; પુચ્છ, પૂંછડું–ડી.

Tail, ટેલ, *n.* (AS. *tægel*) hinder part, end. પૂઠ–અંત

Tail, ટેલ, *n.* (Fr. *tailler* to cut) an estate limited to certain heirs. વારસનેજ મિલકત મળે એવો પ્રતિબંધ.

Tai'lor, ટેલર, *n.* maker of men's clothes. દરજી, સોઈ, મેરાઈ, સૌચિક.

Tai'lor-bird, ટેલરબર્ડ, *n.* a bird સુગ્રીવ, સુગરી, ચીચડ.

Taint, ટેંટ, *n.* (L. *tingo* I dye) blemish; infection; corruption. કલંક, કાળોદાગ–ચાંદલો–ટીલી; માઠો પાસ–રંગ–અસર–ચેપ; બગાડ, વિકાર, મહો ફેર. *vt.* to infect; corrupt; sully. માઠો પાસ–ચેપ બેસાડવો–લગાડવો, માઠી અસર લાગવી; બગાડવું, ખરાબ થઈ જવું, વિકાર પેસવો; કલંક–દોષ લગાડવો.

Take, ટેક, *vt* (L. *tango* to touch) to receive; seize; befall; captivate; choose; demand; enjoy, experience; form, adopt; accept; admit; view, regard; suppose; submit to. લેવું, ગ્રહણ કરવું; કેદ પકડવું, ઝાલવું; સપડાવવું, સપાટા–પંઝામાં લેવું; મન હરવું, ચિત્ત ચોરવું; પસંદ કરવું, નું શરણ પકડવું–શોધવું; ને જોઈએ–લાગવું, માં જવું; પામવું, અનુભવવું; પકડી–ધરી બેસવું; માનવું, કબૂલ રાખવું, સ્વીકારવું; ભેળવું, ગણવું, દાખલ–શામિલ કરવું; વિચારી જોવું; જાણવું, સમજવું; ધારણ કરવું, નું આવવું, ઉપર પડવું, ઉતરવું.

Tak'ing, ટેકિંગ, *a.* alluring. લોભાવે–લાલચમાં પડાયએવું.

Talc, ટૅલ્ક, *n.* (Ger. *talk*) a mineral. અબરખ, અભ્રક.

Tale, ટેલ, *n.* (AS. *telian* to tell) a story; number. વાત, વારતા, ગાથા, કથા, કહેણું, કહેવાણું, કહેલું; ગણવું તે, ગણત્રી–ગણીને રાખેલો હિસાબ.

Tale'bear-er, ટેલબેરર, *n.* an officious informer. વાત [કહેતો ફરનાર, અલાવડો,

Tal'ent ટૅલંટ, *n.* (Gr. *talanton* a balance) weight. coin; natural gift. વજન; એકસિક્કો; શક્તિ, બુદ્ધિ, સંસ્કાર.

Tal'ent-ed, ટૅલંટેડ્, *a.* clever. અક્કલમંદ, બુદ્ધિવાન, કુશળ, ખબરદાર. [st evil, charm. તાવીજ, યંત્ર, જાદુ, તાલિસ્માત, માયા.

Tal'is-man, ટૅલિસમૅન, *n.* (Gr. *telesma* a tax) harm again-

Talk, ટાક, *n.* (Icel. *tulka* to interpret) conversation; report; speech; subject. વાતચીત, વાતના સપાટા; ગપ, બૂમ, ગપાટો; બોલવું, કહેવું, ભાષણ; વાતનો–વાગ્વિષય. *vi. t.* to converse; confer; prate; utter. બોલવું ચાલવું, વાતચીત કરવી; બેસીને વાત કરવી; બબડવું, લવલવ કરવી. [રીખોર.

Talk'a-tive, ટાકેટિવ્, *a.* given to taking. વાતુડો, લવા-

Tall, ટૅલ, *a.* (W. *tal* towering) high, lofty. ઉંચું, ઉચ્ચ, ઉન્ન-

Tal'low, ટૅલો, *n.* (AS. *telg*) hard fat. ચરબી. [ત, લંબુસ.

Tal'ly, ટૅલિ, *n.* (Fr. *tailer* to cut) a stick for accounts. બીજાસાથે બરાબર મળતું–જવાબમાં આવતું કીધેલું કંઈ, જોડાનું, જોડ, જવાબ, મેળ. *vt. i.* to agree, conform. બીજાસાથે જડતું–મળતું આવે એવું કરવું, નો મેળ મેળવવો–મળવો; મળી રહેવું.

Tal'on, ટૅલોન, *n.* (L. *talus* the heel) claw. પક્ષીના પગનો નખ. [fruit. આમલી, ચિંચ.

Tam'a-rind, ટૅમરિંડ, *n.* (Fr. *tamarin*) a tree & its

Tame, ટેમ, (AS. *tamian*) not wild; spiritless. હળી ગયલું, પાળેલું; નિર્મોલ, રંક, પામર, ખમ્યા કરનાર, ધપ્પાખાઉ. *vt.* to reclaim; subdue. હેળવવું, જંગલી કે ભડકણ સ્વ-

ભાવ કાઢી નાખવો, માણસની ભળ ભાગવી; વશ-જેર-ગરીબ ગાય કરવું, હાથ-કાબુમાં લેવું, મારવું, નું દમન કરવું.

Tame'ly, ટેમલિ, *ad.* servilely. નીચી મુંડીએ, મૂગાં મૂગાં.

Tam'per, ટૅમ્પર, *vt.* (*tempt* to try) to meddle, deal unfairly with. છેડવું, બતાવવું, અમથું-મિથ્યા નામ દેવું.

Tan, ટૅન, *n.* (Fr. *tan*) an oak-bark. ચામડું કમાવવાને તૈયાર કીધેલી એક ઝાડની છાલ-મસાલો. *vt.* to make into leather; become brown. કમાવવું, કેળવવું; કાળું-કળું પડવું.

Tan'gent, ટૅન્જેન્ટ, *n.* (L. *tango* I touch) a right line [touching a curve. સ્પર્શ-સંપાત રેષા.

Tan'gi-ble, ટૅન્જિબ્લ, *a.* perceptible by touch. સ્પર્શેન્દ્રિયથી-હાથે લાગે-જણાય એવું; મનથી સાફ લાગે-ભાસે એવું.

Tan'gle, ટૅંગલ, *n.* (Goth. *tagl* hair) intricate knot. ગુંચ, ગુંચડો, આંટી, જટા. *vt.* to entangle. ગુંચવી નાખવું.

Tank, ટૅંક, *n.* (Fr. *etang* a pond) a cistern, reservoir. તળાવ, કુંડ, હોજ, ટાંકું, ટાંકલી.

Tan'kard, ટૅન્કર્ડ, *n.* a drinking cup. ઢાંકણાવાળું પીવાનું [જામ-પ્યાલું.

Tan'ner, ટૅનર, *n.* (See Tan) maker of leather. ચમાર.

Tan'ta-lize, ટૅંટલાઇઝ, *vt.* (L. *tantalus*) to tease with false hopes. ખોટી આશા-લાલચો આપી નાઉમેદ કરવું, મૃગજળ બતાવવું, ટમટમાવવું.

Tan'ta-mount, ટૅંટમાઉંટ, *a.* (L. *tantus* so great & amount) equivalent. બરોબર, સરખું-જ, જેવું, જેટલું.

Tap, ટૅપ્, *n.* (F. *tape* a slap) a gentle touch. ટચકો, ટકોરો, થબડાક, ટપલી. *vt.* to touch lightly ; knock. જરા ટચકો-ટકોરો મારવો, થબડાક લગાવવી; ટપ ટપ ઠોકવું.
Tap, ટૅપ્, *vt.* (AS. *tappan*) to broach. પીપમાં છેદ-ઠ્હે-બાકું પાડવું; છેદવું.*n.* a pipe, spile. દારૂકાઢવાની નળી,સખાવો.
Tape, ટેપ, *n.* (AS. *tappe*) a fillet, narrow band. દોરી, નાડામાં કામ આવતી પાટી. [પટો કરમ-કમી.
Tape'worm, ટેપઉઅર્મ, *n.* a long flat worm. લાંબોને ચ-
Ta'per, ટેપર, *n.* (AS.) a small candle. ટુંકડી મીણબત્તી.
Ta'per, ટેપર, *a.* narrowing towards end. એક છેડેથી પાતળું થતું જતું, પતાશાના પડા-શંકુજેવું, શંકવાકાર, શંકવાકૃતિનું.
Tap'es-try, ટૅપેસ્ટ્રિ, *n.* (L. *tapes* carpet) cloth woven with figures. ભીતના પડદા, પિછવાઈ.
Tar, તાર, *n.* (AS. *teru*) a viscous substance got from coal & pine; a sailor. વિલાયતી દામર,તાર; ખલાસી.
Tar'dy, ટાર્ડિ, *a.* (L. *tardus* slow) slow; dilatory, late. ધીરૂં, ધીમું, ટહાડું, થાંથું, દીર્ઘસૂત્રી, મંદ; વાર લગાડી મોડું કરનારૂં-થનારૂં, લાસરિયું.
Tare, ટેર, *n.* (It. *tarare* to abate) allowance for packing case, &c.; weed. બારદાન; નકામો પાલો.
Tar'get, ટારગેટ્, *n.* (L. *tergum* skin) a small shield; object at mark. નહાની ઢાળ; નિશાન, લક્ષ.
Tar'iff, ટૅરિફ્, *n.* (Ar. *tarif* a list of things) a table of duties. દાણ કે મહેસુલના દરની યાદી, જકાતનામું.

Tar'nish, ટાર્નિશ, *vt.* (Fr. *terne* dull) to sully, lose brightness. ઝાંખું-નરમ-ટાઢું પાડવું, મેલું કરવું, ડાઘ પડવા, બદો-કલંક-લગાડવું. [તાર દીધેલું કંતાન, તારપત્રી.

Tar'pau-lin, ટારપોલિન, *n.* (See Tar) tarred canvas.

Tar'ry, ટરિ, *vi.* (L. *tardus* slow) to stay; lodge; delay. ઉભાં રહેવું, થોભવું, -ની રાહ કે વાટ જોતાં બેસવું; રહેવું, મુકામ રાખવો; આજ જઈશું કાલ જઈશું એમ કર્યા કરવું, જવા આવવાનું ગોળે નાખવું, ને વાર લાગવી.

Tart, ટાર્ટ, *a.* (AS. *tearan* to tear) sour; sharp. ખાટું, ખાટું આમલો જેવું, ખટમધરૂં, ખટાસ પડતું; તોછડું, તતડાટ ભરેલું, કઠોર, સખત, આકરૂં. [લો ખાવાનો પદાર્થ, ફળસુખડી.

Tart, ટાર્ટ, *n.* (L. *tartus* twisted) fruit pie. ફળ ગળફી કરે-

Tar'tan, ટાર્ટન, *n.* (Fr. *tiretaine* linsey-woolsey) checkered cloth. તરેહ તરેહ રંગની ચોકડી વાળું ઉનનું કપડું, કાશ્મીર.

Task, ટૅસ્ક, *n.* (L. *taxare* to rate) labour imposed; business; employment; a lesson. આપેલું-સોંપેલું કામ; કામ; મુહામહેનતનું કામ, વૈતરૂં, તોક; પાઠ, ધડો. *vt.* to assign work. ને કામ આપવું-સોંપવું-નીમી આપવું.

Tas'sel, ટૅસલ, *n.* (Fr. *tasse* a tuft) pendent ornament, &c. ફુમતું, ફુમતી, ડોડો, ચમરી.

Taste, ટેસ્ટ, *n.* (Fr. *tater* to feel) sense of palate; *vt.* relish; nice judgment. સ્વાદ જાણવાની ઇંદ્રિ, રસેંદ્રિય; સ્વાદ, રસ, રૂચિ, શોક-ખ, વાનગી, નમુનો; કોઇ કામના ઢંગઢાળ કે પરીક્ષા કરવાની શક્તિ-સમજદારી, રસજ્ઞતા, રસપરિક્ષકતા.

Taste'ful, ટેસ્ટફુલ, *a.* of good taste. સ્વાદિષ્ટ, રૂચિકર, રસજ્ઞ, ખૂબીદાર. [વિનાનું.

Taste'less, ટેસ્ટલેસ, *a.* insipid. બેસવાદ, ફિક્કું, નિરસ, મઝા-

Tat'ter, ટેટર, *n.* (AS. *toteran* to tear) a torn piece, rag. ચીથરાં, ચિંથરડાં, ભીંછડાં.

Tat'tle, ટેટલ, *n.* (Ger. *tateln*) idle talk. ગપાટા, ગપ્પાંસપ્પાં. *vi.* to tell tales or secrets. ગપાટા મારવા, બકવું, લવવું; વાત કહી દેવી, ચાડિયાં થવું. [હોદેનાર, ચાડિયો.

Tat'tler, ટેટ્લર, *n.* an idle gossip. ગપાટા હાંકનાર, વાત ક-

Tat-too', ટેટ્ટૂ, *n.* (Fr. *tapoter* to tap or beat) beat of a drum; figures stained on the skin. રાત્રે લશ્કરને પાછાં ફરવાના કે મુકામે જવાના સંકેતમાટે પડઘમ વગાડવી તે; છૂંદણાનું ચિત્ર, છૂંદણાં. *vt.* to puncture skin. છૂંદણાં છૂંદવાં.

Taunt, ટોંટ, *vt.* (Ger. *zand* a tooth) to reproach with insult. તે તાનો–મહેણું મારવું. *n.* તાનો, મહેણું, મહેણાં ટોણાં.

Tau-tol'o-gy, ટોટૉલોજી, *n.* (Gr. *tautos* same & *logos* a word) repetition. તેનોતે અર્થ જૂદા જૂદા શબ્દોમાં કહ્યાં ક-રવો તે, પુનરૂક્તિ. [કલાલ વીસી, દારૂની દુકાન.

Tav'ern, ટેવ્અર્ન, *n.* (Fr. *taverne*) a public house, inn.

Tawd'ry, ટૉડ્રિ, *a.* (from *St. Ethelred*) gaudy, showy, vulgarly. ઢંગઢાળ–સમજદારી વગરની શોભા કે ભભકાવાળું.

Taw'ny, ટૉનિ, *a.* (Fr. *tanner* to tan) dark yellow. કથ્થું પીળું, બદામી, પીળચટું.

Tax, ટેક્સ, *n.* (L. *taxo* I rate) rate by authority. કર,

વેરો, ધારો, દાણ, જકાત, મહેસૂલ. *vt.* to assess; accuse. કર બેસાડવો; આરોપ–અપવાદ મૂકવો.

Teach, ટીચ, *vt.* (AS. *tæcan* to show) to impart knowledge. શિખવવું, ભણાવવું, જ્ઞાન–ઉપદેશ આપવો, રસ્તો બતાવવો, ટેવ પાડવી.

Teach'a-ble, ટિચૅબલ, *a.* that may be taught. શિખવવા જેવું–લાયક, શિખે–શિખવાય એવું.

Teach'er, ટીચર, *n.* an instructor. શિખવનાર, શિક્ષક, ઉપદેશક.

Teak, ટીક, *n.* (Ind. *tekka*) a tree and its wood. સાગનું ઝાડ–લાકડું, સાગવાન.

Team, ટીમ, *n.* (AS. *tyman* to bring forth) string of horses. ઘોડાનું જોડેલું જૂથ.

Team'ster, ટીમસ્ટર, *n.* he who drives a team. જોડેલા ઘોડા હાંકનાર, સૂત.

Tear, ટીઅ, *n.* (Sax.) a water from the eyes. આંસુ, અશ્રુ, નયનબાષ્પ.

Tear, ટેર, *vt.* (AS. *teran* to rend) to pull or burst asunder, lacerate. ફાડવું, ચીરવું, ઉખેડવું, ઉખેડી નાખવું, તોડવું. *vi.* to rave, rage. ધુંવાંફુંવાં થવું. *n.* a rent, fissure. ફાટ, ચીરો, ઉઝરડો.

Tease, ટીઝ, *vt.* (AS. *tæsan* to pluck) to comb, card; vex. પીંજવું, પંઝેટવું; ખીજવવું, ચઢીડવવું, નો જીવ ખાવો, ચઢીડ ચઢડે એમ કરવું.

Teat, ટીટ, *n.* (Sax. *tit*) the nipple. સ્તનની ડીંચકી, ચૂચક, કુચાગ્ર.

Tech'ni.cal, ટેક્નિકલ, *a.* (Gr. *teckne* an art) pertain-

to arts or professions. હસ્તક્રિયા–શિલ્પ–વિધ–શાસ્ત્ર–વૃ-
ત્તિ–ઉદ્યમ વગેરેનું–વિષયનું, સાંકેતિક, પરિભાષિક.

Tech-nol'o-gy, ટેક્નૉલોજી, *n.* a treatise on the arts. કળા-
પુસ્તક–વર્ણન.

Te'di-ous, ટીડીઅસ, *a.* (L. *tædet* it disgusts) irksome,
tiresome, wearisome. કંટાળા ભરેલું–ઉપજાવે એવું.

Teem, ટીમ, *vi.* (Sax. *tyman* to beget) to produce in
abundance; bring forth. પૂર્ણ–ભરપૂર થવું–હોવું; વિયાવું,
પ્રસવ થવો. [*vi.* to breed teeth. દાંત આવવા–ફૂટવા.

Teeth, ટીથ, *n. pl.* (See Tooth) bones in jaws. દાંતો.

Teg'u-ment, ટેગ્યુમેંટ, *n.* (L. *tego* I cover) a covering.
આવરણ, ત્વચા, ચામડી, ચર્મ, ત્વક્.

Tel'e-gram, ટેલિગ્રૅમ, *n.* (Gr. *tele* afar off & *gramma*
a letter) message by electricity. તારના સાંચાથી મોક-
લેલો સંદેશો, તાર.

Tel'egraph, ટેલિગ્રૅફ, *n.* (Gr. *tele* & *grapho* I write) a
machine for sending messages by electricity.
વિજળીના તારનો સાંચો, તાર, દૂરલેખક.

Tel'e-scope, ટેલિસ્કોપ, *vt.* (Gr. *tele* & *skopeo* I view)
an instrument for viewing distant objects. દુર્બીન,
દૂરદર્શક યંત્ર.

Tell, ટેલ, *vt.* (AS.) to count; narrate; disclose; in-
form; discover. ગણવું; વર્ણન–બયાન કરવું; વિષે કહેવું; કહી

દેવું; ની ખબર કરવી–આપવી;પકડી કાઢવું, સમજવું, પારખવું.
vi. to take or produce effect. લાગવું, ની અસર થવી.

Te-mer'i-ty, ટિમેરિટિ, *n.* (L. *temere* by chance) rash boldness. આંધળી હિંમત, છાતીનું આખાપણું, ઉદ્ધતાઈ.

Tem'per, ટેમ્પર, *n.* (L. *tempus* a portion) due mixture; constitution; disposition; calmness; irritation; the state of a metal. સારી મેળવણી, સુમિશ્રિતતા; શરીરનું બંધારણ; સ્વભાવ, મિઝાજ, ચિત્તપ્રકૃતિ; મન શાંત–ઠેકાણે હોવું તે;તામસ,ગુસ્સો,આકળા–ચિઢિયાપણું;ધાતુનું પાણી. *vt.* to qualify, mix; soften મેળવીને જેવું જોઈએ તેવું–સમધાત–માફકસર કરવું; નરમ–શાંત કરવું–પાડવું–રાખવું, ને માણસાઈમાં લાવવું; પાણી પાવું–ચઢાવવું.

Tem'per-a-ment, ટેમ્પરૅમેંટ, *n.* character of body or mind. પ્રકૃતિ, તબિયત, દેહનું બંધારણ, જાતી સ્વભાવ.

Tem'per-ance, ટેમ્પરૅન્સ, *n.* moderation. નિયમમાં રહેવું તે, મિતતા, મિતાહાર.

Tem'per-ate, ટેમ્પરૂએટ, *a.* moderate; cool. માફક, સમધાત, નિયમમાં રહી ચાલનારું, મિત; શાંત સ્વભાવનું.

Tem'per-a-ture, ટેમ્પરેચર, *n.* state of heat or cold. હવા કે ટાઢ ને ટાપનું–શીતોષ્ણ પ્રમાણ.

Tem'pest, ટેમ્પેસ્ટ, *n.* (L. *tempus* time) violent storm. મહાભારત, તોફાન–વાવાઝોડું, તોફાની પવન.

Tem'ple, ટેમ્પલ, *n.* (L. *tempus* time) a place of wor-

ship; a church;slope of the head. દહેરૂં, મંદીર; દેવલ; લમણું, લવણું, ગંડસ્થળ.

Tem'po-ral,ટેમ્પોરૅલ,*a.* secular; civil or political. આલોકનું, સાંસારિક, દેહનું; રાજ્યકાર્યનું-વિષયક.

Tem'po-rar-y, ટેમ્પોરૅરિ, *a.* for a time only, transitory. થોડા દહાડાનું, થોડો કાળ પહોંચે-ચાલે એવું.

Tem'po-rize, ટેમ્પોરાઇઝ, *vi.* to comply with the time or occasion. દેશ-કાળ-લોકવિચારને અનુસરીને-જમાના પ્રમાણે ચાલવું.

Tempt, ટેમ્ટ. *vt.* (L. *tento* I try) to entice to evil; venture on, test.લલૈચાવવું, લોભાવવું, સમજાવવું, મન કરાવવું; ની દૃઢતા જોવી, કસવું, કસીજોવું.

Temp-ta'tion, ટેમ્ટેશન, *n.* trial, allurement. અજમાએશ,માણુસની ધીરજ કે આપ જણાઈ આવે એવો મામલો-કામ, કસોટી, કસણી; લોભ, લાલચ.

Ten'a-ble, ટેનૅબલ, *a.* (L. *teneo* I hold) that can be held. રાખી કે રક્ષણ કરી શકાય, રહે, મળે કે મળ્યાં કરે એવું.

Te-na'ci-ous,ટિનેશિઅસ,*a.* holding fast, adhesive, obstinate.કદી મૂકી-છોડી ન દે એવું;ચિમ્મડ,ચિંવડ,જેમાંથી કદી ખસે નહિ એવું; ચીકણું, ચહોંટી-વળગી રહે એવું,'ચામડ઼ જેવું.

Ten'an-cy, ટેનૅન્સિ, *n.* a holding or temporary possession. વહિવટ, ભોગવટો, કબજો, ઉપભોગ સત્તા, ભાડાકબજો.

Ten'ant, ટેનૅંટ, *n.* one who holds property of an-

other. બીજાની જમીન ગણોતે ખેડનાર, ખેડુત, સાંથિયો, આસામી, ભાડે રહેનાર, ભાડુત.

Ten′ant-a-ble, ટેનૅટૅબલ, *a.* fit for occupation. ભાડે રાખવાજેવું, ભાડાખાઉ, ગણોતે આપવા-સાંઠવાજેવું.

Tend, ટેંડ, *vi.* (L. *tendo* I stretch) to move in a certain direction; aim at; contribute. વળવું, ફંટાવું, જવું; પડવું, લક્ષ-ધોરણ હોવું-રાખવું-રહે એમ કરવું; નું સાધન-કારણ થઈ માંથી ફળ-પરિણામ થવું-નિકળવું, થી મદદ-ઉમેરો થવો. *vt.* to watch; take care of, wait on. સાચવવું, ખબર અંતર રાખવી, બરદાસ લેવી, ચાકરી કરવી, જોઈતું આપવાને રહેવું.

Tend′en-cy ટેંડઅનસિ, *n.* inclination; drift. મનનું વળણ, રૂખ, રૂચિત, અંતર શક્તિ, પ્રવૃત્તિ; વલણ, ઝોક, ધોરણ.

Ten′der, ટેંડર, *n.* a vessel attached to another; an attender, nurse; offer. સીધુંપાણી વગેરે પહોંચાડવાને વહાણોસાથે જે હોડી રહેછે તે, એનજીનસાથે રહેનારૂં કોયલાનું કઠોડું; ચાકરી-બરદાસ કરનાર; ભરી દેવા કરવાનું કહેવું તે-કહેણ, હાજર કરવું તે, નિવેદન, ઈજારો માથે રાખવાની કબૂલત-કબૂલતનામું. *vt.* to offer. નાણું ભરી દેવું; નિવેદન-હાજર કરવું.

Ten′der, ટેંડર, *a.* (L. *tener* soft) delicate; affectionate. કુમળું, નાજુક, કાવળું, નરમ, સુંવાળું, સુકુમાર; હેતાળ, દયાળુ, પૂરા ભાવથી કાળજી રાખનાર, જીવનીપેઠે સાચવનાર. [સંધિબંધન, સ્નાયુ.

Ten′don, ટેંડૉન, *n.* sinew; હાડકાંસાથે માંસને વળગાડનારા રેશા,

Ten′dril, ટેંડ્રિલ, *n.* (Fr. *tenir* I hold) clasper of a vine. વેલા વગેરેનો બીજા પદાર્થને વીંટલાઈ રહેવાનો વાળો-હાથો.

Ten'e-ment, ટેનિમેંટ, *n.* a dwelling-house. ઘર. મકાન.
Te'net, ટિનેટ્, *n.* doctrine, opinion, principle. વિચાર, મત.
Ten'on, ટેનન, *n.* end of timber fitting into socket. સાલ.
Ten'or, ટેનાર, *n.* character; purport; part in music. તરેહ, ઘાટી, તાસીર, ધોરણ, સ્વરૂપ; ભાવ, ભાવાર્થ; મધ્યસૂર-સવન.
Tense, ટેન્સ, *n.* (Nor. *tens*) form of a verb to express time. કાળ. [તસતસતું, તણાયલું. ખેંચાયલું, તંગ.
Tense, ટેન્સ, *a.* (L. *tendo* I stretch) strained tight.
Ten'sion, ટેન્શન, *n.* strain. તસતસતાપણું.
Tent, ટેટ, *n.* a pavilion, movable lodge, a roll of lint. તંબુ, ડેરો, શિબિર; ગુમડાના મ્હોમાં મૂકવાની બત્તી. *vt.* to probe.—માં બત્તી ફેરવવી કે બત્તી મૂકી ખુલ્લું રાખવું.
Ten-u'i-ty, ટેન્યુઇટિ, *n.* (L. *tenuis* thin) thinness. પાતળાસ—પણું, ઝીણાસ, સૂક્ષ્મતા.
Ten'u-ous, ટેન્યુઅસ, *a.* thin, slender. પાતળું, ઝીણું, સૂક્ષ્મ.
Ten'ure, ટેન્યૂર, *n.* (L. *teneo* I hold) a holding. ઉપભોગ, ભોગવટો, માલકીની સત્તા—હક, સત્તા—ઉપભોગપ્રકાર.
Tep'id, ટેપિડ્, *a.* (L. *tepeo*) moderately warm. છેક ટાઢું નહિ એવું, હુંફાળું, કોષ્ણ, કોકીલું.
Term, ટર્મ, *n.* (Gr. *terma* a boundary) a boundary; limited time; a word; in *pl.* conditions. મર્યાદા, સીમા; મુદ્દત, કાળ, વખત, વિદ્યાશાળામાં ભરવાના દહાડા; શબ્દ, સંજ્ઞા, પરિભાષા, પદ; શરતો. *vt.* to name. કહેવું, નામ આપવું.
Ter'ma-gant, ટરમૅગંટ, *n.* (AS. *tyr* lord & *magan* able) a

brawling woman. કરકશા, કજીયાખોર સ્ત્રી, મુખચપલા. *a.* quarrelsome. કજીયા-ટંટાખોર. [ending.અંતનું, છેડાનું.
Term′in-al, ટર્મિનૅલ, *a.* (Gr. *terma* a boundary)
Term′in-ate, ટર્મિનએટ, *vt.* to limit ; put an end to. સીમા બાંધવી-કરવી; અંત-છેડો લાવવો, પૂરૂં-સમાપ્ત કરવું. *vi.* to end. અટકવું, અટકી પડવું, પૂરૂં થવું.

Term-in-a′tion, ટર્મિનએશન, *n.* end; conclusion. અંત, છેડો, અવધિ, સમાપ્તિ, આખર; પરિણામ; અંત્યાક્ષર, પ્રત્યય.
Term′in-us, ટર્મિનઅસ, *n.* end of railroad; a boundary. રેલવેના બે છેડામાંનો એક, નાકું; મર્યાદા, સીમા, છેડો, ખેતરપાળ, શીમદેવ.
Ter′race, ટેરેસ, *n.* (L. *terra* the earth) mound of earth; a flat roof. ડુંગરની બાજુએ કે જમીનપર એકપર બીજો કરેલો ઓટલો-ચોતરો, ચોરો; અગાસી, ધાબું.
Terr-a′que-ous, ટેરૅકુઇઅસ, *a.* (L. *terra* & *aqua* water) composed of land & water. ખુશ્કી ને તરીનું, જળસ્થળમય.
Terr-ene′, Terr-es′tri-al, ટેરીન, ટેરેસ્ટ્રિઅલ, *a.* belonging to the earth. પૃથ્વી સંબંધી-ઉપરનું, સ્થલચરભૂચર, આ દુનિયાનું, સ્થળ, ભૌમ.

Terr′i-ble, Terr-if′ic, ટેરિબલ, ટેરિફિક, *a.* (L. *terreo* I frighten) fearful, dreadful, awful. ભયાનક, ત્રાસદાયક, થથરાવી નાખે એવું. [દેવું, ના મનમાં ત્રાસ પેદા કરવો.
Terr′i-fy, ટેરિફાઈ, *vt.* to frighten. થથરાવી નાખવું, ધ્રૂજાવી

Terr'i-tor-y, ટેરિટૉરિ, *n.* (L. *terra*) a district of country. રાજ્ય, દેશ, વિષય, તાબાનો આખો મુલક-સંસ્થાન.
Terr'or, ટેરર, *n.* (L. *terreo* I frighten) great fear, dread, alarm. મહોટું ભય, ત્રાસ. [neat. ટુંકું ને ખૂબીવાળું.
Terse, ટર્સ, *a.* (L. *tergeo* I wipe) concise & elegant,
Test, ટેસ્ટ, *n.*(L. *testa* a trial) a cupel to try metals; trial, standard, proof. ધાતુને ગાળી તેને શોધવાની વાડકી, કુલ્ડી; શોધન, પારખ, પરીક્ષા કરવાનું સાધન-ધોરણ, કસોટી. *vt.* to try. શોધવું, શોધન કરવું, પારખવું, કસવું, તપાસી ખાતરી કરીલેવી.
Tes'ta-ment, ટેસ્ટમેંટ, *n.* (L. *testes* a witness) a will; scripture. વસિયતનામું, વ્યવસ્થા-મૃત્યુપત્ર; કરાર. [કરનારો.
Tes-ta'tor, ટેસ્ટેટૉર, *n.* one who leaves a will. વસિયત-નામું
Tes-ti-fy, ટેસ્ટિફાઈ, *vi.t.* to bear witness to. ખાતરીથી બોલવું-લખવું, ખાતરી કરી આપવી, સાખ-સાક્ષી-શાહેદી આપવી-પૂરવી.
Tes-ti-mo'ni-al, ટેસ્ટિમોનિયલ, *n.* a certificate of character. સારી ચાલનું સર્ટિફિકેટ, સુનામપત્ર.
Tes'ti-mo-ny, ટેસ્ટિમૉનિ, *n.* evidence, affirmation in proof. પ્રતિજ્ઞાપર આપેલી શાહેદી-સાક્ષી-જુબાની, સાખ, ખાતરીથી કહેવું-બોલવું. [ચ્હીડિયું, ધૂંધવાતું, ખાડિકરડું કરતું-કરનારું.
Tes'ty, ટેસ્ટિ, *a.* (Fr. *tete* the head) easily irritated.
Tete-a-tete, ટેટેટેટ, *n.* (Fr.) head to head, in private. મહોંમાં મહોં ઘાલીને કરેલી વાત, ઘુસપુસ.
Teth'er, ટેથર, *n.* (Gael. *teod* halter) a rope, chain. પશુને ખીડમાં ચારવામાટે બાંધી મૂકવાનું દોરડું, દામણ. *vt.* to tie. ને દામણ બાંધવી, દામણવું.

Text, ટેક્સ્ટ, *n.* (L. *texo* I weave) subject of sermon. મૂળ, વચન, વાક્ય, મતીક.

Tex'tile, ટેક્સટિલ, *a.* woven. વણેલું, વણીને બનાવેલું, વીત.

Tex'ture, ટેક્સટચૂર, *n.* a web; manner of weaving. થાન, તાકો; વણાટ, વણતર, બનાવટ, પોત, કુમાશ.

Than, ધૅન, *con.* (AS. *thanne*) noting comparison. થી,-નાથી, કરતાં, ના કરતાં.

Thank, થૅંક, *vt.* (AS. *thane* mind) to express gratitude. નો પાડ-ઉપકાર-આભાર માનવો-સમજવો-ગણવો.

Thank'ful, થૅંક્ફુલ, *a.* grateful. ઉપકાર માનનાર, પાડીલું.

Thanks, થૅંક્સ, *n. pl.* expression of gratitude. માનેલો-જાણેલો પાડ-ઉપકાર. [જે.*con.* noting purpose.કે, જે.

That, ધૅટ, *pro.* (AS.) not this but the other. તે, એ, પેલું;

Thatch, થૅચ, *n.* (AS. *thac* a covering) straw roof. છાજ-પરાળ વગેરે પર છાવાનું, છાવણ. *vi.* to cover with straw. છાવું, ઉપર છાવણ કરવું-નાખવું.

Thaw, થૉ, *vi. t.* (AS. *thawan*) to melt. ઓગળી-ગળી-પીગળી જવું; પાણી કરી નાખવું. *n.* disappearance of frost. બરફનું ઓગળી જવું તે, હિમદ્રવ, હિમગલન.

The, ધી, *art.* (AS.) denoting particular person or thing. એ, તે. [arena. નાટકશાળા; રંગભૂમિ.

The'a-tre, થિએટર, *n.* (L. *theatrum*) a playhouse;

The-at'ri-cal, થિઍટ્રિકલ, *a.* pertaining to theatre. નટ-નાટક-નાટક શાળા સંબંધી-ના જેવું, નાટકીય.

Theft, થેફ્ટ, *n.*(AS. *theofian* to thieve) robbery.ચોરી.
Theme, થીમ, *n.* (L. *thema*) subject, topic. વિષય, પ્રકરણ, નિબંધ, ભાષણ. [આસ્તિક્ય, ઈશ્વરવાદ.
The'ism, થિઈઝમ, *n.* (Gr. *theos* a god) belief in God.
Then, ધેન્, *ad.* (Sax. *than*) at that time; afterwards; therefore.ત્યારે, તે વખતે, પછી, ત્યારપછી;તેથી, એમ છે તો.
Thence, ધેન્સ, *ad.* from that place or time; for that reason. ત્યાંથી, તે જગાએથી; ત્યારથી, તે વખતથી; તેથી, તે કારણને લીધે. [time. તે વખતથી, ત્યારથી-પછી, તતઃપર.
Thence'forth,ધેન્સફોર્થ,*ad.* thenceforward, from that
The-ol'o-gy, થિઑલોજી, *n.* (Gr. *theos* a god & *logos* speech) the science of god and divine things. ઈશ્વરવિદ્યા-જ્ઞાન-શાસ્ત્ર.
The'o-ry, થિયોરિ, *n.* (Gr. *theores* a speculator) speculation; scheme; science.માત્ર મહોંની-કહેવાની-તર્કની વાત,મનઃકલ્પના;શાસ્ત્ર-વિદ્યાના નિયમો,બીજ-વ્યવસ્થા વિવરણ-શાસ્ત્ર. [ઠેકાણે, ત્યાંહાં, પહણે.
There, ધેઅર, *ad.* (AS. *ther*) in that place. તે જગાએ-
There'fore, ધેઅરફોર, *ad.* for this reason; consequently. તેમાટે, એટલામાટે, તેથી, આથી, એકારણ માટે-લીધે; માટે, એથી સિદ્ધ થાયછે કે.
Ther-mom'et-er, થર્મૉમિટર, *n.* (Gr. *thermos* warm & *metron* measure.) તાપ કેટલી માત્રાછે તે માપવાનું યંત્ર, ઉષ્ણમાન. [she or it. તેઓ, એઓ.
They, ધે, *pro.* (AS. *thoege*) nominative *pl.* of he

Thick, થિક્, *a.* (AS. *thic*) dense; close, turbid; coming in quick succession. જાડું, ઘાડું, ઘન; ખીચોખીચ ભરેલું-વાવેલું; નિર્મળું નહિ એવું, રગડા જેવું, ડોવાયલું; ઉપરાઉપરી આવતું.

Thick'et, થિકિટ્, *n.* close wood. ઝાડી. [તસ્કર, સ્તેન.

Thief, થીફ્, *n.* (AS. *theofian*) one who steals. ચોર,

Thieve, થીવ, *vi.* to steal, rob. ચોરવું, ચોરી કરવી.

Thigh, થાઈ, *n.* (AS. *theoh*) leg between hip & knee. જાંગ. જાંઘ, ઉરૂ. [finger. દરજીની અંગુઠી, અગ્રાંગુલીત્ર.

Thim'ble, થિમ્બલ, *n.* (thumb-bell) protection for

Thin, થિન્, *a.* (AS. *thyn*) lean, liquid; not crowded; flimsy, slight. પાતળું, ઝીણું, સૂક્ષ્મ; આછુંઆછું, છુટુંછુટું, આછું, વિખરાતું; કાચું, પકડાઈ જાય એવું. *vt.* to make less thick, dilute. પાતળું કરવું.

Thing, થિંગ, *n.* (AS.) any substance, event, action; *pl.* appurtances, clothes, &c. નિર્જીવ વસ્તુ, પદાર્થ, ચીજ, વસ, જણસ; વાત, બાબત, બીના લૂગડાંલત્તાં, ગાંસડાપોટલાં, સામાન સરંજામ.

Think, થિંક, *vi. t.* (AS. *thyncan*) to remember, consider; judge, believe; purpose, intend; presume; reason. સાંભરવું, યાદ આવવું; વિચારવું; ને લાગવું, ધારવું; ના મન-વિચારમાં હોવું; માનવું, સમજવું, જાણવું; વિચારશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવો.

Thirst, થર્સ્ટ, *n.* (AS. *thyrst*) desire of drink. તરસ, તૃષા. *vi.* to want to drink; long for. તરસ લાગવી; લલુતા-મન થવું, ઈચ્છા કરવી, ટાંપી રહેવું.

'Thirst'y, થર્સ્ટિ, *a.* dry. તરસ્યું, તૃષિત, તૃષાળું, ભૂખ્યું.
This'tle, થિસલ, *n.* (AS. *thistal*) a prickly plant. કાંટાકાંટાવાળું છોડ-શેળો, ઉંટકટો.
Thith'er, થિધર, *ad.* (AS. *thider*) to that place. ત્યાંહાં.
Thong, થૉંગ, *n.* (AS. *thwang*) thin leather strap. ચામડાની સાંકડી ચીપ-બંધ.
Tho'rax, થોરૅક્સ, *n.* (L.) the cavity of the chest. [છાતી, ઉરઃસ્થળ, વક્ષઃસ્થળ.
Thorn, થૉર્ન, *n.* (AS.) prickle, spine; trouble. કાંટો, કંટક, શૂળ; સાલ, પીડા, જંજાળ, શલ્ય.
Thor'ough, થરો, *a.* (AS. *thurh*) passing through; perfect. બધે જનારૂં, પસરી ગયલું, પહોંચી જાય એવું; પાકું, સંપૂર્ણ, પૂરૂં.
Thor'ough-fare, થરોફેર, *n.* a passage. ખુલ્લો-ધોરી રસ્તો.
Though, ધો, *con.* (AS. *theah*) granting; however. તોપણ, તથાપિ, યદ્યપિ; અગર, જો; એમ છતાં, તેછતાં.
Thought, થૉટ, *n.* (AS. *thoht*) meditation, serious consideration; opinion; purpose. વિચારશક્તિ, મનોવ્યાપાર, ઉંડો-ખુબ વિચાર, તુરંગ, કલ્પના; મનની વાત, અભિપ્રાય; ઈરાદો, મતલબ.
Thought'ful, થૉટ્ફુલ, *a.* considerate. વિચારવંત-વાન.
Thral'dom, થ્રૉલડમ, *n.* (Dad. *trældom*) slavery. ગુલામગિરી, દાસત્વ, પારતંત્ર્ય.
Thrash, થ્રૅશ, *vt.* (AS. *therscan*) to beat out grain; drub. કણસલાંમાંથી દાણાં છૂટા પાડવાસારૂ ઝૂડવું; ઝપેટવું, ટપેરવું.
Thread, થ્રેડ, *n.* (AS. *thræd*) a small twist of silk,

cotton, &c; filament. દોરો, તાંતણો, સતર, સૂત્ર, સંદર્ભ; રેષો, તંતુ, તાર; ફુલમાંનું કેસર; સ્ક્રૂનો પેચ. *vt.* to put a thread in.–માં દોરો પોરવવો–પોવો.

Thread'bare, થ્રેડ્બેર, *a.* worn out; common. તારેતાર દેખાય એવું ઘસઈ ગયલું; સાધારણ થઈ ગયલું. [ધમકી, ધોકો, દબડકી.

Threat, થ્રેટ્, *n.* (AS. *thryth*) denunciation of ill.

Threat'en, થ્રેટ્ન, *vt.* to menace. ધમકી આપવી, ધોકો કસવો, થી ભો કે ભીતિ લાગવી, બ્હીક કે ધાસ્તી રહેવી.

Threat'en-ing, થ્રેટ્નિંગ, *a.* menacing, imminent. ધમકી બતાવતું, ધમકાવતું, ધાસ્તી લગાડતું, હમણા આવી પડશે

Thresh, થ્રેશ્, *vt.* (See Thrash). [એવી ભીતિ ઉત્પન્ન કરતું.

Threshold, થ્રશ્હોલ્ડ, *n.* (AS. *therscold*) door sill; outset; gate. ઉમરો, ઉંબર; શિરૂઆત, આરંભ; દરવાજો.

Thrift, થ્રિફ્ટ, *n.* (Dan. *trives*) wise management, prosperity. પૈસા જાળવી રાખવા તે, પૈસાજોડુપણું, ખર્ચ ચલાવવાની આવડત; ચઢતી કળા.

Thrift'y, થ્રિફ્ટિ, *a.* saving; thriving. પૈસા જોડુ, તપાસી ખર્ચ કરનારૂં, ખર્ચીતાની આવડતવાળું; ચઢતી કળામાં આવતું.

Thrill, થ્રિલ્, *vt.* (AS. *thyrlian*) to cause to tingle. –થી ધુમ્મ થઈ–કોરાઈ–વીંધાઈ–ફુટીજવું, વ્યાપી–પસરીજાય એમ કરવું. *n.* tingling. ધુમ્મપણું, ઝણઝણી.

Thrive, થ્રાઈવ, *vi.* (Icel. *thriag* to flourish) to prosper. પૈસા જોડવા–કમાવા, ચઢતી કળા થવી, જોર–બળથી વધતા જવું.

Throat, થ્રોટ, *n.* (AS. *throte*) fore part of the neck. ગળું, હલક.

Throb, થ્રૉબ, *vi.* (AR. *dorab* to beat) to beat forcibly. જોરથી ધબકવું, ધડ્ડુધડક થવું. *n.* pulsation. ધબકારો, ધડકવું તે.

Throe, થ્રો, *n.* (AS. *threowan* to suffer) pang of pain, anguish. પ્રસવ-પ્રસૂતિ વેદના.

Throne, થ્રોન, *n.* (L. *thronus*) a royal seat; kingly power. ગાદી, તખ્ત, રાજ્યાસન, સિંહાસન; રાજત્વ, નૃપત્વ.

Throng, થ્રૉંગ, *n.* (AS. *thringan* to press) a crowd multitude. ખીચોખીચ ભરાયલું ટોળું, ઠઠ, ભીડ, સમુદાય, વર્ગ. *vi. t.* to crowd. ટોળેટોળાં-ની ઠઠની ઠઠ આવવી-ભાઝવી.

Throt'tle, થ્રૉટલ, *n.* (AS. *throte*) the windpipe. ગળામાંની શ્વાસ નિકળવાની નળી, શ્વાસમાર્ગ. *vi. t.* to choke. ગુંગળાવું, શ્વાસ રોકવો-રૂંધવો-અટકાવવો.

Through, થ્રૂ, *prep.* (AS. *thurh*) from end to end; by means of. આરપાર, એક છેડેથી બીજા સુધી, માંથી, માં થઈને, માં, મધ્યે, બધે, સઘળે ઠેકાણે; ને લીધે-વડે, ની પાસે-સાથે-મારફતે.

Through'out, થ્રૂઆઉટ, *prep.* in every part of. સઘળે ઠેકાણે, બધે.

Throw, થ્રો, *vt.* (AS. *thrawan* to twist, turn) to fling, cast; put off; put on, spread carelessly; prostrate. ફેંકવું, નાખવું, ઉરાડવું; લૂગડાં ઉતારવાં-કાઢવાં; પટકવું, જેમતેમ પહેરવું-ઓઢવું, ઘાલવું, બિછાવવું, લાવી નાખવું; પાડવું, પાડી નાખવું.

Thrust, થ્રસ્ટ, *vt. i.* (Icel. *thrista* to force, urge) to

push or drive with force,stab.હડાવી દેવું, દાબી ઘાલવું, ઘાલી દેવું, ઠાંસો-હડસેલો મારી હટાવવું; ભોકવું, ઘોચી દેવું; ધુસવું, ધુસ્યા જવું.

Thumb, થમ, *n.* (AS.*thuma*) short thick finger.હાથનો અંગુઠો.

Thump,થમ્પ,*n.*(Scot.*bump* a stroke) a heavy blow. ધબકારો,ઠબકારો.*vi.t.* to beat.ધબ્બ-ઠબ્બ લઈને ઠોકવું-અફાળવું-પડવું.

Thun'der, થંડર, *n.* (AS.) report after lightening. વરસાદનું ગાજવું-કડાકો-કડાકાભડાકા; મેઘ ગર્જના-નાદ. *vi.* to sound, roar. કડાકા-ગર્જના કરવી-થઈ રહેવી, ગાજી રહેવું.

Thun'der-bolt,થંડરબોલ્ટ,*n.* a shaft of lightening. વીજળીનો લાંબો લિસોટો, વિદ્યુલ્લેખા; ધમકી, ભય.

Thun'der-struck, થંડરસ્ટ્રક, *a.* astonished.વિસ્મિત-દંગ-ચકિત-ચિત્રામણ થઈ ગયેલું, થીજી ગયેલું.

Thus, ધસ, *ad.*(AS.) so, in this way; to this degree. આ-તેની પ્રમાણે, આ રીતે, એમપ્રકારે; આટલે દરજ્જે-સુધી, આટલું, આવડું.

Thwart,થ્વાર્ટ,*a.*(AS.*thweorh*)being across.આડ-આડીનાજેવું, આડું.*vt.* to oppose; defeat.નડવું,ની સામા પડવું, ને હરકત કરવી.

Ti-a'ra, ટાઈઅરં, *n.* (L. Gr.) a diadem. મુગટ, તાજ.

Tick, ટિક, *n.* (See Ticket) credit. ઉધાર લેવું-આપવું તે; on tick. ઉધાર. (Fr. *tique*) an insect. ઢોરને વળગેછે તે ગીંગોડું-ડો. (L. *theca* case) bed case. તળાઈ વગેરેનું ખો-

ળિયું.*vi.*(Ger. *ticken*) to beat as watch. ટક્ટક્-ટિક્ટિક્ થવું. [ઘોળિયાનું લૂગડું.

Tick'en, Ticking, ટિક્ન, ટિકિંગ, *n.* a cloth for bed case.

Tick'et, ટિકિટ્, *n.* (Fr. *etiquette* a label) a small card. ટિકિટ, ચિઠ્ઠી, ચિટ્ઠી. *vt.* to mark. ટિકિટ મારવી-ચહોડવી.

Tick'le, ટિક્લ, *vt.* (Icel. *kitla*) to thrill by touch, titillate; please. ગિલી-ગિલીપીચી કરવી; ખુશ કરી નાખવું, રાજીરાજી થઈ જવું.

Tick'lish, ટિકિલશ્, *a.* easily tickled; tottering. જરામાં ગિલીપીચી થાય એવું; આ પડયા-આ ગયા જેવું, ડગમગતું, ડામકડોળ જેવું. [ભરતીઓટ વેળા.

Tide, ટાઈડ, *n.* (AS. *tid* time) flowing of the sea. જુવાળ,

Ti'dings, ટાઈડિંગ્ઝ, *n.pl.* news, intelligence. ખબરઅંતર, સમાચાર. [સ્વચ્છ, સુઘડ.

Tid'y, ટાઈડિ, *a.* neat and simple. ઠીકઠાક-સાફસુફ રહેનારું,

Tie, ટાઈ, *vt.* (AS. *tyan* to tie) to bind, unite, constrain. બાંધવું, ગાંઠવું, સાંધવું, વાળવું; ના બંધન-પ્રતિબંધમાં રાખવું. *n.* obligation, equality; cloth for neck. દોસ્તીની ગાંઠ, બંધન; બેઉપક્ષ વાળાનું બરાબર નિકળવું-હોવું; ગળેબંધ; ગાંઠ, બંધ, કસ; અંબોડો, શિખા, વેણી. [એવી હાર.

Tier, ટીર, *n.* (AS. *tier* rank) a row, rank. એકપર એક

Ti'ger, ટાઈગર, *n.* (L. *tigris*) a beast of prey. વાઘ, વ્યાઘ્ર.

Tight, ટાઈટ, *a.* (AS. *tigan* to tie) not loose or leaky, close, tense. સજ્જડ બેસતું-બેઠેલું, ફાટ કે કાણું ન હોય એવું,

સાબુત, જલાભેધ, ઘણી હવા ન આવી શકે એવું; બેસતું, તંગ, તણાતું, તસતસતું, ખેંચેલું, તાણેલું.

Tile, ટાઇલ, *n.* (L. *tegula*) earthen plate for roof. મોભપર છાવાનો થાપડો, વિલાયતી નળિયું. *vt.* to cover with tiles. નળિયાએ છાવું, છાપરૂં ચાળવું. [પૈસા નાખવાનો ગલ્લો—ગોલક.

Till, ટિલ, *pre.* (AS. *til*) until. સુધી, લગી. *n.* a money-box.

Till, ટિલ, *vt.* (AS. *tilian* to labour) to plough, cultivate. ખેડવું, ખેડી તૈયાર કરવું.

Till'age, *n.* ટિલેજ, culture of soil. ખેડ, કૃષિકર્મ, ખેતી.

Till'er, ટિલર, *n.* a husbandman. ખેડુત, ખેડનાર. (AS. *telgor* a plant) handle of a rudder. સુકાનનો દાંડો, ખહાવો, બકરો.

Tilt, ટિલ્ટ, *n.* (AS. *tealtian* to shake) a thrust; military exercise. ઠોસો, હડસેલો, ગોદો; ભાલાબાજી, મલ્લયુદ્ધ. *vt.* to incline; rush. નમાવવું, નમેલું રાખવું, ભોકવું, ઘોચવું, મારવું.

Tim'ber, ટિમ્બર, *n.* (AS. *timbor*) wood for building. ઇમારતી લાકડું. [of drum. ઢોલક, ઢોલકી, પખવાજ.

Tim'brel, ટિમ્બ્રિલ, *n.* (It. *tamburo* a tabour) a kind

Time, ટાઇમ, *n.* (AS. *tima*) a part of duration; season; age; life; repetition. વખત, કાળ, વેળા, સમય; ઋતુ; જમાનો, સમો; આ જનમ—ભવ—અવતાર, મનખો; વાર, પટ, ખેપ. *vt.* to adapt to occasion; regulate. વખતજોઇ—વિચારી—જેવો પ્રસંગ તે પ્રમાણે કરવું; વખત રાખવો—કહેવો—બાંધવો—નીમવો.

Time'hon-oured, ટાઇમઑનર્ડ, *a.* honoured for a long

time. લાંબી મુદ્દતથી–પરાપૂર્વથી મ્હોટું–માન્ય–પૂજ્ય ગણાતું આવેલું.

Time'ly, ટાઈમલિ, *a.* in good time. અન વખતનું, વેળાસર–આગળથી થયલું–આવેલું, યથાકાલિક. *ad.* early. વખતસર, જે વેળાએ જોઈએ તે વળાએ, યથાકાળ.

Time'serv-er, ટાઇમસર્વર, *n.* one who complies with the times. વખત કે રંગ જોઈને–જેવો વખત તેમ–મ્હોટાની મરજી કે રૂચિત પ્રમાણે ચાલનાર, દેશતેવો વેશ લેનાર.

Tim'id, ટિમિડ્, *a.* (L. *timere* to fear) wanting courage. બ્હીકણ, ભડકણ, ભીરૂ, કમહિંમત.

Tim-id'i-ty, ટિમિડિટિ, *n.* want of courge. બ્હીકણપણું.

Tim'or-ous, ટિમૅારસ, *a.* (L. *timor* fear) fearful. ઊક બ્હીકણ, નામરદ, પચકું.

Tin, ટિન, *n.* (AS.) a white metal.કહેલાઈ, કહેલે. *vt.* to cover with tin. ને કહેલે કરવી–દેવી.

Tinc'ture, ટિંકચર, *n.* (L. *tingo* I dye) extract; tinge or shade of colour; slight taste. સત્વ; આભાસ, જરા સુરખી, છાંટ; જરા સ્વાદ, અસર, બો, ગંધ.

Tin'der, ટિંડર, *n.* (AS. *tynder*) scorched linen.ચકમક આદિનો ગુલ, તરત સળગી જાય એવું કરેલું કંઈ.

Tinge, ટિંજ, *vt.* (L. *tingo* I dye) to imbue, dye. આભાસ–જરા સુરખી મારે એમ કરવું, અસર–ગંધ–સ્વાદ રહે–હોય–જણાય એમ કરવું. *n.* a colour. રંગ, આભાસ, અસર.

Ting'le, ટિંગલ, *vi.* (L. *tinnio* I ring) to thrill. માં ઝણઝણ–ચટકચટક–સળવળ સળવળ થવું–લાગવું, ચમચમવું.

Tink'er, ટિંકર, *n.* (W. *tinciaw* to ring) mender of pots. જૂનાં ત્રાંબા પિત્તળનાં વાસણોને સાંધી સારાં કરનાર, કંસારો.
Tink'le, ટિંકલ, *vi.* (W. *tincial*) to clink. ખણખણવું, ખખડવું. *n.* clink. ખણખણાટ, ખખડાટ, રણકો.
Tin'sel, ટિન્સિલ, *n.* (L. *scintilla* a spark) something shining. ઘણી કીમતી નહિ પણ ચળકાટવાળી–ઝલેદાર–ભભકદાર–રોનકદાર કોઈ વસ્તુ, ખોટી કિનારી વગેરે. *a.* gaudy, showy. બહારથી ભભક–રોનક આપનારૂં, ખોટું.
Tint, ટિંટ, *n.* (It. *tinta* a dye) a slight colour. ઝાંખો રંગ.
Ti'ny, ટાઈનિ, *a.* (L. *tenuis* thin) very small. ઘણું નહાનું, ટિનકુડિયું, અલ્પાલ્પ.
Tip, ટિપ, *n.* (Dut.) the end, point. અગ્રભાગ, ટોચ, છેડો, અણી, ટેરવું. *vt.* to form or cover point. નું કસાથી અગ્ર કરવું, અગ્રપર કંઈ મૂકવું–બેસાડવું–ઘાલવું.
Tipp'et, ટિપેટ, *n.* (AS. *tæppet*) a covering for the neck & shoulders. કંઠવસ્ત્ર, કંઠાચ્છાદન.
Tip'ple, ટિપલ, *vi.* & *t.* (from Tip) to drink to excess. દારૂ–નિશાબાજી કરવી, દારૂ-મદ્ય પીવાનું વ્યસન હોવું. [મસ્ત.
Tip'sy, ટિપ્સિ, *a.* intoxicated, drunk. પીધેલ, છાકટું,
Tip'toe, ટિપ્ટો, *n.* the end of the toes. પગના અંગુઠા કે આંગળીનું ટેરવું. [ષ્ઠા. *a.* most excellent. ઘણુંજ સારૂં, સર્વોત્તમ.
Tip'top, ટિપ્ટૉપ, *n.* highest degree. કંઈ ઘણુંજ હોવું તે, પરાકા-
Ti-rade', ટાઈરેડ, *n.* (L. *traho* I draw) noisy censure. ઠોક, નિંદાત્મક ભાષણ.

Tire, ટાઇર, *n.* (AS. *tier*) a tier, row. એકપર એક એવી હાર. [પૈડાની વાટ.

Tire, ટાઇર, *n.* (AS. *tian* to tie) a band for wheel.

Tire, ટાઇર, *vt. i.* (AS. *teorian* to weary) to weary. થકવવું,–થી થાકવું, શ્રમિત કરવું; થાકી જવું, કંટાળવું, હેરાન-બેજાર થઈ–ધરાઈ જવું, ગન ઉઠી જવું.

Tired, ટાઇર્ડ, *a.* fatigued. થાકી–કંટાળી ગયલું.

Tire'some, ટાઇરસમ, *a.* fatiguing, tedious. થાકી જવાય–થાક લાગી જાય એવું; કંટાળી જવાય એવું, હેરાન કરનારૂં.

Tiss'ue, ટિશ્યૂ, *n.* (L. *texo* I weave) cloth interwoven with gold or silver. કિનખાબ, કસબી–જરીબુટ્ટીનું કપડું–લુગડું, બૂટ્ટે–તરહેદાર કાપડ, ફુલેવર, પ્રાણી કે વનસ્પતિના અંગમાંનાં છિદ્રો તથા ઝીણી શીરાઓનો ગુંફડો, પેશી, જાળું.

Tit, ટિટ્, *n.* (Icel. *teitr* a horse) a small horse or thing. ટટવાણું, ટટ્ટુ; કોઈ નહાની ચીજ; નહાનું સરખું બૈરૂં, ટીચકુડી. [મો ભાગ, દશાંશ.

Tithe, ટાઇથ, *n.* (AS. *teodha* the tenth) a tenth. દસ-

Tit'il-late, ટિટ્ઇલ્લેટ, *vt.* (L. *titello*) see Tickle.

Ti'tle, ટાઇટલ, *n.* (L. *titulus*) inscription; right, appellation of honour. નામલેખ, શીરોનામ, વિષયોદ્દેશ; હક, સત્તા; ખિતાબ, ઇલ્કાબ, કીર્તિનામ, ઉપનામ.

Tit'ter, ટિટર, *vi.* (Ger. *kichern*) to laugh, giggle. ખીખી–ઠીઠી-મનમાંને મનમાં હસવું, *n.* a restrained laugh. ઠિઠિઆ.

Titt'le, ટિટ્લ, *n.* (See Tit) a dot, point. છાંટો, લેશ, અણુ.

Tit'u-lar, ટિટ્યુલર, *a.* nominal. નામનું, નામધારી, ઓઠા-
પૂતળાં જેવું. [ઉપર, તરફ, સુધી, સાથે, ને, માટે, પ્રત્યે.
To, ટૂ, *prep.* (AS.) toward. પાસે, કને, સોડે, માં, એ, ને,
Toad, ટોડ, *n.* (AS. *tadie*) a reptile. દેડકું, મેંડક, ફુદુર.
Toast, ટોસ્ટ, *vt.* (L. *tostum* to parch) to dry & scorch at the fire. સેકીને-વઘડાવીને ભૂંજવું, સેકવું. *n.* browned bread. વઘડાવીને સેકેલી રોટલી.
Toast, ટોસ્ટ, *n.* (Fr. *tasse* a drinking cup) a sentiment honoured by drinking. સુખી ને આરોગ્ય રહો એમ કહી વાઈનનો પ્યાલો પીએ તે. *vt.* to honor in drinking. તું નામ દેઈનેવાઈનનો પ્યાલો મ્હોંએ માંડવો તે.
To-bacc'o, ટોબેકો, *n.* (Sp. *tabaco*) a plant. તંબાકુ.
To-bacc'o-nist, ટોબેકોનિસ્ટ, *n.* a dealer in tobacco. તંબાકુવાળો. [ing-bell. ગુદ્ધઘંટ, ગુદ્ધઘંટનાદ.
Toc'sin, ટાક્સિન, *n.* (Fr. *toquer* to clap) an alarm-
To-day', ટૂડે, *n.* (*to* & *day*) this present day. આજ.
Todd'le, ટાડ્લ, *vi.* (see *totter*) to walk with short steps as a child. ટૂંકાં ટૂંકાં પગલાં-ડગલાં-ડગ ભરવાં-ભરી ચાલવું.
Toe, ટો, *n.* (AS. *ta*) appendage of foot. પગનું આંગળું-અંગુઠો, પાદાંગુલી. [company. એકઠાં, ભેગાં, સાથે, જોડે.
To-geth'er, ટૂગેધર, *ad.* (AS. *to* & *gador* at once) in
Toil, ટોઈલ, *vi.* (AS. *teolian* to strive) to work hard. સખત મહેનત-શ્રમ કરવો. *n.* tiring labour; a net. સખત મહેનત, આયાસ પરિશ્રમ; જાળ, ફાંદો, પેચ, ફેંદો, દાવ.

Toil'some, ટૉઇલસમ, *a.* laborious, wearisome. મહા-મહેનતનું, કષ્ટસાધ્ય. [સૌંણગાર સજવાની રીત, શૃંગારક્રિયા.

Toil'et, ટૉઇલેટ, *n.* (L. *tela* a web) act of dressing.

To'ken, ટોકન, *n.* (AS. *tacen*) a mark, sign; a memorial of friendship. નિશાણી, ચિન્હ; સંભારણામાં આપેલી કંઈ વસ્તુ, યાદગારી.

Tol'er-a-ble, ટૉલરઍબ્લ્, *a.* (Sans. *tul* to weigh) bearable; passable, moderately good. ખમાય-સહેવાય એવું; ઠીક, મધ્યમ, વચલાં વાંધાનું. [ખોચ નહિ કરવાનો સ્વભાવ-ટેવ.

Tol'er-ance, ટૉલરઅન્સ, *n.* act of enduring. કનવાર-ખણ-

Tol'er-ate, ટૉલરેટ, *vt.* to suffer to be. કનવાર ન કરવી, ચાલે તેમ ચાલવા-કરે તેમ કરવા-થાયતેમ થવા દેવું, ઉદાસી ન થવું-ન રહેવું. [મન માનતો ધર્મ પાળવાની છુટી.

Tol-er-a'tion, ટૉલરેશન, *n.* sufferance. કનવાર ન કરવીતે,

Toll, ટોલ, *n.* (Gr, *telos* a tax) સરકારી પૂલપર કે રસ્તે થઇને જવા આવવા સારૂ બેસાડેલો કર, વાપરવેરો.

Toll, ટોલ, *n.* sound of a bell. શોકઘંટ-નાદ. *vt. i.* to ring a bell slowly. નો શોકનાદ કરવો-થવો.

Tomb, ટમ, *n.* (Gr. *tumbos*) a grave; a tombstone. મુડદું દાટવાનો ખાડો, ઘોર, શબગર્ત; કબર, દેવડી, હજીરો, સમાધ.

Tome, ટોમ, *n.* (Gr. *tomos*) a book, volume. ગ્રંથ, પુસ્તક.

To-morr'ow, ટૂમૉરો, *n.* (AS. *to* & morrow) the day after the present. આવતી કાલ. [૨૦ હંડ્રડવેટ, ૨૨૪૦ રતલ.

Ton, ટન, *n.* (AS. *tunne* a butt) 20 cwt., 2240 lbs. avoir.

Tone, ટોન, *n.* (Gr. *tonos* a stretching) sound; healthy state of body; temper; tenor; style. ઘાંટો, સાદ, અવાજ, સ્વર, શબ્દ, કંઠ, સુર, રાગ; શરીરની નિરોગી ને જાગ્રત સ્થિતિ, દૃઢ પ્રકૃતિ; મનનું વળણ–પ્રકૃતિ; વૃત્તિ, ચિત્તસ્થિતિ; મરોડ; વલણ; ડોળ, તરેહ, તાસીર, સ્વરૂપ.

Tongs, ટૉંગ્ઝ, *n.* (AS. *tang*) large pincers. ચીપિયો.

Tongue, ટંગ, *n.* (AS. *tunge*) organ of taste & speech; speech; language; of a balance or a bell. જીભ, જિહ્વા, રસના; બોલકા–વાચાળપણું, બોલવાની શક્તિ, વાચા; બોલી, ભાષા; કાંટાચી સળી, ઘંટની લાળી.

Ton'ic, ટૉનિક, *a.* (see Tone) increasing strength. કૌવત અને જાગૃતિ આવે એવું–વધારનારૂં, બળવર્દ્ધક.

Ton'nage, ટનેજ, *n.* (See Ton) amount of tons; duty by the ton. ટનમાં એકંદર વજન, એકંદર ટન, વહાણનું ટન પ્રમાણ; વહાણોપર બેસાડેલી જકાત–દર.

Ton'sil, ટૉન્સિલ્, *n.* (L. *tonsus* I clip) a gland at the root of tongue. જીભના મૂલ આગળની રસની કોથળી.

Ton'sure, ટૉનશ્યૂર, *n.* the act of shaving the head; the state of being shorn. માથું મૂંડવું તે, હજામત કરવી તે; હજામત, મૂંડન, ચૌળ.

Too, ટૂ, *ad.* (AS. *to*) over, noting excess, likewise, also. વધારે, ઘણુંજ, અતિશય; તેની સાથે, વળી, પણ, તેમાંવળી.

Tool, ટૂલ, *n.* (AS.) an instrument; a hireling. ઓજાર, હથિયાર; બીજાના ચઢાવ્યાથી ન કરવાનું કામ કરનાર, હૈયા ફુટ્ટું માણસ, કપટ લાકડી.

Tooth, ટૂથ, *n.* (AS. *toth*) bone in jaw; taste; a tine or prong. દાંત, દંત; સ્વાદ, ગળું; દાંતો.

Tooth'ache, ટૂથએક, *n.* a pain in the teeth. દાંતશૂલ-વેદના. [teeth. દાંત ખોતરવાની સળી, દંતશલાકા.

Tooth'pick, ટૂથપિક, *n.* an instrument to clear

Top, ટાપ, *n.* (AS) highest part; a toy. છેક ઉપરનો-ઉપલો ભાગ, મથાળું, ટોચ, શીખર; ભમરડો. *vt.* to tip; rise above; surpass. ને મથાળે હોવું, શિખર ઢંકાવું-ઢંકાયલું હોવું; થી ચઢવું-વધવું. [colours. પાખરાજ, પુષ્પરાજ-રાગ.

To'paz, ટોપેઝ, *n.* (Fr.) a precious stone of various

Tope, ટોપ, *vi.* (Ger. *topf* a pot) to drink to excess. ખૂબ દારૂ પીવો-છાકટા થવું, ઘીંચવું. *n.* ઝાડી.

Toper, ટોપર, *n.* a drunkard, sot. દારૂડિયો, દારૂનો ગરાડી.

Top'ic, ટોપિક, *n.* (Gr. *topos* a place) subject of discourse. વિષય, પ્રકરણ.

Top'ic-al, ટોપિકલ, *a.* local; relating to topic. અમુક જગા-ભાગનું, વિશેષ સ્થાનિક; પ્રકરણનું. [ચામાં ઉંચું.

Top'most, ટાપ્મોસ્ટ, *a.* (L. top and most) highest. ઉ-

To-pog'ra-phy, ટોપોગ્રફિ, *n.* (Gr. *topos* & *grapho* to describe) description of a particular place. અમુક જગાનું સવિસ્તર વર્ણન, વિશેષ સ્થળ-સ્થાન વર્ણન.

Top'ple, ટાપલ, *vi.* (from top) to fall forward, tumble down. ઢળી-ધસી-ગબડી પડવું. [flambeau. મશાલ, ઉલ્કા.

Torch, ટાર્ચ, *n.* (L. *torqueo* to twist) a large candle,

Tor'-ment, ટૉર્મેંટ, *n.* extreme pain. અતિશય વેદના, વ્યથા, પીડા, રિબાવું તે. [રિબાવું કે પીડાવું; નો જીવ ખાઈ નાખવો-લેવો.

Tor-ment', ટૉર્મેંટ, *vt.* to harass, vex. દુ:ખદેવું, દમવું, પીડવું, થી

Tor-na'do, ટૉર્નેડો, *n.* (Sp. *tornar* to turn) a violent wind. વંટોળિયો, ભયંકર વાવાઝોડું.

Tor-pe'do, ટૉર્પિડો, *n.* (L. *torpeo* numb) engine for blowing up ships. વહાણોને ઉડાવી દેવાનો સાંચો, નાવનાશક યંત્ર.

Tor'pid, ટૉર્પિડ્, *a.* numb; sluggish. મરી-બહેર મારી ગયલું, મુડદાળ, સુપ્ત; સુસ્ત, મંદ, સુનકાર, શૂન્ય.

Tor-pid'i-ty, Tor'por, ટૉર્પિડિટિ, ટૉર્પર, *n.* loss of power. બહેર મારી ગયલા-મુડદાળ-સુનકારપણું, સુસ્તી, શૂન્યતા, સુપ્તિ.

Tor'rent, ટૉરેંટ, *n.* (L. *torreo* I burn) a rapid stream. વેગથી વહેતા-ઉલટેલો પ્રવાહ, વ્હેણ, ઓઘ.

Torr'id, ટૉરિડ્, *a.* parched; very hot. દાઝી ગયલું, દગ્ધ; બળી જવાય-બળ્યાં બળ્યાં થવાય એવું, અતિઉષ્ણ.

Tor'toise, ટૉર્ટિસ, *n.* (L. *torqueo* I twist) an animal covered with a hard shell. કાચબો, કચ્છપ.

Tor'toise-shell, ટૉર્ટિસશેલ, *n.* scales of tortoise. કચકડું.

Tor'tu-ous, ટૉર્ટ્યુઅસ, *a.* twisted, wreathed, winding. વાંકું, વક્ર, આમળવાળું.

Tor'ture, ટૉર્ચર, *n.* extreme pain, anguish. અસહ્ય વેદના-દુ:ખ, યાતના. *vt.* to inflict pain. અસહ્ય વેદના થાય એમ કરવું, રીબવું. [power. રાજાના પક્ષનો માણસ, રાજપક્ષકાર.

To'ry, ટોરિ, *n.* (Ir. *toree* give me) an advocate of royal

Toss,ટાસ, *vt. i.* (L. *tundo* to beat) to throw; lift up; agitate; to roll & tumble. ઉછાળવું, ઉંચું ફેંકવું; એકદમ ઉંચું કરી દેવું, ઉંચે જાય નીચે પડે એમ-ઉંચક નાખક રવું; ઉથલપાથલ-અસ્વસ્થ કરવું; આમતેમ ગબડવું, ઉંચકાઈને પાછા નીચા પછડાવું.

To'tal, ટોટલ, *a.* (L. *totus* whole) complete, whole. પૂરે-પૂરું, સંપૂર્ણ, કુલ. *n.* whole sum. કુલસરવાળો.

Tott'er, ટોટર, *vi.* (AS. *tealtian* to shake) to be unsteady. ભોંયપર પગ ન થોભવો, લથડવું, લથડીયાં ખાતાં ચાલવું હાલવું, ડગમગવું, ગોથ ખાવી.

Touch, ટચ, *vt. i.* (L. *tango* I touch) to come in contact with; perceive by the sense of feeling; concern; speak of slightly; meddle with; move; affect. અડકવું, અડવું, સ્પર્શ કરવો; સ્પર્શેન્દ્રિયથી લાગવું; ને લાગવું વળગવું, માં લેવાદેવા-નિસ્બત હોવી; છેડવું, નું નામ લેવું; ગદગદિત-ને લાગે એમ-નું હ્રદય પિગળે એમ કરવું, ઉપર અસર-લાગુ થવું. *n.* contact; sense of feeling; emotion; stroke; censure; small quantity; hint; test. સ્પર્શ; સ્પર્શેન્દ્રિય; ભાવ; ચુટકો; ચટક, ટચકો; અંશ, ભાગ; ઈશારો, અણશારો; કસ, કસોટી. [કરે એવું. *prep.* વિષે.

Touch'ing, ટચિંગ, *a.* affecting. મન પિગળાવી નાખે-ગદ્‌ગદિત

Touch'stone, ટચસ્ટોન, *n.* a test. કસોટી.

Touch'wood, ટચવુડ, *n.* decayed wood. મોરવણ, ચેતવણ.

Touch'y, ટચિ *a.* peevish. ચ્હીડિયું, બળિઍલ.

Tough, ટફ, *a.* (AS. *toh*) tenacious; able to endure

hardship;clammy;stiff.ચીકણું; ચિંવડ, ચિમ્મડ; તોડ્યું તૂટે નહિ એવું; મજબૂત, વાળ્યું વળે નહિ એવું.

Tour, ટૂર, *n.* (Fr. *tour* a turn) a journey.કામનેમાટે મુસાફરી; પર્યટન, દેશાટન, સવારી. [ફરી કરનાર.

Tour'ist, ટૂરિસ્ટ, *n.* a traveller.સહેલ કે કામને માટે મુસા-

Tour'na-ment, ટૂરનૅમેંટ, *n.* a martial sport on horseback. શસ્ત્ર વિદ્યામાં કુશળતા દેખાડવા કીધેલું યુદ્ધ, યુદ્ધવિહાર.

Tow, ટો, *vt.* (AS. *teogan*) to tug, draw, drag. દોરડાથી પાણીમાં ઘસડી લઈ જવું, નો પાગડ ખેંચવી—તાણવી. *n.* coarse flax. ગાંઠાવાળું સણ.

To'ward,ટોઅર્ડ, *prep.*(AS.) in direction of; with respect to; regarding. તરફ, સામું; પ્રતિ, પ્રત્યે; તું, વિષે, બાબત. *a.* ready, apt. પાત્ર, શિક્ષાપાત્ર, શિક્ષ્ય.[રુમાલ, ટુવાલ.

Tow'el, ટાઉઅલ, *n.* (Sp. *toalla* cloth for wiping. અં-

Tow'er, ટાઉઅર, *n.* (AS. *tor*) lofty building; citadel. મિનારો; કિલ્લો, ગઢ. *vi.* to soar aloft. ઉંચા હોવું—આવવું.

Tow'er-ing,ટાઉઅરિંગ,*a.*very high.ઘણું ઉંચું,મોટું,અતિઘણું.

Town,ટાઉન,*n.*(AS.*tun*)collection of houses;in-habitants.કસ્બો,શહેર,નગર, રાજધાની;શહેરના લોક, આખું શહેર.

Toy, ટોઈ,*n.*(W. *tegan* a bawble) a trifle; plaything. નજીવીવાત—બાબત; રમકડું, રમવાની વસ્તુ. *vt.* to trifle, dally. રમવું; રંગમાં રમવું, મઝે મારવો,વિલાસ-કામ-વિષય ક્રીડા કરવી.

Trace, ટ્રેસ, *n.* (L. *traho* I draw) mark, track, vestige. ગયા—જવાની નિશાણી, ઘસરકો, નામનિશાણ. *vt.* to

walk over; copy; follow by tracks. ઉપર ફરી વળવું, એક છેડેથી બીજાસુધી જવું; આભાસપરથી ચીતરવું-કાઢવું; પડેલી નિશાણી-નો રસ્તો કે માર્ગ પકડીને-ને પગલે પગલે ચાલ્યાં જવું.

Track, ટ્રૅક, *n.* a footstep; path; course. પગલું, સેરડો, ચહીલો; ધોરી-પગતળે છુંદઈ ગયલો રસ્તો, પંથ, રાહ; માર્ગ. *vt.* to follow by traces. પગલાં પરથી શોધી-ની પગલી કાઢવી, પાંગર બાંધી ખેંચવું.

Track'less, ટ્રૅકલેસ, *a.* having no path. પગલું નહિ ફરેલું એવું, ઉજાડ, અગોચર. [આચારપદ્ધતિ, ધર્માચરણ નિબંધ.

Tract, ટ્રૅક્ટ, *n.* region; short treatise. પાટ, મેદાન, પ્રદેશ;

Tract'a-ble, ટ્રૅક્ટઍબલ, *a.* docile, easily managed. બતાવ્યા પ્રમાણે ચાલે એવું. કહ્યાગરૂ-સર, વશાવર્તી. [આકર્ષણ.

Trac'tion, ટ્રૅક્શન, *n.* act of drawing. ખેંચવું તે, કર્ષણ,

Trade, ટ્રેડ, *n.* traffic; art. વેપાર, આપલે; કસબ, ધંધો, કામ. *vi.* to buy & sell. વેપાર-આપલે-વેચાણસાટાણું કરવું.

Trades'man, ટ્રેડ્ઝમૅન, *n.* shopkeeper. છૂટક-પરચુરણ વેચનાર, દુકાનદાર.

Tra-di'tion, ટ્રડિશન, *n.* (L. *trans* over & do I give) oral account transmitted from father to son; delivery. દંતકથા, પરંપરાથી ચાલી આવેલી વાત; સોંપી દેવું-હવાલે-સ્વાધીન કરવું તે.

Tra-duce', ટ્રડ્યૂસ, *vt.* (L. *trans* & *duco* I lead) to culminate. નો દોષ-વાંક બતાવવો-કાઢવો, ખોટો આરોપ મૂકવો, નિંદવું. [સામાનની આપલે-જાઆવ, વેપાર.

Traf'fic, ટ્રૅફિક, *n.* (L. *trans* & *facio* I do) trade. માલ

Tra'ge-dy, ટ્રૅજિડિ, *n.* (Gr. *tragos* a goat & *ode* a song) serious drama; fatal event. કરૂણરસનાટક; જેમાં માણસોના જીવ ગયા હોય એવી વાત.

Tra'gi-cal, ટ્રૅજીકલ, *a.* mournful, fatal. કરૂણરસ–ઉદાસી ભરેલું, શોકાતુર, ઘણા માણસનો ઘાણ વળ્યો હોય એવું.

Trail, ટ્રેલ, *vt.* (Dut. *triel*) to hunt; draw along; lower. પગલાં શોધિ શિકાર કરવો; ઘસડવું, ઘસડી લઈ જવું; નમાવવું, નીચું પાડવું–ધરવું–કરવું. *n.* track; scent. પગલાં; રહી ગયલી વાસ–ગંધ; લીસોટો, લીંટો, દોરી.

Train, ટ્રેન, *vt.* (Fr. *trainer*) to teach. શિખવવું, કેળવવું, પળોટવું. *n.* hinder part of dress; series; process; attendants; line of carriages. દામણ, ચાળ, ઝૂલ; હારનીહાર, માલા, શ્રેણી; ક્રમ, અનુક્રમ; રસાલો, અનુયાયી વર્ગ; ગાડી, ટ્રેન. [વાતમાં પૂરેલો–મૂકેલો રંગ; વિશેષ ગુણ–લક્ષણ.

Trait, ટ્રેટ, *n.* (L. *tractus*) a stroke; of character. કોઈ

Trai'tor, ટ્રેટર, *n.* (L. *trans* & *do* I give) betrayer of trust. રાજ–દેશ દ્રોહી, વિશ્વાસઘાતી.

Tram'mel, ટ્રૅમેલ, *n.* (L. *tres* 3 & *macula* a mesh) shackles, a hook. બેડી, પાશ, બંધન, હુક *vt.* to hamper. બેડી ઘાલવી. [ખૂંદવું. *n.* a vagrant. ભટકતું ફરનાર.

Tramp, ટ્રૅમ્પ, *vt.* (Ger. *trampen*) to tread. પગેપગે ખૂંદવું–

Tramp'le, ટ્રૅમ્પલ, *vt.* to tread under foot. પગતળે ખૂંદવું, કચરવું, ચગદવું. [ecstacy. સમાધિ, તન્મયાવસ્થા; ઝુકડી, ઝુરકી.

Trance, ટ્રેન્સ, *n.* (L. *trans* & *eo* I go) apparent sleep;

Tran'quil, ટ્રેનકુઈલ, *a.* (L. *tranquillus*) calm, peaceful. શાંત, ટાઢું, સ્વસ્થ, અવ્યગ્ર. [કરવું–પાડવું.

Tran'quil-lize, ટ્રેનકુઈલાઈઝ, *vt.* to quiet, allay. શાંત

Trans-act', ટ્રેનઍક્ટ, *vt.* (L. *trans* & *ago* I drive) to do, perform. કરવું. *vi.* to conduct, manage. કામ–વાત કરવી–ચલાવવી. [કરવું તે, કામ, કાર્ય, વ્યવહાર, બનાવ, વાત, કિસ્સો.

Trans-ac'tion, ટ્રેનઍક્શન, *n.* performance, act, affairs.

Tran-scend', ટ્રેન્સેંડ, *vt.* (L. *trans* & *scando* I climb) to surpass. વધારે સારાં–ચઢિયાતાં–ઉંચા હોવું, ની આગળ જવું–વધવું. [to copy. નો ઉતારો કરવો, નકલ કરવી.

Tran-scribe', ટ્રેનસ્કાઈબ, *vt.* (L. *trans* & *scribo* I write)

Tran-script', ટ્રેનસ્ક્રિપ્ટ, *n.* a copy. ઉતારો, નકલ.

Trans-fer', ટ્રેન્સફર, *vt.* (L. *trans* & *ferro* I bear) to convey; make or hand over, sell. એક જગાએથી બીજીએ લાવવું–લઈ જવું–મૂકવું–મોકલવું; બીજાને આપવું, ના નામનું કરવું, સ્વાધીન કરવું, વેચવું.

Trans'fer, ટ્રેન્સફર, *n.* making over. ના હવાલામાં આપવું તે.

Trans-fig'ure, ટ્રેન્સફિગ્યૂર, *vt.* (L. *trans* & *figura*) to change the look of. નું રૂપાંતર કરવું.

Trans-fix', ટ્રેન્સફિક્સ, *vt.* (L. *trans* *figo* I fix) to pierce through. આરપાર નિકળે એમ ઘોચવું, ભોકી નાખવું, વીંધવું.

Trans-form', ટ્રેન્સફોર્મ, *vt.* (L. *trans* & *forma* a shape) to change form; transmute. નું રૂપ–આકાર–ખોળિયું બદલવું, થી થઈ જવું; નું કરવું–કરીનાખવું.

Trans-fuse', ટ્રૅન્સફ્યૂઝ, *vt.* (L. *trans* & *fundo* I pour) to pour into another. લોહી એક પ્રાણીની રગમાંથી બીજાની- માં લાવવું, શિરાંતર કરવું; ના મનમાં આણવું-ઉતારવું-ખુચાવવું.

Trans-gress', ટ્રૅન્સગ્રેસ, *vt.* (L. *trans* & *gradior* I step) to pass beyond, violate, sin. નું ઉલ્લંઘન કરવું, લોપવું, ઓ- ળંગવું, અપરાધ-પાપ કરવું, હુકમ તોડવો.

Trans gress'or, ટ્રૅન્સગ્રેસૉર, *n.* one who breaks laws. હુકમ તોડનાર, આજ્ઞા લોપનાર, નહિ કરવાનું-ગુનો કરનાર.

Tran'si-ent, ટ્રૅનશિઅંટ, *a.* (L. *trans* & *eo* I go) not permanent; passing. જાયુ-સ્થાવર-સ્થિર ન રહેનારૂં; ક્ષણિક, જેની ઝાંખી માત્ર થયલી એવું.

Tran'sit, ટ્રૅનસિટ્, *n.* passing through or over. જવું આવવું તે, ચાલ્યાં-આવતાં-થતાં જવું તે, લઈજવું-આવવું તે.

Tran-si'tion, ટ્રૅનઝિશન, *n.* change; a passage from one state or place to another. બદલવું તે, ફેરફાર થવો તે; એક ઠેકાણે કે સ્થિતિમાંથી બીજીમાં આવવું તે.

Trans'it-ive, ટ્રૅન્સઈટિવ્, *a.* denoting action passing from an agent to an object. સકર્મક.

Trans'i-tor-y, ટ્રૅન્સિટૉરિ, *a.* continuing but a short time. માત્ર થોડો વખત રહેનારૂં, ક્ષણભંગુર, ઉતાવળું જતું રહે- જરામાં ફના થાય એવું.

Trans-late', ટ્રૅન્સલેટ, *vt.* (L. *trans* & *latus* carried) to remove; render in other language. એક ઠેકાણેથી કાઢીને બીજે ઉપાડી-ઉઠાવી લઈ જવું-આવવું; મનુષ્ય દેહે સ્વર્ગે લઈ જવું-તેડવું; તર્જુમો-ભાષાંતર કરવું.

Trans-la'tion, ટ્રન્સલેશન, *n.* removal; version.સ્થલાંતર વહણ–કરણ, ઉપાડી ઉઠાવી લઈ જવું તે;તર્જુમો–ભાષાંતર.

Trans-lu'cent,ટ્રન્સલ્યૂસંટ, *a.*(L.*trans* & *luceo* I shine) transmitting rays imperfectly; clear. અર્ધપારદર્શક; નીતર્યાં–નિર્મળાં–સ્વચ્છ પાણીનું.

Trans-ma-rine', ટ્રન્સમૅરીન, *a.* (L. *trans* & *mare* the sea) lying beyond the sea. સમુદ્રપારનું–આવેલું.

Trans'mi-grate, ટ્રન્સમિગ્રેટ, *vi.* (L. *trans* & *migro* I remove) to pass from one country or body to another. દેશાંતર જઈ વસવું; બીજો કે પુનર્જન્મ લેવો–ધરવો.

Trans-miss'ion, ટ્રન્સમિશન, *n.* (L. *trans* & *mitto* I send) send from one to another. મોકળવું તે,રવાનગી; ઉતર્યાં ચાલ્યાં–આવવું, પરંપરા ગમન.

Trans-mit', ટ્રન્સમિટ, *vt.* to send from one to another બીજાપર–તરફ મોકળવું, રવાને કરવું; –થી પહોંચવું–મળવું,–ના વંશમાં ચાલ્યાં જવું; માં થઈને બહાર જવું–આવવું–પડવું.

Trans-mute', ટ્રન્સમ્યૂટ, *vt.* (L.*trans* & *muto* I change) to change, transform. નું રૂપ–ખવાસ બદલી નાખવો, નું બનાવી દેવું.

Ttrans-par'ent, ટ્રન્સપેરંટ, *a.* (L. *trans* & *pareo* I appear) transmitting rays of light; clear. પારદર્શક–દૃશ્ય, આરપાર દેખાય એવું; સાફ જણાય–જણાઈ આવે એવું.

Trans-pire', ટ્રન્સપાઈર, *vt.*(L.*trans* & *spiro* I breathe) to become known. બહાર–ખુલ્લું પડવું, બીજાઓને ખબર પડવી, પ્રસિદ્ધ–પ્રગટ થવું.

Trans-plant', ટ્રૅન્સપ્લૅંટ, *vt.* (L. *trans* & *planto*) to remove & plant in another place. એક જગાએથી ઉખેડી બીજીએ વાવવું-રોપવું-લઈ જઈ બીજીમાં વસાવવું-વાસો કરાવવો.

Trans-port', ટ્રૅન્સપોર્ટ, *vt.* (L. *trans* & *porto* I bear) to convey; banish; delight. એક દેશમાંથી બીજામાં લઈ જવું; દેશપાર-નિકાલ કરવું, કાળે પાણીએ કાઢવું; માં ગરક-તલ્લીન-હર્ષનિમગ્ન કરવું.

Trans'port, ટ્રૅન્સપોર્ટ, *n.* rapture; troopship. અતિઆનંદ, હર્ષનિમગ્નતા; યુદ્ધ સામગ્રી કે ગુનેગારોને લઈ જવાનું વહાણ.

Trans-por-ta'tion, ટ્રૅન્સપોર્ટેશન, *n.* act of conveying, banishment. મહેસુમાં લઈ જવું તે; દેશપારની શિક્ષા.

Trans-pose', ટ્રૅન્સપોઝ, *vt.* (L. *trans* & *pono* I put) to change order. અરસપરસ જગો-ઠેકાણા ફેર કરવા-બદલવા, પરસ્પર સ્થલાંતર-પક્ષાંતર કરવું, વાકયમાં શબ્દનો અનુક્રમ બદલવો.

Trans-verse', ટ્રૅન્સવર્સ, *a.* (L. *trans* & *verto* I turn) across. આડું આવેલું-પડેલું, તિરકસ, વાંકું.

Trap, ટ્રૅપ, *n.* (AS. *trappe*) snare; engine to catch animals. ફાંદો, ફાંસો, પેચ; જનાવરો પકડવાનો સાંચો-પાંજરૂં, વાઈ, વઈ. *vt.* to catch in a trap; insnare. પાંજરામાં પકડવું-સપડાવવું, ફાંદામાં લેવું, ફસાવવું.

Trap'pings, ટ્રૅપિંગ્ઝ, *n.* (Fr. *drap* cloth) decorations. [સણગાર, પરિચ્છદ, સાજ.

Trash, ટ્રૅશ, *n.* (Icel. *tros* sweepings) worthless things. નકામી-કચરાજેવી ચીજ, કચરો.

Trav'ail, ટ્રૅવેલ, *vi.* (Fr. *travailler*) to toil; labour.

ઘણી સખત-છાતી તોડ મહેનત મજુરી કરવી; પ્રસૂતિ-પ્રસવ વેદના થવી, કષ્ટાવું. *n.* childbirth; toil. પ્રસવ વેદના; મહેનત.

Trav'el, ટ્રેવલ, *vi.* to wander over; journey. ફરવું; મુસાફરી-પ્રવાસ-દેશાટન કરવું. *n.* a journey. મુસાફરી; પ્રવાસ વર્ણન.

Trav'el-ler, ટ્રેવલર, *n.* one who travels. મુસાફર, પંથી.

Trav'erse, ટ્રેવર્સ, *n.* (L. *trans* & *verto* I turn) a cross accident. દૈવી અડચણ-નડતર. *a.* lying across. આડું પડેલું-આવેલું. *vt.* to cross; thwart; deny; wander over. આડું મૂકવું; ની વિરૂદ્ધ-સામાં પડવું; ના કહેવી, ના કબૂલ કરવું; ફરી વળવું. [ver, waiter. રકાબી, થાળી, તાસક, ખુમચો.

Tray, ટ્રે, *n.* (AS. *trog* a trough) metal board, sal-

Treach'er-ous, ટ્રેચરસ, *a.* (Fr. *tricher* to cheat) faithless, perfidious. વિશ્વાસઘાતી, નિમકહરામ, દગાબાજ, કપટી.

Treach'er-y, ટ્રેચરિ, *n.* faithlessness. વિશ્વાસઘાત, દગો, [કપટ.

Trea'cle, ટ્રીકલ, *n.* (Fr. *triacle*) molasses. ગોળ.

Tread, ટ્રેડ, *vi.* (AS. *tredan*) to step; walk. પગ-પગલું મૂકવું; ફરવું; ડોળથી ચાલવું. *n.* a step; manner of walking. પગલું, પગથિયું; ચાલવાની લઢણ, ચાલ.

Tread'le, ટ્રેડલ, *n.* part of machine moved by foot. સાંચાના જે ભાગને પગેવતી દાબેછે તે ભાગ, પાવડાં.

Trea'son, ટ્રીઝન, *n.* (L. *tradere* to betray) disloyalty. બેવફાઈ, રાજદ્રોહ, નીમકહરામી.

Trea'sure, ટ્રેશર, *n.* (Fr. *tresor* a store) wealth. ડહલો, પૂંજી, થાપણ, ખજાનો, દોલત. *vt.* to lay up. સંઘરી-ભરી રાખવું.

Trea'sure-trove, ટ્રેશરટ્રોવ, *n.* (Fr *tresor* & *trouver* to find) any money found in the earth. દાટેલું ધન.

Trea'sur-y, ટ્રેશરિ, *n.* a place where public money is kept. ખજાનો, કોશ, જામદારખાનું, ભંડાર.

Treat, ટ્રીટ, *vt. i.* (L. *tractare* I touch) to use, handle, discourse on; entertain; negotiate. સાથે ચાલવું–વર્તવું; વિષે બોલવું–લખવું–સમજાવવું, કહેવું; ખવાડી પીવાડી ખુશ કરવું–મોજ કરાવવી, આતિથ્ય કરવું; ભાંજગડ કરવી–ચલાવવી, કહેણ કહાવણ–વષ્ટાળું–વિષ્ટિ કરવી; ઉપાય–ઈલાજ દવા કરવી. *n.* entertainment. મોજ, મિજબાની, સન્માન, ગમત, રમુજ, રંગ, વિનોદ. [ગ્રંથ–નિબંધ.

Treat'ise, ટ્રીટિઝ, *n.* a written discourse, tract. ચરચા

Treat'ment, ટ્રીટમેંટ, *n.* usage, management, behaviour. કોઈ સાથે ચાલવાની રીત–વર્તણુક, ચરચારીતિ–શૈલી, કથન; ક્રિયા, વિધિ; ઓસડ કરવાની રીત, ચિકિત્સા. [સંધિપત્ર.

Treat'y, ટ્રીટિ, *n.* formal agreement. કોલકરાર, તહનામું,

Treb'le, ટ્રેબ્લ, *a.* (L. *tres* 3 & *plico* I fold) threefold; acute. ત્રેવડું, ત્રણગણું; ઉંચામાં ઉંચા સુરનું. *vt. i.* to make or become threefold. ત્રણગણું કરવું–થવું. *n.* high part in music. ઉંચામાં ઉંચો સુર, નિષાદ. [તરૂ, દ્રુમ.

Tree, ટ્રી, *n.* (AS. *treo*) plant of great size. ઝાડ, વૃક્ષ,

Trel'lis, ટ્રેલિસ, *n.* (L. *tres* 3 & *licium* a leash) lattice work. આડા સળિયાદાર–જાળિદાર ચોકઠું.

Trem'ble, ટ્રેમ્બલ, *vi.* (L. *tremo*) to shake, quake, quiver. ધ્રુજવું, કંપવું, થથરવું, હાલવું.

Tre-men'dous, ટ્રિમેંડસ, *a.* awful, frightful. ભયાનક, ભયંકર, દારૂણ, ઘોર, ભયભરેલું.

Tre'mor, ટ્રિમૉર, *n.* involuntary trembling. ધ્રુજારી, કંપ, કંપારી. [કાંપતું, કંપાયમાન.

Trem'u-lous, ટ્રેમ્યુલસ, *a.* trembling, shaking. ધ્રુજતું

Trench, ટ્રેચ, *vt.* (Fr. *trancher* to cut) to dig a ditch. ખાઈ–ખાડી–નીક ખોદવી. *vi.* to encroach. પારકા હકમાંથી ધીમે ધીમે લઈ લેવું.*n.* a ditch, fosse. ચર, ખાઈ. [ગોવું.

Trench'ant, ટ્રેંચંટ, *a.* cutting, sharp. હાડોહાડ–ઝાટકો લાગે

Trench'er, ટ્રેંચર, *n.* a wooden plate; table; food. લાકડાનો થાળો–રકાબી; ટેબલ, મેજ; ખાવું પીવું તે, મિષ્ટાન્નપાન.

Tre-pan', ટ્રીપૅન, *vt.* (See trap) to ensnare. છેતરવું, ફાંદા --સપાટામાં લાવવું. [trembling. ભયથી ધ્રૂજવું તે, ભયકંપ.

Trep-id-a'tion, ટ્રેપિડેશન, *n.* (L. *trepido* I tremble)

Tres'-pass, ટ્રેસ્પાસ, *vi.* (L. *trans* & 'pass) to enter unlawfully on another's land; transgress. બીજાની મિલકતમાં રજાવગર જવું આવવું, સાપરાધપ્રવેશ કરવો, રોકવું, રોકી નાખવું, સતાવવું; અપરાધ કરવો–માં પડવું. *n.* wrong done to another; sin; unlawful entry on land. વાંક, અપરાધ, પ્રવેશાપરાધ. [માથાની લટ, જુલફાં, અલક લટ.

Tress, ટ્રેસ, *n.* (Fr. *tresse*) a lock, ringlet of hair. નિ-

Tres'tle, ટ્રેસલ, *n.* (Dan. *drie* 3 & *stal* stool) movable support. કોઇ વસ્તુ રાખવાનું ચોકઠું, ટેકણ.

Tret, ટ્રેટ, *n.* (L. *traho* I draw) allowance for waste. કચરા બદલ મણે જે વધારો આપવામાં આવેછે તે, તોલ.

Tri'al, ટ્રાઇઍલ, *n.* (from *try*) test, experience; experiment; temptation, affliction; legal examination. અજમાવી જોવું તે, અજમાઇશ, પ્રયોગ, અખ્તરો, તપાસ, માણસની સદ્‌વૃત્તિ જણાઇ આવે એવો મામલો, કસી જોવા નાખેલું દુઃખ, કસોટી, કસણી; મુકદ્દમાની તપાસણી–તજવીજ.

Tri'ad, ટ્રાઇઍડ, *n.* (Gr. *treis* 3) the union of 3. ત્રણનું જોડું –જોડકું, તેખલું, ત્રિમૂર્તિ, ત્રિક.

Tri'an-gle, ટ્રાઇઍંગલ, *n.* (L. *tres* 3 & *angulus* angle) a figure of 3 angles. ત્રિકોણ, ત્રિભુજ.

Tribe, ટ્રાઇબ, *n.* (L. *tribus* from *tres* 3) family, race; class. કુળ, કુળજવર્ગ; જાતિ, પંક્તિ; વર્ગ, જાત, ટોળી, ટુકડી, ફિરકો.

Trib-u-la'tion, ટ્રિબ્યુલેશન, *n.* (L. *tribulo* I oppress) severe affliction. મનને ઘણું દુઃખ થાય એવું કંઈ, સંસારના સંતાપ, પીડા, જંજાળ.

Tri-bu'nal, ટ્રાઇબ્યુનલ, *n.* (L. *tres* 3) court of justice. ઈન્સાફ–ન્યાયનું ઠેકાણું, અદાલત, ધર્મસભા, ઈન્સાફદાર.

Tri'bu-ta-ry, ટ્રિબ્યુટેરિ, *n.* (L. *tribuo* I give) subject to; subordinate; contributing. ખંડિયું, ખંડણી આપનારૂં; તાબાનું, નહાનું, ઉપગોણ; ભરતી કરનારૂં, કસામાં મળનારૂ–ભરનારૂં. *n.* one subject to tribute; affluent. ખંડિયો રાજા કે રાણિ, સામંત, મંડળીક; બીજી નદીમાં મળનારી નદી, નદ્યંતરગામિની. [જે કરવું જોઈએ એવું કંઈ, આપવાનું ઋણ.

Trib'ute, ટ્રિબ્યૂટ, *n.* tax paid by subject state. ખંડણી;

Trice, ટ્રાઇસ, *n.* (Fr. *trois* 3) an instant. પલક, ક્ષણ.

Trick, ટ્રિક્, *n.* (*tricor* to play tricks) artifice. ફૂંદ, ફેલ, કારસ્તાન, પેચ, ફૂંટો, દગો; તદબીર, યુક્તિ, કળા; ચાળો, ચેષ્ટા; હાથચાલાકી, કરામત.

Trick'le, ટ્રિક્લ, *vi.* (Icel. *breitla* to drop) to flow gently. ટપકવું, ધીમી ધાર પડવી-ચાલવી, ગળવું, ક્ષરવું.

Tri'col-our-ed, ટ્રિકલર્ડ, *a.* (L. *tres* 3 & *color*) of 3 colours. ત્રણ રંગનું-વાળું. [tre with 3 prongs. ત્રિશૂળ.

Tri'dent, ટ્રાઇડેંટ, *n.* (L. *tres* & *dense* a tooth, a scep-

Tri-en'ni-al, ટ્રાઇએનિઅલ, *a.* (L. *tres* & *annus* a year) every 3rd year. ત્રિવાર્ષિક, ત્રણવર્ષે એકવાર થનારૂં.

Tri'fle, ટ્રાઇફલ, *vi.* (Goth. *trafla* jest) to act or talk with levity. છાલકાઈથી બોલવું-ચાલવું, છોકરવાદી કરવી, નહિ કામનું કામ કરવું, *vt.* to spend unprofitably. નકામું -માખી મારવામાં કાઢવું. *n.* a thing of little value. નજીવી -માલ કે દમ વગરની વાત-વસ્તુ. [કે દમ વનાનું, હલકું, જીજ.

Tri'fling, ટ્રાઇફ્લિંગ, *a.* of no importance. નજીવું, માલ

Trig'ger, ટ્રિગર, *n.* (Dut. *trekken* to pull) catch of fire-arm. બંદૂકનો ઘોડો કે વાંદરો.

Trig-on-om'et-ry, ટ્રિગૉનૉમિટ્રિ, *n.* (Gr. *treis* 3, *gonia* angle & *metron* measure) measurement of angles ત્રિકોણમિતિ. [voice. ક્વાલ, અવાજ ધ્રુજાવીને ગાવું તે.

Trill, ટ્રિલ, *n.* (It. *trello* a quaver) a shaking of the

Trim, ટ્રિમ, *a.* (AS. *trum* firm) neat, tight. ઠીકઠાક, ઘાટિલું, ડોળડાળવાળું, બેસતું. *vt. i.* to put in order. ઠીક કરવું, સંકોરવું, ઠીકઠાક-ઘાટીલું બનાવવું-પહેરાવવું.

Trimm'ing, ટ્રિમિંગ, *n.* ornamental additions. લુગડાંને દીપેલી મગજી–સંજાબ–કોર–પાલવ–કિનારી.

Trin'i-ty, ટ્રિનિટિ, *n.* (L. *tres* three) union of 3 persons in one God. પિતા પુત્ર ને પવિત્ર આત્મા એ ત્રણ મળી થયલો એક ઈશ્વર, ત્ર્યૈકતા. [ઘરેણું, દાગીનો, જનસ.

Trink'et, ટ્રિંકેટ્, *n.* (*trick* to adorn) jewel, ornament.

Tri'o, ટ્રાઇઓ, *n.* (L. *tres*) music for 3. ૩ જણે ગાવાનું ગાણું.

Trip, ટ્રિપ્, *n.* (Dan. *trippe*) excursion; stumble; error. આંટો, ચક્કર, સપાટો, ફેરો; ઠોકર, લથડિયું, અડબડિયું; ગોથું, ચૂક, ભૂલ, રહેજ દોષ. *vi.* to run lightly; stumble. કૂદતાં–નાચતાં–ઉડતાં–સરસરાટ ચાલવું; ઠોકર લાગવી, નો પગ મૂકવો, ભૂલવું, ગોથું–લથડિયું ખાવું. *vt.* to cause to trip. ઠોકર–ઠેસ મારવી, આંટી મારી પાડવું. [fold. ત્રણગણું, તેવડું.

Tri'ple, ટ્રિપલ *a.* (L. *tres* 3 & *plico* I fold) three-

Tri'pod, ટ્રાઇપૉડ્, *n.* (L. *tres* 3 & *podos* foot) a stool with 3 feet. ત્રણ પાયાનું આસન, ત્રણપાયું, તિરપાઈ, ત્રિપાદી.

Tri-syl'la-ble, ટ્રિસિલૅબલ, *n.* (L. *tres* & syllable) a word of 3 syllables. ૩ અક્ષર કે પદનો શબ્દ, ત્ર્યક્ષર.

Trite, ટ્રાઈટ, *a.* (L. *tero* I rub) worn out, common. એટલી વાર થયલું કે તેપરથી મોહ ઉઠી–ચવાઈ ગયલું, જૂનું–સાધારણ થઈ ગયલું, સોંઘું.

Trit'u-rate, ટ્રિટ્યુરેટ, *vt.* to reduce to fine powder by pounding. ખાંડી–દળી–વાટી ઘણોજ ઝીણો ભૂકો કરવો, પરતવું.

Tri-umph, ટ્રાઇઅમ્ફ, *n.* (L. *triumphus*) victory; joy

for success. જય, વિજય; વિજય સમારંભ; જયોત્સવ, વિજય હર્ષ, વિજયાનંદ. *vi.* to rejoice over; gain victory. ઘણુંજ ખુશી થવું; જય મેળવવો. [-સૂચક, જય પામેલું.

Tri-umph'ant, ટ્રાઈઅમ્ફંટ, *a.* exultant. જયહર્ષ બતાવનારૂં

Tri-um'vir-ate, ટ્રાઈઅમવિરેટ, *n.* (L. *tres* 3 & *vir* a man) government by 3 men. ત્રિજનસત્તાક રાજ્ય, ત્રણસાથે રાજ્ય કરનારા, રાજત્રિક. [ત્ર્યૈકરૂપ.

Tri-une', ટ્રાઈયૂન, *a.* (L. *tres* & *unus* one) 3 in one.

Triv'i-al, ત્રિવિઅલ, *a.* (L. *tres* & *via* a way) commonplace. નજીવું, છૂટ-દમવગનાનું, હલકું, તુચ્છ.

Troll, ટ્રોલ, *vt.* (Ger. *trollen* to roll) to roll; sing. ઘણી ઝડપથી ફેરવવું-ગબડાવવું; ઝડપથી ને ઘાંટો પાડી બોલવું-ગાવું.

Troll'op, ટ્રોલપ *n.* a slattern. ગમેતેમ લુગડાં પહેરેલી બૈરી, જયરપથરિચેણ, સાલાવુલી, વલકુડી.

Troop, ટ્રૂપ, *n.* (Ger. *trupp* a crowd) a multitude; body of cavalry. ટોળું, ફોજ, ઘાડું, ઝુંડ, સાથરો, પોઠ; ઘોડાનાં લશ્કરની ટુકડી, પલટન, રસાલો. *pl.* an army. લશ્કર, સૈન્ય.

Troop'er, ટ્રૂપર, *n.* horse soldier. લશ્કરી સવાર, સાદી સિપાઈ.

Tro'phy, ટ્રોફિ *n.* (L. *tropæum*) a sign or memorial of victory. શત્રુઓનાં લઈ લીધેલાં હથિયાર કે તેનો બાંધેલો ઢગલો; ફતેહની યાદગિરી, જયચિન્હ.

Trop'ic, ટ્રૉપિક્, *n.* (Ger. *trepo* I turn) line at which the sun appears to turn in course. દક્ષિણોત્તરાયણ વૃત્ત, અયનવૃત્ત, ઉષ્ણ દેશ-કટિબંધ.

Trop'i-cal, ટ્રૉપિકલ, *a.* incident to or between the tropics. ઉષ્ણ દેશનું-માં થનારૂં.

Trot, ટ્રૉટ, *n.* (Ger. *treten* to tread) high pace of a horse. ખુદકુક ખુદકુક ચાલ. *vi.* to move faster than in walking. ખુદકુક ખુદકુક ચાલવું, દોડાદોડ કરવી, ઝપટિયાં મારવાં. [કૉલ, વચન, પ્રતિજ્ઞા; સત્ય, સાચાઈ.

Troth, ટ્રૉથ, *n.*(truth) faith, fidelity, veracity. ભરોસો,

Troub'le, ટ્રબલ, *vt.* (L. *turbo* I disturb) to agitate; vex. ખળભળાવવું, હલાવી તળે ઉપર કરી નાખવું; પજવવું, સંતાપવું, કાયર કરવું, દુઃખ દેવું. *n.* vexation; calamity; pains. સંતાપ, ઉચ્ચાટ, અમુળામણ, ધભરાટ, ચટપટી, દુઃખ, આપદા, આફત, હરકત, હેરાનગતિ, સંકટ, મહેનત, શ્રમ, તસ્દી.

Troub'le-some, ટ્રબલસમ, *a.* harassing. મહા મહેનતનું, કડાકુટિયું, અડચણ-હેરાન-સંતાપ કરનાર, પજવનાર, નડનારૂં, ખેનજેવું.

Trough, ટ્રૉફ, *n.* (AS. *trog*) a long hollow vessel. પાણી રાખવાનું લાંબું ને છાછર વાસણ, કઠોડું; પંનાળ, જળની; દરિયાના બે મ્હોટા મોજા-અહોડાની વચ્ચેની બખોલ.

Trous'ers, Trowsers, ટ્રાઉઝર્સ, *n.* (Fr. *trousse* a bundle) loose pantaloons. લેંઘો, લેંઘી, સુરવાલ, ઈજાર, તુમાન.

Trow'el, ટ્રાઉઅલ *n.* (L. *trulla* a ladle) a tool for spreading mortar. કડિયા લોકોનો થાપો-લોઢું, કર્ણી.

Tru'ant, ટ્રૂઅંટ *n.* (Fr. *truand* a vagrant) one who stays away from business, school, &c. પોતાને કરવાનું ન કરતાં ભટકયાં-રઝળ્યાં કરનાર, લાંઠિયું.

Truce, ટ્રૂસ, *n.* (Fr.*treve*) short peace or quiet. થોડા દિવસ સારૂ કરેલી સ્હુલા, સાવધિક સંધી; થોડીવાર સારૂ કંઈ બંધ રાખવું–ન કરવું–શાંત રહેવું તે.

Truck, ટ્રક, *n.* (Gr. *trecho* I run) a low cart. નહાનું ગાડું.

Truck, ટ્રક, *vt. i.* (Fr. *troquer*) to exchange, barter. માલને બદલે માલ આપી વેપાર–સાટું કરવું.

Truck'le, ટ્રકલ, *n.* small wheel. નહાનું પૈડું. *vi.* to cringe to. દબેલું હોય એમ વર્તવું, ખુશામતિયાનીપેઠે ચાલવું, હાજીહા કરવું.

Tru'cu-lent, ટ્રૂક્યુલેંટ, *a.* (L. *trux* wild) barbarous, fierce, destructive. જંગલી, ક્રૂર; વિકાળ, ભયંકર; જીવ લે એવું.

Trudge, ટ્રજ, *vi.* (See Tread) to go on foot; march with labour. પગે ચાલવું, હીંડવું; લથડતાં–પગ ઘસડતાં ચાલવું.

True, ટ્રૂ, *a.* (AS. *treowe* faithful) not false; real; loyal. ખરૂં, સાચું; બરાબર, અસલ પ્રમાણેનું; દગો ન કરે એવું, પ્રમાણીક, ઈમાનદાર, વફાદાર, રાજભક્ત.

Tru'ism, ટ્રૂઈઝ્મ, *n.* self-evident truth. પ્રમાણની જરૂરજ નહિ એવી–ખુલ્લી–સ્વત:સિદ્ધ વાત–બાબત.

Tru'ly, ટ્રૂલિ, *ad.* surely, really. ચોક્સાઈથી, જેવું છે તેવું, સાચેસાચું, યથાર્થ, બરાબર; ખરૂં જોતાં.

Trum'per-y, ટ્રમ્પરિ, *n.* (Fr. *tromper* to deceive) empty talk; false show ; rubbish. દમવગરની–ખોટી વાત; ઢોંગ ધતુરો, માલવનાનો દેખાવ; કચરો, ભંગારજેવો–છેક ઉતરેલો સામન. [ઉલું કરવું.

Trump, ટ્રમ્પ, *vt.* to devise, forge. તર્કટથી–ખોટું ઉઠાવવું–

Trum'pet, ટ્રમ્પેટ્, *n.* (Fr. *trompette*) a wind instrument. તુરાઈ, રણશીંગડું, સીંગું, ભૂંગળું. *vt.* to proclaim; sound the praises of. તુરાઈથી જાણ કરવું કે ઢંઢેરો પીટવો; ભટાઈ કરવી, ના ગુણ-વખાણ ગાતાં કે કરતાં ફરવું.

Trunc'at-ed, ટ્રંકેટેડ્, *a.* (L. *trunco* I cut off) cut off, short. કાપી-કાતરી નાખેલું; ટુંકું.

Trun'cheon, ટ્રનશન, *n.* a short staff, a club. ડંડુકો, ડંગોરૂં, [ગદા, દંડ.

Trun'dle, ટ્રંડલ, *n.* (AS. *trendl* an orb) a little wheel; truck. નહાનું પૈડું; ખેડવાનું ગાડું-કઠોડું. *vi.* to roll. ગબડી જવું.

Trunk, ટ્રંક, *n.* (Fr. *tronc*) the stem of a tree; snout, proboscis; chest; main body. થડ, ધડ; સૂંઢ, શુંડા; ચામડે મહડેલી પેટી-કંડિયો; મુખ્ય ભાગ, અંગાદિવનાનું મુખ્ય-મૂળ કંઈ.

Truss, ટ્રસ, *n.* (L. *torqueo* I twist) a bundle; bondage. ભારો, ગાંસડો; પાટો, કબજા જંતર, ગાત્રબંધન-યંત્ર.

Trust, ટ્રસ્ટ, *n.* (Icel. *traust* confidence) reliance; credit. ભરોસો, પતીજ, વિશ્વાસ, ઈતબાર, પાકી આશા, ઉમેદ, ખાતરી, જુમ્મો; સોંપેલું, વિશ્વાસિત વસ્તુ; ઉધાર આપવું તે, ધીર. *vt.* to rely on; sell on credit. નો વિશ્વાસ કરવો, ને ઉધાર આપવું, ધીરવું. *vi.* to believe; expect. માનવું; આશા-ઉમેદ રાખવી.

Trus-tee', ટ્રસ્ટી, *n.* one intrusted with any thing. બીજાએ સોંપવાથી તેની મિલકતનો વહિવટ કરનાર. [એવું.

Trust'y, ટ્રસ્ટિ, *a.* faithful. ભરોસાદાર, વિશ્વાસુ, વ્યર્થ ન જાય

Truth, ટ્રૂથ, *n.* (AS. *treowe*) adherence to fact, veracity. ખરા-વાસ્તવિ-પ્રમાણિક-સતવાદીપણું, સાચવટ, સાચું, સત્ય, ધર્મ.

Truth'ful, ટ્રથફુલ, *a.* keeping to truth. સાચુંજ બોલનાર, સાચું, સત્યવાદી, ખરેખરૂં.

Try, ટ્રાઈ, *vt.i.* (AS. *truwian* to prove) to attempt, test; examine; experience; refine. પ્રયત્ન–મહેનત–તજવીજ કરવી; કરી–અજમાવી જોવું, કસવું, ની પરીક્ષા કરવી; તપાસપર લેવું, મુકદ્દમો ચલાવવો; અનુભવ લઈ–નો સ્વાદ ચાખી જોવો; શોધવું, ઓગાળી–તાવી શુદ્ધ કરવું. [કાતું કુંડું–કુંડી–ગંગાળ, ટબ.

Tub, ટબ, *n.* (Dut. *tobbe*) an open wooden vessel. લાક-

Tube, ટ્યૂબ, *n.* (L. *tubus*) a pipe. નળ, ભૂંગળું, ભૂંગળી, નળી, નળિકા, ફુલની દાંડી, રગ, નસ, વાહિની, શિરા.

Tu'ber-cle, ટ્યૂબરકલ, *n.* (L. *tumo* I swell) a small pimple. ફોલ્લો, ફોલ્લી. [pipe. નળ–નળીના આકારનું, નળાકાર.

Tub'u-lar, ટ્યૂબ્યુલર, *a.* (L. *tubus*) in the form of a

Tuck, ટક, *n.* (Sw. *tocka* to contract) plait, fold. દબાવેલું લૂગડું, આંતરસેવો. *vt.* to fold. દાબીદુબી નહાનું કરવું, દાબી કે વાળી દેવું, આંતરસેવો દેવો, ઢબરવું.

Tuft, ટફ્ટ, *n.* (L. *tufa* a crest) a bunch, cluster. ગુચ્છો, ઝુમખો, કલગી; ઝુંડ, ગુચમડો, ગોટો, કલગો.

Tug, ટગ, *vt. i.* (AS. *teon*) to pull hard. ઘણા જોરથી ઘસડવું–તાણવું–ખેંચવું. *n.* hard pull; steamer to tow vessels. જોરથી મારેલો આચકો, ઝટક; ઝાઝ ખેંચવાની આગબોટ.

Tui-tion, ટ્યૂઈશન, *n.* (L. *tuitus* to gaze at) teaching. ભણાવવું, શિખવવું, વિદ્યાશિક્ષણ.

Tum'ble, ટમ્બલ, *vi.* (Fr. *tomber* to fall) to fall; turn

over; disturb. ગબડી–ધસી–ઢળી પડવું, આળોટવું, ગબડવું; ઉથલાવવું, પાડી નાખવું, ધસાવી–ધોળી પાડવું.

Tum'bler, ટમ્બ્લર, *n.* one who tumbles; a glass cup. મલ્લ; કાચનું પ્યાલું–પવાલું. [ડું, ગોડ, ગાંઠ.

Tu'mour, ટ્યૂમૉર, *n.* (L. *tumo* I swell) swelling. ગુમ-

Tu'mult, ટ્યૂમલ્ટ, *n.*(L. *tumultus*) uproar; agitation. ખળભળાટ,ગડબડાટ,તોફાન, બખેડો, ફિસાદ; આકુળવ્યાકુળપણું.

Tumul'tu-ous, ટ્યૂમલટ્યૂઅસ, *a.* disorderly, noisy, agitated. ગડબડાટભરેલું, અવ્યવસ્થિત; હોહા–તોફાન થઈ રહેલું, શ્હોર–કલાબકોર કરી મૂકેલું; આકળું પડી ગયલું, પરમ વ્યાકુળ.

Tun, ટન, *n.* (AS. *tunne*) a large cask. મહોટું પીપ.

Tune, ટ્યૂન, *n.*(Fr. *ton*) air, melody; disposition. રાગ, સુરનો મેળ–મુકામ, મિજાજ ઠેકાણે હોવો તે. *vt.* to put in tune. નો સુર મેળવવો, લગાવવું, ગાવું. [મધુર.

Tune'ful, ટ્યૂનફુલ, *a.* melodious, harmonious. સુસ્વર,

Tun'nel, ટનેલ, *n.* (Fr. *toune* a tun) underground passage. ભોંય–પહાડ વગેરેમાં મૂકેલો રસ્તો, સણુંગ, વિવરમાર્ગ. *vt.* to drive passage through hill &c. ખોદી–ફોરીને રસ્તો કાઢવો–કરવો. [dress. પાઘડી.

Tur'ban, ટર્બન, *n.*(Hind. *sur* head & *band*) a head-

Tur'bid, ટર્બિડ્, *a.*(L. *turba* uproar) muddy, not clear. ડોહવાયલું, રગડા જેવું, મેલું, કચરાવાળું.

Tur'bu-lent, ટર્બ્યુલેંટ, *a.* refractory, agitated. બંડ–દંગા-ખોર, ફિતુરી, તોફાની; તોફાનપર ચઢેલું, ખળભળી ગયલું.

Turf, ટર્ફ, *n.* (AS. *terf*) grass-land, sod; race-ground. જડી કે જડિયાંવાળી ધરતી–ભોંય; ઘોડદોડની જગા.

Turgid, ટર્જિડ, *a.* (L. *turgeo* to swell) inflated. ફુલેલું, ફુલાવેલું, ઉપસેલું; મહોટા મહોટા શબ્દ વાપરેલા હોય એવું, ખોટા ભભકાવાળું, કેવળ શબ્દ ગૌરવવાળું.

Tur'key, ટર્કિ, *n.* (from Turkey) a large fowl. મરઘા, મોર આદિના જેવું પક્ષી. [કૌસુમ–કસુંબો, મજીઠિયા લાલ.

Turk'ey-red, ટર્કિરેડ્, *n.* a brilliant red dye. પાકો

Tur'me-ric, ટર્મેરિક્, *n.* (Hind. *zurd* yellow) Indian saffron. હળદ, હરિદ્રા.

Tur'moil, ટરમોઇલ, *n.* (*trimar*) great stir; trouble. ખેન, લફરૂં, જંજાળ, કડાકૂટ; સંતાપ, તલપાપડ; ધમાચકડી, ગડબડાટ.

Turn, ટર્ન, *vt. i.* (AS. *tyrnan*) to move round; shape; change; reverse. ચકર ચકર ફેરવવું; સંઘાડે–ચરખે ઉતારવું, ઘડવું, બનાવવું; ઉંધું–અવળું કરવું, ઉથલાવવું ઉળટાવવું. *n.* revolution; winding; walk to & fro; change; form; round. ફરવું તે, ભ્રમણ; નદીનો વાંક; ફેરો, આંટો, ચક્કર, પસાર ફરવા–કરવા, ફેરફાર, વૈચિત્ર્ય; વારો; વારી, પાળી; લાગ, ચોગ, સ્વરૂપ, આકાર, તરેહ, ઘડણ; આંટો. [મૂકી દેનાર, ભગુડિયો.

Turn'coat, ટર્નકોટ, *n.* one who changes sides. પક્ષ–વિચાર

Turn'er, ટર્નર. *n.* one who turns. સંઘાડિયો, ખરાદી.

Turn'ing, ટર્નિંગ *n.* a winding. વાંક, ફાંટો.

Turn'ing-point, ટર્નિંગપૉઇન્ટ, *n.* that which decides matter. મુદ્દો, મુદ્દાનીવાત.

Tur'pi-tude, ટર્પિટ્યૂડ, *n.* (L. *turpis* base)baseness. નીચ–હલકા–પાજીપણું, દુષ્ટતા, લુચ્ચાઈ.

Tur'ret, ટરેટ, *n.* (W. *tior* a tower) a small tower. કિલ્લા કે ઘરપરનો મિનારો, શિરોગૃહ. [જાતનું પક્ષી; કાચબો.

Tur'tle, ટર્ટલ, *n.* (AS. *tortel*) a dove; tortoise. હોલાની

Tusk, ટસ્ક, *n.* (AS. *tux*) a long pointed tooth. દંતુસળ, દંતશૂલ. [શિક્ષક; ગુરૂ.*vt.*to teach. શિખવવું, ભણાવવું.

Tu'tor, ટ્યૂટર, *n.*(L. *tutor* to look at) teacher. ભણાવનાર,

Twadd'le, ટ્વૉડ્લ, *vi.*(Sax. *to-tellan*)to prate. બકવું, લવારો કરવો.

Twain, ટ્વેન, *n.*(AS.*tweage*) two. બે કે બે ભાગ. [

Twang, ટ્વૅંગ, *vi.* (Sans. *dhwani* a sound)to sound with sharp noise. નો ટણકારો–ટંકાર થવો. *n.* sharp quick sound. ટંકારો, ટંકાર, ગુંગણો સાદ, ગુગણાટ.

Tweez'ers, ટ્વીઝર્સ, *n.* (*two* & *zwiser* a forked twig) nippers, pinchers. નિમાળા ટૂંપવાનો ચિપિયો, ટૂંપિયો.

Twig, ટ્વીગ, *n.* (AS.) a small branch. ડાળી, ઉપશાખા.

Twi'light, ટ્વાઈલાઈટ, *n.* (AS. *twy* 2 & light) light after sunset & sunrise. મહો સૂઝતું અજવાળું, ઝળઝળું.

Twilled, ટ્વીલ્ડ, *a.* (Scot. *tweel* two-fold) woven in ribs. પાંસળીદાર, આડ સળીદાર. [a birth. જોળમાંનું એક.

Twin, ટ્વીન *n.* (AS. *twa* two) one of two produced at

Twine, ટ્વાઈન, *n.*(AS.*twinam*) thin string. સુતળી. *vi.* to twist; wind. વણવું, ભાંગવું; વીટાળી લેવું, વિંટાવું, લપેટાવું.

Twinge, ટ્વીંજ, *vi.* (Sax. *twiccian* to pluck) to feel

sharp pain. ચટકવું,ચટકો લાગવો,સળ નાખવી.*n.* darting pain. ચટકો, સળ.

Twin'kle,ટ્વિંકલ,*vi.*(AS.*twinclian*) to sparkle;wink. ચળકવું,ઝબકવું;આંખ મટમટાવવી–પલકાવવી-ના પલકારા મારવા.

Twin'kle, Twin'kling, ટ્વિંકલ, ટ્વિંકિલંગ, *n.* sparkle; instant. ઝબકારો, ચળકાટ, ચમકારો, પલકારો.

Twirl, ટ્વઅર્લ, *n.* (AS. *ed* again & whirl) quick turn. ચક્કર ચક્કર ફરવું તે, ચાક. *vi. t.* to whirl round. ચક્કર ચક્કર ફરવું, ચાકે ચઢવું; ચક્કરે–ચાકે ચઢાવવું, ફેરવવું.

Twist, ટ્વિસ્ટ, *vt.* (AS.)to entwine; pervert. અમળાવવું, આમળવું, મરડવું, વણવું, મરડી મચડી અવળો–ઉંધો અર્થ કરવો. *n.* threads entwined; contortion. વણેલું દોરડું; વળ, આમળો, પેચ. [proach. ને મ્હોએ–કહ્યાનું મ્હેણું મારવું.

Twit, ટ્વિટ, *vt.* (AS. *edwitan* to blame again) to re-

Twitch, ટ્વિચ, *vt.* (AS. *twiccian* to pluck) to pull suddenly.ને આચકો મારવો, ઝટકવું, છટકાવવું. *n.* sudden pull;sharp pain.આચકો,ઝટક;નસ ચઢી–વળ ખાઈ જવી તે.

Twit'ter, ટ્વિટર, *vi.*(Ger.) to make noise as birds; laugh. ચીં ચીં–કિલબિલ કિલબિલ કરવું; ઠી ઠી હસવું.

Type, ટાઇપ, *n.* (L. *typus* a blow) emblem; model; a printing letter. છાપ, નિશાણી, ચિન્હ, નમુનો, દાખલો, જાત, પ્રકાર; બીબું, મુદ્રા. [low fever. નવજવર.

Ty'phoid, ટાઇફૉઇડ, *n.* (*typhus* & Gr. *eidos* form)

Ty'phus, ટાઈફસ, *n.* (Gr. *tupho* to smoke) deadly fever. ઘણીજ નબળાઈ આવે એવો તાવ. [દરિયાઈ વહોણિયો.
Ty'phoon, ટાઈફૂન, *n.* (L. *typhon*) a tornado. આકરો
Typ'ical, ટાઈપિકલ, *a.* (see Type) emblematic. નિશાણીદાખલ સમજવાનું-ગણવાનું, ચિન્હ સ્વરૂપ.
Typ'i-fy, ટાઈપિફાઈ, *vt.* to show by figure. ના પ્રતિરૂપ-પૂર્વસ્વરૂપની નિશાણી બતાવવી
Ty-pog'ra-phy, ટાઈપોગ્રફિ, *n.* (Gr. *typus & grapho*) art of printing. છાપવાનું કામ, મુદ્રાંકનક્રિયા.
Ty-rann'i-cal, ટાઈરૅનિકલ *a,* (L. *tyrannus*) cruel, unduly severe. જુલમી, નિરંકુશ.
Tyr'an-nise, ટિરૅનાઈઝ, *vi.* to act as a tyrant. પીડા-જુલમ કરવો-ગુજારવો, દુઃખ દેવું. [સખ્ત, નિર્દયતા.
Tyr'ann-y, ટિરૅનિ, *n.* undue severity. જુલમ, પ્રજાપીડન,
Ty'rant, ટાઈરંટ, *n.* an arbitrary ruler. જુલમી-પ્રજાને પીડા કરનાર-નિરંકુશ રાજા. [નવો નિશાળિયો, શિખાઉ.
Ty'ro, ટાઈરો, *n.* (L. *tiro* a young soldier) beginner.

U.

U-bi'qui-ty, યુબિકુઈટિ, *n.* (L. *ubique* everywhere) existence everywhere. સર્વ ઠેકાણે હોવું તે, સર્વ-વિશ્વ વ્યાપ્તિ.
Ud'der, આડર, *n.* (AS. *uder*) milk vessel of cow. આંચળ.
Ug'ly, અગ્લિ, *a.* (AS. *oglic* dreadful) deformed, not handsome. કુરૂપ, કદરૂપું, બેડોળ, કંટાળવાજોગ.

Ug'li-ness, અગ્લિનેસ, *n.* deformity. કુરૂપતા, બેડોળપણું.
U'kase, યુકેસ, *n.* (Russ.) Russian imperial decree. બાદશાહી હુકમ–જાહેરનામું.
[નાસુર, ચાંદી.
Ul'cer, અલ્સર, *n.* (L. *ulcus* a wound) running sore.
Ul-te'ri-or, અલ્ટિરિઑર, *a.* (L. *ulter* that is beyond) lying beyond. અગાડીનું, બીજું, વધારે, હવેપછી.
Ul'ti-mate, અલ્ટિમેટ, *a.* (L. *ultimus* last) final, extreme, final. છેલ્લું, છેડાપરનું; છેવટનું, આખરનું, અંતનું, મુખ્ય.
Ul'ti-mate-ly, અલ્ટિમેટલિ, *ad.* finally. આખરે.
Ul-ti-ma'tum, અલ્ટિમેટમ, *n.* final proposition. આખરનું બોલવું–કહેવું, છેલ્લી વાત–શરત.
Ul'tra, અલ્ટ્રા, *ad.* (L.) beyond, extreme. અતિશય, ઘણુંજ.
Ul-tra-ma-rine', અલ્ટ્રામૅરીન, *a.* (L. *ultra* & *mare* sea) situated beyond the sea. સમુદ્રની પેલીતરફનું, દરિયાપારનું.
Ul-tra-mon'tane, અલ્ટ્રામૉન્ટેન, *a.* (L. *ultra* & mountain) beyond the mountains. પહાડની પેલીમેરનું.
Um'bra, અમબ્રા, *n.* (L.) shade. છાંયા, પડછાયો.
Um'brage, અમબ્રેજ, *n.* a shade; offence, resentment. ઘટા; માઠું–ખોટું લાગવું તે, નાખુશી, ગુસ્સો.
Um'brel-la, અમબ્રેલ, *n.* screen to protect from sun and rain. છત્રી, છત્ર, છતર.
Um'pire, અમપાઇર, *n.* (L. *impar* uneven) judge, arbiter, referee. મધ્યસ્થ, લવાદ, ત્રાહિત.
Un-a'ble, અનેબલ, *a.* not having power. અશક્ત.

Un-ac-cept'a-ble, અનઍક્સેપ્ટેબલ, *a.* not pleasing, not welcome. અસ્વીકાર્ય, નાપસંદ.

Un-ac-com'mo-dat-ing, અનઍકૉમોડેટિંગ, *a.* not obliging. બીજાનું મન ન રાખે–ઇચ્છામાફક ન કરે એવું.

Un-ac-count'a-ble, અનઍકાઉંટઍબલ, *a.* not explicable; not responsible. ન સમજાય એવું, ગૂઢ, ગહન; બીનજવાબદાર.

Un-ac-cus'tomed, અનઍક્સ્ટમ્ડ, *a.* not used, not made familiar. ટેવ-મહાવરો ન હોય એવું, અનભ્યાસી, નહિ ઘડાયલું.

Un-ad-viz'ed-ly, અનઍડવાઇઝ્ડ્લિ, *ad.* rashly. વગર વિચારે, અવિવેકથી, અયોગ્યરીતે.

Un-af-fect'ed, અનઍફેક્ટેડ્, *a.* natural; sincere; not moved. કુદરતી, અકૃત્રિમ, સાદું; ખરું, ઢોંગ વગરનું, અંતઃકરણનું; કઠણ હૈયાનું, અસર ન થઈ હોય એવું. [નર્યું, મેળવણી કે ભેળ વગરનું.'

Un-al-loyed', અનઍલૉઈડ, *a.* pure, not mixed. ચોખ્ખું

U-na-nim'i-ty, યુનૅનિમિટિ, *n.* (L. *unus* one & *animus* mind) agreement. એક વિચાર–મત–દિલી, સંપ.

U-nan'i-mous, યુનૅનિમસ, *a.* of one mind. એક મત–ચિત્ત–દિલ, એકમતી.

Un-as-sum'ing, અનઍસ્યુમિંગ, *a.* modest. અનભિમાની, નમ્ર.

Un-a-vail'ing, અનઍવેલિંગ, *a.* useless, ineffectual. વ્યર્થ, નિષ્ફળ. [એક, અજાણતાં, અચાનક.

Un-a-wares', અનઍવેઅર્ઝ, *ad.* suddenly. ઓચિંતું, એકા-

Un-bar', અનબાર, *vt.* to unfasten. ઉઘાડવું, ખોલવું.

Un-be-com'ing, અનબિકમિંગ, *a.* improper, indecent. અયોગ્ય; શોભે નહિ એવું. [સ્થા, આણપતીજ.

Un-be-lief', અનબિલીફ, *n.* infidelity. અવિશ્વાસ, અના-

Un-bend', અનબેંડ, *vt.* to relax, slacken. ઢીલું-સીધું કરવું; વિસામો ખાવો, નિરાંત વળવી.

Un-bend'ing, અનબેંડિંગ, *a.* resolute, not yielding. વળે-નમે-ફરે નહિ એવું, દબી નહિ જાય-તાબે ન થાય એવું, મજબૂત, દૃઢ, સ્થિર, નિરાંતવળતું, વિસામાનું. [ત, સમદર્શી.

Un-bi'ased, અનબાઈએસ્ડ, *a.* not prejudiced. નિષ્પક્ષપા-

Un-blush'ing, અનબ્લશિંગ, *a.* destitute of shame. શરમ વગરનું, બેશરમું. [દિલ ખોલીને બોલવું.

Un-bo'som, અનબૂઝમ, *vt.* to reveal. મનની વાત કહેવી,

Un-bro'ken, અનબ્રોકન, *a.* whole; not turned or tamed. અખંડ, આખું; નહિ પળોટેલું.

Un-bur'den, અનબર્ડન, *vt.* to relieve mind. ભાર-બોજો ઉતારી લેવો; ની ચિંતા-દુ:ખ ખુલાસાથી કહેવું-ખાલી કરવું. [નકામું

Un-called', અનકોલ્ડ, *a.* not invited. નહિ બોલાવેલું-તેડેલું;

Un-can'did, અનકૅંડિડ, *a.* insincere. કપટી, દગાખોર.

Un-ceas'ing, અનસીઝિંગ, *a.* continual. ચાલુ, નિરંતર, નહિ બંધ પડે એવું. [અસભ્ય, બેમુરવત.

Un-cer-e-mo'ni-ous, અનસેરિમોનિઅસ, *a.* not formal.

Un-cer'tain, અનસર્ટન, *a.* doubtful; unsettled. શક ભરેલું, અનિશ્ચિત, ખાતરી-નિયમ-ભરોસા વગરનું.

Un-civ'il, અનસિવિલ, *a.* rude, not polite. જંગલી, તોછડું; અસભ્ય, નાલાયક.

Un-civ'i-lized, અનસિવિલાઈઝ્ડ, *a.* barbarous. નહિ સુધરેલું, જંગલી.

[brother. કાકો કે મામો.

Un'cle, અંકલ, *n.* (Fr. *oncle*) father's or mother's

Un-clean', અનક્લીન, *a.* foul; impure; lewd. ગંદું, મેલું, મલીન; અશુદ્ધ, અપવિત્ર, નાપાક; વિષય ભરેલું, બદફેલીનું.

Un-close', અનક્લોઝ, *vt.* to open. ખોલવું, ઉઘાડવું.

Un-cloud'ed, અનક્લાઉડેડ, *a.* free from clouds. સાફ, ખુલ્લું, અનભ્ર.

[અરૂપવાન, બેડોળ, અયોગ્ય.

Un-come'-ly, અનકમ્લિ, *a.* not comely; unbecoming.

Un-com'fort-a-ble, અનકમ્ફર્ટેબલ, *a.* affording no comfort. બેચહેન, અસુખી, દુઃખી, અડચણકારક.

Un-com'mon, અનકૉમન, *a.* rare, unusual. અસાધારણ, અપૂર્વ, કવચિત મળે એવું, અદ્ભુત.

[ન માને-ન લટે એવું.

Un-com'pro-mis-ing, અનકૉમ્પ્રોમાઈઝિંગ, *a.* unyielding.

Un-con-cern', અનકૉન્સર્ન, *n.* indifference. બેતમા, બેફિકર, બેદરકાર.

[તકરાર વગરનું, બિનશરતી, સંપૂર્ણ, પૂરેપૂરું.

Un-con-di'tion-al, અનકૉન્ડિશનૅલ, *a.* absolute. વાંધા-

Un-con-nect'ed, અનકનેક્ટેડ, *a.* loose, vague. છૂટું, નિરાળું, અસંબંધ.

Un-con'quer-a-ble, અનકૉંકરેબલ, *a.* invincible. અજીત.

Un-con'scion-a-ble, અનકૉંશનેબલ, *a.* unreasonable. વિવેક વિરૂદ્ધ, ગેરવાજબી, બેસુમાર.

[ચેતના નથી એવું.

Un-con'sci-ous, અનકૉન્શિઅસ, *a.* not knowing. ભાન-

Un-cor-rupt', અનકરપ્ટ, *a.* untainted. નહિ બગડેલું, ડાઘ વગરનું, નિષ્કલંક. [નું, બેડોળ, અજબ તરેહનું.

Un-couth', અનકૂથ, *a.* awkward, odd. તરેહવાર, ઢંગ વગર-

Un-cov'er, અનકવર, *vt.* to lay open. ઉઘાડું કરવું, ઢાંકણુ લઈ લેવું. [અત્તર–તેલ ચોપડવું તે.

Unc-tion, અંકશન, *n.* (L. *ungo* I anoint) anointing.

Unc'tu-ous, અંકટ્યુઅસ, *a.* oily, greasy. ચિકણું, તેલિયું.

Un-daunt'ed, અનડૉનટેડ, *a.* fearless. નિર્ભય, ધાસ્તી વગરનું.

Un-de-cid'ed, અનડિસાઇડેડ, *a.* not determined. નક્કી નહિ કીધેલું, અનિશ્ચિત, ધચુપચુ. [શુદ્ધ, નાપાક નહિ કીધેલું.

Un-de-filed', અનડિફાઇલ્ડ, *n.* a not polluted. નિર્મળ,

Un'der, અંડર, *prep.* (AS.) beneath; in a state of subjection to; less than, below; with pretext; during. નીચે, તળે, હેઠળ; તાબે, હુકમમાં, આધીન; કર્તા ઓછું–કમી; બહાને, નિમિત્તે; કર્તાં ઉતરતા દરજ્જાનું; ના વખતમાં, ની વેળાએ; પર.

Un-der-go', અંડરગો, *vt.* to bear, endure, suffer; sustain; pass through. ભોગવવું, સોસવું, પર ગુજરવું; ખમવું, સહન કરવું; થવું, નું થવું. [the earth જમીનની નીચેનું.

Un-der-ground', અંડરગ્રાઉંડ, *a.* below the surface of

Un-der-hand' અંડરહૅંડ, *a.* covert, secret, sly. છાનું, ગુપ્ત, ચોરીનું. *ad.* by secret means. છૂપીરીતે, ચોરીથી, દગાથી.

Un-der-lie', અંડરલાઇ, *vi.* to lie under. નીચે પડવું–હોવું, નો આધાર–ટેકો હોવો. [શબ્દોની નીચે લીટી દોરવી.

Un-der-line', અંડરલાઇન, *vt.* to mark below with lines.

Un′der-ling, અંદરલિંગ, *n.* an inferior. હાથનીચેનું–હલકું–નીચ માણસ.

Un-der-mine′, અંદરમાઈન, *vt.* to dig beneath; injure, ruin. નીચેથી જમીન ખોદી કાઢવી, પાચો ખોદી નાખવો, તળેથી પોલું કરી મૂકવું, ગુપ્તરીતે નુકસાન-ધોકો લગાડવો–નાશ કરવો.

Un′der-most, અંદરમોસ્ટ, *a.* lowest in place. સર્વેથી નીચેનું, કનિષ્ઠ. [હેઠળ.

Un-der-neath′, અંદરનીથ, *pre. ad.* beneath. નીચે, તળે,

Un-der-rate′, અંદરરેટ, *vt.* to undervalue. હોય તે કર્તાં ઓછી કિંમત કરવી–ગણવી. [other. બીજા કર્તાં સસતું વેચવું.

Un-der-sell′, અંદરસેલ, *vt.* to sell cheaper than an-

Un-der-stand′, અંદરસ્ટૅંડ, *vt.* to comprehend, know the meaning of, suppose to mean, to be informed. સમજવું, ધ્યાન–મનમાં ઉતારવું; ખબર મળવી, જાણવું, સાંભળવું.

Un-der-stand′ing, અંડરસ્ટૅંડિંગ, *n.* intellect; sense; judgment; agreement of minds. સમજ–જ્ઞાનશક્તિ, જ્ઞાનેંદ્રી, બુદ્ધિ, સમજણ, જ્ઞાન, જાણ; બનાવ, સંપ, સમજુતી. *a.* knowing. સમજણું, સમજુક, ચતુર, હોશિયાર.

Un-der-stood′, અંદરસ્ટૂડ, *a.* meant but not expressed. સ્પષ્ટ ન દેખડાવેલું પણ મૂકી દીધેલું, અધ્યાહાર હોય તેવું, અધ્યાહૃત. [હલકા કામનો કારભારી.

Un′der-strapp-er, અંડરસ્ટ્રૅપર, *n.* an inferior agent.

Un-der-take′, અંદરટેક, *vt.* to engage in; contract to perform. માથે–હાથમાં લેવું, બીડું ઝડપવું, કરવાનું કબૂલ કરવું; શરત કરી માથે લેવું, વચન આપવું.

Un-der-ta'ker, અંદરટેકર, *n.* one who manages funerals. દાટવા કે દફન કરવાસારૂં જોઈતી ચીજો પૂરી પાડનાર, મસાણિયો; માથે લેનાર. [કામ, કાર્ય.
Un-der-tak'ing, અંડરટેકિંગ, *n.* enterprise. સાહસ કર્મ,
Un-der-write,' અંડરરાઈટ, *vi.* to insure. વીમો ઉતારવો.
Un-der-writ'er, અંદરરાઈટર, *n.* insurer. વીમો ઉતારનાર.
Un-de-served', અનડિઝર્વ્ડ, *a.* not merited. ગેરવાજબી અયોગ્ય થયલું–કરેલું. [ગુણહીન.
Un-de-serv'ing, અનડિઝર્વિંગ, *a.* not meriting. નાલાયક,
Un-de-signed', અનડિઝાઈન્ડ, *a.* not intended. અણધાર્યું, અચાનક, અજાણતાં થયલું–બનેલું. [નિષ્કપટિ, દગાવગરનું, ભોળું.
Un-de-sign'ing, અનડિઝાઈનિંગ, *a.* artless, sincere.
Un-dig'ni-fied, અનડિગ્નિફાઈડ, *a.* below one's position. મહોટાને લાયક–માન ભરેલું નહિ એવું, નીચું.
Un-dis-guised', અનડિસ્ગાઈઝ્ડ, *a.* open; artless. વેશવિનાનું, ખુલ્લું; કપટ વગરનું.
Un-dis-mayed', અનડિસ્મેડ, *a.* not disheartened by fear. બીકથી હુબકી નહિ ગયલુ, હિંમત નº હારેલું.
Un-do', અનડૂ, *vt.* to reverse, annul; open; ruin. ઉંધું વાળવું, ઉલટાવી–ફેરવી નાખવું; રદ્દ કરવું; ઉઘાડવું, છોડવું, છુટું કરવું; નાશ–પાયમાલ–ખરાબ–ભીખ માગતું કરવું.
Un-do'ing, અનડૂઈંગ. *n.* reversal; ruin. ફેરવવું–રદ્દ કરવું તે; નાશ, ખરાબી, પાયમાલી. [સંદેહ વગરનું, નિસ્સંશય.
Un-doubt'ed, અનડાઉટેડ્, *a.* not called in question.

Un-dress', અન્ડ્રેસ, *vt.* to take off clothes. કપડાં કા-
ઢવાં—ઉતારવાં. [બેસુમાર.
Un-due', અનડ્યૂ, *a.* improper; excessive. અઘટિત;
Un'du-late, અનડ્યુલેટ, *vt. i.* to move like a wave, vibrate. લહેરની પેઠે ઉંચા નીચાં થઈ ચાલવું, લટકી હિંચકા ખાવા, આંદોલનની પેઠે હાલ્યાં કરવું.
Un-du-la'tion, અનડ્યુલેશન, *n.* waving motion. લહેરની-પેઠે ગમન કરવું તે—ના જેવી ગતિ, ડોલા ખાવા તે, હાલ્યાં કરવું તે. [રી.
Un-earth'ly, અનઅર્થલિ, *a.* supernatural. દૈવતાઈ, ચમત્કા-
Un-eas'i-ness, અનઈઝિનેસ, *n.* disquiet. અસુખ, બેચેન, દુ:ખ.
Un-ea'sy, અનઈઝિ, *a.* restless, disturbed. અસુખી, બે-ચેન, અસ્વસ્થ.
Un-em-ployed', અનએમ્પ્લૉઈડ, *a.* not occupied; not engaged or being in use. કામ ધંધાવિનાનું, બિનરોજગારી; નહિ વપરાતું, કામે લગાડેલું નથી એવું.
Un-e'qual, અનઈક્વલ, *a.* not uniform or of same size; inferior; insufficient; partial, unjust. એક સરખું—બરાબર નહિ એવું, ઉતરતા દરજ્જાનું; અપૂરતું, ઓછું; ગેરવાજબી.
Un-err'ing, અનએરિંગ, *a.* certain. અચૂક, નિર્ભ્રાંત, ખાતરીનું, ખાતરીવાળું, ચોક્કસ.
Un-e'ven, અનઈવન, *a.* not level or uniform; unequal; odd. ઉંચુંનીચું, સરખું નહિ એવું; અસમ, અસમાન; એકી.
Wan′ton-ness, ઉઑાંટનનેસ, *n.* reckless sport; lust. અમર્યાદ—નિરંકુશ રમતગમત; કુવાસના, કુબુદ્ધિ, કામવાસના.

War, ઉઆર, *n.* (AS. *werre*) open hostility of states. લડાઈ, યુદ્ધ, સંગ્રામ, વિરોધ, દુશ્મની, લડાઈનું મન. *vi. t.* to carry on war. યુદ્ધ–લડાઈ કરવી–ચલાવવી.

War'ble, ઉઆરબલ, *vi.* (Ger. *wirbeln*) to sing, carol. લેહેકાવીને–સુસ્વરથી ગાવું–બોલવું-અવાજ કાઢવો.[કાઢનારૂં પક્ષી.

War'bler, ઉઆરબ્લર, *n.* songster. ગાનારૂં–મધુર અવાજ

Ward, ઉઑર્ડ, *vt.* (AS. *weardian*) to repel. નિવારણ કરવું, ઝીલી પાછું કાઢવું,ઝીલવું *n.* watch;division;custody; minor. ચોકી, સંભાળ, રક્ષણ, બચાવ; વાડો, મહોલ્લો, પીઠ, પરૂં; કેદ–પરેજ કરવું તે; વાલીના હસ્તક-સંભાળમાં સોંપેલું બાળક-છોકરૂં, સગીર. [રાખનાર, રખેવાળ.

Ward'er, ઉઑર્ડર, *n.* a keeper,a guard. સંભાળ–ચોકસી

Ward'robe,ઉઑર્ડરોબ,*n.*closet for clothes;clothes. લૂગડાંલત્તાં મૂકવાનો ઓરડો; લૂગડાંલત્તાં, પોશાક.

Wares, ઉએર્ઝ, *n.* (AS. *waru*) goods, merchandise. માલમત્તા, સોદો, જીનસ, સામાન.

Ware'house, ઉએરહાઉસ, *n.* a store house. વખાર, કોઠી.

War'fare, ઉઑરફેર, *n.* (Fr. *werre*)military service or life, struggle, contest. લડાઈ ચલાવવી તે, યુદ્ધકામ, લડાઈ, સંગ્રામ. [રણશૂર, લડાયક; લડાઈ–યુદ્ધવિષેનું.

War'like, ઉઑરલાઈક, *a.* fit for war, martial. લડવૈયું,

Warm, ઉઑર્મ, *a.* (AS. *wearm*) moderately hot; zealous; irritable; violent. હુંફું, ગરમ, ઉષ્ણ; હોંસીલું,

ઉત્સાહ-આસ્થાવાળું, આતુર; જલદી ગુસ્સા-રીસમાં આવે-તપી જાય એવું; જબરૂં, ભારે, સક્ત, જુસ્સાવાળું, તપી ગયલું, જોશમાં આવેલું. *vt.* to heat moderately; become earnest. હુંફું-ઉંફાએલું કરવું; ઉત્સાહવાળું-આતુર થવું-દેખાવું.

Warmth, ઉઓર્મ્થ, *n.* gentle heat; ardour. ગરમી, ઉંફ; આસ્થા, હોંસ, ઉત્કંઠા.

Warn, ઉઓર્ન, *vt.* (AS. *warnian*) to put on guard, caution. આગળથી ચેતવવું, જણાવવું, ખબર-સૂચના આપવી, ખબરદાર-સાવધ રહેવાનું કહેવું. [વરદી.

Warn'ing, ઉઓર્નિંગ, *n.* caution. ચેતવણી, સૂચના, તાકીદ,

Warp, ઉઓર્પ, *n.* (Icel. *varp*) thread lengthwise in fabric. ઉભા દોરો, તાણો. *vi.* to twist; pervert. મરડાવું, વળી-મચડાઈ જવું; થી મન ફરવું-બગડવું, ભ્રષ્ટ કરવું,-થી ગુંચવાઈ પડવું.

War'rant, ઉઓરંટ, *vt.* (Fr. *warantir*) to authorise, justify; assure; secure to. સત્તા-અધિકાર આપવો, અખત્યાર થવો-હોવો-મળવો, આધાર આપવો, ટેકો-પુષ્ટિ મળવી; ખરૂં-વાજબી છે એમ મનાવું-જણાવું; ખરી ખાતરીથી-નક્કી-ખચીત કેહેવું; બચાવી-સાચવી રાખવું. *n.* authority; right. સત્તા, અધિકાર; સનદ, પરવાનો, અખત્યારનામું. [માન્ય, ચોગ્ય.

War'ran-t-able, ઉઓરંટઍબલ, *a.* justifiable. વાજબી,

War'ren, ઉઓરેન, *n.* (Fr. *varenne*) a place for rabbits. સસલાં રાખવાની જગા-વાડો.

War'ri-or, ઉઑરિઅર, *n.* (Fr. *guerrier*) a soldier. સિપાઈ, લડનાર, લડવૈયો, યોદ્ધો, શૂરવીર.

Wart, ઉઑર્ટ, *n.* (Ger *warze*) hard growth on the skin. મસો, ચર્મકીલ, માંસાંકુર.

Wa'ry, ઉઑરિ, *a.* (Dan. *vare* guard) cautious; prudent. સાવધ, હોશિયાર, દૂરંદેશ, સાવચેત.

Wash, ઉઑશ, *vt.* (AS. *wasxon*) to clean by water; wet; dash against; overlay. ધોવું, પાણીથી સાફ કરવું; ભીનું કરવું, ભીંજવવું; ઉપર પાણી ફરી વળવું, થી જળમય થઈ રહેવું-જવું; સામે અથડાવું-અફળાવું; ઉપર પાણી-ઢોળ ચઢાવવું, ગીલીટ કરવું. *vi.* to bathe. નહાવું, અંગ ધોવું, સ્નાન કરવું. *n.* alluvial matter; a marsh; cosmetic; lotion; bath; arm of sea; a coat of metal. ચરું; કાદવકીચડની જગો, કળાણ; અંગંસ્રાગ, શરીરનું રૂપ વધારનાર લેપ–પાણી; દરદ સાફ કરવાની પાણીજેવી દવા; સ્નાન; સમુદ્રનો ફાંટો; ધાતુનો ઢોળ.

Wasp, ઉઑસ્પ, *n.* (L. *vespa*) a stinging insect. ભમરો, ભ્રમરકીટ.

*Wasp'ish, ઉઑસ્પિશ, *a.* peevish; spiteful. ચિડિયું, મિજાસી, જરામાં રીસ ચઢે એવું; કિનાખોર, ખારીલું.

Waste, ઉએસ્ટ, *n.* (AS. *weste*) desolate ground; useless expense; loss. ઉજડ-વેરાન-ખેડયાવગર રહેલી–પડતર જમીન, રણ; નકામું ખરચી નાખવું–ખોઈ દેવું તે; નુકસાન, બગાડ, ખરાબી, નાશ. *vt. i.* to diminish; squander; desolate; damage. નબળું–ક્ષીણ કરવું, ઘટાડવું, ઓછું થવું; ઉડાવી

—ખરચી દેવું, અમથું ગુમાવવું—વાપરી નાખવું; વેરાન—ઉજ્જડ—તારાજ કરવું; જાણીજોઈને બગાડવું. *a.* desolate; worthless; uncultivated. વેરાન, ઉજ્જડ; નકામું, નજીવું; વગર ખેડેલી, પડતર.

Waste'ful, વેસ્ટફુલ, *a.* lavish; destructive. ઉડાઉ, અનીતિથી ખરચનાર; નુકસાનકારક, નાશકારક, નકામું, ફોકટ.

Watch, વૉચ, *n.* (AS. *wacian*) guard; close observation; a pocket time-piece. ચોકીપહેરો, સાવધાની, ચોકીદાર; સંભાળ, તપાસ, ચોકસી; ગજવામાં રાખવાનું ઘડિયાળ. *vi.* to be awake or vigilant. જાગવું, ઉજાગરો કરવો; નજર રાખવી, લક્ષ આપવું, સાવધ—જાગૃત રહેવું. *vt.* to guard; observe closely. ચોકસી—તપાસ રાખવી, ચોકી—બચાવ કરવો; પર નિઘેબાની રાખવી, ને જોતાં રહેવું. [શિયાર, જાગૃત, ચોકસ.

Watch'ful, વૉચફુલ, *a.* careful, attentive. સાવધ, હો-

Watch'man, વૉચમૅન, *n.* night-guard. ચોકીદાર, પહેરેગીર. [સંકેતનો શબ્દ.

Watch'word, વૉચવર્ડ, *n.* a pass-word. વરદી—નિશાની—

Wa'ter, વૉટર, *n.* (AS. *wæter*) a transparent fluid; ocean; urine; lustre. પાણી, જળ; મહાસાગર, સમુદ્ર; પિશાબ, મૂતર; હીરા મોતી વગેરેનું પાણી—આબ—તેજ—ઝલે. *vt.i.* to irrigate; supply with water. પાણી છાંટવું—પાવું—સીંચવું—નો છંટકાવ કરવો, થી—ઉપર પાણી છંટાવું—પડવું; પાણી પૂરૂં પાડવું, થી પાણી પૂરૂં પડવું.

Wa'ter-col-ours, ઉઑટરકલર્ઝ, *n.* colours diluted & mixed with gumwater. પાણી ને ગુંદ નાખી બનાવેલો રંગ.

Wa'ter-course, ઉઑટરકોર્સ, *n.* a channel for water; stream. નળ, નીક, મોરી, ગટર; ઝરો, પ્રવાહ, નાળું.

Wa'ter-fall, ઉઑટરફૉલ, *n.* cascade, cataract. પાણીનો ધોધ–ધોધવો.

Wa'ter-man, ઉઑટરમૅન, *n.* a boatman. ખલાસી, ખારવો; [પાણી ભરનાર, પખાલી.

Wa'ter-mel-on, ઉઑટરમેલન, *n.* a delicious fruit. તડબુચ, કલીંગડું.

Wa'ter-proof, ઉઑટરપ્રૂફ, *n.* not admitting water. [માં પાણી નહિ પેસે–ભેદે–પ્રવેશ કરે એવું.

Wa'ter-shed, ઉઑટરશેડ, *n.* high ridge which carries the water off in opposite directions. જેમાંથી નદીઓ ઉત્પન્ન થાયછે તે ઉંચી ભૂમી.

Wa'ter-spout, ઉઑટરસ્પાઉટ, *n.* a whirling column of water at sea. સમુદ્રમાં થતો પાણીનો સ્તંભ, જલસ્તંભ.

Wa'ter-tight, ઉઑટરટાઇટ, *a.* so tight as not to admit water. જેમાંથી પાણી પેસી કે નિકળી નહિ શકે એવું, જલાભેદ્ય.

Wa'ter-y, ઉઑટરિ, *a.* thin; tasteless. પાણી જેવું–સરખું; સ્વાદ વગરનું.

Wat'tle, ઉઑટલ, *n.* (AS. *watel*) a hurdle made of [twigs. તાટું, તટ્ટી, ત્રાપો.

Wave, ઉએવ, *n.* (AS. *wæg*) billow, moving swell of water. મોજ, છોળ, લહેર, હિલકારો. *vi. t.* to flutter, move; beckon; relinquish. ઝુલવું, ફડફડવું, ફરકવું, આ-

મતેમ હલાવવું–ફેરવવું, પટા ખેલવા–રમવા;ઈશારત કરવી; છોડવું, ત્યાગ–દૂર કરવું, તજવું, મૂકી દેવું.

Wa'ver, ઉએવર, *vi.* to be unsteady, fluctuate. આમતેમ હાલવું; દૃઢ નહિ રહેવું, ઘડીઘડીમાં ફરી જવું.

Wax, ઉઍક્સ, *n.* (AS. *weax*) bees-wax; sealing wax. મીણ; સીલ કરવાની લાખ; કાનમાંનો મેલ. *vt.* to rub with wax. મીણ ચોપડવું–લગાડવું–પાવું.

Wax, ઉઍક્સ, *vi.* (Icel. *vaxa*) to grow, increase, become. ચંદ્રની એક એક કળા વધવી–વધતી જવી;થવું,હોવું,થતું જવું.

Wax'en, ઉઍક્સન, *a.* made of wax. મીણનું બનાવેલું.

Way, ઉએ, *n.* (AS. *wey*) a road; direction; mode; sect. રસ્તો, માર્ગ, વાટ; દિશા, તરફ; રીત, પ્રકાર; મત, પંથ.

Way'bill, ઉએબિલ, *n.* a list of names of passengers. ગાડીમાં લઈ જવાના ઉતારૂના નામની યાદી.

Way'far-er, ઉએફેરર, *n.* a traveller. વટેમાર્ગુ.

Way'lay, ઉએલે, *vt.* to beset in ambush. લૂટવા કે મારી નાખવા રસ્તામાં સંતાઈ રહેવું.

Way'ward, ઉએઉઅર્ડ, *a.* froward, perverse. હઠીલું, [જીદ્દી, મમતી.

Weak, ઉઈક, *a.* (Dut. *week*) feeble; faint; soft, not forcible. નબળું, દુર્બળ, અશક્ત; હલકું, ઝીણું, ધીમું; નરમ, નિર્જીવ; ફિકું, મોળું.

Weak'en, ઉઈક્ન, *vt.* to make weak; enfeeble. ફિકું–મોળું–દમવગરનું કરવું; નબળું–નરમ–કમજોર કરવું.

Weak'ly, ઉઈક્લિ, *ad.* in a feeble manner. નબળીરીતે, અવિચારથી. *a.* infirm. અશક્ત, નબળું.

Weak'ness, ઉઈકનેસ, *n.* feebleness. નબળાઈ, નિર્બળપણું.

Weak'side, ઉઈકસાઈડ, *n.* failings, defect. ઐબ, કસર, ખામી.

Weal, ઉઈલ, *n.* (AS. *wela* abundance) prosperity, welfare, happiness. આબાદાની, હીત, કલ્યાણ, સુખ.

Wealth, ઉએલ્થ, *n.* riches. દોલત.

Wealth'y, ઉએલ્થિ, *a.* rich, opulent. ધનવાન, શ્રીમંત, માલદાર.

Wean, ઉઈન, *vt.* (AS. *wenian*) to cease to suckle; withdraw from any desire. ધાવણ મૂકાવવું–છોડાવવું; ઉપરથી મન–દીલ ઉઠાવવું, પ્યાર ઉતારવો, ઉદાસ કરવું.

Weap'on, ઉએપન, *n.* (AS. *wæpen*) an instrument of offence. શસ્ત્ર, હથિયાર, આયુધ.

Wear, ઉએર, *vt.* (AS. *werian* to put on) to put on; diminish by use. પહેરવું, ઘાલવું, ઓઢવું, ઉપર હોવું–જણાવું –દેખાવું; વપરાશથી ખવાઈ–ઘસાઈ જવું–જરજર–જીર્ણ થવું.

Wear, ઉએર, *n.* (AS. *wær* an enclosure) a dam in a river; a fence of stake to catch fish. પાણીનો રસ્તો-પ્રવાહ રોકવાને બાંધેલી પાળ, બાંધ, પુશ્તો; જાળનાં ખુંટા.

Wea'ri-ness, ઉઈરીનેસ, *n.* (AS. *werig*) fatigue; uneasiness. થાક; કંટાળો, ત્રાસ, હલાકી.

Wea'ri-some, ઉઈરીસમ, *a.* tedious, tiresome. થાક લાગે-થકવી નાખે એવું, મહેનતનું, ત્રાસ-કંટાળા ભરેલું.

Wea'ry, ઉઈરી, *a.* tired, fatigued, exhausted, tiresome. થાકેલું, હાંફી ગયલું, કંટાળેલું, બેજાર થયલું, ત્રાસદાયક. *vt.* to tire. થકવી–હંફાવી નાખવું, કંટાળો આપવો.

Wea'sand, વીઝંડ, *n.* the wind-pipe. દમ લેવાની નળી, શ્વાસમાર્ગ.

Wea-th'er, વેધર, *n.* (AS. *weder*) state of the air. હવા હહોડો. *vt.* to pass with difficulty, endure. પવનનીસામે વહાણ હંકારીને વટાવી જવું, માંથી મહેનતથી પારપડવું, નીભાટકયા રહેવું.

Weath'er-beat-en, વેધરબીટન, *a.* harassed by the weather. પવનના સપાટા સહન કરેલું, ચોમાસું વેઠલું.

Weath'er-cock, વેધરકૉક, *n.* a turning vane; a fickle person. પવનનીગતિ જણાવનારૂં યંત્ર; ઘડીઘડીમાં ફરી જાય એવું માણસ.

Weath'er-wise, વેધરવાઇઝ, *a.* skilful in foretelling the weather. હવા કેવી નિકળવાની કે તેમાં કેવો ફેરફાર થવાનો છે તે જાણનાર.

Weave, વીવ, *vt.* (AS. *wefan*) to form cloth in loom; unite. વણવું, સાથે જોડવું, થી મિશ્રિત થઈ-મળી જવું. [સાળવી.

Weav'er, વીવર, *n.* one who weaves. વણનાર, વણકર,

Weav'ing, વીવિંગ, *n.* the act or art of arranging thread in a loom. વણવાનું કામ, વણતર, વણાટ.

Web, વેબ, *n.* (AS. *webb*) a thing woven; film; membrane. વણેલી વસ્તુ, તાકો, થાન; વણતર, વણાટ; પડ, જાળું, પક્ષીનાં આંગળાં વચ્ચેની ચામડી.

Webb'ed, વેબ્ડ, *a.* united by membrane. પાતળી ચામડીથી જોડાયલાં આંગળાંવાળું. [પાદ.

Web-foot'ed, વેબફૂટેડ, *a.* having webbed feet. જાલ-

Wed, ઉએડ, *vt.* (AS. *weddian* to engage) to marry; unite closely. ની સાથે વિવાહ—લગ્ન કરવું ને પરણવું—વરવું, અતિશય ચોંટી—વળગી રહેવું, પર બહુ વહાલ હોવું.

Wed'ding, ઉએડિંગ, *n.* marriage. લગ્ન, વિવાહ, શાદી.

Wed'lock, ઉએડલૉક, *n.* married state. લગ્ન—વિવાહસંબંધ.

Wedge, ઉએજ, *n.* (AS. *wecg*) tapering piece of metal or wood; the mechanical power. લગડી, ફાચર. *vt.* to fasten with wedges. માં ફાચર મારી સજ્જડ કરવું.

Wednes'day, ઉએન્ઝ્ડે, *n.* (AS. *wodens-dag*) 4th day of the week. બુધવાર.

Weed, ઉઈડ, *n.* (AS. *weod* an herb) a useless plant. નકામા રોપા, ઘાસ, નિંદણ, ઝાડવાં, જડાં; જે નકામું તે. *vt.* to root out weeds; free from. નિંદવું; માંથી કાઢી નાખવું—દૂર કરવું, ને મોકળું—છૂટું કરવું.

Week, ઉઈક, *n.* (Icel. *vika*) 7 days. અઠવાડિયું, ૭ દિવસ.

Week'day, ઉઈકડે, *n.* any day except the Sabbath. રવિવાર સિવાય અઠવાડિયાનો ગમે તે દિવસ.

Week'ly, ઉઈકલિ, *a.* done once a week. દર અઠવાડિયે આવતું-થતું-નિકળતું. *ad.* once a week. દર અઠવાડિયે.

Ween, ઉઈન, *vi.* (Ger. *wahnen*) to think, fancy. ધારવું, ને [ભાસવું.

Weep, ઉઈપ, *vi.* (AS. *wepan* to lament) to shed tears, bewail, bemoan. રડવું, આંસુ પાડવાં; શોક કરવો, દલગીરી બતાવવી.

Weft, ઉએફ્ટ, *n.* (Icel. *vefa* to weave) woof. વાણો, કપડમાંનું આડું સુતર.

Weigh, ઉએ, *vt.* (AS. *wegan* to lift) to try weight; ponder; have weight; lift. તોલવું, જોખવું, વજન કરવું-કાઢવું; મનમાં ધોળવું-વિચારવું, નું મનન કરવું; તોલમાં થવું-હોવું-ઉતરવું; લંગર ઉપાડવું-ઉંચકવું.

Weight, ઉએટ, *n.* heaviness, importance. જોખ, વજન, તોલ, કાટલું; ભારબોજ, કદર, વજન, દમ, ભાર, વિસાત, મામલત.

Weight'y, ઉએટિ, *a.* heavy; momentous. ભારે, વજનદાર, સંગીન, જડ; અગત્યનું, મનપર લેવા-વિચારવાયોગ્ય. [બાંધેલી પાળ.

Weir, ઉએર, *n.* dam across river. પાણીનો રસ્તો-પ્રવાહ રોકવા

Weird, ઉઈર્ડ, *n.* (AS. *wyrd* fate) a spell, charm. જાદુ, મંત્ર. *a.* skilled in witchcraft. ડાકણનું-ના જેવું, અમાનુશ્ય.

Wel'come, ઉએલકમ, *a.* (Sax. *wel* good & *cuma* a comer) received with gladness; grateful; free to have or enjoy gratituously. ખુશીનીસાથે સન્માન કરેલું-માં દાખલ કરેલું, ભલે આવ્યું-પધાર્યું, સતકાર કરવાજોગ; આનંદકારક, ખુશ કરે એવું; લેવા કે ઉપભોગ કરવાને ખુશીથી છુટ આપેલી. *n.* kind reception. આવકાર, સતકાર, સન્માન. *vt.* to receive kindly. આદરમાન આપવું, ભલે પધાર્યા એમ કહેવું.

Weld, ઉએલ્ડ, *vt.* (Ger. *wellen*) to hammer together. ખૂબ તપાવી લોઢા વગેરેના બે કકડા ટીપીને જોડવા-એક કરવા.

Wel'fare, ઉએલફેર, *n.* (AS. *wel* well & *faran* to go) health, happiness, prosperity. કુશળતા, સારૂં, ક્ષેમ, ભલું, કલ્યાણ, આબાદી. [of air. આકાશ, આસમાન, નભ, ગગન, ખ.

Wel'kin, ઉએલકિન, *n.* (AS. *welcn* cloud) sky, region

Well, ઉએલ, *a.* (AS. *wela*) in good health; fortunate. સારૂં, નિરોગી, ખુશાલ, ક્ષેમ; ભાગ્યવાન. *ad.* rightly; skilfully; abundantly; very much; conveniently. ખરી-વાજવીરીતે, હોંશિયારીથી, સારીરીતે; પુષ્કળ; ઘણું, બહુ, ખૂબ; સગવડ-સોઈ પડતી-ફાવતી રીતે. *n.* a spring, a pit of water. કુવો, વાવ, વાવડી. [આબાદી.

Well'be·ing, ઉએલબિઈંગ, *n.* welfare. કલ્યાણ, સુખ,

Well'-born, ઉઍલબૉર્ન, *a.* of good descent. કુલીન; કુળવાન. [રી રીતે શિખવી ઉછેરેલું, સભ્ય, મર્યાદશીલ.

Well'bred, ઉએલબ્રેડ, *a.* having polite education. સા-

Well'done, ઉએલડન, *int.* rightly carried out. વહાવા! શાબાશ! ખાશી! બેશ! ભલે! [દેખાવડું.

Well-fa'voured, ઉએલફેવર્ડ, *a.* handsome. શોભિતું

Well-in-form'ed, ઉએલઈન્ફૉર્મ્ડ, *a.* correctly informed. સુજાન; સુજ્ઞ, બહુજ્ઞ-શ્રુત, જ્ઞાતા.

Well-mean'ing, ઉએલમીનિંગ, *a.* of good intention. ભલું, સજ્જન, હેતુ સારો એવું. [સો વસા.

Well'nigh, ઉએલ્નાઈ, *ad.* almost, very nearly. લગભગ,

Well'off, Well to do, ઉએલ ઑફ, ઉએલ ટુ ડુ, *a.* in a good condition. ખાવેપિવે-પૈસે ટકે સુખી, સારી સ્થિતિવાળું.

Welt, ઉએલ્ટ, *n.* (AS. *weltan*) edging, border. કિનારી, કોર, મગજી. [રમતોળાવું.

Welter, ઉએલ્ટર, *vt.* to roll, wallow. લોટવું, આળોટવું,

Wen, ઉએન, *n.* (AS. *wenn*) a fleshy tumour. રસોળી, ગાંઠ.

Wench, ઉએંશ, *n.* (Ger. *wensch*) a low woman. રાંડ, વેશ્યા, છિનાળ. [પુરૂષ.

Wencher, ઉએન્શર, *n.* a low man. છિનાળવો, કાછડી છુટો

West, ઉએસ્ટ, *n.* (AS.) where the sun sets. પશ્ચિમ-આથમણી દિશા. [તરફ-ભણી.

West'ward, ઉએસ્ટઉઅર્ડ, *a.* towards the west. પશ્ચિમ-

Wet, ઉએટ, *a.* (AS. *wætan*) humid; rainy. ભીનું, લીલું, ભેજવાળું, પાણી પચેલું હોય એવું; વરસાદનું. *n.* moisture. ભીનાસ, ભેજ, પાણી. *vt.* to moisten. ભીનું કરવું, ભીંજવવું, પલાળવું.

Wet'nurse, ઉએટનર્સ, *n.* a nurse who suckles a child. ધાવ, ધવડાવનારી સ્ત્રી. [castrated. ખસી કરેલો ઘેટો.

Weth'er, ઉએધર, *n.* (AS. *weder*) a male sheep

Whale, હ્વેલ, *n.* (AS. *hwæl*) largest of sea animals. મગરમચ્છ. [બંદરપરનો ડક્કો, ઘાટ.

Wharf, હ્વોર્ફ, *n.* (*hwarf*) quay for landing goods.

Wharf'age, હ્વોર્ફેજ, *n.* dues for the use of wharf. ડક્કાની જગાત–કર–છાપો.

What, ઉઑટ, *pro.* (AS. *hwæt* which) that which; which of many. જે...તે; કોણ, કયો, શું.

What-ev'er, ઉઑટએવર, *pro.* being this or that; all that. જેજે, જે કોઇ, જે કંઇ, જેટલું; જે...તે સઘળું–બધું.

Wheat, હ્વીટ *n.* (AS. *hwæte*) a species of grain or bread corn. ઘઉં.

Whee'dle, હ્વીડલ, *vt.* (Sax. *adwelian* to seduce) per-

suade by flattery, coax. ફોસલાવવું, પટાવવું, લલચાવવું, ના પેટમાં ભરાવું.

Wheel, હ્વીલ, *n.* (AS. *hweol*) a circle turning on axis. પૈડું, ચાક, ચક્કર, ચક્ર, રહેંટિયો. *vt. i.* to move on wheels; turn. ફેરવવું, ફરતું કરવું, ફરવું, ચક્કર મારવું.

Wheel'bar-row, હ્વીલબૅરો, *n.* a carriage with one Wheel. એક પૈડાની હાથગાડી.

Wheel-wright', હ્વીલરાઇટ, *n.* a maker of wheels. પૈડાં-ગાડી બનાવનાર.

Wheeze, હ્વીઝ, *vi.* (AS. *hweosan*) to breathe hard. ગળામાં કફ બોલવો, શ્વાસ લેતાં શ્રમ પડવો.

Whelm, હ્વેલ્મ, *vt.* (Sax. *hwealfian*) to immerse, bury. ને ડબોવવું-બુરાડવું, ઘેરીલઈચાંપી-દાબીનાખવું, ને ગરક કરવું.

Whelp, હ્વેલ્પ, *n.* (Icel. *hvelpr*) a pupp, cub. કૂતરા-સિંહ વગેરેનું બચ્ચું, પિલું.

When, હ્વેન *ad. con.* (AS. *hwenne*) at what time. જ્યારે, જેવારે, કયારે, કેવારે, ત્યારે, તેવારે, પછી.

Whence, હ્વેન્સ, *ad.* from what place. ક્યાંથી, શાથી, તેઉપરથી.

When-ev'er, હ્વેનએવર, *ad.* at whatever time. જ્યારે, ગમેત્યારે, જ્યારેપણ, કદીમદી.

Where, હ્વેર, *ad.* (AS. *hwær*) at or in what place. જ્યાં, જે ઠેકાણે, કેણી તરફ.

Where'a-bout-s, હ્વેરઍબાઉટ-સ, *ad.* near which place. ક્યાં, ક્યાં ક્યાં, ક્યે ઠેકાણે; જેનેવિષે, જેમાં.

Where'as, હ્વેરૅઝ, *ad. con.* when in fact or truth, but; the thing being so that. ખરૂં પૂછાવો તો, ખરૂં કે-હેતાં, કારણકે; એવું છે ત્યારે.

Where'at, હ્વેરઍટ, *ad. con.* at which. જે–તે ઉપરથી, શાથી–માટે, શાણે, કેમ.

Where'by, હ્વેરબાઇ, *ad.* by which. જેથી, જેણે કરીને.

Where'fore, હ્વેરફોર, *ad.* for which reason. જે કારણ માટે, કાં, કેમ, શાસારૂ.

Where-ov'er, હ્વેરએવર, *ad.* at whatever place. જ્યાં-[જ્યાં, જેજે ઠેકાણે, જ્યાં.

Wher'ry, હ્વેરિ, *n.* a ferry, boat. મછવો, હોડી, ફોટિયું.

Whet, હ્વેટ, *vt.* (Icel. *hvatr* sharp) to sharpen by rubbing; excite. ઘસવું, ધાર કાઢવી–ચઢાવવી, તીણું કરવું; લાગે તેમ–મદોન્મત–જાગૃત કરવું. [કે...અથવા નહિ, કે, અગર.

Wheth'er, હ્વેધર, *con.* (AS. *hwæther*) which of two.

Whey, હ્વે, *n.* (AS. *hwæg*) watery part of milk. દહીંમાંનું પાણી, છાસ. [જે...તે; કયું, કયો, કોણ.

Which, હ્વિચ, *pro.* (AS. *hwylic*) relative, one or other.

Which-ev'er, હ્વિચએવર, *pro.* whether; one or the other. જેજે, જે કોઈ–કંઈ, જે.

Whiff, હ્વિફ, *n.* (W. *chwaff* a quick gust) a puff of air. ફૂંક, ફૂંકવું તે.

Whig, હ્વિગ, *n.* (AS. *whaey* whey) a political party. લોકના હક્ક જાળવવાને પ્રયત્ન કરનારૂં રાજ્કારી મંડળ–ટોળી.

While, હ્વાઇલ, *n.* (AS. *hwil*) space of time. વખત, વેળા, કાળ. *ad.* during the time that; as long as. જ્યારે, જેવેળા, એટલામાં; જ્યાંસુધી–લગી, જેટલીવાર.

Whilst, હ્વાઇલસ્ટ *ad.* while. જ્યારે, જેવેળા.

Whim, ઉહ્વિમ્, *n.* (Icel *hvim* a quick movement) capricious fancy. લેહેર, ફાંટો, તુરંગ.[ફાંટાદાર, સ્વચ્છંદી.
Whim'si-cal, ઉહ્વિમઝિકલ, *a.* capricious. લહેરી, તુરંગી,
Whim'per, ઉહ્વિમપર, *n.*(Scot. *whimmer*) low cry. ડચકાં. *vi.* to whine. ડચકાં ખાઈને રડવું.
Whine, ઉહ્વાઈન્, *n.*(Icel. *hvina* to weep) a plaintive cry. શોકભરેલો–રડતો અવાજ–સાદ. *vi.* to murmur in a plaintive tone. ધીમેધીમે રડવું, કકલવું, શોકભરેલો અવાજ કાઢવો.

Whin'ny, ઉહ્વિનિ, *vi.* to neigh as horse. ખોંખારવું, હણહણવું.
Whip, ઉહ્વિપ, *n.* (AS. *hweopan* to whip) lash tied to handle; coachman. ચાબુક, ચાબકો, ગાડી હાંકનાર, સારથી. *vt.* to lash. ને ચાબુક મારવો–ચમકાવવો.[ઝડપથી ગોળ ફરવું.
Whir, Whirl, ઉહ્વર, ઉહ્વર્લ, *vi.* to move round quickly.
Whirl'pool, ઉહ્વર્લપૂલ, *n.*(Sw. *hwirfwel*) an eddy. વમળ, પાણીમાં ભમરા થાયછે તે. [circle. વાવંટોળ, વાવાઝોડું, વંટોળિયો.
Whirl'wind, ઉહ્વર્લઉહ્વિંડ, *n.* stormy-wind moving in
Whisk, ઉહ્વિસ્ક, *vt.* (Sw. *viska* to whisk) to move or sweep rapidly. ઝટક મારવી, ઝાપટ મારતાં–ઝટકતાં ચાલવું. *n.* a small broom or besom. નહાનો બુતારો, પીંછી કુચડી–ડો; ઝાપટ, ઝપાટો, ઝાટક, ઝટક.

Whisk'er, ઉહ્વિસ્કર, *n.* hair on cheek. થોભા, થોભિયા.
Whisk'y, ઉહ્વિસ્કિ, *n.* spirit from grain. અનાજમાંથી બનાવેલો દારૂ–મદ્ય.

Whis'per, ઉહિસ્પર, *vi. t.* (Bav. *wispern* to hiss) words spoken low. ગુપચુપ કાનમાં કહેવું–વાત કરવી. *n.* low soft voice. ગુપચુપ કહેલી વાત.

Whis'tle, ઉહિસલ, *vi.* (AS. *hwistle* to hiss) to make shrill noise by forcing air through lips or pipe. સિટિ–સાસોડી–વાંસળી વગાડવી, સણણણ વાગવું. *n.* shrill noise; a small pipe. સિટ્ટી, સીસોડી; પીપી, વાંસળી.

Whit, ઉહિટ, *n.* (AS. *wiht* a creature) small part. લવલેશ, તલમાત્ર, બદામ–રતીભાર, અણુ, જરા.

White, ઉહાઇટ, *a.* (Sans. *sveta*) of the colour of snow; pale; pure. ગોરૂં, સફેત, ધોળું, ઉજળું; ફિક્કું, નિસ્તેજ, ઉતરી ગયલું; પળી–પાકી ગયલું; ડાઘવગરનું, ખુલ્લું, સ્વચ્છ. *n.* a white colour; part of the eye & of an egg. આંખનો ધોળો ભાગ, શુક્લમંડળ; ઈંડાની સફેતી.

Whit'en, ઉહાઇટન, *vt. i.* to make or become white. ધોળું–સફેત કરવું–થવું–થઈ જવું.

Whit'ing, ઉહાઇટિંગ, *n.* powdered chalk. ચાકનો ભૂકો.

Whith'er ઉઈધર, *ad.* (old E. *whider*) to what place? ક્યાં, કયે ઠેકાણે, કેણીતરફ, કેમ્પે, ત્યાં, જયાં, તે જગાએ.

Whit'low, ઉઈટલો, *n.* (AS. *hwit* white & *low* flame) tumour on nail. નેંઢું પાકવું તે, નખછર–મૂળ, નવેલો.

Whitt'le, ઉઈટલ, *n.* (AS. *hwitle* a knife) a pocket knife. ચપ્પુ, ચાકૂ, છરી, પાળી. *vt.* to pare, cut. ચાકુથી છોલવું–કાપવું.

Whiz, વ્હીઝ, *vi.* to make a hissing sound. સણસણ-સુંસું અવાજ થવો. *n.* a hissing sound. સણસણાટ, સુંસું.
Who, હૂ, *pro.* (AS. *hwa*) which of many; which person. જે; કોણ. [હર-ગમેતે કોઈ, જેજે.
Who-ev'er, હૂએવર, *pro.* any person whatever. જે-
Whole, હોલ, *a.* (AS. *hal* healthy) all; unbroken; well, sound. આખું, સઘળું, બધું, સમસ્ત; પૂર્ણ, અખંડ, અભંગ, પૂરૂં; તનદુરસ્ત, સાજું, સારૂં. *n.* entire thing. બધું, પૂરે પૂરૂં, તમામ.
Whole'sale, હોલસેલ, *n.* sale by quantities. જથા-થોકબંધ-સામટું વેચાણ.
Whole'some, હોલસમ, *a.* promoting health or well-being. શરીરને સુખાકારી, ગુણકારી; કામનું, હિતકારી-નું, ફાયદાકારક.
Whol'ly, હોલલિ, *ad.* entirely. તદન, બિલકુલ, તમામ.
Whoop, હૂપ, *vi.* (AS. *hwopan* to cry out) to shout. ચીસ-ચિચિયારી પાડવી, પોકાર કરવો-મારવો. *n.* a shout. બૂમ, ચીસ, ચિચિયારી, [પાતર, રામજની, વેશ્યા.
Whore, હોર, *n.* (AS. *hore*) a harlot, prostitute.
Whore'dom, હોરડમ, *n.* lewdness; idolatry. વ્યભિચાર, છિનાળું, જારકર્મ; મૂર્તિપૂજા. [મ, શુંકામ, શામાટે.
Why, વ્હાઇ, *ad.* (AS. *hwy*) for what reason. કાં, કે-
Wick, વીક, *n.* (AS. *weoca*) cotton of lamp, &c. દીવેટ, વાટ, બત્તી, કાકડો. [godly. દુષ્ટ, પાપી, અધર્મી, દુર્જન.
Wick'ed, વીકેડ, *a.* (AS. *werig* vile) sinful, un-

Wicked'ness, ઉઇકેડ્નેસ, *n.* sin, crime. પાપ, દુષ્કર્મ, પાતક, કુકર્મ, દુષ્ટપણું, પાપબુદ્ધિ, દુષ્ટબુદ્ધિ.

Wick'or, ઉઇકર, *a.* (Icel. *vik* to move) made of osiers or twigs. નેતર-ઝાડની ડાળીઓનું બનાવેલું.

Wicket, ઉઇકેટ, *n.* (Fr. *wiket*) a small gate. નહાનું બારણું, બિડકી; ક્રિકેટ રમતી વખતે જે ત્રણ દાંડા ખોસવામાં આવેછે તે.

Wide, ઉઆઇડ, *a.* (AS. *wid*) broad; extensive. પહોળું, ચોડું, પનાદાર; વિશાળ, વિસ્તીર્ણ, બહોળું.

Wide'ly, ઉઆઇડલિ, *ad.* extensively; very much. ઘણે લાંબે સુધી, બહોળીરીતે, વિસ્તારીને; બહુજ, ઘણુંજ.

Wid'en, ઉઆઇડન, *vt.* to enlarge. પહોળું-ચોડું કરવું.

Wid'th, ઉઇડ્થ, *n*, breadth. પહોળાઈ-ણ, ચોડાઈ, બાજુ વચ્ચેનું અંતર, પનો.

Wid'ow, ઉઇડો, *n.* (San *vi.* without & *dhava* a husband) a woman whose husband is dead. વિધવા, રાંડીરાંડ, બાડકી, રંડા.

Wid'ow-er, ઉઇડોઅર, *n.* a man whose wife is dead. [રાંડેલો-રંડાયલો પુરૂષ.

Wield, ઉઇલ્ડ, *vt.* (Sax. *wealdan* to rule) to employ, use; manage, handle. ધરીને-ધારણ કરીને ચલાવવું-વાપરવું.

Wife, ઉઆઇફ, *n.* (AS. *wif*) lawful consort of man. પરિણીત બઇરી-સ્ત્રી, ધણિયાણી, વહુ.

Wig, ઉઇગ, *n.* (from Periwig) cover for head. વાળ કે [બાલની ટોપી.

Wight, ઉઆઇટ, *n.* (AS. *wiht*) a person, a being. માણસ.

Wild, ઉઆઇલ્ડ, *a.* (Sax.) savage; growing without

culture; desert; not tame; ungoverned; tumultuous; licentious; fanciful. જંગલી, રાની, વન્ય; વગર ખેડે ઉગેલું-પાકેલું, વન, અરણ્ય; ઉજ્જડ, વસ્તી વગરનું; નહિ સુધરેલું, અનાડી, બેકેદ, નિરંકુશ; તોફાની, જુસ્સાનું, લફંગું, સાંઢું, નાગું, દુરાચારી; અનિયમિત, તર્કહીન. *n.* a desert. રાન, રણ, જંગલ.

Wil′der-ness, ઉઈલ્ડરનેસ, *n.* uncultivated land. ઉજ્જડ મુલક, રેતીનું મેદાન.

Wile, ઉઆઇલ, *n.* (Icel. *viel* fraud) a trick, artifice. કપટ, કાવાદાવા, યુક્તિ, પેચ, ફરેબ, કાવત્રું, છળભેદ.

Wil′ful, ઉઈલફુલ, *a.* (*will & full*) stubborn. હઠીલું, જીદ્દી, મમતી, અડિયલ; જાણીને કરેલું.

Wil′ful-ly, ઉઈલફુલિ, *ad.* obstinately; by design, with purpose. મમતથી, હઠથી; જાણીજોઇ-બુજીને, બુદ્ધિપૂર્વક.

Will, ઉઈલ, *n.* (AS. *willa*) power of choice; choice; command; testament. ઇચ્છા, સંકલ્પશક્તિ; મરજી, ખુશી, પસંદ કરવું તે; હુકમ, આજ્ઞા; મૃત્યુપત્ર-લેખ, વારસ-વસિયતનામું. *vt.* to determine, wish; dispose of by will. ની મરજી હોવી, ચાહવું, ઇચ્છવું, નું મન કરવું; મૃત્યુપત્રથી માલ મિલ્કત આપવાનો ઠરાવ કરવો.

Will′ing, ઉઈલિંગ, *a.* free to do, ready, voluntary. ખુશી, રાજી, તૈયાર, ખુશીથી કબૂલ કરેલું, ચાહેલું.

Will′o, ઉઈલો, *n.* (AS. *wilg*) a tree. એક ઝાડ છે. [બાજ.

Wil′y, ઉઈલિ, *ad.* (see wile) artful. કપટી, પ્રપંચી, કાવત્રાં-

Win, ઉઈન, *vt.* (Icel. *vinna* to get) to gain, earn;

allure, gain over. મેળવવું, જીતવું, જય પામવું; મેળવી લેવું, નું મન હરી લેવું.

Wince, ઉઈન્સ, *vi.* (AS. *wincian* to nod) to shrink; kick, flounce. આંગ સંકોચવું, અધિરૂ થઈ લાત-તરફડિયાં મારવાં.

Winch, ઉઈન્શ, *n.* (AS. *wince*) handle of windlass. પૈડું-ચાક-ચક્કર ફેરવવાનો દાંડો-હાથો.

Wind, ઉઈંડ, *n.* (AS.L. *ventus*) air in motion; breath; flatulence. વા, પવન, હવા, વાયુ, વાયરો; દમ, શ્વાસ, પેટમાં થતા વાયુના ગોળા, વાબળ, વાત, બાદી. *vt.* to blow. ફૂંક મારીને વગાડવું.

Wind, ઉઆઈંડ, *vt.* (AS. *windan*) to coil, twine; turn, change; insinuate. વિટાળવું, વિટવું, લપેટવું, ગુંડાળવું; ફેરવવું, બદલવું; ધીરે રહીને પેસાડવું-ખોસવું.

Wind'bound, ઉઈંડબાઉંડ, *a.* detained by contrary winds. મહોના પવનથી નહિ હંકરાય એવું, વાતરૂદ્ધ–પ્રતિબદ્ધ.

Wind'fall, ઉઈંડફૉલ, *n.* fruit flown off; unexpected legacy, &c. પવનના ઝપાટાથી ઝાડપરથી પડેલું ફળ; અણધાર્યો-જેની આશા ન હતી એવો લાભ-પ્રાપ્તિ, ધાબ.

Wind'lass, ઉઇંડલૅસ, *n.* a machine to raise weights. ફુમકલાસ, ડબુસી, ભાર ઉંચકવાનું યંત્ર. [ચક્કી.

Wind'mill, ઉઇંડમિલ, *n.* a mill driven by wind. પવન-

Wind'ow, ઉઇંડો, *n.* (AS. *wind* & *auga* the eye) an opening to admit light. બારી, ખડકી.

Wind'pipe, ઉઈંડપાઈપ, *n.* a passage for breath. શ્વાસ-દમ લેવાની નળી, શ્વાસમાર્ગ.

Wind'ward, ઉઇંડઉઅર્ડ, *a.* toward wind. પવન વાતો હોય તે દિશા તરફ-બાજુનું. *n.* the point from which the wind blows. જે દિશામાંથી પવન વાયછે તે દીશા, વાયુની દિશા.

Wind'y, ઉઈંડિ, *a.* stormy; flatulent; empty. તોફાની; વાયડું, વાવડું; ખાલી. [grapes. દ્રાક્ષરસ, દ્રાક્ષનો દારૂ, વૈન.

Wine, ઉઆઈન, *n.* (AS. *win*) fermented juice of

Wing, ઉઈંગ, *n.* (Sw. *winge*) the limb of a bird; care, protection; flank, extreme part of an army; a side-building. પાંખ, પક્ષ; સંભાળ, રક્ષણ, આશ્રય; ફોજની બાજુ, સેનાપક્ષ, પાર્શ્વસ્થ દળ; ઘરની બાજુ.

Wink, ઉઈંક, *vi.* (AS. *wincian*) to move eye-lid quickly; give a wink; connive; close. આંખ મલકાવવી, મટમટાવવી, પલકારો મારવો; આંખ મારવી-ની ઈસારત કરવી; આંખાડા કરવા, જોયું ન જોયું કરવું; આંખ મીંચવી. *n.* closing of the eye-lids; hint. આંખ મીંચવી તે, પલકારો, પલક; આંખ મીંચામણુ-ની ઈસારત, નેત્રસંકેત.

Wink'er, ઉઈંકર, *n.* (of a horse) અંધારી. [હર, આકર્ષક.

Win'ning, ઉનિંગ, *a.* (See win) pleasing, attractive. મનો-

Win'now, ઉઈનો, *vt.* (Ger. *vinta* a fan) to separate chaff by wind. ઝાટકવું, ઝાડકવું, ઉફણવું, સારાંથી નઠારાં જુદાં પાડવાં. [હિમ-શીત કાળ, ઘંડીના દિવસ.

Win'ter, ઉઈન્ટર, *n.* (AS.) the cold season. શિયાળો,

Wipe, ઉઆઇપ, *vt.* (AS. *wipian*) to clean by rubbing. લોહોવું, લુછવું, સાફ કરવું, ભુસવું.

Wire, ઉવાઇર, *n.* (AS. *wir* to twist) a thread of metal. તાર, સળી, શલાકા.

Wire'draw, ઉઆઇરડ્રૉ, *vt.* to draw metal into wire. નો તાર ખેંચવો-કરવો; લંબાવવું, લાંબું કરવું.

Wis'dom, ઉઇઝડમ, *n.* (AS. *wis*) prudence, sound judgment. શહાણપણ, ડહાપણ, સુબુદ્ધિ, વિદ્યા, જ્ઞાન.

Wise, ઉઆઇઝ, *a.* discreet, judicious. ડાહ્યું, શહાણું, બુદ્ધિવાન, વિચારવંત, વિવેકી. *n.* way, manner. રીત, તરેહ, ઢબ.

Wise'a-cre, ઉઆઇઝએકર, *n.* pretender to great wisdom. દહોડ ડાહચો, અક્કલનો દુશ્મન.

Wish, ઉઇશ, *vi.* (AS. *wyscan*) to desire or long for. ઇચ્છવું, ચહાવું, ઇચ્છા-મરજી કરવી, વાસના હોવી. *n.* desire; thing desired. ખુશી, ઇચ્છા, મરજી, મનવાંછિત-ઇચ્છેલી વસ્તુ-પદાર્થ.

Wisp, ઉઇસ્પ, *n.* (Ger. *wisch*) a small bundle of straw or hay. ઘાસ-પરાળની નહાની પૂળી—પૂળો, ઇંઢણુ-ણી.

Wist'ful, ઉઇસ્ટફુલ, *a.* (from wit) pensive, earnest. ચિંતાગ્રસ્ત, આતુર, કાળજીવાળું

Wit, ઉઇટ, *n.* (AS. *witan* to know) intellect; humour; sense; a man of genius. સમજશક્તિ, બુદ્ધિ, અક્કલ; હાસ્યજનક વાત બોલવાની કે લખવાની આવડત; શુદ્ધિ, ભાન, સાવધપણું, હોશ; બુદ્ધિવાન-કુશળ, ઝટકબોલું કરનાર, હાજર જવાબી. *vt.* to know. જાણવું.

Witch, ઉઈચ, *n.* (AS. *wicce* to divine) sorceress. ડાકણ,ડાકણી, જાદુ કરનારી, ચુડેલ. *vt.* to charm. જાદુ-મંતરમંતર કરવું, મોહ પમાડવું.

Witch'craft, ઉઈચક્રૅફ્ટ, *n.* sorcery. જાદુટોણા, ચેટક, ઈલમ, ટુચકા. [મોહિત કરવાની શક્તિ.

Witch'er-y, ઉઈચરી, *n.* fascination. વશીકરણ, મોહિની

With, ઉઈથ, *pre.* (AS. *wid*, with, at) by; on side of, in company of; in opposition to; in appendage; immediately after; among; upon. થી, થકી ને, લીધે, વડે, એ કરીને; સાથે, તરફ, પક્ષમાં, પાકે; સામાં, સંભાતે, જોડે, સંગે; સુધાં, સહવર્તમાન; તરતજ, એવું-એટલું કહિને-કરીને-કર્યાપછી,-નીસાથે-જોડે; ઉપર.

With'draw, ઉઈથડ્રૉ, *vt. i.* (*with* against & draw) to take back; retract, recall, retreat, retire. પાછું લેવું -લઈ લેવું, કાઢવું, કાઢીલેવું; માંડી વાળવું, રાજીનામું આપવું; પાછું બોલાવવું-બોલાવી લેવું; જવું, જતા રહેવું, જગા કે મંડળી છોડવી.

With'er, ઉઈથર, *vi. t.* (AS. *wydern* dryness) to fade; decay. કરમાઈ-ચિમળાઈ-સુકાઈ જવું, કરમાવું, ચીમળાવું; ગળાઈ-તવાઈ જવું, હાડકાં કાઢવાં; કરમાવી નાખવું, નાશ કરવો, ડુબાવવું.

With'ers, ઉઈથર્ઝ, *n. pl.* (Ger. *wider* against & *rist* a rising) joint that unites the neck & shoulder of a horse. ગર્દનને છેડે ખાંધના હાડકાનો સાંધો.

With-hold', ઉઈથહોલ્ડ, *vt.* (*with* against & hold) to restrain; keep back. ને દાબ-હાથ-લગામમાં રાખવું, અટકાવવું, રોકવું; રાખવું, ન આપવું, આપવાને ના કહેવી.

With-in', ઉઇથિન, *pre.* (AS. *wid*) in the inner part. માં, અંદર, મધ્યે, માંહે, ઘરમાં.

With-out', ઉઇધઆઉટ, *pre.* outside of; except; beyond; unless. બહાર, બહારની બાજુએ-તરફ; વગર, શિવાય, વિના, વતરોગે; પહોંચથી બહાર, અક્કલ પહોંચી શકે નહિ એવું.

With-stand', ઉઇથસ્ટૅંડ, *vt.* (with & stand) to oppose. ની સામા થવું, આડું પડવું-આવવું.

Wit'ness, ઉઇટનેસ, *n.* (AS. *witan* to know) testimony. one who gives evidence, who testifies. સાખ, સાહેદી, સાક્ષી; સાક્ષી પૂરનાર; જાતે-પ્રત્યક્ષ-નજરે જોનાર. *vt. i.* to see; attest; give evidence. જાતે-નજરે જોવું; ઉપર-સાખ-સાહેદી કરવી; સાહેદી-સાક્ષી પૂરવી-આપવી.

Witt'i-cism, ઉઇટિસિઝમ, *n.* witty remark. હલકી જાતનું-હાસ્યજનક વાક્ય, બટકબોલું.

Witt'y, ઉઇટિ, *a.* smart, ingenious, sarcastic. હાસ્યજનક, બટકબોલું, વિનોદવૃત્તિ, રસિક, રસાળ, ખુબીનું, ચુટકાનું, મર્મનું, [ઇલમી, મંતરમંતર જાણનાર.

Wiz'ard, ઉઇઝર્ડ, *n.* (from wise) a conjuror. જાદુગર,

Woe, ઉઓ, *n.* (AS. *wa*) misery, sorrow, curse. પીડા, આફત, વિપત્તિ; શ્રાપ, શાપ, બદદુવા. [વિપત્તિનું, અફસોસ ભરેલું.

Woe'ful, ઉઑફુલ, *a.* full of distress, sorrowful. દુ:ખી, કષ્ટી

Wolf, ઉલ્ફ, *n.* (AS. *wulf*) a rapacious animal. વરૂ, વૃક.

Wom'an, ઉમન, *n.* (AS. *wifmann*) female grown up બઇરી, બાયડી, ઓરત, નારી, સ્ત્રી.

Wom'an-hood, ઉમેનહૂડ, *n.* the state or qualities of a woman. અબળાપણું, સ્ત્રી ધર્મ–ગુણ.

Womb, ઉમ, *n.* (Icel. *vomb* the belly) uterus. ગર્ભ-સ્થાન, ગર્ભાશય, ઉત્પત્તિસ્થાન.

Won'der, ઉઅન્ડર, *n.* (AS. *wunder*) surprise; miracle. આશ્ચર્ય, અચંબો, વિસ્મય, અચરતી, તાજુબી; ચમત્કાર, અદ્ભૂત વાત--કર્મ. *vi.* to be surprised. અચરત–તાજુબ થવું.

Won'der-ful, ઉઅનડરફુલ, *a.* exciting surprise, astonishing. અજાયબ જેવું, નવાઈનું, ચમત્કારીક. [ટેવ પડેલું–વાળું.

Wont, ઉઅંટ, *a.* (AS. *wunian* to dwell) accustomed.

Wont'ed, ઉઅંટેડ્, *a.* made familiar; usual. વપરાતું, કામમાં લેવાતું; શિરસ્તાનું, રીવાજનું, રોજનું, હમેશનું.

Woo, ઊ, *vi: t.* (AS. *wogan* a bending) to court, make love to; solicit. પરણવાના વિચારથી સ્ત્રીની પ્રીતિ મેળવવાની તજવીજ–પ્રયત્ન કરવો, પ્યાર કરવો, માયા લગાડવી–દેખાડવી; ની ખુશામત–આજીજી–કાલાવાલા કરવા.

Wood, ઊડ, *n.* (AS. *wadu*) a forest, a collection of trees; timber. રાન, જંગલ, વન, અરણ્ય, વૃક્ષસમૂહ; લાકડું, કાષ્ટ, ઈમારતી લાકડું; સરપણ, ઈંધણ. [કોઠી, કપિત્થ; કોઠ, કોઠું.

Wood'ap-ple, ઊડઍપલ, *n.* the tree and its fruit.

Wood'cut, ઊડકટ, *n.* an engraving on wood. લાકડાપર કરેલું ચિત્ર–કોતરકામ–નકશી. [ઝાડ હોય એવું, વૃક્ષમય.

Wood'ed, ઊડેડ્, *a.* covered with wood. ઝાડોવાળું, પુષ્કળ

Wood'en, વુડ્ન, *a.* made of wood, hard. લાકડાનું બનાવેલું, કઠણ. [-વન જમીન, વૃક્ષાવૃત ભૂમિ, વન.
Wood'land, વુડલૅન્ડ, *n.* a land producing wood. રાન
Wood'peck-er, વુડપેકર, *n.* a bird. લક્કડખોદ પક્ષી, કાષ્ઠકુટ.
Wood'y, વુડિ, *a.* abounding with wood; ligneous; sylvan. ઝાડીવાળું, વૃક્ષમય; લાકડાનું, કાષ્ઠમય; જંગલનું, વનસંબંધી.
Woo'er, વુઅર, *n.* one who solicits in marriage. પરણવાસારૂ સ્ત્રીની પ્રીતિ મેળવનાર-ના કાલાવાલા કરનાર.
Woof, વુફ્, *n.* (Icel. *vefa* to weave) weft, cross threads in weaving. વાણો, કપડામાંનું આડું સુતર.
Wool, વુલ, *n.* (Goth. *wulla*) sheep's hair, ઉન.
Wool'len, Wool'ly, ઉલન, ઉલિ, *a.* consisting of wool. ઉનનું બનાવેલું, ઉર્ણમય, ઉનસરખું-જેવું-નું.
Wool'sack, ઉલસૅક, *n.* a seat made of wool; the Lord Chancellor's seat. ઉનની ગાદી-આસન; લૉર્ડ ચૅન્સેલર-સર્વોપરી ન્યાયાધીશની બેસવાની ગાદી.
Word, વઅર્ડ, *n.* (AS.) oral or written sign expressing thought; talk, discourse, language; verbal contention; promise; signal, order; account, tidings; the Scripture. શબ્દ, બોલ, બોલવું; ભાષણ, વાત, બોલી; બોલાચાલી, તકરાર, ટંટો; વચન, પ્રતિજ્ઞા; સૂચના, વર્દી; બાતમી, ખબર, વર્તમાન, સમાચાર, સંદેશો; ખ્રિસ્તીશાસ્ત્ર, ભગવદ્વાક્ય. *vt.* to express in words. ના શબ્દ બોલવા-લખવા.
Word'ing, વઅર્ડિંગ, *n.* mode of expressing. માટે લખેલા શબ્દો, શબ્દરચના, ઈબારત.

Word'y, ઉઅર્ડિ, *a.* using many words, verbose. બહુ શબ્દ વાપરતું—નાર, શબ્દ વિસ્તારનું, બહુશાબ્દક.

Work, ઉઅર્ક, *vi. t.* (Icel. *verka*) to move; labour; carry on business; produce effects; operate; to be tossed; make; embroider. ચાલવું, ફરવું; મહેનત મજુરી—કામ કરવું, શ્રમ લેવો; નો ધંધો કરવો;ની અસર થવી; લાગુ થવું, લાગવું, ડામાડોળ થવું, ઉછળવું, બનાવવું, તૈયાર કરવું, નું ઘડવું, કરવું, વણવું; ઉપર ભરતકામ કરવું, ભરવું. *n.* employment; labour; embroidery; a deed; a book; any thing made; moral duties. કામ, ઉદ્યોગ, રોજગાર; મહેનત, મજુરી; ભરતનું કામ; પરાક્રમ, મહત્કૃત્ય; ચોપડી, પુસ્તક, ગ્રંથ; પૂલ, કોટ વગેરે બાંધકામ, કારખાનું; કર્મ, કરણી.

Work'man-like, ઉઅર્કમૅનલાઇક, *a.* skilful. કારીગરીનું, કુશળતાંથી કરેલું. [કિસબ, હુન્નર, બનાવટ, કામ, કૃતિ.

Work'man-ship, ઉઅર્કમૅનશિપ, *n.* style, skill. કારીગરી,

World, ઉઅર્લ્ડ, *n.* (AS. *werold*) the earth; the universe; secular or public life; course of life; a great quantity; customs, manners; mankind. પૃથ્વી, જગત, આ—મૃત્યુલોક, દુનિયા, સંસાર; સૃષ્ટિ, બ્રહ્માંડ, વિશ્વ; દુનિયાદારી, સંસાર વહેવાર; પ્રવૃત્તિમાર્ગ; કામકાજ, ધંધોરોજગાર; ડુંગર, ગાડું, સાગર, દરિયો; લોક—જનરીત—સંપ્રદાય—શિરસ્તો, લોકાચાર; જગત, લોક, આલમ.

World'li-ness, ઉઅર્લ્ડલિનેસ, *n.* love of earthly things. સંસારના ઉપભોગનેમાટે સારી સારી વસ્તુઓ મેળવવાની—પ્રપંચ દૃષ્ટિ—નિષ્ઠા—બુદ્ધિ, સંસારાસક્તિ.

World'ling, ઉઅર્લ્ડલિંગ, *n.* one devoted to earthly things. વિષયી–પ્રપંચાસક્ત માણસ.

World'ly, ઉઅર્લ્ડલિ, *a.* temporal; devoted to this life. આ લોકનું, સંસારી; પ્રપંચી, જે આહિં છે તેજ ખરૂં એવું માનનાર; મનુષ્યનું, માનવ, સાધારણ, સામાન્ય. [world. જગપ્રસિદ્ધ.

World'wide, ઉઅર્લ્ડઉઆઇડ, *a.* known throughout the

Worm, ઉઅર્મ, *n.* (AS. *wurm*) reptile; tube of still; remorse. કીડો, જંતુ, કૃમી, કરમ; આમળ નળી; ખેદ, સંતાપ, ખરખરો, પસ્તાવો. [harassed. હેરાન કીધેલું, થકવેલું, ફાડી ખાધેલું.

Wor'ried, ઉઅરિડ, *a.* (Dut. *worgen* to strangle)

Wor'ry, ઉઅરિ, *vt.* to harass; fatigue; tear. પજવવું, હેરાન કરવું, થકવી નાખવું; દાંતે ફાડી નાખવું–ખાવું.

Worse, ઉઅર્સ, *a.* (AS. *wyrse* old) more bad; more sick. વધારે ખરાબ–નઠારૂં–દુષ્ટ; વધારે માંદું–રોગી. *ad.* in a worse manner. વધારે ખરાબ રીતે.

Wor'ship, ઉઅર્શિપ્, *n.* (worth & ship) adoration of God; religious homage. ભક્તિ, આરાધના, ભજન, પૂજા, સેવા, પૂજન, પૂજાઅર્ચા; your worship. હઝરત, ખુદાવંત, મહેરબાન, આપસાહેબ. *vt.* to adore. ભજવું, ભક્તિ કરવી, પૂજવું. [આપવા લાયક, પૂજ્ય.

Wor'ship-ful, ઉઅર્શિપફુલ, *a.* worthy of notice. માન

Worst, ઉઅર્સ્ટ, *a.* (AS. *wyrse*) most vile or wicked. સૌથી ખરાબ–મહોટું–દુઃખદાયક–નાશકારક. *n.* most evil

state. ખરાબમાં ખરાબ હાલત, મહોટો અનર્થ. *vt.* to defeat, overthrow. હરાવવું.

Worst'ed, ઊરસ્ટેડ, *n.* (from worsted an Eng. village) yarn from combed wool. ઉનનું સુતર–દોરો. *a.* consisting of worsted. ઉનનું બનાવેલું–દોરાવાળું.

Worth, ઉઅર્થ, *n.* (AS. *weordh*) value; excellence; importance. કિમ્મત, મૂલ; લાયકી, યોગ્યતા, માન્યતા, ગુણ; ઉપયોગ, અગત્ય, ખપ. *a.* equal in price to; deserving of; having estate to the value of. કિંમતનું, માં માલ હોય એવું; યોગ્ય, લાયક; આયપત–કમાણીવાળું, નો ધણી છે એવું.

Worth'less, ઉઅર્થલેસ, *a.* having no value. નકામું, માલવગરનું, નઠારું, નકારૂં.

Worth'y, ઉઅર્ધી, *a.* deserving; estimable. યોગ્ય, લાયક, પાત્ર; ભલું, નેક, સારૂં, ઉત્તમ, ગુણવાન. *n.* a man of worth. સજ્જન, ગુણીજન, ભલું–ગુણવાન મનુષ્ય.

Wound, ઊંડ, *n.* (AS. *wund*) a bruise, hurt, cut, stab, injury. ઘા, જખમ; હાની, ખરાબી, ધોકો, બટ્ટો. *vt.* to hurt, bruise. ને ઘાયલ–ઘા–જખમી કરવો, માં ઘા મારવો.

Wrangle, રૅંગલ, *vi.* (AS. *wringan* to wring) to dispute angrily. બૂમ પાડી કજીયો–ઝગડો–હોંસાતોંસી કરવી. *n.* angry dispute. ઝઘડો, હુજ્જત.

Wrap, રૅપ, *vt.* (See robe) to roll round; enfold; involve. લપેટવું, ની ઘડી કરવી, વાળવું; વીંટવું, વીંટાળવું, ઢાંકી નાખવું; માં હોવું, માં–રૂપે કહેવું–લખવું.

Wrap'per,રૅપર,*n.* a covering. બાંધણ, વેષ્ટન. [રોષ, ગુસ્સો.
Wrath,રૅથ,*n.* (AS. *wrædh*) violent anger. ક્રોધ,કોપ,
Wrath'ful,રૅથફુલ,*a.* angry, enraged. ક્રોધાયમાન, કોપાયમાન, ગુસ્સે થયલું, કોપી ગયલું, ખફા.
Wreak,રીક,*vt.* (AS. *wrecan* to revenge) to inflict, execute. કાઢવું, કરવું, લેવું, નાખવું. [ધુમાડાના ગોટેગોટ.
Wreath, રીથ, *n.* (AS. *wrædh*) a garland. માળા, હાર;
Wreathe, રીધ, *vt.* to interweave; encircle. ગુંથવું, વણવું, વળદેવો, બનાવવું, કરવું; વીંટી–ઘેરી લેવું.
Wreck, રેક, *n.* (Dut. *wrak* damaged) ruin; remains of ship. નાશ, પાયમાલી, ખરાબી; અથડાઈને ભાંગી ગયલું વહાણ, ભાંગેલા વહાણનો કિનારે ઘસડાઈ આવેલો માલ. *vt.* to suffer total loss. વહાણ ભાગવું–નો નાશ થવો.
Wrench, રેન્શ, *vt.* (Ger. *renken* to turn) to pull & twist; sprain. અમળાવવું, મચડવું; લચકાવવું, મોચાવવું, મોચવાઈ જવું, મોચ ખાવી. *n.* a twist; sprain; instrument. આમળો;મોચ,લચક;ઈસકરૂ બેસાડવા કે કાઢવાનું ઓજાર.
Wrest, રેસ્ટ, *vt.* (AS. *wræstan*) to take from by force; distort. અમળાવી–મચરડીને લઈ લેવું, ઝુંટી લેવું–કઢાવવું; તાણીતોડીને–મરડી મચડીને કાઢવું–આણવું, ફેરવી નાખવું-ખેંચી કાઢવું.
Wres'tle, રેસ્લ, *vi.* (AS. *wræstlian*) to contend by struggling. કુસ્તી કરવી–લઢવી–ખેલવી–રમવી, મલ્લયુદ્ધ કરવું, ભીડવું, લઢવું, આથડવું, ઝુઝવું.

Wres'tler, રેસલર, *n.* one skilled in wrestling. કુસ્તી કરનાર, પહેલવાન, મલ્લ.

Wretch, રેચ, *n.* (AS. *wræcca* an exile) worthless or unhappy creature; profligate or pitiable man. નીચું-હલકું-ખરાબ-ફોકટીનું માણસ; દુઃખી-અભાગિયું માણસ; દુર્વ્યસની-લુચ્ચું-હરામી માણસ, ચંડાળ; બાપડું, બિચારૂં.

Wretch'ed, રેચેડ્, *a.* miserable; afflicting; paltry; vile. દુઃખી, કંગાળ, દરિદ્રી; વેદના-દુઃખકારક; હલકું, ખરાબ, ફુટી બદામનું; અવગણના કરવા-ધિક્કારવા જેવું. [ગરીબાઈ, ભિખારીપણું.

Wretch'ed-ness, રેચેડ્નેસ, *n.* misery. દુઃખ, કષ્ટ, દુર્દશા,

Wrig'gle, રિગલ, *vi. t.* (Sax. *Wrigan* to endeavour) to twist about. આમતેમ આમળાવું-હાલવું-આમળાયા કરવું, આમતેમ ફેરવવું. [હિપ, કિસબી.

Wright, રાઇટ્, *n.* a workman, artificer. કારીગર, શિ-

Wring, રિંગ, *vt.* (AS. *Wringan*) to squeeze out; extort; writhe; press with pain. નીચોવવું, નીચોવી કાઢવું-નાખવું; જોરજુલમથી કઢાવવું-લેવું-કઢેડાવવું; આમળાવવું, મરડવું, મચડવું; મોડી નાખવું, દુઃખ દેવું, હેરાન કરવું, વેદના થવી.

Wrink'le, રિંકલ, *n.* crease, fold. કરચલી, વાટા, સળ. *vt. i.* to contract in creases. વાટા વાળવા-વળવા, થી કરચલી વળવી-પડવી, સંકોચાઈ વાટા વળવા. [કાંડું, પહોંચો.

Wrist, રિસ્ટ, *n.* (AS.) joint between hand and arm.

Writ, રિટ્, *n.* (AS. *Writan* to draw, trace) scripture;

legal instrument. લિખિત ધર્મશાસ્ત્ર; સનદ, પરવાનો, ખત; હુકમ, આજ્ઞાપત્ર.

Write, રાઇટ, *vt.* to form letters with a pen; engrave; compose; copy. લખવું, કાઢવું, લખી–કરી આપવું, લખાણ કરવું; કોતરવું, કોતરી કાઢવું; રચવું, બનાવવું, જોડવું; નકલ કરવી, ઉતારવું, ઉતારી લેવું.

Wri'ter, રાઇટર, *n.* clerk; author. લખનાર, લેખક, લહિ- [યો; ગ્રંથકર્તા, ગ્રંથકાર.

Writhe, રાઇથ, *vt.* (AS. *Writhan*) to twist with pain. મચડવું, મરડવું, કરમોડાઇ જવું.

Writ'ing, રાઇટિંગ, *n.* act of writing; deed; book; written characters. લખવાનું કામ, ખત, દસ્તાવેજ, લેખપત્ર, લખત; ગ્રંથ, પુસ્તક, ચોપડી; અક્ષર, હરફ, દસ્કત.

Wrong, રૉંગ, *a.* (AS. *Wrong* injury) not right; erroneous. ખોટું, નાલાયક, ગેરવાજબી, ઉંધું, અવળું, ઉલટું; અશુધ્ધ, ભૂલ ભરેલું. *n.* injury, injustice. નુકસાન, અપકાર, બુરૂં, માઠું, અહિત; અન્યાય, ગેરઇનસાફ, અધર્મ. *vt.* to injure. નઠારૂં–અહિત–નુકસાન–ઈજા કરવી, હરકત પહોંચાડવી.

Wrong'ful, રૉંગફુલ, *ad.* unjust. ખોટું, ગેરવાજબી.

Wrong'ly, રૉંગલિ, *ad.* unjustly, amiss. ગેરવાજબીપણે, ગેર રીતે, ખોટી રીતે, ચૂકથી. [ક્રોધાયમાન, ગુસ્સે થયલું, ખફા.

Wroth, રૉથ, *a.* (see wrath) very angry. કોપાયમાન,

Wrought, રૉટ્, *a.* effected, produced. કેળવેલું, શોધેલું, કીધેલું. [torted, crooked. વાંકું, વાંકડું, વળેલું, વક્ર.

Wry, રાઇ, *a.* (Dan. *vride* to twist) twisted, dis-

Y.

Yacht, યૉટ્, *n.* (Dut. *jagt* chase) light pleasure-boat. સહેલ કરવાની હોડી—નહાનું વહાણ, ક્રીડાનોકા. [રતાળુ.

Yam, યૅમ,*n.*(West Indian *ihame*) an eatable root.

Yard, યાર્ડ, *n.* (AS. *geard* a rod) 3 feet; inclosure; timber crossing mast. ત્રણફૂટ, વાર; વાડ અંદરની જગા, વાડો, આંગણું, બારણું; પરભાણ—માન.

Yarn, યાર્ન, *n.* (AS. *gearn*) wool &c. spun into thread; a story. દોરો, તાર, તાંતણો, સુતર, ગોડિયું; કહાણી, વાર્તા, ઠંફાણ. [boat. હોડી, નાવડું, હોડકું.

Yawl, યૉલ, *n.* (Dan. *jolle* to row) a small ship's

Yawn, યૉન, *vi.* (AS. *gynian*) to gape; open wide; express desire by yawning. બગાસું ખાવું, ને બગાસું આવવું; પહોળું થવું, મહો વકાસવું, મહો વકાસીને બેસવું, તલપવું, તલખવું, વલખાં મારવાં. *n.* act of gaping. બગાસું.

Yawn'ing, યૉનિંગ, *n.* gaping, opening wide; sleepy, dull, drowsy. બગાસું ખાવું,પહોળું થવું; ઉંઘે ઘેંઘટ બનેલું —ઘેરાયલું. [ed, named. નામનું, નામે, કીરને.

Y-clept', ઈક્લેપ્ટ, *a.* (*pp.* of *geclypian*) called, term-

Ye, ઈ, *pro.* (AS. *ge*) you, pl.of thou. તમે. [હા, હોય.

Yea, યે, *ad.* (AS.*gea*) yes,indeed, verily,certainly.

Yean, યીન, *vi. t.* (AS. *eanian*) to bring forth. જણવું, વ્યાવું. [હુલવાન.

Yean'ling, યીનલિંગ, *n.* a young sheep. ઘેટાનું બચ્ચું,

Year, યીર, *n.* (AS. *gear*) 12 months. વરસ, વર્ષ, સાલ, ૧૨ મહિના. [કાતું જાનવરનું બચ્ચું, એક વર્ષનું.

Year'ling, યીરલિંગ, *n.* a beast a year old. વરસ દહા-

Year'ly, યીરલિ, *a.* annual; lasting a year; comprehending a year. દરવરસનું, વાર્ષિક, વર્ષાવર્ષનું; એક વર્ષ જીવનાર–ટકનાર–રહેનાર, વર્ષજીવી–સ્થાયી; એક વર્ષમાં પૂરૂં થનારૂં. *ad.* annually. દરવર્ષે, વર્ષોવર્ષ.

Yearn, યર્ન, *vi.* (AS. *georn* eager) to long, feel earnest desire. ટાંપી રહેવું, તલપવું, તલખવું, ઘણાજ આતુર–ઉત્કંઠિત–જીવ તલપાપડ થઇ રહેવો.

Yearn'ing, યર્નિંગ, *n.* strong desire. તલપ્યાં કરવું તે, તલખ. *a.* longing. ઘણુંજ આતુર, ઉત્કંઠિત, તલપાપડ થઇ રહેલું, તલપ્યાં કરતું. [ખમીર, માણ, મોણ.

Yeast, યીસ્ટ, *n.* (AS. *gist*) ferment of new beer.

Yelk, યેલ્ક, *n.* (AS. *geolca*) yellow of egg. ઈંડાં અંતરનો પીળો માવો, દાળ, જરદી.

Yell, યેલ, *vi.* (AS. *gellan*) to cry out loudly. બૂમ–કિકિયારો પાડવી. *n.* a hideous cry. ચીસ, બહેબાકળી બૂમ.

Yel'low, યેલો, *a.* (AS. *gelu*) of a gold colour. પીળું. *n.* a gold colour. પીળો રંગ. [as a dog. ભસવું.

Yelp, યેલ્પ, *vi.* (AS. *gealp* a loud sound) to bark

Yeo'man, યોમન, *n.* (AS. *gemæne* common) a farmer, owner of small estate. ખેડુત, જમીનદાર.

Yes, યેસ, *ad.* (AS. *gese, gea*) yea, a word that affirms. હા, હોય.

Yes'ter-day, યેસ્ટરડે, *n.* (AS. *gyrstan*) the day last past. ગઈકાલ. *ad.* on the day last past. ગઈકાલે.

Yet, યેટ્,*ad.*(AS.) beside; even; hitherto. હજુ, હજુ-તો; પણ, બી; આજ-અત્યાર સુધી-પર્યંત, હજુ લગી, અદ્યાપિ.

Yield, યીલ્ડ, *vt.* (AS. *gildan* to pay) to produce; give; concede; resign. ઉપજવું, ઉત્પન્ન-પેદા થવું, માં થવું -મળવું-પાકવું, ઉતરવું, આપવું, નિકળવું; માન્ય થવું; કબૂલ કરવું -રાખવું; આપી-છોડી-મૂકી દેવું. *vi.* to surrender; comply with; give away; give place. લડવું મૂકી દેવું, તાબે થવું; કબૂલ-પ્રમાણ-પૂરૂં કરવું; લટવું, લટી-દબી જવું, બોજાનું ચાલવા દેવું; ઉતરતાં-દબાતાં હોવું, દબવું, ઉતરવું. [નરમ.

Yield'ing, યીલ્ડિંગ્,*a.*inclined to comply.દબી જાય એવું,

Yoke, યોક, *n.* (AS. *geoc* to join) instrument for harnessing oxen; bondage; pair, couple; bond of connection; service. જુસરી; ગુલામગીરી, દાસપણું-ત્વ; જોડ, જોડી; બંધન, ગાંઠ, જોગ, મેળ; સેવા, ચાકરી. *vt.* to connect, unite, couple. જોડવું, જુપવું; જોડ કરી આપવી.

Yolk'fel-low, યોકફેલો, *n.* an associate, companion. [જોડિયો, સોબતી, બરોબરિયો.

Yolk, યોક, *n.* see yelk.

Yon, યૉન, *a.* (AS. *jcond* yonder) distant but within view. પેલું, પેલીમેરનું. [લીમેર-તરફ.

Yon'der યૉન્ડર, *ad.* at distance but visible. પણે, પે-

Yore, યોર, *ad.* (AS. *gear* a year) of old time, in time past. અસલનું, પ્રાચીન કાળનું.

You, યૂ, *pro.* nom. & obj. plural of thou. તમે; તમને.
Young, યંગ, *a.* (AS. *geong*) not long born; of tender age; unexperienced. નહાની ઉમ્મરનું, તરૂણ, જુવાન; કુમળું, નહાનું; કાચું, અજાણ, અણુવાકેફ. *n.* offspring. બચ્ચું.
Young'ster, યંગસ્ટર, *n.* a young person. જુવાન માણસ.
Youth, યૂથ, *n.* early part of life; a young person; the young. જુવાની, જોબન, યુવાવસ્થા, તારૂણ્ય, યૌવન; જુવાન પુરૂષ; જુવાન માણસો, તરૂણજનો.
Youth'ful, યૂથફુલ, *a.* young; fresh; vigorous. જુવાન, નહાનું, યુવા, તરૂણ, જુવાનીનું, યુવાવસ્થાનું; તાજું, નવું; જુસ્સાવાળું, બળવાન. [તારૂણ્ય, તરૂણપણું, યુવાવસ્થા.
Youth'ful-ness, યૂથફુલનેસ, *n.* youthful state. જુવાની,
Yule, યૂલ, *n.* christmas festival. નાતાલનું પુરાતન નામ.

Z.

Za'ny, ઝેનિ, *n.* (Fr. *zani* a buffoon) a merry andrew. મશ્કરો, વિદૂષક, ભાંડ, રંગલો, તરકડિયો.
Zeal, ઝીલ, *n.* (L. *zelus*) ardour, enthusiasm, earnestness. ઉત્સાહ, આતુરતા, ઉલટ, હોંસ. [ચઢી ગયલો પુરૂષ.
Zeal'ot, ઝેલૉટ, *n.* one full of zeal. બેહદ હોંસીલો–છેકજ
Zeal'ous, ઝેલસ, *a.* ardent, warmly engaged. ઉલટવાળું, આતુર, ઉત્સુક. [ઘોડાની જાતનું ચટાપટાવાળું માણી.
Ze'bra, ઝીબ્રા, *n.* (Sp.) animal marked with stripes.
Ze'nith, ઝીનિથ્, *n.* (Fr. *zenit*) point in heavens over our head. આકાશમાં જોનારના માથાપરનું બિંદુ, ખમધ્ય, શિરોબિંદુ, ઉર્ધ્વ દિશા, ટોચ, શિખર.

Zeph'yr, ઝેફર, *n.* (Gr. *zephyros* darkness, west) the west wind. પશ્ચિમનો પવન, શીતળ મંદ મંદ વાયુ.

Ze'ro, ઝીરો, *n.* (Fr.) the cipher; nothing. શૂન્ય, મીંડું, સહુથી ઉતરતી દશા–હાલત.

Zest, ઝેસ્ટ, *n.* (Ar. *istalaz* to have the taste) relish. લહેજત, સ્વાદ, રૂચિ.

Zig'zag, ઝિગઝૅગ, *a. n.* (Fr. *zick-zack*) having short sharp turns. વાંકુંચુંકું, આડુંઅવળું (કંઈ).

Zinc, ઝિંક, *n.* (Fr. *zink*) a bluish white metal. જસત.

Zo'di-ac, ઝોડિઍક, *n.* (Gr. *zodion* a little animal) broad belt in the heavens containing 12 signs & sun's path. રાશીમંડલ–ચક્ર, રવિ–સૂર્ય સંક્રમણ–સંક્રાંતિ.

Zone, ઝોન, *n.* (Gr.) a division of the earth; girdle; circumference. કટીબંધ; કમરબંધ, કમરપટો; ઘેરાવો, પરિઘ, ઘેર, ફેરાવો.

Zo-o-log'i-cal, ઝોઑલૉજિકલ, *a.* (Gr. *zoon* an animal & *logos*) pertaining to zoology. પ્રાણી વિદ્યાસંબંધી.

Zo-ol'o-gist, ઝોઑલૉજીસ્ટ, *n.* one versed in zoology. પ્રાણી વિદ્યામાં પ્રવીણ-કુશળ-જાણનાર, પ્રાણીવર્ણન લખનાર-કરનાર.

Zo-ol'o-gy, ઝોઑલૉજી, *n.* the science of animals. જીવજંતુ–પ્રાણીવિદ્યા, પશ્વાદિવિદ્યા.

Zo'o-phyte, ઝોઓફાઇટ, *n.* (Gr. *zoon* an animal & *phyton* a plant) body between animal & vegetable. પ્રાણી તથા વનસ્પતિને મળતો આવતો કોઈ પણ પદાર્થ.

Zo-ot'omy, ઝોઓટોમિ, *n.* (G. *zoon* & *temus* I cut) the anatomy of all brute animals. પ્રાણીઓના શરીર કાપવા કરવાની વિધા.
